# જૈનહિતેચ્છુ.

2422

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું ] જાન્યુઆરી, ૧૯૧૧. [ અંક ૧.

અધિપતિ,
વાડીલાલ મોતીલાલ શાહ.
'જૈનસમાચાર' નો માલીક.
પાંચ કુવા, અમદાવાદ.

વિષયાનુક્રમ.

૧ જ્ઞાનનો પ્રભાવ........................૧
૨ મહાન ગુરૂના ચરણારવિંદમાં..........૫

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ (પોષ્ટેજ વગેરે મળીને ૧-૫-૦)
ચાલુ સાલની ભેટઃ—"સંસારમાં સુખ ક્યહાં છે ? ભાગ ૧-૨"
તથા વચનામૃતોના ૧૨ તખતા.

સ્વકીય 'ભારતબંધુ પ્રિન્ટીંગ વર્ક્સ' માં છાપ્યું.

☞ આ અંકમાંના બીજા નંબરના વિષયને મ્હોટા અક્ષરથી એક સુંદર ન્હાનકડા પુસ્તક રૂપે એક મુમુક્ષુ છપાવવા ઇચ્છે છે. તે સઘળી પ્રતો વિનામૂલ્ય વ્હેંચવાનો ત્હેનો ઇરાદો છે. જે ઉત્સાહી ભાઇઓને ભેગા-ભેગી બીજી ૧૦૦-૨૦૦ કે ૧૦૦૦ પ્રત પોતા તરફથી પોતાના મિત્રમંડળમાં મફત વ્હેંચવા છપાવવી હોય ત્હેમણે નીચેને શિરનામે પત્ર લખવાઃ—

મેનેજર, ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસ-સોલાપુસ-અમદાવાદ.

કાંઇ પણ નફો લીધા સિવાય છાપી આપવામાં આવશે. તેથી તદ્દન પાણીના મૂલ્યે મળશે.

# નવું વર્ષ.

પ્રિય ગ્રાહક મહાશયો ! આજે આ માસિકનું ૧૩ મું વર્ષ શરૂ થાય છે. આ વર્ષમાં આ પત્ર આબાદ થજો એવી ભાવના ભાવવાને બદલે, આવો આપણે બધા એક માનસિક ઐક્ય રચીને એવી ભાવના ભાવીએ કેઃ—" જૈન વર્ગમાં અને અખીલ વિશ્વમાં જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા વધારે દઢ થાઓ અને જ્ઞાનપ્રાપ્તિ એ જ એમને મન મ્હોટામાં મ્હોટો આનંદ હો ! હું અને મ્હારૂં એવા સર્વ સ્વાર્થી લાગણીઓની જગાએ દુનિયાની ઉત્ક્રાન્તિમાં સ્હાયભૂત થવાનો દઢ સંકલ્પ એમનામાં આવો "

આ અંક જાન્યુઆરીમાં બહાર પાડવાને બદલે ફેબ્રુઆરી આખરમાં પ્રગટ થાય છે તે માટે ક્ષમા ચાહીને ખુલાસો કરવાની રજા લઇશ કે, કોઇ પ્રમાદને કારણે કે કોઇ સ્વાર્થી કામમાં પડવાને લીધે અંક મોડો ગયો નથી; પરન્તુ આ અંકમાંના બીજા નંબરના વિષય માટે અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાન્તર કરતાં વિલંબ થયોછે. એ વિષય એવો તો ઉપદેશી અને ઉપકારી છે કે તેવા એક રત્નની પ્રાપ્તિ મ્હારા ગ્રાહક મહાશયોને કરાવવા માટે અંક જરા મોડો કહાડવા જેટલી છૂટ લેવામાં કાંઇ ગેરવાજબી થતું હોય એમ હું માનતો નથી.

ગયા એટલે ૧૯૧૦ ના વર્ષનું લવાજમ હજી કેટલાક બંધુઓ પાસે બાકી છે છતાં આ અંક ઘણા ઉપકારી લખાણથી ભરપુર હોવાને લીધે ત્હેમને મોકલવામાં આવ્યોછે. જો તેઓને હવેથી લવાજમ ભરવાનો ઇરાદો ન હોય તો આટલો એક અંક **મફત** રાખી લેઇ, **ગઈ સાલનું લવાજમ મનીઓર્ડરથી** મોકલવા કૃપા કરશે, એવી નમ્ર વિનંતિ છે. અને મનીઑર્ડરના કુંપનમાં ખબર લખી શકાશે કે " **હવેથી** અંક ન મોકલશો. "

ચાલુ નવા વર્ષ એટલે ૧૯૧૧ ની સાલનું લવાજમ વસુલ કરવા માટે ફેબ્રુઆરીનો અંક **તા. ૫ મી માર્ચના દિવસે** વી. પી. થી. મોકલવામાં આવશે. વી. પી. કરવા પહેલાં, જેઓના પત્ર ( નામ કમી કરવા સંબંધીના ) મળશે ત્હેમને વી. પી. નહિ કરવામાં આવે; બાકી સર્વને વી. પી. કરવામાં આવશે.

# જૈનહિતેચ્છુ.

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું ] જાન્યુઆરી, ૧૯૧૧. [ અંક ૧.

## જ્ઞાનનો પ્રભાવ.

થોડા પણ જ્ઞાની પુરૂષો જ આ જગતનું ધુંસરૂં ધારણ કરી રહ્યા છે. છે. રાજ્ય કરવાની કે સત્તા ભોગવાની ઈચ્છા વગરના એવા એ જ્ઞાની પુરૂષો જ અનેક ચમત્કારોથી ભરેલા આ જગતને ચલાવી રહ્યા છે; અને તે આધ્યાત્મિક રાજાઓના બળ અને પ્રભાવ આગળ પાર્થિવ રાજાઓ શિર નમાવે છે.

ત્હમે સીકંદર કે નેપોલીઅન બોનાપાર્ટથી વધુ પ્રતાપી રાજાઓ કદી સંભળ્યા છે? ના; અને તેમ છતાં એ મહાન ગણાતા પાર્થિવ રાજા સીકંદર કે નેપોલીઅનના આજે કોઇ ભક્તો ત્હમે બતાવી શકશો? આજે એમનાં પરાક્રમોથી ફાયદો ભોગવતા લોકો ત્હમે જોઇ શકો છો? એમના ઉપર પૂજ્ય બુદ્ધિ ધરાવતા માણસો આજે કોઇ દેશમાં સાંભળવામાં આવે છે?

ત્હમારે કહેવુંજ પડશે કે: "ના."

ખરેખર તેઓની સત્તા ત્હેમના મરણની સાથે જ ચાલી ગઈ છે. ત્હેમનું કાયબળ ગયું—કાયા ગઇ તે સાથે એ બધો દેખીતો ઝગઝગાટ પણ ચાલ્યો ગયો. એમાં ટકાઉપણાનો ગુણ નહતો. હમેશ ટકે એવું એમણે કશું કર્યું નહોતું.

પરન્તુ દૈવી રાજાઓ અથવા જ્ઞાની પુરૂષો જે કાંઇ કરે છે તે હમેશ ટકે તેવું હોય છે. એમનાં કૃત્યો વંશપરંપરાના ભોગીઆ તરીકે જીવતાં રહે છે અને એમના શબ્દો 'શાસ્ત્ર' તરીકે પૂજાવા લાગે છે અને જમાનાઓ સુધી પૂજાયા કરે છે. તેઓ મનુષ્યના શરીર ઉપર નહિ પણ હૃદય ઉપર રાજ્ય કરે છે અને આ રાજ્ય તો મરણ પછી પણ કાયમ રહે છે.

પૃથ્વીના રાજાઓ અને સત્યના ઉપાસક રૂપી મહાન ગુરૂમહારાજાઓ વચ્ચે દેખીતો તફાવત તો એ છે કે, રાજાઓને પોતાની જીંદગીમાં જ માનસન્માન મળે છે, જ્હારે આ ગુરૂમહારાજાઓ જીવતાંજીવત તો ભાગ્યેજ માન પામે છે; ત્હેમને તો આ સ્થૂલ શરીરના ત્યાગ પછી જ લોકો ઓળખવા માંડે છે અને પૂજે છે. એક મહાન લેખક વ્યાજબી કહે છે કે “મહાત્માઓને ત્હેમની જીંદગી દરમ્યાન પથરા પડે છે, કે જે પથરા, તે મહાત્માઓ આ સ્થૂલ દુનીઆમાંથી ચાલ્યા ગયા પછી, પ્રતિમા—મૂર્ત્તિ તરીકે પૂજાય છે.” મતલબ કે તે મહાત્માઓના ગુણો ત્હેમની પાછળ સમજવામાં આવેછે અને એમની ભારે માનપ્રતિષ્ઠા થાય છે.

જ્ઞાની પુરૂષોની સત્તા કોઈ બહારના કાર્યથી દેખાતી નથી, પણ તેઓ તો મનુષ્યોનાં મન અને બુદ્ધિ ઉપર પોતાનું સામ્રાજ્ય ચલાવે છે.

જનમનરંજન એજ કાંઇ જ્ઞાની પુરૂષોનું લક્ષબિંદુ અથવા આશ ન હોવાથી, લોકગણ ત્હેમની હયાતીમાં ત્હેમની પ્રશંસા કરે એ બનતું મુશ્કેલ છે. અને જ્ઞાનીઓ લોકોના શબ્દોની દરકાર પણ કરતા નથી. તેઓ તો જે કરવું ઉચીત છે તે જ કરે છે, નહિ કે જે કરવું યશ આપનારૂં છે તે કરે છે. લોકોની ખુશામત નહિ પણ લોકોની સુધારણા એ જ એમનો આશય હોય છે.

નાટક અને નવલકથાના લેખકો ઘડી વાર લોકોને ‘ રંગના ચટકા લગાડી—ગમ્મત આપી—આશ્ચર્યમાં ગરકાવ કરી, થોડાજ વખતમાં લોકોના મન રૂપી રાજ્યમાંથી અદૃશ્ય થાય છે. ત્હેમનું નામ પણ કોઇ યાદ કરતું નથી. પરન્તુ જ્ઞાની પુરૂષનું વાક્ય તો દરેક પ્રજા પોતાના જીગરમાં છૂપાવી દે છે, પોતાની રક્તવાહિનીમાં વહેવડાવે છે, પોતાના મગજની અંદર સોનેરી અક્ષરથી કોતરી રાખે છે અને પોતાના આત્માના અલંકાર તુલ્ય ગણી જાળવી રાખે છે. એ વચન એના આખા જીવનના ભોમીઆ તરીકે કાર્ય કરે છે. એ વડે એની આખી જીંદગી પલટાઇ જાય છે.

જ્ઞાની પુરૂષોનો કેટલો પ્રભાવ છે ત્હેનો ખ્યાલ લાવવો હોય તો એટલુંજ વિચારવું બસ થશે કે, આખી મનુષ્ય જાતિનાં હૃદય ઘણાં વર્ષ ઉપર થઇ ગયેલા આઠ કે દશ ધર્મસંસ્થાપકોના કાબુમાં છે, અને જૂદા જૂદા પુરૂષોના હૃદય મારફતે તે જ્ઞાની પુરૂષો આખા વિશ્વનું ભવિષ્ય રચે છે.

તેઓ સામાન્ય મનુષ્યો કરતાં વિશેષ કામ કરી શકે છે, ત્હેનું મુખ્ય કારણ એ છે કે તેઓનામાં **જ્ઞાન** સાથે **પ્રેમનું** મિશ્રણ થયેલું હોય છે. તે જ્ઞાની પુરૂષોએ જે થોડાંઘણાં બોધ વચનો રચ્યાં અને પોતાના શિષ્યોને શિખવ્યાં હોય છે તે બોધ વચનોને આધારે આ જગતના લોકો ઉચ્ચ જીવન ગાળે છે, અને સત્યની વધારે ને વધારે સમીપમાં આવતા જાય છે.

ખરા જ્ઞાની પુરૂષો કાંઇ પણ **સમજાવતા નથી પણ જાહેર** કરેછે; તેઓ ટીકાઓ લખી સત્યને **પુરવાર** કરતા **નથી**, પણ પોતાના જીવનથી સત્યને સત્ય તરીકે **જણાવે છે.** તેઓ તત્ત્વજ્ઞાનની મારામારીમાં પોતાનો સમય ગાળતા નથી, કારણ કે તેઓ જગદુદ્ધારક છે; અને ત્હેમને જગતના ઉદ્ધાર અર્થે આપણા ખ્યાલમાં પણ ન આવે એટલું બધું કામ કરવાનું હોય છે.

તેઓના મુખમાંથી નીકળેલું એકાદ વાક્ય અથવા તો કોઇને કાંઇક નજીવા પ્રસંગે આપેલા બોધનો એક શબ્દ, લાખો ટીકાઓવાળા ગ્રન્થો કરતાં, તેમજ હજારો મનુષ્યોના જીંદગી સુધીના ઉપદેશ કરતાં પણ વધારે પ્રભાવશાળી અને હિતકર થઇ પડેછે. ભવિષ્યની પ્રજાને **તે શબ્દો** કાવ્ય કરતાં પણ વધારે ઉચ્ચભાવ ઉત્પન્ન કરનારા, તત્ત્વજ્ઞાન કરતાં વધારે સુંદર, અને મિત્ર કે મિલ્કત કરતાં પણ વધારે પવિત્ર અને પ્રિય થઇ પડે છે.

ધાર્મિક ચળવળ અને ઘોંઘાટના સમયમાં લોકો કોઇ જગદુદ્ધારક મહાપુરૂષના જન્મની આશા રાખે છે, તેવામાં કોઇ શુદ્ધ વિચારનો જ્ઞાની, ઉદાર હૃદયનો મહાપુરૂષ તેઓ વચ્ચે જન્મે છે અને કાંઈ પણ ધમાલ કર્યા સિવાય તે પોતાનું કામ કર્યે જાયછે; પણ **તેઓ ત્હેનું જ્ઞાન સમજી શકતા નથી.** તેઓ જે મહાપુરૂષની વાટ જોતા હતા તે જ આ વિચારવંત પરમ ઉપકારી મહાત્મા છે છતાં પણ, તે ત્હેમની વચમાં જ વસે છે **તેટલા કારણથી**, તેઓ ત્હેને મહાન માની શકતા નથી. પરંતુ લોકોની દરકાર કર્યા સિવાય તે તો પોતાના કાર્ય અને ઉપદેશથી એવાં સાધનો રચતો રહે છે કે જેની મારફતે જગત્ ન્યાયમાર્ગે ચાલી શકે. **બહારથી** મનુષ્ય જેવો જણાવા છતાં **અંતરથી** તે દૈવી છે, તે પૃથ્વીને સ્વર્ગ તુલ્ય બનાવવાના ઉપદેશનો આપનાર છે; પણ થોડા જ મનુષ્યો ત્હેને સાંભળે છે. અને સાંભળનારમાંથી પણ થોડા જ ત્હેનો બોધ **સમજે** છે. તે ચાલ્યો જાય છે; લોકો ધારે છે કે તે પોતાના કામમાં નિષ્ફળ નીવડયો છે, પણ ખરેખર તો તે નીચેની ત્રણ બાબતો જગતને અર્પણ કરવામાં ફતેહમંદ નીવડયો હોય છે:–ત્હેની

**વિશાળ દૃષ્ટિ, ત્હેનું ઉચ્ચ જીવન, અને ત્હેના શબ્દોનું અનંત સામર્થ્ય.** આ ત્રણ બાબતો જગતને ઉચ્ચ પાયરીએ મુકવામાં પરમ સાધનરૂપ થઇ પ છે.

આવા જ્ઞાનીઓ—આવા ઉદ્ધારકો લગભગ દરેક પ્રજામાં જૂદે જૂદે વખતે ઉત્પન્ન થાય છે. જ્હારે જ્હારે વસ્તુસ્થિતિ એવા તારકની જરૂર ભાળે છે ત્હારે ત્હારે તેવાઓ અવશ્ય જન્મ લેછે; પરન્તુ એવાને એવા તરીકે ઓળખનારા થોડાજ ભાગ્યશાળી પુરૂષો હોય છે. અને માત્ર થોડાજ પુરૂષો એવાને પીછાને છે એ કાંઇ અયોગ્ય થતું નથી; કારણ કે પૂર્વ પુણ્ય સિવાય આવાની પીછાન ન જ થઇ શકે એ દેખીતું છે.

ભાઇઓ ! હુંપદ અને મારામારી છોડો. અમુક સખસ કે સખસો સિવાય બીજાઓ બધા નીચ છે એવું બોલવું ( ત્હમારા પોતાના હિત ખાતર કહુંછું કે ) જવા દો. રત્નો ઘણાંએ પડયાં હશે, પણ ત્હમને ત્હેની કિંમત નહિ હોય ત્હેમાં રત્નનો શું દોષ ?

ત્હમે નમ્ર બનો, ગુણાનુરાગી બનો, દુરાગ્રહરહીત બનો અને પછી જુઓ કે મહાન ગુરૂઓને ઓળખવાની શક્તિ ત્હમારામાં આવે છે કે નહિ ?

જ્ઞાની પુરૂષો આ જગતના અલંકાર તુલ્ય છે, આ પૃથ્વીના રક્ષક છે, સુખનું સદાવ્રત માંડનારા દાનેશ્રી છે, ઢાંકયાં રત્ન છે. એમને ઓળખ્યા સિવાયનું જીવવું તે દરરોજ વધતી જતી ખોટ આપનારા ધંધા તુલ્ય છે

ત્હમને-મ્હને સર્વને જ્ઞાની મહાત્માનું પીછાન સદ્ય થાઓ ! ત્હમે-હું એ જ્ઞાનીનાં વચનોને સર્દહવાને અને અનુસરવાને ઉજમાલ થઇએ એવો શુભ દિવસ નજદીકમાં આવો !

# મહાન ગુરૂના ચરણારવિંદમાં.

## પ્રસ્તાવ.

પાછલા લેખમાં મહાન ગુરૂના પ્રભાવનું વર્ણન કરી ચૂક્યોછું.

મહાન ગુરૂ પર જ્હેમને પ્રેમ છૂટતો હોય, મહાન ગુરૂની જ્હેમને પ્રાપ્તિ જોઇતી હોય, મહાન ગુરૂનાં દર્શનની જ્હેમને તીવ્ર અભિલાષા હોય ત્હેમની સેવામાં એક અન્યધર્મી પવિત્ર પુરૂષનો એક લેખ રજુ કરવા મ્હને પ્રેરણા થાય છે. એ લેખ એવો સુંદર છે કે: મ્હારા વાચકોને ત્હેના વાચંનથી બેનશીબ રાખવા એ એક પ્રકારના અપરાધ તુલ્ય મ્હને લાગે છે; કારણકે એમાં ગુરૂપ્રાપ્તિનો સરળ અને સાચો માર્ગ સૂચવ્યો છે.

એ સુંદર લેખ લખનાર કોણ મહાભાગ છે, કયા દેશમાં તે વસે છે, કયો ધર્મ પાળેછે, એ વગેરે સાથે મ્હારા વાચકોને કશો સંબંધ નથી. એમના વિચારો જૈનધર્મને કેટલા બધા મળતા આવે છે એટલું જોઈ લેવું એ વાચકોનું પોતાનું કામ છે. એ જ લેખ **બીજાનો** લખેલો છે એમ જો મ્હેં ન જણાવ્યું હોત તો મ્હારા જ લેખ તરીકે મ્હારા વાચકો માની લેત; પણ એવી માનચોરી કરવી મ્હને પાલવતી નથી. એક યુવાન આર્યના લખેલા અંગ્રેજી અમૂલ્ય લેખનું ખાંડઓબડું ભાષાંતર બહાર પાડતી વખતે મ્હારે તે ખુલ્લું જણાવવું જ જોઇએ. આટલી પ્રસ્તાવના પછી હવે તે ખ શરૂ કરીશું.

**असतो मा सद्गमय**
**तमसो मा ज्योतिर्गमय**
**मृत्योर्माऽमृतङ्गमय ॥**

**અસતમાંથી મ્હને સતમાં દોરી જાઓ.**
**અંધકારમાંથી મ્હને પ્રકાશમાં દોરી જાઓ.**
**મૃત્યુમાંથી મ્હને અમરત્વમાં દોરી જાઓ.**

## प्रारंभ.

**આ** લેખમાંના શબ્દો આ લખનારના નથી. જે **મહાન ગુરૂએ** મ્હને શીખવ્યું છે **તે ગુરૂના** આ શબ્દો છે. એમની મદદ **સિવાય** હું કાંઇ કરી શક્યો નહત; એમની મદદથીજ મ્હેં **સતના માર્ગે** પગ મૂક્યો છે.

ત્હમને **પણ** એજ **સતના માર્ગમાં** દાખલ થવાની ઇચ્છા છે **તેથી** જે શબ્દો **તે મહાન** ગુરૂએ મ્હને સંભળાવ્યા છે તે જ શબ્દો ત્હમને પણ મદદગાર **થઇ** પડશે,—માત્ર ત્હમે તે શબ્દોને શિર પર ચ્હડાવી અમલ કરશો **તો.**

આ શબ્દો સાચા છે અને આ શબ્દો સુંદર છે એમ કહ્યું એટલેથી કાંઇ બસ **થતું નથી.** જે માણસને વિજય જ મેળવવાની ઇચ્છા હોય તેણે તો એ શબ્દો પ્રમાણે **વર્ત્તવું** જોઇએ—**આચરણ** બરાબર એ **કથન** મુજબ જ કરવું જોઇએ. ભૂખથી રીબાતો માણસ અન્ન તરફ જોયાં કરે અને 'અન્ન ઉત્તમ છે' એમ કહ્યાં કરે એથી કાંઇ ત્હેની ભૂખ ભાગશે નહિ. એણે **એ** અન્નમાં પોતાનો હાથ નાખવો જોઇએ અને ખાવા માંડવું જોઇએ. બરાબર એવી જ રીતે, **મહાન** ગુરૂના શબ્દો **સાંભળવા** એ કાંઇ પુરતું **નથી;** ત્હમારે ત્હેમના દરેક શબ્દ પર લક્ષ આપવું જોઇએ, એમણે આપેલી દરેક સૂચના ધ્યાનમાં લેવી જોઇએ અને એમનાં કથન મુજબ **વર્ત્તવું** જોઇએ.

**જો** કોઇ એક સૂચના ધ્યાનમાં ન લેવાય, જો કોઇ એક શબ્દ પર લક્ષ ન અપાય, તો તે સૂચના અને તે શબ્દ હમેશને માટે હાથમાંથી ગયો સમજવો; કારણકે **મહાન** ગુરૂ બે વાર બોલવાની ફુરસદ ધરાવતા **નથી.**

# सत्ना मार्ग माटे योग्यता.

**આ** સત્‌ના માર્ગની પ્રાપ્તિ માટે ચાર યોગ્યતા સંપાદન કરવા જોઇએઃ

૧ વિવેક.

૨ વૈરાગ્ય અથવા ઇચ્છારહિતપણું.

૩ સદ્વર્ત્તન અથવા શુદ્ધ ચારિત્ર.

૪ પ્રેમ.

આ ચાર* યોગ્યતાના સંબંધમાં જે કાંઇ મ્હને મહાન ગુરૂએ કહ્યું છે તે ત્હમારી સમક્ષ જણાવવાને હું પ્રયત્ન કરીશ.

## પ્રથમ યોગ્યતા.

**મ**હાન ગુરૂના ચરણારવિંદમાં પહોંચવાને જે ચાર યોગ્યતાઓ સંપાદન કરવી જરૂરની છે તે ચારમાંની પહેલીનું નામ 'વિવેક' * * છે. સામાન્ય રીતે ' વિવેક ' શબ્દ, સત્ય અને અસત્યને ઓળખવાની શક્તિ એવા અર્થમાં વપરાય છે. એ શકિત મનુષ્યને સત્‌ના માર્ગે દોરી લઇ જાય છે.

'વિવેક' શબ્દના ઉપર કહેલા સામાન્ય અર્થ કરતાં પણ એમાં કાંઇક વધારે રહસ્ય રહેલું છે. તે રહસ્ય એ છે કે, આ વિવેકનો ગુણ, સત્‌ના માર્ગની શરૂઆત સુધી જ પાળવાનો નથી પણ તે માર્ગે દાખલ થઇને ત્હેના બીજે છેડે પહોંચીએ ત્યાં સુધી દરેક ડગલે ને પગલે હરહમેશ તે ગુણ પાળવાનો છે.

---

* એ ચારને અંગ્રેજીમાં Discrimination, Desirelessness, Good Conduct અને Love એવાં નામ અનુક્રમે અપાયલાં છે.

* * જૈનનું ' સમ્યક્ત્વ ' સરખાવો.

ત્હમે એ **માર્ગે** ચ્હડો છો ત્હેનું કારણ એ છે કે, **મેળવવાના યોગ્ય સઘળી ચીજો માત્ર એ માર્ગે જ** મળી શકે છે એમ ત્હમે **શીખેલા છો.** જેઓ તે શીખ્યા નથી તેઓ તો ધન કે સત્તા મેળવવા માટે જ કામ કરે છે. પરન્તુ ધન અને સત્તા બહુ તો એક જ જીંદગી માટે છે (તેઓ એક જ ભવ સુધી ટકે છે) અને એ જોતાં તે અસત્-અનિત્ય પદાર્થો છે. આ પદાર્થો કરતાં બીજા વધુ મહત્વના પદાર્થો પણ હયાતી ધરાવે છે, કે જે પદાર્થો સત્ છે અને નિત્ય છે. ત્હમે જો એ નિત્ય પદાર્થોને માત્ર એકજ વાર જોવા પામો તો અગાઉ કહેલા અનિત્ય પદાર્થોની ઇચ્છા કદી કરો જ નહિ.

આખી દુનીઆમાં માત્ર બે પ્રકારના જ મનુષ્યો છેઃ (૧) જેઓ જાણે છે તે, અને (૨) જેઓ નથી જાણતા તે. અને આ 'જાણપણું' એ જ મ્હોટી વાત છે, એજ અગત્યની વાત છે. એક માણસ કયો ધર્મ પાળે છે, તે કઇ જાતનો છે—એ વગેરે બાબતો કાંઇ અગત્યની નથી. અગત્યની બાબત માત્ર **એકજ** છે અને તે જાણપણું અથવા જ્ઞાન છે; મનુષ્ય માટેની દિવ્ય યોજનાનું જ્ઞાન એજ એક અગત્યની બાબત છે.

વિશ્વમાં એક **યોજના** છે અને તે યોજના એજ **'ઉન્નતિક્રમ'** અથવા **'ઉત્ક્રાન્તિક્રમ'*** છે. એકવાર કોઇ માણસ તે યોજના પુરેપુરી સમજી જાય છે, એટલે પછી તે માણસ તે **યોજના માટેજ** કામ કર્યા વગર રહી શકતો નથી અને એ **યોજના સાથે એક રૂપ** થયા સિવાય પણ રહી શકતો નથી; કારણ કે ઉત્ક્રાતિક્રની યોજના ખરેખર ઘણી જ ભવ્ય અને ઘણી જ સુંદર છે.

આ ભવ્ય યોજનાના જાણપણાને લીધે જ તે માણસ પરમાત્માનો પક્ષ લેછે; એ જાણપણાને લીધે જ તે શુભના પક્ષમાં ઉભો રહે છે અને અશુભની સામે થાય છે; એ જાણપણાને લીધેજ તે સ્વાર્થને ખાતર નહિ પણ ઉન્નતિક્રમ સારૂ કામ કરે છે.

જો તે પરત્માના પક્ષનો હોય તો તે આપણામાંનો જ એક છે; તો પછી તે પોતાને હિંદુ કહે કે બૌદ્ધ કહે, ખ્રીસ્તી કહે કે મુસલમાન કહે, તે હિંદવાસી હોય કે ઇંગ્લંડવાસી હોય, ચીનનો માણસ હોય કે રસીઆનો હોય, તે કશાથી ફેર પડતો નથી. જેઓ પરમાત્માના પક્ષમાં છે

---

*Evolution.

તેઓ "આપણે અહીં શા માટે આવ્યા છીએ!" અને "આપણે શું કરવું જરૂરનું છે?" એ બે બાબતનું જ્ઞાન ધરાવતા હોયછે અને તેઓ કામ પણ તે જ્ઞાનને અનુસરીને કરેછે.

તે સિવાયના બીજા સઘળાઓને હજીસુધી આવું જ્ઞાન ન હોવાને સબબે, તેઓ ઘણીવાર મૂર્ખામીભરેલાં કામ કરી બેસેછે. તેઓ એવા રસ્તા શોધવા કોશીશ કરેછે કે જે રસ્તા હેમને આનંદદાયક થઈ પડશે એમ તેઓ ધારેછે; પણ તેઓ જાણતા નથી કે, સર્વ એક છે અને તેટલા માટે જે કાંઇ પરમાત્માની ઇચ્છા છે તેજ સર્વને ખરેખર આનંદદાયક થઇ શકે. તેઓ સતને બદલે અસતને માર્ગે ચાલેછે. આ સત્ અને અસત્ વચ્ચેનો ભેદ જ્યહાં સુધી તેઓ ન શિખે, ત્યહાં સુધી તેઓ પરમાત્માના પક્ષના નથી; અને તેટલા માટે 'વિવેક' અથવા 'સત અને અસત્ વચ્ચેનો ભેદ' એ પ્રથમ પગથિયું છે.

સત્ અને અસત્ એ બેમાંથી સતની પસંદગી કર્યા પછી પણ ત્હમારે જાણવું જોઇએ કે સત્ અને અસતના પણ વળી ઘણા પ્રકાર છે. એથી આગળ વધીને ત્હમારે વાજબી અને ગેરવાજબી, ઉપયોગી અને અનુપયોગી, મહત્વનું અને બિનમહત્વનું, સાચું અને જૂઠું, સ્વાર્થમય અને બીનસ્વાર્થી એ સર્વ દ્વંદ્વોમાં પણ 'વિવેક' કરતાં શિખવું જોઇએ; અર્થાત્ એ દરેક જોડકામાંથી એકેકને વિવેકબુદ્ધિની મદદથી પસંદ કરવું જોઇએ.

વાજબી અને ગેરવાજબી વચ્ચેનો ભેદ પારખવો એ કામ એટલું બધું કઠણ નથી; કારણ કે જેઓ મહાન ગુરુને પગલે ચાલવા ઇચ્છા રાખેછે તેઓએ ગમે તેટલા ભોગે પણ વાજબી માર્ગે ચાલવાનો નિશ્ચય જ કરેલો હોય છે. પણ શરીર અને આત્મા એ બન્ને જૂદી વસ્તુઓ છે; તેથી આત્માને જે ઇચ્છા થાય એજ ઇચ્છા શરીરને થાય એમ કાંઇ હમેશ બનતું નથી. જ્યહારે ત્હમારૂં શરીર કોઇ બાબતની ઇચ્છા કરે ત્યહારે જરા થોભજો અને ત્હમે ખરેખર તેવી ઇચ્છા કરોછો કે કેમ ત્હેનો વિચાર કરજો. કારણ કે ત્હમે ઇશ્વર છો; અને જે ઇશ્વરની ઇચ્છા એજ ત્હમારી ઇચ્છા હોવી જોઇએ. પણ ત્હમારી અંદર રહેલા ઇશ્વરને શોધી કહાડવાને ત્હમારે હૃદયમાં ઉંડા ઉતરવું જોઇએ અને ત્યહાં ઇશ્વરી અવાજ કે જે ખરી રીતે ત્હમારો જ અવાજ છે ત્હેને ત્હમારે ધ્યાન દઇને સાંભળવો જોઇએ.

ત્હમારાં શરીરો—સ્થૂલ અથવા ઉદારીક શરીર, વાસના શરીર તથા માનસિક શરીર—એ જ ત્હમે પોતે છો, એવી ભૂલ કદાપિ કરતા નહિ. પોતાની

ઇચ્છા તૃપ્ત કરવાના **સ્વાર્થ** ખાતર તે ત્રણમાંનું દરેક **શરીર** પોતે **આત્મા** હોવાનો ઢોંગ કરશે; **પણ** ત્હમારે તે સર્વને ઓળખવા જોઇએ અને ત્હમે તો તે શરીરોના **સ્વામી** છો એમ ત્હમારે જાણવું જોઇએ.

ત્રણે શરીરો પોતે આત્મા બની ત્હમને ઠગવા કેવા રસ્તા લેછે તે સંબંધમાં થોડાક દૃષ્ટાંતો સાંભળોઃ—

(૧) જ્યહારે કાંઇ કામ કરવાનું આવેછે, ત્યહારે સ્થૂલ (અથવા ઉદારીક) શરીર આરામ લેવા ઇચ્છેછે. અથવા તો ફરવા જવાને કે ખાવાને કે પીવાને ઇચ્છેછે; તેથી 'દિવ્યયોજના'ના જ્ઞાન વગરનો તે માણસ મનમાં વિચારે છે કે "હું આ ખાનપાનાદિ કામ કરવા ઇચ્છુંછું; અને મ્હારે તે કરવુંજ જોઇએ." પણ જે માણસને 'દિવ્ય યોજના'નું જ્ઞાન છે તે તો એમ કહેછે કેઃ "જે (શરીર) આ બધી માગણી કરે છે, તે 'હું' નથી; અને તે માગણી કરનાર સ્થૂલ શરીરે ઘડીભર દમ ખાવો જોઇએ."

જ્યહારે કોઇને મદદ કરવાનો પ્રસંગ આવી લાગેછે, ત્યહારે આ જ સ્થૂલ શરીર વિચારેછે કે "ઓહ કેવું તકલીફનું કામ! ઘણાએ બીજો કોઈ સખસ તે કરી લેશે!" પણ આમ બોલનારા શરીર પ્રત્યે આત્મા જવાબ આપેછેઃ કે "આ કામ કરવા યોગ્ય છે અને ત્હારી મગદૂર નથી કે તું મ્હને તે કરતાં અટકાવે!"

આ શરીર તે ત્હમારૂં પશુ છે—ત્હમારો ઘોડો છે, કે જેના ઉપર ત્હમે સવાર થયેલાછો; અને એટલા ખાતર તે ઘોડાની ત્હમારે સારસંભાળ સારી રીતે લેવી જોઇએ. ત્હેની પાસેથી હદ ઉપરાંતનું કામ લેવું ન જોઇએ. ત્હેને અપાતો ખોરાક અને જળ તદ્દન શુદ્ધ હોવાની કાળજી રાખવા જોઇએ, અને જરા જેટલી પણ રજ ત્હેના ઉપર ચ્હોંટી ન રહે એટલી હદ સુધી ત્હેને બરાબર શુદ્ધ રાખવું જોઇએ; કારણ કે સંપૂર્ણ અંશે શુદ્ધ અને સંપૂર્ણ અંશે તનદુરસ્ત શરીર સિવાય સત્‌ના માર્ગે વિચરવાની તૈયારી કરવાનું મહાભારત કામ ત્હમારાથી ઉપાડી શકાશે નહિ તથા એ તૈયારી કરવાના કામથી ત્હમારા શરીર ઉપર નિરંતર જે દબાણ થશે તે ત્હમારાથી સહન થઇ શકશે નહિ.

તે ઘોડા રૂપ શરીરની આટઆટલી સારસંભાળ રાખવા છતાં ત્હમારે આ તો બરાબર યાદ રાખવાનું છે કે, ત્હમારે તે ઘોડાને હમેશ વશ રાખવાનો છે, તે ઘોડો ત્હમને વશ રાખે એમ ન બનવું જોઇએ.

(૨) **સ્થૂલ*** શરીરની વાતમાંથી હવે આપણે **વાસના**× શરીર તરફ ફરીશું. આ શરીરને પણ વળી હેની ખાસ ઇચ્છાઓ હોય છે-સંખ્યાબંધ ઇચ્છાઓ હોય છે.

ત્હમે ગુસ્સો કરો, ત્હમે મર્મભેદક શબ્દો બોલો, ત્હમે ઇર્ષા કરો, ત્હમે પૈસાનો લોભ કરો, ત્હમે બીજા મનુષ્યોના વૈભવની અદેખાઇ કરો અને ત્હમે ઉદાસીનતાને વશ થાઓ: આવી જાતનાં અનેક કામો ત્હમારી પાસે કરાવવા તે **વાસના શરીર** ઇચ્છે છે. ત્હમને નુકશાન જ કરવું એવો કાંઈ તે શરીરનો **આશય** નથી; પણ તે શરીરને આવી વેગવાળી અથવા આવેશી ધ્રુજરીઓ ગમે છે, અને વળી તે તે ધ્રુજરીઓ વારંવાર બદલવા ઇચ્છેછે. પણ **ત્હમને** આ કશાની જરૂર નથી—**ત્હમારા આત્માને** આ **વાસના શરીરની** ઇચ્છા સાથે કાંઇ લેવાદેવા નથી. ત્હમારા **આત્માની** ઇચ્છાઓ અને ત્હમારા **શરીરની** ઇચ્છિઓ એ બે વચ્ચેનો ભેદ ત્હમારે જાણવા જોઇએ.

(૩) **માનાસક** શરીર** નામનું ત્હમારૂં ત્રીજું **શરીર** વળી કાંઇ જૂદીજ ઇચ્છાઓ કરે છે. તે મગરૂરીમાં આવી જઇ બીજા સર્વથી પોતાને ભિન્ન મનાવવા ઇચ્છેછે, બીજા બધા સંબંધી વિચારને છોડી દઇ માત્ર પંડના જ વિચારો કરવા તે ઇચ્છેછે. ત્હમે હેને જગતની વસ્તુઓ ઉપરથી વિમુખ કર્યું હશે તો પણ તે એક બીજા રૂપમાં **હું** પણાના જ વિચારો કરવા ઇચ્છતું હોયછે, અને **મહાન ગુરૂના** કામ સંબંધી અથવા તો બીજાઓને સ્હાયભૂત થવા સંબંધી વિચાર કરવાને બદલે તે તો ત્હમારી એકલાની જ ઉન્નતિ કેટલી થઇ તે વિચારમાં જ ત્હમને ગોંધાઇ રહેવા ફરમાવેછે.

---

* સ્થૂલ શરીર—ઔદારીક શરીર અથવા હાડ—માંસ-ત્વચાનું બનેલું છેક ઉપરનું દેખાતું ખોળીઉં Physical Body.

× વાસના શરીર એ સૂક્ષ્મ પુદ્‌ગલોનું બનેલું, સ્થૂલ શરીરની અંદરનું શરીર છે, જેમાં ઇચ્છાઓ અને વાસનાઓ ઉત્પન્ન થાય છે અને દશ્ય રૂપે વાસેછે. આ ઇચ્છાઓને રૂપ, રંગ, ગંધ, સ્વાદ વગેરે પણ હોય છે, મતલબ કે એ કશું કાલ્પનીક નથી. ઇચ્છાઓના ઉત્પત્તિસ્થાન રૂપ આ શરીરને અંગ્રેજીમાં Astral Body ( ઍસ્ટ્રલ બૉડી ) કહે છે.

** માનસિક—Mental Body ( મૅન્ટલ બૉડી ) એમાં વિચારો ઉત્પન્ન થાયછે. અને વિચાર પણ પુદ્‌ગલીક ચીજ છે, એને પણ રૂપ—રંગાદિ હોય છે અને હેના ફોટો લેવાયલા છે. આ શરીરના પરમાણુઓ વાસના શરીર કરતાં પણ વધારે સૂક્ષ્મ છે.

જ્યારે ત્હમે 'ધ્યાન' ધરીને બેઠા હો છો ત્હારે પણ, **ત્હમારે** જે **એક** ચીજ જોઇએછે ત્હેના ઉપર ધ્યાન ધરવા નહિ દેતાં જે **અનેક** ચીજો તે **માનસિક શરીરને** જોઇએ છે તે અનેક ચીજો સંબંધી વિચાર કરવાને તે ત્હમને પ્રેરશે.

પણ ધ્યાન રાખજો કે '**ત્હમે**' તે '**મન**' નથી; તે મન તો ત્હમારે વાપરવાનું એક **સાધન** છે. માટે અહીં પણ 'વિવેક' ની જરૂર છે. આમ ત્હમારે નિરંતર સાવધ રહેવાનું છે. ગાફલ રહેશો તો ત્હમારો પ્રયત્ન નિષ્ફળ જશે. ગુપ્ત માર્ગમાં સત્ય અને અસત્ય વચ્ચે મુદ્દલ છૂટછાટ મુકી શકતી જ નથી; મતલબ કે કોઇ પણ આશયથી થોડું પણ અસત્ય કરાય તો તે સત્ય કહેવાતું નથી. દેખીતી રીતે ગમે તેટલું નુકશાન થતું હોય તો પણ, અજ્ઞાની મનુષ્યો શું ધારશે કે શું કહેશે એ બાબતની કશી દરકાર કર્યા વિના, જે કાંઇ સત્ય છે તે જ ત્હમારે કરવું જોઇએ અને જે ખોટું છે તે ત્હમારે ન જ કરવું જોઇએ. કુદરતના છુપા નિયમોનો ત્હમારે ઉંડો અભ્યાસ કરવો જોઇએ, અને તે નિયમોને સમજી લઇને પછી ત્હમારી જીંદગી તે નિયમોને અનુકૂળ બનાવવી જોઇએ; અર્થાત્ તે નિયમોને અનુસરીને જ જીંદગીનું દરેક કામ કરવું જોઇએ;—અલબત બુદ્ધિનો ઉપયોગ તો દરેક બાબતમાં કરવો જ જોઇએ.

**મહત્વની** અને **બિનમહત્વની** વસ્તુઓ વચ્ચેનો ભેદ ત્હમારે સમજવો જોઇએ. જ્યહાં સત્ય અને અસત્યનો સવાલ આવે ત્હાં ત્હમારે ખડકની માફક દ્રઢ રહેવું, પણ નજીવી અથવા **બિનમહત્વની** બાબતોમાં ત્હમારે બીજાઓ આગળ નમતી દોરી મુકવી જોઇએ. કારણ કે ત્હમારે હમેશ નમ્ર અને માયાળુ થવું જોઇએ, ન્યાયી તેમજ સંજોગોને અનુકૂળ થવું જોઇએ, અને જે સ્વતંત્રતાની ત્હમને જરૂર છે તેવીજ સંપૂર્ણ સ્વતંત્રતા ત્હમારે **બીજાને** આપવા તૈયાર રહેવું જોઇએ.

**કરવા યોગ્ય** શું છે તે જ વિચારજો; તે કામ ન્હાનું છે કે મ્હોટું તે વિચાર નકામો છે.

એક મ્હોટું દેખાતું કામ કે જેને જગત્ **સારૂં કામ** કહેતું હોય તેના કામ કરતાં, એક ન્હાનું કામ કે જે **મહાન ગુરૂના** કામમાં સીધી રીતે ઉપયોગી થઈ પડે તેવું હોય તે કામ ઘણું-ઘણું જ ઉત્તમ અને કરવા યોગ્ય છે. નિરૂપયોગીને છોડી ઉપયોગી કામ પસંદ કરવું જોઇએ એટલું જ બસ નથી પણ ઉપયોગીમાં પણ **ઓછી** ઉપયોગી અને **વધારે** ઉપયોગી

બાબતોનો 'વિવેક' કરતાં શિખવું જોઇએ. ગરીબોનું પોષણ કરવું તે સારૂં, ઉમદા અને ઉપયોગી કામ છે; પણ હેમના **શરીરના** પોષણ કરતાં હેમના **આત્માનું** પોષણ કરવું તે તેથીએ વધારે ઉમદા અને વધારે ઉપયોગી કામ છે. કોઇ પણ ધનવાન મનુષ્ય ગરીબોના **શરીરનું** પોષણ કરી શકશે; પણ તેઓના આત્માનું પોષણ તો 'જ્ઞાની'થી જ થઇ શકશે. જો હમે જ્ઞાન મેળવ્યું હોય તો બીજાઓને જ્ઞાન મેળવવામાં મદદ કરવા એ હમારૂં કર્ત્તવ્ય છે.

હમે ગમે તેવા ડાહ્યા હો, છતાં આ **માર્ગ** ઉપર હમારે હજી ઘણું શીખવાનું રહેછે. અહીં એટલું બધું શિખવાનું છે કે હેમાં પણ 'વિવેક'ની જરૂર છે; અને શિખવા લાયક શું છે, હેનો હમારે લક્ષપૂર્વક વિચાર કરવો જોઇએ છે. સઘળું જ્ઞાન ઉપયોગી છે, અને એક દિવસ હમને સઘળું જ્ઞાન મળશે ણ ખરૂં. પણ જ્યહાં સુધી હમારે જ્ઞાનના અમુક ભાગથીજ સંતોષ માનવાનો ત્યહાં સુધી તો તે અમુક ભાગ **એવા પ્રકારનો** પસંદ કરવો જોઇએ કે જે હમને સર્વથી વધારે ઉપયોગી થઇ પડે. પરમાત્મા ડહાપણ સ્વરૂપ તેમજ પ્રેમ સ્વરૂપ છે અને જેમ જેમ હમારામાં ડહાપણ વધારે આવશે તેમ તેમ હમારામાં ઇશ્વરત્વ વધારે ને વધારે વ્યકત અથવા પ્રકટ થઇ શકશે. માટે અભ્યાસ કરો; પણ બીજાઓને મદદ કરવાના કામમાં *જે જ્ઞાન* હમને બહુજ ઉપયોગી થઇ પડે તેવા જ્ઞાનનો **પ્રથમ** અભ્યાસ કરો. ધૈર્યથી અભ્યાસ કરજો; લોકો હમને જ્ઞાની માને **એટલા માટે** અભ્યાસ કરશો નહિ; તેમજ ડાહ્યા બનવા રૂપી સુખ હમને મળે તેવા ખ્યાલથી પણ અભ્યાસ કરશો નહિ; પરંતુ ડાહ્યા મનુષ્યો **ડહાપણપૂર્વક બીજાને મદદગાર થઇ શકેછે** એટલા ખાતર અભ્યાસ કરજો. બીજાને મદદ કરવાની ગમે તેટલી ઇચ્છા હમને હોય, છતાં જો હમારામાં જ્ઞાન જ ન હોય તો એ બનવા જોગ છે કે હમારા હાથે કોઇનું ભલું થવાને બદલે નુકશાન થઇ બેસશે.

હમારે સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખવો જોઇએ; હમારે વિચારમાં, વચનમાં અને વર્તનમાં—દરેક બાબતમાં **સાચા** થવાને શિખવું જોઇએ. પ્રથમ **વિચારમાં** સાચા થવું જોઇએ; અને આ કામ કાંઇ સહેલું નથી. જગતમાં ઘણા ખોટા વિચારો છે, ઘણા મૂર્ખાઇભરેલા વ્હેમો છે; અને જે પુરૂષ આ વિચારો અને વ્હેમોનો ગુલામ બને છે, તે કદાપિ ઉન્નતિ સાધી શકતો નથી. માટે ઘણા મનુષ્યો અમુક વિચાર ધરાવતા હોય

તે ઉપરથી, અથવા તો ઘણા સૈકાથી અમુક વિચાર મનાતો આવ્યો હોય તે ઉપરથી, અથવા તો મનુષ્યો જેને પવિત્ર ગણતા હોય તેવા કોઇ પુસ્તકમાં અમુક વિચાર લખાયેલો હોય તે ઉપરથી, તે વિચારને માની બેસતા નહિ. ત્હમારે તે બાબતનો ત્હમારી જાતે વિચાર કરવો જોઇએ, અને તે વાજબી છે કે નહિ ત્હેનો ત્હમારે પોતે તોલ બાંધવો જોઇએ. હજારો મનુષ્ય અમુક વિષય ઉપર મળતા થાય, પણ જો તેઓને તે વિષયનું ખરૂં જ્ઞાન ન હોય તો તેઓનો અભિપ્રાય કિંમત વગરનો છે.

મહાન ગુરૂના ચરણારવિંદમાં દોરી જનારા માર્ગ ઉપર ચાલવાની જેને ઇચ્છા હોય તેણે **પોતાની મેળે** વિચાર કરતાં શિખવું જોઇએ; કારણ કે વ્હેમ*–ખોટી માન્યતા એ આ જગતમાં પ્રસરાયલો મ્હોટામાં મ્હોટો અનર્થ છે, અને એ એક એવું બંધન છે કે જેમાંથી ત્હમારે તો તદ્દન મુક્ત જ થવું જોઇએ.

બીજા લોકો સંબંધીના ત્હમારા વિચારો **સાચા** હોવા જોઈએ; બીજા લોકોના સંબંધમાં જે બાબતો ત્હમે જાણતા ન હો તે સંબંધી ત્હમારે વિચાર કરવો નહિ. તેઓ હમેશ ત્હમારો જ વિચાર કરે છે, એમ ધારતા નહિ. જો કોઇ કંઈ કામ કરે અને તે ત્હમને નુકશાનકારક થશે એમ ત્હમને લાગે, અથવા જો કોઇ કાંઇ કહે અને તેથી ત્હમને નુકશાન થશે એમ ત્હમને લાગે, તો તેવે વખતે એકદમ એમ વિચાર કરશો ન હે કે " મ્હને નુકશાન કરવાના **ઇરાદાથી જ** તેણે આમ કર્યુંછે કે કહ્યુંછે " કદાચ તેણે ત્હમારા સંબંધી વિચાર સરખો પણ કર્યો નહિ હશે; કારણ કે દરેક જીવને પોતાની મુશીબતો હોયછે, તેથી ત્હેના વિચારો મુખ્યત્વે તે મુશીબતોને લગતા જ હોય છે. જો કોઇ મનુષ્ય ક્રોધથી ત્હમારી સાથે બોલે તો એકદમ " તે મ્હને ધિક્કારે છે, તે મ્હારૂં મન દુઃખવવા ઇચ્છે છે " એવો વિચાર કદી કરતા નહિ. ઘણીવાર એમ બને છે કે કોઈ સબબસર કોઇ માણસને લીધે કે કંઇ બાબતને લીધે ગુસ્સે થયેલો હોય છે અને તેવામાં ત્હમે મળી આવ્યા, તેથી તે ત્હેનો ગુસ્સો ત્હમારા પર કહાડે છે! અલબત ત્હેનું આ ક્રોધી વર્તન મૂર્ખાઇભરેલું છે; કારણ કે દરેક પ્રકારનો ક્રોધ એ મૂર્ખાઈ છે; પણ તે ઉપરથી ત્હમારે ત્હેને વિષે **ખોટો** વિચાર કરવો જોઇતો નથી.

જ્યહારે ત્હમે કોઇ મહાન ગુરૂના શિષ્ય થાઓ ત્હારે ત્હમારો અમુક વિચાર સત્ય છે કે નહિ તે જોવા માટે ત્હમારો વિચાર તે મહાત્માના

---

* વ્હેમ એજ જૈનો જેને 'મિથ્યાત્વ' કહેછે તે. (Superstition)

વિચારની જોડમાં મૂકીને તપાસી શકો. કારણ કે શિષ્ય અને ગુરૂનું ઐક્ય હોયછે, અને જેવો તે પોતાનો વિચાર ગુરૂના વિચારની જોડમાં મુકેછે કે તરતજ તે ત્હેને બંધબેસતો થાયછે કે નહિ તે જણાઇ આવેછે.

જો શિષ્યનો વિચાર ગુરૂના વિચારને બરાબર બંધબેસતો ન જણાય તો શિષ્યે માનવું કે પોતાનો તે વિચાર ખોટો છે; અને તે ખોટો વિચાર તુરત જ બદલી નાંખવો. કારણકે મહાન ગુરૂનો વિચાર તો અચૂક સમ્પૂર્ણ સત્ય છે; કારણ કે તે સર્વ જાણેછે.

જેઓને ગુરૂએ શિષ્ય તરીકે હજી અંગીકારેલા નથી તેઓ, ઉપર લખ્યા પ્રમાણે જ કસોટી કરી શકશે નહિ; તથાપિ તેઓ પણ "જે સંજોગોમાં હું મુકાયલો છું તેજ સંજોગોમાં મહાન ગુરૂ પોતે હોત તો તે શું વિચારે, કહે અગર કરે?" એવો વિચાર કરે તો ત્હેમને ઘણો લાભ થયા સિવાય રહે નહિ. મહાન ગુરૂને જે વિચારતા, જે કહેતા, અથવા જે કરતા ત્હમે કલ્પી ન શકો તેવું કાંઇ પણ ત્હમે કદી વિચારશો નહિ, બોલશો નહિ, અને કરશો નહિ.

ત્હમારે બોલવામાં બહુ જ ચોક્કસ રહેવું જોઇએ, જરા પણ અતિશયોક્તિ કરવી નહિ. બીજાઓના ઉદ્દેશો જાણ્યા સિવાય તેઓએ અમુક ઉદ્દેશથી જ અમુક કામ કર્યું હશે એમ ત્હમે કદી કહેતા નહિ. માત્ર ત્હેના ગુરૂ જ ત્હેના વિચારોને જાણે છે અને ત્હમારી કલ્પનામાં પણ ન હોય એવાં એવાં કોઈ કારણોસર તે સખસ અમુક કામ કરતો હોય એ સંભવીત છે.

ત્હમે કોઇની વિરૂદ્ધ કાંઇ વાત સાંભળો તો ફરીથી તે વાત બીજા સમક્ષ ઉચ્ચારતા નહિ. કદાચ તે વાત ખરી ન પણ હોય; અને ખરી હોય તો પણ કાંઇ પણ ન કહેવું એ વધારે દયાભરેલું છે. કાંઇ પણ બોલવા પહેલાં બરાબર વિચાર કરજો, રખેને ભૂલભરેલી વાત બોલાઇ જાય. ત્હમારાં કાર્યોમાં-વર્તનમાં પણ સાચા બનો. ત્હમારામાં જે ગુણ હોય તે કરતાં જુદી જાતના ગુણ ધરાવવાનો ઢોંગ ન કરશો. દરેક પ્રકારનો ઢોંગ સત્યના નિર્મળ પ્રકાશને આડખીલ રૂપ થઇ પડેછે. જેવી રીતે સૂર્યનું તેજ નિર્મળ કાચ દ્વારા પ્રકાશેછે, તેવી રીતે ત્હમારી અંદર થઇને સત્યનું પવિત્ર તેજ પ્રકાશવું જોઇએ.

સ્વાર્થી કામ અને બીનસ્વાર્થી કામ વચ્ચે પણ ત્હમારે વિવેક કરતાં શિખવું જોઇએ. સ્વાર્થ ઘણાં રૂપ ધારણ કરેછે; જ્યહારે ત્હમે ધારો

છો કે 'સ્વાર્થના એક રૂપને મ્હેં નાબુદ કર્યું છે' ત્હારે તે બીજા રૂપમાં તેટલા જ જોરથી દેખા દેછે.

તથાપિ ધીમે ધીમે, બીજાઓને મદદ કરવાનો વિચાર ત્હમારામાં એટલો બધો વ્યાપી રહેશે કે સ્વાર્થનો—ત્હમારી જાતનો વિચાર કરવાને ત્હમને અવકાશ કે સમય જ મળશે નહિ.

બીજી પણ એક બાબતમાં ત્હમારે આ વિવેક ગુણ ખીલવવો જોઇએછે. અમુક મનુષ્ય અથવા અમુક વસ્તુ બ્હારથી ગમે તેવી ખરાબ દેખાય તે છતાં તે મનુષ્ય કે તે વસ્તુમાં રહેલા ઇશ્વરત્વને પારખતાં શિખો. ત્હમારામાં અને ત્હમારા જાતિભાઇમાં બન્નેમાં રહેલી એવી કોઇ સામાન્ય ચીજ હોય તો તે 'દૈવી જીવન' છે અને તે દૈવી જીવનના સામાન્ય તત્વ દ્વારા ત્હમે ત્હમારા જાતિભાઇને મદદ કરી શકો તેમ છે. ત્હેનામાં તે દૈવી જીવન જાગૃત કરતાં શિખો, ત્હેનામાં રહેલા તે દૈવી જીવનના નામથી ત્હેને અરજ કરતાં શિખો; આ રીતે ત્હમે ત્હમારા જાતિભાઇને અશુભ માર્ગથી બચાવી શકશો.

## દ્વિતીય યોગ્યતા.

મહાન ગુરૂના ચરણારવિંદમાં પહોંચવાને જે ચાર યોગ્યતાઓ સંપાદન કરવી જરૂરની છે તે ચારમાંની બીજી યોગ્યતા તરફ હવે આપણે ફરીશું. તે બીજીનું નામ 'ઇચ્છારહિતપણું', 'વૈરાગ્ય' અથવા 'નિરિચ્છક ભાવ' છે.

આ જગતમાં ઘણા પુરૂષો એવા છે કે જ્હેમને નિરિચ્છક ભાવ અથવા ઇચ્છારહિતપણાનો ગુણ પોતામાં ખીલવવાનું કામ ઘણુંજ મુશ્કેલ લાગે છે. આ મુશ્કેલી લાગવાનું કારણ એ છે કે તેઓ એમ માનતા હોય છે કે "અમારી ખાસ ઇચ્છાઓ, અમારો રાગ અને અમારો દ્વેષ એ સું જો અમારામાંથી લેઇ લેવામાં આવે તો પછી 'અમે' રહ્યા જ ક્યહાં?" તેઓ 'આત્મા' અને 'ઇચ્છા' એ બેને એક માને છે!

આવા પુરૂષો કોણ હોય છે? જ્હેમણે મહાન ગુરૂને જોયા નથી તેઓ જ માત્ર. પરન્તુ મહાન ગુરૂની હાજરીમાં આવતાં જ એવી સઘળી 'ઇચ્છા' અદૃશ્ય થાય છે; માત્ર તે ગુરૂના જેવા થવાની ઇચ્છા જ ટકી રહે છે.

એવા **મહાન ગુરૂને** રૂબરૂમાં મળવાનું સુભાગ્ય હમને પ્રાપ્ત ન થયું હોય તો પણ હમે તે 'નિરિચ્છક ભાવ' પ્રાપ્ત કરી શકો ખરા,—માત્ર હમે એ પ્રાપ્તિ માટે દૃઢ સંકલ્પ કરો **તો.**

શરૂમાં હમે કેળવેલો **વિવેકનો** ગુણ હમને ક્‌હારનોએ શીખવી ગયો છે કે ધન—સત્તા વગેરે જે ચીજો ઘણાખરા માણસો ઇચ્છેછે તે સર્વ **મેળવવા લાયક નથી.** જો હમે આમ બોલીને જ બેસી ન રહો, અને જો હમને આ સત્યનો **સાક્ષાત્કાર** થાય (માત્ર '**જ્ઞાન**' જ નહિ પણ આ બાબતનું જો હમને '**દર્શન**' થાય) તો તે તે ચીજોની **ઇચ્છા** બંધ પડી જાય.

આટલે સુધી તો બધું સરળ છે. વાતમાં વાત એટલી જ છે કે હમારે **સમજવું** જોઇએ. પણ કેટલાક એવાએ મનુષ્યો આ દુનીઆમાં પડ્યા છે કે જેઓ **જગતની** વસ્તુઓની પ્રાપ્તિ પાછળ પડવું છોડી દેછે ખરા, પણ એમ કરવામાં હેમનો **આશય** દેવલોક મેળવવાનો કે જન્મ—મરણથી પોતે છૂટો થાય એવો હોય છે. આવી જાતની ભૂલમાં **હમે** કદી ન પડશો.

જો હમે 'હું પણું' છેકજ ભૂલી ગયા હો તો તો, તે 'હું' ક્‌હારે મુક્ત થશે, અગર કેવી જાતનું સ્વર્ગ હેને મળશે એ મતલબનો વિચાર હમે કરી **શકો જ નહિ.** યાદ રાખજો કે **બધી જાતની** સ્વાર્થી ઇચ્છાઓ **બંધનકારક** છે, પછી ભલેને હમારૂં લક્ષ્ય ગમે તેવું ઉચ્ચ હોય તેથી શું ? અને જ્‌હાં સુધી હમે દરેક પ્રકારની સ્વાર્થી ઇચ્છાઓથી મુક્ત ન થાઓ ત્‌હાં સુધી, **મહાન ગુરૂના** કામમાં હમારૂં ચિત્ત સર્વાંશે લગાડવાને હમે સ્વતંત્ર નથી, એ પણ યાદ રાખજો.

જ્‌હારે 'હું' સંબંધી સઘળી ઇચ્છાઓ જતી રહે, ત્‌હારે પણ હમારા કામનું ફળ જોવાની તો ઇચ્છા રહેવા પામે ખરી. હમે કોઇને મદદ કરોછો ત્‌હારે હમે એટલું તો જોવા ઇચ્છોછો જ કે તેથી તે સખસને કેટલો લાભ થયો ? કદાચ હમે એમ પણ ઇચ્છોછો કે મદદ લેનાર સખસ હમારા વડે હેને થયેલો ફાયદો જાણવા પામે અને મનથી હમારો આભાર માને. અરે આ પણ 'ઇચ્છા' જ છે અને 'કર્મના અચળ નિયમ'માં શ્રદ્ધા ન હોવાનું જ એ પરિણામ છે. જ્‌હારે પણ હમે કોઇને મદદ કરવા માટે હમારૂં બળ વાપરોછો ત્‌હારે ત્‌હારે હેનું કાંઇ નહિ ને કાંઇ પરિણામ તો અવશ્ય આવેછે જ; તે પરિણામ હમે જોઈ શકો અગર કદાચ

પણ જોઇ શકો છતાં પરિણામ તો આવવાનું જ. જો ત્હમે ઇશ્વરી કાનુનને જાણતા હો તો આમ બનવું જ જોઇએ એ પણ ત્હમારા જાણવામાં જ હોય. માટે બદલાની આશા સિવાય, સારાને ખાતર સારૂં ત્હમારે કરવું જોઇએ. ફળ મેળવવાની આશાથી નહી પણ કામને ખાતર ત્હમારે કામ કરવું જોઇએ. ત્હમારે જગતની સેવામાં ત્હમારી જાતને અર્પણ કરવી જોઇએ; એટલા ખાતર કે ત્હમે જગસેવાને ચાહો છો અને ત્હમારી વ્હાલી જગતાવાને ત્હમારી જાત અર્પણ કર્યા સિવાય ત્હમારાથી રહી શકાતું જ નથી.

સિદ્ધિઓની આકાંક્ષા રાખતા નહિ. જ્યારે મહાન ગુરૂને જણાશે કે 'હવે તો આ મનુષ્યને સિદ્ધિ મળશે તો તેથી ત્હેને લાભ જ થશે' તે વખતે સિદ્ધિઓ જરૂર ત્હમને આવી મળશે. તે વખત પહેલાં તે પ્રાપ્ત કરવા મથવું એ તો સંકટ માગી લેવા બરાબર જ છે. ઘણી વાર આવી સિદ્ધિઓ ધરાવનાર પુરૂષ હલકાં સત્વોથી અથવા ઠગારાં ભૂતોથી ખોટે માર્ગે દોરવાઇ જાય છે, અથવા તો પોતે અભિમાની બનેછે, અને 'મ્હારી ભૂલ થાય જ નહિ' એમ માની બેસેછે. આ અથવા બીજું ગમે તે પરિણામ આવે તો પણ એટલું તો ખરૂં જ કે બીજાઓની સેવામાં વાપરવા લાયક સમય તથા બળનો તેઓ ભોગ લે છે એ પણ કાંઇ થોડું શા ( નથી. હા, ત્હમે જેમ જેમ ઉન્નત થતા જશો એટલે કે ત્હમારી આંતરિક શક્તિઓ જેમ જેમ ખીલતી જશે તેમ તેમ તે સિદ્ધિઓ ત્હમને એક પછી એક આપોઆપ મળવા માંડશે; જરૂર તે આપોઆપ ત્હમારી બનશે. એટલું જ નહિ પણ જો મહાન ગુરૂને એમ જણાય કે ત્હમને સિદ્ધિઓ જલદી મળે એ હિતકારક છે તો તે સિદ્ધિઓ નિર્ભયરીતે કેમ ખીલવી શકાય તે સર્વ તે ગરૂ ત્હમને સમજાવશે. એવો વખત આવતાં સુધી તો ત્હમે સિદ્ધિઓ વગર જ રહે. એ ત્હમારે માટે વધારે સલામતીભરેલું છે.

દરરોજના જીવનવ્યવહારમાં જે અનેક ન્હાની ન્હાની ઇચ્છાઓ ઉત્પન્ન થતી જોવામાં આવે છે તેવી ઇચ્છાઓથી ત્હમે સાવધાન રહેજો. દાખલા તરીકે ત્હમારો ભભકો દેખાડવાને અથવા તો હોશિયાર ગણાવાને કદાપિ ઇચ્છતા નહિ. બોલબોલ કરવાની ઇચ્છા કરતા નહિ. જેમ બને તેમ થોડું બોલવું તેમાં જ સાર છે. જે કાંઇ ત્હમે કહેવા ઇચ્છતા હો તે સત્ય, પ્રિય, અને સાહાયકારી છે એવી ત્હમારી પૂરેપૂરી ખાત્રી થાય ત્હાં સુધી મૌન ધરવું એ જ શ્રેષ્ઠ છે. કંઇ

પણ બોલતાં પહેલાં આટલો વિચાર - બરાબર કાળજીપૂર્વક કરજો કે "હું જે બોલવા ઇચ્છું છું ત્હેમાં સત્યતા, પ્રિયતા અને સાહાયકારીપણાના ગુણો છે ?" જો તે ત્રણ તત્ત્વ ન હોય તો મુદ્દલ બોલતા જ નહિ.

બોલતાં પહેલાં કાળજીપૂર્વક વિચાર કરવાની ટેવ **અત્યારથીજ** પાડવી એ ઘણું સારૂં છે; કારણ કે જ્યહારે ત્હમે 'દીક્ષા'ની દશાએ* પહોંચશો ત્હારે ત્હમારે દરેક શબ્દ ઉપર ચોકી રાખવી પડશે, નહિ તો કદાપિ ન કહેવા જેવી વાત ત્હમારાથી બોલાઇ જશે. સામાન્ય રીતે જે વાતચીત કરવામાં આવેછે. ત્હેમાંની ઘણીખરી તો નકામી જ અને મૂર્ખાઇભરેલી હોયછે અને વળી જો એ વાતચીત પરનિંદાની ગપસપ હોય છે ત્હારે તો માત્ર મૂર્ખાઇભરેલી જ નહિ પણ દુષ્ટતાભરેલી હોયછે. માટે વાત **કહેવા** કરતાં વાત **સાંભળવાની** ટેવ પાડો. જ્યહાં સુધી ત્હમારો અભિપ્રાય સીધી રીતે પૂછવામાં ન આવે ત્હાં સુધી અભિપ્રાય રજુ કરતા જ નહિ. મુમુક્ષુના ગુણોની એક વ્યાખ્યા આ પ્રમાણે છેઃ **જાણવું, હિમ્મત ધરવી, દૃઢ સંકલ્પ કરવો અને મૌન રહેવું.** આ ચારમાંનો છેલ્લો ગુણ સૌથી વધારે કઠીન છે.

બીજી પણ એક ઇચ્છા કે જે ઘણી સામાન્ય જોવામાં આવે છે અને જેને ત્હમારે સખ્તાઇથી દાબી દેવી જોઇએછે તે, **બીજાઓના કામમાં માથું મારવાની** ઇચ્છા છે. બીજો મનુષ્ય શું કરે છે, શું કહેછે અથવા શું માનેછે ત્હેની સાથે ત્હમારે કશો સંબંધ નથી; અને તે વિષે છેક તટસ્થ રહેતાં ત્હમારે શિખવું જોઇએ. જ્યહાં સુધી તે માણસ બીજા મનુષ્યની વચ્ચમાં ન આવે ત્હાં સુધી **સ્વતંત્ર** વિચાર કરવાને, સ્વતંત્ર શબ્દો બોલવાને અને સ્વતંત્ર કાર્ય કરવાને ત્હેને સંપૂર્ણ હક્ક છે. "મ્હને જે યોગ્ય લાગે તે કરવાની મ્હને સ્વતંત્રતા છે" એવો હક્ક ત્હમે **પોતેજ** માગો છો, તો પછી ત્હમારે **બીજાને પણ** તેટલી જ સ્વતંત્રતા ભોગવવા દેવી જોઇએ; અને જ્યહારે તે બીજો સખસ તે સ્વતંત્રતાનો ઉપભોગ કરતો હોય ત્હારે ત્હેને વિષે વાત કરવાનો ત્હમને કશો હક્ક નથી. જો ત્હમને એમ લાગતું હોય કે તે ખોટું કરે છે, અને જો ત્હમે સભ્યતાથી અને ખાનગી રીતે ત્હમારા વિચારો ત્હેને દર્શાવવાનો પ્રસંગ લેઈ શકો તો ત્હમે ત્હેને સમજાવી શકો એવો **સંભવ રહે** છે. પણ ઘણીએક બાબતોમાં તો આમ કરવું તે પણ અયોગ્ય રીતે માથું મારવા બરાબર છે.

---

* દીક્ષા–Initiation–શિષ્ય તરીકે સ્વીકાર થવો તે.

ત્હેમાં પણ આટલું બરાબર યાદ રાખજો કે કોઇ પણ કારણસર ત્હમારે ત્રીજા મનુષ્ય પાસે જઇને ત્હેની નિંદા તો ન જ કરવી. કારણ કે તેમ કરવું એ તો ઘણું જ દુષ્ટ કામ છે. જો ત્હમે કોઇ બાળક તરફ અથવા પશુ તરફ ઘાતકીપણું ગુજરાતું જુઓ તો વચ્ચમાં પડવાનો ત્હમારો ધર્મ છે. જો ત્હમે કોઇ પણ મનુષ્યને દેશના કાયદાનો ભંગ કરતો જોવા પામો તો ત્હમારે સત્તાધારી પુરૂષોને ત્હેની ખબર આપવી જોઇએ. જો ત્હમારા હાથ નીચે કોઇ મનુષ્યને શિખવા માટે મૂકવામાં આવ્યો હોય, તો મીઠાશથી ત્હેના દોષ બતાવવા એ ત્હમારૂં કર્ત્તવ્ય છે. આવી બાબતો સિવાય ત્હમારે ત્હમારા કામમાં જ ધ્યાન આપવું અને મૌન ભજવાનો સદ્‌ગુણ ખીલવવો.

## તૃતીય યોગ્યતા.

મહાન ગુરૂના ચરણારવિંદમાં પહોંચવાને જે ચાર યોગ્યતાઓ સંપાદન કરવી જરૂરની છે તે ચારમાંની ત્રીજીનું નામ સદ્વર્તન અથવા શુદ્ધ ચારિત્ર એવું છે. ચારિત્રની બાબતમાં છ સદ્‌ગુણો ખીલવવા જરૂરના છે, જેમનાં નામ* મહાન ગુરૂએ આ પ્રમાણે આપ્યાં છેઃ—

૧. માનસિક આત્મસંયમ.
૨. કાયીક આત્મસંયમ.
૩. પરમતસહિષ્ણુતા.
૪. ખુશમીજાજ.
૫. એકાગ્રતા.
૬. શ્રદ્ધા.

( આ વાત મ્હારા જાણવા બહાર નથી કે અગાઉ કહેલી ચાર યોગ્યતાઓને કેટલાકો જુદાં નામથી ઓળખાવે છે તેમ આ છ સદ્‌ગુણોને પણ કેટલાકો જૂદાં નામો આપે છે; પરંતુ મ્હને તો મહાન ગુરૂએ આ બધું સમજાવતી વખતે જે નામો કહેલાં તે જ નામો હું અહીં વાપરૂંછું, )

(૧) મન સંબંધી આત્મસંયમ—વૈરાગનો ગુણ આપણને શિખવે છે કે ' વાસના શરીર ' ને કાબુમાં રાખવું જોઇએ. આ ગુણ આપણને

---

* આ છની અંગ્રેજીમાં Self-control as to the mind, Self-control in Action, Tolerance, Cheerfulness, One-pointedness, Confidence એવાં નામ અનુક્રમે આપેલાં છે.

'માનસિક શરીર' વશ કરવાને જણાવે છે. ત્હમારે ત્હમારા મગજ ઉપર કાબુ રાખવો જોઇએ, કે જેથી કરીને ત્હમે ક્રોધે ન ભરાઓ કે અધીરા ન બનો. તેમજ ત્હમારે મનપર પણ કાબુ રાખવો જોઇએ, કે જેથી કરીને ત્હમારા વિચારો શાંત અને ઉદ્વેગ વગરના બને. અને મનના સંયમ દ્વારા ત્હમારે જ્ઞાનતંતુઓ ઉપર પણ કાબુ મેળવવો જોઇએ, કે જેથી કરીને તે જેમ બને તેમ ઓછાં ઉશ્કેરાઇ જાય. આ જ્ઞાનતંતુઓ ઉપર કાબુ મેળવવો ઘણો મુશ્કેલ છે; કારણ કે જ્યહારે ત્હમે માર્ગમાં પ્રવેશ કરવાને તૈયારીઓ કરોછો, ત્યહારે ત્હમારા શરીરને વધારે લાગણી-(સૂક્ષ્મ ધ્રુજરીઓ ગ્રહણ કરવાને અનુકૂળ—આળું-સુંવાળું) બનાવ્યા સિવાય ત્હમને ચાલશેજ નહિ. અને શરીર વધારે લાગણીવાળું થવાથી ત્હમારાં જ્ઞાનતંતુઓ ન્હાના સરખા અવાજથી કે ધ્રાસકાથી એકદમ સંક્ષોભ પામશે અને તેનું દબાણ ત્હમારાપર ભારે થશે. પરન્તુ બનતો પુરૂષાર્થ કરવાથી સઘળી મુસ્કેલી દૂર થશે.

'શાન્ત મન' એ શબ્દમાં 'હિમત' અથવા 'ધૈર્ય' નો સમાવેશ થાયછે. પવિત્ર માર્ગે વિચરતાં જે કસોટીઓ અને સંકટ સતાવવા આવેછે ત્હેમના સામે નિર્ભય રીતે ટક્કર ઝીલવામાં આ હિમત કામ લાગેછે.

'શાન્ત મન' એ શબ્દમાં વળી 'સ્થિરતા' નો પણ સમાવેશ થાયછે. દરરોજના જીવનપ્રસંગમાં આવતી અડચણોને, આ 'સ્થિરતા' વડે ત્હમે નજીવી ગણતાં શિખી શકશો, અને જે ન્હાની ન્હાની બાબતોની ચિંતાઓમાં પડીને મનુષ્યો પોતાનો ઘણોખરો વખત ગુમાવે છે તેવી ચિંતાઓથી ત્હમે દૂર રહી શકશો.

મહાન ગુરૂ શિખવે છે કે "ત્હારે માથે બહારથી જે કાંઇ બને છે તે કશાની દરકાર કરતો નહિ. દિલગીરી, મુશીબત, માંદગી કે નુકસાન એ સર્વને નિર્માલ્ય ગણજે અને ત્હારા મનની શાન્તિમાં ત્હેમને બીવે ભંગાણ પડવા દઇશ નહિ. એ સર્વ પૂર્વકૃત કર્મનાં પરિણામ અથવા ફળ છે, અને જ્યહારે તે આવી પડે ત્યહારે ખુશમીજાજથી તે સહન કરવાં જોઇએ તથા યાદ રાખવું જોઇએ કે સઘળું દુઃખ ક્ષણભંગુર છે અને ત્હારો ધર્મ તો નિરંતર આનંદી અને શાન્ત રહેવાનો જ છે."

મુશીબત, માંદગી કે નુકશાન એ સર્વ ત્હમારા પૂર્વ ભવને લગતી બાબતો છે; આ ભવને લગતી નથી. ત્હમે ત્હેને બદલી શકવાના નથીજ; માટે તે સંબંધી

ચિંતાયુક્ત વિચાર કરવો તે નિરર્થક છે. હાલ તો માત્ર એટલોજ વિચાર કરો કેઃ "હું **હાલ શું** કરૂંછું ?" કારણ કે **હાલના** કૃત્ય ઉપર ત્હમારી **બીજી** જીંદગીના બનાવોનો આધાર છે, **તે** તો ત્હમે બદલવાને શક્તિમાન છો.

કોઈ પણ વખતે ઉદાસી કે દિલગીરીને વશ થતા નહિ. ઉદાસી ખોટી છે; કારણ કે તે ચેપી રોગની માફક બીજાને પણ અસર કરેછે, અને આ રીતે બીજાનું જીવન વધારે કષ્ટમય બનાવે છે, કે જેમ કરવાનો ત્હમને કશો અધિકાર નથી. માટે જો કદાચ ઉદાસી ત્હમારાપર આવી પડે તો ત્હમે ત્હેને તરતજ દૂર ફેંકી દેજો.

હજી એક બીજી રીતે ત્હમારા વિચારોને કાબુમાં રાખવા જોઇએ. **ત્હમારે વિચારોને ભટકવા દેવા નહિ.** ત્હમે જે કાંઈ કામ કરતા હો તે ઉપર ત્હમારૂં ચિત્ત બરાબર ચ્હોંટાડો, કે જેથી કરીને તે સંપૂર્ણ રીતે થાય.

ત્હમારા મનને **નકામું** પણ બેસી રહેવા દેશો નહિ, પણ ત્હેની પાછળ નિરંતર સારા વિચારો રાખ્યા કરો, કે જેથી જ્યહારે પણ ત્હમારા મનને અવકાશ હોય ત્યહારે પેલા વિચારો બ્હાર નીકળી આવે.

ત્હમારી વિચારશક્તિને દરરોજ સારાં કામમાં વાપરો; વિશ્વની ઉત્ક્રાન્તિના રસ્તે એક શક્તિ તરીકે ત્હમારે કામ કરવું જોઇએ.

કોઇ માણસ દુઃખમાં, દીલગીરીમાં કે મદદની જરૂર પડે એવી સ્થિતિમાં આવેલો છે એમ ત્હમારા જાણવામાં આવે તેવા કોઇ મનુષ્ય સંબંધે દરરોજ વિચાર કરો અને વિચાર દ્વારા એના ઉપર પ્રેમનો પ્રવાહ વહેવડાવો.

ત્હમારા મનને ગર્વથી પાછું ખેંચી લ્યો; કારણ કે ગર્વ અજ્ઞાનથી જ ઉદ્ભવે છે. જે મનુષ્યને જ્ઞાન નથી તે પોતાને મહાન સમજે છે અથવા તો પોતે આ કે પેલું મ્હોટું કામ કર્યું એમ વિચારે છે. જ્ઞાની મનુષ્ય વિચારે છે કે ફક્ત પરમાત્મા જ મહાન્ છે અને સઘળાં સારાં કામ ત્હેનાથી જ થાયછે.

(૨) **કાર્યમાં આત્મસંયમઃ**—ત્હમારા વિચાર જેવા **જોઇએ તેવાજ** હોય તો ત્હમને ત્હમારા કામમાં મુદ્દલ અડચણ પડશે નહિ. પણ આ સ્થળે યાદ રાખવું જરૂરનું છે કે મનુષ્ય જાતિનું ભલું કરવાને માટે, **વિચાર કરીનેજ ન બેસી** રહેતાં તે વિચારને પરિણામે **કાર્ય** પણ થવું જોઇએ. સારા કામમાં સુસ્તી કે પ્રમાદ નહિ કરતાં નિરંતર **મંડયા રહેવું** જોઇએ.

ત્હમારે માત્ર ત્હમારી **પોતાની** જ ફરજ બજાવવી જોઇએ; બીજા કોઈની ફરજ ત્હેની રજા સિવાય અને ત્હેને મદદ કરવાના હેતુ સિવાય કદી બજાવવી નહિ. દરેક મનુષ્યને ત્હેની મેળે અને ત્હેની પોતાની રીતે ત્હેનું કામ કરવા દો.

જ્યહાં ત્હમારી મદદની જરૂર પડે ત્યહાં તે આપવા તૈયાર રહેજો પણ કદાપિ બીજાના કામમાં માથું મારતા નહિ.

"પોતાના જ કામમાં ચિત્ત રાખવું (અને બીજાના કામમાં માથું નહિ મારવું)" એ પાઠ શિખવો ઘણા માણસોને અતિ મુશ્કેલ લાગેછે. પણ એ પાઠ ત્હમારે તો બરાબર શીખવો જ પડશે.

ત્હમે એકાદ ઉચ્ચ **કર્ત્તવ્ય** કરવાનું માથે લો, તેથી કાંઇ ત્હમારાં **સામાન્ય** કર્ત્તવ્ય ભૂલી જવાનો ત્હમને હક્ક મળતો નથી. જ્યહાં સુધી તે ન કરવામાં આવે ત્યહાં સુધી બીજી ફરજો બજાવવાને ત્હમને સ્વતંત્રતા નથી. ત્હમારે કોઈ પણ **નવી** સાંસારિક ફરજો માથે લેવી નહિ; પણ જે ત્હમે **અત્યાર પહેલાં** માથે લીધી હોય તે તો ત્હમારે પૂરીપૂરી રીતે અદા કરવી જ જોઇએ. જે ફરજો ત્હમને સ્પષ્ટ રીતે વાજબી અને 'ફરજ' રૂપે જ લાગતી હોય તેવી ફરજો (નહિ કે બીજાઓએ ત્હમારે માથે મુકેલી કાલ્પનિક ફરજો) ત્હમારે પૂરેપૂરી અદા કરવી જોઇએ. જો ત્હમારે મહાન ગુરૂના શિષ્ય જ બનવું હોય તો, ત્હમારાં દરરોજનાં સામાન્ય કામો બીજા મનુષ્યો કરતાં પણ વધારે સારી રીતે બજાવી બતાવો; નહિ કે બીજાઓ કરતાં ખરાબ રીતે. એવાં સામાન્ય કામો પણ ત્હમારે તો મહાન ગુરૂની ખાતર જ કરવાનાં છે.

(૩) **પરમતસહિષ્ણુતાઃ**—ત્હમારે સર્વ તરફ સંપૂર્ણ સહિષ્ણુતા દાખવવા જોઇએ અને ત્હમારા પોતાના ધર્મના જેટલો જ બીજા ધર્મના મનુષ્યોની માન્યતાઓમાં પણ ત્હમારે અંતઃકરણપૂર્વક ભાગ લેવો જોઇએ; કારણ કે તેઓનો ધર્મ પણ ત્હમારા ધર્મની માફક ઉચ્ચ પદ મેળવવાનો માર્ગ છે; અને ત્હમે સઘળાને મદદ કરવાને શક્તિમાન થાઓ એટલા માટે સઘળાઓનો સ્વભાવ ત્હમારે જાણવો જોઇએ.

પણ આવી ઉચ્ચ પરમતસહિષ્ણુતા મેળવવાને માટે ત્હમારે પ્રથમ તો ધર્માંધપણાથી અને વ્હેમથી મુક્ત થવું જોઇએ. ત્હમારે શિખવું જોઇએ કે ધર્મની બાહ્ય વિધિઓ અથવા બાહ્ય ક્રિયાઓ જરૂરની નથી;

નહિ તો જે મનુષ્ય તેની ક્રિયાઓ નહિ કરતો હોય હેના કરતાં કાંઇપણ રીતે હમે પોતાની જાતને વધારે ઉચ્ચ ગણુશો. જો કે બાહ્ય વિધિઓથી હમારે દૂર રહેવાનું છે તથાપિ જે લોકો એવી ક્રિયાને હજી વળગી રહેતા હોય હેમને ધિક્કારવાનો હમને હક નથી. હેમને હેમની ઇચ્છા પ્રમાણે વર્તવા દો, હમારે માત્ર એટલુંજ જોવાનું છે કે હમે કે જેઓ સત્યને જાણો છો હેમની વચ્ચમાં તેઓ માથું ન મારે અને જે સ્થિતિ હમે પસાર કરી ગયાછે તે સ્થિતિ તરફ તેઓ હમને જોરથી પાછા ન ધકકેલે એટલુંજ માત્ર હમારે સાચવવાનું છે. દરેક બાબતમાં નમતી દોરી મેલતાં શિખો; બધા તરફ માયાળુ રીતે વર્તો.

હવે હમારી આંખો ઉઘડી છે, તેથી કરીને હમારી કેટલીક જૂની માન્યતાઓ, હમારી જૂની ક્રિયાઓ હમને મૂર્ખાઇભરેલી ભાસશે. ખરેખર તેઓ પૈકી કેટલીક તો છે જ એવી, અને જો કે હવે હમે હેમાં ભાગ લેઇ શકો નહિ, છતાં જે ભલા આત્માઓને તે ક્રિયાઓ હજી જરૂરના લાગે છે હેમને સારૂ હેને માન આપો. તેઓને પણ ( આ વિશ્વમાં ) સ્થાન છે; તેઓનો પણ ઉપયોગ છે. તમે તમારી મેળે સારી રીતે અને છૂટે હાથે લખતાં શિખ્યા ત્હાં સુધી જે બે લીંટીઓએ હમારી બાળક અવસ્થામાં હમને સીધું અને બરાબર લખતાં શિખવ્યું હતું તે બે લીંટીઓ જેવીજ આ ક્રિયાઓ છે. એક વખત એવો પણ હતો કે જ્યારે હમને તે જરૂરની લાગતી હતી; પણ હવે તે વખત વીતી ગયોછે.

એક મહાન ગુરૂએ એક વખત લખ્યુંછે કે "જ્યારે હું બાળક હતો ત્હારે હું બાળક માફક બોલતો, બાળકની માફક સમજતો, અને બાળકની માફક વિચારતો; પણ જ્યારે હું મ્હોટો મરદ થયો ત્હારે મ્હેં બાલક્રિડા છોડી દીધી." પરન્તુ પોતાની બાલ્યાવસ્થા ભૂલી ગયો હોય એવો કોઇ સખસ બાળકો તરફની દિલસોજી પણ ભૂલી જાય તો તેવો સખસ બાળકોને શિખવી કે મદદ કરી શકે નહિ જ. માટે બૌદ્ધ શું કે હિંદુ શું, જૈન શું કે યાહુદી શું, ખ્રીસ્તી શું કે મુસલમાન શું, સઘળા તરફ માયાળુ, પ્રેમી અને સહિષ્ણુતામય દ્રષ્ટિથી જોતાં શિખો.

(૪) **આનંદ—ખુશમીજાજ**:—હમારે હમારૂં કર્મ—તે ગમે તેવું હોય તો પણ—આનંદપૂર્વક સહન કરવું જોઇએ. હમારા ઉપર દુઃખ આવે એ તો હમને એક માન મળ્યા બરાબર ગણવું જોઇએ; કારણ કે દુઃખ જણાવે છે કે કર્મના દેવો હમને મદદ કરવા લાયક ગણેછે. તે

દુઃખ ગમે તેવું ભારે હોય તો પણ સંતોષ માનજો કે એટલેથીજ પત્યું અને એથી વધારે ભારે દુઃખ ન આવ્યું. યાદ રાખજો કે જ્યહાં સુધી ત્હમારા ખરાબ કર્મનો 'ક્ષય' કે 'ઉપશમ' ન થાય અને ત્હમે છુટા ન થાઓ ત્યહાં સુધી. મહાન ગુરૂને ત્હમે બહુજ થોડા મદદગાર થઇ શકશો. ત્હમે ત્હમારી જાત મહાન ગુરૂને અર્પણ કરીને ત્હમારૂં કર્મ જલદીથી ક્ષય પામે એવું માગી લીધું છે, અને આથી કરીને જે કર્મ અન્યથા એકસો જીંદગીએ પૂરૂં થાત તે કર્મ ત્હમે એક કે બે જીંદગીમાં ભોગવી લ્યો છો. પણ આ સ્થિતિનું સારૂં પરિણામ લાવવાને ત્હમારે તે **આનંદપૂર્વક** અને **ખુશીથી** સહન કરવું જોઇએ.

વળી એક બીજો મુદ્દો ધ્યાનમાં રાખો. 'કોઇ પણ વસ્તુ મ્હારી છે' એ લાગણીને સર્વથા છોડી દો. કર્મ બહુ કરશે તો ત્હમારી વ્હાલામાં વ્હાલી ચીજ અથવા ત્હમારા વ્હાલામાં વ્હાલા મનુષ્યને ત્હમારી પાસેથી ઉપાડી લેશે; પરન્તુ તે વખતે પણ ત્હમારે **આનંદી** રહેવું જોઇએ, હરકોઇ વસ્તુથી છૂટા પડવાને ત્હમારે તત્પર રહેવું જોઇએ. ઘણીવાર મહાન ગુરૂ પોતાનું બળ પોતાના શિષ્યદ્વારા બીજામાં ઉતારવાની જરૂર જુએછે; હવે જો તે શિષ્ય ઉદાસીને આધીન હોય તો મહાન ગુરૂનું તે કામ થઇ શકતું નથી. માટે નિયમીત રીતે આનંદી સ્વભાવ રાખવો જોઇએ.

(૫) **એકાગ્રતાઃ**—ત્હમારી દૃષ્ટિ આગળ આ એક બાબતને હમેશાં ધરી રાખજો કે " મહાન ગુરૂનું કામ મ્હારે કરવાનું છે. " ત્હમારે બીજું ગમે તે કામ કરવાનું આવી પડે તે છતાં આ તો ત્હમારે કદી પણ ભૂલવું નહિ. ખરૂં જોતાં તો ત્હમારે બીજું કાંઇ પણ કામ કરવાનું આવી પડે જ નહિ; કારણ કે બીજાને મદદ કરવાનું અને નિઃસ્વાર્થી એવું તમામ કામ એ મહાન ગુરૂનું જ કામ છે અને ત્હેમના ખાતર જ તે કરવાનું છે. ત્હમે જે જે કામ કરો તે કામમાં સંપૂર્ણ લક્ષ આપો, કે જેથી કરીને ત્હમારાથી બની શકે તેટલું ઉત્તમ તે થવા પામે. તેજ મહાન ગુરૂએ એક વખત લખ્યું હતું કેઃ—

" ત્હમે જે કાંઇ કામ કરો તે મહાન ગુરૂને માટે કરોછો એમ સમજીને અંતઃકરણપૂર્વક કરો; **માણસ** માટે કરોછો એમ સમજીને કરશો નહિ."

ત્હમારૂં કામ તપાસવાને મહાન ગુરૂ પોતે હમણાં જ આવવાના છે એમ ત્હમને માલુમ હોય તો તે કામ કેવી રીતે ત્હમે કરો તે વિચારો અને—

એમ સમજીને જ ત્હમારે સઘળું કામ કરવું જોઇએ. જેઓ વધારે જ્ઞાન ધરાવે છે તેઓ જ ઉપરનાં વાક્યનો શો અર્થ છે, તે બરાબર સમજશે. અને તે કરતાં પણ એક વધારે જૂનું વચનામૃત છે કેઃ—

" ત્હારા હાથને જે કાંઇ કરવાનું મળી આવે તે સર્વ ત્હારા સઘળા બળથી કરજે. "

એકાગ્રતાના ગુણમાં આ વાતનો પણ સમાવેશ થાયછે કે જે માર્ગમાં ત્હમે દાખલ થયાછો તે માર્ગમાંથી કોઇ પણ કારણે, એક પળ પણ ત્હમારે ખસવું નહિ. કોઇ પણ પ્રકારની લાલચ, કોઇ પણ પ્રકારનું સાંસારિક સુખ, અને કોઇ પણ સાંસારિક રાગને લીધે ત્હમારે ત્હમારા માર્ગથી ડગવું નહિ.

ત્હમારે જાતે તે માર્ગની સાથે એકરૂપ (તન્મય) થઇ જવું જોઇએ. આ ગુણ એટલે બધે દરજ્જે ત્હમારા સ્વભાવરૂપ થઇ જવો જોઇએ કે 'હું માર્ગ ચાલું છું' એવો વિચાર કરવાની જરૂર પડ્યા સિવાય પણ ત્હમે તેજ માર્ગે ( સ્વભાવથીજ ) ચાલ્યા જાઓ અને ત્હેનાથી જરા પણ દૂર ત્હમારાથી ખસી શકાયજ નહિ.

ત્હમે—એક આત્માએ આ નિશ્ચય કર્યો છે, અને હવે ત્હેનાથી દૂર ભાગવું તે ત્હમારા આત્માથી દૂર ભાગવા સમાન છે.

(૬) શ્રદ્ધાઃ—ત્હમારે ત્હમારા મહાન ગુરૂમાં શ્રદ્ધા રાખવી જોઇએ; તેમજ ત્હમારા પોતામાં પણ શ્રદ્ધા રાખવી જોઇએ. જો ત્હમે ગુરૂદેવને એકવાર જોવા પામ્યા હશો તો તો અનેક જન્મો સુધી ત્હેમનામાં સંપૂર્ણ શ્રદ્ધા ત્હમે રાખશોજ. પણ જો ત્હમે ત્હેમને ન જ જોયા હોય તો ત્હમારે ત્હેમનો સાક્ષાત્કાર થાય એવો પ્રયત્ન કરવો જોઇએ, અને ત્હેમના પર શ્રદ્ધા રાખવી જોઇએ. તેમ ન કરો તો એવા ગુરૂ પણ ત્હમને મદદ કરી શકે નહિ. જ્યહાં સુધી પૂર્ણ શ્રદ્ધા ન હોય ત્યહાં સુધી પ્રેમ અને બળનો પૂર્ણ પ્રવાહ ( ગુરૂદેવ તરફથી શિષ્ય તરફ ) વહી શકે જ નહિ.

ત્હમારા આત્મામાં પણ ત્હમારે પૂર્ણ વિશ્વાસ રાખવો જોઇએ. શું ત્હમે એમ કહોછો કે "હું મ્હારા આત્માને સંપૂર્ણ રીતે ઓળખું છું ?" ખરેખર જો ત્હમને એમજ લાગતું હોય તો જાણજો કે ત્હમે ત્હમારા આત્માને ઓળખતા જ નથી. ત્હમે તો ફક્ત નબળું બહારનું ફોતરું કે જે કાદવમાં ડુબી ગયું છે ત્હેને ઓળખોછો. પણ ત્હમે—ખાસ ત્હમે—તો ઇશ્વરી અગ્નિના કિરણ રૂપ છો; અને પરમાત્મા કે જે સર્વશક્તિમાન છે તે

ત્હમારામાં છે; અને આ કારણથી જ હું કહુંછું કે જગતમાં એવું કાંઇ છે જ નહિ કે જે દૃઢ નિશ્ચયવાળા એવા ત્હમને અશક્ય લાગે. ત્હમારા આત્માને આ પ્રમાણે કહો: "જે એક મનુષ્યે કર્યું છે, તે બીજો પણ કરી શકશે. હું એક મનુષ્ય છું; પણ મનુષ્યમાં રહેલા ઈશ્વર રૂપે છું. હું આ કામ કરી શકીશ અને હું તે કરીશ જ." કારણ કે જો ત્હમે મહાન ગુરુના માર્ગપર ચાલવા ઇચ્છતા હો તો ત્હમારી ઇચ્છાશક્તિને, પાયેલા ગજવેલ જેવી (અર્થાત્ વાળી વળે નહિ એવી) દૃઢ બનાવવી જોઇએ.

# ચતુર્થ યોગ્યતા.

સઘળાં સાધનોમાં અગર સઘળી યોગ્યતાઓમાં પહેલે નંબરે 'પ્રેમ' બીરાજે છે; કારણકે જો મનુષ્યમાં એક પ્રેમનો જ ગુણ જોઇએ તેટલો બળવાન હોય તો તે બીજા સદ્ગુણો મેળવવાને ત્હેને પ્રેરેછે. બીજા હાથ ઉપર જોઇએ તો પ્રેમ સિવાયના બીજા બધા ગુણો મેળવ્યા હોય તો પણ તેટલેથી કામ ચાલશે નહિ. આ ચોથા સાધનને ઘણીવાર જન્મમરણનાં ચક્રમાંથી છુટા થવાની અને પરમાત્મા સાથે એક થવાની પ્રબળ ઈચ્છા તરીકે ઓળખાવવામાં આવે છે. પણ આ રીતે એનો અર્થ કરવો એ સ્વાર્થ-સાધક છે; કારણ કે ત્હેમાં તે શબ્દનો પૂરેપૂરો અર્થ આવી જતો નથી.

પ્રેમ એ એવી કોઇ પ્રકારની ઇચ્છા નથી, પણ એ તો અંતરનો ઠરાવ, ચોક્કસ નિશ્ચય જ છે. પ્રેમનું પરિણામ ત્યારેજ દેખાય કે જ્યારે ત્હમે તે નિશ્ચયથી ત્હમારા પંડને પુરેપુરો રંગો, જ્યારે ત્હમે એટલા બધા તન્મય બની જાઓ કે જેથી ત્હમારામાં બીજી કોઇ પણ લાગણીને વાસ્તે અવકાશ-જ રહેવા પામે નહિ. પ્રેમ એ અલબત પરમાત્મા સાથે એકરૂપ થવાનો દૃઢ સંકલ્પ છે, પણ ત્હેમાં એવો આશય નથી હોતો કે 'એમ કરવાથી હું દુ:ખ અને ઉપાધિમાંથી છૂટું'; પરન્તુ પરમાત્મા તરફના સ્વાભાવિક આકર્ષણને લીધે ત્હમે ત્હેનાથી એકરૂપ બનો અને ત્હેની માફકજ વર્તો એજ આશય 'પ્રેમ'માં હોય છે. પરમાત્મા પોતે પ્રેમ સ્વરૂપ જ છે; માટે જો ત્હેનાથી એકરૂપ બનવા ત્હમે ચાહતા હો તો ત્હમારે સમ્પૂર્ણ નિ:સ્વાર્થતા અને સમ્પૂર્ણ પ્રેમથી ભરપુર બનવું જોઇએ.

દરરોજના જીવનવ્યવહારમાં આ પ્રેમ બે રીતે અમલમાં મુકાયછે. (૧) જેનામાં 'પ્રેમ' છે તે કોઇ પણ જીવને ઇજા ન થાય એવી સંભાળ રાખે છે (૨) જેનામાં 'પ્રેમ' છે તે મનુષ્ય બીજાને સ્હાયભૂત થવાના પ્રસંગની નિરંતર શોધમાં રહે છે. આ બે રીતે પ્રેમનું પ્રકટીકરણ થાયછે અર્થાત્ એ બે સ્વરૂપમાં 'પ્રેમ' દર્શન દેછે.

પ્રથમ કોઇને ઇજા નહિ કરવા વિષે. આ જગતમાં બીજાં બધાં પાપો કરતાં વધારે નુકશાન કરનારાં ૩ જાતનાં પાપો છે, જેમનાં નામ **પરનિંદા, ઘાતકીપણું** અને **વ્હેમ** એવાં છે. એમાં શ્રેષ્ટ એવી 'પ્રેમ' ભાવનાની વિરૂદ્ધનો ગુણ હોવાથી તે પાપોને સૌથી વધારે નુકશાન કરનારાં પાપ કહ્યાં છે. જે મનુષ્ય ઈશ્વરી પ્રેમથી પોતાનું હૃદય ભરવા માગે છે તેણે આ ત્રણ **પાપોથી નિરંતર** ચેતતા રહેવું જોઇએ. પરનિંદાથી શું શું થાય છે તે જુઓ. નિંદાના શ્રીગણેશાયનમઃ માંજ '**ખરાબ વિચાર**' આવેછે અને તે તો એક જબરૂં પાપ છે; કારણ કે દરેક મનુષ્યમાં અને દરેક ચીજમાં કાંઈ નહિ ને કાંઇક ગુણ અવશ્ય હોય છે, તેમજ દરેક મનુષ્યમાં અને દરેક ચીજમાં કાંઇક અવગુણ પણ અવશ્ય હોય છે. આ બેમાંથી જેનો આપણે વિચાર કરીએ ત્હેને ( આપણા વિચારથી ) પુષ્ટિ મળે છે. અને આ રીતે **ઉન્નતિક્રમને** આપણે સ્હાય કે અવરોધ કરીએ છીએ.

જ્યહારે ત્હમે કોઇ માણસના અવગુણનો વિચાર કરોછો ત્યહાં તે વિચારદ્વારા ત્હમે ત્રણ ઘાતકી કામો કરોછોઃ—

(૧) અવગુણના વિચારથી ત્હમારી આસપાસનું (પડોશનું) વાતાવરણ ભરાઈ જાયછે; તેથી એટલે અંશે ત્હમે જગતના દુઃખમાં ઉમેરો કરોછો.

(૨) એક મનુષ્યમાં અમુક અવગુણ (અશુભ તત્વ) છે એમ ત્હમે માનતા હો અને તે પ્રમાણે અવગુણ **ખરેખર ત્હેનામાં હોય તો પણ** એ બાબતનો વિચાર કરવાથી ત્હમે ત્હેને પુષ્ટી આપોછો; અને આ રીતે ત્હમે ત્હમારા જાતિભાઇને સુધારવાને બદલે ઉલટા વધારે બગાડોછો. પણ ઘણી વાર તો તે અશુભ તત્વ ત્હેનામાં નથીજ હોતું; ફક્ત ત્હમારી કલ્પનાએ તેવું માની લીધેલું હોય છે અને તેથી ત્હમારો દુષ્ટ વિચાર ત્હમારા આ બાંધવને ખરાબ કામ કરવા લલચાવનારો થઈ પડે છે; કારણ કે **જો તે ઉચ્ચ દશાએ પહોંચેલો પુરૂષ ન હોય તો** ત્હમે ત્હેના સંબંધી જેવો વિચાર કર્યો હોય તેવો તે (ત્હમારા વિચારના બળથી) બનવા માંડેછે.

(૩) ત્હમે ત્હમારૂં મન સારાને બદલે નરસા સંબંધી વિચારોથી ભરોછો અને આ રીતે ત્હમે ત્હમારી ઉન્નતિનો અવરોધ કરોછો અને આથી ત્હમારૂં સૂક્ષ્મ શરીર સુંદર અને પ્રિય દેખાવાને બદલે તદ્દન બેડોળ અને દુઃખજનક બનાવોછો. (આંતરચક્ષુવાળા પુરૂષો ત્હમારી તે વિકૃતિ જોઇ પણ શકેછે.)

આ પ્રમાણે નિંદા કરનારને અને જેની નિંદા થઇ હોય ત્હેને આટલું બધું નુકશાન કર્યાથી પોતાને સંતોષ ન વળતો હોય તેમ, **નિંદા પોતાના**

સઘળા જોરથી **બીજાઓને** પોતાના ગુન્હાના ભાગીદાર બનાવવા પ્રયત્ન કરેછે. નિંદા કરનાર પોતાની દુષ્ટ વાત બીજાઓ માની લેશે એમ ધારી બીજાઓ સમક્ષ આતુરતાથી લલકારે છે, અને પરિણામ શું આવે છે ? જે માણસની વાત ચાલતી હોય છે તે કમભાગ્ય મનુષ્ય તરફ તે વાત સાંભળનારા મનુષ્યો પણ ખરાબ વિચારો મોકલવામાં શામેલ થાય છે. આ ક્રિયા હમેશ ચાલ્યા કરેછે અને પરિણામે ત્હેમાં એકાદ નહિ પણ હજારો માણસો જોડાય છે. આ કેવું નીચ અને ઘાતકી પાપ છે ત્હેનો ત્હમને કાંઇ ખ્યાલ હજી આવે છે ? ત્હમારે ત્હેનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ત્હમે કોઇ પણ મનુષ્યનું ભૂંડું બોલશો નહિ. જ્હારે કોઈ સખસ ત્હમારી રૂબરૂમાં બીજા કોઇનું ભૂંડું બોલવા માંડે ત્હારે તે સાંભળવાની ચોખ્ખી ના પાડો અને ત્હેને જણાવો કે :"કદાચ આ વાત ખોટી જ હશે તો ? અને જો ખરીજ હશે તો પણ એ વિષયપર ન બોલવું એ જ વધારે દયામય છે."

હવે ઘાતકીપણા વિષે વિચાર કરીએ. ત્હેના બે પ્રકાર છે. એક જાણી જોઇને કરાતું ઘાતકીપણું અને બીજું અજાણતાં કરાતું ઘાતકીપણું. જાણી જોઇને કરાતું ઘાતકીપણું એટલે બીજા જીવને હેતુપૂર્વક દુઃખ આપવું તે તો મ્હોટામાં મ્હોટું પાપ છે. એ, એક મનુષ્યનું નહિ પણ રાક્ષસનું કામ છે. ત્હમે કહેશો કે આવું કામ તો કોઇ કરેજ નહિ; પણ હું કહું છું કે મનુષ્યોએ વારંવાર એવાં કામ કર્યાં છે અને હાલ પણ કરેછે. થોડાક દાખલા સાંભળોઃ—

રોમન કેથોલિક પંથથી વિરૂદ્ધ મત વિષે ચોકસી કરનારી ઘાતકી ન્યાય સભાએ એવું કામ કર્યું હતું; ઘણાએક ધર્મવાળા પુરૂષોએ ધર્મને નામે તેવાં કામ કર્યાં છે; જીવતાં પ્રાણી ઉપર નિર્દય અખતરા કરી તે દ્વારા વૈદ્યક વિદ્યા ખીલવવા ઇચ્છિનારાઓ હાલ પણ એવું કામ કરેછે; અને ઘણા શિક્ષકો પણ દરરોજ આવાં કામ કરે છે ! આ બધા લોકો "આ તો એક રીવાજ છે" એમ જણાવીને પોતાના ઘાતકીપણાનો બચાવ કરે છે; પણ ઘણા મનુષ્યો અમુક કામ કરે તે ઉપરથી કાંઇ ગુન્હો મટી જતો નથી—ગુન્હાનું ગેરવ્યાજબીપણુ ઓછું થતું નથી. કર્મ રૂઢિની દરકાર રાખતું નથી અને ઘાતકીપણાનુ કર્મ તો સર્વ કરતાં વધારે ભયંકર છે. ભારત વર્ષ એ તો એક એવો દેશ છે કે જ્હાં આવી રૂઢીનો બચાવ થઇ શકે જ નહિ; કારણ કે આ દેશમાં અહિંસાનો ધર્મ સર્વને બરાબર વિદિત છે. જેઓ પરમાત્માના પ્રાણીઓને જાણી જોઇને

મારવા જાય છે, અને એ શીકારના કામને ' સ્પૉર્ટ ' અથવા ' ગમ્મત ' એવું નામ આપેછે તેવા સઘળા માણસોને ઘાતકીપણાનું કર્મ લાગેછે.

હું જાણું છું કે ત્હમે તો આવાં કામ ન જ કરો; અને પરમાત્માના પ્રેમને ખાતર જ્હારે પણ ત્હમને પ્રસંગ મળે ત્હારે ત્હારે ત્હમે તો સ્પષ્ટ રીતે એવા કામોની વિરૂદ્ધ જ બોલો એવી મ્હને ખાત્રી છે. પણ ત્હમારે આટલું ધ્યાનમાં રાખવાનું છે કે ઘાતકીપણું માત્ર કાર્યમાં જ હોય છે એમ નથી, શબ્દમાં પણ ઘાતકીપણું હોઇ શકે છે. જે મનુષ્ય બીજાનું દીલ દુખવવાના ઇરાદાથી કોઇ શબ્દ બોલે છે, તે પણ આ ગુન્હાનો ભાગીદાર છે. કદાચ ત્હમે આ જાતનું પાપ નહિ કરો, પણ કેટલીકવાર એક ખરાબ શબ્દ જેટલું નુકશાન કરે છે તેટલું જ નુકશાન બેદરકારીથી અથવા અવિચારથી અથવા ગાફેલીથી બોલાયેલા એક શબ્દથી થાયછે; માટે અજાણતાં પણ ઘાતકીપણું ન થઇ જાય તે બાબત કાળજી રાખજો.

ઘાતકીપણું ઘણુંખરૂં તો વિચારરહિતપણાથી ઉદ્દ્ભવે છે. દાખલા તરીકે, મનુષ્યમાં લોભ અને તૃષ્ણાના ગુણો ઘણાજ વ્યાપી રહેલા હોવાથી નોકર વગેરેને છેક જ થોડો પગાર આપવાથી અથવા પોતાની સ્ત્રી કે છોકરાંને અડધાં ભૂખ્યાં રાખવાથી તેઓને જે દુઃખ પોતે ઉત્પન્ન કરે છે ત્હેનો ત્હેને ખ્યાલ સરખો પણ આવતો નથી. કોઇ માણસ માત્ર પોતાની વિષયતૃપ્તિનો જ વિચાર કરેછે અને તેમ કરવાથી કેટલાં શરીરો અને આત્માઓ તે પાયમાલ કરી નાખે છે ત્હેની તે જરા પણ દરકાર કરતો નથી. તેવી રીતે કેટલાક માણસો થોડી મીનીટની તકલીફ બચાવવાના હેતુથી પોતાના નોકરોને મુદતસર પગાર ચુકવતા નથી અને પોતાના આવા પ્રમાદથી તે નોકરોને કેટલી મુશીબત પડશે ત્હેનો વિચાર સરખો પણ ત્હેમને આવતો નથી. આપણું અમુક કાર્ય બીજા ઉપર કેવી જાતની અસર કરશે તે વિચારવાનું ભૂલવાથી એટલે કે વિચારરહિતપણાથી કેટલું બધું દુઃખ પેદા થાય છે ? પણ કર્મ ભૂલતું નથી; મનુષ્યો ભૂલથી પાપ કરે છે, એ વાત કર્મ કદી લક્ષમાં લેતું નથી. માટે જો ત્હમે માર્ગમાં દાખલ થવા માગતા હો તો ગાફેલીથી અથવા અવિચારથી ઘાતકીપણું ત્હમારા હાથે ન થઇ બેસે એટલા ખાતર, ત્હમારા દરેક કાર્યના પરિણામનો ખ્યાલ કરવાનો રીવાજ રાખજો.

' વ્હેમ ' એ એક બીજો મ્હોટો અનર્થ છે અને ત્હેને નામે ઘણુંએક ભયંકર ઘાતકીપણું ગુજર્યું છે. જે માણસ વ્હેમનો ગુલામ છે તે પોતાના

કરતા વધારે ડાહ્યા પુરૂષોને ધિક્કારે છે અને પોતે કરેછે તેવું બીજા પાસે પરાણે કરાવવા મથે છે. પ્રાણીઓનો ભોગ આપવો જોઇએ એ 'વ્હેમ'થી કેટલી બધી ત્રાસદાયક કતલ થઇછે ત્હેનો વિચાર કરો; મનુષ્યોને માંસના ખોરાકની જરૂર છે, એ ઘાતકી 'વ્હેમ'થી જે ભારે ત્રાસદાયક કેર વર્તાય છે ત્હેનો ખ્યાલ કરો! આપણા વ્હાલા ભારતવર્ષમાં પણ (ઢેડ વગેરેનો સ્પર્શ કરવામાં પાપ છે એવા) વ્હેમને લીધે હલકી વર્ણ (ઢેડ, પારીઆ, ચાંડાલ વગેરે) તરફ જે વર્તણુંક ચલાવવામાં આવે છે ત્હેનો વિચાર કરો અને જેઓ ભ્રાતૃભાવની ફરજ સમજે છે તેવા લોકોમાં પણ 'વ્હેમ' નામનો આ દુર્ગુણ કેટલી બધી નિષ્ઠુરતા-નિર્દયતા ઉત્પન્ન કરી શકે છે ત્હેનો ખ્યાલ કરો! વ્હેમરૂપી ભૂતના વળગાટને વશ થઇ કેટલાએ મનુષ્યો-ખુદ પ્રેમ સ્વરૂપ પરમાત્માને નામે અનેક અપરાધો કરી બેઠા છે. માટે ત્હમારામાં આવા ખોટા 'વ્હેમ'નું નામ નિશાન પણ ન રહે તે માટે ચેતતા રહેજો.

આ ત્રણ મહાન ગુન્હાથી ત્હમારે દૂર રહેવું જોઇએ; કારણ કે તે સર્વ પ્રકારની ઉન્નતિને બાધક છે અને તે પ્રેમથી વિરૂદ્ધ ગુણ ધરાવતાં પાપ છે. ત્હમારે આવાં પાપથી દૂર રહેવું જોઇએ એટલુંજ પુરતું નથી; પરન્તુ ત્હમારે સત્કાર્યમાં પ્રવૃત્તિ પણ કરવી જોઇએ. ત્હમારામાં **પરમાર્થ કરવાની** ઇચ્છા એટલી બધી વ્યાપી રહેવી જોઇએ કે ત્હમારી આસપાસ આવેલા સર્વ તરફ—કેવળ મનુષ્યો તરફ જ નહિ પણ પ્રાણીવર્ગ તેમજ વનસ્પતિ તરફ પણ પરમાર્થ વૃત્તિ બતાવવાનો પ્રસંગ શોધતા રહેવું જોઇએ. ન્હાની ન્હાની બાબતોમાં પણ દરરોજ **પરમાર્થ કરવાની ટેવ પાડવી જોઇએ**, કે જેથી ત્હમારી પ્રકૃતિ જ પરોપકારી બની જશે અને તેથી કરીને જ્યારે મહાન કામ બજાવવાની ઉત્તમોત્તમ અને ક્વચીત્ મળતી તક ત્હમને પ્રાપ્ત થાય ત્યારે તે ઝડપી લેવા ત્હમે ચુકશો નહિ. ત્હમે પરમાત્મા સાથે એકરૂપ થવા ઇચ્છો છો તે પણ ત્હમારા પોતાના ખાતર નહિ પણ એટલાજ ખાતર કે ત્હમે એક એવી પ્રણાલિકા થઇ શકો કે જે દ્વારા પરમાત્માનો પ્રેમ ત્હમારા જાતિ ભાઇઓ સુધી વહી વહીને ત્હેમને પકડી પાડે.

જે મનુષ્ય, માર્ગ ઉપર છે તે પોતાને વાસ્તે નહિ પણ બીજાને વાસ્તે જીવે છે. તે બીજાની સેવા કરવા માટે તો પોતાની જાતને (હું-પણાને) પણ ભૂલી જાયછે. તે પરમાત્માના હાથમાં એક કલમ સમાન

બને છે; કે જે કલમ દ્વારા પરમાત્માનો વિચાર વહ્યા કરે અને પૃથ્વી પર સ્થૂલ રૂપમાં પ્રકટ થઈ શકે; કારણ કે કલમ વિના તે પ્રકટ થઇ શકયો નહોતો. વળી તે સાથે તે અગ્નિની ચળકતી જ્વાળા જેવો પણ છે, કે જે જ્વાળાની ચીણગારીઓ પોતાના હૃદયમાં ઉભરાઈ જતા ઇશ્વરી પ્રેમના રૂપમાં તે આખા જગત ઉપર ફેલાવે છે.

જે **જ્ઞાન** અથવા ડહાપણ ત્હમને બીજાને મદદ કરવાની શક્તિ આપે છે, જે **ઇચ્છાશક્તિ** અથવા સંકલ્પબળ જ્ઞાનને માર્ગસૂચન કરે છે અને જે **પ્રેમ** તે ઇચ્છાશક્તિને પ્રોત્સાહન આપે છે; **આ ત્રણ ત્હમાનાં સાધનો છે**—આ ત્રણ, **માર્ગ**ના ઉમેદવારની યોગ્યતાઓ છે. ઇચ્છાશક્તિ, જ્ઞાન અને પ્રેમ ( સત્, ચિત્ અને આનંદ ) પરમાત્માનાં ત્રણ સ્વરૂપો છે અને ત્હમે જ્યહારે પરમાત્માના સેવક ગણાવા માગો હો ત્યહારે ત્હમારે જગતમાં આ ત્રણ સદ્ગુણો પ્રકટ કરવા જોઇએ.

**ગુરૂદેવના શબ્દો તણી જોતો રહ્યો છું રાહ હૂં,**
**જોતો રહ્યો છું વાટ: "ગુપ્ત પ્રકાશ આવે હાલ શૂં?"**
**ગુરૂ—આણ કર્ણે ઝીલવા અતિશય બન્યો આતુર હૂં,**
**જો કે થયો છું સ્થિત જીવનયુદ્ધમાં દારૂણ બહૂ.**
**ગુરૂરાયના છોટાબડા નિહાળતો હુકમો બધા—**
**યોદ્ધાગણોના શીર્ષ પરથી દૃષ્ટિને દોડાવતાં;**
**ગુરૂમહાનના સુણું કલરવો ધીમા તથા દૂર છો રહ્યા—**
**પૃથ્વી તણા ઘોંઘાટ કરતા ગીતથી દૂર છો રહ્યા!**

'જૈનસમાચાર' અઠવાડીક પત્રના

# ગ્રાહકોને મોકલાઈ ચૂકેલી ૫ અમૂલ્ય ભેટો !

## અને હજી મોકલવાની બીજી ૭ ભેટો !

'જૈનસમાચાર' અઠવાડીક પત્રના ગ્રાહકોને ૧૯૧૧ ની સાલમાં ૧૨ પુસ્તકો ભેટ આપવાનું જાહેર કરવામાં આવ્યું છે, જેમાંનાં ૫ તો એ મ સની અંદર જ મોકલાઈ ચૂક્યાંછે.

આ ઉપરાંત રૂ. રાા કિંમતનું 'દશ વૈકાલિક સૂત્ર' તથા "કબીરનાં આધ્યાત્મીક પદો" વગેરે ૭ બીજાં પુસ્તકો છપાય છે તે પણ ભેટ તરીકે આપવામાં આવનાર છે.

વાર્ષિક મૂલ્ય રૂ. ૩)—૧૨ ભેટોના પોષ્ટેજ ખર્ચ વગેરે બદલ ૦-૭-૦

પત્રવ્યવહારઃ—મેનેજર, જૈનસમાચાર, પાંચકુવા—**અમદાવાદ.**

---

## તાવની રામબાણ દવા. રૂ. ૧૦૦) ના ઇનામવાળી.

કોઇ પણ જાતનો તાવ એટલે દાડવો, એકાંતરી, ચોથીઓ, ઉનો, ટાઢીઓ ને ચાલતા જમાનાના નવી નવી જાતના ઉડતા તાવો અમારી દવાથી ન ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઇ શખ્સ એમ સાબીત કરી આપશે, કે વૈદ શા. ગીરધરલાલ કહાનજીની દવાથી ચોથીઓ તાવ ન ગયો તો તેને રૂ. ૧૦૦) ઇનામ આપીશું. આ દવા તાવ હોય છે તે વખત લેવાથી તાવ ઉતરી જાય છે અને ઉતર્યા પછી લેવાથી તાવ આવતો નથી અને શક્તિ આપે છે. ગોળી ૪૨ ની ડબ્બી નંગ ૧ નો રૂ. ૧)

અમારી ઉપરની તાવની દવા પ્લેગ (મરકી) ને માટે અકસીર નીવડી ચુકી છે. માટે પ્લેગવાળા ગામામાં જે સખસોને મરકીની બચવું હોય તેમને અમારી ઉપરની તાવની દવા વાપરવા ભલામણ છે.

☞ 'શક્તિસજીવન' નામની અમારી દવા તન્દુરસ્તી સુધારવા માટે સૌથી પહેલા નંબરની છે. અજમાવીને ખાત્રી કરો. ૭૫ ગોળીની ડબ્બીના રૂ. રાા બીજી પણ તમામ દવાઓ અમારે ત્યાં મળે છે.

**વૈદ્ય શા. ગીરધરલાલ કહાનજી—ધોળકા ( અમદાવાદ. )**

# ભેટની ચીજો.

૧૯૧૧ ની સાલની ભેટ તરીકે આપવાની " **સંસારમાં સુખ ક્યાં છે? ભાગ ૧ લો તથા બીજો** " એ નામની અતિ ઉપદેશી બુક ગયા અંક સાથેજ એટલે કે ૧૯૧૦ ના ડિસેમ્બરના અંક સાથેજ બુક–પોષ્ટથી મોકલી આપવામાં આવી છે.

૧૯૧૦ ની સાલની ભેટ '**સુદર્શન ભાગ ૨ જો**' છપાઇ રહી નહિ હોવાથી હજી મોકલી નથી. તે તૈયાર થયેથી આ માસિકમાં તેની જાહેર ખબર છાપવામાં આવશે; તે પહેલાં કોઇએ ઉઘરાણી કરવાની તસ્દી લેવી નહિ. તૈયાર થયેથી તુરતજ મોકલી આપવામાં આવશે.

ચાલુ સાલમાં ૧૨ તખતા અથવા વચનામ્રતનાં કૉર્ડ ભેટ તરીકે આપવાનાં છે. તે માર્ચ આખરમાં તૈયાર થવા વકી છે. તૈયાર થયેથી તાબડતોબ મોકલી આપવામાં આવશે. એ તખતા પોષધશાળા અથવા ધ્યાન ધરવાની ઓરડીમાં લટકાવી રાખવાથી અમૂલ્ય શિક્ષણ મળ્યાં કરશે.

જેઓ જ્ઞાનની કિંમત જાણે છે તેઓ તો જ્ઞાનનાં પુસ્તકો અને માસિકોની કિંમત ઓછીઆં કરવા કદી ઇચ્છતા જ નથી. સવા રૂપૈયો એ કાંઇ મ્હોટી ચીજ નથી અને એટલી નજીવી રકમ માટે જ્ઞાનાંતરાયી કર્મ બાંધવાં તે કરતાં માસિક ન મગાવવું એજ પોતાના આત્મા માટે વધારે સહીસલામતીભરેલું છે. મૂલ્ય આપનારને મન એકજ રૂ. ૧। છે; પણ માસિક પ્રગટ કરનારને જો એકેકે એકેકે ૪૦૦ ગ્રાહકો એવા મળે તો વર્ષે રૂ. ૫૦૦ નું નુકશાન થાય અને તેથી માસિક બંધ કરવાની ફરજ પડે; એમ થવાથી ઘણાએક ભવ્ય જીવોને મળતા જ્ઞાનલાભમાં અંતરાય પડે, કે જે અંતરાયનો દોષ, પેલા સવા રૂપીઓ ઓછીઆં કરનાર ગ્રાહકો ઉપર જ છે.

વહેલું કે મોડું લવાજમ આપવું જ હોય તો પછી ઉઘરાણી થતાં તુરતજ આપી દેવું એ શાહુકારનું—સજ્જનનું ભૂષણ છે. બધાને એકી વખતે વેલ્યુપેબલ કરવાથી કામ ઘણું સુગમ બને છે; માટે વી. પી. આવતાં તમામ મહાશયો તે સ્વીકારી લેશે એવી આશા સાથે અરજ સમાપ્ત કરવામાં આવે છે.

વા. મો. શાહ.

# જૈનહિતેચ્છુ.

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું ] ફેબ્રુઆરી, ૧૯૧૧. [ અંક ૨.



અધિપતિ,

**વાડીલાલ મોતીલાલ શાહ.**

'જૈનસમાચાર' નો માલીક.

પાંચ કુવા, અમદાવાદ.


## વિષયાનુક્રમ.


૧. જૈનધર્મના પ્રાચીનતાના એ પુરાવા... ... ... ૧

૨. મ્હારા મુનિમિત્રો પ્રત્યે ( લખનાર એક મુનિ ) ... ૩

૩. ગુપ્ત જ્ઞાન. ... ... ... ... ... ૧૦

૪. સાયન્સને આધારે શોધાયલું ગુપ્તજ્ઞાન ઇશ્વર સંબંધી કેવી માન્યતા શિખવે છે ? ... ... ૧૫

૫ સર્વ સંજોગોમાં એકસરખું મન રાખો ... ... ૨૦

૬ જૈન ધર્મ સંબંધે નામદાર બ્રીટીશ સરકારનો અનુભવ ... ૨૧

૭ કેમ મરવું ? ... ... ... ... ... ૨૭

૮ એક મનુષ્યનો ઉદ્ધાર કરનાર એક સાંઢ... ... ૨૮



**વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ ( પોષ્ટેજ વગેરે મળીને ૧-૫-૦ )**

**ચાલુ સાલની ભેટ:—"સંસારમાં સુખ ક્યહાં છે ? ભાગ ૧-૨" તથા વચનામૃતોના ૧૨ તખતા.**

સ્વકીય 'ભારતબંધુ પ્રિન્ટીંગ વર્ક્સ' માં છાપ્યું.

# આભાર.

બન્ધુ ! 27008

" ત્હમે 'જૈનહિતેચ્છુ' ના ગ્રાહક છો શું ?

" અને ત્હમે મનીઑર્ડરથી ચાલુ સાલનું મૂલ્ય મોકલી આપ્યું છે શું ?

" અગર વી. પી. સ્વીકારી લેઇ ઉઘરાણીની કડાકૂટમાંથી આ ઑફિસને મુક્ત કરી છે શું ?

" તો ત્હમારો **આભાર** માનવાને આ ઑફિસ **બંધાયલી** છે.

ચાલુ સાલની ભેટ "સંસારમાં સુખ ક્હાં છે ? ભાગ ૧ લે તથા ૨ જો" એ નામની એક બુક આપને મોકલાઇ ચૂકી છે. ગઇ સાલની ભેટ **'સુદર્શન ભાગ ૨ જો'** તથા **"ઉપદેશી બાર તખતા"** તૈયાર થયેથી આ માસિકના પુંઠા ઉપર જાહેરખબર પ્રગટ કરવામ આવશે; તે વખત **પહેલાં** ઉઘરાણીનો પત્ર લખવાને શ્રમીત થશો નહિ તૈયાર થયેથી, વગર માગ્યેજ, **સર્વ**ને એકીસાથે મોકલી આપવામાં આવશે.

દર સાલ જાન્યુઆરીની પહેલી તારીખે રૂ. ૧-૫-૦ નો મનીઑર્ડ કરવાનુ લક્ષમાં રાખશો તો ઉપકાર થશે.

# છેવટની ચેતવણી.

૧ જે ગ્રાહકો ઉપર મોકલાયલું વી. પી. પાછું આવશે તે સર્વને રીતસર એક સભ્ય પત્ર લખવામાં આવશે ( કદાચ અજાણતાં કે ગેરહાજરીને લીધે વી. પી. પાછું આવ્યું હોય એમ સમજીને. )

૨ કાગળનો ઉત્તર સંતોષકારક મોકલવા સાથે ૧૫ દિવસની અંદર લવાજમનાં નાણાં મનીઑર્ડરથી મોકલી આપશે ત્હેમનો ઇરાદો નિર્મળ હોવાની ખાત્રી થશે.

૩ જેઓ કાગળનો ઉત્તર નહિ આપે અગર મનીઑર્ડર પણ નહિ મોકલે અગર વાજબી રીતે સંતોષ પણ નહિ આપે તેવા બંધુઓનાં **નામ** ( તિરસ્કારના શબ્દો સિવાયજ ) **માર્ચના અંકમાં પ્રગટ કરવામાં આવશે.** અને પછી ઉઘરાણી છોડી દેવામાં આવશે.

# જૈનહિતેચ્છુ.

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું ] ફેબ્રુઆરી, ૧૯૧૧. [ અંક ૨.

## જૈન ધર્મની પ્રાચીનતાના વધુ પુરાવા.

જૈન ધર્મ આજે જે સ્વરૂપમાં દેખાયછે એ સ્વરૂપમાં—જ્ઞાનરિપુ તુલ્ય ઉપદેશકો અને વ્યાપારી અર્ધદગ્ધ જેવા શ્રાવકો ધરાવતા સ્વરૂપમાં—વિદ્વાનોનું આકર્ષણ તે ધર્મ તરફ ભાગ્યેજ થઇ શકે તેમ છે. બૌદ્ધની શાખા તરીકે જૈનને ઠરાવવાનો કેટલાકોને પ્રયાસ આ જ કારણને આભારી હોય એ સંભવીત છે. તથાપિ દિવસે દિવસે આખી દુનીઆ ઉત્ક્રાન્તિક્રમમાં આગળ વધતી જાય છે, તેમ જૈનો પણ કાંઇક—અલબત ઘણાજ આસ્તેથી વધવાની ઇચ્છાવાળા બનતા જોવાય છે અને એ ઇચ્છા જ એમની પ્રાચીનતાના પુરાવાને પડદામાંથી બહાર કહાડવામાં પરિણમેછે, એમ કહીએ તો ખોટું નથી. સુમારે બાર માસ ઉપર જલંધર કૉન્ફરન્સ પ્રસંગે પંજાબી મુનિશ્રી રત્નચંદ્રજીએ માગધી ભાષામાં એક વ્યાખ્યાન આપ્યું હતું, જેમાં જૈનધર્મની પ્રાચીનતાના કેટલાક પુરાવા અન્ય ધર્મનાં પુસ્તકોમાંથી રજુ કરવા તેઓ શ્રમીત થયા હતા. એ ભાષણ એક 'ટ્રેક્ટ'ના રૂપમાં પ્રસિદ્ધ કરીને 'જૈનસમાચાર'ના ગ્રાહકોને વિનાલ્ય આપવામાં આવ્યું હતુ*. એ 'ટ્રેક્ટ' માંના પુરાવા ઉપરાંત હમણાં મ્હારા એકાંત વાંચન વખતે મ્હારૂં લક્ષ એક વધુ પુરાવા તરફ ખેંચાયુ છે. તે પુરાવો, 'થીઑસૉફીલ સોસાઇટી'નાં સુપ્રસિદ્ધ જન્મદાતા રશીઅન બાનુ મૅડમ બ્લૅવેટ્સ્કીના ગુપ્ત જ્ઞાનને લગતા પુસ્તકમાંથી ખેંચવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ગુપ્ત જ્ઞાનને લગતી એવી તો ચમત્કારી બાબતો

---

* આ ટ્રૅક્ટ માગધી તથા હિંદી ભાષામાં છે. જોઇએ ત્હેમણે આ ઑફિસ પર કાર્ડ લખી મગાવી લેવું. પોષ્ટેજ કે મૂલ્ય કાંઇ લેવામાં આવશે નહિ.

ભરી છે કે, સંસ્કૃત ભાષાનો અક્ષર વટીક નહિ જાણનારાં તે રશીઅન બાનુ આંતરદર્શન વગર અગર કોઇ દેવની મદદ વગર (બેમાંથી એક કારણ વગર) બીજી કોઈ રીતે લખી શકી હોય એમ માની શકાયજ નહિ. એ અંગ્રેજી ગ્રંથ આખી દુનીઆમાં માન પામ્યો છે અને એના એકેકા વાકય ઉપર તો આખાં પુસ્તકો રચાવા લાગ્યાં છે. સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને દેખીતો પ્રલય એ સર્વની બાબતમાં વિવિધ પ્રકારનાં 'જ્ઞાન' ની બાબતમાં તથા આધ્યાત્મિક ઉપદેશની બાબતમાં એ ગ્રંથ અમૂલ્ય છે. "Isis unveiled" નામના એ ગ્રંથના બીજા ભાગના ૩૨૩ મા પૃષ્ટમાં નીચેની મતલબના શબ્દો જોવામાં આવે છે:—

"આપણે કબુલ કરવું જોઇએ છે કે પ્રાચીન હિંદના અસલી માલીકના ખરા અને એકલા વંશજો જૈનો જ છે. ગંગા અને જમના વચ્ચેની ખીણોમાં ભટકતા લોકો કે જેઓ ગૌર વર્ણના હતા અને બ્રાહ્મણ કહેવાતા તેઓએ આ લોકોને જીતીને જમીનની માલકી પોતાના હાથમાં લીધી. ઘણાએક ભુલભુલામણીવાળા સવાલો ઉપર પ્રકાશ નાખે એવાં પુસ્તકો પડેલા તીર્થંકરોના વસ્ત્રરહીત અને જંગલવાસી આચાર્યોએ લખેલાં છે પણ યુરોપીઅન વિદ્વાનો એ ગ્રંથોની ખરી પ્રતો મેળવી શકે એ મુસ્કેલ વાત છે."

* * *

'થીઑસૉફીકલ સોસાઇટી'ના પ્રમુખ કર્નલ ઑલકોટ "*The Poor Pariah*" નામના પુસ્તકમાં લખે છે કે, તામીલ ભાષામાં 'હાલાસ્યમાહત્મ્ય' નામનું એક પ્રાચીન પુસ્તક છે, જેના ૬૯ મા પ્રકરણમાં એક ત્રાસદાયક હકીકત જણાવવામાં આવી છે. દક્ષિણ હિંદમાં અગાઉ જૈન વસ્તી હતી (દિગંબર જૈન) અને ત્હેમને શૈવી આચાર્યે હંકાવીને કતલ કરાવી, જેઓ જૈનધર્મ છોડી શૈવી ધર્મ અંગીકાર કરે ત્હેમને જતા કરી, બીજા સર્વને ઘાણીમાં પીલવામાં આવતા અને ભાલાથી વીંધવામાં આવતા. જૂદી જૂદી રીતે ત્રાસ આપ્યાનું વર્ણન જ માત્ર તે પુસ્તકમાં આપ્યું નથી, પણ એક એવો દેખાવ મદુરાના દેવાલયની દીવાલ પર કોતરેલો છે, ત્હેની નકલ કરીને આ બુકમાં છાપવામાં આવ્યો છે. આ જૈનો પૈકી જેઓને ધર્મ છોડવાની શરતે જીવતા રાખ્યા હતા તેઓ પૈકી કેટલાકને ગુલામ બનાવ્યા હતા. તેઓ આજે મદ્રાસ તરફમાં પ્હેરીઆ (Pariah) નામે ઓળખાયછે અને લોકો ત્હેમનો સ્પર્શ કરવામાં પણ પાપ માને છે. હજારોની સંખ્યા ધરાવતા તે અસ્પર્શ્ય મનાતા લોકોની મદદે હમણાં થીઓસોફીસ્ટો ધાયા છે અને ત્હેમને માટે ખાસ સ્કૂલો સ્થાપી છે.

# મ્હારા મુનિમિત્રો પ્રત્યે.

ધર્મધુરંધર મુનિમિત્રો !

હું ત્હમાસમાંનો એક ત્હમારો લઘુ બંધુ આજે ત્હમારી આગળ થોડીક વાતો કહેવા આવ્યુંછું. મ્હને ત્હમારા કાન ધીરશો ? મ્હારી ગાંડીઘેલી વાતોને હશી કહાડયા સિવાય ગંભીરતાથી સાંભળી એક લઘુબંધુને ઉત્સાહીત કરશો ?

મુનિમિત્રો ! કેવો સરસ ઇલકાબ આપણને સહેજમાં મળી ગયો છે ? કેવું મહાન પદ આપણને થોડી મહેનતે પ્રાપ્ત થયુંછે ? કેવો પુષ્કળ નફાનો ધંધો આપણને હાથ લાગ્યોછે ? શું એ કોઇ પૂર્વ પુણ્યનું ફળ નહિ હોય ?

પૂર્વ પુણ્ય ! પૂર્વ પુણ્ય ! ખરે જ પૂર્વ પુણ્ય ! આપણે એ પુણ્યને સ્થૂલ આંખોથી જોઇ શકતા નથી છતાં એ પુણ્ય વસ્તુતઃ હયાતી ધરાવે છે એ આપણે અટકળી તો શકીએ છીએ. જ્ઞાનીઓ તે પુણ્યને સાક્ષાત જોઇ શકે છે અને જોઈ રહ્યા છે; આપણે તે વિવેકબુદ્ધિથી અટકળી શકીએ છીએ.

છતાં તે વિવેકબુદ્ધિને આપણે આગળ વાપરતા નથી એ આપણી ભૂલ થાયછે. 'પૂર્વ પુણ્ય' ની હયાતી આપણે કબુલ કરીએ છીએ; પરન્તુ એ પુણ્ય ખવાઇ જતું જોવા છતાં આપણે કાંઇ ખેદ કરતા નથી એ આપણી ભૂલ થાય છે.

જે જોખમભર્યા કામને આપણે માથે લીધું છે—સાધુપણાનો જે મહાન બોજો આપણે શિર ઉઠાવ્યો છે તે કામ અને તે બોજાનો આપણે ખ્યાલ ભૂલી જઇએ છીએ, જાણે કે **હવે પછી**—બીજા કોઇ જન્મમાં આપણને પુણ્યની જરૂર પડશે જ નહિ, જાણે કે બીજો ભવ જ છે નહિ; જાણે કે મરણ પછી કોઇ સ્થિતિ જ છે નહિ !

મરણ પછી કોઈ સ્થિતિ છે જ નહિ એવો મત જડવાદીઓનો છે અને છતાં કેટલાક જડવાદીઓ પણ ઉદાર દીલના, વિશાળ મનના અને પરોપકારી, કર્ત્તવ્યપરાયણ જોવામાં આવે છે. આપણે કે જેઓ જડવાદને જ માત્ર નહિ પણ જડવાદીઓને પણ ગાળો દેવામાં શૂરા છીએ તેઓ તો મરણ પછીની સ્થિતિ જાણે કે હયાતી જ ધરાવતી નથી એમ સમજીને **વર્તીએ** છીએ. આપણું વર્ત્તન માત્ર **એક** ભવના ઉપર નજર રાખીને ચલાવીએ છીએ. જો પાછલાં ભવોનાં કૃત્યોનું ફળ આજે ભોગવીએ છીએ એ વાત, આપણને

આજે મળેલી સુખી માનવંતી જીંદગી ઉપરથી આપણે ખરી માનતા હોઇએ તો, આ ભવના પ્રમાદ, શેખાઇ, ખટપટ, લોભ અને ઈર્ષા એ વગેરેનાં ફળ પણ આવતા ભવમાં ભોગવવાં જ પડશે એ વાત આપણે પૂર્ણ શ્રદ્ધાથી માનીયાદ રાખવી જોઇએ. અને જો એ વાત આપણે ખરેખર જ માનતા હોઇએ તો—જો આપણે માત્ર વચનથી નહિ પણ અંતરથી તે માન્યતા ધરાવતા હોઇએ તો તો આપણું આખું વર્ત્તન જ જૂદું હોય. આપણામાં ઉચ્ચ નિઃસ્વાર્થી પ્રેમ, જ્ઞાનની તીવ્રાભિલાષા, આત્મભોગ, ઉગ્ર ક્રિયાઓ અને દશવિધ સંપૂર્ણ બ્રહ્મચર્ય રંગે રંગે ઝળકી રહે. કોઇ ચીજ પડછાયો પાડયા સિવાય રહેતી નથી, કોઇ અવાજ પડઘો પાડયા સિવાય રહેતો નથી, કોઇ ભાવના તથારૂપ વર્ત્તન ઉત્પન્ન કર્યા સિવાય રહે નહિ જ. આપણી ભાવના ખરેખરી-આંતરની ન હોવાથી જ આપણું વર્ત્તન ઉચ્ચ થઇ શકયું નથી. આપણી આંખમાં તે દિવ્ય પ્રકાશ નથી, આપણા ઉચ્ચારમાં તે દ્રઢતા અને તાકાદ નથી, આપણા ચહેરા પર તે ગભીરતા અને શૌર્ય નથી. શાથી ? શા કારણથી ? માત્ર એટલા જ કારણથી કે આપણે આચાર્ય શ્રી દેવચંદ્રજી સ્વામીના નીચેનાં વચનામ્રતનું રહસ્ય સમજવા અને તદનુસાર વર્ત્તન કરવા કોશીશ કરી નથી.

मुल उत्तर गुण सर्व संभालता, करता आतम शुद्ध.

* * * *

श्रुतधारी श्रुतधर निःस्वारथी, वस कर्या त्रिक योग;
अभ्यासी अभिनव श्रुत मारग, अविनासी अयोग.
साधी जैन क्रिया संभाळता, पाळता संयम सार;
द्रव्य भाव आश्रव मल टालता, गाळता कर्म विकार.
सामायिक आदिक गुणश्रेणीये, रमता चढते भाव;
त्रग लोकथी भिन्न त्रिलोकमां, पूजनिय जसु पाव.
अधिक गुणी, निज तुल्य, गुणीथकी, मळता ते मुनिराज;
मरण समाधि निधि भवजलधीना तारण तरण जहाज.
आप प्रशंसाए नवी मालता, राचता मुनिगुण रंग;
अप्रमत्त मुनि श्रुत तत्व पूछता, शेवे जासु अभंग.

પૂર્વાચાર્યના આ શબ્દો પર અમલ આજે કોણ કરે છે ? બહુ જ વીરલા. અને એ કારણથી જ આપણો ઉપદેશ શ્રોતાજનોને અસર કરી શકતો નથી, આપણું પોતાનું હૃદય જ્યહાં સુધી નિર્મળ ન થાય ત્યહાં સુધી આપણે

ઉપદેશ કદાપિ સારી અસર નહિ ઉત્પન્ન કરી શકે. જ્યહાં સુધી આપણામાં મમત્વ અને ખેંચાખેંચી ચાલુ રહેશે, જ્યહાં સુધી આપણામાં શિષ્ય-શિષ્યાનો અને માનનો ખોટો લોભ ચાલુ રહેશે, જ્યહાં સુધી આપણામાં વસ્ત્ર પાત્ર પુસ્તક વગેરે માટેની મારામારી ચાલુ રહેશે, જ્યહાં સુધી મહાત્માઓનાં વચનોનું ગુપ્ત રહસ્ય સમજવાની ઇચ્છા આપણાથી દૂર રહેશે—ત્યહાં સુધી આપણા લાંબા રાગથી થતા ઉપદેશનું કાંઇ સંગીન પરિણામ આવવાની આશા રાખવી ફોકટ છે.

"**अमोघा साधवो वाणी**" એવી શાસ્ત્રકારોના સાક્ષી છે એ ખરી વાત; તથાપિ આજે આપણી વાણી એવી અમોઘ રહી નથી એનું કારણ એ છે કે આપણાં વચનો આપણા વર્તનથી જૂદી જાતનાં નીકળે છે. આ વાત બરાબર સમજવા માટે એક દૃષ્ટાંત જોઇશું.

એક શ્રીમંતના પુત્રને ગોળ ઘણો ખાવાની ટેવ હતી તેથી શરીરે ગરમી થઇ. ત્હેના પિતાએ ત્હેને એક ઋષિ પાસે લઇ જઇને કહ્યું: "મહારાજ ! આને ગોળ ખાવાની બાધા આપો." મહારાજે કહ્યું: "તે કામ આજે થશે નહિ; ત્હમે ત્હેને કાલે મ્હારી પાસે લાવજો." બીજે દિવસે તે શ્રીમંત પોતાના પુત્રને ત્યહાં લઇ ગયો અને ગુરૂએ બોધ કર્યા પછી ત્હેને ગોળ ખાવાની અમુક મુદ્દત માટે બંધી કરાવી. તે યુવાને તે બાધા બરાબર પાળી અને છેવટે દરદમાંથી મુક્ત થયો. એકદા તે શ્રીમંતે તે ગુરૂને પૂછ્યું: "મહારાજ ! બાધા લેવાથી ઇન્દ્રિયનિગ્રહનો લાભ થાય છે છતાં તે શુભ કામમાં આપે કાલનો વાયદો કેમ કર્યો હતો ?" ગુરૂએ ખુલાસો કર્યો: "ભાઇ ! તે દિવસે મ્હારે પોતે ગોળ ખાવાની પ્રતિજ્ઞા ન હતી, તેથી પેટમાં ગોળ ભરીને કરાયલો, ગોળ વિરૂદ્ધનો, મ્હારો ઉપદેશ ત્હેને અસર કરી શકત નહિ અને ત્હમારી કે મ્હારી શરમે કે ક્ષણીક વૈરાગ્ય આવવાથી ત્હમારો પુત્ર કદાપિ તે વખતે બાધા લેત તો પણ તે બાધા નીભાવી શકત નહિ; કારણ કે તેટલું આત્મબળ ત્હેનામાં છે નહિ અને મ્હારૂં પોતાનું આત્મબળ ત્હેને સ્હાય કરવાની સ્થિતિમાં નહતું; કારણ કે હું પોતે ગોળ છૂટથી વાપરતો હતો."

શેઠના ગુરૂનો આ ખુલાસો આપણુ સર્વને ઘણો ઉપયોગી છે. આપણે આ ઉપરથી ધડો લેવાનો છે અને જે કષાય અને જે પ્રમાદ છોડવાનો આપણે બીજાને ઉપદેશ કરીએ છીએ તે કષાય અને પ્રમાદની આપણે પોતે પ્રતિદિન કેટલી બધી ભક્તિ કરીએ છીએ તે આપણા પોતાના મનમાં યાદ કરવું જરૂરનું છે.

મુનિમિત્રો ! ત્હમારી ચોતરફ દૃષ્ટિ કરો. દેશકાળનું અવલોકન કરો. હમણાં કોઇ તીર્થંકર કે કેવળી આ ક્ષેત્રમાં છે નહિ; અને ચતુર્વિધ સંઘના ઉપર કોઈ પણ એક વ્યકિતનો અંકુશ છે નહિ; તેથી જ્ઞાન તેમજ ચારિત્ર બંને ડોહોળાયલાં થઇ ગયાં છે. હમણાં આપણે પોતાને 'સફરી જહાજ' કહેવડાવનારા પૈકીજ કેટલાએકો—અરે આપણામાંનો મ્હોટો ભાગ મ્હારૂં ત્હારૂં, ક્રોધ, ઇર્ષા, અને ખટપટ રૂપી અગાધ જળમાં ડૂબી રહેલા હોઇ, બીજાને તારવાના કામ માટે તદ્દન નાલાયક ગણાવા લાગ્યા છીએ. હવે પશ્ચિમનો પવન ચોતરફમાં ફેલાયો છે; તેથી અંધશ્રદ્ધા ઉડી ગઇ છે અને છાપાંઓ દ્વારા આપણાં પોકળ ખુલ્લાં થવા લાગ્યાં છે. હવેના લોકો આપણાં કામો સાથે અન્ય સમુદાયના ધર્મગુરૂઓનાં કામોનો મુકાબલો કરતા થયા છે અને આપણાં હરામ હાડકાં માટે આપણા ઉપર કટાક્ષ કરતા થયા છે. ટુંકમાં કહું તો આપણું અજ્ઞાન, આપણો પ્રમાદ, આપણો માનસિક મેલ અને દંભ : એ સૌ હવે છૂપું રાખ્યું રહે તેમ નથી; છૂપાવવાના પ્રયત્નો ઉલટા દોષમાં ઉમેરો કરે છે.

માટે મ્હારા પ્રિય મિત્રવર્યો ! હવે તો જમાનો પીછાનો. સંજોગો તરફ આંખ આડા કાન ન કરો. અને **સુધરવાનો** દૃઢ નિશ્ચય કરો. જ્હાં સુધી આપણે સુધરીશું નહિ ત્હાં સુધી, આપણા ઉપર જેમની જોખમદારી મૂકાયલી છે એવા પાંચ લાખ માણસોની દશા કદી સુધરવાની નથી. માટે 'ભૂલ્યા ત્હાંથી ફરીથી ગણવા' તૈયાર થાઓ. મુરબ્બીઓ અને મિત્રો ! 'ગઇ ગુજરી' ભૂલી જઇ નવું જીવન શરૂ કરો.

પ્રથમ તો, નવા શિષ્ય કરવાની ઇચ્છાને દૂર મૂકો. આપણે પોતે જ હજી અજ્ઞાનમાં ડૂબેલા પડયા છીએ, હજી આપણે જ '**શિષ્ય**' પદને પૂરા લાયક બન્યા નથી, તે પહેલાં **ગુરૂ** પદનો લોભ કરવો તે, **પુત્ર** તરીકેની ફરજો સમજ્યા પહેલાં **પિતા** બની બેસવા જેવું કામ છે. આવો આપણે ન્હાના બાળક જેવા નિરભિમાની અને સરળ બનીએ ! આવો આપણે જ્ઞાનના સાગરમાં તરતાં શિખવાની શરૂઆત કરીએ. અને જ્હારે આપણે હોંશીઆર 'તારા' થઇશું, જ્હારે આપણે ભયંકર તોફાન વખતે પણ તરવાની શકિતવાળા બનીશું ત્હારે બીજાઓને તારવાની હિમત કરીશું. તે દરમ્યાનમાં આપણે નવી શકિત પ્રાપ્ત કરવાનું જ ચાલી રાખીશું અને શકિત મેળવ્યા **પછી**—કાંઇક પગભર થયા **પછી** બીજાને મદદ કરવા દોડીશું. જો તરવાની કળાના પારંગત થયા સિવાય ૨–૪ માણસોને

આપણી પીઠ ઉપર લઈને જળમાં પડીશું તો આપણે ડૂબીશું એટલું જ નહિ પણ પેલા ૪ વિશ્વાસુ નિર્દોષ માણસોને પણ ડૂબાવીશું. ગુરૂપદ ઘણુંજ જોખમ ભરેલું છે. 'શિષ્યો ખરાબ નીકળ્યા એમાં હું શું કરૂં ?' એમ કહી છૂટવાનું ગુરૂને પાલવવું ન જોઇએ. સ્ટીમરનો ધંધો સ્વાર્થ ખાતર કરાય છે તે છતાં ઉતારૂઓને સ્ટીમર પર લેતા પહેલાં હેની શારીરિક તપાસ કરવાની કાળજી રાખવામાં આવે છે; જો ઉતારૂ તનદુરસ્ત હોય તો જ હેને બેસાડે છે; નહિ તો ના કહેછે. શા માટે ? 'અમુક સ્ટીમરમાં અમુક માણસ મુઓ' એમ કહેવાય તે, તે સ્ટીમરવાળાથી સહન થતું નથી તેથી. 'અમુક ગુરૂના શિષ્ય ડૂબ્યા' એવું સાંભળવાનું શું આપણાથી સહન થવું જોઇએ ? શિષ્યે કરેલો ક્રોધ કે ખટપટ, શિષ્યે કરેલી વ્યભિચારદૃષ્ટિ કે દુર્ભાવના માટે આપણે પોતે જોખમદાર છીએ. એના આંતર્ ગુણો પીછાનવા તથા સુધારવાની ગુપ્ત શક્તિ આપણામાં ન આવે ત્હાં સુધી ગુરૂપદના માનથી દૂર રહેવું એ જ આપણે માટે સહિસલામતીભરેલું છે.

'અધિકાર' મેળવ્યા પછી 'શિષ્યો' બનાવશો તો તેવા થોડા શિષ્યો હજારો યોદ્ધા જેટલું કામ કરી શકશે; તેઓ અજ્ઞાન, ઈર્ષા, પ્રમાદ, વૈર, સ્વાર્થાંધતા, કૃપણતા, લોભ, કાયરતા અને વ્હેમની બલાઓને આ દુનીઆમાંથી દૂર કરી જગતને વિશ્રાન્તિ આપવાનું મહાભારત કામ બજાવી શકશે.

વચ્ચે વચ્ચે મ્હને કહી લેવા દો કે, કોઇ પણ સમ્પ્રદાય કે સંઘાડા કે ગચ્છમાંથી બાતલ કરાયલા સાધુને ત્હમે શિષ્ય તરીકે મુંડવા તૈયાર થશો નહિ. બગડેલા ધાનથી બીજા ધાનને બગાડવા સરખા રસ્તાથી હમેશાં દૂર રહેજો.

મુનિમિત્રો ! ત્હમારે આખું જગત અને તે સાથે નાત-જાતના ઉંચા નીચાપણાના ભેદને છોડવા છતાં સમુદાયના ભેદ શા માટે જોઇએ ? જગતનો ઉદ્ધાર એ જ ત્હમારો 'ધર્મ', એ જ ત્હમારી 'જ્ઞાતિ' નો 'ધંધો' હોવો જોઇએ; અને જેઓ ત્હમારા વિચારથી એકમત હોય તેવા સર્વો સાથે ત્હમારૂં ઐક્ય બનાવવું જોઇએ; ગચ્છ કે સંઘાડાનો ભેદ ત્હમને નડવો ન જોઇએ.

ક્રિયાના આડંબરથી—ગર્વથી બચવા કોશીશ કરજો. ક્રિયા જેટલી શુદ્ધ પળાય તેટલું વધારે આત્મકલ્યાણ છે એ બાબત પર સંપૂર્ણ લક્ષ આપજો; પણ લોકો ક્રિયાને માન આપે છે એટલા ખાતર ક્રિયાનો જે દેખાવ થાયછે તેવા દેખાવથી ત્હમે હમેશ દૂર ભાગજો. દેખાવ માત્ર—બાહ્ય દંભ

માત્ર છોડવા જોગ છે. જે કરો તે આત્માર્થે કરો, આત્મસાક્ષીએ કરો. થોડું થાય તો થોડું કરો; વધુ કરતા હોય ત્હેના તરફ પ્રમોદ ભાવના ભાવો; અને ત્હમારી ઓછી શક્તિ કબુલ કરો. પરન્તુ ઓછી શક્તિ છતાં, ક્રિયા ઓછી પાળવા છતાં અમુક અમુક બાબતનો દેખાવ કરી ક્રિયાપાત્ર તરીકે ખપવાનો ઢોંગ કદી—કદી—કદી ન કરશો. મહા ચીકણાં કર્મ બાંધવાના એ ' ખોટના વ્યાપાર ' થી ત્હમે અવશ્ય બચજો.

શ્રાવકોને ઉપદેશ આપવાનો પ્રસંગ જ્હારે પણ મળે ત્હારે ત્હેમને પ્રથમ સઘળાથી મૈત્રી કરતાં અને સઘળાનું ભલું ચાહતાં શીખવજો અને ' ન્યાયસંપન્ન વૈભવ ' ના ગુણ તરફ ત્હેમનું જેટલું લક્ષ ખેંચાય તેટલું ખેંચજો. એ બે ઉપદેશ પહેલાં મ્હોટાં મ્હોટાં તત્વનાં ભુંગણાં ફુંકશો તો ત્હમારો અને ત્હેમનો વખત નકામો જશે.

ક્રિયાની બાબતોમાં જે ન્હાના ન્હાના મતભેદ જૂદા જૂદા ધર્મોમાં અને એક ધર્મના જૂદા જૂદા સંઘાડાઓમાં જોવાયછે તે ભેદો ઉપર ભાર ત્હમે કદી ન મૂકશો. ત્હમને જે સંજોગોમાં જે ક્રિયા ઉચીત લાગે તે કરવાને ત્હમે હક્કદાર છો; પણ બીજાની ક્રિયાને ધિક્કારશો નહિ. માત્ર તત્વની બાબત પર જ લક્ષ આપજો. અને એવી નિર્મળ—હુંસાતુંસ વગરની પવિત્રતા મેળવવા માટે ' જ્ઞાન ' ત્હમને અવશ્ય ઉપયોગી થઇ પડશે. જ્ઞાન સઘળાં દરદોનું ઔષધ છે; જ્ઞાન હાજરાહજુર કલ્પવૃક્ષ છે; પરમ કલ્યાણકારિણી દયાથી પણ પહેલો નંબર ધરાવતું તત્વ કોઇ હોય તો તે જ્ઞાન જ છે; જગતને તારનારૂં જ્ઞાન જ છે. માટે સૂત્રો અને પુસ્તકો ભણો, સમજો, મનન કરો, ભાષાજ્ઞાન ખીલવીને સૂત્રોનાં રહસ્ય સમજો અને લોકો કે જેઓ સૂત્રનાં ઉપલાં છોડાંમાં મોહી રહ્યા છે ત્હેમને અંદરના ટોપરાનો સ્વાદ બતાવો.

ભાષાજ્ઞાન અને ન્યાયશાસ્ત્ર શીખી, અધ્યાત્મ વિદ્યામાં પ્રવેશ કરો. અધ્યાત્મ યાને યોગવિદ્યાના જ્ઞાન વડે સૂત્રો અને પુસ્તકો પર નવીન પ્રકાશ નાખો. જાહેર પત્રોદ્વારા ત્હમારી શોધખોળ પ્રગટ કરાવી અનેક મનુષ્યને ફાયદો પહોંચાડો. બને તો આવા કામ માટે એક ' મુનિમંડલ 'ની યોજના કરો.

યાદ રાખજો, મુનિમહાત્માઓ ! બરાબર યાદ રાખજો કે જો કે ત્હમને આ સર્વ મુસ્કેલ લાગે તો પણ તે કર્યા વગર ત્હમારો છુટકો નથી; તે વગર હવે ચાલશે જ નહિ. શ્રાવકોના માલમલીદા હરામના ખાશો તો

બીજા જન્મમાં 'પોઠીઆ'—પાડા કે બકરાપણે જન્મી શ્રાવકના અન્નનું સાટું વાળી આપવું પડશે. આ વાત જો ત્હમને સાચી ન લાગતી હોય તો વીર ભગવાનનું 'બ્હાનું' હમણાં જ છોડી દેજો; કારણ કે આ શબ્દો જ વીર ભગવાનના છે અને તે ઉપર ત્હમને શ્રદ્ધા ન હોય તો આ વેશ પહેરીને ત્હમે વીરના નામને માત્ર લજવશો જ. ગુરૂપણાની લાયકાત વગર, લેવાતી ભિક્ષા કાચા પારા જેવી છે; તે આરપાર નીકળી જશે. અને ત્હમે ગુરૂ-પણાને લાયક છો કે નહિ તે બાબતની ખાત્રી કરવા વિચાર હોય તો કોઇ શ્રાવકોને કે શિષ્યોને પૂછવા દોડશો નહિ; ત્હમારા આત્માને જ પૂછો કે "મહાવીર પ્રભૂ ત્હમારૂં ચારિત્ર સ્વીકારે છે ?" કારણ કે તે તો ત્હમારા આંતરિક શરીરને જોઇ શકેછે, ત્હેની અંદરના પ્રકાશ યા અંધકાર યા વિકારને તે તો બરાબર જોઇ શકે છે.

આવા શુદ્ધ-સરળ સ્વભાવવાળા મુનિવરો એક 'જૈન ગુરૂકુળ' સ્થાપે એ ઘણું જરૂરતું છે. અલબત શરૂઆત કરનારને અજ્ઞ લોકોના અપશબ્દો સાંભળવા પડશે અને દુઃખ પણ સહવું પડશે, પરન્તુ ત્રણ ચાર વર્ષે ૮-૧૦ ઉત્તમ મુનિઓને એક બીજાના સહવાસથી અને જ્ઞાનની પાછળ લાગ્યા રહેવાના ઉદ્યમથી જે અગાધ શક્તિ મળશે તે, તે સર્વ દુઃખોનું સાટું વાળવાને બસ થશે.

મુનિ મહાત્માઓ ! વડીલવર્યો ! હું ત્હમારી સમક્ષ ઉપદેશ કરવાને લાયક નથી જ; એક અલ્પજ્ઞ છતાં માત્ર ભકિતભાવથી—અંતરના પ્રેમથી આટલી અરજ કરી છે. તે આપના પવિત્ર હૃદયમાં જગા પામો એજ પ્રાર્થના છે.

મુનિ નાગચંદ્ર ( કચ્છ-પત્રી )

---

**ખુશ ખબરઃ**—કચ્છમાં સાધુમાર્ગી જૈન ધર્મના એ સમ્પ્રદાયના મુનિવરોએ એક 'પરિષદ્' અથવા સભા કરીને જે ઉદયના રસ્તા ગોઠવ્યા છે તે તરફ હમણાં હમણાં આખા હિંદનું લક્ષ ખેંચાવા લાગ્યું છે. એ પરિષદ્નો રિપોર્ટ ગુજરાતી અને હિંદી ભાષામાં પ્રસિદ્ધ થઇ ચુકયો છે અને હમણાં માલવા—મારવાડના સાતેક મુનિવરો એ (કેળવણીમાં પાછળ પડેલા) દેશમાં પણ સાધુ પરિષદ્ ભરવાની હીલચાલ કરવા લાગ્યા છે. એ શુભ દિવસ કયારે આવે કે જ્હારે સુમારે પચાસેક મુનિવરો ઉચ્ચ જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કરી, સંઘાડાના મતભેદ અને સાંકડા વિચારોને દેશવટો દઇ, આખા જગત પર ઉપકાર કરવા નિકળી પડે !

# ગુપ્ત જ્ઞાન.

માણસો જેને 'મૃત્યુ' કહેછે તે એક સ્થિત્યંતર માત્ર છે; તે સ્થિતિ પછી 'હું' નાશ પામતો નથી પણ માત્ર 'હું' ઉપરનું હાડમાંસનું શરીર જેને જૈન શાસ્ત્ર ઉદારીક **શરીર** એવા નામથી ઓળખાવે છે તે શરીર જમીનમાં દાટવાથી કે અગ્નિમાં બાળવાથી પંચભૂતમાં ભળી જાય છે અને બાકીનાં બે શરીરો એટલે કે **તેજસ્** અને **કાર્મણ** શરીર તો 'હું' અથવા 'આત્મા'ની સાથે જાય છે. **થીઓસોફીસ્ટો** કહે છે કે 'ઇચ્છા શરીર' અને 'માનસિક શરીર' એ બન્ને, આત્મા સાથે જાયછે. કેટલું બધું મળતાપણું !

જીવના અનંત 'પ્રદેશ' છે એટલે કે જીવ એક અમર્યાદ પોલાણ છે એમ જૈન શાસ્ત્ર માનેછે અને ત્હેના દરેક પ્રદેશમાં સમયે સમયે અનંત પરમાણુ ( જડ પદાર્થનું ન્હાનામાં ન્હાનું રૂપ ) નો સ્પર્શ થાય છે. આ પરમાણુંઓના અનેક ભેદ છે. કેટલાક પરમાણું આંખે દેખી શકાય છે તેથી આપણે ત્હેનું અસ્તીત્વ કબુલ કરીએ છીએ, પણ જેમ હવા એક પદાર્થ છે છતાં ત્હેના પુદ્‌ગળ જોઇ શકાતા નથી તેમ તેથીએ વધારે સૂક્ષ્મ પરમાણુંઓથી બનેલું તત્વ 'ઇચ્છા' છે, અને તેથીએ વધુ સૂક્ષ્મ પરમાણુંઓથી બનેલું તત્વ '**વિચાર**' છે. એ ઇચ્છા અને **વિચાર** નામના સૂક્ષ્મ પદાર્થોને આંતર્ દૃષ્ટિવાળાઓ જોઇ પણ શકેછે અને જૈન ધર્મમાં તો દરેક જાતના પરમાણુંને વર્ણ, ગંધ, સ્પર્શ અને રસ હોવાનું બતાવ્યું છે. મતલબ કે ઇચ્છાઓ અને વિચારોનાં બનેલાં બન્ને શરીરો કાલ્પનિક નથી પણ વર્ણ, ગંધ, સ્પર્શ અને રસ એટલા ગુણોવાળાં અને અમુક મર્યાદાવાળાં શરીર છે, અને અમુક પાયરીએ પહોંચેલા મનુષ્યોએ તે શરીરોને પોતે જોઇને ત્હેનો ખ્યાલ બીજાઓને આપવા માટે ચિત્રો પણ તૈયાર કર્યાં છે.

હમણાં, આ સ્થળે, એક દાખલા તરીકે આપણે અરિહંતના 'કાર્મણ શરીર'ની વાત લઇશું. જે અંગ્રેજી પુસ્તકમાં આ ( અરિહંતના ) કાર્મણશરીરનું મનોહર ચિત્ર આપ્યું છે એ પુસ્તકમાંના વિચારોને આપણે તપાસીશું તથા જૈન શાસ્ત્રમાં વર્ણવેલા અરિહંત પ્રભુના અતિશયોનું વર્ણન પણ તપાસીશું. બેનું મળતાપણું—**શબ્દોમાં** નહિ પણ **ભાવમાં** બન્નેનું મળતાપણું આપણને આનંદ આપ્યા સિવાય રહેશે નહિ.

# जैन दृष्टि.

જૈન શાસ્ત્રો અરિહંતના ૩૪ અતિશય માને છે, જેમાંના ૪ તો ત્હેમના જન્મથી જ સાથેજ આવેછે. એ જીવ એટલો ઉત્ક્રાન્ત હોય છે કે, પૂર્વ શુભ કર્મોના પરિણામ તરીકે ત્હેમના 'કાર્મણ શરીર'ના પુદ્ગળો શુભ હોઇ સ્થૂલ શરીર પણ અનંત રૂપમય, સુગંધમય, રોગરહિત, પરસ્વેદ તથા મળરહિત હોય છે. ત્હેમનો આહાર-નિહાર અદશ્ય હોય છે—અવધિ વગેરે જ્ઞાનવાળાજ તે જોઇ શકેછે. ત્હેમના શ્વાસોશ્વાસમાં પણ કમળના જેવી સુગંધી હોય છે.

તેઓ જ્યહારે ઉપદેશ આપે છે ત્યહારે મનુષ્ય, તિર્યંચ, તેમજ દેવો ‡ પણ ત્હેમની ભાષા સમજી શકે છે. ઉપદેશસ્થળથી આસપાસ ૨૦૦ ગાઉ સુધી રોગ થવા પામે નહિ અને પહેલાંના રોગો ઉપશમે.* એમની પ્રષદામાં આવેલાઓ એટલી વારને માટે સ્વાભાવિક વૈર પણ ભૂલી જાય. (કારણકે શાન્તિનાં કીરણો ત્હેમના કાર્મણ શરીરમાંથી પુર જોશથી વહ્યા કરતા હોય છે.) બાર સૂર્યના તેજવાળું 'ભામંડલ' હોય છે.**

---

‡ જે કાર્મણ શરીર—Thought Body માંથી વિચારો વહેતા વહેતા સ્થૂલ મ્હોં દ્વારા 'પ્રકટ' થાય તે કાર્મણ શરીરમાં તે તે વિચારોની તુજરીઓરૂપ હીલચાલ દેવો જોઇ શકે છે તેથી તેઓ ભગવાનનો ઉપદેશ પોતાની ભાષા (કે જે સ્થૂળ પુદ્ગલમય નથી) માં સમજી જતા હોય, એમ હશે ? સત્ય કેવળી ગમ્ય.

* ત્હેમના કાર્મણ શરીરનું ભવ્ય ચિત્ર જોતાં આ વાત તુરત સમજાઇ શકે છે. એ સંબંધી ખુલાસો આગળ વાંચવામાં આવશે.

** મી. લેડબીટર લખેછે કે, અર્હતોના કાર્મણ શરીરનો ખ્યાલ આપવો અતિ દુષ્કર છે. ત્હેનો ભવ્ય પ્રકાશ અને સુંદરતા કલ્પનામાં પણ આવી શકે નહિ તેવી છે. સ્થૂલ ભાષામાં સૂક્ષ્મ વસ્તુઓનો ચીતાર કોણ આપી શકશે ? (આટલું લખવા છતાં ત્હેણે તે રસ્તે ખાંડોખોબડો પ્રયાસ તો કર્યો છે અને ગુલાબી, પીળો, લીલો, વાદળી, વગરે આછા રંગોના કુંડાળા બનાવીને ત્હેમાં સફેદ કીરણો ચોબાજુથી પ્રકાશતાં હોય એવું એક ચિત્ર પણ આકર્ષણ કરે તેવું બનાવ્યું છે. આ ચિત્રને પોતેજ તદ્દન અપૂર્ણ જણાવેછે.)

તેઓ ચાર મુખે કરી ધર્મદેશના દેછે; સ્થૂલ મુખ તો સર્વ મનુષ્યો આફક એકજ હોય છે પરન્તુ બીજાં ત્રણ મુખો દૈવી શક્તિથી રચાય છે.

મણિ, સુવર્ણ અને રૂપાના એમ ત્રણ ગઢ બને છે. * * *

આ ઉપરાંત અશોક વૃક્ષ વગેરે ૩૪ અતિશયો જૈન શાસ્ત્રોમાં વર્ણવ્યા છે. આ વર્ણન કેટલાકોને અતિશયોક્તિ ભરેલું લાગતું હશે અને અધુરી કેળવણી પામેલાઓ એમ માને છે પણ ખરા; તથાપિ મ્હને તો દિવસે દિવસે એમ જણાતું જાય છે કે આ વર્ણન લખનારાઓએ અતિશયોક્તિ નહિ પણ ન્યુનોક્તિ કરી છે, **વધારે** નહિ પણ **ઘણુંજ ઓછું** વર્ણન કર્યું છે. એક **અ**ર્હતના કાર્મણ શરીરનો પ્રકાશ, ભવ્યતા, મનોરંજકતા અને જિવનમય-પણું: આ સર્વનું વર્ણન—એ **સૂક્ષ્મ** પદાર્થોનો ફોટો આપણા ઉદારીક મ્હોંમાં કે સ્થૂલ કલમમાં કે કાચમાં કેમ કરી સમ્પૂર્ણ રીતે આવી શકે? એ થવુંજ અશક્ય છે. તથાપિ જે મહાભાગોએ એ શરીરની જરા પણ

*** Compare the three bodies that surround the God—the Atman. The Physical body is the least valuable of the three, it is like *Silver*. The *Tejas* or Desire Body is like *Gold*. And the innermost or *Karmân* (Mental) Body is like a *precious stone*. In splendour, the three bodies of Arhat, much resemble silver, gold and precious stone respectively. The innermost body shines like 12 Suns, but that glory and that light cannot fully manifest themselves on the *Tejas* Sharir. Still less does the splendour of the inner body manifest itself in the outer garb called the ઉદારિક or સ્થૂલ શરીર or physical body. However, so immense is the power of an Arhat's Karman Sharir that even the physical body cannot but borrow the various wonderful phenomena such as are described above. "This explanation is my own. Having not cultivated the inner sight or clairvoyant power, it *may be* faulty. The reader may take it for what it is worth.—V. M. S.

'ઝાંખી' કરી છે તેઓ બીજાને હેનો ખ્યાલ આપવા આવાં જેટલાં વર્ણન લખે તેટલાં અપૂર્ણ જ રહેશે.

હવે આપણે અંગ્રેજી પુસ્તકમાં અર્હતના વર્ણનમાં શું લખ્યું છે તે તપાસીએ.

## अर्हत्‌नुं कार्मण शरीर [CAUSAL BODY]

સ્થૂલ ભવન પર એટલે કે કાગળ કે કૅનવાસ પર, સૂક્ષ્મ ભવનની ચીજ બરાબર ઉતારવી એ તદ્દન અશક્ય છે. તેથી અર્હત્ એટલે કે એક માણસે પ્રાપ્ત કરવા જેવી અંતીમ દશાને પામેલા પુરૂષનું ચિત્ર આળેખવાનું સાહસ કરવું એ ખરેખર 'સાહસ' જ છે.

અર્હત્‌નું કાર્મણ શરીર ઘણુંજ વિસ્તાર પામેલું હોય છે. અને તે સૂર્ય જેવા ભભકાથી—જેની કલ્પના પણ ન થઇ શકે એવા તેજ અને સૌંદર્યના મિશ્રણથી પ્રકાશી રહેલું હોય છે. હેની આકૃતિ અને રંગોનું વર્ણન આપવાને વૈખરી વાણીમાં શબ્દો જ નથી. આવા શરીરનો ખાસ અભ્યાસ કરવો જરૂરનો છે, તો જ હેનો કંઇક ખ્યાલ આવી શકે; પરન્તુ એવો અભ્યાસ અમુક ગુણસ્થાનકે—સત્‌ના માર્ગની અમુક હદે પહોંચેલા મનુષ્ય સિવાય બીજાથી થઈ શકે જ નહિ. તથાપિ આટલું તો જોઇ શકાય છે કે સામાન્ય મનુષ્યના કાર્મણ શરીર કરતાં અર્હત્‌નું કાર્મણ શરીર વધારે મ્હોટું હોય છે અને એમાંના રંગો પણ જૂદીજ રીતે ગોઠવાયલા હોય છે. *

ચિત્રની અંદર વચ્ચોવચ્ચ એક વટાણા જેટલી જગામાં સ્થૂલ અથવા ઉદારિક શરીરનો ઝાંખો દેખાવ ઇંડાકૃતિથી આપ્યો છે. તે સફેદ રંગમાં ** છે. એની પછીનું ઇંડાકૃતિનું કુંડાળું પીળા રંગનું છે, તે પછીનું તેવુંજ કુંડાળું ગુલાબી રંગનું, તે પછીનું વાદળી રંગનું, તે પછીનું, લીલા રંગનું, તે પછીનું છેકજ આછા ગુલાબીને મળતા રંગનું (શ્રેષ્ટ અધ્યાત્મવૃત્તિનું) છે. તે પછીના ગોળ કુંડાળામાં થોડે થોડે છેટે ઉપલા બધા રંગો ગોઠવાયલા છે.

છેક અંદરના મધ્ય બિંદુથી છેક બહારના કુંડાળા સુધ, વર્તુલમાંથી

---

* રંગોનો ખુલાસો પણ ઘણો સમજવા જેવો છે. પીળો રંગ બુદ્ધિનો હોય છે, ગુલાબી રંગ નિર્મળ—નિઃસ્વાર્થ પ્રેમ ભાવનાનો હોય છે, વાદળી રંગ નિર્મળ ધાર્મિક વૃત્તિનો હોય છે, લીલો રંગ adaptability સઘળાને અનુકૂળ થવાની વૃત્તિનો હોયછે. આથી ઉલટા ગુણોના રંગો જૂદા છે, જેનું વર્ણન કરતાં ઘણી જગા રોકાય તેમ છે.

** જૈનશાસ્ત્રો ત્રીગડા ગઢમાં છેલ્લો બહારનો ગઢ રૂપાનો કહછે તે વાત સરખાવો.

જેમ ત્રિજ્યા (Radii) નીકળે તેવી રીતે, પ્રકાશાત કીરણો ભભુકી નીકળે છે.

આ રંગો ચિત્રમાં બરાબર દોરી શકાયજ નહિ હેનું કારણ એ છે કે, તે રંગો સામાન્ય માણુસોના કાર્મણ શરીરના પુદ્ગલ કરતાં પણ વધારે બારીક—નાજુક—ethereal હોય છે તથા તે સાથે તેનાથીએ બારીક પુદ્ગળમાં પરન્તુ તે ઘણા જ 'ભર્યા—ભર્યા' હોય છે, ઘણાજ ચળકતા અને તેજસ્વી હોય છે. હવે જો આપણે ચિત્રમાં આછો રંગ આપીએ છીએ તો 'ભર્યા—ભર્યા'નો દેખાવ આવી શકતો નથી અને ઘેરો રંગ આપીએ છીએ તો સૂક્ષ્મપણાનો ખ્યાલ આપી શકાતો નથી.

આ ચિત્રમાં વચ્ચેનો ભાગ ( વટાણા જેટલો ભાગ ) સ્થૂલ અથવા ઉદારીક શરીરનો છે, જ્યારે તેથી અનેક ઘણા વિસ્તારવાળો ભાગ સૂક્ષ્મ શરીરનો છે. હેમાં બુદ્ધિ, પ્રેમ, ભક્તિ વગેરે ગુણો સ્પષ્ટ દેખાઇ આવે છે. આ માણુસ દ્વારા પરમાત્મ તત્વ પ્રગટ થાય છે. સફેદ પ્રકાશનાં બાણુ રૂપે તે શરીરમાંથી કીર્તિ અખંડીત રીતે ફેંકાયા કરે છે અને હેની આસપાસ મેઘ ધનુષ્યના રંગો હીરા માફક ઝળકે છે. તે Radiation (અંશુસ્ફુરણ) માં એવો કાંઇ અકથ્ય ગુણ રહેલો છે કે હેની સમીપમાં આવનારા દરેક મનુષ્યની અંદરના ઉચ્ચતમ ગુણોને તે ખીલવે છે—પછી તે ગુણો ગમે તે નામના હોય. આ પ્રમાણે એમના સહવાસમાં આવતો દરેક માણુસ ફાયદો પામ્યા વગર રહેતો જ નથી.

જોનારો માણુસ પોતે જે ગુણસ્થાનક ઉપર ઉભો હોય અર્થાત્ પોતે જે ભૂવન સુધી પહોંચ્યો હોય તે પ્રમાણુમાં અર્હતના શરીરને જોઈ શકે. માત્ર સ્થૂલમાં રમી રહેલો મનુષ્ય અર્હતના સુંદર ઉદારિક શરીરને જ જોઇ શકે છે અને હેનાંજ વખાણ કરે છે; પણ એ રૂપ તો બે પડમાં થઇને દેખાતું હોવાથી અંદરના રૂપ જેટલું તેજસ્વી નથી હોતું. વિશેષ આગળ વધેલો જોનારો તેજસ્ શરીર, અને તેથી આગળ વધેલો જોનારો કાર્મણ શરીર જોઇ દિગ્મૂઢ બની જાય છે.

મનુષ્યો ! આ બધું ઝાંખું ઝાંખું વર્ણન હમને શું શીખવે છે? હમે જેને આજે દુષ્ટ પુરૂષો માનોછો હેમની પાછળ પણ કાંઇક અમૂલ્ય ચીજો રહેલી છે—જે હમણાં હમારાથી છૂપી છે, અને જે એક દિવસ વિકાસ પામીને ઉપર કહ્યું તેવી પ્રકાશીત સ્થિતિમાં આવનાર છે. માટે હમે કોઇને ધિક્કારશો નહિ. આપણામાં વધારે જ્ઞાન હોય, વધારે ગુણ હોય તો તે ઓછા જ્ઞાન કે ગુણવાળાને ધિક્કારવા માટે નહિ પણ એ ઓછા જ્ઞાન—ગુણવાળાની અંદર ઢંકાયલા ઉગ્ર જ્ઞાન-ગુણને જોવા અને હેને ખીલવવાના રસ્તા હેને શીખવવા માટે છે, એમ આપણે સમજવું જોઇએ.

# સાયન્સને આધારે શોધાયલું 'ગુપ્તજ્ઞાન' ઈશ્વર સંબંધી કેવી માન્યતા શિખવેછે ?

જૈન ધર્મ પર સામાન્ય રીતે 'નાસ્તિક' હોવાનું તહોમત કેટલાક અણસમજુ મનુષ્યો તરફથી મૂકવામાં આવે છે. પરન્તુ જૈન સાધ્વીજી શ્રીમતી બાલબ્રહ્મચારિણી સતી પાર્વતીજીએ એ સમ્બન્ધમાં પોતાના પુસ્તકમાં ખુલાસો કરતાં અચ્છી રીતે સમજાવ્યું છે કે જૈનો ઇશ્વરને અવશ્ય માને છે, માત્ર ઇશ્વરમાં કર્ત્તાપણું આરોપી એને દોષીત બનાવવાનું પસંદ કરતા નથી. એટલા માટે તેઓ 'નાસ્તિક' નહિ પણ 'આસ્તિક' જ છે. તેણી આગળ વધીને આસ્તિક—નાસ્તિકની વ્યાખ્યા સમજાવતાં જણાવે છે કે, અમુક છ તત્ત્વની બાબતોને માનનારા એ સર્વ 'આસ્તિક' ગણાવા જોઇએ.

જૈનો ઈશ્વરને માનવા છતાં—ઇશ્વરનું અસ્તીત્વ માનવા છતાં ત્હેનામાં કર્ત્તાપણું નથી આરોપતા તો પછી આ દુનિઆની ઉત્પત્તિ વગેરે સંબંધી ખુલાસો કેમ આપી શકશે, એવો સવાલ કેટલાક હિંદુઓને ઘણીવાર ઉદ્‌ભવ્યો છે. પરન્તુ આ બાબતમાં જૈનોનો જવાબ રજુ કરવા કરતાં ખુદ વેદાંત વગેરેના આધારે અને 'સાયન્સ' અથવા પદાર્થવિજ્ઞાન શાસ્ત્રની મદદથી ઉપદેશ કરનાર થિઑસૉફી નામે મંડળ તરફથી જે ખુલાસો રજુ કરવામાં આવેછે તે જ અત્રે પ્રગટ કરવા મ્હને પ્રેરણા થાય છે. 'થીઓસૉફી' નામના પુસ્તકમાંથી અક્ષરે અક્ષર ટંકાયલા નીચેના ખુલાસામાંથી કેટલાક જૈનોને પણ ઘણું જાણવાનું મળશે.

તે શબ્દો, જેમ છે તેમ, આ નીચે આપુંછું:—

**પ્રશ્ન**—'થિઑસોફી" ઇશ્વર અથવા તો ખુદાની હસ્તિ કબુલ રાખે છે કે નહીં ?

**ઉત્તર**—ઇશ્વર શબ્દનો તમે કેવો અર્થ કરોછો તે ઉપર તમારા સવાલનો આધાર રહે છે.

**પ્રશ્ન**—તમામ પેદાયશને પેદા કરનાર તથા તે ઉપર અમલ કરનાર કોઈ એક ધણી તે ઇશ્વર.

**ઉત્તર**—જો ઇશ્વર તેની પેદા કરેલી પેદાએશ અથવા સૃષ્ટિથી અલગ છે અથવા તો કુંભાર અને તેના માટલાના જેવો ઇશ્વર અને સૃષ્ટિનો સંબંધ છે એમ સમજાવવામાં આવતું હોય તો તેવા ઇશ્વરની હસ્તિ 'થિઑસોફી' કબુલ રાખતી નથી, કારણ કે તેમ કરવાનું કાંઇ કારણ જણાતું નથી.

**પ્રશ્ન**—એવા ઇશ્વરની હસ્તિ નાકબુલ રાખવાનાં મેહેરબાની કરીને કારણ આપો.

**ઉત્તર**—એક તો એવા ઇશ્વરના માનનારાઓ તેને અનન્ત એટલે હદ વગરનો અથવા તો સર્વ ઠેકાણે વ્યાપેલો (Infinite) માને છે; અને વળી તે કોઇથી પણ પેદા થયેલો નહીં પણ પોતે સર્વથી પહેલો અને કોઇ પણ વસ્તુના આધાર વગર રહેલો (Absolute) છે એવું પણ માને છે.

**પ્રશ્ન**—હા, ઇશ્વર અનન્ત અથવા સર્વ ઠેકાણે વ્યાપેલો હોવો જ જોઇએ, તેમજ વળી કોઈપણ વસ્તુના આધાર વગરનો, અને સર્વ વસ્તુથી પહેલો તે જ હોવો જોઇએ.

**ઉત્તર**—ત્યારે જો અનન્ત અથવા હદ વગરનો હોય તો તેને કોઇ પણ જાતનો આકાર હોઇ શકેજ નહીં. કેમકે આકારને હદ હોવીજ જોઇએ. તેમજ હદ વગરનો હોય તો તે સર્વ ઠેકાણે હોવો જોઇએ, અને જો સર્વે ઠેકાણે તે પોતેજ હોય તો તેનાથી સૃષ્ટિ ઉત્પન્ન થઇ શકેજ નહીં, કારણ કે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની જગ્યાજ ક્યાં રહી ? વળી સૃષ્ટિને બનાવવા માટે તેના બનાવવારને હીલચાલ તો કરવી જ પડે, કે જે અનન્ત (Infinite) અને કેવળ (Absolute) ને સંભવતું નથી; માટે તમો ધારો છો તેવા ઇશ્વરથી સૃષ્ટિ પેદા થઇ શકેજ નહીં. બીજું કારણ એ છે જે ઇશ્વર જો તેની બનાવેલી સૃષ્ટિથી જુદો હોય અથવા તો ઇશ્વર એક અને તેની બનાવેલી સૃષ્ટિ બીજી હોય તો સૃષ્ટિ બનાવવામાં જે પદાર્થ જોઇએ તે ઇશ્વિર ક્યાંથી લાવ્યા એ સવાલનો જવાબ આપી શકાતો નથી, કારણ કે સૃષ્ટિની હસ્તિની અગાઉ એક ઇશ્વર શિવાય બીજું કાંઇ હતું જ નહીં એવું આપણે કબુલ રાખીએ છીએ; માટે જેમ કુંભાર ઘડો બનાવે તેમ કોઇ એક ઇશ્વરે સૃષ્ટિ બનાવી હોય એમ બીલકુલ સંભવતું નથી. ત્રીજું કારણ એ છે જે ઇશ્વરને એક તરફથી મહા દયાળુ અને ઇનસાફી માનવામાં આવે છે અને બીજી તરફથી તેજ ઇશ્વરની ઇચ્છા પ્રમાણે સર્વને સુખ અથવા દુઃખ મળે છે એમ પણ માનવામાં આવે છે, પણ જો ઇશ્વરની પ્રમાણે એક જણ જન્મથી સુખી અને બીજો દુઃખી થતો હોય તો તેવો ઇશ્વર મહા દયાળુ કે ઇનસાફી બીલકુલ કહેવાય નહીં, માટે તેવા ઇશ્વરની હસ્તિ સંભવતી નથી. ચોથું કારણ એ છે કે જે લોકો એક તરફથી ઇશ્વરને સર્વશક્તિવાન ગણે છે તેઓ બીજી તરફથી જગતમાં ચાલતાં

બીજું કારણ કોઇ 'સેતાન' હોવો જોઇએ એમ પણ માને છે, પણ જો એમ માનવામાં આવે તો તેથી સર્વશક્તિમાન ઇશ્વરમાં 'સેતાનનો' નાશ કરવાની શક્તિ નથી એવું સાબેત થાય છે. માટે તેવો ઇશ્વર સર્વશક્તિમાન હોઇ શકે જ નહિ. પાંચમું કારણ એ છે કે એક તરફથી ઇશ્વરને સર્વજ્ઞતા એટલે કે ભૂત, ભવિષ્ય કાળની અથવા આગલી પાછલી વાતોનો જાણનારો માનવામાં આવે છે અને વળી બીજી તરફથી તેજ ઇશ્વરનો પેદા કરેલો ફરેસ્તો તેની સામે થઇ 'સેતાન' થઇ ગયો એવું માનવામાં આવે છે, પણ જો તેમ હોય તો સર્વજ્ઞ ઇશ્વિરને એમ થવાનું છે તેની ખબર અગાઉથી પડી નહીં એવું સાબિત થાય અને તેવો ઇશ્વિર સર્વજ્ઞ અથવા આગલુ પાછલું જાણનારો કહેવાય નહીં. વળી જે ઇશ્વરને અનન્ત અથવા સર્વ ઠેકાણે એક સરખી રીતે વ્યાપેલો માનવામાં આવે છે તેજ ઇશ્વરને સ્વર્ગ અથવા બેહેસ્તમાં મળવાની કેટલાક લોકો આશા રાખે છે, કે જે બે વાતો એકમેકથી ઉલટી તેમજ અકલથી પણ ઉલટી છે. અનન્તને આકાર હોઇ શકે જ નહીં તો પછી તે બેહેસ્તમાં કે કોઇ અમુક જગ્યામાં કેવી રીતે બેસી કે ઉભો રહી શકે? માટે સ્વર્ગ અથવા બેહેસ્ત જેવી કોઇ અમુક જગ્યામાં બેસીને લોકોનાં દુઃખોનો તમાસો જોનારો ઇશ્વર કે ખોદા એ માત્ર આળસુ અને અભણ લોકોના મગજમાંથી જ નિકળેલો છે એમ જણાય છે. એવા ઇશ્વરની હસ્તિ અકલ કબુલ કરી શકતી નથી, કારણ કે તર્ક શાસ્ત્ર (Logic) ના આધારે ખોટી ઠરે છે; એટલા વાસ્તે સમજુ માણસોએ એવા ખોટા વિચારોને વળગી બેસવું વ્યાજબી નથી.

**પ્રશ્ન**—ત્યારે તો એમ સાબિત થાય છે કે 'થિઑસોફીસ્ટો' નાસ્તિક (Atheist) છે અને એક ઇશ્વરના માનનારા નથી.

**ઉત્તર**—લોકોના મગજમાંથી પેદા થયેલા ઇશ્વરની હસ્તિ નાકબુલ કર્યાથી નાસ્તિકપણું સાબિત થતું નથી.

**પ્રશ્ન**—ત્યારે તમામ સૃષ્ટિનો પેદા કરનાર કોણ? અને તમે કયા ઇશ્વરની હસ્તિ માનો છો તે મેહેરબાની કરીને કહો.

**ઉત્તર**—'થિઑસોફી' અથવા ગુપ્ત વિદ્યા એક મૂળ 'વસ્તુ' જે સર્વ પેદાએશના આધારરૂપ છે તેની હસ્તિ કબુલ રાખે છે; કે જે અખંડ એકજ સર્વ પોલાણ માત્ર જ (Absolute Abstract Space) છે. જેની શરૂઆત—મધ્ય કે અંત નથી. અને તેમાંથીજ અમુક વખતે

સૃષ્ટિ હસ્તિમાં આવે છે અને અમુક વખત સુધી હસ્તિમાં રહી પાછી તેમાંજ લય (Dissolve) થઇ જાય છે. એવી રીતે રાત અને દિવસની માફક થયા કરે છે.

**પ્રશ્ન**—સૃષ્ટિ હસ્તિમાં આવી તે અગાઉ કઇ વસ્તુ અથવા શું હતું તે ખુલી રીતે કહો.

**ઉત્તર**-સૃષ્ટિ હસ્તિમાં આવ્યા અથવા **પ્રગટ** (Menifest) **થયા** અગાઉ માત્ર એક હદ વગરનું પોલાણુ અથવા જગ્યા (Infinite Abstract Space) શિવાય બીજું કંઇજ હતું નહીં. તેની શરૂઆત કે છેવટ નહીં હોવાને લીધે તે સદા છેજ અને સદા નેથી એમ કહીએ તો ચાલે. એ પોલાણુ—અવકાશ (Space) જાતે શું છે તે જાણવું તદ્દન જ અશકય છે માટે તેની ઉપર કલ્પના કરવી એ પણ બિલકુલ ફોકટ છે. તે તમામ પોલાણુજ સર્વ સૃષ્ટિનું મૂળ અને અર્ક છે અને તેમાંથીજ સૃષ્ટિ પ્રગટ થાય છે. સૃષ્ટિ પ્રગટ થયા અગાઉ માત્ર તેજ હદ વગરનું પોલાણ હસ્તિ ધરાવે છે, કે જે અખંડ એકજ 'સત્' હોવાથી નથી ઓછું થઇ શકતું, કે નથી વધી શકતું, નથી તેને કાપી શકાતું કે નથી તેના ભાગ થઇ શકતા, તેમજ નથી તેનું ઠેકાણું બદલાવી શકાતું, કારણ કે સર્વ ઠેકાણે તે શિવાય બીજું કંઇ છેજ નહીં. તેને હિંદુ શાસ્ત્રમાં **'પરબ્રહ્મ'** (એટલે બ્રહ્મની અગાઉનું) કહેવામાં આવે છે. તેમજ 'કેએસ્તોએ' તેને **'એનસુફ'** કહેલું છે, અને માજદીયશની ધર્મમાં જેને **'ઝરવાને અકરને'** (Boundless Space) કહેલું છે તેની હસ્તિ ગુપ્તવિદ્યા કબુલ રાખે છે, કે જે મુળ 'વસ્તુ' (તે કાંઇ વસ્તુ નથી એ ધ્યાનમાં રાખવું) સુક્ષ્મ અથવા પાતળી હાલતમાં ચૈતન્ય (Spirit Energy Consciousness) તરીકે તેમજ તમામ શક્તિઓ તરીકે હસ્તિમાં આવે છે, અને તેજ મૂળ 'વસ્તુ' સ્થૂલ રૂપે એટલે ઘટ હાલતમાં નકર પદાર્થ તરીકે હસ્તિમાં આવે છે, કારણકે તે શિવાય બીજી વસ્તુની હસ્તિ છેજ નહીં.

**પ્રશ્ન**—'પરબ્રહ્મ' અથવા 'ઝરવાને અકરને' શું છે તે જાણવું અશકય છે એમ કહેવાનું કારણ શું?

**ઉત્તર**—'પરબ્રહ્મ' સંબંધી કાંઈ પણ કલ્પના અથવા વિચાર થઇ શકતો નથી, તેમજ તે અનિર્વચનીય (indescribable) અથવા વર્ણન નહીં કરી શકાય એવો છે. તે કલ્પનામાં આવે એમ નથી તેનું કારણ એ છે કે કોઇ પણ વસ્તુનો વિચાર કરતી વેળાએ તે વસ્તુને આપણે મનમા

બીજી નહીં વિચાર કરવામાં આવતી વસ્તુઓથી જુદી પાડીએ છીએ, કારણકે તેમ કર્યા વગર વિચાર થઈ શકેજ નહીં; પણ 'પરબ્રહ્મ' હદ વગરનું અખંડ પોલાણ હોવાને લીધે તેવી રીતે જુદો પાડી શકાતો નથી, માટે તે ઉપર વિચાર કરવો અશક્ય થઇ પડેછે, તેમજ તેનું વર્ણન કરવું પણ અશક્ય છે, કારણકે કોઇ પણ વસ્તુનું વર્ણન કરતાં તે લાંબી છે—પોહળી છે—રાતી છે—પીળી છે વગેરે તેના ગુણોનું વર્ણન થાય છે, પણ 'પરબ્રહ્મ' તો નિર્ગુણ, નિરાકાર છે, કારણ કે ગુણથી વસ્તુની હદ બંધાય છે અને 'પરબ્રહ્મ' તો હદ વગરનું પોલાણ છે માટે તેને કાંઇ પણ ગુણ લાગુ કરી શકાતો નથી અને તેથી તેનું વર્ણન થઇ શકતું નથી. માત્ર એટલુંજ જાણવું જોઇએ કે સર્વ ઠેકાણે વ્યાપેલું એક 'સત' જેને 'પરબ્રહ્મ' અને 'ઝરવાને અકરને' વગેરે કહેવામાં આવે છે તેમાંથી જેમ પાણીમાં પરપોટા થાય તેમ અસંખ્ય સૃષ્ટિઓ નીકળે છે અને પાછા પરપોટા બેસી જાય છે તેમ તેમાંજ સમાઇ જાય છે. વળી ફરીથી પ્રગટ થાય છે અને ફરીથી તેમાંજ લય (disintigrate) થઇ જાય છે. જેમ ભરતી અને ઓટ એક પછી એક થયા કરે છે તથા રાત અને દિવસ વગેરે વખતો વખત થયા કરે છે તેમજ 'પરબ્રહ્મ' માંથી સૃષ્ટિ પ્રગટ થાય છે અને પાછી અમુક વખત પછી તેમાંજ લય થઈ જાય છે. એમ છતાં 'પરબ્રહ્મ' સૃષ્ટિથી અલગ છે એમ ધ્યાનમાં રાખવાનું છે, અને તે એવી રીતે કે તમામ સૃષ્ટિ ત્રણ ભાગમાં વેહેંચાઈ જાય છે, એક તો જ્ઞાતા (જાણનાર અથવા જે બીજાને જાણે તે—(Knower) બીજું જ્ઞાન (જાણવાપણું અથવા તેનાથી જણાય તે—(Knowledge) અને ત્રીજું જ્ઞેય (જે વસ્તુ જાણવામાં આવે તે—Thing known); સૃષ્ટિમાં કોઇ પણ વસ્તુ એવી જ હોઇ શકેજ નહીં કે જે એ ત્રણ ભાગમાંના કોઈ એક ભાગમાં પણ આવી નહીં શકે; પણ 'પરબ્રહ્મ' એ ત્રણેમાંની એક પણ નથી પણ તે એ ત્રણેનું મૂળ છે એમ સમજવું.

**પ્રશ્ન**—પણ જો 'પરબ્રહ્મ' માંથી સૃષ્ટિ પ્રગટ થતી હોય તો 'પરબ્રહ્મ જ' સૃષ્ટિનો કર્ત્તા અથવા પેદા કરનાર કહેવાય.

**ઉત્તર**—નહીં, 'પરબ્રહ્મ' સૃષ્ટિનો કર્ત્તા નથી. જેમ પાણીમાંથી પરપોટા થાય છે પણ પાણી પરપોટાનો કર્ત્તા છે એમ કહી શકાતું નથી, તેમજ 'પરબ્રહ્મ' માંથી સૃષ્ટિ બહાર આવે છે અથવા તો પ્રગટ થાય છે પણ 'પરબ્રહ્મ' સૃષ્ટિનો કર્ત્તા નથી.

**પ્રશ્ન**—પણ પાણીમાંથી પરપોટા થવાનું કારણ તો પાણી ઉપર થતી

પવન વગેરેની બહારની અસરો છે, અને તેજ પ્રમાણે જોતાં જો 'પરબ્રહ્મ' સૃષ્ટિનો કર્ત્તા નથી તો 'પરબ્રહ્મ' માંથી સૃષ્ટિ પ્રગટ થવાનું કારણ શું?

ઉત્તર—તમામ સૃષ્ટિમાં જેમ ભરતી પછી ઓટ અને ઓટ પછી દિવસ અને દિવસ પછી રાત એમ સર્વે કંઇ નિયમ પ્રમાણે થયું જાય છે, તેવીજ રીતે 'પરબ્રહ્મ'માંથી સૃષ્ટિ પ્રગટ થાય છે અને અમુક વખત પછી પાછી તેમાંજ સમાઈ જાય છે અને વળી પાછી પ્રગટ થાય છે. જેમ રાતે ઉંઘમાં પડેલો માણસ નહીં સરખો થાય છે પણ ઉંઘ પુરી થતાં જે બીછાનામાં તે સુતો હોય તે બીછાનું કાંઇ તેને જાગ્રત કરતું નથી પણ તે પોતાની મેળેજ જાગ્રત થાય છે તેવીજ રીતે 'પરબ્રહ્મ'માંથી વખત પ્રમાણે સૃષ્ટિ પ્રગટ થાય છે અને તેનું અધુરૂં રહેલું કામ પાછું ચાલવા માંડે છે. એવી રીતે રાત અને દિવસની માફક અનાદિ કાળથી ચાલતું આવ્યું છે.

---

**Under all Circumstances**

**KEEP AN EVEN MIND.**

Take it,

***Try it,***

***Walk with it,***

Talk with it,

Lean on it,

**Believe in it,**

**FOR EVER.**

**સર્વ સંજોગોમાં એક સરખું મન રાખવું**

આ શિક્ષા લ્યો,

તેને અજમાવો,

તેની સાથે ચાલો,

તેની સાથે વાત કરો,

તેના ઉપર આધાર રાખો,

તેમાં શ્રદ્ધા રાખો,

હંમેશાં.

# જૈન ધર્મ સંબંધે નામદાર બ્રીટીશ સરકારનો અનુભવ.

બ્રીટીશ સરકારે હિંદની પ્રજા, ધર્મો, વ્યાપારહુન્નર, ભાષા વગેરે બાબતોમાં શોધખોળ કરાવીને વિદ્વાનો પાસે મ્હોટે ખર્ચે પુસ્તકો રચાવી 'ઇમ્પીરીયલ ગેઝેટીઅર' ના નામે તે પુસ્તકો બહાર પાડ્યાં છે. ત્હેમાં જૈન ધર્મ સંબંધે પણ એક લેખ છે, આ લેખ કોઇ વખતે જૈનોને કામ લાગે એમ સમજી અત્રે જેમનો તેમ આપ્યો છે; ત્હેના ભાષાંતરની હમણાં કશી જરૂર જણાતી નથી.

Jainism is the second of the heretical movements which led to the establishment of the non-Brahmanic orders, organized as a protest against the exclusiou of all but Brahmans from the ascetic fraternities. Like Buddhism, it had its rise in Magadha, and its founder, like Gautama, was drawn from the warrior class. The two teachers were contemporaries, the life of Vardhaman extending from about 599 to 527 B. C. He is said to have been the disciple of an earlier saint, Parsvanatha, tho rules of whose order did not satisfy his ideas of stringency, one of the cardinal points of which was the custom of absolute nudity. The natural inference is that Vardhaman who on the establishment of his order gained the name of Mahavira 'the great hero' was only the reformer of a sect which had its orgin in a still earlier protest against Brahman monopoly of the ascetic order. The title which he afterwards assumed Jina 'the victorious' gave a name to the order which he founded.

**Jainism contrasted with Buddhism.**

The resemblances between Jainism and Buddhism are due, not to imitation but to the fact that basis of both was the same. In both the goal is nirvana, but the term has a somewhat different connotation in the two beliefs. With the Buddhist it impliss extinction; with the Jain, escape from the body, not existence. The moral rules imposed upon neophytes are much the same in both orders, The fivefold vow of the Jains prescribes sanctity of animal life; renunciation of lying, which proceeds from anger, greed, fear or mirth; refusal to take things not given; chastity; renunciation of worldly attachments. In its metaphysics Jainism is more closely allied to the Sankhya philosophy than is Buddhism, the former recognizing a duality, eternal matter being opposed to eternal spirit. The Jain is more careful of animal life even than is the Buddhist, and to him are due those curious institutions, known as Pinjrapols or animal hospitals, in which creatures of all kinds, even vermin are protected and fed. Buddha, as we have seen, laid no stress on ascetism, while among the Jains it survives in a repulsive form.

**The Jain schism.**

The most important event in the history of the order is the schism, which led to the separation, maintained to this day, of the Swetambara, or 'white clothed' faction, who are found in the north and west of India, from the Digambara, or those 'clothed with the sky'—in other words, the naked

ascetics of the south, who are probably the older. The literatures of the two factions are quite distict, the older sacred books, the angas and purvas being possessed only by the Swetambaras.

The first Jain council, held at Pataliputra about 310 B. C., is said to have framed the Jain canon, and from this time was laid the foundation of the schism, which did not finally occur till early in the first century A. D. During the mediaeval perid, Jainism secured much political influence. It became the state religion of the Chalukya princes of Gujarat and Marwar, and of the kings of the Coromandel Coast. Many of its adherents held office as prime ministers in the Courts of Western, Central, and Southern India and to this time are due the splendid series of Jain temples such as those on Mount Abu and Girnar. On the Muhammadan conquest many of the stately Jain shrines were demolished and their carved pillars utilized in building great mosques, such as that near the Kutb Minar of Delhi at Ajmer and Ahmedabad.

Causes of the survival of Jainism.

Jainism is the only one of the early monastic orders which has survived to the present day in India. It escaped the disasters which overcome Buddhism, partly because its severance from Brahmanism was never so complete; partly because it never adopted an active missionary policy, but preferred to practise its peculiar rites in a quiet unobstrusive fashion. But the main reason is that unlike Buddhism, it admitted to its Sangha,

or Convocation, not only monks, and nuns, but lay-brothers and lay-sisters. These lay-brothren secured a well-established rank side by side with the monastic members, and thus among the Jains there was none of the rivalry between monk and lay-man which deprived Buddhism, in the later stage, of the support of the congragation at large.

Jain literature.

It is only in recent years that the vast and intricate literature of Jainism has been partially explored and there is still much to be done in the way of translation and investigation before the history of the order can be written. This ignorance of the real nature of its teaching is perhaps one cause of the contempt which the order has excited among some Western scholars. A recent writer* denies the right of existence to a faith whose principles are to 'deny God, worship man and nourish vermin.'

The Jain pantheon.

The Jain pantheon consists of a body of deified saints, Tirthankar 'creating a passage through the circuit of life' or Jina, 'those who have won the victory,' twenty-four of whom are assigned to the three ages, past, present and future. Of those the chief are the deified founders of the order Parsvanatha and Mahavira. The ascetic members of the order are known as Jati 'the continent' who hold no property, and never quit their dwellings except to beg for food. They carry a fan of goat's hair with which they remove every living creature from the

* Prof. Hopkin.

path on which they tread or the ground which they sit. *They wear a screen of cloth before their mouths,* lest they should unwittingly inhale and destroy animal life. Their bodies and clothes are filthy and covered with vermin. Their lay--brethren are known as Sravaka 'hearers', a title which has given rise to the name Saraogi by which they are commonly known in Northern India. The images of saints, statues of black or white marble, are represented as nude, in contrast to the fully-dressed figures in Buddhist shrines; but they present none of indecencies which disfigure the modern Hindu temple. Jains choose for their sanctuaries wooded hills surrounded by lovely scenery and in conformity with the retiring character of their creed, the older and most famous shrines are generally distant from the main centres of civilization. Such are the hills of Parasnath in Bengal, Palitana in Kathiawar, and mount Abu, which rises with its gems of architecture like a jewelled island from the Rajputana plains. The quiet of modern Jains in these days of toleration has adorned many of the larger mercantile cities and artistic decoration.

The numerical strength of the Jains is now 1 and 1/3 millions and it shows a tendency to decrease, but this is perhaps more nominal than real as there seems to be a growing disposition among them to describe themselves as Hindus. The line in fact, which divides them from Hindus is narrow. They employ Brahmans in their domestic rites; venerate the cow; often worship in Hindu temples; follow the Hindu law of inheritance, with the

reservation that heirship is not dependent on the performance of funeral rites; are more than Hindu in the strictness of their caste exclusiveness; permit connubium with Hindus, visit Hindu places of pilgrimage. Their main difference from Hindus consists in their 'heretical' views regarding the sanctity of the Vedas, their omission of Hindu funeral rites and their regard for special sacred places and rites peculiar to the order. But there are Hindu sects which differ as widely from orthodox tenets without being excluded from Hinduism.

Sects and distribution of Jains.

The chief seats of Jain influence are the cities and trading marts of Western India and the order is largely recruited from the merchants of Gujarat and Marwar and cultivators in the Carnatic District of Belgaum. Their sudden disappearance from the population in the direction of Sind is somewhat remarkable, and so is the fact that there are no Jains among the indigenous inhabitants of Bengal, which includes Bihar where the religion had its origin and Oressa where the caves of Undayagiri and Khanandgiri bear witness to its popularity in the early centuries of our era. The faith of nothern India commends itself to the mercantile classes, because trade is the only vocation in which the rule against taking animal life can be fully observed. Even the soil cannot be ploughed without the risk of killing a worm.

In western India three sects are recognized at the present day—the Digambaras, who worship

naked idols and revere their gurus or spiritual teachers; the Swetambaras, who dress their idols in robes, and adorn them in various ways; the Dhoondiyas, who worship their Gurus, wear white apparel, and a strip of white cloth over their lips. These last never worship idols. The Digambaras assert that their women do not attain salvation, a view which the Swetambaras reject. The lay-members of the order are united by a close tie of mutual support, and their charity is boundless.

---

## કેમ મરવું ?

મરૂં મરૂં સબ કો કહે, મેરી મરે બલાય;
મરના થા સો મર ચુકા, અબ કોન મરેહિ જાય ?

*  *  *  *

મન મુઆ માયા મુઇ, સંશય મુઆ શરીર.
અવિનાશી તો ના મરે, તું કયું મરે કબીર ?

*  *  *  *

જીવત સેં મરનો ભલો, જો મર જાણે કોય;
મરતે પહેલે જો મરેં, કુલ ઉજીયારા હોય.

*  *  *  *

મરતેં મરતેં જુગ મુવા, સુત બિત દારા જોય;
રામ કબીરા યું મુવા, એક બરાબર હોય.

*  *  *  *

ના મુવા ના મર ગયા, નહિં આવે નહિં જાય;
એ ચરિત્ર ભગવાનકા, ઉપજેં ઔર સમાય

# એક મનુષ્યનો ઉદ્ધાર કરનાર સાંઢ!

## प्रत्यक्बुद्ध करकंडु.

દુનીઆમાં કોઇ **પ્રાણી** તો શું પણ કોઇ **ચીજ** નકામી નથી. આપણે જો ઉંડા **ઉતરીને** અવલોકન કે **મનન** કરવાની દરકાર કરીએ તો દરેક પ્રાણી અને દરેક ચીજ તેમજ દરેક બનાવમાંથી ઘણું શીખવાનું મળી શકેછે.

જે 'રાગ' ને આપણે ધિક્કારીએ છીએ તે 'રાગ' પણ આપણા **હિત** માટે જ છે—જો આપણે હેને સમજવાની દરકાર કરીએ તો. હમણાં હું જે મહાત્મા કરકંડૂની કથા ( જૈન ગ્રંથોને આધારે ) કહેવાનો છું તે મહાત્માને એક પ્રાણી પર 'રાગ' હતો અને એ 'રાગે' એને આખરે 'જાતિસ્મરણ જ્ઞાન' આપ્યું હતું! એ ઉપરથી એવો ગાંડો અર્થ લેવો જોઇતો નથી કે 'રાગ' એ ઇચ્છવાયોગ્ય— 'ઉપાદેય' તત્વ છે. ના; 'રાગ' **'હેય'** એટલે **છોડવા** યોગ્ય જ છે; પરન્તુ કહેવાનું તાત્પર્ય એ છે કે, પૂર્વ કર્મના સબબે 'રાગ' થઇ આવે તે છતાં પણ જો 'રાગ' ના પદાર્થથી છૂટા પડવાના પ્રસંગે થતી લાગણી ઉપર **મનન** કરવામાં આવે તો સ્વાભાવિક રીતે જે જ્ઞાનતંતુઓ ઉપર ખેંચાણ થાય છે હેને પરિણામે વિશ્વદર્શન (Clairvoyance) થવા પામેછે, કે જેવી જાતના જ્ઞાનથી જાતિસ્મરણ વગેરે જ્ઞાનો ખીલી નીકળે છે. અને એવી શક્તિઓ પ્રાપ્ત થતાં, તે મનુષ્ય પૂર્વ ભવનાં કૃત્ય અને આ ભવની દશા એ બેનો સંબંધ જોવાનો પ્રસંગ મળવાથી **સ્વાભાવિક રીતે જ** ઉદાસીન-નિષ્કામ વૃત્તિવાળો—ઇચ્છારહીત બની જાય છે. તે, સંસારમાં જળકમળવત્ રહેવાનું સામર્થ્ય ધરાવે છે અથવા ત્યાગી બની યોગારૂઢ થઇ કૈવલ્યાદિ પ્રાપ્ત કરી મુક્ત બને છે.

પરન્તુ આવા શુષ્ક ઉપદેશમાં ઉતરી પડવાથી રખેને મ્હારા વાચકોને કંટાળો આવે! એમણે કદાચ **વાર્ત્તા** વાંચવા માટે જ આ પાનું ઉઘાડ્યું હશે!

અંગ દેશની ચંપા નામે નગરીના દાધિવાહન રાજાની રાણી પદ્માવતીને ગર્ભ રહેવાથી એક દિવસ એવો દોહદ ઉત્પન્ન થયો કે હું રાજાનો પોશાક પહેરી હાથી ઉપર બેસી રાજા પાસે છત્ર ધરાવી ક્રીડા કરવા જઉં. ગર્ભના હિત અર્થે ગર્ભવતીના દોહદ તૃપ્ત કરવા એ પતિનું કર્ત્તવ્ય ગણાતું હોઇ રાજાએ તેમ કર્યું. પરન્તુ કેટલેક દૂર ગયા પછી હાથી ચમક્યો અને જંગલમાં દોડયો. રાજાએ કોઇ વડની ડાળી પકડી લેવાથી તે બચ્યો અને રાણી ગર્ભવતી હોવાથી તેમ ન કરી શકી તેથી હાથી ઉપરજ બેસી રહી. આગળ જતાં હાથી સરોવરમાં તૃષા તૃપ્ત કરવા થોભ્યો અને રાણી નીચે ઉતરી. અચાનક આવી ચ્હડેલા કોઇ તાપસે તેણીને નજદીકના ગામનો રસ્તો બતાવ્યો, તેથી તે આસ્તે આસ્તે ચાલીને દંતપુર ગ્રામે પહોંચી. ત્યહીં દરવાજા નજીકમાં એક ધર્મસ્થાનકમાં કેટલાક સાધ્વીઓ પઠનપાઠન કરી રહી હતી, જે જોઈ રાણીને દુઃખગર્ભીત વૈરાગ્ય થયો. રાણીની સગર્ભા હાલતથી અજાણી એવી સુવ્રતા સાધ્વીએ ત્હેને દિક્ષા આપી; પરન્તુ કેટલેક કાળે પેટ ઉપરથી ખરી હકીકત જાણવા પામેલી સુવ્રતા સાધ્વીએ ધર્મને કલંક લાગે નહિ એટલા ખાતર તેણીને ગુપ્ત જગાએ રાખી, જ્યહાં નવીન સાધ્વીએ પુત્ર પ્રસવ્યો. " તે પુત્રને ગુપ્ત રીતે રત્નકાંબલ વીંટાળી તથા નામાંકિત મુદ્રા પહેરાવી સ્મશાનમાં મુકી આવી. "

અહીં બે વાત બહુ વિચારવા જેવી છે. સુવ્રતાએ આ રાણીને સગર્ભા જાણવા છતાં કહાડી મૂકી નથી અને સુવાવડ ગુપ્ત રીતે કરાવી છે એ ઉપરથી આજે કેટલાંક શિથિલાચારી સાધુ—સાધ્વી પોતાના દોષનો બચાવ કરવા નીકળી પડે છે. પરન્તુ એવા ધૂર્તોને સ્પષ્ટ કહી શકાય કે, દિક્ષા લીધા પહેલાંની સ્થિતિ માટે હવે કાંઇ ઉપાયજ છે નહિ એમ સમજીને ત્હેનો વેશ ઝુંટવામાં ન આવ્યો એ ડહાપણનું કામ હતું; પરન્તુ ત્યાગ લઇને પછી નીચતા કરે તેવાનો ગુન્હો છુપાવવો એ કાંઇ ધર્મનું રક્ષણ કર્યું કહેવાય નહિ. એવાનો તો વેશ તુરતજ છીનવી લેવો જોઇએ. વળી રાણીનો દેખાવ, ત્હેની વાણી એ વગેરે ચિન્હો ઉપરથી ત્હેનું ઉંચું કુળ અને ઉમદા ગુણો છૂપા રહી શક્યા નહિ હોય તેથી 'પાત્ર' જાણીને દિક્ષા અપાઇ હશે.

બીજો સવાલ રત્નકાંબળ તથા વીંટી સાથે તે બાળકને સ્મશાનમાં મૂકવા સંબંધીનો છે. આ હકીકત કોઇ જૈન ગ્રંથમાં લખી હોય તેટલા ખાતર ખરી જ માનવી એમ કોઇ કહે તો મ્હારી વિવેકબુદ્ધિ તે સામે

યુદ્ધ કર્યા વગર રહી શકે નહિ. શું પોતે પ્રસવેલા પુત્રને સ્મશાનમાં મૂકવો ? શું એક આર્યાનું આ કામ ? શું આ એક દયાળુ મનુષ્યનું કામ ? વળી અકિંચન ધર્મને સ્વીકારી ચૂકેલી સાધ્વી પાસે રત્નકાંબળ અને વીંટી ક્યહાંથી ? આ કાંઇ ત્યાગની વાતો નથી; ત્યાગમાં પૈસાની છૂટ ઇચ્છતા કોઇ આચાર્યે આવો પ્રસંગ કલ્પીને મૂળ ઇતિહાસમાં ઉમેરી દીધો હોય તો ના કહેવાય નહિ. ગમે તે હો, ગમે તે સ્થળે આ ઉલ્લેખ હો, પરન્તુ એક સ્ત્રી પોતાના પેટના બાળકને સ્મશાનમાં ગુપચુપ મુકી આવે—એવી સ્ત્રીની કથા જૈન શાસ્ત્રમાં હોવાનું હું તો માની શકું નહિ. કાં તો લખનાર મહાશયની સમજ ફેર હોય, કાં તો કોઇ સ્વાર્થી આચાર્યે કલ્પનાનો ગોટાળો કર્યો હોય, અને કાં તો મ્હારી આંખો અને મ્હારી બુદ્ધિ મ્હને દગો દેતી હોય. હું તો જો એ સ્ત્રીના જેવા સંજોગોમાં હોઉં તો દિક્ષાના દેખાવ ખાતર પુત્રને ગીધ અને શીયાળ વગેરેની દયા પર છોડવા કરતાં ગૃહિણી થઇ મહા દુઃખથી પુત્રને પાળવામાં વધારે ઉચ્ચ ધર્મ માનું. ૮૪ લક્ષ જાતના જીવો પર માતાપિતા સમાન દૃષ્ટિ રાખવાની ફરજ અને સ્વભાવ-વાળાં જૈન સાધુ–સાધ્વીથી, પોતે જ આ દુનીઆમાં આણેલા પરોણાને ભયંકર સ્મશાનમાં સૂવાડવા જેવું કામ કદી બની શકે જ નહિ. આ સાધ્વી એક ઐતિહાસિક પાત્ર છે (કલ્પીત પાત્ર નથી) માટે આખી વાત ખોટી એમ કહેવાની ઉદ્ધતાઇ તો હું ન જ કરી શકું; પરન્તુ એ કથામાંનો આ અમુક સંજોગ કથાકાર આચાર્યે કલ્પના શક્તિમાંથી ઉત્પન્ન કરેલો મ્હને જણાય છે. સત્ય તો કેવળી ગમ્ય.

વારૂ; કથાકાર આગળ જતાં કહે છે કે, તે બાળકને કોઇ ચંડાલ લેઇ જાય છે અને પુત્ર તરીકે પાળે છે. ત્હેને હાથે ખરજ (ચેળ) બહુ આવ-વાથી ત્હેનું નામ 'કર–કંડૂ' એવું પડે છે; અને એક દિવસ જંગલમાં બે વિદ્વાન મુનિઓની ગુપ્ત વાતચીત સાંભળવાનું બને છે. અમુક વાંસનો અમુક ભાગ કાપી લેનાર મનુષ્ય રાજા થશે એ વાત મુનિની વાતચીત પરથી જાણવાથી કરકંડૂ અને ત્હેની સાથે જતા એક બ્રાહ્મણ વટેમાર્ગુ વચ્ચે તે વાંસ માટે તકરાર થાય છે. અને ઝગડો રાજા સુધી પહોંચે છે. રાજા ફેંસલો આપે છે કે, વાંસ કરકંડૂએ લેવો, પણ જ્યહારે ત્હેને કોઇ રાજ્ય મળે ત્યહારે એક ગ્રામ બ્રાહ્મણને આપવું.

કરકંડૂને લેઇ ચંડાલ બીજે ગામ જાય છે અને કંચનપુર શહેરનો રાજા અપુત્ર મૃત્યુ પામવાથી 'પાંચ દીવ્ય'ની કસોટી દ્વારા કરકંડૂને ગાદીએ સ્થાપવામાં આવે છે. પેલો બ્રાહ્મણ ગામ માગવા આવે છે અને રાજા

ઉત્તર આપે છે કે: "ચંપાપુરીના દધિવાહન રાજા પાસે જઇ મ્હારા નામથી કહેજે કે ગામ આપવા કહ્યું છે." બ્રાહ્મણ ત્યહાં જાય છે પણ માથામાં વાગે તેવો જવાબ મળે છે કે: "તે ચંડાળ વંશના ઉદ્ધત રાજાને કહેજે કે ત્હારાથી યુદ્ધ કરી ત્હારૂં રાજ્ય જીતી આ જ બ્રાહ્મણને આપવા હું તૈયાર છું."

યુદ્ધ સિવાય આ જવાબનું બીજું શું પરિણામ આવે? યુદ્ધ આરંભાય છે, તેટલામાં સાધ્વી પદ્માવતી (કરકંડૂની માતા)ને ખબર પડવાથી તે રણક્ષેત્રમાં આવી બન્ને રાજાઓને પિતા-પુત્ર તરીકેનો સંબંધ યાદ કરાવે છે. રાજા આ ઉપરથી વૈરાગ્ય પામી પોતાનું રાજ્ય, પુત્ર કરકંડૂને સોંપી દિક્ષા લેછે અને કરકંડૂ ચંપાપુરી અને કંચનપુરી બન્નેનો સ્વામી થાય છે.

આ બધું લાંબું ટાયલું માત્ર પ્રસ્તાવનાની ગરજ સારે છે! આમાં કરકંડૂના આત્માના વિકાશક્રમનો અક્ષર વટીક આવતો નથી; તેમજ કરકંડૂ જે વખતે આગળ જતાં જાતિસ્મરણ જ્ઞાન પામે છે તે પ્રસંગને આ પાછલા ઇતિહાસના કોઇ પણ બનાવ સાથે કશો સંબંધ નથી. આ બધી વાત સમૂળગી ન લખી હોત તો પણ કરકંડૂ શી રીતે પ્રત્યેકબુદ્ધ થયા એ સમજાવવામાં હરકત આવત નહિ; પણ પાછલા પૂર્વાચાર્યે જે કાંઇ કર્યું હેમાં દોષ જોવાનું કામ આપણા જેવા અલ્પજ્ઞોનું નથી. આપણે તો માત્ર હવે એમને બૂઝવાનો પ્રસંગ કેમ મળ્યો એજ જોવાનું કામ છે.

રાજા કરકંડૂને ગાયોનાં ટોળાં રાખવાનો બહુ જ શોખ હતો. તેથી એક બળવાન સાંઢ પણ રાખવો પડ્યો હતો, કે જે દૂધ જેવો ધોળો હતો અને જે અનેક સાંઢોની સાથે લડાઇ કરી સર્વને હરાવતો એવો બળીઓ હતો. રાજાનો માનીતો એવો આ સાંઢ પણ વખત જતાં વૃદ્ધ થયો અને ત્હેની શક્તિ ઘટી ગઇ તથા તે જીર્ણ થઇ ગયો. એકદા આ દશામાં રાજાએ ત્હેને જોયો.

"લોકો વાતમાં પણ 'સાંઢ' નું નામ યાદ કરે છે એવા એક મજબૂત સાંઢની શું આ દશા! સેંકડો મદમસ્ત સાંઢોને હંફાવનાર સાંઢ આજે મુડદાલ હાલતમાં? ક્યહાં ગયું એનું બળ? ક્યહાં ગયું ત્હેનું તેજ? ક્યહાં ગઇ એની મસ્તી?"

* * * * *

"આવા બલીષ્ઠની આ દશા; તો હું કોણ? મ્હારાં ગાત્ર શું એક દિવસ આવાં જ ઠંડાં પડશે કે? મ્હારૂં તેજ આમ જ ચાલ્યું જશે કે? તે વખતે મ્હને કેમ લાગશે? તે મુડદાલ હાલતમાં મ્હને શું શું લાગણીઓ થશે?"

* * * * *

" ત્હારે શું આ પુદ્‌ગલો ક્ષણભંગુર જ છે કે? શું હું આજ સુધી ક્ષણભંગુરની જ કાળજી કરતો આવ્યો કે? શુ હું આજ સુધી અમરંગી વેશ્યાની જ ચારી કરતો આવ્યો કે? શું હું ચપળ પ્રકૃતિના શેઠની જ નોકરી કરતો આવ્યો કે? શું હું આજ સુધી ખોટના ધંધા માટે જ શ્રમીત થયો કે? "

* * * * *

" ત્હારે શું લાભનો ધંધો કોઇ હશે ખરો? શું કદી ન બદલાય એવી પ્રકૃતિના શેઠ મળી શકતા હશે? શું સતી સ્ત્રીનો પ્રેમ મેળવવાની આશા રાખી શકાશે? શું અચલની કાળજી કરવાનું શક્ય હશે? શું ક્ષણભંગુર પુદ્‌ગલથી છૂટી અમરત્વમાં જવાનું સંભવીત હશે? "

* * * * *

" હા; અમરતત્વ જો સંભવીત જ હોય તો **આજનો** કરકંડૂ પૂર્વે કોણ હશે? મ્હને યાદ કરવા દો; **મ્હને ભીતર શોધવા દો.** "

* * * * *

અને એ તીવ્ર લાગણીએ-ઉગ્ર માનસિક પ્રયત્ને કરકંડૂને ' જાતિ-સ્મરણ ' જ્ઞાન કરાવ્યું.

અમુક પદાર્થને જોવાથી—ઉહાપોહ કરતાં કરતાં જ્હેમને આવું જ્ઞાન થાય ત્હેમને ' પ્રત્યક્બુદ્ધ ' * નો ખીતાબ જૈન શાસ્ત્રમાં આપેલો છે. એ નવીન ખીતાબવાળા કરકંડૂ પછી ' દિક્ષા ' ( initiation in the Inner School of Mysticism ) લેછે, અને તે દિક્ષા માટે મુહપતિ વગેરે જોઇતાં સાધનો શાસન દેવે આપ્યાં એમ શાસ્ત્ર શાક્ષી પુરે છે, કે જે મ્હને તદ્દન માનવા લાયક જ જણાય છે.

જ્ઞાન! ત્હારી બલીહારી છે; ધ્યાન! ત્હારી બલીહારી છે. વસ્તુ, પ્રાણી કે બનાવ પર ધ્યાન કે ઉહાપોહ કરતાં જે અમૂલ્ય રત્નો હાથ આવે છે ત્હેની કિંમત આંકવા મ્હારા જેવો હીરા-માણેકની ઓળખ વગરનો બાલક શક્તિમાન નથી. એ ઓલખવાળા ઝવેરીઓને મ્હારૂં સદાકાળ સવિનય—સોલ્લાસ વંદન હો!

---

* પ્રત્યક્=inwardly-અંદરખાનેથી-ભીતરથી + બુદ્ધ=જ્ઞાની, બોધ પામેલો. ' પ્રત્યક્બુદ્ધ ' એટલે અંદર ઉહાપોહ કરવાથી જેને ખરા જ્ઞાનનો બોધ થયો છે તેવો પુરૂષ; બાહ્ય ઉપદેશની મદદ સિવાય જેને જ્ઞાન મળ્યું હોય તેવો પુરૂષ.

## ગ્રાહકોને મોકલાઈ ચૂકેલી ૬ અમૂલ્ય ભેટો !

### અને હજી મોકલવાની બીજી ૬ ભેટો !

'જૈનસમાચાર' અઠવાડીક પત્રના ગ્રાહકોને ૧૯૧૧ ની સાલમાં ૧૨ પુસ્તકો ભેટ આપવાનું જાહેર કરવામાં આવ્યું છે, જેમાંનાં ૬ તો બે માસની અંદર જ મોકલાઈ ચૂકયાંછે.

આ ઉપરાંત રૂ. ૨ા કિંમતનું 'દશ વૈકાલિક સૂત્ર' તથા "કબીરનાં આધ્યાત્મીક પદો" વગેરે ૬ બીજાં પુસ્તકો છપાય છે તે પણ ભેટ તરીકે આપવામાં આવનાર છે.

વાર્ષિક મૂલ્ય રૂ. ૩)—૧૨ ભેટોના પોષ્ટેજ ખર્ચ વગેરે બદલ ૦-૭-૦

પત્રવ્યવહારઃ—મેનેજર, જૈનસમાચાર, પાંચકુવા—અમદાવાદ.

---

### તાવની રામબાણ દવા. રૂ. ૧૦૦) ના ઇનામવાળી.

કોઇ પણ જાતનો તાવ એટલે દાડવો, એકાંતરી, ચોથીઓ, ઉનો, ટાઢીઓ ને ચાલતા જમાનાના નવી નવી જાતના ઉડતા તાવો અમારી દવાથી ન ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઇ શખ્સ એમ સાબીત કરી આપશે, કે વૈદ શા. ગીરધરલાલ કહાનજીની દવાથી ચોથીઓ તાવ ન ગયો તો તેને રૂ. ૧૦૦) ઇનામ આપીશું. આ દવા તાવ હોય છે તે વખત લેવાથી તાવ ઉતરી જાય છે અને ઉતર્યા પછી લેવાથી તાવ આવવા નથી આવતો શક્તિ આપે છે. ગોળી ૪૨ ની ડબી નંગ ૧ નો રૂ. ૧)

અમારી ઉપરની તાવની દવા પ્લેગ (મરકી) ને માટે અકસીર નીવડી ચુકી છે. માટે પ્લેગવાળા ગામામાં જે સખસોને મરકીની બચવું હોય તેમને અમારી ઉપરની તાવની દવા વાપરવા ભલામણ છે.

☞ 'શક્તિસજીવન' નામની અમારી દવા તન્દુરસ્તી સુધારવા માટે સૈથી પહેલા નંબરની છે. અજમાવીને ખાત્રી કરો. ૭૫ ગોળીની ડબીના રૂ. ૨ા. બીજી પણ તમામ દવાઓ અમારે ત્યાં મળે છે.

**વૈદ્ય શા. ગીરધરલાલ કહાનજી—ધોળકા (અમદાવાદ.)**

## કોઇ પણ જાતની દવા સિવાય.

**માત્ર ભાવના-બળથી દરદો અને દુઃખો મટાડવાની વિદ્યા**

આ નામનો લેખ આવતા અંકથી શરૂ થશે અને તે ઘણા માસ સુધી ચાલશે. ત્હેમાં આ લોક તેમજ પરલોકના હિતના ઘણા મુદ્દા જાણવાના મળશે.

# ખપ વગરનો હીરો બદામનો !

ખરીજ વાત છે કે જે ચીજનો આપણને ખપ નથી હોતો તે ચીજ હીરા જેવા કીમતી હોય તો પણ બદામ જેવી આપણને લાગે છે, અને બદામ સાટે પણ આપણે તે લેવાની હા કહેતા નથી. જ્યહારે હીરાના પારખનાર ઝવેરી આવે છે ત્યહારે લાખ સોના મ્હોર અર્પીને ઉપાડી જાય છે.

અમૂલ્ય એવાં કેટલાંક પુસ્તકો હમણાં ત્હમને બદામની કિંમતે અપાય છે તે છતાં ત્હમને ત્હેની **ગરજ** જ નથી, ખપ જ નથી, એટલે પછી શા કામનું ? જ્ઞાનના શોખ વગર, જ્ઞાનની કિંમત જાણ્યા વગર, પુસ્તકના ખર્ચનો અડસટો જાણ્યા વગર, ત્હમે આ નીચેનાં પુસ્તકો કેમ લ્યો ? માટે એકવાર તે દરેક જાતના પુસ્તકની માત્ર એકેક પ્રત ખરીદીને વાંચી જુઓ અને પછી ત્હેની ૧૦૦—૨૦૦ પ્રતોનું ખર્ચ કેટલું થાય એ કોઇને પૂછી ખાત્રી કરો. પછી જો ત્હમને ખાત્રી થાય કે પડતર કિંમતથી પણ ઓછી કિંમતે એ બુકો ( માત્ર જ્ઞાનના પ્રચારના હેતુથી ) આપવામાં આવે છે તો લ્હાણી પ્રભાવના માટે એ બુકો મંગાવી લેજો. પુત્રજન્મ, કારજ, સ્થાનકમાં લ્હાણી એ વગેરે પ્રસંગે આ પુસ્તકની લ્હાણી ઘેરઘેર કરાય તે ઘણુંજ કલ્યાણકારી, ઉપકારી અને આબરૂ વધારનાર કામ છે.

“ **સંસારમાં સુખ કયા છે ? ભાગ ૧ લો-** ” ૧૨૫ પ્રતના રૂા. ૧૦)

“ **સુદર્શન, ભાગ ૧ લો** ” ૧૦૦ પ્રતના. રૂ. ૬)

“ **સાત સૂત્રોનો તરજુમો.** ” ૧૦૦ પ્રતના રૂા. ૨૫)

( એક, બે, નહીં, પણ ૭ સૂત્રો આવી રીતે માત્ર ચાર આનામાં મળે છે એ વાત શું આશ્ચર્ય રૂપ નથી કે ? પણ વાંચવાની ગરજ કે જ્ઞાન ફેલાવવાના પરમાર્થની ગરજ વગર ગમે તેવું મફત મળતું ઉત્તમ પુસ્તક પણ નકામું જ છે. )

ઇચ્છા થાય તો તાકીદે લખો:—

**મેનેજર ‘ જૈનસમાચાર ’** પાંચકુવા—**અમદાવાદ.**

Registered No. B. 246

# જૈનહિતેચ્છુ

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું ]  માર્ચ ૧૯૧૧.  [ અંક ૩.

અધિપતિ,

વાડીલાલ મોતીલાલ શાહ.

'જૈનસમાચાર' નો માલીક.

દાણાપીઠ, અમદાવાદ.

विषयानुक्रम.

૧. નવ તત્વ ... ... ... ... ... ... ૧
૨. એક મુનિને પાછળથી આવેલી સાન. ... ... ... ૧૩
૩. ઉપરના કાવ્યનું સ્પષ્ટીકરણ. ... ... ... ... ૧૪
૪. ધ્યાન ... ... ... ... ... ... ૧૯

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ (પોષ્ટેજ વગેરે મળીને ૧-૫-૦)

ચાલુ સાલની ભેટઃ—"સંસારમાં સુખ ક્યહાં છે? ભાગ ૧-૨"
તથા વચનામૃતોના ૧૨ તખતા.

સ્વકીય 'ભારતબંધુ પ્રિન્ટીંગ વર્ક્સ' માં છાપ્યું.

☞ આજના અંક સાથે છ પરબી ટીપ તથાં એક પૅમ્ફલેટ જોવામાં આવશે.

21009

# ભેટ.

ચાલુ સાલની ભેટ " **સંસારમાં સુખ ક્યહાં છે? ભાગ ૧ લો તથા ૨ જો** " એ નામની એક બુક આપને મોકલાઇ ચૂકી છે. ગઇ સાલની ભેટ '**સુદર્શન ભાગ ૨ જો**' તથા ચાલુ સાલમાં આપવાના "**ઉપદેશી બાર તખતા**" તૈયાર થયેથી આ માસિકના પુંઠા ઉપર જાહેરખબર પ્રગટ કરવામાં આવશે; તે વખત **પહેલાં** ઉઘરાણીનો પત્ર લખવાને શ્રમીત થશો નહિ. તૈયાર થયેથી, વગર માગ્યેજ, સર્વને એકીસાથે મોકલી આપવામાં આવશે. ( ઘણું કરી જુન માસમાં મળશે. )

હરસાલ જાન્યુઆરીની જ પહેલી તારીખે રૂ. ૧-૫-૦ નો મનીઑર્ડર કરવાનું લક્ષમાં રાખશો તો ઉપકાર થશે.

## આવતો અંક.

આવતો અંક એટલે એપ્રીલનો અંક તથા તે પછીનો એટલે મે માસનો અંક તા. ૧૫ મી મે સુધીમાં પ્રગટ થશે. ગયા અંકમાં વચન આપેલો વિષય " કોઇ પણ જાતની દવા સિવાય માત્ર ભાવના--બળથી દરદો અને દુઃખો મટાડવાની વિદ્યા " તે અંકોમાં પ્રગટ થશે. 'ધ્યાન'ના વિષયનું પણ સાંધણ એ અંકમાં આપવામાં આવશે.

## જાહેર ખબર.

'જૈનહિતેચ્છુ' અને 'જૈનસમાચાર' પત્રની ઑફિસ પાંચકુવાથી બદલીને દાણાપીઠામાં 'મામાની હવેલી' નામે પ્રસિદ્ધ ઐતિહાસિક મકાનમાં લાવવામાં આવી છે. માટે પત્રવ્યવહાર કરનારે શિરનામું કરતાં ભૂલવું નહિ.

# જૈનહિતેચ્છુ.

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું] માર્ચ, ૧૯૧૧. [અંક ૩.


# नव तत्वनुं संक्षिप्त स्पष्टीकरण.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્વો છે. કેટલાક પુણ્ય-પાપને 'બંધ'માં ગણી લઇ સાત તત્વો કહે છે. જીવ અને અજીવ એવા બે ભાગમાં પણ આ નવ તત્વનો સમાવેશ કરી શકાય.

## (१) जीव तत्व.

જેનું લક્ષણ ચૈતન્ય છે અને જે પ્રાણને ધારણ કરનારો છે તે જીવ. "चेतना लक्षणो जीवः स च ज्ञानादि भेदात् अनेकधा भिद्यते."

પાંચઇંદ્રિય, (ચામડી, જીભ, નાક, આંખ અને કાન), ત્રણ બળ (મન, વચન અને કાયબલ), શ્વાસોશ્વાસ અને આયુ એ દશ 'પ્રાણ' છે. એકેંદ્રિયને સૌથી ઓછા પ્રાણ એટલે ચાર પ્રાણ છે. બેઇંદ્રિયને ૭, તેઇંદ્રિયને સાત, ચૌરેંદ્રિયને આઠ, અસંજ્ઞી પંચેંદ્રિયને નવ અને સંજ્ઞી પંચેંદ્રિયને દશ પ્રાણ હોય છે.

જીવના ભેદ ૧૪ છે. સૂક્ષ્મ એકેંદ્રિય, બાદર એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિય અને સંજ્ઞી પંચેંદ્રિયઃ એ મુખ્ય સાત ભેદ થયા. તે દરેકના 'પર્યાપ્તા' અને 'અપર્યાપ્તા' એવા બે વિભાગ પાડવામાં આવતાં કુલ ૧૪ ભેદ થાય છે.

ચર્મચક્ષુથી જે ન દેખાય **તથા** કોઈ શસ્ત્રથી જેનો નાશ ન થાય તે **સૂક્ષ્મ**; અને જે ચર્મચક્ષુથી જોઇ શકાય તે **બાદર** જાણુવા.

જેને માત્ર શરીર હોય તે **એકેંદ્રિય** જીવ પૃથ્વીકાય, અપકાય, તેઉ-કાય, વાયુકાય તથા વનસ્પતિકાયના જીવો 'એકેંદ્રીય' છે.

જેને શરીર તથા જીભ હોય તે **બેઇંદ્રિય** જીવ છે. ગીંગોડા, જલો, કરમીયા, પુરા વગેરે.

જેને શરીર, જીભ તથા નાક હોય તે **તેઇંદ્રિય** જીવ છે. કીડી મંકોડા, માકણુ, ઉધઇ, ધનેડાં, ગધેયા, કંથવા, જુ વગેરે.

જેને શરીર, જીભ, નાક તથા આંખ હોય છે તે **ચૌરેંદ્રિય** જીવ જાણુવા. વીંછી, તીડ, માંખી, ભમરા, મસલાં, પતંગીઆ વગેરે.

જેને શરીર, જીભ, નાક, આંખ તથા કાન હોય છે તેને **પંચેંદ્રિય** જીવ જાણુવા.

**પર્યાપ્તિ** એટલે **શક્તિ**–કર્મનાં દળીઆંથી જોડાયેલા જીવમાં પ્રગટ થએલી બીજાં પુદ્ગલોનો સંચય કરનારી શક્તિ જેનું મૂળ છે એવી એક વિશેષ શક્તિ. પર્યાપ્તિ ૭ છે. આહાર, શરીર, ઇંદ્રીય, શ્વાસોચ્છ્વાસ, ભાષા તથા મન.

જેને જેટલી પર્યાપ્તિ હોઇ શકે તેટલી બધી પર્યાપ્તિને પ્રાપ્ત થયેલા જીવો **'પર્યાપ્તા'** અને એ પર્યાપ્તિ બધી સંપાદન કરતાં પહેલાં મૃત્યુ પામતા જીવો તે **'અપર્યાપ્તા'** કહેવાય છે. એકેંદ્રિયને પહેલી ૪; બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય જીવોને પહેલી ૫; અને પંચેંદ્રિયને ૬ પર્યાપ્તિ હોય છે.

**સંજ્ઞી** પંચેંદ્રિયને મન હોવાથી સમજશક્તિ—'સંજ્ઞા' હોય છે અને **અસંજ્ઞી** પંચેંદ્રિય **મન વિનાના** જીવો છે. સમૂર્છિમ ( દેડકા, માછલાં વગેરે તથા ઝાડો, પેશાબ, ઉલટી, બડખા, ખાળ વગેરેમાં ઉત્પન્ન થતા ) જીવો **અસંજ્ઞી** છે. દેવતા, મનુષ્ય, નારકી અને સંજ્ઞી તિર્યંચ (પશુ, પક્ષી વગેરે) ને મન હોય છે. અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચને મન નથી.

## ( २ ) अजीव तत्व.

અજીવ એટલે જીવ વગરનું. **અજીવનું લક્ષણ અચેતન છે.** જીવ પદાર્થ શરીરાદિક જડપદાર્થ સાથે એક ક્ષેત્રાવગાહી થઇ રહે છે ત્યાં સુધી મોક્ષપ્રાપ્તિ થતી નથી.

અજીવના ૧૪ ભેદ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્દગલાસ્તિકાય ને કાલ એ પાંચ મુખ્ય છે. ષટ્દ્રવ્યમાંના એ પાંચ દ્રવ્ય છે. (આ પાંચ અને છઠ્ઠું દ્રવ્ય જીવ Life મળીને જગતની જોગવાઇ જામેલી છે.) હેમાં પહેલા ત્રણના દરેકના સ્કંધ, દેશ, પ્રદેશ મળી કુલ નવ ભેદ થયા. હેમાં પુદ્દગલાસ્તિકાયના **સ્કંધ, દેશ, પ્રદેશ તથા પરમાણુ** ઉમેરતાં ૧૩ થયા; હેમાં (અદ્ધાસમય) કાળ ઉમેરતાં કુલ ૧૪ થયા.

અસ્તિકાય એટલે પ્રદેશનો સમૂહ–જથો.

(૧) હાલવું ચાલવું—ગતિ કરવી એ 'ધર્માસ્તિકાય' (Motion?)–નો સ્વભાવ છે. જીવ અને પુદ્દગલને ગતિ કરવામાં જે અપેક્ષા કારણ તે ધર્માસ્તિકાય. ઘડો બનાવવામાં પૃથ્વી અને આકાશ એ અપેક્ષા કારણ (ઉદાસીન ભાવે મદદ કરનારાં સાધનો) છે. માછલાંને ચલન–વલન કરવામાં સહાયકારક જલ. એ ધર્માસ્તિકાયનું દૃષ્ટાંત છે.

લોકમાં જે ધર્માસ્તિકાય છે તે સર્વ હેનો **'સ્કંધ'** કહેવાય છે. કાંઇક ઓછો ભાગ તે **'દેશ'** કહેવાય છે; ધર્માસ્તિકાયનો ભાગ ન પડી શકે તેવો (અવિભાજ્ય) ભાગ તે હેનો **'પ્રદેશ'** કહેવાય છે. અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ને પુદ્દગલાસ્તિકાયના સ્કંધ, દેશ તથા પ્રદેશ એ રીતે સમજી લેવા.

(૨) 'અધર્માસ્તિકાય'નો સ્વભાવ સ્થિર રાખવાનો છે.(Attraction?) જે ચીજ જીવ—પુદ્દગલને સ્થિતિ કરવાનું અપેક્ષા કારણ છે તે અધર્માસ્તિકાય તે, જેમ રસ્તે ચાલતા વટેમાર્ગુને ઝાડની છાયા અથવા પૃથ્વી વિસામાનું કારણ છે, એ દૃષ્ટાંતે સમજવું.

(૩) જીવ–પુદ્દગલોને જે અવકાશ તે 'આકાશાસ્તિકાય.' ખીલો મારીએ છીએ તે ભીંતમાં અવકાશ હોવાથી પેશી જાય છે વગેરે દૃષ્ટાંતે આકાશ દ્રવ્ય (Space) જાણી લેવું. ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય, આકાશના જેટલા પ્રદેશમાં છે હેને **'લોકાકાશ'** કહેછે તથા બાકીનાને **'અલોકાકાશ'** કહેછે.

(૪) જે દ્રવ્યનો સડવાનો, પડવાનો કે બદલાવાનો સ્વભાવ છે હેને 'પુદ્દગલાસ્તિકાય' ( Matter ) કહે છે. હેના સ્કંધ, દેશ તથા પ્રદેશ, ધર્માસ્તિકાય મુજબ જાણી લેવા. એ ત્રણ ઉપરાંત વળી પુદ્દગલનો ૪ થો ભેદ પરમાણુ (Atom) છે. તે વિષે એમ સમજવાનું છે કે, ઘણો ઝીણો—

સંબંધ વગરનો—છૂટો અણુ કે જે પ્રદેશ બનવાના કારણરૂપ છે ત્હેને **'પરમાણુ'** (Atom) **કહેછે.** પુદ્‌ગલના 'સ્કંધ'ને માટે એમ સમજવાનું છે કે, 'દેશ'થી મ્હોટો ભાગ તે સ્કંધ.

(૫) જુના પરમાણુને નવા તથા નવાને જૂના કરવાનો જેનો સ્વભાવ છે ત્હેને 'કાલ' (Time) **કહે છે.** ત્હેનો વ્યાવહારિક આધાર સૂર્યાદિની ગતિ ઉપર ને તે સિવાય પદાર્થોનું રૂપાંતર કરનારી થતી ક્રિયા ઉપર જાણી લેવો. *

## ( ૩ ) પુણ્ય તત્વ.

**જે શુભપ્રકૃતિ કર્મથી જીવને સુખ મળે છે ત્હેને 'પુણ્ય' કહેવાય છે.** નવ રીતે પુણ્ય બંધાયછે. સાધુ, દીનજન, અભ્યાગત વગેરેને અન્નદાન દેવાથી જે પુણ્ય બંધાય છે તે અન્નપુણ્ય કહેવાય છે: પાણી દેવું તે પાણપુણ્ય, સ્થાન દેવું તે થેણ ( અથવા લયણ ) પુણ્ય, પાટપાગરણ દેવું તે સેણપુણ્ય, વસ્ત્ર દેવાં તે વત્થપુણ્ય, એ પાંચનું દાન દેવું. **મને કરી શુભ સંકલ્પ કરવા તે 'મનપુણ્ય'. વચનથી સ્તુત્ય વસ્તુની સ્તુતિ કરવી તે 'વચનપુણ્ય'.** કાયાવડે સેવા કરવી તે **કાયાપુણ્ય** તથા મસ્તક હસ્તાદિકથી નમસ્કાર કરવા તે **નમસ્કાર પુણ્ય** કહેવાયછે.

પુણ્યનાં શુભ ફળ નીચે જણાવ્યા પ્રમાણે ૪૨ ભેદે ભોગવાયછેઃ—

(૧) સુખ આપે તે **શાતાવેદનીય.** (૨) **ઉચ્ચગોત્ર** ( લોકમાન્ય સ્થાનમાં જન્મ થાય તે. ) (૩) **મનુષ્યની ગતિ** ( સ્થિતિ ) મળે. (૪) **મનુષ્યની આનુપૂર્વી** મળે ( મનુષ્યગતિનું આયુષ્ય બાંધ્યા છતાં બીજી તરફ દોરાતા જીવને નાથ ઘાલેલા બળદની પેઠે મનુષ્ય ગતિમાં સીધે રસ્તે ખેંચી લાવનારી શક્તિ કે સાધન તે. ) (૫) **દેવતાની ગતિ.** (૬) દેવતા-

---

* કાળો, પીળો, નીલો, ધોળો તથા રાતો એ પાંચ રંગ; સુગંધ (સુરભિ) ને દુર્ગંધ ( અસુરભિ ) એ બે ગંધ; તીખો, કડવો, ખાટો, કસાયલો ને મીઠો એ પાંચ રસ; હળવો, ભારે, સુંવાળો, ખરછટ, લુખો, ચોપડ્યેલ, ટાઢો ને ઉનો એ આઠ સ્પર્શ; વાટલો, ગોળ, ત્રંસ, ચોરસ ને દીર્ઘ એ પાંચ સંસ્થાન; આ સર્વે પણ **અજીવના** ભેદ છે. જીવથી પરમાણુ ( અજીવ ) અનંતગુણા છે; એ અનંત પરમાણુઓ સમયે સમયે શરીરમાં ભળેછે ને વિખરાયછે.

**ની આનુપૂર્વી.** (૭) **પંચેંદ્રીયપણું** પ્રાપ્ત થાય. (૮) **ઔદારિક શરીર** (ઉદાર—મ્હોટા અર્થાત્ સ્થૂલ પુદ્ગલોનું શરીર કે જે મનુષ્ય અને તિર્યંચને હોય છે.) (૯) **વૈક્રિય શરીર** (જૂદાં જૂદાં રૂપ બનાવી શકનારૂં શરીર તે). (૧૦) **આહારક શરીર** ( ઉત્તમ જ્ઞાન ધરાવતા મુનિ પોતાને પડતો સંદેહ ટાળવા પોતાના આત્મપ્રદેશ અર્પીને મુંડા હાથ જેટલા કદનું જે શરીર તીર્થંકર દેવ પાસે મોકલે છે તે.) (૧૧) **તૈજસ્ શરીર,** કે જેને 'વાસના શરીર' એ નામથી કેટલાકો ઓળખે છે; ઇચ્છાઓ અને વાસનાઓ કે જેને રૂપ–રંગ-ગંધ--સ્વાદ વગેરે છે ત્હેનું બનેલું સૂક્ષ્મ શરીર તે તૈજસ્ શરીર; આ શરીર તથા કાર્મણ શરીર નામનું શરીર સંસારી જીવને અનાદિથી લાગેલાં છે અને તે મૃત્યુ બાદ પણ સાથે જ આવે છે; માત્ર ઔદારીક શરીર જ અહીં દટાય કે બળાય છે. (૧૨) **કાર્મણ શરીર,** અથવા પૂર્વ ભવોનો સઘળો અનુભવ જેમાં સંગ્રહાય છે તેવું અતિ સૂક્ષ્મ પુદ્ગલોનું શરીર.* (૧૩, ૧૪, ૧૫) ઔદારિક, વૈક્રિય અને આહારકનાં **અંગોપાંગ** (૧૬) **વજ્રઋષભનારાચસંઘેણ** લોઢાના જેવું મજબુત, જેના હાડકાના સાંધામાં બંને બાજુ મર્કટબંધ હોય ને તે પર પટ્ટારૂપે ખીલી હોય તે. (૧૭) **સમચતુરસ્રસંઠાણ.** પોતાના અંગુલ પ્રમાણે ૧૦૮ અંગુલ શરીર પલાંઠીવાળી બેસતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય તે. ( ૧૮–૧૯–૨૦–૨૧ ) **શુભ વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ.** (૨૨) **અગુરૂલઘુનામકર્મ.** અતિ ભારે નહિ તેમ અતિ હલકું નહિ પણ સરખું શરીર જે કર્મથી થાય તે.

---

* આ કાર્મણ શરીર અથવા Mental Body અથવા Higher Manas સંબંધી ખ્યાલ લાવવા માટે ઘણું વાંચવું પડે તેમ છે. થોડા વખત પછી આ સંબંધમાં એક લાંબો અને સ્પષ્ટ લેખ આપવા વિચાર છે. ઉપર જે જૂદાં જૂદાં શરીરનાં નામ ગણાવ્યાં તે કાંઇ દરેક માણસને હોય છે એમ નથી; દરેક માણસને ઔદારિક શરીર (Physical Body), તૈજસ્ શરીર ( Desire Body ) અને કાર્મણ શરીર ( Mental Body ) એ ત્રણ કે જે અનુક્રમે એક એકથી વધુ સૂક્ષ્મ પુદ્ગલોનાં બનેલાં છે તે ત્રણ શરીર હોય છે. બાકીનાં શરીરો એવાં છે કે જે અમુક અમુક વ્યક્તિઓને જ—અને અમુક અમુક કાળે જ હોઇ શકે. જેમકે વૈક્રિયશરીર કાંઇ દરેક માણસને હોતું નથી. થોડા જ માણસો રૂપ વિકુર્વીને વૈક્રિય શરીર ધારણ કરવાની શક્તિ ધરાવેછે. દેવોને સ્વભાવિક રીતે જ એ શરીર હોય છે. આહારક શરીર તમામ માણસોને હોતું નથી; પણ અમુક મહાત્માઓજ અને તે પણ અમુક પ્રસંગેજ ધારણ કરી શકેછે.

(૨૩) **પરાઘાતનામકર્મ.** જેથી બલવાન જીવો પણ ન જીતી શકે તે કર્મ. ૨૪) **ઉચ્છ્વાસનામકર્મ.** શ્વાસોશ્વાસની લબ્ધિવાળો જીવ જે કર્મથી થાય છે તે કર્મ. (૨૫) **આતપનામકર્મ.** આતપ = ઉષ્ણતા. સૂર્યમંડળના જીવો આ કર્મવાળાં છે. (૨૬) **અનુષ્ણનામકર્મ.** ( અનુષ્ણ = શીતલ ) ચંદ્રમંડલના જીવો આ કર્મવાળા છે. (૨૭) **શુભવિહાયોગતિ,** જે કર્મને લીધે હંસ, હાથી, વૃષભના જેવું શુભ ચાલવું થાય તે. (૨૮) **નિર્માણનામકર્મ,** અંગ ઉપાંગની નિયમિત વ્યવસ્થા શરીરમાં જે કર્મવડે, સુત્રધાર પુતળીમાં કરે તેમ, થાય તે કર્મ. (૨૯) **ત્રસનામકર્મ,** બેઇંદ્રિય વગેરે નામ કર્મનો જેનાથી ઉદય થાય તે. ( ત્રસ = હાલતા ચાલતા જીવો). (૩૦) **બાદરનામ,** જેનું શરીર મનુષ્યોથી જોઇ શકાય તે. (૩૧) **પર્યાપ્તિ,** પોતપોતાની પર્યાપ્તિથી સંપૂર્ણ. (૩૨) **પ્રત્યેક,** જીવના એકજ શરીરમાં એકજ જીવ હોય તે. (૩૩) **સ્થિર,** શરીરમાં દાંત હાડકાં વગેરે દ્રઢ હોય તે. (૩૪) **શુભ,** નાભિ ઉપરનું શરીર સારૂં હોય. તે (૩૫) **સુભગ,** જે કર્મથી સર્વ માણુસોને વહાલો લાગે તે. (૩૬) **સુસ્વર,** જે કર્મથી સ્વર મધુરતાદિ ગુણ પ્રાપ્ત થાય. (૩૭) **આદેય,** આદરથી જેનું વચન સર્વ જનો સ્વીકારે તે. (૩૮) **યંશકીર્ત્તિ,** જેનાથી જીવને યશ કીર્ત્તિ મળે તે. (૩૯) **દેવતાનું આયુષ્ય.** (૪૦) **મનુષ્યનું આયુષ્ય.** (૪૧) **તિર્યંચનું આયુષ્ય.** (૪૨) **તીર્થંકરનામકર્મ,** જેથી ત્રણલોકને પૂજ્ય ચોત્રીસ અતિશય વગેરે તીર્થંકરની સંપદા પ્રાપ્ત થાય. આ કર્મનો ઉદય કેવળ પ્રાપ્ત થયા પછી જીવને થાય છે.

---

## (૪) પાપ તત્વ.

જે અશુભ પ્રકૃતિરૂપ કર્મથી જીવ દુઃખ ભોગવે છે ત્હેને 'પાપ' કહેવાય છે.

પાપનાં ૧૮ સ્થાનક છેઃ—૧ જીવહિંસા ( પ્રાણાતિપાત ), મૃષાવાદ ( અસત્ય કથન ), ૩ અદત્તાદાન ( ચોરી ), ૪ મૈથુન ( અબ્રહ્મચર્ય ), ૫ પરિગ્રહ ( મમતા, લોભ, વસ્તુને વિષે મ્હારાપણું ), ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા (કપટ), ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલેશ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય ( ચાડી કરવી ), ૧૫ પરપ્રવાદ ( નિંદા ), ૧૬ રતિ, અરતિ, ૧૭ માયા મૃષા, ૧૮ મિથ્યાદર્શનશલ્ય. ( જે સત્ નથી ત્હેને સત્ માની બેસી મનમાં શલ્ય રાખે તે ).

## પાપ ૮૨ પ્રકારે ભોગવવામાં આવે છે.

૧ મતિ જ્ઞાનાવરણીય ( મતિ જ્ઞાનને આવરણ હોવાથી મતિ જ્ઞાન ન થાય તે ), ૨ શ્રુત ( શાસ્ત્ર ) જ્ઞાનાવરણીય, ૩ અવધિજ્ઞાનાવરણીય, ૪ મનઃપર્યવ જ્ઞાનાવરણીય, ૫ કેવળજ્ઞાનાવરણીય, ૬ દાનાંતરાય ( દૌલત અને પાત્ર મળ્યા છતાં તથા દાનનું ફળ જાણ્યા છતાં દાન આપી શકાય નહિ તે), ૭ લાભાંતરાય, ૮ ભોગાંતરાય, ૯ ઉપભોગાંતરાય, ૧૦ વીર્યાંતરાય, (જુવાન અને આરોગ્ય છતાં બળહીનતા થાય તે ), ૧૧ ચક્ષુદર્શનાવરણીય. (નેત્રનું દર્શન આચ્છાદિત થાય તે ), ૧૨ અચક્ષુદર્શનાવરણીય. ( ચક્ષુ સિવાયની બીજી ઇંદ્રિયોનું આવરણ ), ૧૩ અવધિદર્શનાવરણીય, ૧૪ કેવલદર્શનાવરણ, ૧૫ નિદ્રા ( સુખેથી જાગી શકાય તે ), ૧૬ નિદ્રા નિદ્રા (દુઃખેથી જાગી શકાય ), ૧૭ પ્રચલા ( ઉભા અથવા બેઠા જે નિદ્રા આવે તે), ૧૯ સ્ત્યાનર્દ્ધિ ( દિવસે ચિંતવેલું કામ રાતે કરી આવે ને અર્ધવાસુદેવનું બળ આવે તે નરકગામી નિદ્રા ), ૨૦ નીચ ગોત્ર, ૨૧ અશાતાવેદનીય (દુઃખની પરંપરા, નારકી તિર્યંચને હોય છે) ૨૨ મિથ્યાત્વ (દેવ-ગુરૂ તથા ધર્મ સંબંધી ગેરસમજ), ૨૩ સ્થાવરનામ કર્મ. ૨૪ સૂક્ષ્મ. ૨૫ અપર્યાપ્તિ. ૨૬ સાધારણ. ૨૭ અસ્થિર. ૨૮ અશુભ. ૨૯ દુર્ભગ. ૩૦ દુઃસ્વર. ૩૧ અનાદેય. ૩૨ અયશ. ૩૩ નરકગતિ. ૩૪ નરકાનુપુર્વી. ૩૫ નરકનું આયુષ્ય. ૩૬ તિર્યંચની ગતિ. ૩૭ તિર્યંચાનુપુર્વી. ૩૮ એકેંદ્રિયપણું. ૩૯ બે ઇંદ્રિયપણું. ૪૦ તેઇંદ્રિયપણું. ૪૧ ચઉરીંદ્રિયપણું. ૪૨ અશુભવિહાયોગતિ. ૪૩ ઉપઘાતનામકર્મ. ( કંઠમાળ, પડજીભ વગેરેથી શરીરના અવયવો હણાય છે જે કર્મથી તે ). ૪૨ અશુભ વર્ણ. ૪૩ અશુભ ગંધ. ૪૪ અશુભ રસ. ૪૫ અશુભ સ્પર્શ. ૪૬ ઋષભનારાચ સંઘેણ. (અસ્થિના સાંધામાં બંને તરફ મર્કટબંધ હોય). ૪૮ અર્ધનારાચ ( એક તરફ મર્કટબંધ ને બીજી તરફ ખાલી હોય ). ૪૯ કીલિકાસંઘેણ ( જ્યાં માત્ર હાડકાંઓ ખીલીના બંધથી રહ્યા હોય ). ૫૦ સેવાર્ત (જુદા જાદા હાડકાં પરસ્પર લગ્ન થાય ને જેની સેવા તેલ ચોળવા વગેરેથી કરવી પડે તે. ) ૫૧ ન્યગ્રોધપરિમંડળ સંઠાણ ( નાભિની ઉપરનો ભાગ સારો ને નીચેનો હીન હોય ). ૫૨. સાદિ સંસ્થાન ( ન્યગ્રોધથી ઉલટું ) ૫૩ કુબ્જ (છાતી તથા ઉદરહીન હોય ને બાકીનો ભાગ પ્રમાણયુક્ત હોય). ૫૪ વામન ( કુબ્જથી ઉલટું ). ૫૫ હુંડ સંઠાણ (શરીરના બધા અવયવ અશુભ હોય તે). ૫૬ કષાય પચવીશ ( ક્રોધ, માન, માયા ને લોભ એ

ચાર કષાય. તે દરેકના અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન એમ ચાર ભેદ થાય છે, એટલે કષાયના ૧૬ કુલ ભેદ થયા; હવે ૯ 'નો કષાય' હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા એ ૭ ને પુરૂષ વેદ, સ્ત્રીવેદ, નપુંસક વેદ, એ ત્રણ વેદ મળી ૯. કુલ ૨૫).

# (૫) आश्रव तत्व.

આશ્રવ=જેનાવડે જીવોમાં પાપ આવે છે તે. (પાપ આવવાના રસ્તા તે નાળાં—ગરનાળાં, ને આશ્રવ તે તલાવ, તે દૃષ્ટાંતે સમજી લેવું). '**शुभाशुभ कर्मद्वाररुप आश्रवः**'

## આશ્રવતત્વના ૪૨ ભેદ છે.

૪ કષાય, ૫ ઇંદ્રિયો મોકળી મૂકવી તે, ૫ અવ્રત (૧૮ પાપસ્થાનમાંના પહેલા પાંચ), ૩ યોગ એમ ૧૭ થયા ને બાકીની ૨૫ ક્રિયારૂપ આશ્રવ નીચે મુજબ:—

૧ શરીરને યત્ના વગર પ્રવર્ત્તાવવું તે કાયિકી ક્રિયા. ૨ કોઇના વધ માટે તરવાર વગેરે અધિકરણથી લાગે તે અધિકરણિકી. ૩ જીવાજીવ ઉપર દ્વેષ કરવાથી લાગે તે પ્રાદ્વેષિકી. ૪ ક્રોધથી પોતાને ને બીજાને દુઃખ ઉપજાવે તે પરિતાપનિકી. ૫ જીવના પ્રાણોને નુકસાન કરવાથી લાગે તે પ્રાણાતિપાતિકી. ૬ ખેતી વગેરેના આરંભથી જે લાગે તે આરંભિકી. ૭ ધાન્યાદિનો સંગ્રહ કરી મમતા કરવાથી લાગે તે પારિગ્રાહિકી. ૮ કપટ કરી બીજાને છેતરવાથી જે લાગે તે માયાપ્રત્યયિકી. ૯ ભગવંતના વચનથી ઉલટા દર્શનથી જે લાગે તે મિથ્યાદર્શન પ્રત્યયિકી. ૧૦ પ્રત્યાખ્યાન નહિ કરવાથી લાગે તે રાવી—અપ્રત્યાખ્યાનિકી. ૧૧ કૌતુકથી દૃષ્ટી કરવાથી જે લાગે તે દૃષ્ટિકી. ૧૨ કોમળ વસ્તુપર હસ્તસ્પર્શ કરવામાં ખુબ આનંદ માનવાથી લાગે તે સ્પૃષ્ટિકી. ૧૩ જીવાજીવ આદિ આશરે કર્મબંધ થવાથી જે લાગે તે પ્રાતિત્યકી. ૧૪ તેલ, ઘીનાં પાત્રો ઉઘાડાં રાખવાથી અથવા પોતાની સંપદાની પશંસામાં હર્ષ લેવાથી સામંતોપતિપાતિકી. ૧૫ રાજાજ્ઞાથી યંત્રશસ્ત્રના અતિઆકર્ષણથી લાગે તે શસ્ત્રિકી. ૧૬ જીવ કે અજીવવડે સસલા વગેરેને મારતાં જે લાગે તે સ્વહસ્તિકી. ૧૭ જીવાજીવને ઇચ્છાવડે પરૂપણા કરવાથી લાગે તે આજ્ઞાપનિકી (જીવાજીવને ઇચ્છા વડે લાવવાથી લાગે તે આનયનિકી.) ૧૮ જીવાજીવને

વિદારવા ફાડવાથી જે લાગે તે વૈદારિણિકી. ૧૯ શુન્યચિત્તે વસ્તુગ્રહણ કરવાથી અનાભોગિકી. ૨૦ લોકપરલોક વિરૂદ્ધ આચરણ કરવાથી જે લાગે તે અનવકાંક્ષ પ્રત્યાયિકી. ૨૧ મન, વચન, કાયાના યોગનું અયોગ્ય પ્રણિધાન કરવાથી જે લાગે તે પ્રાયોગિકી. ૨૨ આઠ કર્મના સમુદાયથી જે લાગે તે સામુદાયિકી. ૨૩ માયા, લોભ આશ્રયે લાગે તે પ્રેમિકી. ૨૪ ક્રોધ--માનના આશ્રયે લાગે તે દ્વેષિકી. ૨૫ કેવળીને માત્ર કાયાના યોગથી લાગે તે ઐર્યાપથિકી.

# ( ६ ) संवर तत्व.

સંવર = જેનાથી આવતાં કર્મ અટકે તે. **'आश्रव निरोधलक्षण: संवर:'**

## સંવરના ૫૭ ભેદ છે.

પાંચસમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીશ પરિસહ, દસપ્રકારના યતિ ધર્મ, બાર ભાવના ને પાંચ પ્રકારનું ચારિત્રઃ એ ૫૭ ભેદ.

શ્રી વીતરાગે ફરમાવ્યા મુજબ સમ્યક્ પ્રકારે વર્ત્તવું તે **'સમિતિ.'**

**પાંચ સમિતિઃ**—૧ ઇર્યાસમિતિ (જોઇને ચાલવું તે); ૨ ભાષાસમિતિ ( નિરવદ્ય બોલવું તે); ૩ એષણા (નિર્દોષ આહાર-પાણી લેવાં તે); ૪ આદાન નિક્ષેપણા (પાટ પાટલાદિ પ્રમાર્જીને મૂકવાં તે ); ૫ પરિષ્ટાપનિકા ( સદોષાદિ વસ્તુને પરઠી આવવી તે નિર્જીવ સ્થાને પરઠવવી. )

**ત્રણ ગુપ્તિઃ**—મનોગુપ્તિ (કલ્પના તજી, સમતા સજી, મનના સર્વ દ્રવ્યોનો નિરોધ કરવો તે); વચનગુપ્તિ (મુનિવ્રત લેવું અથવા બોલવાનો નિયમ કરવો તે ); કાયગુપ્તિ (ઉપસર્ગથી ચલીત થવું નહિ અથવા સર્વથા શરીરની ચેષ્ટાનો ત્યાગ કરવો તે. )

**બાવીસ પરિસહઃ**—ક્ષુધા પરિસહ, પિપાસા (તૃષા) પરિસહ, શીત (ઠંડ), ઉષ્ણ, ડાંસ, વસ્ત્રાદિ ફાટયાં તૂટયાં કે મલીન મળે તે, આહાર કે સ્થાનક સારાં ન મળે તે સહવું, સ્ત્રી પરિસહ (સ્ત્રીના અલંકાર કે વચનથી ચિત્તમાં ક્ષોભ ન થવા દેવો તે), ચર્યા પરિસહ (વિહાર સંબંધી પરિસહ), નૈષિધિકી પરિસહ (કાયોત્સર્ગ કે સ્મશાનાદિમાં ઉપસર્ગ થાય તો પણ ડગવું નહિ); શય્યા પરિસહ, આક્રોશ પરિસહ (અજ્ઞાની લોકો ખરાબ વચન કહે તે સહવાં),

યાંચા પરિસહ (યાચના કરતાં મનમાં ખેદ ન થવા દેવો તે), અલાભ પરિસહ (ઇચ્છીત પદાર્થની પ્રાપ્તિ ન થાય તો ખેદ ન થવા દેવો), તૃણસ્પર્શ પરિસહ (સંથારામાં ડાભથી દેહને પીડા થાય તો પણ ખેદ ન ધરવો તે), મેલપરિસહ, સત્કાર પુરસ્કાર પરિસહ (સત્કારથી મનને ફુલાઇ જવા ન દેવું), પ્રજ્ઞા પરિસહ (જ્ઞાનનો ગર્વ મનમાં ન થવા દેવો), અજ્ઞાન પરિસહ (જ્ઞાન માટે શ્રમ લેવા છતાં આવડે નહિ તો ખેદ ન ધરવો, સમ્યકત્વ પરિસહ ( વીતરાગે ભાખેલાં તત્વોને વળગી રહેવાથી જે સંકટ આવી પડે તે સહવાં ).

**દસ પ્રકારનો યતિ ધર્મ:**—૧ ક્ષમા, ૨ માર્દવ (નિરહંકાર વૃત્તિ) ૩ આર્જવ ( ઋજુતા-સરળતા), ૪ મુત્તી ( લોભમુક્ત દશા ), ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ આકિંચન્ય, ૧૦ બ્રહ્મચર્ય.

**બાર ભાવના:**—૧ અનિત્ય ભાવના (સંસારના સર્વ પદાર્થ અનિત્ય છે એમ ચીંતવવું તે.)૨-અશરણ ભાવના (મોત વગેરે ભયથી ભરેલા સંસારમાં કોઇ શરણ નથી). ૩ સંસાર ભાવના (જીવ ચોરાશી લાખ જીવયોનીમાં ભ્રમણ કરે છે.) ૪ એકત્વ ભાવના (જીવ એકલો આવ્યો છે, એકલો જશે ને કરેલાં કર્મ એકલોજ ભોગવશે.) ૫ અન્યત્વ ભાવના (પુત્ર, સ્ત્રી, ધન તે હું નથી, અન્ય છે; કોઇ કોઇનું સંબંધી નથી.) ૬ અશૌચ (આ દેહ નિરંતર ઝર્યા કરે છે, મળ મૂત્રથી ભરેલો છે.) ૭ આશ્રવ (સંસારી જીવોને પ્રમાદ—અવિરતિ દુર્ધ્યાનથી નિરંતર કર્મ બંધાયા કરે છે એમ ચીંતવવું તે.) ૮ સંવર ભાવના ( પ્રમાદ ઇ૦ ને રોકવાના ઉપાય સમકિત વગેરે છે એમ ચીંતવવું તે. )૯ નિર્જરા ભાવના (કર્મની નિર્જરા કરવાને બારભેદી નિર્જરા ચીંતવવી તે.) ૧૦ લોક ભાવના (મનુષ્યાકારે છ દ્રવ્યથી પરિપૂર્ણ ચૌદ રાજ લોકનું ચીંતવન કરવું તે. ) ૧૧ બોધ ભાવના (મનુષ્યપણું પ્રાપ્ત થવા છતાં જીવને બોધિબીજ સમકિત મળ્યું નહિ એમ ચીંતવવું તે.) ૧૨ ધર્મ ભાવના (પરમ સુખને માટે ધર્મ એકજ કામ લાગે તેવો છે એમ ભાવના ભાવવી તે.)

**પાંચ પ્રકારનું ચારિત્ર:**—૧ સામાયિક ચારિત્ર—સર્વ સાવદ્ય ( પાપકારી ) કામકાજનો ત્યાગ ને નિર્દોષ વેપારનું સેવન કરવું તે.

૨. છેદોપસ્થાપનીય—ગણાધિપે આપેલા પાંચ મહાવ્રત પાળવાં તે. ૩ પરિહાર વિશુદ્ધિ—નવ સાધુઓ ૧૮ માસ ગચ્છથી નિકળી સિદ્ધાંત મુજબ તપ કરે તે. ૪ સૂક્ષ્મ સંપરાય એ નામના ૧૦ મે ગુણસ્થાનકે ગયેલા સાધુનું ચારિત્ર તે. ૫ સર્વ કષાયનો સર્વથા નાશ થતાં સાધુઓનું જે ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર ( તે, કેવલીને હોય છે ).

## (૭) निर्जरा.

**જે વડે કર્મ, દેશ થકી વિશેષ ક્ષય પામે તે 'નિર્જરા.'**

નિર્જરાના ૧૨ ભેદ છે, ત્હેમાંના ૬ બાહ્ય ને ૬ અભ્યંતર તપ છે.

૧ અનશન—આહારનો ત્યાગ ( ચોથ, છઠ એ 'ઇત્વર' ને જાવજીવ અનશન તે 'યાવત્કથિક'). ૨ ઉણોદરી—એક બે ત્રણ વગેરે કોળીઆ ઓછા જમવું તે. ૩ વૃત્તિસંક્ષેપ—નિયમ ધારવો (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અમુક વસ્તુનો નિયમ-અભિગ્રહ કરવો તે ). ૪ રસ ત્યાગ—રસ એટલે વિગયનો ત્યાગ કરવો તે. ૫ કાય કલેશ—લોચ વગેરે કષ્ટ સહન કરવાં તે. ૬ સંલીનતા—ઇંદ્રિય કષાય નિવારણ, યોગ નિવારણ, ને સ્ત્રી-પંડક-પશુ આદિથી રહિત એવા ઉપાશ્રયમાં રહેવું તે, એમ ૪ પ્રકારની સંલીનતા.

એ ૭ **બાહ્ય તપ** છે. હવે **અભ્યંતર તપ**ના ભેદઃ—

૧ પ્રાયશ્ચિત. (લાગેલાં પાપ ગુરૂની આગળ કહી તપાદિ આચરે તે). ૨ વિનય. ૩ વૈયાવચ્ચ ( સાધુ, તપસ્વી, દુઃખી એવા પુરૂષોને અન્ન પાન લાવી આપવાં તથા વિશ્રામ આપવો તે). ૪ સ્વાધ્યાય (વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા એ પાંચ પ્રકારે). ૫ ધ્યાન ( આર્ત-રૌદ્ર ધ્યાન છોડી ધર્મ-શુક્લ ધ્યાન સ્વીકારવું તે. ) ૬ ઉત્સર્ગ-ક્રોધત્યાગ તે ભાવ ઉત્સર્ગ; અને દેહ, ઉપાધિ, ને ભુક્તિનો ત્યાગ કરવો તે દ્રવ્ય ઉત્સર્ગ.

## (૮) बंध तत्व.

જે વડે જીવની સાથે લાગેલા કર્મનો સંબંધ થાય છે તે '**બંધ**' કહેવાય.

ત્હેના ચાર ભેદ છે. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ તથા પ્રદેશ. કર્મનો સ્વભાવ તે પ્રકૃતિ ( સ્વભાવ=પરિણામ ). કર્મના કાળનો નિશ્ચય તે સ્થિતિ ( કાળ પરિમાણ. ) કર્મનો રસ તે અનુભાગ ( રસ એટલે કે ત્હેમાં જે

મજા-લહેજત લીધી તે). કર્મના દળનો સંચય તે પ્રદેશ; પુદ્ગલનું પરિમાણ તે પ્રદેશ.

દ્દષ્ટાંતઃ—લાડુ જેવો બનાવ્યો હોય તે કફ વાત કે પિત્તને હણે તે ત્હેનું સ્વરૂપ= તે 'સ્વભાવ'. તે લાડુ ૧ દિવસથી ૪ માસ સુધી જેટલી મુદ્દત રહી શકે તે 'સ્થિતિ' બંધ. તેમ તે લાડુ તીખો, ગળ્યો, મોળો, કડવો હોય તે ત્હેનો 'રસ' બંધ. કોઈ લાડુ મ્હોટો, ન્હાનો, જાડો, પાતળો એમ દળિયાનું પ્રમાણ તે 'પ્રદેશ' બંધ.

જ્ઞાનાવરણીય આદિ કર્મ, જ્ઞાન-દર્શન—ચારિત્રને જે સ્વભાવથી હણે છે તે 'પ્રકૃતિ બંધ.' તેની તે સીતેર કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિ હોય છે તે 'સ્થિતિ બંધ.' તે કર્મ કોઇ તીવ્ર રસથી અને કોઇ મધુરતા કે કોમળતાથી બંધાયો હોય તે 'રસ બંધ.' તેના તે કર્મને તે તે પુદ્ગલનું પ્રમાણ થાય તે 'પ્રદેશ બંધ.'

## (૯) મોક્ષ તત્વ.

સર્વથા કર્મના વળગાટથી મુક્તપણું થાય તે 'મોક્ષ.' મોક્ષે ગએલા જીવો સિદ્ધ કહેવાય છે. મનુષ્ય ગતિમાં આવેલો, કેવલ્ય જ્ઞાનની સ્થિતિએ પહોંચેલો જીવ મોક્ષ મેળવે છે. એ સિદ્ધોના **પંદર ભેદ** બતાવવામાં આવ્યા છે. **૧** તીર્થ સિદ્ધા—ચતુર્વિધ સંઘરૂપી તીર્થની સ્થાપના કરી જે જીવો મોક્ષે ગયા તે. **૨** **અતીર્થ** સિદ્ધા—ઉપર કહેલા વર્ગ સિવાયના જે સિદ્ધ થયા તે. ૩ તીર્થંકર સિદ્ધા—તીર્થંકરને કૈવલ્ય જ્ઞાન થયા પછી ગણધરો વગેરે જે વર્ગ મોક્ષ ગયો તે. ૪ અતીર્થંકર સિદ્ધા—તીર્થંકરને કૈવલ્ય જ્ઞાન પ્રગટ્યા પહેલાં ( મરૂદેવી માતા વગેરે ) જે વર્ગ મોક્ષ ગયો તે. ( કેટલેક ઠેકાણે અર્થમાં ૧--૨ નો અને ૩—૪ નો અર્થ ઉલટ પાલટ કર્યો છે ). ૫ ગૃહસ્થલીંગ સિદ્ધા—ગૃહસ્થના વેશમાં રહ્યા છતાં સિદ્ધ થયા તે ( ભરત રાજા વગેરે ). ૬ અન્યલિંગ સિદ્ધા—જોગી, સન્યાસી, વગેરે વેષે જેઓ મોક્ષ ગયા તે. ૭ સ્વલિંગ સિદ્ધા--જૈન સાધુના વેષે મોક્ષ પામ્યા તે. ૮ સ્ત્રીલિંગ સિદ્ધા--સ્ત્રી લિંગે મોક્ષ ગયા તે. ૯ પુરૂષલિંગ સિદ્ધા--પુરૂષ લિંગે મોક્ષ ગયા તે. **૧૦** નપુંસક લિંગે સિદ્ધા--**જાત** નપુંસક નહિ પણ **કૃત** નપુંસક, નપુંસક લિંગે મોક્ષે જાય. **૧૧** પ્રત્યેકબુદ્ધ સિદ્ધા---આપોઆપ કોઇ પદાર્થ જોઇ

વૈરાગ્ય આવવાથી ચારિત્ર પાળી મોક્ષે ગયા તે. ૧૨ સ્વયંબુદ્ધ સિદ્ધા-પોતાની મેળે પ્રતિબોધ પામી મોક્ષે ગયા તે. ૧૩ બુદ્ધબોહી સિદ્ધા—ગુરૂનો ઉપદેશ સાંભળી મોક્ષે ગયા તે. ૧૪ એક સિદ્ધા—એક સમયમાં એકજ જીવ સિદ્ધ થયો હોય તે. ૧૫ અનેક સિદ્ધા—એક સમયમાં ઘણા જીવ મોક્ષે ગયા હોય તે.

(એક સમયમાં વધારેમાં વધારે ૧૦ નપુંસક, ૨૦ સ્ત્રી, ૧૦૮ પુરૂષ સિદ્ધ થાય એમ જૈન શાસ્ત્રો કહે છે.)

***

અહીં નવ તત્વનું ટુંક સ્વરૂપ, માત્ર વિષયનો કાંઇક ખ્યાલ આપવા પુરતું, સમ્પૂર્ણ થાય છે. એકેક બોલ ગહન છે અને આજે જે અર્થમાં સમજાય છે તે સિવાય ગુહ્યાર્થથી ભરપુર છે. પ્રસંગે કોઇ 'અધિકારી' મહાશય તરફથી આ રસ્તે પ્રકાશ પડશે એમ આશા સાથે હાલ તો આટલેથી વિરમીશું.

# एक मुनिने पाछळथी आवेली सान !

[ 'ચ્હડી આવ્યાં વાદળ કાળાં'—એ રાગ. ]

હે દીનાનાથ દયાળુ ! (૨)....ટેક
માફ કરો, પ્રભો ! મુજ અપરાધો,
મ્હેર ધરીને મયાળુ !........હે દીનાનાથ દયાળુ ! હે૦ ૧
અનંત કાળ ભવ-અટવી ભટકયો, નરક નીગોદે પટકયો;
તોયે પ્રભુચરણે નવી અટકયો, શરણુ ગ્રહ્યું નહીં સારૂં— હે૦ ૨
દુઃખી થયો કરી કર્મ હું કાળાં, પુદ્‌ગળનાં સુખ પ્યારાં;
સુખ--દુઃખ સર્વે કર્મના ચાળા, નિર્મળ સુખ છે ન્યારૂં—હે૦ ૩
**સંત તણી સેવા કરવાથી, હવે સાન કંઇ આવી;**
સત્ય ધર્મને સદ્‌ગુરૂ જાણ્યા, જાણ્યા દેવ જગતારૂ— હે૦ ૪
દુષ્ટ કૃત્યને દેશવટો દઇ, તુજ આજ્ઞા પ્રભુ પાળું;
વિશ્વ-ધર્મનો ઉદય કરીને, મુજ આતમને તારૂં— હે૦ ૫
અમૂલ્ય તક ભવદધિ તરવાને, જન્મ મરણ ટળવાની;
સવજી મુનિ કહે નથી મળવાની, ફરી ફરી સંભારૂં— હે૦ ૬

# उपला काव्यनुं स्पष्टीकरण.

મુનિશ્રી સતજી સ્વામી ઉપલા સ્તવનમાં પોતાની પ્રથમની અજ્ઞાન દશાનું ચિત્ર આળેખેછે, પછી જ્ઞાન કેમ થયું તે બતાવેછે અને જ્ઞાન થતાં શું દેખાયું તે કહેછે.

આ ત્રણે મુદ્દા બહુ ઉંડા ઉતરીને વિચારવા જેવા છે. આપણે પહેલો મુદ્દો પ્રથમ વિચારીએ. અજ્ઞાન દશાનું ચિત્ર કેવું છે? એ દશામાં 'પુદ્ગલનાં સુખ પ્યારાં' લાગતાં હતાં. 'હું અમુક વસ્તુ પ્રાપ્ત કરૂં–ભોગવું–સંગ્રહું' આ વિચારમાં જ મ્હને મઝા પડતી. જગતમાં 'હું' એકલો જ હોય એમ મ્હને લાગતું; 'હું' સિવાય જે કાંઇ હોય તે 'હું' નું 'ભોગ્ય' એટલે 'હું' ને ભોગવવાને જ માટે હોય એમ મ્હને લાગતું. જવું–આવવું–કામ કરવું—વ્યાપાર કરવો—વાંચવું—લખવું એ સર્વ ક્રિયામાં મ્હારૂં લક્ષ્યબિંદુ 'હું' જ હતું. પુદ્ગળ માત્ર,'હું' ની તૃપ્તિ અર્થે જ છે, એવા ખ્યાલમાં હું મશગુલ રહેતો.

આનું પરિણામ શું આવ્યું? જે સુખ પેલું 'હું' પેલા પુદ્ગલોમાં શોધતું તે તો હાથતાલી દઈને અંતર્ધાન થઇ જતું! પુદ્ગલનો સમુહ વીખરાઇ જતો; કારણ કે પ્રતિક્ષણ પડવા—ગળવાનો એનો 'સ્વભાવ' જ છે અને એટલા માટે જ 'પુદ્—ગલ' એવું નામ પડેલું છે। પુદ્ગલના સમુહના વીખરાવાથી એ સમુહમાં 'હું'એ માનેલું સુખ પણ વીખરાઇ જતું દેખાવા લાગ્યું અને પરિણામે 'હું' ને પ્રથમ જેટલું 'સુખ' લાગતું હતું તેટલું જ દુઃખ લાગવા માંડયું. સુખનું સ્મરણ વળી દુઃખને ઉગ્ર રૂપ આપવા લાગ્યું.

પછી જરા જરા બુદ્ધિ આવવા લાગી. 'કાંઇક વ્રત--તપ--જપ--દાન કરૂં તો એનાથી જે અમુક પ્રકારનાં શુભ કર્મ બંધાશે તે હવે પછી પુદ્ગળસમુહને વીખરાઇ જતાં અટકાવશે અને આજે મ્હને જે દુઃખ થયું તેવું થવા નહિ દે.'

જરાક ઠેકાણે આવ્યો.

પણ માત્ર 'કૂવામાંથી હવાડામાં'! હજી બહાર નથી નીકળ્યો.

મ્હેં જે વ્રત–તપ--જપ--દાન કરવા માંડયું એમાં પણ એ જ 'ઇચ્છા' હતી કે હું અમુક 'પુદ્ગલ' નો સમુહ પામું। એટલે કે પડવા--ગળવાના

સ્વભાવવાળી ચીજમાં મ્હેં ફરીથી ( એક વાર ખત્તાં ખાવા છતાં) સુખ ઢુંઢ્યું ! મતલબ કે હજી 'હું' અને 'પુદ્ગળ' એનું જ મ્હને ભાન હતું. તેથી એ એના સંયોગથી જે સંતતી જન્મે—'દુઃખ' નામની--તે સિવાય વધુ સારી ઓલાદની આશા રાખવાનો મ્હને શું હક્ક હતો ?

પણ **પછી** શું ? પછી મ્હને 'સંત'ની સેવાથી કાંઇક સાન આવી. સંતે મ્હને શીખવ્યું કશું નહિ; પણ એમના **વર્ત્તન** ઉપરથી જ મ્હને 'સતદેવ'નું અને 'સત્ ધર્મ'નું ભાન થયું. શું ભાન થયું ? એ કે "**જાણ્યા દેવ જગ તારૂ !**" એવું ભાન થયું કે ખરા દેવ તો **આખા વિશ્વના** તારનારા છે; **મ્હારા એકલાના નાહ !** ત્હારે હું કેવો મૂર્ખ કે મ્હારા **એકલાના** સુખની આશાથી ભગવાનને યાદ કરતો હતો ? શું મ્હારા જેવા અનંત જીવોને તારવાની જોખમદારી લઈ બેઠેલા પ્રભુ મ્હારા જેવા એકલપેટા—સ્વાર્થી સામે નજર કરવાને નવરા હોય કે ? દેવ એકના નથી-- આખા વિશ્વના છેઃ—એમનું કામ આખાં જગતનો ઉદ્ધાર કરવાનું છે; માટે એવા દેવનો પરૂપેલો ધર્મ પણ "આખા જગતનો ઉદ્ધાર એજ ધર્મ—આખા જગતની સેવા એજ ધર્મ" એ સિવાય બીજો હોઇ શકે નહિ. જો તે જ દેવના શરણે જવું હોય તો ત્હેનો ધર્મ—તે જે ધર્મ બજાવતા હોય અને ઉપદેશતા હોય તે જ ધર્મ—તે જ 'સેવા ધર્મ' મ્હારે પાળવો જોઇએ. 'હું' નું સુખ એ નામનું લક્ષ્યબિંદુ બદલીને 'વિશ્વનું સુખ' એને જ દૃષ્ટિબિંદુ બનાવું ત્હારે મ્હારે ને તે દેવને સંબંધ જોડાય; ત્હારે જ હું તે દેવ સાથે તારનું 'કનેક્શન' પામું; ત્હાં સુધી 'કનેક્શન' થી જ દૂર હોવાથી ભગવાન શું ચીજ હશે એનો ખ્યાલ જ ન આવી શકે તો પછી એના હુકમ સાંભળવાનું તો બને જ કેમ ?

આવું ભાન થવાથી "દુષ્ટ કૃત્યને દેશવટો દઇ, તુજ આજ્ઞા પ્રભુ પાળું ! " એવું કરવા તૈયાર થયો. શું ખરીજ વાત ? પ્રભુની આજ્ઞા પાળવાનું મન થયું ? ત્હારે તે આજ્ઞા કઇ ? "**વિશ્વ-ધર્મનો ઉદય કરીને, મુજ આતમને તારૂં !**" કેવી ગંભીર પ્રતિજ્ઞા ! ભગવાને આજ્ઞા કરી કેઃ "વિશ્વનો અને ધર્મનો ઉદય કર, **એ દ્વારા** ત્હારા આત્માનો ઉદ્ધાર **આપોઆપ થશે.**" ત્હારો ઉદ્ધાર કરવાનો સાંકડો વિચાર જવા દે; વિશ્વનો અને ધર્મનો ઉદ્ધાર એને જ લક્ષ્યબિંદુ બનાવ; એ રસ્તે જતાં **રસ્તામાં** 'સ્વ—ઉદ્ધાર' નગરી આવી જશે. ભગવાનની આ નવી આજ્ઞા ક્યહાં અને મ્હારૂં પ્રથમનું 'હું' ક્યહાં ? જો કે **પ્રથમ તેમજ હાલ પણ હું પુદ્ગલો વચ્ચેજ રહું છું—પુદ્ગલો**

ભોગવું છું અને પુદ્‌ગલો પોતાનું કામ મ્હારા ઉપર બજાવ્યાં કરે છે પણ ખરાં; પરન્તુ **પ્રથમ** હું પુદ્‌ગલોનો **આશ્રીત** હતો, આજે મ્હેં પુદ્‌ગલોને મ્હારા આશ્રીત બનાવ્યા છે. હવે મ્હેં દુષ્ટ કર્મોને તો દેશવટો દીધો છે; કારણ કે મ્હારે હવે **મ્હારા માટે** તો કાંઇ કરવાનું રહેતું જ નથી. અને જે કાંઇ કરૂં તે જો વિશ્વના હિત માટે જ કરવાનું હોય તો પછી અનર્થ કે અન્યાયનું કામ કરવાની ઇચ્છા—અરે જરૂર જ કેવી હોય ?

હજીએ હું પહેલાંની પેઠે ખાઉં છું. પહેલાં **સ્વાદ** માટે ખાતો તે હવે **શરીરને નીભાવવા** માટે ખાઉં છું; કારણકે એ **શરીરસાધન** વડે વિશ્વહિતનાં અનેક કામ કરવાનાં છે. ફેર તો થોડો જ પડ્યો છે, એટલોજ કે પહેલાં હું ખાવા માટે જીવતો, હવે હું જીવવા માટે ખાઉં છું; અને જીવવું પણ 'સેવા' માટે જ!

હજીએ હું વસ્ત્ર પહેરૂં છું—એક અથવા બીજા રૂપમાં પરિગ્રહ રાખું છું. પણ પહેલાં એ વસ્ત્ર કોઇને લલચાવવા માટે કે મ્હારો રૂઆબ દેખાડવા માટે પહેરતો તે હવે માત્ર વસ્ત્ર રહીત પુરૂષને જોવાથી મનમાં વિકાર કે જુગુપ્સા ઉત્પન્ન થયા વગર રહે નહિ એમ સમજીને **શરીર ઢાંકવા** માટે વસ્ત્ર પહેરૂં છું. શોભા કે ટાપટીપ હવે મ્હારો આશય નથી. તેમજ ગ્રંથાદિ જે કાંઇ પરિગ્રહ રાખું છું તે પણ જગહિતાર્થે જ છે. મ્હારી પાસે કાંઇ ન હોય તેથી અને સર્વથી વધારે હોય તેથી એક સરખી જ અસર મ્હારા મન પર થાય છે—મતલબ કે શૂન્ય!

હજીએ હું હરૂં-ફરૂં છું. પણ પહેલાં 'હું' ને માટે કોઇ જાતનો પુદ્‌ગલસમુહ એકઠો કરવાને કે સ્હેલ કરવાને માટે હરતો—ફરતો; આજે 'હું' માં અને 'પુદ્‌ગલ' માં મુંઝાઈ રહેલા મનુષ્ય બાંધવોને ,ખરૂં સુખ બતાવવા—શાન્તિ ઉપજાવવા—ત્હેમની ચગદાયલી છાતીના બોઝા ટીપી નાખવાને માટે હરૂં-ફરૂં છું. કારણ કે તે કામ **કરવા જેવાં હતાં** અને કોઇએ પણ કરવાનાં જ હતાં તો હું જ તે કેમ ન કરૂં ? અમૃતની લ્હાણીમાં પડાપડ થાય એમાં આશ્ચર્ય શું ? મ્હારા આખા શરીરમાંના એક અંગને કાંઇ દરદ થાય તો તે મટાડવા બીજાં અંગો દવા ખાય—હરવા-ફરવાની ગતિ કરે—તકલીફ સહે એમાં તેઓ સપાડું શું કરે છે ? જો તેઓ તેમ ન કરે તો દરદ વધતું વધતું તમામ અંગોને ચીતામાં કે કબરમાં મોકલી દે, તે કરતાં એને બચાવવા પોતે એટલી તકલીફ સહે એ શું ખોટું ? એના સુખમાં એ સર્વ અંગનું સુખ રહેલું છે. વિશ્વના ઉદ્ધારમાં મ્હારો ઉદ્ધાર સમાયલો છે. વિશ્વના નાથ પ્રભુ આવી વિશ્વદષ્ટિ સિવાય બીજી

દષ્ટિ આપી શકે જ નહિ અને એ દષ્ટિ સિવાય તે પ્રભુ સાથે સંબંધ--તાર--જોડાઇ શકે જ નહિ. જો શરીરના એક અંગે બીજા અંગ માટે કરેલા કામનું ઇનામ તે અંગ ઇચ્છી શકે નહિ--માગી શકે નહિ--આશા રાખી શકે નહિ તો 'ચૌદ રાજલોક' નામના એક આખા શરીરમાં 'હું' એક અંગ બીજા મનુષ્ય રૂપી અંગના દુઃખ દૂર કરવાને ગતિ કરું એનો બદલો, બક્ષીસ કે ફળ કેમ માગી શકું—કેમ ઇચ્છી શકું ? એ 'ઇચ્છા' એ જ નરક છે; ફળની એ લોલુપતા એજ પુદ્ગળ સાથે આત્માને જોડી રાખનાર અને પુદ્ગળના તંત્રમાં મુકનાર 'પરમાધામી' છે. એક વાર જેવી રીતે મ્હેં ફળની આશાથી કુકર્મનો ત્યાગ કરી શુભ કર્મો કરવા માંડ્યાં તેવીજ રીતે એક પગથીઉં આગળ વધીને હું હવે તે આશાથી મુક્ત રહીને જ શુભ કર્મ, તે કરવાની જરૂર છે--વિશ્વના ઉદ્ધાર માટે ત્હેની જરૂર છે એટલા માટેજ, કરીશ.

વીતરાગ દેવે ફરમાવેલી ૧૨ ભાવનાઓમાં ૧૧ મી 'લોકભાવના' કેવી સુંદર છે! ધ્યાનારૂઢ થઇને એ ભાવના ભાવવા માટે હૃદયની આંખો આગળ ચૌદ રાજલોકને એક મનુષ્યના રૂપમાં ચીતરવા અને તે વિશાળ જગામાં, એક રાક્ષસના શરીરમાં એક વાળ જેટલી જગા રોકે તેથી પણ અનંતમા ભાગની જગામાં, પોતાને કલ્પવો. એ શરીરમાં અનેક નસો છે અને તે દરેક નસ અનંતા જીવોના દોરડા તુલ્ય છે—અનંતા જીવોથી જ બનેલી છે, કે જે જીવો આપણી પેઠે ત્હાં ખાય છે—પીએ છે અને એ જાતિને લગતી ક્રિયાઓ કરે છે. એક શરીરમાં કેટલી બધી દુનિયાઓ ભરી છે! એવી જ રીતે આ વિશ્વ રૂપી 'એક' શરીરમાં અનેક દુનિયાઓ ભરી છે અને એકેક દુનીઆમાં અનેક જીવો ભર્યા છે! દરેક જીવ પોતાને બીજા જીવોથી સંબંધ વગરનો માને તો જેમ શરીર નભે નહિ તેમ વિશ્વ પણ ટકી શકે નહિ! ઉદારીક એટલે સ્થૂલ દેહનું પેટ નામે અંગ બધો ખોરાક પોતાની પાસે સંગ્રહી રાખતું નથી; અરે બધો તો શું પણ એક બદામભાર ખોરાક પણ તે પોતા માટે રાખતું નથી. જેટલો ખોરાક ત્હેની પાસે આવેછે તે નજદીકના અવયવોને ત્હાં મોકલે છે, જ્હાં ત્હેનું લોહી બની શરીરના કુલ અવયવોને ત્હેનો ભાગ પ્હેંચી આપી જે કાંઇ અલ્પ માત્ર લોહી પોતાના ભાગ તરીકે પોતાને (વગર માગ્યે) **મોકલવામાં આવે** છે તેટલાથી જ તે પોતાનુ કામ ચલાવે છે. અહો આપણે કે જેઓ આ વિશ્વના એક **સ્વાર્થી** પેટ તરીકે વર્ત્તવા માગીએ છીએ—દરેક ચીજ 'હું' માટે જ એકઠી કરી સંગ્રહી રાખવા

ઇચ્છીએ છીએ તે કેવા મૂર્ખ છીએ! તે અન્ન પેટમાં ભેગું થઇ સડી—દરદ ઉત્પન્ન કરી પ્રથમ પેટને અને પછી નિર્દોષ એવાં બીચારાં બીજાં અવયવોને અગ્નિમાં મોકલી દે છે, એ બાબતનું ભાન આપણ 'સ્વાર્થી પેટ' ને મુદ્દલ નથી. જેમ પેટમાં ભાર વધતો ગયો તેમ દરદ વધતું ગયું; તેમજ આખા વિશ્વ રૂપી અંગના પેટ જેવા આપણે જેમ જેમ વધુ વસ્તુઓ—વધુ લક્ષ્મી—વધુ વસ્ત્ર—વધુ જમીન—વધુ હરકોઇ જાતનો પરિગ્રહ આપણે માટે રાખી મુકીએ-ભરી રાખીએ તેમ તેમ આપણે વધારે દુ:ખી થઇએ એમાં શું નવાઇ? આપણું સૂક્ષ્મ શરીર—તૈજસ્ શરીર અથવા ઇચ્છા શરીર આ સઘળા ખોરાકથી ભરાઇ જવાનું અને પરિણામે જેમ પેટને સખત જુલાબ આપી ખાલી કરવું પડે તેમ આ તૈજસ્ શરીરને અનેક ભવભ્રમણમાં પડી—દુ:ખો સહી—ખાલી થવું પડશે. પુનર્જન્મનો આ જ હેતુ! પુનર્જન્મનું આ જ કારણ!

જો હું, કવિતામાં કહેલી છેલ્લી લીટીમાં જણાવ્યા મુજબ, જન્મ—મરણ ટાળવાની દરકાર કરતો હોઉં તો મ્હારે 'ઇચ્છાઓ' વડે 'ઇચ્છા શરીર' ને ઠાંસવાના કામથી દૂર રહેવાની ખાસ કાળજી રાખવી જોઇએ. બીજા શબ્દમાં કહું તો 'હું' ને મરવા દઇને તથા ચૌદ રાજલોકરૂપી એક જ મનુષ્યના અંગ રૂપ હોવાનો ખ્યાલ સજીવન કરીને એ **આખા મનુષ્યના** હિત અને કલ્યાણ માટે જ જીવવું એવો અહોનિશ ખ્યાલ રાખી તથારૂપ વર્તન ચલાવવું જોઇએ.

**વા. મો. શાહ.**

# એક ખુલાસો.

આ અંક મોડો બહાર પાડવાનું કારણ એ છે કે, ગયા અંકમાં લવાજમ નહિ આપનારા ગ્રાહકોનાં નામ પ્રગટ કરવાનું લખ્યું હતું તે મુજબ નામ છાપવાનો વખત ન આવે તો ઠીક એમ સમજી આટલા દિવસ સુધી અંક મુલતવી રાખ્યો હતો. એ ગ્રાહકો ઉપરાંત વળી એકેક સાલનું લ્હેણું સુમારે ૧૦૦ ગ્રાહકો પાસે છે ત્હેમનાં નામ પ્રગટ કરવા વખત ન આવો એમ આપણે ઇચ્છીશું. એપ્રીલ તથા મે માસના અંકો મે માસની તા. ૧૫ મી પહેલાં બહાર પડશે.

# ધ્યાન.*

ओंकारबिंदु संयुक्तं नित्यं ध्यायंति योगिनः ॥
कामदं मोक्षदं चैव ओंकाराय नमोनमः ॥

## ઉપોદ્ઘાત.

આજે ધ્યાનનો વિષય છે તે ઘણો કઠીણ છે; માટે 'ધ્યાન'ના વિષયનું શ્રવણ કરવામાં જો **ધ્યાન** હોય તો જ તે વિષય સમજી શકાય. જે વાત **અનુભવની** છે અને **અનુભવથી જ જણાય તેવી** છે, અને જેનું સ્વરૂપ પણ અનુભવમાં જ રહેલું છે, ત્હેને આપણે **શબ્દથી** કહેવા અને સાંભળવા એકત્ર થયા છીએ તેથી જે અનુભવ સિવાય સમજી શકાય તેમ નથી તેવી વાત શબ્દમાં લાવી તેવા ગહન વિષયને શ્રોતા આગળ મુકવો એ નહિ બનવા યોગ્ય છે; તોપણ જેમ બાળકને પોતાના વિચારો જણાવવાને શબ્દ મળતા નથી તેથી તે ભાંગ્યાતુટ્યા શબ્દમાં પણ પોતાના મનના વિચારોનો ભાવાર્થ બીજાઓને સમજાવે છે તેમ આ ધ્યાનના વિષયને શબ્દદ્વારા કહેવાને કરાતી આ મ્હારી પ્રવૃત્તિ સમજવી.

આપણે નિંદ્રામાં હોઇએ છીએ ત્હારે આપણી બાજુમાં ગમે તેવા ભયંકર અથવા આકર્ષક બનાવો બનતા હોય તોપણ ત્હેની અસર આપણને થતી નથી. ત્હેનું કારણ માત્ર નિદ્રામાં ઉત્પન્ન થયેલા સુખનો અતિશય છે. વળી નિદ્રાના અગાઉ જે અનેક વિકલ્પો આપણા હૃદયમાં જાગૃતિ ધરાવતા હોય તે વિચાર જ્હાં સુધી નિદ્રાવસ્થા રહે ત્હાં સુધી વિસ્મૃત થઇ જાયછે. **તેમજ** ધ્યાનના અતિશે સુખથી આપણા સમીપે બનતા પ્રિય-અપ્રિય બનાવો આપણને અસર કરી શકતા નથી. અને અનેક પૂર્વના વિકલ્પો ધ્યાનાવસ્થામાં નષ્ટ થઇ જાય છે. ધ્યાન એ શબ્દ **ધ્યૈ** **ધારણે** ધાતુ ઉપરથી બનેલો છે. ત્હેનો અર્થ 'ધારણ કરવું'--ચિંતવવું એવો થાય છે.

## ધ્યાતા અને ધ્યેય.

આટલું કહીને હવે 'ધ્યાન' એ શબ્દ સાથે સંબંધ ધરાવતા 'ધ્યાતા' અને 'ધ્યેય' એ બે શબ્દો વિષે બોલીશું. 'ધ્યાતા' એટલે ધ્યાન

---

* મુનિશ્રી ચારિત્રવિજયજીએ ૧૯૦૭માં મુંબઇ ખાતે આપેલું ભાષણ.

**કરનાર;** 'ધ્યેય' એટલે જે **વસ્તુ** ધ્યાન કરવા યોગ્ય છે તે; અને 'ધ્યાન, એટલે ધ્યેય વસ્તુનિષ્ટ જે **ક્રિયા** તે. ધ્યાનનો વિષય સર્વસામાન્ય છે, છતાં તે પહેલાં વિચાર કરવો પડે છે કે તે સામાન્ય છે પણ વિશેષ ગુંચવાડાવાળો છે. ધ્યાન કરનાર ગમે તે હોય પણ ધ્યેય પદાર્થનું જ્યહાં સુધી જ્ઞાન ન થયું હોય ત્યહાંસુધી ધ્યેય પદાર્થને ધ્યાતા ધ્યાનમાં કેવી રીતે લાવી શકે એ સવાલ ઉભો રહે છે. કારણકે જો વસ્તુસ્વરૂપ સમજાયું ન હોય તો ધ્યાન કરનાર ઘટને પટરૂપે અને પટને ઘટરૂપે ધ્યાનમાં લાવવાથી અવ્યવસ્થા આવી જાય અને તેથી વાસ્તવિક લાભ પ્રાપ્ત થાય નહિ. ધ્યેય વસ્તુ આ જગતમાં મુખ્ય બે પ્રકારે છેઃ એક આત્મા અને બાજી જડ. આ બંને પદાર્થ વિષે જૂદાં જૂદાં દર્શન જૂદા જૂદા મતને પ્રતિપાદન કરે છે, તેથી ત્હેનો નિર્ણય થયા વગર ધ્યાન કરનારે તે બે પદાર્થનું કેવી રીતે ધ્યાન કરવું તે એક અગવડતા ભરેલું કામ થઇ પડે છે. કેમકે આત્મા કેવા પ્રકારે છે અને ત્હેનુ લક્ષણ શું છે તે નક્કી થયા **પહેલાં** ત્હેને ધ્યેયરૂપે ધ્યાનમાં લાવવો તે મુસ્કેલીમાં નાખે તેવું છે. પણ હાલ તે પદાર્થ વિષેના નિર્ણય કરવાના તકરારી વિષયમાં નહિ ઉતરતાં સામાન્યરીતે આ વિષય ચર્ચવો તે વધારે ઠીક લાગશે.

## ધ્યેય પદાર્થનું ધ્યાન ક્યારે થઇ શકે ?

ધ્યેય પદાર્થને ધ્યાનથી પર નથી જાણ્યો ત્યહાં સુધી ધ્યાતા થઇ શકાય નહિ. ધ્યાતા થતાં પહેલાં ત્હેમા પ્રથમ **પ્રમાણિક જ્ઞાનની** જરૂર છે. સ્વ–પર એટલે પોતાનો **અને** પરનો નિશ્ચય કરાવનારૂં જે જ્ઞાન તે 'પ્રમાણિક જ્ઞાન' કહેવાય છે. તે જ્ઞાન બે પ્રકારે છેઃ (૧) ઇંદ્રિય પ્રત્યક્ષ અને (૨) આત્મ પ્રત્યક્ષ. 'આત્મ પ્રત્યક્ષ' ને કેટલાએક 'પરોક્ષ' માને છે; પણ જૈન ત્હેને 'પ્રત્યક્ષ' માને છે. અને જેને બાજાઓ પ્રત્યક્ષ માને છે ત્હેને જૈન પરોક્ષ માને છે. તેમજ એકજ જાતના ધ્યેયમાં પણ અમુક અંશે વિચારની ભિન્નતા થઇ જાય છે. એકજ જૈન શબ્દનું વિશેષણ લાગુ પડે એવા જૈનમાં પણ અમુક અંશે તફાવત છે.

## ધ્યાનનો અધિકારી.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની ત્રિપુટીનું યથાર્થ સ્વરૂપ જ્યહારે જ્ઞાનદ્વારા સમજાય ત્યહારે તે જીવ ધ્યાનને માટે **'અધિકારી'** થઇ શકે. ધ્યાની થયા અગાઉ **યોગશુદ્ધિ કેવા પ્રકારની જોઇએ તે સમજવાની જરૂર** છે. જ્યહાં સુધી યોગશુદ્ધિ નથી થઇ ત્યહાં સુધી **પ્રશસ્ત ધ્યાન** થઇ શકતું નથી. **બાહ્ય યોગને** માટે થોડા દિવસ ઉપર 'શુદ્ધિ'ના વિષયમાં કહેવાઇ

ગયું છે; માટે ત્હેનો અત્રે ફરી ઉલ્લેખ કરવાની જરૂર નથી; અહીં તો માત્ર **મનોયોગની** શુદ્ધિને માટે કહેવાની પ્રવૃત્તિ છે.

## મનોયોગની શુદ્ધિથી યોગાવંચકપણું.

જો મનશુદ્ધિ હોય તોજ યોગાવંચકપણું પ્રાપ્ત થઇ ધ્યાનના અધિકારી થઇ શકાય છે; કારણ કે મન-વચન-કાયાના યોગ ધ્યાતાના તાબામાં રહેવા જોઇએ, પણ ધ્યાતાએ યોગના તાબામાં નહિ રહેવું જોઇએ. જ્યારે જોનારને જોવાની અને સાંભળનારને સાંભળવાની ઇચ્છા થાય ત્યારેજ માત્ર તે ઇંદ્રિયો તે કાર્યમાં પ્રવર્તી શકે એમ થવું જોઇએ. પણ ઇંદ્રિયના સ્વચ્છંદ વર્તનથી ઇંદ્રિયવાળા જ્યાં સુધી ખેંચાય છે ત્યાં સુધી ધ્યાનનો **અધિકાર** પ્રાપ્ત થઇ શકે નહિ અને તે ઇંદ્રિયજીતપણું **અભ્યાસ** અથવા મહાવરાથી બને છે માટે **પ્રથમથી જ આપણી પ્રવૃત્તિ શુદ્ધ કરવી જોઇએ.**

## ક્રિયાના ચાર દોષ.

યોગાવંચકપણું પ્રાપ્ત કરવા માટે ક્રિયાના જે ચાર દોષ બતાવવામાં આવ્યા છે ત્હેનો પ્રથમથી જ ત્યાગ કરવો જોઇએ. એ ચાર દોષનાં નામઃ (૧) શૂન્ય દોષ (૨) દગ્ધ દોષ (૩) અવિધિ દોષ અને (૪) અતિપ્રવૃત્તિ દોષ.

શૂન્ય **દોષઃ**—જે કાંઈ કાર્ય આપણે કરીએ છીએ **તે શા માટે** કરવામાં આવે છે, ત્હેમાં જ્યાં સુધી શૂન્યપણું છે ત્યાંસુધી તે પ્રવૃત્તિ મનને નિયમમાં લાવનાર થઇ શકતી નથી. કેમકે શૂન્ય દોષથી દોષિતપણું હોવાથી યોગાવંચકપણું આપણામાં પ્રાપ્ત થઇ શકે નહિ.

દગ્ધ **દોષઃ**—અમુક પૌદ્‌ગલીક ઇચ્છા જ્યાં સુધી છે ત્યાં સુધી જે ક્રિયા ધ્યાનના સ્વરૂપને પ્રાપ્ત કરનારી છે તે દગ્ધ થવાથી ધ્યાતામાં યોગાવંચકપણું પ્રાપ્ત થતું નથી.

**અવિધિ દોષઃ**—જમવાનો ક્રમ નહિ સાચવતાં ગમે તે ભોજ્ય પદાર્થ રદ્દા તદ્દા ભોજનરૂપે ભોગવવામાં આવે અથવા પેટ ભરાય તેટલું પાણી પીધા પછી જમવા બેસીએ તો વિધિપૂર્વક ભોજન નહિ કરેલું હોવાથી શારીરિક પુષ્ટીને બદલે ઉલટી રોગાદિકની ઉત્પત્તિ થાય છે. આમ જ્યાં સુધી **જે જે ક્રમથી** જે જે કાર્ય કરવાનાં છે ત્હેને એક બાજુ મૂકી અવિધિથી કરવામાં આવે ત્યાં સુધી યોગાવંચકપણું પ્રાપ્ત થાય નહિ, પણ ઉલટા યોગથીજ ઠગાએલા કહી શકાય. જ્યાં સુધી યોગ

મનુષ્યના તાબામાં નથી પણ યોગના તાબામાં મનુષ્ય રહેલ છે ત્યહાં સુધી યોગાવંચકપણું પ્રાપ્ત કરી શકાય નહિ.

**અતિ પ્રવૃત્તિ દોષઃ**—કેટલીક વખત **ઓઘસંજ્ઞાએ ક્રિયા કરવામાં જ લાભ સમજી** જે ક્રિયા જે સમયે શાસ્ત્રોક્ત રીતિએ જેટલે અંશે કરવી જોઇએ તે ન કરતાં કોઇ પણ અનુચિત રીતે આપણી બુદ્ધિ અનુસાર ત્હેમાં ઠીકપણું માનીને ક્રિયાના નિયમોની દરકાર નહિ કરતાં એકતરફી વલણથી **વિશેષ કરવામાં આવે** તો ત્હેને 'અતિ પ્રવૃત્તિ' દોષ કહેવામ આવે છે. અને તે દોષ જ્યહાં સુધી રહેલો છે ત્યહાં સુધી ધ્યાતા ધ્યાન કરવાને લાયક બની શકતો નથી. બીજી રીતે કહીએ તો, ઇંદ્રિયોને જ્ઞાનદ્વારા સમજાવવી જોઇએ અને તૃષ્ણાને સંતોષથી શાંત કરવી જોઇએ.

## દોષોનું નિવારણ કેમ થાય ?

દરેક ક્રિયા કરતાં શાસ્ત્રના આધારને આગળ કરવામાં આવે છે; પણ શાસ્ત્રના **નિયમ** અને **ક્રમથી** જ્યહાં સુધી . મનોયોગની શુદ્ધિ થઇ નથી તેમજ પૂર્વે કહેલા ચાર દોષો જ્યહાં સુધી કાયમ છે ત્યહાં સુધી ધ્યાતાથી ધ્યાન કરવાનું બની શકતું નથી. યોગી મહાત્માઓ અગાઉ ગુફામાં એકાંતપણે ધ્યાન કરતા હતા ત્હેમાં એવો હેતુ હતો કે, ત્યહાં શાંતિથી મનપ્રસન્ન રહે અને ધ્યાન થઇ શકે. આ ઉપરથી એમ સમજી શકાય છે કે ઘણા મ્હોટા જનસમૂહમાં રહેવાથી કેટલાંએક અશાંતિનાં કારણો આપણને અસર કરે છે, તેથી અપ્રશસ્ત ધ્યાનને લઇને મનોયોગની શુદ્ધિના અભાવે ધ્યાતા ધ્યાનની ક્રિયાને કરી શકતો નથી. તેમજ મનોયોગની અશુદ્ધિ કરનાર જે અપ્રશસ્ત ધ્યાન આપણને અસર કરે છે ત્હેમાં તે વિષયનું ધ્યાન કરવાની જો વખતોવખત તક લેવાતી હોય તો તે જ અપ્રશસ્ત ધ્યાન પ્રશસ્તરૂપે થઇ શકે અને તેમ થવાથી યોગીઓથી બીજી રીતે જનસમૂહમાં રહેવા છતાં પણ ધ્યાની બની શકાય છે. માટે જ્યહાં સુધી અપ્રશસ્ત મનોયોગમાં આપણી લીનતા છે ત્યહાં સુધી તે ધ્યાનપૂર્વક નથી; જો ધ્યાનપૂર્વક હોય તો અવશ્ય સમજાય; અને સમજાય તો ત્હેનો ત્યાગ થયા વગર પણ રહે નહિ.

## આર્તધ્યાન.

અનિષ્ઠ વસ્તુના સંયોગથી અને ઇષ્ટના વિયોગથી આર્તધ્યાન થાય છે; પણ અનિષ્ટના સંયોગથી હાનિ શું છે અને ઇષ્ટના વિયોગથી આપણને નુકસાન શું છે તે સમજાતું હોય તો તે જ અપ્રશસ્ત ધ્યાન પ્રશસ્ત રૂપે

થઇ શકે. પણ તે અપ્રશસ્ત ધ્યાનજનક અશુદ્ધ પ્રવૃત્તિ જ્યહાં સુધી વખતો-વખત મનને મલીન કર્યા કરશે ત્યહાં સુધી મલીનતાને લઇને પ્રશસ્ત ધ્યાનના ધ્યાતા થઇ શકાશે નહિ. જુઓ, જ્યહારે કોઇ મરી જાય છે ત્યહારે રોનાર પોતે રડે છે અને બીજાને રોવરાવે છે; હવે આ સ્થળે 'ધ્યેય' એટલે જેના વિચારથી રૂદન કરવામાં આવે છે **તે ધ્યેય વસ્તુનું યથાર્થ જ્ઞાન હોય તો રડવું આવે જ નહિ;** પણ ધ્યેય વસ્તુનું યથાર્થ જ્ઞાન હોતું નથી. જેને માટે રૂદન કરાય છે ત્હેને માટે ગમે તેટલો વખત રૂદન કરવા છતાં પણ **કાર્યસિદ્ધિ** થતી નથી. માટે વિચાર કરવો જોઇએ કે **તું** કોણ છે? જેહને માટે રૂદન કરાય છે **તે** કોણ છે? ત્હારે એની સાથે શો **સંબંધ** છે? અને આ રૂદન કરવાથી તું જે કાંઇ હાનિ સમજે છે ત્હેની **પુનઃપ્રાપ્તિ** થઇ શકે તેમ છે કે નહિ? ઇત્યાદિનો જો વિચાર કરવામાં આવે તો સ્વતઃ સમજી જવાય અને સમજાયા પછી રૂદનક્રિયાનો ત્યાગ એની મેળે થઈ જવાથી મનઃશુદ્ધિ થતાં વાર લાગે નહિ. આમ થવાથી જે જે વિચારો પૂર્વે કહ્યા છે તે બધા પ્રશસ્ત ધ્યાનરૂપે થઇ જાય.

## રૌદ્રધ્યાન.

આશ્ચર્ય જેવું છે કે સામાન્ય બાબતમાં પણ માણસનાં હૃદય ક્રોધાતુર થઇ જાય છે. તંદુલીઓ મચ્છ જો કે નાનકડો હોય છે અને મોટા માછલાની પાંપણમાં જ રહે છે, તોપણ ત્યહાં મોટા માછલાના મુખમાંથી જીવતાં માછલાંને નીકળતાં અને પ્રવેશ કરતાં જોઇને તે પોતે મોટા માછલાને ધિક્કારે છે, અને વિચારે છે કે આ સ્થળે હું હોઉં તો એક પણ માછલાંને જીવતું જવા દઉં નહિ! આવા વિચારથી તે તંદુલીઓ મચ્છ નરકમાં જાય છે. આવા પ્રકારનું રૌદ્રધ્યાન જ્યહાં સુધી ક્ષણે ક્ષણે અસર કરે છે, ત્યહાં સુધી પ્રશસ્ત ધ્યાનને **લાયક થઇ શકાય નહિ.** રૌદ્રધ્યાન આવા વિચારથી દૂર થઇ શકે કે, સામા જીવનાં જેવાં શુભાશુભ કર્મ છે તેવુંજ ત્હેને મળવાનું છે, ત્હેમાં મ્હારૂં ધારવું કાંઇ કામ આવવાનું નથી; માત્ર મ્હારા હૃદયમાં ત્હેને માટે જે ખરાબ વિચારો આવે છે તેથી હું **ત્હેનું** નહિ પણ મ્હારા આત્માનુંજ બગાડું છું. અને કર્મથી હું પોતેજ બંધાઉં છું. પોતાના કૃત્ય સિવાય કોઇનું ભૂડું કોઈ કરી શકતું નથી અને આવા વિચારોના અભાવેજ હું સંસારમાં પરિભ્રમણ કર્યા કરૂં છું. આમ અંતરંગ શુદ્ધિથી ધ્યાનને લાયક થવા માટે આર્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો જોઇએ.

## કષાયના ઉદયનો ઉપશમ કેમ થાય ?

શાસ્ત્રમાં છઠ્ઠા—સાતમા ગુણસ્થાનકે વર્ત્તનારા મુનિઓને અક્રોધિ, અમાની, અમાયિ, અલોભી એવાં વિશેષણો આપ્યાં છે, જો કે અક્રોધી અમાની વગેરે વિશેષણો છઠ્ઠા—સાતમા ગુણસ્થાનકે લાગુ પડતાં નથી; કારણ કે ત્યહાં ક્રોધ, માન, માયા, લોભનો નાશ થયો નથી; પણ ઉદયે આવતા ક્રોધ, માન, માયા, લોભને પવિત્ર મુનિ પોતાના આત્મબળથી **ક્રિયામાં મુકતા નથી**, તેથી તે નિષ્ફળ થઇ જવાથી કર્મબંધન રૂપી ફળને આપનારા થતા નથી; અને તેવાં કારણોથીજ પૂર્વોક્ત વિશેષણોથી મુનિઓને સંબોધવામાં આવ્યા છે. તેમ આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, અમુક નિમિત્તે થાય તોપણ ત્હેની અસર મનપર લાવતાં શુદ્ધ વિચાર વડે **તે ધ્યાન નિષ્ફળ કરી શકાય** તો અંતરંગ શુદ્ધિ સદાને માટે સ્વતઃ બની રહે.

### અંતરંગ શુદ્ધિ.

આવી રીતે અંતરંગ શુદ્ધિ થવાની પ્રથમ જરૂર છે અને મનની શુદ્ધિ થવા પછી જે ધ્યેય પદાર્થ છે તે આપણા હૃદયમાં સ્થાપન કરી ધ્યાનમાં લાવી શકાય છે. બીજા અનેક પ્રયત્નોથી આત્માને નિર્મળ કરતાં ઘણી જ મુશીબત વેઠવી પડે છે પરન્તુ તે જ કામ 'ધ્યાનની' મદદથી ઘણા થોડા પ્રયત્ને થઇ શકે છે. એક દ્રષ્ટાંતથી વધારે સ્પષ્ટપણે સમજી શકાશે.

### ચિત્રકાર અને વિચિત્રકારનું દૃષ્ટાંત.

એક રાજા પાસે બે કારીગરો આવ્યા. ત્હેમનાં નામ રાજાએ પૂછતાં એકે કહ્યું કે 'હું ચિત્રકાર છું' અને બીજાએ કહ્યું કે મ્હને 'વિચિત્રકાર' નામથી ઓળખે છે. રાજાને આશ્ચર્ય થયું કે આ ચિત્રકાર તો ઠીક, પણ વિચિત્રકાર વળી કેવો હશે ! તે પછી રાજાએ તે બંનેને એક એક ભીંત પર ચિત્ર અને વિચિત્ર કરવાની આજ્ઞા કરી. આડો પડદો નાખ્યો. ચિત્રકારે નાની મોટી અનેક જાતની પીંછી વતી રંગબેરંગી સુંદર ચિત્રોથી પોતાને સોંપેલી એક ભીંત તૈયાર કરી; અને બીજા વિચિત્રકારે તો એક પથરાતી ભીંતને પાલીસ કર્યા કીધું, મુદત પૂરી થતાં સુધી તે ભીંતને ઓપણી વતી ઓપ્યાજ કીધ, અને એવી તો શુદ્ધ કરી કે જાણે આરીસા જેવીજ તે થઈ ગઇ. પછી રાજા મુદત પૂરી થયે જોવા આવ્યો અને ચિત્રકારનાં અનેક જાતનાં ચિત્રો જોઇને ખુશી થયો. પછી વિચિત્રકાર પાસે જતાં તેણે કહ્યું: 'આ ભીંતમાં મ્હારૂં વિચિત્ર થઈ રહ્યું છે !' એમ કહીને સામી ભીંતના આડો જે પડદો હતો તે લઈ લીધો, એટલે તે ભીંતનાં બધાં ચિત્રો આ ભીંતમાં પ્રતિબિંબ રૂપે દેખાઇ આવ્યાં. વળી જે જે પદાર્થ

તે ભીંત પાસે રાખવામાં આવ્યા હતા તે પણ ત્હેમાં તેવાજ રૂપે દેખાઇ આવવા લાગ્યા. ચિત્રકારે કહ્યું: " આ મ્હારૂં વિચિત્ર છે, કે જેમાં હું પોતે પોતાને જોઇ શકું છું અને ત્હમે ત્હમને પોતાને જોઇ શકો છો!" રાજાને થયેલા આશ્ચર્યનું વર્ણન આપવું અતિ કઠીન છે.

આપણા હૃદયપટને પણ અનેક રંગબેરંગી વિચારોથી ચિત્રિત ન કરતાં માત્ર ધ્યાન રૂપી ઓપણીથી શુદ્ધ—નિર્મળ કરવાની જરૂર છે; અને તે જો તેમ બની જશે તો પછી ગમે તે સમગ્ર જગતના ધ્યેય પદાર્થનું ચિત્ર આપણા શુદ્ધ અંતઃકરણ ઉપર તાદૃશ પ્રતિબિંબિત થશે, કે જે જોતાં પારાવાર આનંદ અને ગમે તે એકાંત સ્થળમાં જગત્ સ્વરૂપનું નિરીક્ષણ કરી શકાશે. એટલુંજ નહિ પણ આપણે પોતાને પણ જોવાને સમર્થ થઇશું માટે ધ્યાન કરવાને યોગ્ય બનવાને માટે આપણા હૃદય અને મનને નિર્મળ કરવાની પ્રથમ જરૂર છે; અને ત્હેને માટે મન મલીન થાય તેવાં કારણો હમેશાં દૂર કરવાં, કે જેથી આપણું નિર્મળ હૃદય થઇ શકશે, અને ઇંદ્રિયો આપણે તાબે રહેશે, પણ આપણે ઇંદ્રિયને તાબે રહીશું નહિ. આનું નામ જ ' ઇંદ્રિયનિગ્રહ ' કહેવાય છે; એટલે ઇંદ્રિયોને જે ફરમાવવામાં આવે તેજ તે કરે અને જો જરા પણ વિરૂદ્ધ-પણે પ્રવર્તે તો ત્હેને અવશ્ય યોગ્ય શિક્ષા આપવાને તત્પર રહેવું જોઇએ.

## હૃદયની નિર્મળતા.

આવા પ્રકારે હૃદયની નિર્મળતા અને મનોબળની શુદ્ધતા થવાની જરૂર છે અને તેમ થયા પછી આપણે ધ્યાન કરવા યોગ્ય થઇશું. જ્યહારે ફોટોગ્રાફરો કોઇ માણસનો ફોટો લે છે, ત્યહારે ત્હેની સનમુખ કેમેરા ગોઠવે છે, અને તે કેમેરામાં જે કાચ નાખે છે ત્હેનાપર એવી દવા હોય છે કે તેથી સન્મુખ રહેલા માણસનો આબેહુબ ચહેરો ત્હેમાં આવી જાય છે. હવે ફોટોગ્રાફથી તે માણસના રૂપને જોવાની જ્યહારે જ્યહારે ઇચ્છા થાય છે, ત્યહારે ત્યહારે ગમે તે વખતે અને ગમે તે સ્થળે તે માણસને ફોટોગ્રાફમાં જોઇ શકાય છે. તેમ આપણે આપણા હૃદયને 'કેમેરા' બનાવવો જોઇએ, અને જે દૃશ્ય ધ્યેય પદાર્થ છે ત્હેનો ફોટોગ્રાફ આપણા હૃદયમાં પાડવો જોઇએ, જેથી તે વખતે અગર પછી ગમે તે વખતે આપણે આપણા હૃદયમાં ત્હેને જોઇ શકીએ.

## ધ્યાન કરવાની રીતિ. *

હવે હૃદયમાં રહેલ ધ્યેયને જોતાં આવો વિચાર કરવાની જરૂરછે કે, હું જોઉં છું, આને જોવાય છે, જોવાની ક્રિયા મ્હારે આધીન છે, અને જે હું જોઉં છું તે મ્હારા જેવા છે કે ભિન્ન છે? મ્હારામાં જે ગુણ છે તે

---

* અહીં વકતા મુનિશ્રી બે પૅરેગ્રાફથી એમ સમજાવવા માગે છે કે, ધ્યાન માટે નિમિત્ત પદાર્થ જોઇએ, પ્રથમ તે ઉપર ધ્યાન લગાવી પછી મગજમાં તે વસ્તુના ખ્યાલમાં રમણ કરાય વગેરે, વગેરે. આગળ વધીને તેઓ એમ દલીલ કરે છે કે "કોઇ એમ કહેવા માગશે કે આકૃતિ **જોવાની** જરૂર નથી, પણ આકૃતિનું સ્વરૂપ **સાંભળવાની** જરૂર છે, અને તે **સાંભળવાથી** જ તે આકૃતિના સ્વરૂપને ધ્યાનમાં લાવી શકાય છે. જેમ એકડો શીખવવાની ઇચ્છાએ સનમુખ એકડો **માંડી નહિ આપતાં** મુખથીજ એકડાનું સ્વરૂપ **સમજાવવાથી** પણ એકડો શીખવી શકાય છે. શિક્ષક વિદ્યાર્થીને કહે કે એક મીંડું હોય અને ત્હેની નીચે એક લીટી દોરીએ તો ત્હેનો જેવો આકાર થાય તેવો એકડાનો આકાર હોય છે. આમ સનમુખ આકૃતિની અપેક્ષા વગર આકૃતિનું સ્વરૂપ હૃદયમાં સ્થાપિત **કરી શકાય છે.** તો મ્હારે કહેવું જોઇએ કે તેવા બોલનારાઓ પોતાના શબ્દોથીજ આકૃતિને સ્વીકારે છે." મહારાજશ્રીની આ દલીલના સંબંધમાં બે વાતો વિનયપૂર્વક કહી લેવાની હું રજા લઇશ. (૧) **મનમાં** આકૃતિને કલ્પી તે પણ મૂર્ત્તિ થઇ એમ કહેવાથી કાંઇ **સ્થૂલ** પદાર્થની મૂર્ત્તિની આવશ્યકતા સાબીત થતી નથી અને સ્થૂલ મૂર્ત્તિની **પૂજા** તો આવી કોઇ પણ દલીલથી સાબીત થઇ શકે નહિ. એમ તો **વિચાર** પોતે પણ **આકૃતિ** છે, **મૂર્ત્તિ** છે; ખરેખર સૂક્ષ્મ પુદ્‌ગલોની અમુક આકૃતિ એનું જ નામ 'વિચાર' છે; પરન્તુ 'વિચાર' એ સૂક્ષ્મ પુદ્‌ગલની મૂર્ત્તિ છે **માટે** વિચારથી પણ લડી પડવું એમ કાંઇ મૂર્ત્તિ નહિ પૂજનારા વિવેકીઓ કહેતા નથી. વિચાર અને ઇચ્છાઓ એ સર્વ મૂર્ત્તિઓ જ છે અને એમની સૃષ્ટિમાંજ મૂર્ત્તિપૂજા નહિ સ્વીકારનારાઓ અહોનિશ હરેફરે છે, તથાપિ તેઓ **સ્થૂલ મૂર્ત્તિની** જરૂર એટલા ઉપરથી સાબીત થતી માનતા નથી. વીતરાગ દેવની 'સદ્‌ભાવ સ્થાપના' રૂપ મૂર્ત્તિ અર્થાત્ આબેહુબ ફૅોટોગ્રાફ કોઇ જગાએ નથી, તો પછી વીતરાગના ગુણો કે જે સૂક્ષ્મ ભુવન પરની આકૃતિ છે ત્હેનો આભાસ **સ્થૂલ** મૂર્ત્તિ પરથી—**અસદ્‌ભાવ સ્થાપના** પરથી શી રીતે આવી શકે ! કોઇ માણસના આબેહુબ ફોટોગ્રાફ પર ધ્યાન લગાવી એના

જ આમાં છે કે નથી ? જો નથી તો હું પોતે જોનાર છુ, જોવું એ એક જ્ઞાન છે, માટે જ્યારે **એક અંશ** જ્ઞાનથી મ્હને આનંદ આવે છે, તો જો તે **સર્વાંશે** હોય તો શું આનંદ ન આવે ? એવી રીતે સતત જોતાં **ધ્યેયમાં રહેલા ભેદનો નાશ કરી, ધ્યાતા ધ્યેયરૂપે બની** ધ્યાનની પરિસમાપ્તિ કરેછે, એટલે **ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની જે ત્રિપુટી છે ત્હેનું ઐક્ય થાયછે.**

---

ગુણોના પ્રદેશમાં મન વડે વિચરવાની શક્યતા હું અલબત સ્વીકારૂં છું. અને મ્હને 'મૂર્ત્તિ' શબ્દ સાથે કાંઇ વિરોધ નથી. પરન્તુ ધ્યાન માટે મૂર્ત્તિની આવશ્યકતા સ્વીકારનારે પણ મુનિશ્રી **ચારિત્રવિજયજી**ની સાથે આટલું તો કહેવું જ પડેછે કે "જિનેશ્વર મહારાજની મુદ્રાનું પૂજન કરતાં પૂજક પૂજ્ય થઇ શકે; પણ **જો તે ધ્યાનપૂર્વક હોય તો જ.**" મતલબકે જે પદાર્થમાં વીતરાગપણું **કલ્પવાનું** છે ત્હેમાં વીતરાગના સર્વ ગુણો યાદ કરી જવા જોઇએ, **એ ગુણોનું પોતાને ભાન જોઇએ.** જો એ ગુણોનું ભાન હોય તો પછી તે 'ભાન' તો **મગજમાં** હતું, નહિ કે મૂર્ત્તિમાં; એટલે કે મૂર્ત્તિએ ગુણો શીખવ્યા નથી, **મગજે** પોતા પાસે સંગ્રહી રાખેલી ગુણોની યાદી મૂર્ત્તિમાં મૂકવાની સલાહ આપી, એમ થયું. બીજા શબ્દમાં કહીએ તો, મગજની મદદ વગર મૂર્ત્તિ ઉપર ધ્યાન લગાવવાથી કાંઈ જ લાભ નથી એમ તો વિદ્વાન વક્તાને પણ માન્ય રાખવું પડે છે; તો પછી મગજની મદદથી **મગજમાં** જ મૂર્ત્તિ કાં ન ઉત્પન્ન કરી લેવી ? આ ફીલસુફી તરફ લક્ષ આપતાં તથા આજકાલ મૂર્ત્તિને ધ્યાન માટે બહુજ જરૂરના નહિ એવા એક પગથીઆ તરીકે સ્વીકારવાના કેટલાકોની સલાહને ત્હેના ખરા રૂપમાં નહિ સમજતાં હદપાર ખેંચી જઇ **સૂક્ષ્મ** પુદ્ગલોની મૂર્ત્તિ અથવા 'વિચાર' ને બદલે **સ્થૂલ** મૂર્ત્તિનો મોહ થાય છે અને તે પણ દૃષ્ટિ સમક્ષ મૂકીને ધ્યાન ધરવાને બદલે ત્હેની **પૂજા** થાય છે અને જ્યહાં **પૂજા** દાખલ થઇ ત્યહાં તે સાથે હજારો—લાખ્ખો પ્રકારનાં ખર્ચો, તોફાનો અને મુશીબતોને જન્મ મળે છે તે વાત લક્ષમાં લેતાં, મહારાજ સાહેબનો આ વિચાર અહીં જેમનો તેમ પ્રકટ કરવો મ્હને જોખમભર્યો લાગ્યો અને મ્હેં આ પ્રમાણે મ્હારા અંગત વિચારો જણાવ્યા. 'હવે તો ચેતો' એ વગેરે મથાળાના ભાષણમાં--વિદ્વાન મુનિશ્રીએ મૂર્ત્તિ-પૂજાને નામે થતાં અનેક અતિક્રમણો વિરૂદ્ધ સખત શબ્દો ઉચ્ચારી પોતાના ભક્તજનોની આંખ ઉઘાડવા બનતું કર્યું છે એજ એમની અનુભવી દૃષ્ટિનો પુરાવો છે. અલબત જે વર્ગને ઉપદેશ અપાતો હોય તે વર્ગની સ્થિતિ, શક્તિ, રૂઢ વગેરે તરફ દૃષ્ટિ રાખીને જ ઉપદેશ કરવાનું પ્રવીણ ઉપદેશકો પસંદ કરેછે. વા. મો. શાહ.

## ધ્યાની થવાને સ્વ-પરના વિવેકની જરૂર.

આ ધ્યાનની સ્થિતિને પ્રાપ્ત કરવાને સ્વ-પરને જાણવાનું જ્ઞાન હોવું જોઇએ, જે જ્ઞાન વડે આગળના વિચારો પોતાના હૃદયમાં જાગવાથી ધ્યાનના અધિકારી બની શકાય છે. હું **એક** છું, મ્હારૂં કાંઈ નથી, હું કોઇનો નથી, એ પ્રમાણે અદીન મને પોતાના આત્માને શિખામણ આપવી જોઇએ. જ્ઞાન-દર્શને સંયુક્ત મ્હારો શાશ્વતો આત્મા તે એક જ છે, બીજા આ બધા **બાહ્ય ભાવો** સંયોગથી ઉત્પન્ન થયેલા છે, અને તેવા સંયોગથી જ મ્હારા આત્માએ જન્મ—મરણાદિ અનેક દુઃખની પરંપરા પ્રાપ્ત કરી છે. માટે તેવા દુઃખજનક સંયોગોનો હું હવે ત્યાગ કરૂં છું. આવા વિચાર નિરંતર આપણા હૃદયમાં રહેવા જોઇએ.

## અરિહંત મુદ્રાના દર્શનથી શું મેળવવું ?

જિનદેવના ધ્યાનથી શાન્તિ મેળવતાં શીખવું જોઇએ, તે સાથે તે જિનેશ્વરમાં આવી શાન્તિ **કેવા કૃત્યથી** પ્રાપ્ત થઇ તે તે વખતે આપણા સ્મરણમાં લાવવું, અને તે પછી **આપણું** વર્ત્તન કેવું છે ત્હેનો સાથે વિચાર કરતાં આપણે **આપણા વર્તન માટે પશ્ચાતાપ કરવો જોઇએ.** અને આપણા તીર્થંકરોના વર્ત્તન પ્રમાણે આપણે વર્તી **શકીએ** કે નહિ ત્હેનો ખ્યાલ કરવો. એ ખ્યાલ કરતાં જે કૈવલ્ય પામી મોક્ષ પદને પામ્યા છે તે પણ **એક વખતે આપણા જેવા** જ હતા. આપણામાં જે **સત્તા** છે તે સત્તા કાંઇ અરિહંતના આત્માથી ન્યૂન નથી; છતાં જે ન્યૂનતા દેખાય છે ત્હેનું કારણ માત્ર કર્માવરણોને લીધે છે. જ્યહારે તે કર્મને **મેળવનારો** મ્હારો આત્મા છે તો પછી ત્હેને દૂર **કરવામાં** હું શક્તિવાન કેમ ન થાઉં ? ગ્રહણ કરવા કરતાં મૂકવું એ તો વધારે સહેલું છે. આવા વિચારો આપણા હૃદયમાં સ્ફુરવા જોઇએ, અને **એ ધ્યાનની પરંપરાથી ભેદનો છેદ કરી આત્મા અરિહંત રૂપે થઇ શકે** છે.

## પદસ્થધ્યાન.

જ્યહારે આપણે પદસ્થધ્યાન કરીએ છીએ ત્યહારે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું ધ્યાન કરીએ છીએ અને ત્હેમાં જો નિમિત્ત કારણનો ઉપયોગ કરવામાં આવે તો અવશ્ય અભિલષિત કાર્ય થયા વિના રહે નહિ. તેથી **કરતાં કરતાં** આવડશે એવી માન્યતા રાખવા કરતાં **સમજી** કરવું તેજ વધારે ઉત્તમ અને ફળપ્રદ છે. અરિહંતના બાર ગુણ, સિદ્ધના આઠ, આચાર્યના છત્રીશ, ઉપાધ્યાયના પચીસ અને સાધુના સત્તાવીસ ગુણ છે; એવા જે પંચપરમેષ્ટી ત્હેમનું ધ્યાન કરવું.

## પિંડસ્થ ધ્યાન.

પદસ્થને પિંડસ્થ કરતાં પોતેજ પંચપરમેષ્ટી રૂપ થવાય છે, એટલે જે અરિહંતમાં શક્તિ છે તે જ મ્હારામાં છે, સિદ્ધમાં જે શક્તિ છે તે પણ મ્હારામાં છે, એમ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની સત્તા મ્હારામાં છે એટલે પંચપરમેષ્ટી રૂપ હું પોતે મ્હારી સત્તાએ કરીને છું, એમ અંતર દૃષ્ટિથી જે વિચારવું તે પિંડસ્થ ધ્યાન કહેવાય છે.

## રૂપસ્થ ધ્યાન.

હું આ શરીરમાં છું છતાં શરીરથી ન્યારો છું એટલે **અરૂપી** છતાં જ્યહાં સુધી આ શરીર સાથે મ્હારો સંબંધ છે ત્યહાં સુધી હું **રૂપી** છું અને ત્હેને લઇનેજ આ શરીર ઉપર જે જે સંસ્કારો થાય છે તે મ્હને પોતાનેજ થાય છે, એમ હું માનું છું. આ શરીરથી જે કાંઇ કરવામાં આવે છે ત્હેને 'હું કરૂંછું', એમ સમજાય છે; પણ ખરી રીતે શરીર મ્હારૂં નથી, હું શરીરનો નથી, એવો જે વિચાર કરવામાં આવે ત્હેને 'રૂપસ્થધ્યાન' કહેવામાં આવે છે. માત્ર આત્મસ્વરૂપનું જ જે ચિંતવન, જેમકે આત્મા અજર છે, અમર છે. અભેદ છે, અછેદ છે, નિર્વિકલ્પ છે, ઇત્યાદિ નિર્મળ આત્મસ્વરૂપનું જે ચિંતવન તે **રૂપાતીત ધ્યાન** કહેવાય છે. ખંધકાદિની જ્યહારે ચામડી ઉતરતી હતી ત્યહારે ત્હેને એમ નહોતું થતું કે આ મ્હારૂં શરીર અને હું તે આ છું. આવી રીતે તે કાયામાં પોતાપણું નહિ માનવાથી ત્હેને કેવળજ્ઞાન થયું હતું.

## લબ્ધિઓમાં મુંઝાવું નહિ.

ધ્યાનના યોગે અનેક પ્રકારની 'લબ્ધિ' ઉત્પન્ન થાય છે; તે લબ્ધિમાં આનંદ નહિ માનતાં પૂર્ણ **સ્વસ્વરૂપ** પ્રાપ્ત કરવા માટે ઉદ્યમ કરવાનું મહાત્મા પુરૂષો ચૂકતા નથી. જો ત્હેમાં સુખ મનાઇ જાય તો આગળ વધી શકાતું નથી અને આત્મસિદ્ધિરૂપી કાર્ય થતું નથી.

## ધ્યાનશ્રેણીથી ઉપજતા વિચારો.

ધ્યાનશ્રેણીથી પોતે પોતાને જોઇ શકે છે. હું ક્યહાં રહું છું ત્હેનો વિચાર થતાં પ્રથમ ત્હેને એમ થાય છે, કે હું સંસારમાં રહું છું, પછી અમુક દેશમાં, અમુક ગામમાં, અમુક લત્તામાં અને અમુક ઘરમાં રહું છું, એમ ઉત્તરોત્તર વિચાર આવે છે. ઘરમાં પણ મ્હારા શરીરમાંથી મ્હારા આત્મપ્રદેશમાં રહું છું એમ વિચારની શ્રેણીએ ચઢાય છે, અને છેવટે હું મ્હારા સ્વરૂપમાંજ રહું છું, **ત્યહાં વિચારની સંતતીનો નાશ થાય છે.** આવો જો વિચાર આવે તો જ ખરી દિશા યથાર્થપણે સમજાય અને તેમ થવાથી

બાહ્ય પદાર્થમાં મ્હારાપણું રહે નહિ અને તેથી એક દિવસે પોતે પોતાના રૂપે થઇને રહે.

## બાહ્ય દૃષ્ટિથી અંતર દૃષ્ટિ.

એક માણસ બજારમાં ગયો ત્યહાં વીશ દુકાન છે, ત્હેમાં જૂદા જૂદા પ્રકારના પદાર્થ રાખેલા છે. તે જનાર માણસનું મન પ્રથમ દુકાનમાં અને તે પછી દુકાનના પદાર્થમાં વહેંચાઇ જાય છે, પછી એક એક દુકાનમાંથી સૌથી શ્રેષ્ટ પદાર્થ જણાય તે લઇ લે છે, એટલે વીશ દુકાનમાંથી મન ખેંચાઇને વીશ પદાર્થમાં મન રોકાઇ જાય. પછી તે ચીજો એક ટોપલામાં નાંખે એટલે ત્હેનું મન તે ટોપલામાં સમાઇ જાય. ઘેર જઇને વીશે પદાર્થ એક પાટલાપર ગોઠવે અને ત્હેમાં સૌથી શ્રેષ્ઠ કઇ એમ તરતમતાએ જોતાં વીશ પદાર્થમાંથી એકજ શ્રેષ્ઠ પદાર્થમાં ત્હેનું મન ગુંચવાઈ તે એક પદાર્થમાં પણ જોતાં જોતા અપ્રિયતા થાય. એટલે તે **મન પાછું મનમાંજ સમાઇ જાય,** એટલે **બાહ્ય** પદાર્થમાંથી **પોતામાં** આવીને સ્થિત થાય. આવી રીતે બાહ્ય દૃષ્ટિમાંથી અંતરંગ દૃષ્ટિ થાય છે; અને તે **વિચારથી** તથા **ઉદ્યમથી** કરી શકાય છે. એવી રીતે હંમેશાં જો મનને મનમાંજ રાખવાની ટેવ પાડીએ તો આપણું મન કોઇ દિવસ બીજા પદાર્થમાં ટકી શકે નહિ અને એ રીતે કરતાં કરતાં અન્યને જોવા જતાં **પોતે** પોતાને જોતાં શીખાય.

## બાહ્ય પદાર્થ અંતરમાં જોવાયછે.

જે બહાર જોવાનું છે તે પોતામાંજ જોઇ શકાય છે. એક પુદ્દગલનો સ્કંધ છે તે જોવામાં આપણે રોકાઇએ છીએ પણ તેવા અનંત પુદ્દગલોના સ્કંધો કર્મરૂપે આપણા આત્મા સાથે વળગેલા છે. તે બાહ્ય સ્કંધો જોવા કરતાં કર્મસ્કંધોને જોવા તે વધારે સારૂં છે. કેમકે **જો ધ્યાન કરીએ તો અંતરંગમાં જોવાનું એટલું બધું છે કે બાહ્ય ધ્યેય પદાર્થની અપેક્ષા રહેજ નહિ.***

## વાચક વાચ્યનો વિચાર.

જે **શબ્દો** છે તે 'વાચક' કહેવાય છે, ત્હેનો જે **અર્થ** હોય તે 'વાચ્ય' કહેવાય છે. એનું સ્વરૂપ જેમ **ચિલાતીએ** ચિંતવ્યું હતું એમ જો આપણે ચિંતવીએ તો ક્ષણ વારમાં કેવળજ્ઞાન થયા વગર રહે નહિ. ઉપ-

* મુનિશ્રીના આ શબ્દો ઘણાજ સુંદર, તત્વપૂર્ણ અને પ્રોત્સાહક છે.

શમ, વિવેક અને સંવર એ ત્રણ શબ્દો કહી, મુનિ આકાશમાં ગયા. એ શબ્દ **વાચક** છે, હ્હેનો **વાચ્ય** હોવો જોઇએ. તે મ્હારામાં છે કે બીજા ઠેકાણે છે, તે વિચારતાં ઉપશમ–વિવેક--સંવર **પોતામાં જ** મળી આવ્યા! એ વિચારમાં લીન થવા પછી કીડીઓએ શરીરને ચાયણીરૂપ કરી નાંખ્યું, તો પણ ઉપશમ--વિવેક અને સંવરમાં લીન થયા અને ત્યાંજ કેવળજ્ઞાન થયું. એવી જ રીતે જેનાં દર્શન કરીએ હ્હેની સ્તુતિમાં જે ગુણો વર્ણવ્યા છે તે પોતામાં છે કે નહિ હ્હેનો વિચાર કરીએ; તે દર્શનથી 'દર્શન' થાય. પણ એક પદાર્થને જોતાં ઘણો કાળ જવા છતાં તે પદાર્થનું **ખરૂં સ્વરૂપ સમજાય નહિ તો તે દર્શન થયાં કહેવાય જ નાહ.** આ દરેક ધ્યાનની રીતિનો ધર્મધ્યાનમાં સમાવેશ થાય છે.

## જૈનદર્શનમાં ધ્યાન કહ્યું છે.

કેટલાએક એમ માને છે કે જૈનોમાં ધ્યાન નથી; પણ તે જૈનશાસ્ત્રના રહસ્યને નહિ સમજતા હોવાથી તેમ ભલે માનો. બાકી જૈન શાસ્ત્રમાં બાર પ્રકારે જે તપ કહ્યો છે, હ્હેમાં **અભ્યંતર તપ**ના ભેદમાં પાંચમો ભેદ **ધ્યાન**નો છે.

'**ज्ञान क्रियाभ्यां मोक्षः**' અને નિશ્ચય તથા વ્યવહાર એવા શબ્દ છે તે પણ એજ સૂચવે છે કે, વ્યવહાર પણ **નિશ્ચય સહિત** હોવાની જરૂર છે. કેટલાએક એમ સમજે છે કે ક્રિયા **જાદી ચીજ** છે, અને જ્ઞાન પણ જાદી ચીજ છે. ભણ્યા એટલે જ્ઞાન થયું, અને **તે પછી** ક્રિયા કરતાં શીખ્યા એટલે બંને થઇ જવાથી મોક્ષ થવો જોઇએ, આમ સમજે છે તે ભુલ ભરેલું છે. પરંતુ જે જે વખતમાં જે જે ક્રિયા કરવામાં આવે છે તે તે ક્રિયા **જ્ઞાન સહિત** હોવી જોઇએ, અને જ્યારે તે ક્રિયામાંજ જ્ઞાન એટલે ઉપયોગ હોય ત્યારે હ્હેનું નામ **જ્ઞાનપૂર્વક** ક્રિયા કરી કહેવાય; બીજા શબ્દોમાં કહીએ તો, 'ઉપયોગ' એટલે કે જ્ઞાનપૂર્વક ક્રિયા.

## આસન.

આપણી દરેક ક્રિયામાં આસન બતાવવામાં આવ્યાં છે; જેમ કે 'યોગ મુદ્રા', 'મુક્તાસુક્તિ મુદ્રા' અને 'જિનમુદ્રા'; 'વીરાસન' અને 'ઉત્કટાસન'. આ આસન અને મુદ્રામાં પણ કાંઇક શક્તિ રહેલી છે. નમોથ્થુણં 'યોગ મુદ્રા'થી કહેવાય છે; કાયોત્સર્ગ 'જિનમુદ્રા'થી અને જયવીયરાય 'મુક્તાસુક્તિ મુદ્રા'થી બોલાય છે. વંદીતાસૂત્ર 'વીરાસને' બોલવાનો ક્રમ છે, વંદણા 'ઉત્કટાસને' બોલાય છે; તેમજ કાયોત્સર્ગ કરતાં આપણે '**अप्पाणं वोसीरामि**' બોલીએ છીએ, તે પણ એજ સૂચવે છે કે આ શરીરપરથી પોતાપણાનો ત્યાગ કરી આત-

પણે ધ્યાનપૂર્વક હું આ કાયાનો ત્યાગ કરૂંછું. વળી આપણા કાયોત્સર્ગમાં **શ્વાસોશ્વાસનો** પણ ક્રમ છે, તેથી **પ્રાણાયમની** ક્રિયા પણ આપણામાં આવી જાય છે. ધ્યાનમાં 'આસન' પણ આપણી ક્રિયાઓ સૂચવે છે. જુઓ '**चंदेसुनिम्मलयरा**' સુધી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતાં પચ્ચાશ શ્વાસોશ્વાસ પૂરા કરવા જોઇએ, એટલે '**चंदेसुनिम्मलयरा**' સુધી લોગસ્સનાં પચીશ પદ છે, તેથી એક એક પદે એક એક શ્વાસોશ્વાસ થવો જોઇયે, અને એ પ્રમાણે બોલતાં આપણને દરેક પદનું સારી રીતે ધ્યાન થઇ શકે. આ ઊપરથી મ્હારૂં એ જ કહેવું છે કે આપણી **દરેક ક્રિયાની સાથે ધ્યાન રહેલું જ છે.**

## પોતપોતાને ઓળખી લેવાની જરૂર.

ઘર પોતાનું હોય તો તે ગમે તેવું મોટું હોય તોપણ તેમાંથી તપાસ કરતાં પોતાની ચીજ મળી આવે છે, તેમ આપણા આત્મામાં રહેલુ જે નીજસ્વરૂપ ત્હેને જો ધ્યાનપૂર્વક બરાબર તપાસીએ તો અવશ્ય આપણે આપણા સ્વરૂપને એક દિવસે શોધી શકીએ. મ્હને લોકો બાળક, યુવાન કે વૃદ્ધ કહે છે, રાજા કે રાંક ગણે છે, પણ તે માનવામાં મ્હારી ભૂલ થાય છે કે લોકોની? તે વિચાર કરતાં સ્વતઃ સમજી શકાય છે કે "હું બાળક નથી, વૃદ્ધ નથી, યુવાન નથી, રાજા નથી, રાંક નથી; પણ એ સર્વ પુદ્ગલના પરિણામ છે." આ પ્રમાણે વિચારની શ્રેણીએ ચ્હડતાં પોતે પોતાના સ્વરૂપને ઓળખે છે, અને તે **વિચાર શ્રેણીને જ 'ધ્યાન' કહેવાય છે.** પૂર્વે જેઓ ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા છે તેઓ આવી ધ્યાનની કોટીએ ચ્હડવાથી જ પહોંચ્યા છે.

## ધ્યાન પરમાનંદ.

માટે જે કરવું તે ધ્યાનપૂર્વક જ કરવું જોઇએ તથા જે સર્વજ્ઞની પ્રતિકૃતિ* આપણા સન્મુખ હોય ત્હેને જોતાં જે શાન્તિ થાય, તે શાન્તિ આપણા હૃદયમાંથી કદી જવી ન જોઇએ; માટે શાંત જિનમુદ્રા અને અને દરેક ક્રિયાનું રહસ્ય હૃદયમાં સ્થાપીને સ્વ-પર વિવેકપૂર્વક સ્વધ્યાનમાં જ મગ્ન થવું. તે ધ્યાનનો આનંદ તથા પરમાનંદ એવા પ્રકારનો છે કે ત્હેનું **વર્ણન થઇ શકે નહિ** માત્ર **અનુભવગમ્ય** છે.

---

* સર્વજ્ઞની (સૂક્ષ્મ પુદ્ગલોના બનેલી) પ્રતિકૃતિ અથવા માનસિક પ્રતિકૃતિ ધ્યાન વખતે નજર આગળ રહે એટલેથી બસ થતું નથી; પણ ધ્યાન વખતે થયેલી તે નિર્મળતા આખા દિવસના ખોરાક રૂપ થાય અથવા આખો દિવસ મન નિર્મળ રહે તો જ તે ધ્યાન ખરૂં માનવું.

# સમજુને માટે છેલ્લો ઈસારો.

પારકો વાંક કહાડવો એ કામ સૌને સારી રીતે આવડે છે, પણ પંડનો વાંક જોનારા થોડા જ હોય છે. દાખલા તરીકે આ પત્રના ગ્રાહકોએ ( વગર ઉઘરાણીએ જ ) જાનેવારીની તા. ૧ લીએ મનીઑર્ડરથી લવાજમ મોકલી દેવું જોઇએ એવો ધારો છે તે છતાં વગર ઉઘરાણીએ મનીઑર્ડર ન કરે એટલું જ નહિ પણ ઉઘરાણીના પત્ર લખવા છતાં જવાબ આપે નહિ અને છેવટે વી. પી. પણ પાછું કહાડે અને ત્યાર પછી સભ્ય પત્ર લખવા છતાં લવાજમ ન મોકલે, એવા ગ્રાહકોનાં નામ છાપવાની ચેતવણી ફેબ્રુઆરીના અંકમાં છાપ્યા છતાં અને હેમની ભલાઇ પર વિશ્વાસ રાખી માર્ચ--એપ્રીલ બે માસ રાહ જોવા છતાં હેમની તરફથી કાંઇ જવાબ કે પૈસા મળ્યા નથી. હવે એમના માટે કાંઇ ટીકા કરીશું તો વળી કહેશે કે 'છાપાવાળા તો નિંદક હોય છે'! આ ભાઇઓ જો અમારી જગાએ પોતાને ઘડીવાર મુકી જુએ તો તુરતજ પોતાનો દોષ દેખી શકે. ખેર; હજી આપણે એમની ભલાઇ પર વિશ્વાસ રાખીશું અને કાંઇ પણ ટીકા ન કરતા માત્ર એટલી આશા જ બતાવીશું કે **પાછળ જણાવેલા ગૃહસ્થો હેમના પાસે ત્રણ–ચાર વરસનું લવાજમ લ્હેણું છે તે, દિવસ ૧૫ ની અંદર, મોકલીને ભવિષ્યમાં ગ્રાહક તરીકે કાયમ ન રહેવું હોય તો લખી મોકલવા કૃપા કરશે.** કોઇને પરાણે ગ્રાહક કરવામાં આવતા નથી. જો હેમને માસિક લેવા લાયક લાગતું હોય તો ઑફિસના કલાર્કનું કામ જ એ છે. પણ લવાજમ દર વખત વરસ બેસતાં જ અગાઉથી લેવાનો અમારો રીવાજ છે તે ધ્યાનમાં રાખવું પડશે. ઉઘરાણી કરવાનું કામ કરવાની હવે આ ઑફિસને ફુરસદ નથી. જેમની ઇચ્છા વરસનું લવાજમ જાનેવારી મહીનામાં ભરવાની ન હોય હેમણે ખુશીથી નામ કમી કરાવવું પત્રના માલેક તથા ગ્રાહકો બન્નેને સરખી ગરજ હોય તો જ ચાલે; એકલા માલીકને ગરજ હોય અને ગ્રાહકો તો જાણે નામ નોંધાવ્યું એટલે ઉપકાર કરી દીધો એમ માને તે કાંઇ સજ્જનતા કહેવાય નહિ અને એવા મનુષ્યોથી પૂર્વકર્મ આપણને હમેશ બે ગજ દૂર જ રાખે એમ ઇચ્છયા સિવાય બીજો રસ્તો નથી.

આ પૃષ્ટની પાછળ છાપેલાં નામો ઉપરાંત, ગઇ સાલનું અને ચાલુ સાલનું લવાજમ જેમણે હજી આપ્યું નથી અને વી. પી. પાછાં કહાડ્યાં છે હેમનાં મુલ્લાં નામ છાપીને અરજ કરવાનું આ વખતે મુલતવી રાખ્યું છે.

**કલાર્ક, જૈનસમાચાર.**

## લવાજમ બાકી છતાં નમ્ર ઉઘરાણી પત્રનો જવાબ સરખો નહિ આપનાર મહાશયોપૈકી થોડાકનાં મુબારક નામ.

| | |
|---|---|
| મેઘજી દેવચંદ અફીણવાળા—ભુજ, | ૩—૦—૦ |
| સવચંદ કચરાભાઇ, મુંબઇ | ૪—૦—૦ |
| હરીલાલ રામજી, માંગરોળ. | ૪—૦—૦ |
| ધનરાજજી પનાલાલજી, જલગાંવ. | ૨—૧૧—૦ |
| હીમતલાલ દલસુખ, વઢવાણ. | ૨—૧૦—૦ |
| રાજમલજી કોઠારી, આલકુટી. | ૨—૧૨—૦ |
| કાળીદાસ હેમચંદ, જેતપુર. | ૨—૧૧—૦ |
| ચંચળલાલ જે, કરાંચી. | ૧—૫—૦ |
| ડાહ્યાભાઇ વનમાળી, વડોદરા. | ૪—૧—૦ |
| ગુલાબચંદ ગણેશ, દેરડી કુંભાજી. | ૨—૧૧—૦ |
| [illegible]જી મુલતાનચંદ, અહમદનગર, | ૧—૯—૦ |
| [illegible]ચંદ કેસરીમલ, ,, | ૧—૧૦—૦ |
| નંદરામ કેસરીમલ, ,, | ૧—૯—૦ |
| ધનરાજજી પ્રેમરાજજી, ,, | ૧—૯—૦ |
| વાઘજી તારાચંદ, મુંબઇ. ,, | ૧—૧૦—૦ |
| સુપડાસા ઝાલચંદ, બાલાપુર. | ૧—૯—૦ |
| અમીચંદ લાધા, મુંદ્રા. | ૪—૧—૦ |
| જૈન સુધારક કંપની, ભાનસહીવરા. | ૪—૦—૦ |
| પનાલાલ ઉગરાવસીંગ, દીલ્હી, | ૫—૮—૦ |
| ખીમચંદ વીરચંદ, તુસીબા. | ૮—૪—૦ |
| સ્થા. જૈન લાઇબ્રેરી, ચીંચવડ. | [illegible] |
| પાસુભાઇ મોભાઇઆ, મુંદી. | ૪—૧—૦ |

| | |
|---|---|
| હરગોવિંદ નારણ, રાણપુર. | ૨—૧૧—૦ |
| મોહનલાલ માલજી, વસાઇ. | ૨—૧૨—૦ |
| ખેતશી રતનશી, મુંબઇ. | ૨—૧૫—૦ |
| જેઠાલાલ રામજી, ,, | ૨—૧૫—૦ |
| ઝવરચંદ ધરમશી, ,, | ૧—૧૦—૦ |
| દીપચંદ ઝવરચંદ, ,, | ૨—૧૫—૦ |
| હરીદાસ પ્રેમજી, ,, | ૨—૧૫—૦ |
| કેશવ રણમલ, ,, | ૨—૧૫—૦ |
| ગોપાળજી ખોડીદાસ, તળાજા. | ૨—૧૧—૦ |
| મયાચંદ ત્રીભુવન, રંગુન. | ૪—૦—૦ |
| ધીરજલાલ રાયચંદ, બાલંભા. | ૪—૦—૦ |
| જૈનજ્ઞાન વર્ધક લાયબ્રેરી. સુરત. | ૩—૧૫—૦ |
| સુંદરજી રતજી, પોરબંદર. | ૩—૧૫—૦ |
| ધારશી વ્રજલાલ, મુંબઇ. | ૧—૧૦—૦ |
| રામજી જગજીવન, ચીભડા. | ૧—૧૦—૦ |
| કાનજી જેતશી, પાલીતાણા. | ૪—૦—૦ |
| ચાંપશી ફુલચંદ, માંગરોળ, | ૪—૦—૦ |
| પાનાચંદ લાલજી, જેતપુર. | ૨—૧૫—૦ |
| નાગરદાસ માવજી, ડેલાગોઆબે. | ૪—૧૪—૦ |
| ફુલચંદ મોહા, મુંબઇ. | ૧—૬—૦ |
| ગણુલાલ ચોધરી, રતલામ. | ૨—૧૧—૦ |
| નરસીદાસ નગનલાલ. રંગુન. | ૪—૦—૦ |

કલાર્ક જૈનહિતેચ્છુ.

Registered No B. 246

# જૈનહિતેચ્છુ.

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું ] જુન-જુલાઇ ૧૯૧૧. [ અંક ૬-૭.

અધિપતિ,
વાડીલાલ મોતીલાલ શાહ.
'જૈનસમાચાર' ના માલીક.
દાણાપીઠ, અમદાવાદ.

### વિષયાનુક્રમ.

અંક ૬ ઠ્ઠો.

(૧) પ્રેરણા અથવા અદૃશ્ય મદદ ... ... ... ૧
(૨) મહાત્મા બુદ્ધનાં વચનામૃત. ... ... ... ૧૦

અંક ૭ મો.

(૧) "તમે હમણાં શું કામ કરોછો?" ... ... ૧
(૨) પ્રેમ-પ્રેમ-પ્રેમ. ... ... ... ૧૨
(૩) જૈનેતર લોકો 'રામ' નામ અનાદિ કહે છે તે જૈન દૃષ્ટિએ ખરૂં છે કે કેમ? ... ... ... ૨૨
(૪) માત્ર કસરત વડે, દરેક વ્યાધિ મટાડવાનું શાસ્ત્ર. ... ૨૩
(૫) શાન્ત મન. ... ... ... ...

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ (પોષ્ટેજ વગેરે મળીને ૧-૫-૦)
ચાલુ સાલની ભેટઃ—"સંસારમાં સુખ ક્યહાં છે? ભાગ ૧-૨" તથા વચનામૃતોના ૧૨ તખતા.

સ્વકીય 'ભારતબંધુ પ્રિન્ટીંગ વર્ક્સ' માં છાપ્યું.

# પાછલી ભેટ.

'સુદર્શન' ભાગ ૨ જાની પાછલી ભેટ અને ઉપદેશી તખતા તૈયાર કરવાની હજી ફુરસદ મળી નથી. તૈયાર થયેથી તુરત રવાના કરવામાં આવશે. દરેક લખાણ જાતે જ યોજવું પડતું હોવાથી અને જ્યહાં સુધી લખનારનું પોતાનું મન સંતોષ ન પામે ત્યહાં સુધી કોઇ લેખને છાપવા ન આવવો એવો નિયમ હોવાથી ભેટોની બાબતમાં મોડા થવાય છે, એ વાત કબુલ કરતાં શરમાવાની મ્હને કાંઇ જરૂર જણાતી નથી. જેઓ એક 'સોદા' તરીકે મ્હારૂં માસિક કે સાપ્તાહિક પત્ર લેતા હોય એમને હું સંતોષવાને અશક્ત છું; જેઓ 'જ્ઞાન લાભ' માટે લેતા હશે તેઓ તો જૂદો જ હિસાબ ગણતા હશે.

ભેટોની ઉઘરાણી કરનાર દરેકને જૂદો જવાબ મ્હારાથી કદી નહિ આપી શકાય. એવાઓ ગ્રાહકના લીસ્ટમાંથી નામ કાઢી નખાવશે તો એમના તથા મ્હારા લાભમાં ઠીક થઇ પડશે.

આદ્યપાંત, 'જૈનહિતેચ્છુ'

**શુદ્ધિઃ**—'તમે હમણાં શું કામ કરોછો ?' એ લેખને છેવટે ત્હેના મૂળ લેખક મી. પઢીઆરનું નામ રહી ગયું છે, તે વાંચી લેવું.

---


## તાવની રામબાણ દવા. રૂ. ૧૦૦) ના ઇનામવાળી.

કોઇ પણ જાતનો તાવ એટલે દાડવો, એકાંતરી, ચોથીઓ, ઉનો, ટાઢીઓ ને ચાલતા જમાનાના નવી નવી જાતના ઉડતા તાવો અમારી દવાથી ન ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઇ શખ્સ એમ સાબીત કરી આપશે, કે વૈદ શા. ગીરધરલાલ કહાનજીની દવાથી ચોથીઓ તાવ ન ગયો તો તેને રૂ. ૧૦૦) ઇનામ આપીશું. આ દવા તાવ હોય છે તે વખત લેવાથી તાવ ઉતરી જાય છે અને ઉતર્યા પછી લેવાથી તાવ આવતો નથી અને શક્તિ આપે છે. ગોળી ૪૨ ની ડબી નંગ ૧ નો રૂ. ૧)

અમારી ઉપરની તાવની દવા પ્લેગ (મરકી) ને માટે અકસીર નીવડી ચુકી છે. માટે પ્લેગવાળા ગામામાં જે સખ્સોને મરકીની બચવું હોય તેમણે અમારી ઉપરની તાવની દવા વાપરવા ભલામણ છે.

☞ 'શક્તિસજીવન' નામની અમારી દવા તન્દુરસ્તી સુધારવા માટે સૌથી પહેલા નંબરની છે. અજમાવીને ખાત્રી કરો. ૭૫ ગોળીની ડબીના રૂ. ૨ાા બીજી પણ તમામ દવાઓ અમારે ત્યાં મળે છે.

**વૈદ્ય શા. ગીરધરલાલ કહાનજી—ધોળકા ( અમદાવાદ. )**

# જૈનહિતેચ્છુ

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું] જુન, ૧૯૧૧. [અંક ૬ ઠો

# પ્રેરણા અથવા અદૃશ્ય મદદ.

આ લખનારને—આ પત્રના સમ્પાદકને ગઇ તા. ૧૨ મીની સ્હવારે કેટલોક આત્મક્લેષ થયો હતો. જે કામ ઉપાડવામાં આવ્યું છે ત્હેને યોગ્ય પોતે નથી એવું કેટલાંક પરિણામો ઉપરથી જણાયાથી ત્હેને હૃદયમાં દુઃખ થયું અને હૃદયના ભાવો જાણવાની—ત્હેનો સહજ પણ ખ્યાલ બાંધવાની શક્તિવાળા પુરૂષો ન જડવાથી એ દુઃખમાં વૃદ્ધિ થઈ. એ નિરાશાની થોડી પળો વચ્ચે એને એમજ થઇ આવ્યું કે વધુ યોગ્ય પુરૂષો માટે આ કામ છોડી દેવું એ જ ઇચ્છવા યોગ્ય છે. એક તરફ સાધનોની ખામી, બીજી તરફ સ્વવર્ગના તેમજ અન્ય ગણાતા વર્ગના વિરોધ સામે ટકી રહેવા માટે કરવો પડતો વીર્યવ્યય, ત્રીજી તરફ પોતાનું જ્ઞાન આગળ વધારવાની તીવ્ર અભિલાષાને દાબી રાખનાર સંજોગો અને ચોથી તરફ પોતા તરફથી પ્રસંગે થઈ જતી ભૂલોના ભાનનો ડંખઃ આ સર્વને લીધે છેકજ નિરાશા ઉત્પન્ન થઈ, તેથી પોતે આ કામને લાયક છે જ નહિ એમ માની વિશેષતર લાયકાતવાળા પુરૂષો માટે જગા કરવા સારૂ એ ક્ષેત્રમાંથી ચાલ્યા જવાનો વિચાર કર્યો.

બરાબર એ જ ક્ષણે એકાએક સ્હાય તરીકે પ્રેરણા મળી. શું કરૂં છું એના ભાન વગર જ હાથે ગતિ કરી, એણે કલમ પકડી અને કાગળ પર પ્રેરણાનુસાર શબ્દો લખાઈ ગયા. એ શબ્દો એને અત્યંત બળ આપનારા, અત્યંત દિલાસો આપનારા, અત્યંત શાન્તિ આપનારા ગુરૂ તરીકે થઈ પડેલા હોવાથી તે આ નીચે પ્રકટ કરવાનું ઉચિત માનવામાં આવ્યું છે. એ શબ્દો હરકોઇ સંજોગોવાળા હરકોઇ સખસને ઘણા ઉત્સાહપ્રેરક અને ઉપદેશી થઇ પડશે.

# મરવું પગલાની હેઠ.

## સાથે હસતું મન લઈ જવું છે.

બાહ્ય દૃષ્ટિ હમણાં વ્યાપી રહી છે—બોરનો ધંધો ચાલે છે.

## विकार—प्रमाद—अनर्थदंड :

### ए त्रण म्होटा शत्रुना पासमांथी छूटवाने

## परमात्मा त्हने मदद करो !

૧ ટાઇમ ટેબલ બનાવ—પ્રભાતનો વહેલામાં વહેલો વખત કામમાં લે.

૨ અંગ કસરત (ખુલ્લી હવામાં બે કોશ ચાલવાના રૂપમાં) ફરજ્યાત ઠરાવ.

૩ મનની ચપળતા ઓછી કર—નિયમિત સામાયિક કર.

૪ બોલવાનું જેમ બને તેમ ઓછું રાખ.

૫ ધંધાનાં સાહિત્ય તમામ સ્વચ્છ અને રમણીય રાખ.

૬ ધુપ ચાલુ રાખ—ઠંડા સાદા તેલનો લાભ માથાને હમેશ આપ.

૭ પ્રભાતે આંખને ત્રીફળાંનું પાણી છાંટવાનું અને પગને હરકોઈ જાતની ચંપીથી દૂર રાખવાનું સ્મરણમાં રાખ.

૮ ધંધામાં જોઇતાં માણસો—જોઇએ તેવી લાયકાતવાળાં રાખી લે; ત્હેમનો પગાર 'દેવો' પુરશે. સર્વ કામમાં જાતને રોકવાથી મનની ચપળતા વધી પડી 'આત્મિક કલહ'નો પાયો ચણાશે.

૯ કાંઇક **કરે છે;** કાંઇક વધુ **કરી શકે** તેમ છે; છોડી દેવામાં કસોટીનો અંત અને ઉત્ક્રાન્તિની સમાપ્તિ છે. **સુધર** અને **સુધાર.**

૧૦ ડર એ **અજ્ઞાનતા** છે; પ્રિય થવાની આકાંક્ષા એ **મૂર્ખતા** છે; ખેદ એ **બાલીશતા** છે; ઠીકાઠીક કરીને ગુપ્ત હાસ્ય કરવું એ **'ડહાપણ'** છે, કે જે 'ડહાપણ' માં બુદ્ધિ અને પ્રેમ, કાર્યદક્ષતા અને ધૈર્ય, સર્વનો સમાવેશ થઇ જતો હોવાથી એ જ **પ્રાપ્તવ્ય** છે.

૧૧ ફલાણું કૃત્ય શા માટે કર્યું અને ફલાણો શબ્દ શા માટે લખ્યો એ બાબતનો **ખુલાસો આપવામાં** વીર્ય અને વખત ગુમાવ માં. ભલે લોકો ગમે તે બોલે. સદસદ્‌વિવેક બુદ્ધિને પૂછીને કરાયલા કામની કે બોલાયલા શબ્દોની કિંમત સદસદ્‌વિવેકબુદ્ધિ **રહીત** પુરૂષો આંકી શકવાના નથી જ. અને ત્હારે કિંમત સાથે કાંઇ લેવાદેવા નથી. તું માલ બનાવનારો 'કારીગર' છે; કિંમત અંકાવવાનું કામ તો 'વ્યાપારી' નું છે. **આંખો મીચી માલ બનાવ્યાં કર.**

૧૨ સમય–સમયનાં કર્ત્તવ્ય જૂદાં હોય છે. **મહાવીર**ના વખતનાં અને **પાર્શ્વ**નાથના વખતનાં કર્ત્તવ્ય પણ જૂદાં; તો પછી આજે દેશ–કાળ જૂદાં કર્ત્તવ્યની માગણી કરે એમાં શું આશ્ચર્ય? ધર્મની ક્રિયાઓ નહિ પણ ધર્મનાં 'મૂળતત્વો'ને બાધ ન આવે અને દેશ--કાળને અનુકૂળ હોય એવી સૂચનાઓ કરવી એ જ ખરા 'હિતેચ્છુ'નું કર્ત્તવ્ય.

૧૩ સમુદાયમાં હમણાં **સંધ્યા**સમય છે. પ્રચંડ દિવસને સમય પસાર થઇ ગયો છે. કુદરતની વાજબી યોજનાનુસાર હમણાં અંધકારની છાયા પડવા લાગી છે. થોડા વખત ઉપર તેજ જોયેલું હોવાથી જ હમણાં લોકો અંધકારના આ આછા પડછાયાને તીરસ્કારી શકે છે. પણ હજી કુદરતે નિર્મેલી રાત્રી પુરી કરવી જ પડશે; અંધકાર ગાઢ અને વધુ ગાઢ વ્યાપ્ત થવો જ જોઈશે અને, દૃઢ શ્રદ્ધા રાખજે કે, ગાઢ અંધકારના ગર્ભમાંથી જ સૂર્યનો સારથી ઉગી નીકળશે. માટે કુદરતની આ સર્વ યોજના ( Scheme ) સમજીને સમાઇ જજે; કોઇ ગમે તેવા ઉત્તમ પ્રયાસમાં નિષ્ફળ જવાથી કે ઉલટો પાછો પડે તેથી મનના ભોંયરામાં જઈ રડતો ના; ત્હારો કોઇ શુભ પ્રયાસ તેમજ ત્હેને નિંદનારનો કોઇ દુષ્ટ પ્રયાસ બન્ને, સંધ્યાસમયને આગળ વધારવા માટે—અંધકારને વધારે ગાઢ બનાવવા માટે **જરૂરનાં** કામો હતાં; અંધકાર ઝટ ઝટ આવી જાય અને પુરો થઇ જાય તો પ્રકાશનો વારો આવી પહોંચે !

૧૪ 'ભાવી'ને 'કોઇ' મિથ્યા કરનાર નથી. પરન્તુ જેઓ 'કોઇ' નથી પણ **'સર્વ'** છે **ત્હેનાથી** 'ભાવી'ને પોતાના પેટમાં ગળી જવાય એમ તો બને ખરૂં.

૧૫ જેટલું ધારે છે તેટલું ન થાય તો પણ **લાભનો જ સોદો** છે; ધારેલું વહેલું મોડું ૧૦-૧૦૦-૧૦૦૦ કે ૧૦૦૦૦૦૦ વર્ષે પણ બને છે તો ખરૂં જ. વળી શુભ ધારણા એ પોતેજ લાભનો સોદો છે.

કોઇ પણ પરોપકારી યોજના કરવામાં ખર્ચેવી પડેલી **બુદ્ધિ પોતે ખીલ્યા વગર રહેતી નથી.**

૧૬ મુંગાને ન પૂજતો, વાચાળને ન પૂજતો; હસતાને ન પૂજતો, રોતાનેન પૂજતો; ભણેલાને ન પૂજતો, અભણને ન પૂજતો; '**સમાઇ ગયેલા**'ને પૂજજે, એના સિવાય સર્વમાં ઢોંગનો 'સંભવ' છે.

૧૭ 'સાધુ'ને પાળવાના બાહ્ય નિયમોમાં એક એવો પણ નિયમ છે કે સ્નાન કદી કરવું નહિ. બીજી વ્યવહારૂ (practical) દૃષ્ટિએ જોતાં સ્નાન એ મનુષ્ય દેહ માટે અનિવાર્ય કર્ત્તવ્ય કર્મ છે અને મનની શાન્તિને પણ સ્હાયક છે. છતાં સાધુ માટે આ નિયમ સર્વાંશે સખ્તાઇથી પાળવાનું શાસ્ત્રનું ફરમાન છે એ જ એમ સૂચવે છે કે "**જેને સ્નાન કરવાની જરૂર જ નથી રહી એવા પુરૂષો જ સાધુ તરીકે બહાર પડવાને લાયક છે.**" ઉદારીક શરીરની તંગીઓ ઉપર જેણે **લાંબા કાળના નિયમસરના મહાવરાથી** વિજય મેળવ્યો હોય તે જ સ્નાન વગર ચલવી શકે. અને એવાને માટેજ 'સાધુ' પદ છે. બીજા શબ્દોમાં, 'શરીરના ધર્મ ઉપર આત્માના ધર્મનો વિજય કરનાર પુરૂષ એ જ સાધુ.' એવા સિવાય કોઇને 'સાધુ' તરીકે માનવાની ત્હારા મનને ચોખ્ખી ના ક્હેજે; કારણ કે આવા 'સાધુ'રત્નો જ્યહારે 'દિક્ષા'ની 'ક્રિયા' કરે છે ત્યહારે ઉચ્ચ ભુવનપરના દેવો સાથે ત્હેમનો સંબંધ જોડાય છે અને તેઓમાં અલૌકીક બળ પ્રાપ્ત થાય છે તેથી તેઓ પોતાના આસ્તીકોને આત્મીક અનુભવ મેળવવામાં જબરી મદદ કરી શકે એવા

સંજોગોમાં હોય છે, ગુપ્ત જ્ઞાન વગરના 'સાધુ' નામથી ઓળખાતા પુરૂષો પૈકી જેઓ કોઈને હરકત ન કરે એવા હોય તેવાથી મૈત્રી અને તે સિવાયનાઓથી દૂરતા સેવજે.

૧૮ ગુણ પીછાનવાને બીજી કોઈ ચાવી ન મળે તો આટલું યાદ રાખજે કે જેનામાં 'દાન' ગુણ ન હોય એવો માણસ જો 'શીલ' ગુણનો દેખાવ કરે તો તે ખોટો સમજજે; 'શીલ' ગુણ વગરનો માણસ 'તપસ્વી' હોવાનો હક્ક કરે તો તે માનતો ના; 'તપ'ની ખુબી નહિ જાણનાર માણસ 'ભાવના'-નો કોઇ પ્રકાર પોતે જાણે છે એમ કહે તો ત્હેમાં શ્રદ્ધા રાખતો ના. **ગુણ અને ક્રિયા કદી અલગ નથી.** ગુણમાંથી સ્વાભાવિક રીતે જ ક્રિયા **ઉગી નીકળે** એજ ક્રિયા સાચી, બાકી બધી ધૂર્ત્તતા.

૧૯ ગૃહસ્થપણું અને સાધુપણું બન્ને આ સંસારમાં —આ દુનીઆમાં—આ માટી-પથરાની જમીનપર જ પળાય છે. એમાંથી એકકેમાં દુનીઆ ત્યજી શકાતી નથી; છતાં સાધુપણાનું બીજું નામ 'ત્યાગ' કેમ કહેવાય છે? માણસો વચ્ચે, સંઘાડા રૂપી નાત-જાત વચ્ચે, શ્રાવક-શ્રાવિકા રૂપી કુટુંબી-ઓ વચ્ચે, સંઘભક્તિરૂપી રોજગાર વચ્ચે અને લક્ષ્મીથી ખરીદાતાં સ્થાનકો કે ઘરો વચ્ચે જીવન ગુજારવા છતાં એકને 'ગૃહસ્થ' અને એકને 'ત્યાગી' કહેવાયો એનું રહસ્ય શોધી કહાડ અને પછી કહે કે 'સાધુપણું' કોને કહેવું અને સાધુપણાની દશાની ઉમેદવારી જેમાં કરવામાં આવે છે તેવું ગૃહસ્થપણું કોને કહેવું? પછી જેઓ

'અમે તો અહીં ઉતરીશું—અમે અહીં નહિ ઉતરીશું' એમ કહી પોતાને 'ક્રિયાપાત્ર સાધુ' તરીકે ઓળખાવતા હોય એમના આત્માની નબળાઈનું ત્હને આપોઆપ ભાન થશે; કારણ કે તેઓને કોઈ પણ મકાન પોતાનું થઇ શકતું નથી એવો તથા કોઇ પણ મકાન ત્હેમને પોતાની મરજી વિરૂદ્ધ વળગી જવાનું નથી એવો **આત્મનિશ્ચય** હજી થઇ શકયો નથી.

૨૦ બૈરીએ ત્હારૂં શું બગાડયું છે? ત્હેં બૈરીનું બગાડયું છે. છોકરાંઓએ ત્હારૂં શું બગાડયું છે? ત્હેં છોકરાંનું બગાડયું છે. દુનીઆએ ત્હારૂં શું બગાડયું છે? ત્હેં દુનીઆનું બગાડયું છે. કોઇનું સુધારીશ તો **ત્હારૂં** સુધરશે. મહાવીર જેવાઓએ ત્યજ્યું હતું તે શું? બૈરી છોકરાં અને દુનીઆં? કે બૈરી—છોકરાં અને દુનીઆં પરનો **રાગ**? ત્હેને 'ઘર' છોડવાનું પ્રયોજન શું હતું? બૈરી—છોકરા પર **ક્રોધ ભાવ** કે એ જીવો ઉપરાંત દુનીઆમાં રહેલા અસંખ્ય જીવોનું એક સરખું ભલું કરવાની **પ્રેમ ભાવના**?

૨૧ તું જેટલો પાછો પડે છે તેટલી **ત્હારી** અપૂર્ણતા કે દોષીતપણું સાબીત થાય છે. જેવી સમ્પૂર્ણતા અને નિર્દોષપણું ત્હારી **માનસિક સૃષ્ટિમાં** ઉત્પન્ન કરી શકીશ તેવીજ ફતેહ બહાર—**સ્થૂલ સૃષ્ટિમાં** ભાળી શકીશ.

૨૨ મ્હોટામાં મ્હોટો ગુન્હો--નિર્માલ્ય જેવો **ગણાતો** પણ વધારેમાં વધારે નુકશાન **કરનારો** ગુન્હો '**અનર્થદંડ**' નો છે. સ્વ કે પરનું હિત

જેમાં નથી સમાયલું એવું કાંઈ જોવામાં, ખાવામાં, પીવામાં, બોલવામાં, સાંભળવામાં, વાંચવામાં, લખવામાં, વિચારવામાં અને કરવામાં અપાતો વીર્ય કે સમયનો ભોગ એ જ 'અનર્થ દંડ' છે. દિવસમાં આવા નજીવા જેવા દેખાતા કેટલા ગુન્હા થાય છે તે વિચાર અને 'લાખની પાણ'ના આ 'ખોટના વ્યાપાર' થી મુક્ત થવા માટે હજીએ 'અનર્થદંડવિરમણ વ્રત' અંગીકાર કર. ધર્મનું કુલ રહસ્ય આ એક વ્રતમાં સનાઈ જાય છે, ફીલસુફીનો પાયો આ વ્રતમાં છે; તનદુરસ્તી, આબાદી અને શાન્તિનું મૂળ આ વ્રતમાં છે.

૨૩ આ ત્હારો લાભનો 'વ્યાપાર' છે. ગુપ્ત શક્તિઓ ખીલવવાનો આ શ્રેષ્ઠ વ્યાપાર છે. મુશ્કેલીઓ અને પ્રતિકૂળ સંજોગો વગર—ઘર્ષણ વગર ગરમી—તેજ—પ્રકાશ પ્રકટી નીકળે જ નહિ. અને અંધશ્રદ્ધાથી ભરપુર લોકો વચ્ચે ધાર્મિક ઉપદેશ દેવાના નિયમીત 'વ્યાપાર' માં જેટલો **ઉપરાઉપરી** ઘર્ષણનો સંભવ છે એટલો બીજા કોઈ વ્યાપારમાં નથી. આપત્તિ કાળે હૃદયના આકાશમાં જે ગડગડાટ અને તોફાન થાય છે ત્હેમાંથી ક્વચિત્ ખૂણેખાંચરે વિજળી પણ પ્રગટી નીકળે છે એ કેવી સુભાગ્યની વાત છે; અને એમાંથી જ સ્થૂલ પૃથ્વીપરના જીવોના લાભ માટે મેઉલો પણ વર્ષે છે એ કેવી સુંદર ઘટમાળ છે!

૨૪ સૂત્રો ત્હેના **નગ્ન** સ્વરૂપમાં જોવાની **તિવ્ર-અભિલાષા** રાખજે. **હમણાં** કદાચ તે તું નહિ કરી શકે, તથાપિ જેમ જેમ 'કર્મયોગ' વધારે

સારી રીતે **ભજવતો** રહીશ તેમ તેમ એ પ્રસંગ **નજીકમાં** આવતો જશે. ઉપરનાં ચીંથરાં દૂર કરી અંદર ઘણુંજ ન્હાનું છુપાયલું રત્ન બતાવનાર કોઈ નહિ ને કોઈ મળી રહેશે. હજી દુનીઆ રસાતાળ ગઈ નથી. પરન્તુ એવા 'કોઈ'-ની પણ **આશા** કરવાનો ત્હને અધિકાર નથી; એવા 'કોઇ' ની મુલાકાતને **લાયક** થવાને મજુરી કર્યા કર; લાયકને તેઓ ત્હેના ઘેર જઈ મળે છે.

૨૫ સૂક્ષ્મ સૃષ્ટિઓને નિહાળવા કોશીશ કર; આ સ્થૂલ સૃષ્ટિઓ માફક ત્હેમાં અનેક નાટચારંગ ચાલી રહ્યા છે તે સાંગોપાંગ ત્હારાથી જોઇ શકાય તો ઘણી જલદીથી ઉત્ક્રાન્તિ થાય. ઇચ્છાઓને અને વિચારોને વેશ ભજવતા ભાળવા અને ત્હેમની જુદી જુદી અવસ્થાઓ (Stages)નો અભ્યાસ કરવો એ પોતાના તથા જગતના ઉદ્ધાર માટે ઘણુંજ જરૂરનું કામ છે; એટલાજ માટે મુસાફરીઓ કરતાં એકાંત વાસમાં વધુ વખત ગુજારવો એ વધુ આવશ્યકીય છે.



# મહાત્મા બુદ્ધનાં વચનામૃત.

**ભગવાન મહાવીરના** સમકાલીન મહાત્મા શ્રી બુદ્ધને માટે જૈન ભાઇઓ ઘણા ખરાબ શબ્દો ઉચ્ચારતા જોવામાં આવે છે, એવા સમયમાં એ મહાત્માની ખરી કિમત આંકવાનું કામ દરેક સુજ્ઞ પુરૂષ પોતે જાતે જ કરી લે તો ઠીક એમ સમજી એમનાં ઉપદેશવચનો જાહેરમાં મૂકવાં ઉચીત ધાર્યું. કોઇને સારો કે ખોટો કહેવાની શી જરૂર છે ?—જો ત્હેના શબ્દો અને ત્હેનાં કૃત્યો આપણી આંખ આગળ જ હોય તો તે ઉપરથી એના સંબંધી ખરો ખ્યાલ બાંધવામાં શી મુશીબત છે ?

જૈન ધર્મગુરૂ તરીકેની છાપ જેમને ન વાગી હોય એવા તમામને 'અભવી' કે મિથ્યાત્વી કે અધર્મી કહેવા એ મ્હને તો જૈન સિદ્ધાન્તની વિરૂદ્ધનું કામ લાગે છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની હયાતી છતાં પણ તે ગુણોવાળા પાત્રમાં ધર્મ નથી એમ કહેનારને હું 'જૈન' તરીકે કબુલ રાખવાની ના જ કહીશ. મહાત્મા બુદ્ધનાં વચનો અને કાર્યો માટે આપણે હજી ખરો ખ્યાલ બાંધી શકીએ તેમ છીએ, માટે બીજાના મત ઉપરથી ત્હેને માટે ખોટો કે સારો ખ્યાલ ન બાંધતાં આપણે દરેક જૈન તે મહાત્માના સંબંધમાં સ્વતંત્ર રીતે જ ખ્યાલ બાંધીશું તો ઠીક પડશે. એમનાં વચનો, બુદ્ધ ધર્મશાસ્ત્રોમાંથી ઉતારો કરીને, આ નીચે આપવામાં આવ્યાં છે; અને એમનું જીવનચરિત્ર અનેક વિદ્વાન લેખકોના ગ્રંથો ઉપરથી ઉપજાવી કહાડીને મ્હારા એક વિદ્વાન મિત્રે તૈયાર કર્યું છે અને મ્હારા 'જૈનસમાચાર' પત્રના ગ્રાહકોને ૧૯૧૨ ના જાનેવારીમાં જ ભેટ તરીકે આપવાનું છે. હાલમાં તે પુસ્તક છપાય છે. સુમારે ૨૦૦ પૃષ્ટનું તે અમૂલ્ય પુસ્તક વાચકોના હૃદય ઉપર ઉચ્ચતમ સંસ્કાર પાડયા સિવાય નહિ જ રહે એમ મ્હારૂં માનવું છે.

એક તરફથી આ બુદ્ધવચનો અને બીજી તરફથી આવતા જાનેવારીમાં આપવાનું બુદ્ધચરિત્ર એ બે વાંચવાથી હરકોઇ સખસ એ મહાત્માની પવિત્રતા માટે ખરો ખ્યાલ બાંધી શકશે; પછી કોણ સાચું અને કોણ જૂઠું એ વિવાદમાં ઉતરવાની જરૂર જ રહેશે નહિ.

આટલા પ્રસ્તાવ બાદ હવે આપણે બુદ્ધમહાત્માનાં જૂદાં જૂદાં શાસ્ત્રોમાંથી જૂદા જૂદા વિષય ઉપરના ઉપદેશો અને અભિપ્રાયો તપાસીશું. પ્રથમ આત્મજય સંબંધમાં શ્રી મહાવીર પ્રભુના સમકાલીન બુદ્ધદેવ શું કહે છે તે જોઇએ.

# आत्मजय.

મનુષ્ય પોતાની જાતને વ્હાલી ગણતો હોય તો તેણે તેની જાતની લક્ષપૂર્વક તપાસ રાખવી.

પ્રથમ તો મનુષ્યે પોતાની જાતને જ યોગ્ય વસ્તુ તરફ દોરવવી.

અને પછી બીજાને તે ભલે શીખવે. આ રીતે સુજ્ઞ પુરૂષ દુઃખી થશે નહિ.

જે પ્રમાણે મનુષ્ય બીજાને વર્તન કરવાને શીખવે, તેજ પ્રમાણે જો પોતે વર્તન કરે તો પોતે આત્મસંયમી હોઇ, બીજાને વશ રાખી શકે; કારણ કે સ્વાત્મસંયમ અતિ દુષ્કર છે.

આત્મા જ આત્માનો નિયંતા છે; બીજો કોણ નિયંતા હોઇ શકે ?

થોડાજ મનુષ્યોને લભ્ય એવા નિયંતાને, સંપૂર્ણ રીતે આત્મસંયમથી જ મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે.

મનુષ્ય પોતે જ દુષ્ટ કર્મનો કર્ત્તા છે તેમજ વળી ભોક્તા છે.

મનુષ્ય જ દુષ્ટ કામને બંધ રાખનાર તેમજ પોતાની જાતને પવિત્ર બનાવનાર પણ છે. મનુષ્ય પોતાની મેળે જ પવિત્ર અથવા અપવિત્ર થઇ શકે. બીજાને પવિત્ર બનાવવાને કોઇ પણ શક્તિમાન નથી.

બીજાના મહાન્ ધર્મને ( ફરજને ) વાસ્તે પણ મનુષ્યે સ્વધર્મનો ત્યાગ કરવો નહિ. પોતાના ધર્મને જાણીને મનુષ્યે સ્વધર્મ પ્રતિ અહર્નિશ ધ્યાન રાખવું.

જો એક મનુષ્ય રણસંગ્રામમાં સહસ્ત્રવાર જીતે અને બીજો મનુષ્ય આત્મા ઉપર જય મેળવે તો તે બીજો મનુષ્ય સઘળા જીતનારામાં શ્રેષ્ટ છે.

બીજા સઘળા મનુષ્યો ઉપર જય મેળવવા કરતાં આત્મા ઉપર જય મેળવવો તે શ્રેષ્ઠ છે. આત્મજય મેળવનાર અને સંયમમાં રહેનાર પુરૂષના

જયને દેવ, ગાન્ધર્વ અને બ્રહ્મા સાથે માર ( કામદેવ ) પણ પરાજયના રૂપમાં ફેરવી શકે નહિ.

શારીરિક ક્રોધથી ચેતતો રહે, અને ત્હારા શરીર ઉપર જય મેળવ. શારીરિક પાપનો ત્યાગ કર અને ત્હારા શરીરથી સદ્‌ગુણી જીવન ગાળ. વાચિક ક્રોધથી ચેતતો રહે અને ત્હારી વાણી ઉપર જય મેળવ. વાચિક પાપનો ત્યાગ કર અને ત્હારા મન ઉપર જય મેળવ.

માનસિક પાપનો ત્યાગ કર અને ત્હારા મનથી સદ્‌ગુણી જીવન ગાળ.

જે સુજ્ઞ પુરૂષો પોતાના શરીર, વાણી અને મન ઉપર જય મેળવે છે તેઓ જ ખરેખર સંયમી છે.

**ધમ્મપદ.**

જે મનુષ્ય કોઇ પણ વસ્તુ ઉપર આધાર રાખતો નથી, જે સ્વતંત્ર છે અને ધર્મ સમઝીને જેને જન્મ અથવા મરણની ઇચ્છા નથી, અને ઇન્દ્રિયજન્ય સુખની જેને આશા નથી તેને જ હું શાંત ગણું છું. તેને કોઇ પણ બંધન નથી; તેણે ઇચ્છા ઉપર જય મેળવ્યો છે.

**પૂરાભેદ સૂત્ત.**

ઇચ્છા ઉપર જય નહિ મેળવનાર મનુષ્યને, નગ્નપણું, જટાધારીપણું, ભસ્મ, ઉપવાસ, ભૂમિશય્યા, ભસ્મવિલેપન, અથવા તો નિશ્ચલ આસન એ સર્વ પવિત્ર બનાવવાને અશક્ત છે.

જે, સુશોભિત વસ્ત્ર પહેરવા છતાં પણ શાંત છે, સંયમી છે, જીતેન્દ્રિય છે, પવિત્ર છે, અને અન્ય પુરૂષના દોષ તરફ દષ્ટિ રાખતો નથી તે જ ખરેખર બ્રાહ્મણ છે, યતિ છે અને સાધુ પુરૂષ છે.

**ધમ્મપદ.**

જેણે, નિત્ય દમનથી આત્મજય મેળવ્યો છે, તેણે ફક્ત આ એક જ જયથી એટલો તો મોટો જય મેળવ્યો છે કે સઘળા મનુષ્ય ઉપરનો જય, આ જયમાં જરા પણ વધારો કરી શકે તેમ નથી.

આત્મા આત્માનો નિયંતા છે; બીજો કોણ નિયંતા હોઇ શકે ? જે પોતાની જાતનો સ્વામી થયો છે તે સઘળા બંધનને તોડી નાંખે છે.

## अपकारने बदले उपकार.

જો મનુષ્ય ક્રોધનો ત્યાગ કરે તો તેની નિદ્રા શાંતિયુક્ત બને છે. જો મનુષ્ય ક્રોધનો ત્યાગ કરે તો તે કદાપિ દીલગીર રહેતો નથી.

ક્રોધ ઉપર જય મેળવવાના કરતાં કાંઇ પણ ઉત્તમ વસ્તુ નથી.

આ ઉક્તિ ડહાપણ ભરેલી છે; કારણ કે અગ્નિથી દગ્ધ થયેલા મનુષ્યની માફક ક્રોધીને દુ:ખ અનુસરે છે.

પોતાનો શત્રુ ક્રોધી થવા છતાં જે મનુષ્ય શાંત રહેછે તે પોતાને તેમજ બીજાને મહાન્ ભયથી બચાવે છે.

જેઓ 'નિયમ'ને* જાણતા નથી તેઓ આ પ્રમાણે પોતાને અને પારકાને વાસ્તે ચાલનાર મનુષ્યને હલકી રીતે મૂર્ખમાં લેખે છે.

જે મનુષ્ય ક્રોધ કરવાના પ્રસંગે ક્રોધ કરેછે તે પાપી છે.

પણ જે મનુષ્ય, તે સમયે ક્રોધથી વિમુખ રહે છે, તે મહાન્ જય પ્રાપ્ત કરે છે.

જે મનુષ્ય ધિક્કારનાર મનુષ્ય પ્રતિ ધિક્કારની દૃષ્ટિથી જુએ છે તેને શાંતિ મળતી નથી.

પણ જે, ધિક્કારનાર મનુષ્યની સાથે સમભાવથી ( સહનશીલતાથી ) વર્તેછે તેને શાંતિ મળે છે.

આમાં જ ધર્મભાવના સમાયલી છે.

આપણને ધિક્કારનારને નહિ ધિક્કારીને આપણે સુખમાં રહીએ છીએ.

આપણને ધિક્કારનાર મનુષ્યની વચ્ચમાં આપણે ધિક્કારથી વિમુખ રહીએ છીએ.

લોભી મનુષ્યની વચ્ચમાં પણ લોભથી મુક્ત થઇ આપણે ખરેખર સુખથી રહીએ છીએ.

લોભી મનુષ્યની વચ્ચમાં પણ આવો આપણે લોભથી વિમુખ રહીએ.

કોઇપણ ચીજ ઉપર મારાપણાનો દાવો કરતા નથી તો પણ ખરેખર અમે સુખમાં રહીએ છીએ.

જય ધિક્કારનારને ઉત્પન્ન કરનાર છે; કારણ કે જીત મેળવનાર

---

* 'નિયમ' એટલે આંતર્ સ્વભાવનો નિયમ અથવા પૂર્વોપાર્જીત કર્મનો નિયમ.

દુઃખી છે. જેણે જય અથવા હારનો ત્યાગ કર્યો છે તે સંતોષી મનુષ્ય જ સુખી છે.

મનુષ્યને ક્રોધનો ત્યાગ કરવા દો. તેને અભિમાન છોડવા દો. તેને સઘળા બંધન ઉપર જય મેળવવા દો. જે મનુષ્ય નામ અને રૂપને વળગેલો નથી અને જે કોઇ પણ વસ્તુને પોતાની ગણતો નથી તેના ઉપર કોઇ પણ પ્રકારનાં દુઃખ આવી પડતાં નથી.

તે જ ખરો સારથી કહેવાય છે કે જે ચાલતા રથની માફક ચઢતા ક્રોધને રોકી રાખે છે. બીજા તો માત્ર લગામ ચલાવનાર જ કહેવાય.

મનુષ્યને પ્રેમથી ક્રોધ ઉપર જય મેળવવા દો–શુભથી અશુભ ઉપર જય મેળવવા દો-ઉદારતાથી લોભી ઉપર અને સત્યથી અસત્યવાદી ઉપર જય મેળવવા દો.

કોઇ પણ મનુષ્ય સાથે અપ્રિય રીતે બોલતા નહિ. એ રીતે બોલાયલા શબ્દો માટે તમારે ઘાને બદલે ઘા જ ખમવા પડશે.

ધમ્મપદ.

જે બીજાને મારે છે તેને માર ખાવો પડશે. જે બીજા તરફ ઇર્ષ્યા બતાવે છે તે ( બીજા તરફથી ) ઇર્ષ્યા જ જોશે.

" તેણે મને ગાળ દીધી, મને માર્યો, મને હરાવ્યો, મને લૂટયો. " આવા વિચાર મનમાં રાખનારના ધિક્કારનો કોઈ દિવસ અંત આવશે નહિ. કારણ કે કદાપિ પણ **ધિક્કાર, ધિક્કારથી અટકતો નથી. ધિક્કાર પ્રેમથી જ નાશ પામે છે.** આ એક પુરાણો મહાનિયમ છે.

# मनोनिरोध अने मननी केळवणी.

સકલ ઉદ્યોગથી તારા હૃદયનું રક્ષણ કર; કારણ કે જીવનના સઘળા મુદ્દાઓ તેમાંથી ઉદ્ભવે છે.

આપણી હાલની **સ્થિતિ** આપણા **વિચાર**નું પરિણામ છે.

તે આપણા વિચારની જ બનેલી છે.

જો મનુષ્ય દુષ્ટ વિચારથી બોલેછે અથવા વર્તેછે, તો રથને દોરનાર બળદના પગને અનુસરનાર ચક્રની માફક દુઃખ તેને અનુસરેછે.

જો મનુષ્ય પવિત્ર વિચારથી બોલેછે અથવા વર્તેછે, તો મનુષ્યની સાથે જ જતી તેની છાયાની પેઠે, સુખ તેને અનુસરે છે.

જેઓ અસત્યમાં સત્ય, અને સત્યમાં અસત્ય વસ્તુનો આરોપ કરે છે. તેઓ કદાપિ પણ સત્ય વસ્તુને પ્રાપ્ત કરતા નથી; પણ ખોટી ઇચ્છાઓને અનુસરે છે.

જેમ ખરાબ રીતે સંચાયલા છાપરામાં વરસાદ રસ્તો કરે છે તેમ નહિ વિચાર કરતા મનમાં વિકારો જોરથી માર્ગ પ્રાપ્ત કરે છે.

જેમ બાણાવળી પોતાના તીરને સરલ બનાવે છે, તેમ સુજ્ઞ પુરૂષ પોતાના ધ્રૂજતા અને અનિયમિત વિચાર, કે જેમનું રક્ષણ કરવું તેમજ નિરોધ કરવો દુષ્કર છે, તેમને સરલ બનાવે છે. જેનો નિરોધ કરવો અતિ દુષ્કર છે, જે તરંગી છે, જે પોતાની મરજી આવે ત્યાં દોડે છે તેવા મનને કેળવવું એ જ સારૂં છે. કેળવાયેલું મન સુખ આપે છે.

સુજ્ઞ પુરૂષે પોતાના વિચારોનું રક્ષણ કરવું જોઇએ; કારણ કે તેઓ (વિચારો) અદૃશ્ય, કપટી અને મરજી આવે ત્યાં દોડનારા છે. સુરક્ષિત વિચારો સુખ આપે છે.

જે નુકશાન , એક ધિક્કારનાર પુરૂષ પોતા તરફ ધિક્કાર રાખનાર પુરૂષને કરે અને જે નુકશાન, શત્રુ શત્રુને કરે, તેના કરતાં પણ, ખરાબ રીતે દોરવાયલું મન વધારે નુકશાન કરે છે.

માતા પિતા અને અન્ય સ્વજનો જે લાભ કરે તેના કરતાં સારી રીતે કેળવાયેલું મન વધારે લાભદાયક છે.

ધમ્મપદ.

જો તમે તમારા વર્તનમાંથી મનનું કાર્ય ( હેતુ ) દૂર કરો તો શારીરિક ક્રિયા માત્ર સડી ગયેલા કાષ્ઠવત્ છે. તેટલા માટે મનને નિયમિત બનાવો; એટલે પછી શરીર તો તેની મેળે સિદ્ધ માર્ગે જશે.

Fo-sho-hing-tsan-king

અભણ મનુષ્ય આખલાની માફક વધે છે. તેનું શરીર વધ્યા કરે છે

પણ તેનું **જ્ઞાન** વધતું નથી.

(ચારે બાજુએ કેલવણીની જરૂર બતાવનારૂં નીચેનું વાક્ય જુનાં સૂત્રોમાં—વારંવાર મહાવ્યાધિ નામના પુસ્તકમાં—મળી આવે છે.)

શુદ્ધ આચારની સાથે જોડાયેલી સમાધીના આનંદનું ફલ મહાન્ છે; તેમજ લાભ પણ મહાન્ છે.

સમાધિના આનંદની સાથે જોડાયેલી બુદ્ધિનું ફળ મહાન્ છે. તેમજ લાભ પણ મહાન્ છે. બુદ્ધિની સાથે જોડાયેલું મન વિષયાસક્તિ, ભવિષ્ય જીવન, માયા અને અજ્ઞાનરૂપ મહાન્ અપાયથી મુક્ત થાય છે.

# एकचित्तता-एकाग्रता.

એકાગ્રતા એ અપ્રમત્તતા—અમૃતત્વ પ્રાપ્ત કરવાનો માર્ગ છે; અને પ્રમાદ એ મૃત્યુનો માર્ગ છે. જેઓ એકાગ્ર ચિત્તવાળા છે તેઓ મરતા નથી; જેઓ પ્રમાદી છે તેઓ ક્યારનાએ જાણે મરી ગયા હોય તેમ દેખાય છે.

આ વાત સંપૂર્ણ રીતે સમજીને જેઓ એકાગ્રતામાં વધેલા હોય છે, તેઓ તેમાં આનંદ મેળવે છે. આવા સુજ્ઞ, વિચારવંત, દઢ અને સતત મહાન્ શક્તિઓ ધરાવનારા પુરૂષો, ઉંચામાં ઉંચા સુખ રૂપ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

જો કોઇ એકાગ્ર ચિત્તવાળો પુરૂષ પોતાની જાતને જાગૃત કરે, જો તે પ્રમાદી ન હોય, તેનાં કાર્ય પવિત્ર હોય, તે ડહાપણથી વર્તતો હોય, તે સંયમી થાય, અને જો તે 'નિયમ' પ્રમાણે આચરણ કરે (આચાર પાળે) તો તેની મહત્વતા વધશે. સુજ્ઞ પુરૂષો એકાગ્રતાને એક શ્રેષ્ઠ રત્નથી માફક લેખે છે. પ્રમાદી પુરૂષોમાં એકાગ્ર અને આળસુઓમાં જાગૃત એવો ડાહ્યો મનુષ્ય થાકી ગયેલા ઘોડાને પાછળ મુકીને સરતમાં દોડનાર ઘોડાની માફક આગળ વધે છે. પોતાનું કર્તવ્ય મનુષ્યે બજાવવુંજ જોઇએ; તેણે તે કાર્ય **ઉત્સાહથી** હાથમાં ધરવું જોઇએ.

પ્રમાદી પંથીજન પોતાના વિકારોની રજ વધારેને વધારે ફેલાવે છે.

**ધમ્મપદ.**

પ્રમાદ તે રજ અને મેલ છે. અને અતિશય પ્રમાદ મનને અપવિત્ર બનાવે છે.

એકાગ્રતાથી અને જ્ઞાનથી સુજ્ઞ પુરૂષે હૃદયમાં ખુંચતું (પીડા કરતું) તીર ખેંચી કાઢવું જોઇએ.

ઉત્થાન સૂત્ત.

એકાગ્રતાથી મનુષ્ય (સંસાર રૂપી) સમુદ્રમાંથી ઉગરે છે; અને શ્રદ્ધાથી નદીમાંથી ઉગરે છે. એકાગ્રતાથી દુઃખ દૂર થાય છે; અને જ્ઞાનથી મનુષ્ય પવિત્ર થાય છે.

મનુષ્યે શુભ કાર્ય પ્રતિ પ્રવૃત્તિ કરવા જોઇએ. અને પોતાના વિચાર અશુભમાંથી દૂર રાખવા જોઇએ. જો મનુષ્ય ખરી વસ્તુ આનંદથી કરે છે તો તેનું મન અશુભમાં પણ આનંદ મેળવે છે. ધમ્મપદ.

ઉઠ, બેઠો થા; નિદ્રામાં (આળસમાં) શો લાભ છે? આળસ તે અ-પવિત્રતા છે. પ્રમાદ તે પણ અપવિત્રતા છે. એકાગ્રતાથી અને જ્ઞાનથી શોકશંકુનું ઉન્મૂલન કર.

ઉત્થાન સૂત્ત.

## सर्व जीवतां प्राणि प्रति दया धर्म, भूतदया धर्म.

તેં કહ્યું કે તારી જાતિને છાજે તેવી, અને કીર્તિવંતઃફલ લાવી આપે તેવી આહુતિ ધર્મને સારૂ આપવાને તૈયાર થા. પણ હું કહુંછું કે, બીજાને દુઃખ આપીને મળતા ફળની મને ઇચ્છા નથી. ભવિષ્યમાં મળનારા ફળની ઇચ્છાથી એક નિરપરાધી પ્રાણીનો ભોગ આપવો, તે જો ફલ શાશ્વત હોય તો પણ, દયાર્દ્ર હૃદયના સજ્જનને વાસ્તે અયોગ્ય કાર્યજ કહેવાય. અને જો તે ફળ અનિત્ય હોય તો તેવા કાર્ય વિષે તો કહેવું જ શું?

અને જો કે ખરો ધર્મ આત્મસંયમ, નૈતિક વ્યવહાર અને વિકારો-ના અભાવરૂપ વર્તનના તદન જુદા નિયમમાં સમાયેલો ન હોત તો પણ જ્યાં શ્રેષ્ઠ બદલો પ્રાણિવધ કરવાથી મળે તેમ દર્શાવવામાં આવે છે તેવા યજ્ઞ નિયમને અનુસરવું તે યોગ્ય ગણાય નહિ.

બીજાને દુઃખ દેવાથી, દુનિયાંમાંને દુનિયામાં જ મળતા સુખને, સુજ્ઞ પુરૂષ અને સહૃદય પુરૂષ ધિક્કારે છે; તો પછી આપણાથી અદૃશ્ય અને બીજી દુનિયામાં જો તે મળવાનું હોય તો કેટલું વધારે ધિક્કારને પાત્ર થાય? જે મનુષ્ય એકસો વર્ષ સુધી મહિને મહિને હજાર યજ્ઞ કરે છે, તે, જે મનુષ્ય પ્રાણી

માત્ર તરફ માયાળુ છે અને દયા બતાવવાને પ્રયત્ન કરે છે તેને સોળમે ભાગે પણ નથી.

**અશ્વઘોષનું બુદ્ધ ચરિત.**

જે મનુષ્ય અહર્નિશ **કુશ** નામના ઘાસની ધારની અણીવતી ખાય છે તેવો માણસ પણ જીવતાં પ્રાણી ઉપર દયા બતાવનારને સોળમે ભાગે પણ નથી.

સઘળા મનુષ્ય શિક્ષાથી કંપે છે. સઘળા મનુષ્ય મૃત્યુથી બીહે છે. યાદ રાખો કે તમે પણ તેમના સરખા જ છો; અને તેટલા માટે વધ કરતા નહિ અને કરાવતા પણ નહિ. સર્વ મનુષ્ય શિક્ષાથી કંપે છે, સર્વ મનુષ્ય જીવનને ઇચ્છે છે; યાદ રાખ કે તું પણ તેમના સરખો જ છે. તેથી વધ કરતો નહિ અને કરાવતો પણ નહિ.

પોતાના સુખને શોધતો જે મનુષ્ય સુખની જ લાલસા રાખતા પ્રાણીને શિક્ષા કરે છે અથવા મારે છે તેને મરણ પછી સુખ મળશે નહિ.*

જે મનુષ્ય બીજાને દુઃખ દેઇને પોતાને વાસ્તે સુખ મેળવવાને ઇચ્છે છે તે મનુષ્ય, ધિક્કારની જાલમાં (બંધનમાં) ગુંથાઇને, કદાપિ પણ ધિક્કારથી મુક્ત થશે નહિ.

**ધમ્મપદ.**

જેવી રીતે માતા પોતાની જીંદગીના જોખમે પણ પોતાના બાલકનું —એકના એક બાલકનું રક્ષણ કરે છે, તેવીજ રીતે દરેક મનુષ્યે સર્વ પ્રાણી તરફ 'મૈત્રી ભાવના' ખીલવવી જોઇએ.

દરેક મનુષ્યે સઘળા જગત પ્રતિ—ઉંચે, નીચે, સર્વ બાજુએ— નિરંતર, ધિક્કાર વિના તેમ વૈર વિના શુભેચ્છા ભાવવી જોઇએ.

**મેત્તા સૂત્ત.**

ધર્મ શાસ્ત્રો કહે છેઃ " દરેક પ્રાણિ તરફ દયાળુ અને પરોપકારી થા; જગતમાં શાંતિ ફેલાવ; જો કોઇ પણ વધ્ય વસ્તુ તારા જોવામાં આવે તો તારૂં હૃદય કૃપા અને દયાથી પીગળવું જોઇએ. "

Sha-mi-lui-yes-lis

સર્વ જીવતાં પ્રાણી પ્રતિ મારા હૃદયને પ્રેમાલ બનાવવા ઇચ્છુંછું.

Fo-pen-hing-tish-king

---

* "જેમ પોતાની જીંદગી પોતાને વ્હાલી છે તેમ પારકાની જીંદગી તેને વ્હાલી છે. આ પ્રમાણે બીજાની સાથે પોતાને સરખાવી સજ્જનો સર્વ પ્રાણી પ્રતિ દયા બતાવે છે. " —**હિતોપદેશ.**

દરેક પ્રકારના જીવતાં પ્રાણીનું મારે દુઃખથી રક્ષણ કરવું જોઇએ.

# धम्मिक सुत्तमां गृहस्थ धर्म.

આ દુનિઆમાં મજબુત અને નબળા સઘળા પ્રાણીને ઇજા કરવાનું બંધ કરીને જીવતા પ્રાણીનો તેણે વધ કરવો નહિ અને બીજા વધ કરનારને અનુમોદન આપવું નહિ.

Ta-chvang-au-king

બીજાં ત્યાગ કરવા લાયક પાપ આ છેઃ—ચોરી, અબ્રહ્મચર્ય, અસત્ય, નિશો ચડે તેવા પ્રવાહી પદાર્થનું સેવન અને મોજમજાની જીંદગી.

મનુષ્યે માતપિતાનું આજ્ઞાંકિત રીતે પોષણ કરવું જોઇએ; અને ઉચ્ચ પ્રકારનો વેપાર કરવો જોઇએ.

મનુષ્ય પોતાને હાથે વધ કરે, અથવા બીજા પાસે વધ કરાવે અથવા વધનું કાર્ય ખુશીથી જુએ તો તે સઘળાં 'પાપ' છે; કારણ કે, તે સઘળાનો 'મહાન્ નિયમ'માં પ્રતિષેધ છે: અને બીજી ઘણી ચીજો જેનું એક પછી એક એક લેઇ વર્ણન કરવું મુસ્કેલ છે તેનો 'મહાન્ નિયમ' માં પ્રતિષેધ છે.

Sha-me-lu-i-yao-lis

# खरा ब्राह्मण ( आध्यात्मिक शिक्षक )ना सद्गुणो अने शिष्योनी केळवणी विषे.

મુખમાં **પેસતી** ચીજ ( ખાવામાં આવતી વસ્તુઓ ) જેટલે દરજ્જે મનુષ્યને અપવિત્ર બનાવતી નથી તેટલે દરજ્જે, જે વસ્તુઓ મુખમાંથી **નીકળે છે** તેઓ હૃદયમાંથી આવતી હોવાથી મનુષ્યને અપવિત્ર બનાવે છે, કારણ કે હૃદયમાંથી, દુષ્ટ વિચાર, ખુન ( વધ ), વ્યભિચાર, જારકર્મ, ચોરી, જુઠી સાક્ષી અને નિંદા નીકળે છે. આ જ વસ્તુઓ મનુષ્યને અપવિત્ર બનાવે છે. ( પણ ધોયા વગરના અપ્રક્ષાલિત હસ્તથી ખાવું તે મનુષ્યને અપવિત્ર બનાવતું નથી. )

Lath XV. 11-18-20

( આ અંગ્રેજોના ધર્મપુસ્તકમાંના વિચારને પુષ્ટિ આપનારા શબ્દો બુદ્ધ ધર્મ શાસ્ત્રમાંથી નીચે મુજબ મળી આવે છેઃ—)

જેવી રીતે ભ્રમર પુષ્પમાંથી રસ ગ્રહણ કરી, પુષ્પને, તેના રંગને અથવા તેની ગંધને ઇજા કર્યા વિના જતો રહે છે, તેવી રીતે સાધુ પુરૂષે **ગામમાં રહેવું જોઇએ.**

સાધુ પુરૂષે અન્ય પુરૂષનાં દૂષણ પ્રતિ અથવા કરવાનું નહિ કરવા રૂપ અને નહિ કરવાનું કરવા રૂપ તેમના પાપ પ્રતિ નહિ, પણ **પોતાનાં** જ દુષ્ટ કાર્ય અને પ્રમાદ પ્રતિ દ્રષ્ટિ રાખવી જોઇએ.

જે મનુષ્ય 'કહેણી' પ્રમાણે **'રહેણી'** રાખતો નથી તેનાં સુંદરવચન, રંગમય પણ સુગંધ વિનાનાં સુશોભિત પુષ્પ તુલ્ય છે.

**ધમ્મપદ.**

**જન્મથી** મનુષ્ય શુદ્ર **થતો** નથી, **જન્મથી** મનુષ્ય બ્રાહ્મણ થતો નથી, પણ **કાર્યથી** મનુષ્ય શુદ્ર **થાય** છે તેમજ **કાર્યથી** મનુષ્ય બ્રાહ્મણ **થાય છે.**

**વાસલસૂત્ત.**

ખરો આધ્યાત્મિક શિક્ષક કોણ છે? જે, વસ્તુઓના સ્વભાવને ઓળખીને બીજાં પ્રાણીઓને ઉપયોગી થવાને સતત પ્રયત્ન કરે છે તે જ.

**પ્રશ્નોત્તર માલિકા.**

જટા ધારણ કરવાથી, કુટુંબથી અને જન્મથી, મનુષ્ય બ્રાહ્મણ થતો નથી; પણ જે મનુષ્યમાં સત્ય અને સદાચાર છે તેને જ ધન્ય છે અને તે જ બ્રાહ્મણ છે.

હે મૂર્ખ! જટા ધારણ કરવાથી શો લાભ છે? અજચર્મનાં વસ્ત્ર પહેરવાથી શું ફલ છે? અંદર તો 'ખાઉં ખાઉં' ની વૃત્તિઓ પ્રબળ છે અને બહારથી પવિત્ર થવાને પ્રયત્ન કરે છે?

જે મનુષ્ય પોતે અપરાધ કર્યો નથી તે છતાં પણ ઠપકો, ચાબુકો, અને બંધ સહન કરે છે, વળી જેનું લશ્કર સહનશીલતા છે અને જેનું બળ 'સેવા' છે તે જ 'બ્રાહ્મણ' છે.

જે મનુષ્ય ક્રોધથી મુક્ત છે, ધર્મી, સદ્‌ગુણી તેમજ ઇચ્છારહિત છે, વિષય સુખમાં આસક્ત નથી, જે મહાન્ જ્ઞાની છે અને જે સદ્ અને અસદ્ માર્ગ જાણે છે તે જ ખરેખર બ્રાહ્મણ છે.

જે મનુષ્ય નિર્બલ તેમજ બલવંત પ્રાણીને ઇજા કરતો નથી, મારી નાખતો નથી, તેમજ બીજા પાસે મરાવતો નથી, સોયના બિંદુથી રાઇના દાણાની માફક જે મનુષ્યમાંથી ક્રોધ, માન અને દંભ ખરી ગયા છે, અને

જે બીજાને દુઃખ ન ઉપજે તેવું બોધદાયક અને નમ્ર સત્ય વચન બોલે છે તેજ ખરેખર 'બ્રાહ્મણ' છે.

મોટી મોટી **વાતો** કરી જાણે. તે ઉપરથી મનુષ્ય વિદ્વાન ગણાય નહિ અને ધોળા વાળ આવવાથી કાંઇ મનુષ્ય પૂજ્ય ગણાય નહિ.

અસત્ય બોલનારો અશિક્ષિત પુરૂષ ફક્ત ચૂડા ક્રિયાથી 'શ્રમણ' બનતો નથી; કારણ કે સર્વ જીવતાં પ્રાણી ઉપર જે મનુષ્યને દયા છે તે જ 'આર્ય' કહેવાય છે.

જેનો કોઇ સંસારીને અનુભવ નથી એવું મુક્તિનું સુખ જેમને મળે છે, તે ફક્ત વિનયથી, વધારે ભણતરથી, સમાધિથી અથવા એકલા શયન કરવાથી મળી શકતું નથી.

જેની ઇન્દ્રિયો અશ્વની માફક સારથિથી સારી રીતે કેળવાયેલી છે, સંયમમાં રખાયેલી છે, જે માનથી, અને વિષયોપરાગથી મુક્ત છે, તે મનુષ્યની ખુદ દેવો પણ ઇર્ષ્યા કરે છે. આવો મનુષ્ય પોતાનો 'ધર્મ' બજાવે છે અને પૃથ્વી અથવા ઉમરાની માફક સહનશીલ છે. તે મનુષ્ય કાદવ વિનાના સરોવર તુલ્ય છે. જ્યારે તે સદ્‌જ્ઞાનથી સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે, ત્યારે તેના વિચાર, શબ્દ, અને કાર્ય શાંત હોય છે.

**ધમ્મપદ.**

સંસારનો ત્યાગ કરનાર 'ભિક્ષુ'એ, બે બાબતનો ત્યાગ કરવો જોઇએ: એક તો સુખાસક્ત જીવન કારણ કે તે (તે મનુષ્યને નીચ વિષયી અને અધમ બનાવે છે) અને બીજું શરીરને અતિ કષ્ટ આપનાર જીવન) કારણ કે તે દુઃખદાયક અને લાભ વિનાનું છે.)

**મહાવગ્ગ.**

# 'ભિક્ષુ'ઓના ધર્મ.

તેણે વિચારવંત થઇને મનની અંદર ઉત્પન્ન **થતી** સઘળી વાસનાઓનો નિરોધ કરતાં શિખવું. તેણે અભિમાન કરવો નહિ; કારણ કે સજ્જનો તેમાં આનંદ પામતા નથી. તેણે બીજા કરતાં પોતાની જાતને ઉત્તમ ગણવી નહિ.

જેમ સમુદ્રના મધ્ય ભાગમાં (ગંભીરતા--ઉંડાણને લીધે) કલ્લોલ ઉત્પન્ન થતા નથી, પણ તે ભાગ તો શાંત જ હોય છે, તેમ 'ભિક્ષુ'એ ઇચ્છારહિત

અને શાંત થવું. તેણે ચક્ષુથી વિવિધરૂપ આકૃતિઓ જોવાને લોભી ન થવું; તેણે દેશવિદેશની વાતોથી કાન દૂર રાખવા; તેણે મિષ્ટાન્નની લાલસા ન રાખવી; તેણે જગતમાં કોઇ ચીજની ઇચ્છા ન રાખવી; જ્યારે તે રોગગ્રસ્ત થાય ત્યારે તે ભિક્ષુએ દીલગીર ન થવું; ભયથી તેણે કંપવું નહિ; તેણે 'ધ્યાની' થવું પણ પરછિદ્ર જોવાં નહિ; તેણે આલસુ થવું નહિ; તેણે વધારે ઉંઘવું નહિ; તેણે સ્વપ્નનો અને શુકનનો ભાવ સમજાવવો નહિ; તેમજ જ્યોતિષ જોવું નહિ; વળી તેણે પક્ષીઓના નાદનો અર્થ કરવો નહિ; બહુબોલા શ્રમણ પાસેથી ભૂંડી વાતો સાંભળીને તેણે ક્રોધી ન થવું; તેમજ અપ્રિય શબ્દ બોલવા નહિ. કારણ કે 'સજ્જનો' તિરસ્કાર કરતા નથી.

## પુરતક સૂત્ર.

જેવી રીતે સોની રૂપામાં રહેલી અપવિત્ર ચીજો દૂર કરે છે તેવી રીતે સુજ્ઞ પુરૂષે આત્મામાં રહેલી અશુદ્ધિ એક પછી એક ધીમે ધીમે દુર કરવી.

લોઢામાંથી ઉત્પન્ન થનારી અશુદ્ધિ, જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે, તેનો નાશ કરે છે. તે જ રીતે ધર્મનું ઉલ્લંઘન કરનારા મનુષ્યનાં કાર્યો (પાપ) તેને અસદ્ માર્ગે લેઇ જાય છે.

બીજાના દોષ જોવા સહેલ છે, પણ પોતાના દોષ જોવા મુસ્કેલ છે. મનુષ્ય પરના દોષ ફોતરાની માફક ઝાટકી નાખે છે; પણ રમનારથી ખોટો પાસો સંતાડનાર ઠગની માફક પોતાના દોષ ઢાંકે છે.

જે મનુષ્ય બીજાના દોષ પ્રતિ દૃષ્ટિ રાખે છે, અને સહેજસાજ વાતમાં માઠું લગાડે છે તેના વિકારો વૃદ્ધિ પામશે, અને તે પોતાના વિકારોનો વિનાશ કરી શકશે નહિ.

દુષ્ટ કર્મ કરનારા તેમજ નીચ પુરૂષોને મિત્ર બનાવવા નહિ. સદ્ગુણી તેમજ ઉત્તમ મનુષ્યોને મિત્રની મદદ આપવી.

કુવા ખોદનારા જળ વ્હેવરાવે છે, ધનુષ્યધારીઓ તીરને સધું બનાવે છે, સુતારો લાકડાના કકડાને વાળે છે, તેમજ સુજ્ઞ પુરૂષો પોતાની જાતને બનાવે છે.

જેવી રીતે અભેદ્ય ખડક પવનથી કંપતો નથી તેવી જ રીતે સુજ્ઞ પુરૂષો નિંદા કે પ્રસંશાનો પ્રસંગ પ્રાપ્ત થતાં નીતિ માર્ગથી ચૂકતા નથી.

સજ્જનો સર્વ સંયોગોમાં સાવધાન રહે છે, વિષયતૃપ્તિની લાલસાથી

બોલતા નથી, સુખમાં હોય અથવા દિલગીરીમાં હોય તો પણ ફુલાઈ જતા નથી તેમજ ઉત્સાહભંગ થતા નથી.

**ધમ્મપદ.**

(ગૌતમ બુદ્ધના છેલ્લા વ્યાખ્યાનમાં નીચલો ફકરો માલૂમ પડે છે. તે ફકરો "Work out your salvation" આ વાક્યનું વધારે સ્પષ્ટીકરણ છે.)

હે **આનન્દ** ! જે મનુષ્ય હમણાં અથવા મારા મરણ પછી પોતાની જાતનો જ દીપ અને આશ્રય રૂપ થશે, બીજાના આશ્રય વાસ્તે આધાર રાખશે નહિ પણ સત્યને દીપ તથા આશ્રય રૂપ દૃઢ રીતે ગણીને પોતાના પંડ સિવાય બીજા કોઇ ઉપર આશ્રય વાસ્તે આધાર રાખશે નહિ તે 'ભિક્ષુ' જ, ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરશે. પણ તેને વાસ્તે તેઓએ **શીખવાની** અભિલાષા બતાવવી જોઇએ.

# कर्म.

મનુષ્યે કરેલા શુભ અને અશુભ કાર્યમાંનું કોઇ પણ અનુપયોગી નથી; કારણ કે તે સઘળાને કોઇક પ્રકારનાં ફળ આવે છે. આપણાં શુભ અને અશુભ કાર્યો છાયાની પેઠે આપણને અનુસરે છે.

Fo-sho-hign-tas-king.

વ્યોમમાં, સમુદ્રના મધ્ય ભાગે, પર્વતોના ખડકોમાં, સકળ જગતમાં એવું એક પણ સ્થાન નથી કે જ્યાં જવાથી મનુષ્ય પોતાના **કાર્યના ફળથી** મુક્ત થઇ શકે.

જેના હાથમાં ઘા વાગ્યો નથી તેને ઝેરનો સ્પર્શ અસર કરી શક્તો નથી; તે જ રીતે અશુભ કાર્ય નહિ કરનારને વાસ્તે કાંઈ પણ અશુભ નથી.

જો કોઇ અજ્ઞાની મનુષ્ય નિર્દોષ, પવિત્ર અને નિરપરાધી મનુષ્યને દુઃખ દે તો તે દુઃખ, વાયુની સામે નાખેલા ધુલના પરમાણુની માફક, તે અજ્ઞાની મનુષ્ય ઉપર જ આવી પડે છે.

**ધમ્મપદ.**

આપણા કાર્યનો નાશ નથી; તેનો નિઃસંશય બદલો મળે છે.

**કોકાલીય સૂત્ત.**

પુરૂષ યા સ્ત્રીએ, જ્ઞાનથી, ધાર્મિક વૃત્તિથી, અને આત્મસંયમથી, પવિત્ર દેવાલયમાં, બુદ્ધધર્મી સંઘમાં, અમુક વ્યક્તિમાં, પાંથમાં, તેના પિતામાં, તેની માતામાં અથવા જ્યેષ્ઠ બંધુમાં, જે ભંડાર એકઠો કર્યો હોય તે જ ખરો છે.

આ ગુપ્ત ભંડાર ચોકસ છે; તે જતો રહેતો નથી. અને જો કે આ સંસારના ક્ષણવિનશ્વર ધનનો ત્યાગ કરે છે તો પણ તે મનુષ્ય આ ભંડારને સાથે લેતો તો જાય છે.

મનના વિચારે આપણને બનાવ્યા છે. આપણી હાલની **સ્થિતિ** આપણા **વિચાર**નું કાર્ય અને પરિણામ છે. જો મનુષ્ય હૃદયમાં અશુભ વિચાર રાખે તો બળદની પાછળ આવનાર ચક્રની માફક દુઃખ તેના પર આવી પડે છે.

આપણી હાલની **સ્થિતિ** આપણા **વિચાર** અને ઈચ્છાને લીધે છે. આપણા વિચારો આપણને બનાવે છે. જો મનુષ્ય હૃદયમાં પવિત્ર વિચાર રાખે તો તેની પોતાની છાયાની પેઠે આનંદ નક્કી તેને અનુસરે છે.

ધમ્મપદ.

જે ભંડાર બીજાનું ભૂડું કરતો નથી, અને જેની ચોર ચોરી કરી શકતો નથી તેવો ભંડાર મેળવવો હોય તો સુજ્ઞ પુરૂષે શુભ કાર્ય કરવાં, એટલે ભંડાર એની મેળે જ આવી જશે.

નિધિકંદ સૂત્ત.

જેમ જીવતા વૃક્ષને મૂળ સહિત ઉખેડી નહિ નાંખતાં ફક્ત ઉપરથી કાપવામાં આવે છે તો ફરીથી તે વૃક્ષ ઉગી નીકળે છે, તે જ રીતે જો વિષયાભિરૂચીનો જરા પણ ભાગ ઉન્મૂલ કર્યા સિવાયનો રહ્યો હોય તો તે મનુષ્યને ફરી ફરીને જન્મ લેઇ દુઃખ ભોગવવાં પડશે.

ઉદાનવર્ગ.

જે મનુષ્ય અધર્મ પર પ્રીતિ રાખે છે તે દૌર્ભાગ્યને આમંત્રણ આપે છે. દૌર્ભાગ્ય તો તેના શબ્દના પ્રતિધ્વનિ રૂપ છે.

જે મનુષ્ય શુભાચરણ કરે છે તે સુખ પામે છે. સુખ તેવા મનુષ્યની પાછળ છાયાની માફક અનુસરે છે.

# सत्य वाणी.

બુદ્ધના ઉપદેશ પ્રમાણે વાણીના ચાર ગુણો નીચે પ્રમાણે હોવા જોઇએઃ—

(૧) તે વાણી **સારી રીતે** બોલાવી જોઇએ.
(૨) તે અન્યાયયુક્ત નહિ પણ **ન્યાયયુક્ત** હોવી જોઇએ.
(૩) તે અપ્રિય નહિ પણ **પ્રિય** હોવી જોઇએ.
(૪) તે અસત્ય નહિ પણ **સત્ય** હોવી જોઇએ.

હૃદયને **અનુપયોગી** એકસો શ્લોકનો ઉચ્ચાર કરવા કરતાં મનુષ્યે શાંતિ આપે તેવા જ્ઞાનનો એક **શબ્દ** બોલવો વધારે ઉત્તમ છે.

મનુષ્ય જન્મે છે ત્યારે મુખમાં કુહાડી સહિત જન્મે છે; અને તે કુહાડી વતી, ખરાબ શબ્દ બોલીને, મનુષ્ય પોતાનો જ નાશ કરે છે.

**કોકાલીયસૂત્ત.**

જે વાણી પોતાને પશ્ચાતાપ ઉપજાવતી નથી, તેમજ બીજાને કાંઇ પણ ઇજા કરતી નથી, તેવી વાણીનો બોલનાર જ 'સારૂં' બોલે છે.

મનુષ્યે પ્રિય વચન બોલવાં જોઇએ, જેનો ઉચ્ચાર થતાં બીજાં મનુષ્યો આનંદ પામે, ખુશીથી તેનો સ્વીકાર કરે અને તે વચનનો અનાદર ન કરે.

સત્ય બોલવું તે અમૃત તુલ્ય છે. સત્ય અનુપમ છે. સત્ય, ન્યાયયુક્ત તેમજ શુભ વસ્તુને વળગી રહે છે. આ પ્રમાણે સુજ્ઞ પુરૂષો જણાવે છે.

# मतांतरो अने धर्मानुयायीओ.

જે મનુષ્ય તત્વજ્ઞાનની **એક** વિચારશ્રેણીને વળગી રહીને જણાવે છે કે **આ** ઉત્તમોત્તમ છે, અને તેને સૌથી શ્રેષ્ઠ ગણી તેનાથી ભિન્ન એવી દરેક વિચારપદ્ધત્તિને હલકી ગણે છે, તે મનુષ્યે હજુ વાદવિવાદની વૃત્તિ ઉપર જય મેળવ્યો નથી.

તેવો મનુષ્ય, જોયેલી અથવા સાંભળેલી કોઇ એકાદ વસ્તુથી પોતાને લાભ થયેલો હોવાથી, તેને વળગી રહીને બીજી સર્વ વસ્તુઓને અયોગ્ય ગણે છે.

જે વસ્તુને કોઇ માણસ વળગી રહી બીજી સર્વ વસ્તુઓને અશુભ ગણે છે તે વસ્તુને સુજ્ઞ પુરૂષો, 'બંધન' રૂપ ગણે છે. તેટલા માટે 'ભિક્ષુ'એ જોયેલા,

સાંભળેલા, વિચારેલા વિષય અથવા સદ્દગુણ અને સત્કાર્યને પણ આધીન થવું નહિ.

પોતે જે જોયું છે, સાંભળ્યું છે, વિચાર્યું છે તેને વિષે જેના મનમાં જરા પણ પક્ષપાતયુક્ત વિચાર નથી તેવા 'બ્રાહ્મણ'ના વિચારને કેવી રીતે કોઇ પણ મનુષ્ય બદલી શકનાર છે?

પરમથ્થક સૂત્ત.

÷ બીજા પંથો ઉપર આક્ષેપ કરવો નહિ, તેમજ નિષ્કારણ તે પંથોની અપ્રતિષ્ઠા કરવી નહિ. પણ તેથી ઉલટું જે જે કારણોને લીધે માન આપવું ઘટતું હોય તે તે કારણો સારૂ બીજા પંથને માન આપવું; આ રીતે વર્તવાથી બન્ને ધર્મને લાભ થાય છે. પોતાના ધર્મની ઉન્નતિ થાય છે. અને બીજા ધર્મને ફાયદો થાય છે. આથી જુદી રીતે વર્તવાથી—બીજાને હેરાન કરવાથી પોતાનો જ પંથ નાશ પામે છે.

અશોકનો શિલાલેખ ૧૨.

દુરાગ્રહી વિચારો પ્રમાણે ચાલનાર, અને તેને મળેલા ઉપદેશમાં જ સત્ય રહેલું છે, પવિત્રતા તેમાં જ છે, એમ કથન કરનાર મનુષ્ય પવિત્રતાનો માર્ગ બતાવી શકે નહિ.

પણ સંસાર બંધનથી છુટો થયેલો મુનિ વારંવાર ઉઠતા પ્રશ્નોના વાદવિવાદમાં કોઇનો પક્ષ લેતો નથી; તેના પ્રથમના વિકારોને ત્યાગ કરીને, નવા વિકારોને ગ્રહણ નહિ કરીને, સ્વેચ્છાનુસાર નહિ ભટકીને, સ્વમતાભિમાની નહિ હોવાથી, તત્વજ્ઞાન સંબંધી જુદા જુદા મતોની જાળમાંથી મુક્ત થાય છે. અને સુજ્ઞ હોવાથી તે જગતને વળગી રહેતો નથી, તેમજ આત્માને નિંદતો નથી.

મહાવિયહ સૂત્ત.

હે ભાઇઓ! જેઓ આપણા મતના નથી તેઓ કદાપિ મારી, મારા ધર્મની, અથવા મારા સંઘની નિંદા કરે તો પણ તમારે ક્રોધ કરવાને કાંઇ પણ કારણ નથી.

બ્રહ્મજાળ સૂત્ત.

---

÷ રહાઇસ ડેવીડ્સ, અશોકના લેખના ભાષાંતર સાથે નીચેનો ફકરો લખે છેઃ—"બુદ્ધ ધર્મના આટલા લાંબા વખતના ઇતિહાસમાં, જે જે દેશોમાં ઘણા લાંબા કાળ સુધી બુદ્ધો સર્વોત્કૃષ્ટ સત્તા ભોગવતા હતા ત્યાં, બુદ્ધોએ પરધર્માનુયાયીઓને હેરાન કર્યા હોય એવો એક પણ લેખ મળી આવતો નથી."

જો બીજા મનુષ્યો સન્માર્ગે ન ચાલતા હોય તો આપણે તેમને સદ્વર્તનથી સંતુષ્ટ કરવા. આ રીતે સન્માર્ગનો લાભ બતાવીને, આપણે ધર્મની દરેક ઠેકાણે ઉંડી છાપ પાડી શકીએ અને તેને ચિરકાલ સ્થાયી બનાવી શકીએ.

# સુહૃદ્ અને મિત્ર.

ખરાબ મનુષ્યો સાથેની મિત્રતા ટકતી નથી, અને નબળા હૃદયના મનુષ્યની સંપત્તિ માફક નાશ પામતી જાય છે. કેવળ સજ્જનો જ મિત્રતાનાં નવાં કાર્ય કરીને તેઓના વડિલોની મિત્રતામાં વૃદ્ધિ કરે છે.

જે મિત્રો વિપત્તિ કાળમાં પણ પોતાના મિત્રો તરફ વફાદાર રહે છે તેમને જ હું ખરા સુહૃદ્ તરીકે મારા હૃદયમાં ગણુંછું. કારણ કે વૈભવવાળા મનુષ્યનો, સંપત્તિ સમયે, કોણ મિત્ર નથી ?

માટે જે મનુષ્યો આ જગતમાં ધન પ્રાપ્ત કરીને પોતાના મિત્રો તથા ધર્મ ખાતર તેનો વ્યય કરે છે, તેઓનુંજ ધન ખરેખર સ્થાયી છે. અને જ્યારે તે ધન નાશ પામે છે ત્યારે અંતે કોઇ પણ પ્રકારનું દુઃખ ઉત્પન્ન કરતું નથી.

**અશ્વઘોષનું બુદ્ધ ચરિત.**

ટુંકમા હું તમને મિત્રનાં લક્ષણ નીચે પ્રમાણે જણાવીશઃ-

જ્યારે તમે ખોટું કરતા હો ત્યારે તે તમને ચેતવણી આપે.

જ્યારે તમે શુભ કાર્ય કરતા હો ત્યારે ખંતથી મંડયા રહેવાને ઉપદેશ આપે.

જ્યારે તમે સંકટમાં અથવા ભયમાં હો ત્યારે તમને મદદ કરે, આશ્વાસન આપે અને દુઃખથી મુક્ત કરે. આવો મનુષ્ય ખરેખર ખરો અને અનુકરણ કરવા લાયક મિત્ર છે.

જો મનુષ્યને નિશ્ચળ અને પવિત્ર સુજ્ઞ મિત્ર મળી આવે તો તેણે પોતાના સ્વભાવને શુદ્ધ બનાવીને વિચારપૂર્વક અને હર્ષસહિત તેની મિત્રતા કરવી.

પોતાના જીવન માર્ગ પ્રમાણે વર્તતો જો કોઇ પણ સુજ્ઞ મિત્ર ન મળી આવે તો તેણે દ્રઢ રીતે એકાંત માર્ગ ગ્રહણ કરવો–પણ મૂર્ખની મિત્રતા કરવી નહિ.

જે અપવિત્ર મનુષ્યની સોબત કરે છે તેને દુષ્ટતાનો પાસ બેસે છે. જે દુષ્ટની સોબત કરે છે તેને ભૂમિપર નીચે જોવું પડે છે.(અર્થાત્ શરમાવું પડે છે) સારા મનુષ્યોની મિત્રતા તેને ધર્મિષ્ઠ (ન્યાયી) બનાવે છે. તેટલા માટે જેના સાંનિધ્યથી તમે ઉન્નતિ પામોછો તેને જ વળગી રહો.

જે અપવિત્ર મનુષ્યની મિત્રતા કરે છે તે કોહેલી માછલી જેમાં મુકેલી છે, તેવા મધુર કુશ ઘાસ તુલ્ય છે. કુશ ઘાસ પણ અપવિત્ર બને છે.

જેવા મનુષ્યના મિત્ર હશે અને જેવી તેની ઉચ્ચ ભાવના હશે, તેવા તમે થોડા સમયમાં થશો. માટે મિત્રની પસંદગીમાં ડહાપણ વાપરો. શ્રદ્ધારહિત મનુષ્ય સાથે મિત્રતા બાંધવી નહિ; કારણ કે એક સુકાયેલો કુવો, કે જે ખોદવામાં આવે ત્યારે ફક્ત કાદવવાળું પાણી જ આપે છે તે કુવા જેવો તે મનુષ્ય છે.

પણ સુજ્ઞ પુરૂષે શ્રદ્ધાવંત પુરૂષો સાથે મિત્રતા બાંધવી; કારણ કે તેઓ વિશાળ અને નિર્મળ ઝરા અથવા ઠંડા અને શાંત સરોવર સરખા છે.

મુનિને પણ બીજા મનુષ્યના રાગ અને દ્વેષથી અસર થાય છે.

તેટલા માટે અશ્રદ્ધાળુ સાથે વ્યવહાર રાખવો નહિ; પણ ફક્ત શ્રદ્ધાવંત સાથે મિત્રતા બાંધવી.

## मूर्ख अने तेनी मूर्खता.

જાગતા પુરૂષને રાત્રિ લાંબી જણાય છે; થાકેલાને ગાઉ લાંબા જણાય છે; તેજ પ્રમાણે સદ્નિયમ નહિ જાણનાર મૂર્ખને જીવન લાંબુ ( કંટાળા ભરેલું ) લાગે છે.

જો પાંથ જનને માર્ગમાં તેનાથી ઉત્તમ અથવા તેના સરખો મનુષ્ય ન મળે તો તેણે દૃઢ રીતે નિર્જન માર્ગમાં મુસાફરી કરવી, પણ મૂર્ખની સાથે મિત્રતા કરવી નહિ. "આ પુત્રો મારા છે, આ ધન મારૂં છે" આવા આવા વિચારથી મૂર્ખ દુઃખી થાય છે. તે પોતાની જાતનો જ માલીક નથી તો પછી પુત્ર અને ધનની તો વાત જ શી કરવી?

જે મનુષ્ય પોતાની મૂર્ખતા સમજે છે તેટલે અંશે તે ડાહ્યો છે. પણ જે પોતાને ડાહ્યો જ ગણે છે તે ખરેખર મૂર્ખ કહેવાય છે. 'દુર્ગુણ

મારી સમીપ આવશે નહિ ' આવું ધારી મનુષ્યે દુર્ગુણ વિષે બેદરકાર રહેવું નહિ. ટીપે ટીપે સરોવર ભરાય છે. જો નાના નાના દુર્ગુણ ગ્રહણ કરે તો મૂર્ખ આખરે દુર્ગુણોથી ભરાઇ જાય છે.

પર્વતની ઉંડી ફાટ અને ચીરામાંના જળ ઉપરથી દૃષ્ટાંત લ્યો. થોડું પાણી ખળખળાટ કરતું વહ્યા કરે છે. પણ મહાન સમુદ્ર શાંતપણે વહે છે. ખાલી ચણો વાગે ઘણો ( જે અપૂર્ણ છે તે બહુ ધાંધલ કરે છે.) પણ પૂર્ણ વસ્તુ શાંત હોય છે. મૂર્ખ માણસ અધુરા ઘડા સરખો છે. પણ સુજ્ઞ પુરૂષ સંપૂર્ણ ભરેલા સરોવર તુલ્ય છે.

# વિવિધ વચનો.

સર્વ સંયોગોમાં સર્વ મનુષ્યો ભણી ઉદારતા, સભ્યતા, પરોપકાર અને નિઃસ્વાર્થતા દાખવવી; આ ગુણો ચાલતા રથને પૈડાની ખીલી માફક, જગતને ઉપયોગી છે. સીગૂલોવાદ.

જીંદગી છે ત્યાં સુધી ધન ને મીલ્કત છે. પણ શરીર નાશ પામે છે. ત્યારે તેની સાથે સર્વ મીલ્કત નકામી થાય છે. જ્ઞાન તે દશ હજાર જમાના સુધી ચાલે તેટલી મીલ્કત છે. સુજ્ઞ પુરૂષની જીંદગી પછી પણ તેના જ્ઞાનની કાર્તિ અમર રહે છે.

જો રત્નને ઓપ ચડાવવામાં ન આવે તો તેનામાં તેજ આવશે નહિ અને તેજ વગરનું રત્ન નિરૂપયોગી પત્થર સરખું છે.

જો મનુષ્ય અભ્યાસ ન કરે તો તેને જ્ઞાન મળશે નહિ; અને જે મનુષ્યમાં જ્ઞાન નથી તે મૂર્ખ છે.

કોઠારમાં ભરી મુકેલા ખજાનાનો નાશ થાય છે; પણ મનમાં સંગ્રહેલો ખજાનો નાશ પામતો નથી. કોઇ પણ વસ્તુના ખજાના લાંબા વખત સુધી ચાલતા નથી માટે જ્ઞાનને જ તારા ખજાના રૂપ જાણ.

# बुद्ध लोकनी उच्च भावनाओ.

મૂર્ખની સેવા કરવી નહિ પણ સુજ્ઞની સેવા કરવી. પૂજ્ય પુરૂષોને માન આપવું. આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

રમણીય ભૂમિમાં વાસ, પૂર્વ જન્મમાં કરેલાં સુકૃત્ય, અને શુભ ઇચ્છાઓથી પૂર્ણ આત્મા—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

અતિશય જ્ઞાન અને કેળવણી, આત્મસંયમ, સારી રીતે કેળવાયેલું મન, સારી રીતે બોલેલાં પ્રિય વાક્યો—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

દાન આપવું તે, ન્યાયયુક્ત વર્તન, અનિંદ્ય આચાર—આ સર્વ તથા પાપ પ્રતિ તિરસ્કાર, પાપવિરમણ, માદ્ય વસ્તુનો નિષેધ, સતકાર્યમાં ઉત્સાહ—આ સર્વ સુખનાં ઉતમ સાધનો છે.

પૂજ્યભાવ, નમ્રતા, સંતોષ, આભાર અને યોગ્ય ઋતુમાં ધર્મ ( નિયમ ) નું શ્રવણ—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

સહનશીલતા, સૌમ્યતા, શાંત પુરૂષોની મિત્રતા અને યોગ્ય ઋતુમાં ધર્મકથા-આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

આત્મનિગ્રહ, પવિત્રતા, મહાન સત્યોનું જ્ઞાન, અને નિર્વાણનો અનુભવ,-આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

જેનો આત્મા જીવનના ફેરફારના સપાટામાં નિશ્ચલ, નિર્વિકારી, દિલગીરી રહિત અને સ્વસ્થ રહે છે. તે સર્વ સુખનાં ઉત્તમ સાધનો પામ્યો છે.

આ પ્રમાણે વર્તનાર મનુષ્ય દરેક બાજુએ અજીત થાય છે. દરેક બાજુએ તે નિર્ભયતાથી વિચરે છે. આ સર્વ સુખનાં ઉત્તમ સાધન છે.

# सद्धर्मनां सात रत्नो.

**(૧) સંપૂર્ણ જીવનનું રત્ન**—'ભિક્ષુકો' સર્વગુણ સમ્પન્ન જીવન ગાળવાનો ઉપદેશ ગ્રહણ કરે છે અને **પવિત્રતાનું** રત્ન ધારણ કરે છે.

**(૨) સંપૂર્ણ શાંતતાનું રત્ન**--હે ભિક્ષુકો ! પવિત્ર વિચારની ભૂમિકા પર તમારૂં મન એકાગ્ર કરો, અને સંપૂર્ણ શાંતતાનું રત્ન ધારણ કરીને જન્મ મરણના ચક્ર સાથે મનને બાંધનાર શૃંખલાનો નાશ કરો.

**(૩) પવિત્ર જ્ઞાનનું રત્ન**--હે ભિક્ષુકો ! તમારી બુદ્ધિનો ઉપયોગ કરો, અને જીવાત્માનું આ સૃષ્ટિમાં અ-

સ્તિત્વ હોવાનું કારણ શોધી કાઢો. પવિત્ર-જ્ઞાનનું રત્ન ધારણ કરીને તમારી જાતને જન્મ અને પુનર્જન્મના કેદખાનામાંથી છુટી કરો.

**(૪) શાશ્વત આનંદનું રત્ન**—હે ભિક્ષુકો ! જે રત્નથી અમિતને ઉત્કૃષ્ટ સુખની સ્થિતિ ભોગવવાની શક્તિ મળે છે તે રત્ન મેળવવાને તમે ઉદ્યમ કરો, મુક્ત થયેલા અર્હતો આ રત્ન ધારણ કરીને જીવતાં પણ શાશ્વત આનંદ ભોગવેછે.

**(૫) ઇંદ્રિયાતીત જ્ઞાન રત્ન**—હે ભિક્ષુકો ! જેથી કુદરતના નિયમોના કાર્યમાં પ્રવેશ મળે તેવું જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરો.

**(૬) સંપૂર્ણ નિર્ભયતાનું રત્ન**—હે ભિક્ષુકો ! જે ભિક્ષુક ચાર યતિ સંભિદમાં * નિપુણ છે તે સંપૂર્ણ રીતે ભયથી મુક્ત છે. તે ભિક્ષુક કવચ ધારણ કરેલા યોદ્ધાની માફક નિર્ભયતાથી બુદ્ધિના મેદાનમાં પ્રવેશ કરે છે.

**(૭) સાત સર્વોત્કૃષ્ટ સદ્ગુણોના સંપૂર્ણ પ્રબોધનું રત્ન**—હે ભિક્ષુકો ! આ સાત રત્નના હારને ધારણ કરનાર પુરૂષ મનુષ્યને તેમજ દેવતાઓને પૂજ્ય છે.

## पांच नैतिक शक्तिओ.

શિષ્યોએ મેળવવા લાયક પાંચ નૈતિક શક્તિઓ:—

(૧) આત્મનિષ્ઠા અને આત્મશ્રદ્ધા (૨) ઉત્સાહ (૩) મનની બારીક તપાસ (આત્મનિરીક્ષણ) (૪) વિચારોની એકાગ્રતા (સમાધિ) (૫) જ્ઞાનપ્રાપ્તિ.

## चार संपादन अथवा प्रयत्नो.

(૧) ઉગતા પાપને અટકાવવાનો પ્રયત્ન.

---

* અર્હતોએ પ્રાપ્ત કરેલા જ્ઞાન અને નિરીક્ષણની શક્તિઓ સંબંધીનો બુદ્ધ ધર્મના સિદ્ધાન્તનો ભાગ.

(૨) ઉત્પન્ન થયેલા પાપને દૂર કરવાનો પ્રયત્ન.

(૩) પ્રકટ નહિ થયેલા શુભ કાર્યને પ્રકટ કરવાનો પ્રયત્ન.

(૪) અસ્તિત્વ ધરાવતા શુભ કાર્યમાં વૃદ્ધિ કરવાનો પ્રયત્ન.

## धर्म विषे.

જેમ ખરાબ રીતે સંચાયેલા છાપરામાં વરસાદ જોરથી રસ્તો કરે છે, તેવી જ રીતે પવિત્ર વિચારોને ધિક્કારનારાના મનમાં મનોવિકારો માર્ગ પ્રાપ્ત કરે છે. અને જેમ સારી રીતે સંચાયેલા છાપરાથી વરસાદ સરી જાય છે તેમ સુજ્ઞ પુરૂષોથી વિકારો દૂર નાસે છે. જે નિયમ રહિત મનુષ્ય ધર્મને માનતો નથી પણ ફક્ત પાના પછી પાના ઉકેલે છે અને એક પછી એક શ્લોકનો ઉચ્ચાર કરે છે તે બુદ્ધ ધર્મ પાળનાર નથી પણ બીજાની ગાયો ગણનાર મૂર્ખ ગોવાળ છે. નિયમાનુયાયી, અને પ્રેમાળ મનુષ્ય જે ફક્ત ધર્મનો એક શ્લોક જાણે છે, પણ ઇર્ષ્યા દ્વેષ-દ્રોહ અને અજ્ઞાનથી મુક્ત છે તે જ બુદ્ધ ધર્મનો યતિ છે.

## बुद्धधर्मना फेलावा विषे.

પોતાના સાઠ શિષ્યોને દેશોદેશ ઉપદેશ આપવા મોકલતા પહેલાં ગૌતમબુદ્ધે આપેલો ઉપદેશઃ—" હે ભિક્ષુકો ! તમે હવે જાઓ અને ઘણાના લાભને સારૂ, ઘણાના કલ્યાણને સારૂ, જગત ભણીની દયાને ખાતર, દેવતાઓ અને મનુષ્યના લાભ અને કલ્યાણને સારૂ દેશોદેશ વિચરો. હે ભિક્ષુકો ! આ કીર્તિમંત સિદ્ધાન્તનો ઉપદેશ કરો. પરમ પવિત્ર, શુદ્ધ અને ઉત્કૃષ્ટ જીંદગી ગાળવાનું લોકોને શિખવો. ઘણાએ પુરૂષો એવા છે કે જેમનાં જ્ઞાનચક્ષુ ભાગ્યે જ ધૂળથી ઢંકાયાં હોય, પણ જો તેમને ઉપદેશ દેવામાં ન આવે તો તેમનું રક્ષણ કરનારૂં ઉત્તમ જ્ઞાન તેઓ મેળવી શકે નહિ એવા છે. તેઓ સિદ્ધાંતને સમજશે. હું પણ તે સિદ્ધાંતોનો ઉપદેશ કરવાને વિચરૂંછું."

# જૈનહિતેચ્છુ

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું] જુલાઇ ૧૯૧૧. [અંક ૭


## "ત્હમે હમણાં શું કામ કરો છો?"

### હું એકડા ઉપર મીંડાં ચ્હડાવવાનું કામ કરૂં છું!

રાજકોટમાં કવિનો અખાડો જોવા માટે હું ગયો હતો; કારણકે કવિના અખાડા માટે મ્હેં ઘણીએક જાણવા જેવી વાતો સાંભળી હતી; અને એ અખાડો જોયા પછી મ્હને એમ પણ લાગ્યું કે એ અખાડો તે અખાડો જ છે; અને એવા અખાડા દરેક ગૃહસ્થોને ત્હાં ઠેકાણે ઠેકાણે પ્રસંગોપાત થવાની જરૂર છે. એ જાતના વિચાર કરતો કરતો ટ્રેનમાં બેસીને હું મુંબઇ જતો હતો, ત્હારે રસ્તામાં અમારા ડબામાં એક બહુ વાતુડો મુસાફર મળ્યો. તે ત્હાં બેઠેલા લોકો આગળ અનેક જાતની જાણવા જેવી નવી નવી વાતો કરતો હતો, એટલું જ નહિ પણ તે જે વાતો કરતો હતો ત્હેમાં કંઇક સંગીનપણું હતું, કંઇક ભભક હતી, ભાષામાં કંઇક ખુબી હતી અને કહેવામાં કંઇક ચતુરાઇ હતી. તેણે ધર્મ સંબંધી ઉદાર વિચારોની વાતો કહી. હિંદુ મુસલમાન વચ્ચે સંપ કેમ થાય ત્હેની વાતો કહી. રાજ્ય તરફ લોકોનો ભક્તિભાવ કેમ થાય તે હકીકત સમજાવી. દેશી રાજ્યોનાં અંધેરની અને તેમ છતાં પણ એ અંધેરમાં કાંઇક કાંઇક સુધારા થતા જાય છે ત્હેની વાતો કહી. આફ્રિકામાં તથા આસ્ટ્રેલિયામાં આપણા દેશના લોકો ઉપર કેવો જુલમ ગુજરે છે અને તેમ છતાં ત્હાંના લોકો અહીં આવીને કેટલા બધા હકો ભોગવે છે ત્હેની વાતો કહી. કઇ જાતના હુન્નરોથી દેશને ફાયદો થાય અને ટુંકી મુડીમાં કઇ જાતના હુન્નરો ખીલવી શકાય ત્હેની વાતો કહી. યુરોપીયન લોકો જંગલીપણામાંથી

કેમ આગળ વધી શક્યા હેની વાતો કહી. અમેરિકાના લોકો એક થોડાક કર નહિ ભરવાની ખાતર કેમ સ્વતંત્ર થઈ શક્યા હેની વાતો કહી. અસલના વખતમાં આપણા લોકો કેવા બહાદુર હતા ને હાલમાં કેવા નમાલા થઇ ગયા છે હેની વાતો દાખલા દલીલો સાથે કહી. જાપાનનો ઉદય કેમ થયો તે હકીકત કહી. યુરોપીયન લોકોના રીતરીવાજોની જાણવા જેવી હકીકત કહી. પેરીસના અને ન્યુયૉર્કના પ્રદર્શનની વાતો કહી દોરડાવિના તાર કેમ ચાલે છે તથા 'ઍક્સ રે' કિરણો અને રેડીયમની શોધ કેમ થઇ હેની વાતો કહી. યુરોપના લશ્કરી બળની તથા સુલેહ રાખવા માટે હેગની સભા કેટલું બધું કામકાજ કરે છે હેની વાતો કહી. નેહેરોના કાયદા સમજાવ્યા. ગરીબ વર્ગના ઉતરતી કોમના લોકોને મદદ કરવાની વાતો કહી, અને સંસારસુધારાની ઘણીએ જાણવા જેવી વાતો તેણે કહી. અઢાર કલાકની અંદર આ પ્રમાણે તેણે અનેક પ્રકારની વાતો કરી. એ સાંભળીને હું બહુ અજબ થયો અને મ્હને એમ લાગ્યું કે આવા મેલાઘેલા જેવા દેખાતા માણસમાં આટલું બધું જ્ઞાન ક્યહાંથી ? મ્હને એમ લાગવાનું કારણ એ કે જે માણસ આટલી બધી તદ્દન સાદી સહેલી અને તેમ છતાં સુંદર લાગે તેવી તથા જેમાં કાંઇક રહસ્ય સમાએલું હોય તેવી ઉંચી વાતો કરતો હતો તે તદ્દન સાદા દેખાવનો, સાધારણ મેલાં કપડાંવાળો અને થર્ડ કલાસમાં મુસાફરી કરનારો અડધા ગામડીઆં જેવો લાગતો હતો. તેવો માણસ આટલી બધી વાતો કહી શકે, અને તે પણ વળી સાવ કામચલાઉ નહિ પણ ઉંચી જાતની અને હેની સાથે પોતાના અનુભવની કાંઇક કુંચીઓ પણ બતાવતો જાય, કાંઇક ટકોર પણ કરી લે, કાંઇક સખત ભાષામાં જરા આકરા લાગે તેવા શબ્દો પણ બોલી નાંખે, વળી પાછા હસાવી પણ દે અને સૌ લોકો હેની વાતો સાંભળવા માટે આતુર રહે, એ જોઇને મ્હને જરા અજાયબી લાગી કે આવા સાદા દેખાવના માણસમાં અને આવા મેલાં કપડામાં આવી મજેની વાતો ક્યહાંથી? અને હેની સાથે મ્હને એમ પણ લાગ્યું કે, ઘણે ઠેકાણે શ્રીમંતોમાં ઘણા સુંદર ચહેરા મોરા હોય છે, ઘણા સુંદર અલંકારો હોય છે, અને નવી નવી ફૅશનનાં કપડાંના ઠાઠમાઠ તથા સેંટ અને અત્તરની સુગંધીઓ અને ઘણી જાતના વૈભવો હોય છે; પણ તેઓના મોઢામાંથી એવી મલીન વાતો નીકળે છે કે સાંભળીને કોઇ પણ સારા માણસને મનમાંથી ત્રાસ લાગ્યા વિના રહે નહિ. અને આપણા દેશમાં આવી જાતના મ્હોટા ગણાતા

લોકોમાં જ રહેવાના મ્હને સંજોગો હતા, તેથી તેઓની એવી કમનશીબ સ્થિતિ જોઇને મ્હને દિલગીરી લાગી **અને સુંદર કપડાંમાં ગલીચીપણું** ભરેલું હોય તે કરતાં મેલાં કપડાંમાં આવું જ્ઞાન હોય તે કેવું સારૂં, એમ મ્હને ખરા દીલથી લાગી આવ્યું; તેથી આ અજબ શક્તિના ઉતારૂની ઓળખાણ કરવા મ્હને ઇચ્છા થઇ. મ્હેં ત્હેને પૂછ્યું: "ત્હમે શું કામ કરો છો ?" તેણે કહ્યું: "**હું એકડા ઉપર મીંડાં ચ્હડાવવાનું કામ કરૂં છું !**"

એ સાંભળીને હું બહુ અજબ થયો, ત્હારે તેણે કહ્યું: "સાહેબ ! એમાં અજબ શેના થાઓ છો ? હાલના વખતમાં તો આપણી પોતાની ઉન્નતિ કરવા સારૂ અને આપણા દેશને મદદ કરવા સારૂ એ જ કામ જરૂરનું છે; કારણ કે એકડો **એકલો** હોય ત્હાં સુધી ત્હેની કિમત ફક્ત **એક** જ છે, પણ જ્યહારે ત્હેની ઉપર મીંડું ચ્હડે ત્યહારે ત્હેની કિંમ્મત **દશગણી** વધી જાય છે અને તે એકલો હતો ત્હેને બદલે ત્હેની ઉપર મીંડું ચ્હડવાથી તે દશગણો બની જાયછે; માટે હું તો **એકડા ઉપર મીંડાં ચ્હડાવવાનું જ કામ કરૂં છું.**"

એ સાંભળીને મ્હેં કહ્યું: "પણ એકડા ઉપર મીંડું ચ્હડે **કેમ** ? પહેલો એકડો ક્યહાંથી લાવવો અને પછી મીંડું ક્યહાંથી લાવવું ?"

ત્યહારે તેણે કહ્યું: "સાહેબ ! એકડા તો ઠેકાણે ઠેકાણે છે. ત્હમે પણ એકડા છો અને હું પણ એકડો છું, અને આ બધા બેઠા છે ત્હેમાં પણ ઘણાએ એકડાઓ છે; તેમજ મીંડાઓની પણ પ્રમાણમાં કાંઇ ખોટ નથી. બેશક એકડા કરતાં તો ઓછાં જ છે, તોપણ જરૂર જેટલાં તો તે છે જ. આપણા લોકો જેનામાં કાંઇ માલ ન હોય અને જે કાંઇ કરી શકે નહિ ત્હેને મીંડાં કહે છે, પણ મ્હારી રીત તેથી ઉંધી છે. હું તો એમ સમજાુંછું કે જેની મદદથી કે જેના સહવાસથી કે જેની દૃષ્ટિના બળથી કે જેના આશીર્વાદના બળથી કે જેના વચનના બળથી કે જેના લખાણના બળથી આપણામાં દશગણું બળ આવી જાય, અને આપણી કિમ્મત દશગણી વધી જાય, ત્હેને હું આપણી કિમ્મત વધારનારાં મીંડાં સમજાું છું. જોકે જે નમાલા હોય અને ઉત્તમ મનુષ્ય અવતાર મળ્યા છતાં તથા સારાં સાધનો મળ્યા છતાં, અનુકુળ તકો મળ્યા છતાં અને યુરોપ, અમેરિકાની તૈયાર શોધોનો મફત લાભ મળ્યા છતાં, જે કાંઇ પણ કરી શકે નહિ તેવાં મ્હોટાં મીંડાં તો આપણા દેશમાં હજારો ને લાખો છે જ ! પણ એવાં મ્હોટાં મીંડાં સાથે હાલમાં આપણને કામ નથી; હાલમાં તો એકડાની

કિંમત વધારે ને ત્હેને દશ ગણો બનાવે, પછી સો ગણો બનાવે, પછી હજાર ગણો બનાવે, પછી દશ હજાર ગણો બનાવે, પછી લાખ ગણો બનાવે, પછી દશ લાખ ગણો બનાવે, પછી કરોડ ગણો બનાવે અને એમ ઉત્તરોત્તર દશ દશ ગણી કિમ્મત વધતી જ જાય એવાં મીંડાંઓની હું અત્યારે વાતો કરૂંછું."

આ સાંભળીને અજાયબીની સાથે મ્હને બહુ ખુશાલી લાગી; કારણકે તે માણસ જે મહાન્ કામ કરતો હતો ત્હેનું રહસ્ય મ્હારા ધ્યાનમાં આવી ગયું, તેથી એ માણસ માટે મ્હને બહુ માન ઉત્પન્ન થયું, એટલે બહુ જીજ્ઞાસાથી ને પ્રેમની લાગણીથી મ્હેં ત્હેને પૂછ્યું: "ત્હમે કોણ છો અને આવું શુભ કામ કરવાનું ત્હમને ક્યાંથી સૂઝ્યું એ કહેવાની મેહેરબાની કરો."

તેણે કહ્યું: "હું ગુજરાતના એક નાનકડા ગામડાનો ગરીબ પાટીદાર છું. મ્હેં માત્ર ગુજરાતી થોડોકજ અભ્યાસ કરેલો છે, પણ મ્હને ઇશ્વર-કૃપાથી એક બહુ સારા વિદ્વાનનો સંગ મળી ગયો હતો અને ત્હેને વાંચન-નો બહુ શોખ હતો. પણ પુખ્ત ઉમરને લીધે તથા બહુ વાંચનને લીધે ત્હેમની આંખો જરા નબળી પડી ગએલી હતી, તેથી તે નવી નવી જાતનાં પુસ્તકો મ્હારી પાસે વંચાવતા હતા. અને ત્હેમને ત્યહાં ત્હેમના જેવા જ વિદ્વાનો આવે ત્હેની સાથે જે જે ઉંચી જાતના વિચારોની ચર્ચા ચાલે તે સાંભળવાનો મ્હને બહુ સારો લાભ મળતો હતો, તેથી નાનપણથી મ્હારામાં એ જાતના સંસ્કારો બેસી ગયા હતા; એટલે આજીવિકા સારૂ નોકરી ચાકરી કરવી પડે તે કરતો, પણ તેમ છતાં જ્યહારે વખત મળે ત્યહારે હમેશાં કંઇ નવું નવું વાંચ્યા કરતો હતો, અને જે કોઇ પંડિતો કે ગુણીજનો મળે, અથવા સભાઓ હોય ત્યહાં ભાષણો સાંભળવા હું હાજર થઇ જતો હતો. ધીરે ધીરે એ જાતનો મ્હારો શોખ એક જાતના વ્યસન જેવો થઇ ગયો; એટલે કે સારી સોબતમાં, ઉંચી જાતના વાંચનમાં અને મ્હારી પોતાની ઉન્નતિ કેમ થાય અને હું મ્હારા બંધુઓને મદદગાર કેમ થઇ શકું એજ જાતના વિચારોમાં મ્હારૂં મન ભમવા લાગ્યું; તેથી ધીરે ધીરે મ્હારામાં ઘણું જ્ઞાન વધવા લાગ્યું. કારણકે, ભાઇ! ત્હમને ખબર છે? **જો આપણે આપણા હૃદયના દરવાજા જરાક ખુલ્લા રાખીએ તો જે ચાહીએ તે મળી શકે તેમ છે.** અરે! ઇશ્વરની કૃપાથી આજના વખતમાં જ્ઞાન મેળવવાની સગવડ તો એટલી બધી છે કે આપણા ઘરના ખુણામાં બેસીને જગતની છેલ્લામાં છેલ્લી શોધો, ઉંડામાં ઉંડાં રહસ્યો, આખી દુનિયાના

ધર્મના સિદ્ધાંતો, યોગની ચાવીઓ, હુન્નરકળાની ખુબીઓ અને દુનિયાના દૂર દૂર ભાગની ઝીણી ઝીણી હકીકતો પણ થોડા કલાકની અંદર અને થોડા દિવસોની અંદર જાણી શકીએ તેમ છે. અરે ! જો આપણે **આપણું મન જરાક વધારે ખુલ્લું રાખીએ,** આપણા હૃદયના બળને જરાક વધારે મજબૂત કરીએ, આપણી ઇચ્છાશક્તિને જરાક વધારે પ્રબળ કરીએ અને આપણે આપણો અમૂલ્ય વખત જે તદ્દન નકામી અને ઉલટી ખરાબી કરનારી વાતોમાં ગુમાવી નાંખીએ છીએ તે વખતનો જો થોડોક સદુપયોગ કરીએ તો, ભાઇ ! **જ્ઞાન તો પૃથ્વીના દરેક પરમાણુઓ-માંથી મળી શકે તેમ છે.** અરે ! મ્હને તો એમ લાગે છે કે, ઝાડોનાં પાંદડાંઓમાં જ્ઞાન ભરેલું છે, સમુદ્રની રેતીમાં જ્ઞાન ભરેલું છે, ચંદ્રની જ્યોતિ-માં જ્ઞાન ભરેલું છે, કુતરાઓના ભસવામાં, ગધેડાંના ભુંકવામાં અને બકરાંના બેંબેં કરવામાં પણ મ્હને તો જ્ઞાન ભરેલું દેખાય છે. વર્ષાદનાં ટીપાંમાં, માટીનાં ઢેફાંમાં, પહાડોના શિખરોમાં, કબુતરોના નામમાં, કોયલ-ના ટહુકામાં, મોરની કળામાં અને ગામડીયા લોકો રેંટ હાંકતે હાંકતે કે ઢોર ચરાવતે જે દુહા બોલ્યા કરે છે તેમાંથી પણ મ્હને તો જ્ઞાનજ મળ્યા કરે છે. મ્હને તો એમજ લાગે છે કે **પૃથ્વીના દરેક પરમાણુમાં જ્ઞાન જ ભરેલું છે; પણ આપણે આપણી આંખો એ તરફ ખુલ્લી રાખતા નથી, આપણે આપણા કાન એ તરફ ખુલ્લા રાખતા નથી અને આપણે આપણું અંતર એ બાબત તરફ ખુલ્લું રાખતા નથી, તેથી જ આપણે કાંઇ મેળવી શકતા નથી અને નમાલા રહી જઇએ છીએ.** કુદરતને ઘેર કાંઇ ખોટ નથી. માટે, ભાઇ ! ત્હમે અજબ થાઓ મા, પણ એમ અજબ થાઓ કે જગતનાં દરેક પરમાણુઓમાં જ્ઞાન ભરેલું છે છતાં પણ લોકો ત્હેનો લાભ લઇ શકતા નથી, અને પાણીમાં રહેલું માછલું પાણી વિના તરફડી તરફડીને તરસ્યું મરી જાય એ જેવું અફસોસકારક છે તે કરતાં પણ આટલી બધી જ્ઞાનની તૈયારીઓ છતાં આપણે કાંઇ ન મેળવી શકીયે એ વધારે અજાયબી છે; અને વધારે દિલગીરી છે. વળી આજના વખતમાં જ્ઞાન મેળવવું એ તો બહુજ સહેલી વાત છે; કારણકે અસલના વખતમાં જેમ ગુરૂઓ માટે જંગલમાંથી લાકડાંના ભારા લાવવા પડતા તેમ આજના વખતમાં કોઇના લાકડાંના ભારા ઉપાડવા પડતા નથી. એ પછી પાછલા વખતમાં જેમ લોકો વિદ્યાને છુપાવતા અને કોઇને કાંઇ કહેતા નહિ અને એમને એમ મનમાંને મનમાં જ બધું રાખીને મરી જતા અને તેઓની સાથે

ત્હેમના જ્ઞાનનો પણ ઘણે ભાગે નાશ થતો, તેમ હાલના વખતમાં થતું નથી; પણ હાલના લોકો તો દરેક શોધો જાહેરમાં મૂકે છે અને ઉંડાં ઉંડાં રહસ્યોને પણ સહેલામાં સહેલાં કરીને સમજાવે છે; એટલુંજ નહિ પણ અસલના વખતમાં અમુક કુળવાળા કે અમુક જાતવાળા માણસો જ અમુક પ્રકારની વિદ્યા શીખી શકતા, પણ આજના વખતમાં તો જેની જે મરજી પડે તે, તે વિદ્યા શીખી શકે છે. આવી સગવડો છતાં પણ જો આપણે કોઇ પણ સાચી વિદ્યા પ્રાપ્ત કરીએ નહિ અને ડફોળ જેવા રહી જઇએ તો એમાં વાંક કોનો? **એ આપણો પોતાનો જ વાંક છે.**

આ બધા વિચારો તે પંડિતજી પાસેથી વારંવાર સાંભળ્યાથી અને ત્હેનું એ જાતનું **વર્તન** જોયાથી મ્હારા ઉપર ત્હેની પ્રબળ અસર થઇ, તેથી હું પણ જ્ઞાનમાર્ગમાં ધીરે ધીરે આગળ વધવા લાગ્યો. એ પછી એ પંડિતજી બીજે ગામ રહેવા ગયા ત્યારે હું એકલો પડી ગયો, અને મ્હારો રસ કાંઇક ઓછો થઇ ગયો તેથી મ્હને એમ લાગ્યું કે મ્હારી લાઇનના માણસો મ્હારે મેળવવાં જોઇએ અને તેઓની સાથે છૂટથી વિચારો અદલ બદલ કરવા જોઇએ. જેની પાસેથી હું કાંઇક શીખી શકું, જેનાં આચરણોમાં મ્હારા કરતાં કાંઇક ઉત્તમતા હોય અને જે માણસ કાંઇક પણ પોતાના આત્માના કલ્યાણની વાતો કરી રહેલા હોય અથવા પોતાના બંધુઓના કલ્યાણની વાતોમાં રોકાએલા રહેતા હોય તેવા માણસોની સોબતમાં મ્હારે રહેવું જોઇએ, તો જ ખરેખરી રીતે આગળ વધી શકાય; કારણકે જ્યાં સુધી એવા માણસોની સોબતમાં ન રહેવાય ત્યાંસુધી આપણું જ્ઞાન અધુરું રહે છે, અને એ જ્ઞાન માત્ર વાતોમાં જ રહે છે, અને 'અક્કલની ઉજાણી' જેવું જ એ જ્ઞાન હોય છે; પણ જ્યારે આપણે એવા સારા માણસોના સહવાસમાં આવીએ ત્યારે તેઓનો દાખલો જોઇને આપણામાં નવું બળ આવે છે, તેથી આપણા **વિચારોમાં** જે જ્ઞાન હોય તે જ્ઞાનને **કામમાં** લાવવાનું મન થાય છે, અને જ્યારે જ્ઞાન **કામમાં** આવે ત્યારે જ ફળિભૂત થાય છે; માટે મ્હારૂં જ્ઞાન મ્હને વધારે ઉપયોગી થઇ પડે તેવા હેતુથી હું મ્હારા જેવા વિચારોનાં માણસો શોધવા લાગ્યો. એમ કરતે કરતે એક સભામાંથી એક માણસ મળ્યો. ત્હેના ને મ્હારા વિચારો મળતા હતા, તેથી અમારે દોસ્તી થઇ. એ પછી તે દોસ્તને લીધે ત્હેનો એક બીજો મિત્ર મ્હને મળ્યો અને તે પણ બહુ ઉપયોગી માણસ મ્હને જણાયો. એ

પછી જેમ જેમ તક મળતી ગઇ તેમ તેમ હું જૂદે જૂદે ગામ ફરવા લાગ્યો, અને જ્યહાં જાઉં ત્હાં મ્હારી પહેલી તપાસ એ જ કે, આ ગામમાં પરમાર્થી માણસ કોણ છે? ભગત કોણ છે? હુન્નરકળામાં કુશળ કોણ છે? વિદ્વાન કોણ છે? કવિ કોણ છે? મ્હોટા પાયા ઉપર વ્યાપાર કરનાર કોણ છે? પરમાર્થનાં કામો કરનારી બાઇઓ કોણ છે? રાજકાજનાં કામમાં ભાગ લેનાર આગેવાન કોણ છે? અને ખાસ વિચિત્ર કે અદ્ભુત શક્તિવાળો માણસ કોણ છે? તે જાણવાની હું ખાસ તજવીજ રાખતો હતો; અને એવા જે કોઇ માણસો હોય ત્હેને ખાસ ચાહીને હું મળતો, અને લાગુ રહીને પણ તેઓની 'ફતેહની કુંચીઓ' સમજવા યત્ન કરતો, અને એ લોકનાં નામ-ઠામ તથા ઠેકાણાં મ્હારી ડાયરીમા લખી રાખી જ્યહારે તક મળે ત્યહારે એ જાતના જે બીજા માણસો મળે ત્હેમને તેઓના વિષે ખબર આપતો. આવી રીતે **જૂદી જૂદી સાંકળોને એક કડીમાં જોડવાનું કામ હું કરતો હતો**, અને **એ કામને હું 'એકડા ઉપર મીંડાં ચ્હડાવવાનું કામ'** સમજતો હતો; કારણ કે હું જ્યહારે મ્હારા વિચારોમાં એકલો જ હતો ત્યહારે મ્હારામાં કાંઇ ખાસ બળ નહોતું, પણ મ્હારા વિચારના બીજા ચાર માણસો જ્યહારે મને મળી ગયા, ત્યહારે મ્હારામાં ઘણું બળ આવી ગયું; તેથી મ્હને એમ લાગ્યું કે જો આવી રીતે સરખા વિચારનાં ઘણાં માણસો મળી જાય તો ત્હેમાંથી કાંઇક અલૌકિક શક્તિ ઉત્પન્ન થાય, એમાં કાંઇ નવાઇ નથી. તેથી એવી રીતે એકડા ઉપર મીંડાં ચ્હડાવવાના કામને મ્હેં પસંદ કર્યું, અને ત્હેમાં મ્હને ફાયદો પણ થયો. જેમકે, જુઓને, એક ગરીબ વિદ્વાન માણસ છે; ત્હેને પોતાનાં પુસ્તકો છપાવવા માટે કોઇ શેઠીયાની મદદની જરૂર છે, પણ એવો કોઇ શેઠીયો ત્હેને મળતો નહોતો; બાજી તરફ એક શેઠીયાને પોતાનું નામ કહાડવાની બહુ હોંશ હતી, તેથી એ માટે ઘણા પૈસા ખરચવા તે તૈયાર હતો, પણ ત્હેનામાં જ્ઞાન નહોતું. એ શેઠીયાની સાથે તે ગરીબ વિદ્વાનને મ્હેં મેળવી આપ્યો, તેથી એ શેઠીયાનું નામ પ્રસિદ્ધ થયું અને તે ગરીબ વિદ્વાનને જોઇતો આશ્રય મળ્યો; એટલે એ શેઠીયાને મન તે વિદ્વાન 'મીંડા'રૂપ થઇ પડયો અને તે વિદ્વાનને મન એ શેઠીયો 'મીંડા'રૂપ થઇ પડયો; કારણ કે એક બીજાની મદદને લીધે એ બન્નેની કિમ્મત ઘણી વધી ગઇ. પણ જ્યહાં સુધી એ શેઠીયાને તે વિદ્વાન મળ્યો નહોતો ત્હાં સુધી ત્હેને કોઈ બહુ ઓળખતું

નહોતું, તેમજ એ વિદ્વાનને પણ જ્યહાં સુધી એ શેઠીયો મળ્યો નહોતો ત્યહાં સુધી ત્હેનું જ્ઞાન પણ અંધારામાં જ રહેલું હતું–દેશને મળ્યું નહોતું. પણ બન્નેના જોગથી બન્નેને બહુ મ્હોટો લાભ થયો. આવી જ રીતે એક કારીગરે પાણી કહાડવાનો સંચો બનાવ્યો હતો, પણ એ સંચાને બહાર પાડવા માટે, ત્હેનું 'પેટંટ' લેવા માટે અને મ્હોટા પાયા ઉપર એ સંચાઓ બનાવવા માટે કારખાનાં કાઢવા સારૂ ત્હેની પાસે સંગવડ નહોતી; અને બીજો એક સાહસીક વેપારી હતો, તે કાંઇક નવો હુન્નર ખીલવવા ઇચ્છતો હતો, પણ ત્હેને કોઈ તેવો માણસ મળતો નહોતો. એ બન્નેનો જોગ મ્હેં કરી આપ્યો, તેથી તેઓ એક બીજાને 'મીંડા'રૂપ થઇ પડયા, અને તેઓ બન્નેની કિંમત વધી ગઈ, તથા તેઓના કામથી સેંકડો માણસોને રોજી મળવા લાગી.

એકડા ઉપર મીંડાં ચ્હડાવવાથી આવી રીતે ઘણા લોકોને લાભ થાય છે, એટલું જ નહિ પણ એ શુભ કામ કરવાથી પહેલો લાભ તો મ્હને પોતાને જ મળ્યો; અને તે એ કે જે શેઠને મ્હેં કુવામાંથી પાણી કાઢવાનો સંચો બનાવનાર શોધક મેળવી આપ્યો તે શેઠે પોતાના એક મિત્ર સાથે મ્હારી ઓળખાણ કરાવી આપી. તે મિત્ર પણ પૈસાદાર જુવાનીઓ હતો અને મ્હારા વિચારના જેવા જ ત્હેના વિચારો હતા. તેથી અમારી વચ્ચે બહુ દોસ્તી થઇ ગઇ. એ પછી તેણે મ્હને કહ્યું કે, ત્હમે આવી હલકી નોકરીમાં શામાટે પડયા રહોછો? એકડા ઉપર મીંડાં ચ્હડાવવાનું જ કામ કર્યા કરો અને દેશમાં બધે ફર્યા કરો અને જૂદી જૂદી જાતની સારી શક્તિવાળાં માણસોને એક બીજાની સાથે મીલાવી આપો, એટલે ત્હમને ફાયદો થશે અને દેશને પણ ફાયદો થશે.

એ સાંભળીને મ્હેં કહ્યું: "ત્હમારી વાત બહુ ઉત્તમ છે, પણ મ્હારી સ્થિતિ હજી એવી નથી; હું જો મ્હારી નોકરી મૂકીને એમ રખડયા કરૂં તો મ્હારાં છોકરાંઓ ભૂખે મરે અને મ્હારી બાયડી મ્હને ગાળો દે, કારણ કે મ્હારો આધાર તો મ્હારા સત્તાવીશ રૂપિયાના પગાર ઉપર છે. આવાં કામ કરવાં એ કાંઇ મ્હારા જેવા ગરીબ માણસનું કામ નથી, પણ ત્હમારા જેવા શ્રીમંતોનું એ કામ છે."

ત્હારે તે શેઠીયાએ કહ્યું: "શું ત્હમે એમ જાણો છો કે ત્હમારાં બાયડી–છોકરાંને રખડાવીને આ કામ કરવાનું હું ત્હમને કહુંછું? નહિ. ભાઇ! હું ત્હમોને દર મહિને પચાસ રૂપિયા આપવા ઇચ્છુંછું, એટલું જ

નહિ પણ મ્હારી હયાતી બાદ પણ ત્હમોને એ પૈસા મળ્યા કરે તે સારૂ જેના વ્યાજમાંથી પચાસ રૂપિયા ઉપજે તેટલી રકમ હું બેંકમાં અલગ મૂકવા ધારૂંછું, અને મ્હારી તથા ત્હમારી હયાતી બાદ એ પૈસા યુનિવર્સીટીને અથવા ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવી કોઇ મંડળીને સોંપાય અને ત્હેના વ્યાજમાંથી 'એકડા ઉપર મીંડાં ચ્હડાવવાનું કામ' કરનાર માણસને ઘણાં વરસો સુધી પગાર મળ્યા કરે, એવો બંદોબસ્ત કરવા ઇચ્છું છું. **શું મ્હારા જેવો સારી સ્થિતિનો માણસ ત્હમારી પાસે મફત કામ કરાવશે?** એમ કદી પણ બનેજ નહિ. એવી રીતે કામ કરાવવાના વખત તો ગયા અને એવી રીતે કામ કરનાર તથા કરાવનારા માણસો પણ ગયા; હવેના વખતમાં તો દરેક માણસને ત્હેની મહેનતનો વ્યાજબી બદલો આપવો જ જોઇએ, અને તે પણ જરા નમતો ઝમતો બદલો આપવો જોઇયે; તો જ સારૂં કામ થઇ શકે."

મ્હારા ધનવાન ભલા મિત્રની આ યોજના મ્હને બહુ પસંદ પડી, કારણ કે આવી જાતનું કામ કરવા ખાસ મ્હારી મરજી હતી, પણ સાધનોને અભાવે બીજી હલકા પ્રકારની નોકરી કરવી પડતી હતી. બીજું એ કે હું સારા સારા માણસોને તથા મ્હોટા મ્હોટા માણસોને મળવા હળવા જાઉં ત્યારે **મ્હારી સ્થિતિ આડી આવતી હતી,** કારણ કે કોઇ વખત કોઇને કાંઇ આપવું જોઇએ, કોઇને કાંઇ મદદ કરવી જોઇએ, કોઇની સરભરા રાખવી જોઇયે, કોઇને સારાં મકાન તથા નોકર ચાકરની સગવડ આપવી જોઇએ, કોઇને ગાડી ભાડાની ટીકીટો આપવી જોઇયે અને કોઇને પુસ્તકો કે કપડાં વગેરે આપવું જોઇએ; પણ તે બધું મ્હારાથી બની શકે તેમ નહોતું, અને આ શેઠથી તો એ બધું બની શકે તેમ હતું, કારણ કે તેઓ લખપતિ હતા અને ત્હેમની વાર્ષિક આવક પણ બહુ સારી હતી, એટલે આવાં ખાતાં પાછળ દર સાલ પાંચ દશ હજાર રૂપિયા ખરચવા માગે તો તે ખરચી શકે તેમ હતા. કારણ કે તે એમ કહેતા કે મ્હારા બાપા સુધારાના પવનમાં પૈસા ખરચતા, મ્હારા દાદા મૂર્તિપૂજામાં પૈસા ખરચતા, ત્હેના બાપ નાતો જમાડવામાં પૈસા ખરચતા, ત્હેના બાપ સાધુ સંતને સદાવ્રત આપવામાં પૈસા ખરચતા અને ત્હેના બાપ યજ્ઞ કરવામાં પૈસા ખરચતા, આવી રીતે દોઢસો વરસ થયાં અમારા બાપદાદાઓ જૂદાં જૂદાં કામોમાં **પોતપોતાના શોખ પ્રમાણે** પૈસા ખરચતા આવ્યા છે.

**તેઓએ તેઓના વખતમાં દેશ કાળ પ્રમાણે, આજુબાજુના સં-જોગો પ્રમાણે** અને **પોતાના શોખ પ્રમાણે** પૈસા ખરચેલા છે, તેમજ **હું પણ હાલના** દેશ—કાળ પ્રમાણે અને **મ્હારા** શોખ પ્રમાણે મ્હારા પૈસા ખરચવા ઇચ્છુંછું. એ માટે મ્હેં ઘણા વખત સુધી બહુ મજબુતીથી ઉંડા ઉતરીને વિચાર કરેલો છે, અને ત્હેમાં મ્હને એમ લાગ્યું છે કે, જુદી જુદી સાંકળોની કડી જોડવામાં એટલે કે એકડા ઉપર મીંડાં ચ્હડાવવામાં, જે પૈસા ખરચવામાં આવે તે પૈસા જ સાર્થક થયેલા ગણાય છે. આમ લાગવાથી તે ગૃહસ્થ દર વર્ષે પાંચ હજાર રૂપિયા એ ખાતે ખરચે છે, તેથી એને ત્યહાં પ્રસંગોપાત ઘણી જાતના ગુણી માણસો મળ્યા કરે છે, અને જુદા જુદા દેશના અજાણ્યા માણસોને એક બીજાની સાથે ઓળખાણ કરવાની અને ત્હેમાંથી પરિણામે કાંઇક લાભ મેળવવાની ત્હેમને ત્યહાંથી તક મળે છે. જેમકે, ધનવાળાઓને ધન ખરચવાનાં ઠેકાણાં મળે છે, કામ કરવાવાળાને કામ મળે છે, બુદ્ધિવાળાઓની બુદ્ધિનો સદુપયોગ થાય તેવાં સાધનો મળે છે, ઉછરતા ન્હાના કુમળા છોડોને પોષણ મળે છે, આશા ભરેલા ઉત્સાહી જુવાનીઆઓને પોતાના રસ્તામાં આગળ વધવાનો ટેકો મળે છે, કારીગરોને પોતાની ચતુરાઇ બતાવવાની તક મળે છે, ગુણીજનોને પોતાના ગુણો બહાર પાડવાનાં મેદાનો મળે છે; શરીરબળવાળાઓને પોતાનું બળ બતાવવાની તથા વધારવાની તક મળેછે, સારી દવાઓ જાણનારને ત્હેની મહેનતનો બદલો મળે છે, અને કદર ન થવાથી જે બાપડા ગુણીજનો અંધારામાં પડયા રહેલા હોય અને ગરીબીમાં રીબાયા કરતા હોય તેઓને પોતાની સ્થિતિ સુધારવાની તથા બહાર પડ-વાની તકો મળે છે; કારણકે આ જગતમાં વસ્તુઓની ખોટ નથી, કામ કરનાર માણસોની ખોટ નથી, પૈસાની ખોટ નથી અને બુદ્ધિની પણ ખોટ નથી; એ બધું જરૂર જેટલું જગતમાં છે, છે, ને છે જ; **પણ એ બધી વસ્તુઓ હાલમાં** જૂદે જૂદે **ઠેકાણે પડેલી છે,** તેથી જેને ધન જોઇએ ત્હેને ધન મળતું નથી, જેને કામ જોઇએ ત્હેને કામ મળતું નથી અને જેને વિદ્યા જોઇએ ત્હેને વિદ્યા મળતી નથી; માટે એ બધી વસ્તુઓ જેને જોઇએ ત્હેને મળી શકે એવી તજવીજ કરી આપવી ત્હેનું નામ **એકડા ઉપર મીંડા ચ્હડાવવું** છે.

આ કામ કેવી રીતે થાય એમ તમે પૂછો તો ત્હેના જવાબમાં હુ કહીશ કે, હું જૂદે જૂદે ગામેગામ ફરૂંછું અને જ્યહાં જાઉં ત્યહાં મ્હારૂં

મુખ્ય કામ એ જ છે કે, આ ગામમાં ગુણી માણસ કોણ છે? અદ્દભુત શક્તિવાળા માણસ કોણ છે? બહુ શરિરબળવાળા કે બુદ્ધિબળવાળા માણસ કોણ છે? બહુ પરમાર્થી કે બહુ ત્યાગી કોણ છે? બહુ ધનવાન કે બહુ વિદ્વાન કોણ છે? બહુ સારી દયા જાણનાર કે બહુ સારા કારીગર કોણ છે? બહુ મ્હોટા વેપારી કે બહુ સારા ખેડુત કોણ છે? બહુ સારા વહાણવટી કે બહુ સારા સાધુ કોણ છે? બહુ સારા માસ્તર કે બહુ સારા મુસાફર કોણ છે? અને બહુ બહાર પડતી ભલી બાઇઓ કે પરમાર્થમાં જીંદગી ગાળનારા ભાઇઓ કોણ છે, ત્હેનો જ હું તપાસ કરૂંછુ, અને એમાં જે માણસમાં મ્હને કાંઇક ખાસ જાણવા જેવું લાગે કે 'સ્પેશીઆલીટી' લાગે તે માણસને હું મ્હારા શેઠ પાસે જવાની ભલામણ કરૂંછું, અને તે માણસ જો ગરીબ હોય તો મ્હારા શેઠને ખરચે હું ત્હેને જવાનું કહુંછું, અને એ માટેની હકીકત હું મ્હારા શેઠને અગાઉથી જણાવુંછું. મ્હારા શેઠને ત્યહાં મજેના વાડી બંગલા નોકર ચાકર અને ગાડી ઘોડાની સગવડો છે, એટલે કોઇ પણ માણસને ત્હેમને ત્યહાં કોઇ પણ જાતની અગવડ પડતી નથી, તેમજ શેઠ પોતે ઘણાજ મીલનસાર, બહુજ લાગણીવાળા, ઘણાજ સાદા, બહુ નમ્રતાવાળા અને સામા માણસના ગુણને જલદીથી ઓળખી લે તથા ત્હેમની કદર કરે તેવા છે, તેથી ત્હેમને ત્યહાં જે માણસ જાય તે રાજી થઇને તથા ત્હેમના મિત્ર બનીને પોતાને ઘેર જાય છે, અને પાછા ઘેર જતાં પહેલાં બેચાર દિવસ, અઠવાડીઉં, પખવાડીઉં અથવા મહિનો, બે મહિના પોતાની ફુરસદ પ્રમાણે, લાયકાત પ્રમાણે અને આસપાસના સંજોગો પ્રમાણે, તે શેઠને ત્યહાં રહે છે. એટલા વખતમાં ત્હેમના ગુણની કદર કરે તેવા બીજા કોઇ ગૃહસ્થ એ શેઠને ત્યહાંથી મળી જાય છે, અને કદી તુરતને તુરત એવો જોગ ન મળે તો મહિને બે મહિને ચાર છ મહિને અથવા વરસ બે વરસે પણ જરૂર કાંઇ સારી તક મળે છે, કારણકે ત્હેમને ત્યહાં બધા પ્રકારનાં માણસો આવે છે. જેમકે, વિદ્વાનો, ધનવાનો, શોધકો, કારીગરો, ખેડૂતો, મજુરો, બાવાઓ અને બાઇઓ વગેરે સૌ ત્હેમને ત્યાં આવે છે; તેથી પ્રસંગોપાત એક બીજાને જેવી સગડો જોઇતી હોય તેવી ધીરે ધીરે મળી રહે છે; કારણકે આ જગતમાં વસ્તુઓની, વિચારોની, માણસોની કે ધનની ખોટ નથી, પણ એ બધી વસ્તુઓ જૂદે જૂદે ઠેકાણે પડેલી છે, ત્હેનો જેમ જોઇએ તેમ સંયોગ કરી આપવો ત્હેનીજ ખોટ છે, અને એ **ખોટને લીધે જ આપણે પાછળ રહી જઇએ છીએ;** માટે એ ખોટ પુરવા સારૂ ગુણીજનોને એક બીજાને મીલાવી આપવાં એ જ કામ મ્હેં તો

સ્વીકારેલું છે, અને આપણા દેશના કલ્યાણ સારૂ બીજા ઘણા ભાઈબ્હેનો એ જ કામ સ્વીકારે એમ હું ઇચ્છું છું. લ્યો, આ ગ્રાંટરોડનું સ્ટેશન આવ્યું, માટે હવે સાહેબજી! ત્હમે પણ કોઈ વખત અમારા શેઠને ત્હાં પધારવાની કૃપા કરજો, એમ કહીને અમ સામાનનાં પોટલાં સંભાળવા લાગ્યા અને છૂટા પડયા.

# પ્રેમ-પ્રેમ-પ્રેમ.

લેખક:—મુનિ છોટાલાલજી (લિંબડી સમુદાય.)
ફરી લખનાર 'સ્થાનક સ્પેક્ટર.'

---

મ્હને—એક 'ત્યાગી'ને આજે 'પ્રેમ' વિષય ઉપર બોલવાનું મન થયું છે, તેથી કોઇને આશ્ચર્ય તો નહિ લાગે? 'ત્યાગી' એ નામ સાથે 'પ્રેમ' શબ્દની સોબત થવી જ ન જોઇએ અથવા—સામાન્ય પ્રજાની માન્યતા વધારે સ્પષ્ટ શબ્દમાં મૂકીએ તો—'ત્યાગી' 'પ્રેમ'નો શત્રુ જ હોવો જોઇએ, એવી સમજ આજ બહુધા સર્વત્ર ફેલાયલી હોવાથી મ્હને—એક ત્યાગીને 'પ્રેમ' વિષય ઉપર બોલતો સાંભળી લોકોને આશ્ચર્ય થાય એ કાંઇ નહિ બનવા જોગ નહિ ગણાય.

પણ મ્હને તો લાગે છે કે હું 'પ્રેમ' માટે જ જન્મ્યો હતો, પ્રેમ માટે જ જીવું છું, 'પ્રેમ'નો પાઠ વધારે સારી રીતે ભણવાને માટે જ ત્યાગવૃત્તિ અંગીકાર કરી છે અને સમ્પૂર્ણ પ્રેમમય બનવામાં જ મ્હારો ઉદ્ધાર સમાયલો છે. 'જૈનસમાચાર'ના ચાલુ છઠ્ઠા વર્ષના પહેલા અંકમાં આપેલી શુભાશિષોમાં જણાવ્યા મુજબ હું એમજ માનુંછું કે, **"પ્રેમને જરા પણ વિસારવામાં નિરંતર દુ:ખનાં બીજ છે."**

પ્રેમ એ જ મનુષ્યત્વ છે. પ્રેમ એ જ જીવન છે. જાનવરોમાં તે છે અને મનુષ્યોમાં છે, દેવોમાં છે અને જ્ઞાનીઓમાં છે. કોઇમાં તે છુપાયલો પડયો છે, કોઇમાં તે થોડો 'પ્રકટ' થયેલો છે, કોઇમાં વધુ 'પ્રકટ' થયેલો છે. કોઇમાં તે બીજા કોઈ રંગ સાથે (સ્વાર્થ સાથે) મળી જવાથી

જુદું રૂપ પકડે છે, કોઇમાં તે ઉદ્ધતાઇ અર્પે છે તો કોઇમાં ગંભીરતા અર્પે છે.

જેટલે અંશે '**પ્રેમ**'**માં ન્યુનતા** તેટલે અંશે **મનુષ્યત્વમાં ઓછપ** સમજવી. શાસ્ત્રમાં કહેવાયલી શ્રી બલભદ્રજીની કથા આપણને મનુષ્ય તેમજ જાનવરમાં હયાતી ધરાવતા 'પ્રેમ' નું ઉચ્ચ સ્વરૂપ સમજાવવાની શક્તિ ધરાવે છે.

શ્રી કૃષ્ણના મૃત્યુ પછી બલભદ્રજી સંસાર છોડી માસ માસખમણનાં પારણાં કરતા હતા. એકદા માસખમણ એટલે એક માસના ઉપવાસને પારણે તેઓ તુંગીયા નગરીમાં આહાર લેવા ગયા. આહાર લેઈ પાછા ફરતી વખતે એક કુવાના કાંઠા ઉપર પાણી ભરનારી સ્ત્રીઓની દૃષ્ટિ ત્હેમના ઉપર પડી અને આ મહાત્માના મનોહર રૂપને લીધે તેઓ મોહીત થઇ. એક સ્ત્રી તો મોહક શરીર નીરખવામાં એટલી તલ્લીન થઈ ગઇ કે ઘડાને બદલે પોતાના બાળકના ગળામાં દોરડાનો ફાંસો નાખી (પાણી ભરવાની ઇચ્છાથી) ત્હેને કૂવામાં ઉતારવા માંડયો. મુનિએ આ ગજબ જોતાં જ પેલી સ્ત્રીને ચેતવી પરન્તુ તે દોરડું ગળામાંથી દૂર કરવામાં આવે તે પહેલાં તો તે કૂમળું ફૂલ છેલ્લો શ્વાસ લઇ ચૂકયું હતું.

"ઓ હો! મ્હારા રૂપથી—**મ્હારા કારણથી** આ બાળકનો નાશ થયો? શું મ્હારી હયાતી-મ્હારૂં જીવન-**મ્હારૂં અસ્તીત્વ** બીજાઓને અશાતા ઉપજવા માટે છે? જે રૂપથી મ્હારી આટલી બધી પુત્રીઓના માનસિક શીલને ઇજા પહોંચે છે તે રૂપને મ્હારે શામાટે મ્હારૂં કરી રાખવું? જગતના કોઇ પણ જીવને મ્હારી ખાતર કોઇ જાતનું કષ્ટ પડે એ હું જોઇ શકીશ નહિ. હું આજથી નિર્જન જંગલમાં જ પડયો રહીશ, કે જેથી કોઇને પણ હું શારીરિક કે માનસિક ત્રાસનું કારણ બનું એવો સંભવ જ નહિ રહે. આહાર લેવા પણ હું જંગલબહાર જઇશ નહિ; નહિ મળે તો **શરીર**ને ભૂખ્યું રાખી **આત્મા**ને પોષવાનો ઉદ્યમ કરીશ." મહાત્માએ મન સાથે નક્કી કર્યું.

પરન્તુ શું આવો ઉચ્ચ પ્રેમ--સ્વાર્થનો જેમાં પડછાયો માત્ર પણ ન હોય એવો શુદ્ધતમ પ્રેમ-અમિશ્ર પ્રેમ કદી પ્રતિધ્વનિ પાડયા સિવાય રહી શકે? જંગલમાં જંગલી જાનવરો એ મહાત્માના પ્રેમનો જવાબ પ્રેમથી આપવા લાગ્યા; એ જંગલી જાનવરોમાં છૂપા રહેલા પ્રેમ તત્વને આ મહાત્માના જીગરમાંના પ્રેમે હચમચાવીને જગાડયું-'પ્રકટ' કર્યું.

મૃગ વગેરે ઘણાએક જાનવરો મહાત્માની પાસે પડી રહેવા લાગ્યા. એક મૃગ તો એટલો બધો 'પ્રેમી' બની ગયો કે તે મહાત્માને મૂકીને ઘડી પણ ખસતો નહિ. આ પ્રેમ ગુણ વિકસ્વર થતાં મૃગને—હા મૃગને—'જાતિસ્મરણ' જ્ઞાન ઉત્પન્ન થયું!

પાછલો ભવ જોતાં મૃગને ખેદ થયો: "હાયરે, મ્હેં પૂર્વ જન્મમાં મનુષ્યત્વની જોગવાઇ મળવા છતાં કાંઇ સાર્થક કર્યું નહિ! મ્હેં 'પ્રેમ'ને પીછાન્યો નહિ; પરમાર્થને સેવ્યો નહિ, પવિત્ર પુરૂષો કે જે 'પ્રેમ' નું પ્રકટીકરણ હોય છે ત્હેમની ભક્તિ કરી નહિ. માણસ જેવાં સાધન વગરનો છતાં હવે તો હું સમય પ્રમાદમાં ગુમાવીશ નહિ." એવો વિચાર કરી તે હરણ તે મહાત્માની માનસિક સેવા ભક્તિ કરવા લાગ્યો અને પ્રેમમય બની ગયો.

એકદા મુનિને માસખમણનું પારણું કરવાનો દિવસ આવ્યો. મૃગ જંગલમાં અહીંતહીં આહારની જોગવાઇ શોધવા નીકળ્યો. તપાસ કરતાં ત્હેણે એક વૃક્ષની જબરજસ્ત શાખા કાપતો એક સુતાર જોયો, કે જે બપોર થઇ જવાથી પોતાની સ્ત્રીએ આણેલો 'ભાત' (આહાર) ખાવા બેસવાની તૈયારી કરતો હતો. છલંગો મારતો મૃગ તુરત જ પોતાના પ્રેમપાત્ર મહાત્મા પાસે જાય છે અને ત્હેમને સુતાર પાસે ખેંચી લાવે છે.

મુનિને જોઇ સુતારના મનમાં પણ 'પ્રેમ' ઉત્પન્ન થયો (શુદ્ધતમ પ્રેમનો પડઘો સર્વત્ર પડે છે.) ત્હેણે ઘણાજ ઉલ્લાસથી મુનિને અન્નદાન દેવા માંડયું. આ ઉત્તમોત્તમ પ્રતિના દાનનો દેખાવ જોઇ મૃગના મનમાં ભાવના થઇ આવી કે, "અહો! આ સુતાર કેવો ભાગ્યશાળી છે કે ત્હેને આવો અનુપમ લાભ આજે મળ્યો! હું પણ મનુષ્ય હોત તો આવો લાભ ન પામત શું?" આવી ભાવનામાં મશગુલ બનેલા તે મૃગની આંખોમાંથી પ્રેમનાં અશ્રુ વહેવા લાગ્યાં.

અને બરાબર તે જ વખતે ત્હેમના માથે ઝઝુમી રહેલી, અડધી કપાયલી તરૂશાખા તૂટી પડી અને સુતાર, સાધુ અને મૃગ ત્રણે તે તળે ચગદાઇ ગતપ્રાણ બન્યા.

**પ્રેમી વાચક! પ્રેમી આત્માઓ પરના આ સંકટને માટે શું તું અશ્રુપાત કરે છે?** ના; ત્હારાં તે પ્રેમપાત્રો તો તે જ વખતે પાંચમે **દેવલોકે સીધાર્યા હતા.** તેઓ **પ્રેમના જ રાજ્ય**માં મ્હાલતા થયા હતા!

મૃગે—તે જાનવરે ધાર્મિક કોઇ જાતની વિધિઓ અથવા ક્રિયાઓ–સામાયિક—પ્રતિક્રમણ–તપ વગેરે—કર્યાનું આપણે સાંભળ્યું કે વાંચ્યું નથી. એનું દેવલોક તો 'પ્રેમ' ની કિંમત તરીકે જ મળ્યું હતું.

કવી વર્ડ્ઝવર્થના શબ્દો કેટલા સત્યની નજદીકમાં છે! તે કહે છેઃ

"જેઓનો પ્રેમ દરેક ક્ષણે બદલાતી **બાહ્ય** સુંદરતા પર આધાર રાખે છે તેઓની આશા નિષ્ફળ જવાની. પરન્તુ જેઓના હૃદયને બાહ્ય ફેરફારથી જરા પણ અસર થતી નથી તેઓના હૃદયમાં એક જાતનું **અમર પુષ્પ** 'ઉગે' છે, કે જે પુષ્પ જમીન પર ઉગવા છતાં સ્વર્ગીય વાતાવરણનો આસ્વાદ લેછે."

આ અલંકારીક ભાષાને સમજનારા પોતાની મેળેજ ત્હેનું રહસ્ય સમજી લેશે. વધારે સ્પષ્ટ કરી બતાવવા જતાં એનું લાલીત્ય છેદાઇ જવાની ધાસ્તી રહેછે.

શ્રી બલભદ્રજીની આ ઐતિહાસિક તેમજ શાસ્ત્રીય (માટે તદ્દન માનવા યોગ્ય) કથામાંથી આપણે શું શિખવાનું છે? બલભદ્રજીનો અલૌકીક–દૈવી પ્રેમ આપણે સંપૂર્ણ કાળજીપૂર્વક શિખવાનો છે. પોતાના રૂપથી-પોતાની ઇચ્છા **વિરૂદ્ધ** પણ કોઇને નુકશાન થતું એ તે **પ્રેમી** પુરૂષથી સહન થઇ શક્યું નહતું: પોતે કોઇના પણ દુઃખનું કારણ–ગમે તેવી આડકતરી રીતે પણ–થાય એ તે 'ભ્રમર' થી ખમાયું નહિ. કોઇને તેઓ ખોટો ઉપદેશ કરતા નહિ એટલું જ નહિ પણ એમ કરવાનો **સંકલ્પ માત્ર** પણ એમના પવિત્ર મગજમાં કદી પ્રવેશી શકતો નહિ. તે છતાં **કોઇ પણ રીતે પોતે બીજાના અધઃપતનના કારણભૂત થઈ પડે એટલુંએ એમને અસહ્ય** લાગ્યું. આ તે પ્રેમ! આ તે 'સ્વ' ના ભોગે 'પર' નું હિત જાળવવાની વૃત્તિ અથવા તો 'દૈવી પ્રેમ'! માસખમણના પારણે પણ–આહાર નિમિત્તે પણ વસતીમાં ન આવતાં જંગલમાં નીભાવી લેવું એટલે અંશે સ્વાત્મભોગ આપનારા પુરૂષો કેટલા થોડા હશે?

આજે આપણે ધર્મ—ધર્મની ગર્જનાઓ કરીએ છીએ; પણ પ્રથમ પાયો 'પ્રેમ' જ આપણે મેળવી શકયા નથી. 'ગૃહસ્થ' વર્ગની તો શું વાત કરવી, ખુદ અમે 'ત્યાગી' જ કેટલા 'પ્રેમી' છીએ તે તપાસો. બીજાના હિત માટે પોતાનું સર્વસ્વ–અરે ખુદ શરીર પણ વોસીરાવી દેવું–જગહિતના યજ્ઞમાં હોમી દેવું એનું જ નામ 'પ્રેમ' હોય તો તેવો

પ્રેમ અમારામાં ત્હમે ક્યહાં જોયો ? પ્રેમ નામનું તત્વ અમુક ત્યાગીમાં છે કે નહિ તે તપાસવા માટે ત્હેને નીચેના પ્રશ્નો પૂછી જુઓ:-

(૧) ત્હમે ‘ ત્યાગ ’ કર્યો ત્યહારે ત્હમારાં ‘ પ્રેમપાત્રો ’ કોણ કોણ હતાં ? એમને શાન્ત્વત આપીને નીકળ્યા હતા કે કકળાવીને ? કકળાવવું એ ‘પ્રેમ’ નું લક્ષણ છે કે ‘ સ્વાર્થ ’ નું ? ‘ સ્વાર્થ ’ ના પાયાપર ચણાયલી સાધુવૃત્તિ અને શરૂઆતમાં ભૂલથી જ ગણવા માંડેલો હિસાબ ઇચ્છીતની પ્રાપ્તિ કરાવી શકે ખરો ?

(૨) ત્હમે ‘ ત્યાગ ’ કર્યો ત્યહારે દુનીઆને **ધિક્કારીને** કર્યો હતો કે દુનીઆ પર નિઃસ્વાર્થ પ્રેમ ભાવ હમેશ કરતાં વધારે લાવીને એ દુઃખી દુનીયાને ત્હમારા તરફની કાંઇ વધુ પીડા ન થવા પામે એટલા માટે તથા એને ત્હમે વધુ ઉચ્ચ પ્રકારની સ્હાયતા કરી શકો એ માટે ત્યાગ કર્યો હતો ? જો કોઇ પણ કાર્યના મૂળમાં ‘ ધિક્કાર ’ નું તત્વ પડયું હોય તો તે કાર્ય કદી સારૂં ફળ આપી શકે શું ? જગતને **ધિક્કાર્યા** સિવાય જ ( ઉચ્ચ પ્રેમને પીછાનવાથી ) શું ‘ ત્યાગ ’ ન થઇ શકે ?

(૩) ત્યાગ શાનો કરવો:—ઉત્તમનો કે કનીષ્ટનો ? ‘પ્રેમ’ નો કે ‘સ્નેહ’ નો ? ત્યાગ શાનો કરવો:—દુનીઆનો કે દુનીઆપરના **મોહનો** ? જો ત્હમે કહોછો તેમ દુનીઆનો ત્યાગ જ કર્યો હોય તો જે ગામોમાં ત્હમે વિચરોછો તે જગા દુનીઆ **બ્હારની** છે શું ? તે જગામાં ધન છે, સ્ત્રી છે, વૃક્ષ છે, સર્વ કાંઇ છે. પણ ત્હમે ત્હેને **ત્હમારૂં** નથી ગણતા એને–એ માન્યતાને–એ મનની સ્થિતિને જ ‘ ત્યાગ ’ કહેવાય છે; તો હું ત્હમને પૂછુંછું:—શું ત્હમે ધનથી ખરીદાતું કાપડ, પુસ્તક વગેરે વાપરતા નથી ? મનુષ્યોથી વાતચીત કરતા નથી ! **કહો ત્હમે દુનીઆ ક્યહાં ત્યજી છે?**

(૪) શ્રી બલભદ્રજીએ કોઇ સ્ત્રીને એમ નહોતું કહ્યું કે, “ હું કેવો રૂપાળો છું ? હું ત્હમને પસંદ પડું ખરો કે વારૂ ? ” એવું કાંઇ ઢાંક્યા સ્વાર્થનું પણ વચન નહોતું કહ્યું અને ત્હમે તો હમેશ કહોછો કેઃ “ હું કેવો ઉત્તમ સાધુ છું ? હું કેવો વિદ્વાન છું ? હું કેવો તપસ્વી છું ? વહોરવાના બારીક નિયમો પાળનાર મ્હારા જેવો કોઇ ક્રિયાપાત્ર મુનિ કોઈ પ્રાંતમાં બતાવો ? હે શ્રાવકો ! ત્હમે મ્હને ‘ગુરૂ’ ધારો, મ્હારા સિવાય બીજાને માનતા–પૂજતા નહિ, મ્હારા પક્ષના સાધુ સિવાય કોઇને માન—પાન કે ઉતારો આપશો નહિ. મ્હારા સિવાય બીજાના માનમાં

પાઇ પણ ખર્ચશો નહિ." આ ત્હમારા **સ્વાર્થમય-અહંપદપૂર્ણ** ઉપદેશથી કેટલાં શ્રાવક-શ્રાવિકામાં ક્લેષ-અશ્રદ્ધા—અંધશ્રદ્ધા-દ્વેષબુદ્ધિ—જડતા અને મલીનતા પ્રવેશે છે એ શું ત્હમે નથી જોતા? આટલાં બધાં દુ:ખ ત્હમારા (પરોક્ષ નહિ પણ) પ્રત્યક્ષ ઉપદેશથી જ દુનીઆને થાય છે, છતાં ત્હમે પોતાને 'સાધુ' કહેવડાવોછો કે? બીજાના દુઃખનું કારણ, પોતાની મરજી ન છતાં પણ, પોતાના રૂપને લીધે થવાય છે એમ જાણી જે મહા-પુરૂષે જંગલમાં જ આયુષ્ય પૂરૂં કર્યું તે પુરૂષનો 'પ્રેમ' ક્યહાં અને પ્રેમી વિનાકારણે સર્વને જાણીબુઝીને દુ:ખ ઉત્પન્ન કરનાર આપણે આજના સાધુઓ ક્યહાં?

(૫) ત્હમે કોઇ પ્રસિદ્ધ શ્રાવકની નિંદા કરો છો ખરા કે? કોઇ પણ મ્હોટું થયું તે ત્હમને ન ખમાયું તેથી એનું પીંગળ લઇ બેસનારા ત્હમે શું 'પ્રેમ'ના પાઠનો કક્કો જાણવાને પણ હક્કદાર ગણી શકાઓ કે? કોઇ ત્હમારી, ત્હમારા ધર્મની અને ત્હમારા શ્રાવકોની ઉન્નતિ માટે ખરા દીલથી સલાહ આપનાર અને તન તોડીને મહેનત કરનાર પુરૂષોને ત્હમે પૂઠ પાછળ હડહડતાં જૂઠાં તહોમતો મૂકીને બીચારા અજ્ઞાન અને સાથે લાગ્યા અંધશ્રદ્ધાળુ લોકોમાં તે પુરૂષોને હલકા પાડવા કમર કસોછો કે? **આ** છે ત્હમારો 'પ્રેમ'?-**આ** છે ત્હમારો 'ત્યાગ'?—**આ** છે ત્હમારૂં 'સાધુપણું'? મ્હને તો જણાય છે કે 'પ્રેમ'નો અને 'મનુષ્યત્વ'નો ત્યાગ એને જ ત્હમે 'ત્યાગ' અથવા 'સાધુપણું' માનતા હશો! ત્હમે દુનીઆને ઉચ્ચતમ સુખ મળે એવા કામમાં મનથી-વચનથી કે શરીરથી ફાળો આપી શકતા નથી એટલું જ નહિ પણ દુનીઆને જેથી દુ:ખ થાય એવા કામથી વિરમવા જેટલી પણ ભલાઈ બતાવી શકતા નથી—રે દુનીઆને દુ:ખમાંથી મુક્ત કરવાના લૂલાલંગડા યથાશક્તિ પ્રયાસ કરનારાઓને મારી-તોડી-હેરાન કરી-દુનીઆને થતા લાભોમાં અંતરાય રૂપ થઈ પડોછો અને ઉપર જતાં પોતાના ખોટા ઉપદેશથી-પોતાની ખોટી ભાવનાઓથી અને પોતાની ખોટી ખટપટ રૂપી કૃત્યોથી દુનીઆને દુ:ખમાં સેકતા જાઓછો: **આનું** નામ શું 'ત્યાગ' કહોછો કે?

પ્રેમી મિત્રો! બધું જાય તો જવા દો, પણ 'પ્રેમ'ને ન જવા દેશો. દુનીયાપર અર્થાત્ દુનીઆના ત્હમારા જેવા જ **આત્માઓ** પર પ્રેમ રાખો, એમનું ભલું ચાહો, એમના સુખ અને આનંદ માટે બનતું કરો, પોતાના સુખનો ભોગ આપવો પડે તો તે ભોગે પણ બીજાને સુખ

આપો, સુખ ન આપી શકો તો તટસ્થ રહો પણ દુઃખના કારણભૂત તો ન જ બનશો—ન જ બનશો-મુરબ્બીઓ ! ન જ બનશો.

જુઓ જુઓ, આપણા દાદા મહાવીરનો પ્રેમ ! આહા તે કેવો નિઃસ્વાર્થી પ્રેમ હતો ! પ્રેમના સાગર તુલ્ય મહાવીર દેવે ગોશાળાને તેજો લેશ્યા જેવી વિદ્યા શિખવી ત્હારે તેઓ પોતાના જ્ઞાનબળથી જાણતા તો હતા જ કે ભવિષ્યમાં આ માણસ મ્હને જ આ વિદ્યાથી પજવનાર છે. તથાપિ મિત્ર તેમજ શત્રુ તમજ મુસાફરઃ સર્વ ઉપર એક સરખો પ્રેમ ધરાવનાર તે પ્રભુએ દયાબુદ્ધિથી—ઉપકાર બુદ્ધિથી ત્હેને વિદ્યા આપી અને પછી પોતે ત્હેના હાથે અનેક પરિસહ શાન્ત ચિત્તે સહન કર્યા. શુદ્ધ પ્રેમના ભોક્તા કદી કોઇના અવગુણ તરફ જોતા નથી. ગુણી તેમજ અવગુણીને સુખ આપવું એ જ 'પ્રેમી' નો મંત્ર હોય છે. અને એ મંત્રનો પ્રતાપ આજે ઘણાજ થોડા માણસો જાણે છે. 'હૃદયના પ્રેમ' ની મુંગી અસર સામા માણસ પર વ્હેલી કે મોડી પડયા સિવાય રહેતી નથી જ અને ગોસાળા જેવા મહાવીરના હડહડતા શત્રુ—નિંદક અને પ્રતિસ્પર્ધીએ આખરે એમ કહ્યું છે કે: "હે ભક્તો ! હું ધૂર્ત્ત છું, હું વીરનો નિંદક છું, હું એ સાધુના ઘાતનો કરનારો છું; મ્હારા જે પાપી શરીરવડે આવાં કુકર્મો થયાં છે તે શરીરને કૂતરાના મડદા માફક આખા ગામ વચ્ચે થઈ ઘસડીને મ્હારી નિંદા કરજો !" આવી શુભ ભાવના મલીન ગોશાળાના મનમાં ક્ય્હાંથી આવી ? માત્ર 'પ્રેમ'ના ખજાના તુલ્ય મહાવીર પ્રેમીની બૅટરીમાંથી નીકળેલા વિ તપ્રવાહે જ ગોશાળાના હૃદય રૂપ બૅટરીને શુદ્ધ કરી અને ત્ય્હાં 'પ્રેમ' નો દીવો પ્રકટાવ્યો. વંદન હો તે બૅટરીને ! વંદન હો તે બૅટરીના માલેક તેમજ ત્હેનાં પાત્રોને !

એક બીજું દૃષ્ટાંત. પ્રેમના ખજાના રૂપ મહાવીર પિતાને ત્હેના એક બાળકે-એક નાગે ડંશ કર્યો તે છતાં તે પ્રેમી પિતાએ ત્હેને માટે નિર્દય ક્રિયા તો શું પણ નિર્દય ભાવના પણ ન ભાવતાં અમૃતમય ઉપદેશથી તાર્યો અને સદ્‌ગાત પ્રાપ્ત કરાવી. ઝેરી નાગ તરફ પણ પ્રેમ દૃષ્ટિ રાખવી એનું નામ 'સાધુતા' હોય, તો પછી માણસ પર- રે સ્વધર્મી પર- રે ઉપકારી પુરૂષ પર દ્વેષ બુદ્ધિ રાખનાર-નિંદક ભાવ રાખનાર-ખોટું ચિંતવનાર પુરૂષને 'સાધુ' ક્ય્હાંથી જ કહી શકાય ? એવા સાધુથી પરમાત્મા આ દુઃખથી ખરડાયલી દુનિઆને બચાવે !

'મધુમક્ષિકા' ના કર્તાએ એક સ્થળે લખ્યું છે: "**દિવ્ય પ્રેમ પક્ષપાત વગરનો છે.**" ખરેખર જ્યહાં પક્ષપાત છે ત્યહાં દ્વેષ છે, અને દ્વેષ છે ત્યહાં દુ:ખ છે. હું અથવા મ્હારો અમુક માણસ કે અમુક પદાર્થ જ ઉત્તમ અને બીજા કનિષ્ટ, એવો પક્ષપાત ખરે જ ક્લેષનો ઉત્પાદક છે. એ જ ભિન્નભાવનું મૂળ છે; અને જ્યહાં ભિન્નભાવ દાખલ થયો ત્યહાં દિવ્ય પ્રેમ ઢંકાઇ ગયો !

પ્રેમી બન્ધુ ! આંખ ખોલ, પ્રેમનાં ચસમાં પહેરી લે; પ્રેમથી ભરપુર આ વિશ્વ તરફ દૃષ્ટિ કર. જ્યહાં જ્યહાં પ્રેમ જુએ ત્યહાં ત્યહાં ભ્રમરવૃત્તિ કર. પ્રેમ સિવાય બીજું કાંઇ જોવાને તું થોભે છે જ શા માટે ? શ્રી "દશવૈકાલીક સૂત્ર"ના કર્તાના ઉપદેશ અનુસાર બધામાંથી મધ જ ખેંચવાનું ત્હારૂં કામ છે તે યાદ કર.

"**હૃદયના પ્રેમ વગર સાચી પરોપકાર વૃત્તિ સંભવે જ નહિ.**" પ્રેમ માટે જ જીવો; પ્રેમ માટે જ મરો. પ્રેમને જ વાંચ્છો; જીવિતવ્યને નહિ......પ્રેમને જ વાંચ્છો; મૃત્યુને નહિ.

પ્રેમનું કંઇક અંશે મલીન કે સ્વાર્થી પ્યાલામાં પડેલું કિરણ પણ કેટલું ચળકે છે તે વિચારો. એક દૃષ્ટાંતથી આનો ખ્યાલ આપી શકાશે. ફરહાદ નામનો પ્રેમી પુરૂષ **સીરીન** નામની કન્યાને મેળવવા **બગદાદ** પર્વતને તોડીને રસ્તો કરવા મથતો હતો, એવામાં ઈરાનના બાદશાહે ત્હેને ચાર સ્ત્રીઓ મારફત જૂઠ્ઠો સંદેશો કહાવ્યો કે: "તું જેને માટે આવો ભગીરથ પ્રયાસ કરે છે તે કન્યા તો ગુજરી ગઈ !" ફરહાદને જબરજસ્ત આઘાત થયો અને તે ત્યહાં જ મડદું થઇ ઢળી પડયો. એના આવા પ્રેમના ખબર પેલી કન્યાને તે સ્ત્રીઓ મારફત મળતાં તે પણ પોતાના પ્રેમપાત્રની કબરમાં જીવતાં જ દટાઇ મૂઇ. દુનિઆ આ પુરાણા કિસ્સા ઉપર આજ સુધી સાબાસીના પોકાર કર્યા કરે છે.

એથી જરા **વધુ નિર્મળ** પાત્રમાં પડેલું પ્રેમનું કિરણ હવે આપણે તપાસીએ. દૃષ્ટાંત તરીકે **નેમ** અને **રાજુલ.**

**રાજુલનો નેમ** તરફનો કેવો પ્રેમ ! હજારો જીવ (માંસાહાર માટે કપાનારા પશુ) તરફના '**પ્રેમ**'ને ખાતર એક જીવ (ભવિષ્યની પત્ની) ને છોડવા તૈયાર **થયેલા નેમનો વિશાળ** પ્રેમ કેવો **અનુકરણીય** છે ! **અને તે**

'પ્રેમી' પાછળ મુગ્ધ થયેલી મુગ્ધા પણ ભર યૌવનમાં છતાં ત્હેની પાછળ નીકળી પડી 'મનના પતિ'એ ગ્રહેલો રસ્તો જ ગ્રહે છે એ પણ કેવો ઉચ્ચ પ્રેમ !

ખરા પ્રેમીને--'પ્રેમ'નો પુરતો જથ્થો જેનામાં પ્રગટ થયો છે તેવા પ્રેમીને **નિરાશા** કદી અસર કરી શકતી જ નથી. એનાં પ્રેમી કૃત્યોની ઉલટી નિંદા થાય, એના ઉપર જૂઠાં તહોમતો મૂકાય, એના વિરૂદ્ધ ખટપટો થાય, એના પ્રેમનો પડઘો પડતાં વિલંબ થાય તો તે કશાથી પણ ત્હેને નિરાશા થતી નથી; કારણ કે તે જાણે છે કે પ્રેમના જથા પર તેમજ પ્રેમના પાત્રની યોગ્યતા પર : એમ **બે બાબતો પર** વિજયનો આધાર હોવાથી વખતે ઇચ્છિત પરિણામ આવવાને વિલંબ પણ થાય.

પ્રેમી માણસ કંટાળતો નથી. પ્રેમ એને હિંમત, ધૈર્ય અને શક્તિ ધીરે છે.

પ્રેમી માણસ હદ વગરની સીમામાં રહે છે, એને બંધીઆર હવા પસંદ પડતી નથી. અમુક એક પક્ષ, પંથ કે સંઘાડો જ એનું પ્રેમપાત્ર ન બનતાં આખું વિશ્વ એનું પ્રેમપાત્ર બને છે અને તે પોતાના મ્હોટામાં મ્હોટા આત્મભોગથી પણ સંતુષ્ટ બનતો નથી; કારણકે વિશ્વમાં ઘણું કરવાનું બાકી રહે છે એમ તે જાણે છે. તેથી રાત્રે પણ–જ્‌ય્હારે દુનીઆ ઉંઘતી જણાય છે ત્ય્હારે પણ–અજ્ઞાનમાં ઉંઘતી દુનીઆના હિત અર્થે પોતે તો કરવા જોગ કામોની યોજના ઘડયા કરે છે અગર ત્હેમાંના કોઇ મદદની **તાત્કાલીક** જરૂરવાળા જીવાત્માઓ તરફ શુભ ભાવનાઓ મોકલે છે અથવા જો તે શક્તિમાન હોય તો સૂક્ષ્મ શરીરથી ત્હેની મદદે દોડે છે. 'પ્રેમી' પવિત્રાત્માને મન આખું વિશ્વ બંધુ છે, મદદને પાત્ર છે, પ્રેમને લાયક છે. પવિત્ર તેમજ અપવિત્ર, પુણ્યશાળી તેમજ હીણપુણીઆ, પ્રશંસક તેમજ નિંદક, સર્વ ત્હેના 'પ્રેમ'નો હક્ક ધરાવે છે એમ ત્હેનું વિશાળ મન માને છે, તેથી કોઇને પણ ત્હેના તિરસ્કારનો ડર રાખવાનો રહેતો નથી.

પ્રેમી પુરૂષ ચર્ચા કરવા નવરો નથી; એને જે કાંઇ સારૂં લાગ્યું તે રસ્તે એટલું તો **કામ કરવાનું** હોય છે કે જેમ એને ઘોરવાનું કે ખાવાપીવામાં મચ્યા રહેવાનું પાલવતું નથી; તેમજ ચર્ચા કે વાદવિવાદમાં મીનીટ ગુમાવવી ત્હેને પાલવતી નથી; તો પછી નિંદા કે બડાઇનો તો વિચાર માત્ર પણ ત્હેને કેમ કરી પાલવી શકે ?

પ્રેમીને છળ-કપટની કાંઇ જરૂર જ રહેતી નથી. આખી દુનીઆને જો એના પ્રેમનું પાત્ર માનવાનું હોય તો પછી તે છળ-કપટ કોની સાથે ખેલે? એને તો છળ-કપટ ખેલનારની પણ 'સેવા' કરવાની છે; એ હેના પ્રત્યે પણ 'પ્રેમ' જ બતાવશે, બીજી કોઇ લાગણી નહિ.

'પ્રેમી' ને જ્ઞાન વગર ઘડીએ ચાલતું નથી. જે માતાનો પુત્ર કૂવામાં પડી ગયો હોય તે માતાને તે પુત્રને બહાર કાઢવા માટે કયો રસ્તો **સારામાં સારો** એ બાબતના જ્ઞાનની કેટલી બધી જરૂર જણાય છે! કયે રસ્તે હું મ્હારાં પ્રેમપાત્રોને **વધુમાં વધુ** મદદ **થોડામાં થોડા વખતના ભોગે** કરી શકું, કે જેથી બાકીનો વખત બીજાં વધુ પ્રેમી કામો પાછળ ખર્ચી શકાય: આ જ વિચાર પ્રેમીઓને અહોનિશ આવ્યા કરે છે. તેઓ પોતાના શરીરબળ, મનોબળ, વખત, ભાષા વગેરેના વ્યય **બહુજ કરકસરથી** કરેછે, કારણકે એ વડે બીજાં ઘણાં કામ કરવાનાં છે. "એમને હમેશાં **અપ્રમત્ત** દશામાં રહેવું પડે છે."

જે 'કાંઇ' **ક્રિયા**—જે કાંઇ **વિધિ**—જે કાંઇ **શાસ્ત્ર**—જે કાંઇ **આશ્રમ**—જે કાંઇ **જગા**—જે કોઇ **મનુષ્ય**—જે કાંઇ **પદાર્થ**—જે કાંઇ **બનાવ** માણસની અંદર ગુપ્ત રહેલા પ્રેમના બીજને પાણી પાય છે— હેને સુંદર સુગંધીદાર ગુલાબના પુષ્પના રૂપમાં ખીલવે છે તે સર્વ મુબારક હો!

તે 'ધર્મ' નથી, તે 'ક્રિયા' નથી, તે 'શાસ્ત્ર' નથી, તે 'દેવ' નથી, કે જેનાથી પરમ પવિત્ર—શુદ્ધતમ 'પ્રેમ' ના પુષ્પને ઉખેડી નાખવાનું જ કામ બનતું હોય.

સઘળા 'ધર્મ'નો, સઘળી 'ક્રિયા'ઓનો, સઘળાં શાસ્ત્રોનો, સઘળા મહાજનોનો, સઘળા જપ-તપનો મુખ્ય અને એકનો એક આશય ગુપ્ત રહેલા પ્રેમ પુષ્પને ખીલવવાનો અને એનાં પાંખડાંને વિકસાવીને આખા વિશ્વ ઉપર સુગંધીમય શીતળ છાયા કરવાનો જ છે.

ઓ પ્રેમી આત્માઓ! હમને એ શીતળ છાયા પ્રાપ્ત થાઓ!

'સ્થાનક સ્પૅકટેટર'.

# જૈનેતર લોકો 'રામ' નામ અનાદિ કહેછે તે જૈન દૃષ્ટિએ ખરૂં છે કે કેમ?

દરેક ચોવીશીમાં ૬૩ શલાકા (પ્રખ્યાત) પુરૂષો હોય છે. જેવા કે:- ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્ત્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બળદેવ. ચક્રવર્ત્તી છ ખંડના અધિપતિ હોય છે અને વાસુદેવ તથા પ્રતિવાસુદેવ (વાસુદેવના પ્રતિપક્ષી) એ બે ત્રણ ત્રણ ખંડના અધિપતિ હોય છે. એટલે કે આ ત્રણે પદ્વીધરો **રાજ્ય**ના અધિકારી હોય છે; અને તીર્થંકર તથા બળદેવ એ બે **દિક્ષા**ના અધિકારી હોય છે, તેથી આ છેલ્લા બે સર્વને પૂજવા યોગ્ય ગણાય છે.

**તીર્થંકર** મહારાજનું પિછાન સર્વ જૈનોને અવશ્ય હોય છે જ, પરંતુ **બળદેવનું** પિછાન થોડા જનોને હોય છે, તેથી આ નીચે તત્ સંબંધમાં થોડું ધ્યાન આપવું દુરસ્ત ધાર્યું છે.

વાસુદેવના જેષ્ટભાઇને **બળદેવ** કહે છે; બળદેવનું બીજું નામ **રામ** છે. 'સાધુવંદણા'માં કહ્યું છે કે—"એણી અવસર્પિણીમાં, આઠ રામ ગયા મોક્ષ, બળભદ્ર મુનીશ્વર, ગયા પંચમ દેવલોક." એનો ભાવાર્થ એ છે કે આપણા ભરતક્ષેત્રની વર્તમાન અવસર્પિણીમાં ૯ રામ (બળદેવ) પૈકી ૮ રામ મોક્ષ ગયા અને નવમા રામ **બળભદ્ર** પાંચમા દેવલોકે ગયા.

આઠમા **રામનું નામ રામચંદ્ર** અથવા **પદ્મ** હતું અને હેમના નાનાભાઈ (વાસુદેવ) નું નામ **લક્ષ્મણ** હતું. નવમા રામનું નામ **બળરામ** અથવા **બળભદ્ર** હતું, હેમના નાનાભાઇ (વાસુદેવ)નું નામ **કૃષ્ણ** હતું.

સદરહુ હકીકતથી સમજાય છે કે—**પદ્વી**વાચક 'રામ' શબ્દ અનાદિ છે એટલે કે દરેક ચોવીશીમાં હોય છે અને **નામ**વાચક 'રામ' શબ્દ, આપણા ભરતક્ષેત્રના આઠમા બળદેવ (રામ) **શ્રી રામચંદ્રજી** અપરનામ **શ્રી-પદ્મ** માટે છે.

શ્રી રામચંદ્રજી વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામિના વારે આઠમા બળદેવ (રામ) હતા.

# માત્ર કસરત વડે, દરેક વ્યાધિ મટાડવાનું શાસ્ત્ર.

મી. દીનશાહ શાહપુરજી હોમીઆરે એક રોજીંદા પત્રમાં આ વિષય પર કેટલુંક અજવાળું પાડ્યું હતું, ત્હેને આધારે થોડુંક વિવેચન કરવાનો અત્ર ઇરાદો રખાયો છે.

કસરતથી માણસને, વગર ખર્ચે, **તનદુરસ્તી** તેમજ **બળ** બન્ને મળે છે. છતાં આશ્ચર્યની વાત છે કે, મ્હોટા મ્હોટા કસરતબાજ અને તાલીમ કરનારાઓ પૈકી કેટલાકો ન્હાની ઉમરે મરણ પામે છે. આ અસ્વાભાવિક પરિણામ આવવાનું કારણ એ છે કે, કોઈ પણ જાતના હથીઆર, ઓજાર, યંત્ર કે કોઈ **ચીજ મારફત** કસરત કરવાથી તનદુરસ્તીને નુકશાન લાગવાનો સંભવ રહે છે.

'કસરત' શાસ્ત્રને લગતી મુખ્ય મુખ્ય **વ્યવહારૂ** બાબતો અત્રે બતાવવા કોશીશ કરવામાં આવશે. તે બાબતો એવી છે કે, જેનો અમલ કરવા—જેને અજમાવવા દરેક માણસને ભલામણ કરવી એ મ્હારૂં કર્ત્તવ્ય સમજું છું. તનદુરસ્તીની જેને 'ગૃહસ્થ' જેટલી જ જરૂર છે એવા **'ત્યાગી'ઓ** પણ આ **નિર્દોષ** કસરત કરીને પોતાની તનદુરસ્તી અને માનસિક જુસ્સો જાળવી શકે.

( ૧ ) કોઇ પણ ચીજની મદદ વગર જ કસરત કરવી વધારે હિતકારક છે.

( ૨ ) દૃઢ 'સંકલ્પબળ' ( Will power ) સાથે કસરત કરવી. કસરતની મુખ્ય ચાવી 'સંકલ્પ બળ' છે. જડ પદાર્થની માફક હાથ-પગ કે માથું ફેરવવાથી કાંઈ ઇચ્છિત તનદુરસ્તી મળી જશે નહિ; પણ જે જાતનું દરદ ટાળવાનું હોય કે જે જાતનું બળ કે શક્તિ પ્રાપ્ત કરવાની ઉમેદ હોય તે દરદ અને તે શક્તિ પર, તે કસરત કરતી વખતે, મનને ચ્હોંટાડવું અથવા એકાગ્ર કરવું જોઇએ. "તે દરદ આ કસરતથી દૂર થવા માંડે છે—તે ઇચ્છિત શક્તિ આ કસરતથી મ્હારા શરીરમાં આવવા લાગે છે"

એવા 'સંકલ્પ' અથવા 'ભાવના' મનમાં ઘોળાયાં કરે એ બાબત કાળજી રાખવી જોઇએ. શરીરશાસ્ત્રના ઉસ્તાદો તેમજ અધ્યાત્મીઓએ આ બાબત પર પોતાની શીહ્રાગીરી બતાવેલી છે.

(૩) સ્વચ્છ ખુલ્લી હવામાં કસરત કરવી જોઇએ અને ખોરાક જેમ બને તેમ સાદો તથા પોશાક ખુલ્લો વાપરવાનો નિયમ રાખવો જોઇએ. આટલી શરતો પાળીને નીચેની કસરતો કરનાર માણસ લાંબું અને તનદુરસ્ત આયુષ્ય ભોગવે છે.

(૪) કસરત પાંચ રીતે થઇ શકે:—

૧. હાથની જૂદી જૂદી રીતે હીલચાલ કરી વાળવાથી.
૨. પગની જૂદી જૂદી રીતે હીલચાલ કરી વાળવાથી.
૩. શરીરના ઉપલા અડધા ભાગને જૂદી જૂદી રીતે વાળવાથી.
૪. માથા તથા ગરદનને જૂદી જૂદી રીતે વાળવાથી.
૫. હાથ પગ તથા શરીરના બધા અવયવોને એકી વખતે વાળવા તથા હલાવવાથી.

આ પાંચ પ્રકારની કસરતો **કેવી રીતે** કરવી તે હમણાં જ વિચારીશું. અને ત્યાર બાદ, એ કસરતોથી ક્યાં ક્યાં દરદો મટે છે તે વિચારીશું.

## હાથની કસરતો.

હાથને જૂદી જૂદી રીતે વાળવાથી અને હલાવ્યાથી શરીરના ચોકસ અવયવોને ગતિ મળે છે અને તેમ થવાથી તે તે ભાગોમાં લોહી ફરે છે અને નિરોગીપણું પ્રાપ્ત થાય છે.

કસરત કરતી વખતે સીધા ઉભા રહેવું, પગની એડી એકમેક સાથે લગાડવી, ઘુંટણ સરખા રાખવા, છાતી બહાર કહાડવી, પેટ અંદર લઇ જવું, હાથ ઝુલતા રાખવા, ખભા પાછળ લઇ જવા, ગરદન સીધી રાખવી, અને સામું જોવું.

એવી રીતે ઉભા રહીને નીચે મુજબ જૂદી જૂદી કસરતો કરવી:-

(૧) ઉપર લખ્યા પ્રમાણે ઉભા રહી બન્ને હાથના ખભાને ઉપર ચ્હડાવવા, નીચે ઉતારવા, પાછળ લઇ જવા, આગળ લાવવા; એ પ્રમાણે ૩ થી ૧૦ વખત કરવું. જ્યહારે ખભા ઉપર અને પાછળ જાય ત્યહારે દમ નાક વાટે ખેંચવો; જ્યહારે ખભા આગળ અને નીચે જાય ત્યહારે ખેંચેલો દમ છોડવો.

આ કસરત ભેજાનો સોજો, સળેખમ તથા હવાને લગતા માર્ગો, ફેફસા તથા હૃદયને ફાયદો કરે છે.

(૨) આ બીજા નંબરની કસરત, પહેલા નંબર મુજબ જ કરવાની છે; પરન્તુ ખભાને બદલે બન્ને હાથને હલાવવાના છે. જમણો હાથ જમણા ખભાની લાઇનમાં, જમણી બાજુએ, અને ડાબો હાથ ડાબા ખભાની લાઇનમાં, ડાબી બાજુએ, સીધો લંબાવી ગોળ કુંડાળામાં ૫ થી ૧૦ વખત હલાવવો. છાતી બહાર રાખવી. માથું હલાવવું નહિ.

આથી પણ નં. ૧ ની કસરત જેવો જ ફાયદો થાય છે.

(૩) નં. ૨ વાળી કસરત મુજબ બન્ને હાથને કસરત આપવી, હાથ ફેરવવાનો ચકરાવો જરા મ્હોટો લેવો.

આ કસરત, હાથની–છાતીની તથા ગરદનની નસોને મજબુત કરે છે.

(૪) બન્ને હાથ માથા ઉપર લઇ જઇ ઉંચા કરવા અને પછી ઝડપથી છાતી સામે સીધા કરવા અને તુરત બન્ને બાજુ પર પડતા નાખવા. જ્યહારે હાથ ઉંચા કરો ત્યહારે દમ લેવો, છાતી સામે આવે ત્યહારે દમ રોકવો, અને નીચે પડે ત્યહારે દમ છોડવો; એમ ૫ થી ૧૦ વખત કરવું.

આ કસરત, ફેફસાંને તથા દમને માટે અકસીર છે.

(૫) નં. ૪ વાળી કસરત મુજબ કરવું; પણ હાથ છાતી સામે લઇ જવાને બદલે ખભા સામે લઇ જવા તથા માથા પર આવતાં બન્ને હાથની હથેલી એકમેકને લાગે તેમ કરવું.

એ પ્રમાણે ૮ થી ૧૨ વખત કરવું.

આ કસરત, છાતી અને ફેફસાના દરદમાં તથા ક્ષય વગેરે રોગો માટે અકસીર છે.

(૬) બન્ને હાથને સરખા બન્ને બાજુએ પગને લગાડીને રાખવા. પછી બન્ને હાથને ઘુંટીમાંથી વાળવા. પછી એકદમ એક ઝટકા સાથે છાતી સામે લાંબા કરવા અને ધીમે ધીમે પાછા અડધા વાળવા, પછી, એકદમ છાતી ઝટકા સાથે ખભા સામે લાંબા કરવા, અને ધીમે ધીમે પાછા અડધા વાળવા, એવી રીતે કે જેથી હાથનાં આંગળાં ખભાને વાગે. પછી ત્યહાંથી

બીજા ઝટકા સાથે માથા ઉપર લઇ જવા અને વાળવા. શરીર તથા માથું હલાવવું નહિ અને માથું તથા ખભા સીધા રાખવા.

એમ ૧૦ થી ૧૫ વખત કરવું.

આ કસરત, છાતીને પહોળી કરવામાં, લોહીનો ફેલાવો કરવામાં, ખભા સીધા કરવામાં, ફેફસાં મજબુત બનાવવામાં તેનજ હાથને મજબુત કરવામાં બહુજ ઉપયોગી છે.

(૭) બન્ને હાથની મુઠી બંધ કરવી. હાથ અડધા વાળેલા રાખવા, કે જેથી બંધ મુઠી ખભાને અડે. પછી એક ઝટકા સાથે એક હાથ ખભાની લાઇનમાં લાંબો કરવો અને મુઠી ખોલી નાખવી. પછી તે હાથ પાછો ખેંચી લેઇ બીજા હાથને તેમ કરવું.

આ પ્રમાણે ૧૦ થી ૨૦ વખત કરવું.

(૮) બન્ને હાથ ઝુલતા રાખવા; પછી એક હાથ માથાથી પગ તરફ જાય તેમ ગોળ ને ગોળ ખુબ જોરમાં ફેરવવો; પ્રથમ તો સીધો અને તે પછી ઉલટો એમ ૨૦ થી ૪૦ વખત ફેરવવો. પછી તે જ પ્રમાણે બીજો હાથ ફેરવવો.

આ કસરતથી શરીરના ઉપલા ભાગોમાં લોહીનો સારો ફેલાવો થાય છે.

(૯) હાથની મુઠી વાળીને પછી જેટલો બની શકે તેટલો હાથ ખુલ્લો કરવો અને પોતાની મેળે જેટલાં બની શકે તેટલાં આંગળાંઓને ખેંચાવા દેવાં. એમ ઝડપથી ૧૦ થી ૧૨ વખત, પ્રથમ એક હાથને અને પછી બીજા હાથને, કરવું.

આ કસરતથી, વાજીંત્ર વગાડનારાનાં આંગળાંને ઘણી તનદુરસ્તી મળે છે.

⁂ ઉપર કહેલી, હાથને લગતી ૯ કસરતો ઘણાં દરદોને દૂર કરે છે અને દરરોજ ½ કલાક કરવાથી થાક બીલકુલ ચ્હડતો નથી. યાદ રાખવું કે દરેક વખતે હાથ ઉપર જાય ત્યારે નાક વાટે દમ લેવો અને હાથ નીચે જાય ત્યારે નાક વાટે જ દમ છોડવો. બનતાં સુધી ખાસ કરી મ્હોડું બંધ જ રાખવું.

## પગની કસરતો.

( ૧૦ ) સીધા ઉભા રહી જમણો પગ જેટલો બની શકે તેટલો જમણી બાજુ અને ડાબો પગ ડાબી બાજુ એમ અવારનવાર ૩ થી ૧૦ વખત લંબાવવો.

( ૧૧ ) નં. ૧૦ માફકજ કરવું, પણ દરેક પગ પેટની સામે લંબાવવો અને ધીમે ધીમે પાછો નીચે ફરવો.

( ૧૨ ) ઉપર પ્રમાણે જ કરવું, પરન્તુ પગ લંબાવ્યા પછી ઘુંટણમાંથી વાળવા; એમ ૫ થી ૧૦ વખત કરવું. છાતી બહાર રાખવી અને બન્ને હાથ માથા ઉપર જોડેલા ઉપર લઇ જવા.

નં. ૧૧ તથા ૧૨ વાળી કસરત પગને મજબુત કરી, પેટ માંહેના ભાગને જોર આપે છે તથા તે જગ્યામાં લોહીને સારી રીતે ગતિમાન કરે છે. કબજીઆત ઉપર આ કસરત અકસીર છે.

( ૧૩ ) એક પગ ઉપર ઉભા રહી બીજા પગને આગળ તથા પાછળ ખુબ ઝાટકીને હલાવવો. એ વખતે બન્ને હાથો ગરદનના પાછલા ભાગમાં દાબી રાખી છાતી ખુબ બહાર કહાડવી. અથવા તો એક હાથે ગરદનને પાછળથી પકડી રાખી, બીજા હાથે ટેબલ કે ભીંતનો ટેકો રાખી, શરીરને સમાન સ્થિતિમાં રાખી, ૫ થી ૧૦ વખત પગને જોરથી ઝાટકવો.

આ કસરત, માથા અને શરીરના ઉપલા ભાગોનું લોહી પગ તરફ ખેંચી લઇ જાય છે, જેથી માથામાંના દુખાવા, ફેફસાના સોજા, ઠંડા પગ વગેરે દરદો મટે છે.

( ૧૪ ) પગની બન્ને એડીને સાથે જોડી જમીનથી અદ્ધર કરવી અને પછી બન્ને પગ ઘુંટણમાંથી અડધા વાળવા ને પાછા સીધા કરવા. એવી રીતે ૧૦—૧૫ વખત ઉઠબેસ કરવાથી કમર તથા આંતરડાને ફાયદો કરે છે.

( ૧૫) બન્ને પગની એડી જેટલી બને તેટલી ઉંચી કરીને પગનાં આંગળાં પર ઉભા રહેવું તથા એક પગલું આગળ, પછી એક પગલું પાછળ એમ હીલચાલ કરવી. પગની એડી જમીનને લાગવા દેવી નહિ.

પગની, ઉપરની કસરતો ગુરદા, પેટ, આંતરડાં તથા લોહીની ગતિને અત્યંત લાભકારક છે.

## કમરની કસરતો.

(૧૬) સીધા ઉભા રહી પગને મજબુત ઠેરવી, કમરે હાથ દઇ કમરને આગળ તથા પાછળ વાળવી; છાતી બહાર રાખવી; એમ ૫-૧૦ વખત કર્યા પછી કમરને બદલે, ગરદનપર બેઉ હાથ રાખી, કમરને આગળ તેમજ પાછળ ખુબ વાળવી તથા દરેક હીલચાલ વખતે જરાવાર કમરને પાછળ વાળેલી રાખવી. વળી બીજી વખત માથાપર બેઉ હાથ રાખી, પગ પોહોળા કરી કમરને વાળવી, પછી માથાપર હાથ ઉંચા કરીને તથા એક પગ આગળ પાછળ રાખીને કમર આગળ તથા પાછળ વાળવી. એવી રીતે દરેક બાજુથી કમરને ૫ થી ૧૦ વખત દરેક રીતે વાળવી.

(૧૭) સીધા ઉભા રહી જમણી બાજુ કમર વાળવી, એવી રીતે કે જમણા હાથનાં આંગળાં જમણા પગની છેક હેઠે ઘુંટીને લાગે. તેમજ ડાબી બાજુ કરવું.

(૧૮) સીધા ઉભા રહી શરીરનો ઉપલો ભાગ કમર સુધીનો, પગ ખસેડયા વગર દરેક તરફ વાળવો.

(૧૯) એક પગપર ગુઠણીએ પડો, બીજો અડધો વાળી, હાથ માથા તરફ ઉંચા ધરી, કમરને વાળવી. એમ અવારનવાર ડાબા--જમણી ગુઠણપર બેસીને ૪ થી ૫ વખત કરવું. આ કમરની કસરતો આખા શરીર માટે ઘણીજ ઉપયોગી છે. મસા, અજીર્ણ, ક્ષય, કમરનાં દરદો; ગુરદાનાં તથા આતરડાંનાં દરદો તથા બરડાની કરોડ અને શરીરના લોહીના ફેલાવાને બરોબર કરે છે તથા પિત્તવિકારને તોડે છે.

## માથાની કસરતો.

(૨૦) તદ્દન સીધા, છાતી બહાર કહાડી, ઉભા રહેવું; અને માથાને ધીમે ધીમે છાતી તરફ નીચું કરવું. પછી બરડા તરફ, પછી જમણી તરફ અને પછી ડાબી બાજુ, એમ ચારે દિશાએ વાળવું. દરેક હીલચાલ ૩ થી ૪ વખત કરવી.

(૨૧) ઉપર પ્રમાણે માથાને જમણી તથા ડાબી બાજુ વાળવું, પણ ગરદન તદ્દન સીધી રાખવી; ગરદનને વાળવી નહિ. ફક્ત ખોપરીને જ બની શકે તેટલી નમાવવી.

( ૨૨ ) સીધા ઉભા રહી, માથાને ગોળ કુંડાળામાં ધીમે ધીમે ફેરવવું. શરીર તદ્દન શાંત અને સીધું રાખવું, પણ માથાને ગોળ ફેરવવું, પહેલે જમણી બાજુએથી ડાબી તરફ ને પછી ડાબી બાજુથી જમણી તરફ એમ ૪ થી ૫ વખત કરવું.

## સંયુક્ત હીલચાલ.

આ કસરતમાં હાથ, પગ, માથું, કમર વગેરે સર્વે સાથે વાળવાથી બેઠક મારવાથી દમ ખેંચવા વગેરે હિંદી તાલીમમાં જેવા રીતે કસરતો કરવામાં આવે છે તેમ શરીરને વાળવાથી ઘણાંક દરદો તથા શરીરના અવયવોની ખોડખાંપણો દુર થાય છે.

( ૨૩ ) પગના અંગુઠા અને હાથની હથેલી જમીનને લગાડી બાકીના આખા શરીરને જમીનથી અલગ કરવું. પછી ધીમે ધીમે હાથ વચ્ચે ‘ ખુંટી ’ માંથી વાળીને પાછા સીધા કરવા.

( ૨૪ ) બેસીને ઉભા રહીને અથવા સુતા સુતા દમ અંદર ખેંચી પેટને વળગાડી દેવું અને તરત પાછું ફુલાવવું; એમ ૪ થી ૬ વખત કરવું. ગમે તેવી થાક, ગમે તેવી **બીક અને ધાસ્તી**, ગમે તેવી **નાતવાની,** સર્વે એમ કરવાથી નાબુદ થઇ મુડદાને **મરદ બનાવે** છે !

( ૨૫ ) જમીન ઉપર બરડો ટેકવીને સુવું; પછી એક પગ ધીમેધીમે જેટલો બની શકે તેટલો ઉંચો કરવો; પછી બીજો કરવો; એમ ૩ થી ૧૦ વખત અવારનવાર એક પછી એક પગ ઉંચો કરવો.

( ૨૬ ) બીછાનામાં અડધા પગ જમીન તરફ ઝુલતા રાખી સુવું અને પછી કમરને બીછાનાથી સેહેજ ઉંચકી અલગ રાખવી.

( ૨૭ ) બીછાનામાં જમણી અથવા ડાબી બાજુ ટેકવીને સુવું; પછી એક હાથે ટેકો દઇ ફક્ત પગ બીછાનાને અડેલી રાખી, આખું શરીર બીછાનાથી અલગ કરવું.

(૨૮) તાલીમ કરનારાઓ છાતી ખીલવવા તથા દમ ઘુંટવા દમ મારે છે તેમ દમ મારવા તથા બરડાના કાઠાને ખુબ વાળવો.

## આ કસરતો કુદરતના નિયમાનુસાર છે.

ઉપર લખેલી સઘળી કસરતો જો કે તે દેખીતી રીતે હસવા સરખી જણાશે તો પણ તે કુદરતના નિયમ અનુસાર અને સાયન્ટીફીક હોવાથી તનદુરસ્તીને સાચવનારૂં આખું શાસ્ત્ર એમાં સમાઈ જાય છે.

ઘોડો પોતાની જગાએ પગ પહોળા કરી, કમર વાળી, પોતાની પુંછડી આખા શરીર પર ઝાટકી, શરીરના અવયવો છૂટા કરે છે. તેવીજ રીતે ગધેડું આળોટીને, બીલાડી આળસ ખાઈ પંજા વડે શરીર સાફ કરીને, પોપટ ચાંચ વડે રૂવાં ઠુંસીને, મરઘી એક પગ લાંબો કરીને અથવા તો પાંખ ફફડાવીને કસરત કરે છે. અને માણસ પોતે પણ સ્હવારે ઉઠતાની સાથે આળસ મરડી કસરત કરે છે.

તેમજ અમારૂં જણાવેલી સાદી હીલચાલો મનુષ્યશરીરને પુરતી કસરત આપવા માટે શ્રેષ્ઠ અને **સ્વાભાવિક** છે. એ કસરતોથી નીચે જણાવેલાં દરદો દૂર થાય છે એમ વિદ્વાનોએ **અજમાએસ કર્યા પછી જ** અભિપ્રાય જાહેર કર્યો છે.

## જુદાં જુદાં દરદોપર વપરાતી કસરતો.

સળેખમ માટે નંબર ૧, ૨, ૨૦, અને ૨૧ અને ૨૨ વાળી કસરતો.

ઠંડા પગ માટે નંબર ૧૩, ૧૫: ઠંડા હાથ માટે નંબર ૮ ને ૯; ઝાડાની ચાલુ કબજીયાત માટે નંબર ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬.

બરડાના કાઠા માટે ૬, ૭, ૧૪, ૧૫, ૧૬ અને ૨૩; નબળી પાચન શક્તિ તથા અજીર્ણ માટે ૧૧, ૧૨, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ વાળી કસરતો કરવી.

મસા તથા લોહી પડવા માટે ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૩; કમતી ઉંઘ અને બેચેની માટે ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૨૦, ૨૧ અને ૨૨; કમરનું અડી જવું ૧૦, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૩; છાતી અને ફેફસાંની ખીલવણી માટે ૩, ૪, ૬, ૭ અને ૧૬.

## શરીરની જાડાઇ કમતી કરવા માટે.

૧૧, ૧૨, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૩, ૨૪ અને ૨૫ (આ અજમાવેલી છે અને રામબાણ અસર છે.)

પગની ઘુંટી તથા રૂમેટીઝમ (સંધીવા) માટે ૨૦, ૨૧ અને ૨૨; ખભાંને માટે ૩ અને ૬; પેટ આંતરડાં વગેરે માટે ૧૧, ૧૨, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૩ અને ૨૬; હાથને માટે ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ તથા ૯; કમરને માટે ૪, ૫, ૬, ૭, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૨૩. હૃદય માટે તથા 'હાર્ટ–ડીસીઝ' માટે ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૧૬. (આ કસરતો ધીમે ધીમે રોજ ચાલુ રાખ્યા કરવી.) પગને માટે ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૨૩; ફેફસાંને માટે ૪, ૫, ૬, ૭, અને ૧૬: જ્ઞાનતંતુ તથા દરેક જાતની રગોની નબળાઇ, તથા શરીરની નબળાઇ માટે ૩, ૬, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૨૩.

## સમાપ્તિ.

આ કસરતો દરરોજ સ્હવારે તેમજ સાંઝે, પોતાના ઘરના હવાવાળા ખુલ્લા ખંડમાં અથવા ચોગાનમાં કરવી. ફાયદો અવસ્ય થયા વગર નહિ જ રહે. ગ્રીક, યુનાની અને અસલી ઇરાની લોકોએ આ કસરતોથી જ લાંબી જીંદગી અને તનદુરસ્તી પ્રાપ્ત કરી હતી

યાદ રાખજો કે **મનની** તનદુરસ્ત હાલત માટે **તનની** નિરોગી **હાલત** ઘણી જરૂરની છે. અને તે તનદુરસ્તી મુખ્યત્વે ત્રણ બાબત **પર આધાર** રાખે છે;—

૧ સ્વચ્છતા.

૨ સાદો, નિયમિત અને બરાબર ચવાનો ખોરાક.

૩ કાંઇ પણ હથીઆર વગર કરાતી નિયમિત કસરત."

# શાન્ત મન.

લોકો માને છે કે આવતી કાલે આપણે સુખી થઇશું, અથવા આવતી સાલ કે તેમ પણ નહિ તો આવતા જન્મમાં સુખી થઇશું! તેઓ બીચારાને ખબર નથી કે જેમ જેમ દિવસ જાય છે તેમ તેમ સુખ **ભોગવવાની શક્તિ** ઓછી થતી જાય છે!

તો પછી સુખને ભવિષ્ય માટે શા સારૂ મુલતવી રાખવું?

શા માટે આજે અને અહીંજ સુખી ન થવું ?

જૂદા જૂદા ધર્મના ગુરૂઓ કહે છે કે "સુખ તો મરણ પછી જ મળશે; મરણ પછી સુખ મેળવવા માટે હમણાં દુઃખ ભોગવવા તૈયાર થાઓ !"

**પરન્તુ** 'ગુરૂઓના ગુરૂ'—દેવોના દેવ-ધર્મોના નાયક એવા શ્રી **મહાવીર** તો કહે છેઃ "આ દુનીઆમાં અને આજે જ સુખી થઈ શકાય--**એકાંત** સુખી થઈ શકાય."

"**એકાન્ત સુખી મુનિ વિતરાગી**" એ શબ્દો શું મહાવીરના નથી? છે, તો તે શબ્દો શું આ જન્મને ઉદ્દેશીને બોલાયલા નથી? અલબત.

રાગ અને ત્હેનો પ્રતિપક્ષી દ્વેષ-ધિક્કાર એ બે, બે બાજુની ખાઇઓ છે; અને તે બે વચ્ચે એક સીધો રસ્તો-સડક છે, જેનું નામ 'સ્વ-ભાવ' અથવા 'નિજરૂપતા' છે. જે માણસ તે વચલી સડક પર ચાલે છે તે **એકાંત** સુખી છે—જેને કોઈ પણ જાતનું દુઃખ સ્પર્શી શકતું નથી એટલો બધો તે સુખી છે. જ્યારે **સર્વજ્ઞ પ્રભુ** એમજ ફરમાવે છે કે આ દુનીઆમાં રહેલો જીવ હમણાં જ સુખી થઇ **શકે છે**, તો પછી સુખને વાયદો આપનાર ધર્મગુરૂઓની વાતને આપણે શા માટે આટલું બધું મહત્વ આપવું જોઇએ?

ના; સુખ આજે જ-હમણાં જ-અહીં જ મળી **શકે છે** અને તે 'શાન્ત મન' ના રૂપમાં મળે છે.

'શાન્ત મન' શું ચીજ છે તે આપણે હમણાંજ જોઇશું.

માણસો દુઃખ પામે છે ત્હેનું કારણ એ છે કે, કાં તો તેઓ સુસ્ત મન—**પ્રમાદી મન** ધરાવે છે, અગર તો તેઓ **તોફાની મન** ધરાવે છે. એ બે વચ્ચેનો 'સોનેરી મધ્ય રસ્તો' ત્હેમનાથી અજાણ્યો હોય છે. કે જે રસ્તાનું નામ **શાન્ત મન** છે.

ત્હમે પ્રમાદી થતા ના. મન જો પ્રમાદી બન્યું તો એને અનેક ઉધાઇઓ (**દુર્ગુણો**) ચ્હોંટી જશે અને ત્હેને પ્રતાપે અંતે શરીર પણ ખવાઈ જશે. પ્રમાદી માણસને ને આનંદને કદી દોસ્તી થઇ શકતી નથી.

ત્હમે ત્હમારા મનને **તોફાની** પણ બનવા ન દેશો. આડા અવળા

બાચકા ભરવાથી મનની મર્યાદિત શક્તિ ખર્ચાઇ જશે અને ત્હમારા ઇચ્છિત કાર્ય પાછળ ખર્ચ કરવાને ત્હેનામાં તાકાદ રહેશે નહિ.

શરીરને તનદુરસ્ત રાખજો, સાથે મનને પણ નિરોગી અને વ્યવસ્થિત રાખજો. શરીર મજબુત હશે અને મન રોગી હશે તો ત્હમે દુનીઆન 'પાપ' રૂપ થઇ પડશો. અને જો મન બળવાન થશે પણ શરીર રોગી હશે તો મનના ફૂદકાથી શરીર તૂટવાનું જ. આ છેલ્લો સિદ્ધાંત ખાસ સમજવા જોગ છે. માણસનું શરીર મ્હોટી સ્ટીમરની સાથે સરખાવી શકાય તેવું છે. સ્ટીમરની ઍન્જીનવાળી કોટડી એ જ માણસનું મન છે. એની પછી વરાળનો જથ્થો રહેવાની જગા છે, એ જ માણસનું ચૈતન્ય છે કે જે ચૈતન્ય સ્થૂલ રૂપે ગતિ કરવા ઇચ્છે છે. પેલા વરાળના જથામાંથી ધીમે ધીમે વરાળ ઍન્જીનવાળી કોટડીમાં આવે છે અને સંચાઓને ચલાવે છે, અને એ થોડાક સંચાઓ આખી સ્ટીમરને ગતિ આપે છે. તેમજ ચૈતન્ય પ્રથમ મગજમાં **પ્રકટ થાય** છે અને મગજ શરીરને દોરવે છે. હવે ત્હમે ઍન્જીનીયરને પૂછો: તે કહેશે કે ઍન્જીનવાળી કોટડીમાં કાંઇ પણ અવાજ ન થાય એ બાબત હું ઘણી જ કાળજી રાખું છું. કારણકે બરાબર ચાલતા સંચા કર્કશ અવાજ કરતા નથી–શાંતપણે જ ચાલે છે. ત્હમે પણ ત્હમારા મગજને અવાજ ન કરવા દેશો–ગરબડ–ધાંધલ ન કરવા દેશો; શાન્ત મન જ સૌથી વધારે સારૂં કામ કરી શકશે.

હાથમાં જે કાંઇ આવ્યું તે વાંચ્યું; રસ્તામાં જે કોઇ મળ્યું ત્હેની સાથે વગર સ્વાર્થની વાતો કરવા માંડી; જે કાંઇ જણસ જોઇ ત્હેને નીકાળવા અને તે માટે શિરફોડી કરવા માંડી: આમ મનને ઘડી પણ શાન્તિ ન મળવા દેવી એ મ્હોટી ભૂલ થાય છે. કામ જેટલું કામ કરો; પણ કામ ન હોય એવા વખતે **મનને તદ્દન શાન્ત રહેવા દો, મહાવીરના ચરણમાં એને સુવાડી દ્યો.** ગઇ કાલની કે આવતી કાલની પણ એને ફિકર ન કરવા દેશો.

'શ્રદ્ધા' નો આ જ મુખ્ય લાભ છે. 'શ્રદ્ધા' વાળો માણસ કાંઇ પ્રમાદી કે નિરૂદ્યમી નથી બેસતો. તે પ્રથમ તો સઘળી યોજના વિચારપૂર્વક તૈયાર કરેછે અને પછી તે પ્રમાણે કામ કરીને મહાવીરના ચરણે પોઢેછે.—એને સારા કે ખોટા પરિણામનો વિચાર સરખો પણ થતો નથી. એ શાન્ત મન સાથે પોઢેલા, મહાવીરના શ્રદ્ધાળુ ભક્તની 'સાંચાવાળી ઓરડી' એટલે મન બીજે દિવસે પુર ઉત્સાહથી કામ કરવાને તૈયાર થાય છે.

વરાળ અથવા સુખ અને 'ચૈતન્ય' નો જથ્થો એની 'સાંચાવાળી કોટડી'માં આવ્યાજ કરે છે અને તે (આ લોકમાં વસવા છતાં) અખંડ સુખી–**એકાંત** સુખી બને છે.

# કેમ, આ વાત મનાય છે?

ત્હમે આ વાત માની શકોછો કે નહિ, કે '**જૈનસમાચાર**'ના ગ્રાહકોને જાનેવારી ૧૯૧૧ થી જુલાઇ ૧૯૧૧ સુધીમાં–માત્ર ૭ માસમાં એક–બે નહિ પણ

## સાત અમૂલ્ય પુસ્તકો ભેટ તરીકે

મોકલાઇ પણ ચૂક્યાં છે! અને ઓગસ્ટની ૧૪ મીએ '**દશવૈકાલીક સૂત્ર**' મૂળપાઠ, અર્થ તથા વિસ્તારવાળી સમજુતી સાથે આપવાનું છે!

## કાંઇ મન થાય છે?

એવી એવી ભેટો આપનારૂં **અઠવાડીક 'જૈનસમાચાર'** ખરીદવા ઇચ્છા થતી હોય તો આજથી તા. ૩૧ ડિસેમ્બર ૧૯૧૧ સુધીની મુદત માટે રૂ. ૩) નો **મનીઑર્ડર** મોકલો; એટલે બધી ભેટો ત્હમને મોકલી આપવામાં આવશે. ભેટોનું પોષ્ટ ખર્ચ વગેરે તમામ રૂ. ૩)માં જ સમજવું. આજથી ગમે તે મહીનામાં ગ્રાહક થશો તો પણ તા. ૩૧ ડિસેમ્બર ૧૯૧૧ સુધીનું જ લવાજમ તથા પોષ્ટેજ મળીને રૂ. ૩) લેવામાં આવશે

☞ અને જો ભેટનાં પુસ્તકો લેવાં નહિ હોય તો માત્ર 'પેપર'ની કિંમત તરીકે દર મહીનાના ૦—૫—૦ પ્રમાણે ડિસેમ્બર ૧૯૧૧ સુધીના પૈસા **અગાઉથી મનીઓર્ડથી** મોકલશો કે તુરત પેપર મોકલવામાં આવશે.

☞ ચાતુર્માસમાં ખાસ કરીને આ પેપર દરેક જૈને વાંચવું જોઇએ. એમાં આખા હિંદુસ્તાનના જૈનોને લગતા તથા સાધુઓને લગતા સમાચાર છપાય છે તથા અનેક હિતસલાહો અપાય છે.

## આવતી સાલમાં અમૂલ્ય બક્ષીસો

૧૯૧૧ ના જાનેવારીથી ડીસેમ્બર સુધીના આવતા વર્ષમાં અનેક કિંમતી બક્ષીસો આપવાની છે; જેમાં એક "**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**" છે, કે જેનું મૂલ્ય રૂ. ૬ થી પણ વધુ હાલ તુરતમાં ઉપજે છે. આ ઉપરાંત બીજાં પણ ઘણાં પુસ્તકો બક્ષીસ મળશે. રૂ. ૩) લવાજમમાં ૦--૧૩--૦ તો પોષ્ટ ખર્ચ (પેપરનું) જાય, તો પછી રૂ. ૨--૩--૦ માં ૫૨ અઠવાડીએ બાર માસ સુધી પેપર મળે અને વળી રૂ. ૬)ની એક બક્ષીસ તથા બીજી પણ બક્ષીસો મળે, આ સર્વ હિસાબ લક્ષમાં લેનાર સખસ તો "લક્ષ્મી ચાંડલો કરવા આવે ત્હારે મ્હોં ધોવા નહિ જ જાય"!

ઇચ્છા હોય તો તાકીદે મનીઑર્ડર સાથે જ નામ નોંધાવોઃ—

**મેનેજર, જૈનસમાચાર,**—દાણાપીઠ—**અમદાવાદ.**

---

**સંવત્સરીની કુમકુમ પત્રિકાઃ**—સોનેરી—કાર્ડ તેમજ નોટપેપર પર છાપેલી-મૂલ્ય ૧૦૦ પ્રતના ૦--૬--૦. તાકીદે લખોઃ—

**પોપટલાલ મોતીલાલ શાહ,** સારંગપુર, તળીઆની પોળ, **અમદાવાદ.**

# જૈનહિતેચ્છુ.

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું.] ઑગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૧૧. [ અંક ૮-૯.

અધિપતિ,

**વાડીલાલ મોતીલાલ શાહ.**

'જૈનસમાચાર' ના માલીક.

હાજાપીર, અમદાવાદ.

### વિષયાનુક્રમ.

#### અંક ૮ મો.


(૧) સદ્ગુણ ખીલવવાનો સરલ માર્ગ ... ... ... ૧

(૨) તનદુરસ્તીનું શાસ્ત્ર ... ... ... ૬

(૩) દાન ધર્મ ... ... ... ૧૫

(૪) ઍમ. એ. થયા પછી તમે શું ધંધો કરવા ઇચ્છોછો? ... ... ... ૧૮

(૫) નિષ્પક્ષપાત જૈનો માટે થોડાંએક મનોયત્નો ... ... ૩૧


#### અંક ૯ મો.


(૧) દરદો અને દુ:ખો મટાડવાની વિદ્યા ... ... ... ૧

(૨) સાધન ચતુષ્ટય ... ... ... ૬

(૩) બાવો બોલ્યા તે સત્ય! ... ... ... ૧૧

(૪) કેવી સુંદર આંખો! ... ... ... ૧૫

(૫) મન ઇંદ્રિયથી દૂર! ... ... ... ૨૦

(૬) આધ્યાત્મિક જીવનનો સરલ માર્ગ ... ... ... ૨૫


વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ (પોષ્ટેજ વગેરે મળીને ૧-૫-૦)

**ચાલુ સાલની ભેટ:—"સંસારમાં સુખ ક્યહાં છે? ભાગ ૧-૨" તથા વચનામૃતોના ૧૨ તખતા.**

સ્વકીય 'ભારતબંધુ પ્રિન્ટીંગ વર્ક્સ' માં છાપ્યું.

# પાછલી ભેટ.

'સુદર્શન' ભાગ ૨ જા ની પાછલી ભેટ અને ઉપદેશી તખતા તૈયાર કરવાની હજી ફુરસદ મળી નથી. તૈયાર થયેથી તુરત રવાના કરવામાં આવશે. દરેક લખાણ જાતે જ યોજવું પડતું હોવાથી અને જ્યહાં સુધી લખનારનું પોતાનું મન સંતોષ ન પામે ત્યહાં સુધી કોઇ લેખને છાપવા ન આપવો એવો નિયમ હોવાથી ભેટોની બાબતમાં મોડા થવાય છે, એ વાત કબુલ કરતાં શરમાવાની મ્હને કાંઇ જરૂર જણાતી નથી. જેઓ એક 'સોદા' તરીકે મ્હારૂં માસિક કે સાપ્તાહિક પત્ર લેતા હોય એમને હું સંતોષવાને અશક્ત છું; જેઓ 'જ્ઞાન લાભ' માટે લેતા હશે તેઓ તો જૂદો જ હિસાબ ગણતા હશે.

ભેટોની ઉઘરાણી કરનાર દરેકને જૂદો જવાબ મ્હારાથી કદી નહિ આપી શકાય. એવાઓ ગ્રાહકના લીસ્ટમાંથી નામ કાઢી નખાવશે તો એમના તથા મ્હારા લાભમાં ઠીક થઇ પડશે.

અધિપતિ, 'જૈનહિતેચ્છુ'

---

શુદ્ધિઃ—અંદરના પહેલા પૃષ્ટ પર મથાળે 'સપ્ટેમ્બર–અંક ૮ મો' એ શબ્દોને બદલે 'ઑગસ્ટ–અંક ૮ મો' એમ વાંચવું.

---


## તાવની રામબાણ દવા. રૂ. ૧૦૦) ના ઇનામવાળી.

કોઇ પણ જાતનો તાવ એટલે દાડવો, એકાંતરી, ચોથીઓ, ઉનો, ટાઢીઓ ને ચાલતા જમાનાના નવી નવી જાતના ઉડતા તાવો અમારી દવાથી ન ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઇ શખ્સ એમ સાબીત કરી આપશે, કે વૈદ શા. ગીરધરલાલ કહાનજીની દવાથી ચોથીઓ તાવ ન ગયો તો તેને રૂ. ૧૦૦) ઇનામ આપીશું. આ દવા તાવ હોય છે તે વખત લેવાથી તાવ ઉતરી જાય છે અને ઉતર્યા પછી લેવાથી તાવ આવતો નથી અને શક્તિ આપે છે. ગોળી ૪૨ ની ડબી નંગ ૧ નો રૂ. ૧)

અમારી ઉપરની તાવની દવા પ્લેગ (મરકી) ને માટે અકસીર નીવડી ચુકી છે. માટે પ્લેગવાળા ગામોમાં જે સખસોને મરકીની બચવું હોય તેમને અમારી ઉપરની તાવની દવા વાપરવા ભલામણ છે.

☞ 'શક્તિસજીવન' નામની અમારી દવા તન્દુરસ્તી સુધારવા માટે સૌથી પહેલા નંબરની છે. અજમાવીને ખાત્રી કરો. ૭૫ ગોળીની ડબીના રૂ. ૨ાા. બીજી પણ તમામ દવાઓ અમારે ત્યાં મળે છે.

**વૈદ્ય શા. ગીરધરલાલ કહાનજી—ધોળકા ( અમદાવાદ. )**

# જૈનહિતેચ્છુ

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું ]    સપ્ટેમ્બર,    [ અંક ૮ મો.

## સદ્‌ગુણ ખીલવવાનો સરલ માર્ગ.

( લેખકઃ—રા. મણિલાલ નથુભાઇ દોસી B. A. )

As a man thinketh, he becometh,
A man is creature of reflection.

*Upnishad.*

મનુષ્યે સદ્‌ગુણી થવું અથવા નીતિમાન્ થવું એ બાબત કેટલી અગત્યની છે તે જણાવવાની જરૂર નથી. અનેક વિદ્વાનોએ, અનેક તત્ત્વજ્ઞાનીઓએ, અનેક જનહિત ચિંતકોએ સદ્‌ગુણ ખીલવવાના વિવિધ માર્ગ યોજ્યા છે. આપણે તે સઘળાના એક યા બીજી રીતે આભારી છીએ. કોઇએ દુર્ગુણના દોષો બતાવી દુર્ગુણથી દૂર રહેવા ફરમાવ્યું છે; કોઇએ સદ્‌ગુણોના **લાભ** બતાવી તે પાળવા ઉપદેશ આપ્યો છે. કોઇએ **નરકની બ્હીકથી** દુર્ગુણ ટાળવાનો બોધ આપ્યો છે; કોઇએ **સ્વર્ગનું સુખ મેળવવા માટે** સદ્‌ગુણની જરૂર જણાવી છે. આમ અનેક અનેક રીતે વિદ્વાનોએ પોતાના અનુભવ અને જ્ઞાન પ્રમાણે આ અગત્યના પ્રશ્નનો નિવેડો આણવા પ્રયત્ન કર્યો છે; અને મનુષ્યજાતિ અત્યારે જે આગળ વધેલી છે, તે આવા પારમાર્થિક પુરૂષોના ઉપદેશને આભારી છે, એમ સર્વ કોઇ કબુલ કરેછે. આજે આપણે કાંઇ જૂદોજ માર્ગ ગ્રહણ કરવાનો છે. સદ્‌ગુણ ખીલવવા માટે કાંઇક સ્હેલી પણ **ચોક્કસ ફળવાળી** યોજના રજુ કરવા આ લેખકનો વિચાર છે.

જો ત્હમારે ખરેખર જ સદ્‌ગુણી થવા ઇચ્છા હોય તો **પ્રથમ તો** ત્હમે **કયા સદ્‌ગુણો** ખીલવવા માગો છો, ત્હેનો ત્હમારા મન સાથે વિચાર કરો. કારણ કે એકવાર મન સાથે ચોકસ નિશ્ચય કરી કામ કરનાર માણસ જરૂર અંતે વિજય મેળવે છે.

તે ગુણો **ચોકસ કર્યા** પછી, ત્હેનાપર **પ્રીતિ રાખતા થાઓ,** એ ગુણ ધરાવનાર કોઇ પુરૂષને દેખી **હૃદયમાં આનંદ પામો પ્રમોદ પામો.** **સર** જ્યૉર્જ ઇલીયટ યથાર્થ **કહેછે** કે 'The *first* condition of goodness is to have something to *Love*.' સારા **થવાને** પ્રથમનું પગલું **પ્રેમ છે**–ગુણ પ્રત્યેનો અનુરાગ છે–**ગુણાનુરાગ** છે. જ્હાં ત્હમને કોઈ **ગુણ** ઉપર અનુરાગ થયો, એટલે જરૂર તે ગુણ ધરાવનાર **પુરૂષ** પર પણ અનુરાગ **થશે,** અને આ રીતે તે ગુણિ પુરૂષના સંબંધમાં આવતાં **તે ગુણ ખીલવવાનું કામ** ઘણું સુગમ થશે. માટે ગુણ ખીલવવા માટે પ્રથમનું કહો કે છેલ્લું પગથિયું કહો–જે કહો **તે ગુણાનુરાગ છે.** આ પ્રમાણે તે ગુણ ઉપર પ્રીતિ રાખી તે ગુણ જેઓએ પોતાના જીવનમાં પ્રકટ કર્યો હોય તેવા કોઇ મહાપુરૂષ અથવા મહાપુરૂષોનાં ચરિત્રો વાંચો અને હાલમાં તે ગુણ જ્હેમના જીવનમાં **થોડે યા ઘણે અંશે** 'પ્રકટ' દેખાતો હોય તેવા સજ્જનોનો સમાગમ કરો. પુસ્તકો કરતાં પણ **જીવતા** મનુષ્યનું **ચરિત્ર** વધારે **સ્થાયી અસર** કરે છે. પુસ્તકો **બુદ્ધિને** અસર કરે, પણ જીવતા મનુષ્યનું ચરિત્ર **હૃદયને** અસર કરે છે; અને ઘણા જૂજ વખતમાં આપણે ત્હેને **અનુસરતાં** શિખીએ છીએ. કારણ કે **હૃદય એ સર્વ સંચાઓને ગતિમાં મૂકનાર મુખ્ય ચાવી છે.** મનુષ્યના જીવનની ઉન્નત કે અવનત દશાનો આધાર હૃદયપર રહેલો છે. હૃદયને ઉત્તમ પોષણ આપનાર સત્સમાગમ જેવું બીજું એક પણ પ્રબળ સાધન નથી. માટે જો સદ્‌ગુણ ખીલવવાની ત્હમારી ખરી રૂચિ હોય તો સજ્જનોને શોધો (ખરી જીજ્ઞાસાવાળાને તે વ્હેલા કે મોડા મળ્યા વિના રહેતાજ નથી)—અને ત્હેમના સહવાસમાં રહો. હજારો ચરિત્રો વાંચતાં જે અસર ન થાય તેની અસર સત્પુરૂષની પા ઘડીની સોબતથી થઈ શકે છે. આ બાબતને માટે એટલાં બધાં દૃષ્ટાન્ત છે કે ત્હમે ગમે તે પુસ્તક લ્યો, અને તે આ બાબતને સિદ્ધ કરશે.

આ સાથે એક **ત્રીજી** અને અગત્યની 'કુંચી' એ છે કે ત્હમે જે સદ્‌ગુણ ખીલવવા માગતા હો, ત્હેનું '**ધ્યાન**' કરો. આ ધ્યાનને વાસ્તે પ્રાંતઃકાળનો વખત બહુ અનુકૂળ છે. જ્હારે મન અને મગજ રાત્રિના આરામ પછી સ્હવારમાં સ્વસ્થ અને તાજાં હોય ત્હારે ધ્યાન બરાબર થઇ શકે. 'સદ્‌ગુણનું

ધ્યાન કરવું,' એટલું કહેવા માત્રથીજ કોઇ માણસ ધ્યાન કરવા દોરવાય નહિ, માટે આ બાબતમાં **અનુભવથી** જાણેલી કેટલીક વિગતો રજુ કરાય તો વાચકને જરૂર વિશેષ લાભ થયા વિના રહે નહિ. ધારો કે ત્હમે 'પ્રેમ' નામનો સદ્‌ગુણ ખીલવવા માગો છો. હવે પ્રાતઃકાળમાં વ્હેલા ઉઠી શરીર સ્વસ્થ કરી, શુદ્ધ વસ્ત્ર **પહેરી** એકાંતસ્થાન કે જ્યહાં ચિત્ત ખેંચનારા પદાર્થો પણ નહોવા જોઇએ એવા સ્થાનમાં બેસો. પછી મનને બીજા વિચારોમાં ભટકતું બંધ કરી આ 'પ્રેમ'ના સ્વરૂપનો વિચાર કરવામાં રોકો. પ્રેમની વ્યાખ્યા શી? પ્રેમ એ શા કારણથી મહાત્મા પુરૂષોનું લક્ષણ ગણાય છે? આ સદ્‌ગુણના પ્રકાર કેટલા? ઉચ્ચ પુરૂષો પ્રતિના પ્રેમને શું કહે છે? આપણી **સમાનવય** કે ગુણવાળાં સાથેના પ્રેમનું નામ શું? આપણા કરતાં **ઉતરતા** દરજ્જાના મનુષ્યો તથા પશુઓ તરફ એ પ્રેમ બતાવાય ત્હારે તે કેવું રૂપ ધારણ કરેછે? અને પ્રેમને દરરોજના જીવન વ્યવહારમાં ખીલવવામાં શી શી અડચણો નડે છે? કઇ સ્વાર્થી લાગણી ત્હેમાં અંતરાય રૂપ નડે છે? તે સ્વાર્થી લાગણીનો અંત શી રીતે આણી શકાય? મ્હેં કોઇવાર આગુણને પ્રથમ **વર્તનમાં** મૂકવા પ્રયત્ન કર્યો હતો? ત્હેમાં શું ફળ આવ્યું હતું? તે પ્રેમ ગુણ ખીલવવાથી શા **લાભ**? કયા પુરૂષોએ તે પ્રેમ ગુણને ખીલવીને પોતાના જીવનવ્યવહારમાં જ્વલંત મૂર્તિરૂપે **પ્રકટ** કર્યો હતો? ત્હેના પગલે હું ચાલી શકું કે કેમ? મ્હારામાં તે પ્રમાણે ચાલવાનું **આત્મબળ કેટલું** છે? ચાર ભાવનાઓ અને આ પ્રેમને શો **સંબંધ** છે? આ વગેરે અનેક પ્રશ્નો લેઇ ત્હેના સંબંધમાં **જૂદી જૂદી અપેક્ષાએ** વિચાર કરવો. આ વિચારની ધૂન એટલે સુધી લગાડવી કે તે સદ્‌ગુણની સાથે **તન્મય** થઇ જવાય; તે સદ્‌ગુણ આપણા **મનના એક ભાગ રૂપ** બની જાય, તે **સદ્‌ગુણરૂપ જ** આપણે બની જઇએ.

**એકદમ** આ પરિણામ આવી જશે નહિ; પણ ત્હેને માટે પ્રયત્ન કરી શકાય જ. આ પ્રમાણે તે સદ્‌ગુણનું ધ્યાન કરી, 'તે સદ્‌ગુણને હું મ્હારા જીવન વ્યવહારમાં યોજીશ' એવી દૃઢ ભાવના સાથે બીજાં વ્યાવહારિક કાર્યોમાં જોડાવું. જેમ મદારી દોરડા પર નાચે છે પણ ત્હેનું મન તો હાથમાંની લાકડીમાં જ હોય છે, જેમ સ્ત્રીઓ માથે બેડાં સાથે પાણી ભરી આવતી હોય અને પોતાની બ્હેનપણીઓ સાથે તાલી લેતી હોય, પણ તેઓનું ચિત્ત તો માથાપરના વાસણમાં જ હોય છે, જેવી રીતે ગાય ચરવા જાય પણ ત્હેનું ચિત્ત તો વાછરડામાં જ હોય છે, તે જ રીતે—અને બરાબર એ જ પ્રકારે 'પ્રેમ'ને ત્હમારૂં લક્ષ્ય બિન્દુ બનાવીને દરેક કાર્યમાં ખુશીથી

જોડાઓ. સંસાર વ્યવહારના જૂદા જૂદા પ્રસંગોમાં તે સદ્દ્ગુણને યોજવા પ્રયત્ન કરો. બીજા મનુષ્યો સાથેના હમારા વ્યવહારમાં આ પ્રેમના સદ્દ્ગુણને મુખ્યતા આપીને જ વર્તો. આખો દિવસ આ પ્રમાણે પ્રેમમય જીવન ગાળ્યા પછી રાત્રિ પડે અને સૂવાનો વખત આવે ત્હારે આખા દિવસમાં કરેલાં કાર્યોનું બારીક અવલોકન કરો કે તે દિવસમાં હમે તે સદ્દ્ગુણ કેટલે અંશે 'પ્રકટ' કરી શક્યા અને કેટલી બાબતમાં કચાશ રહી? કયા કારણથી ભૂલ થઈ, ત્હેનો વિચાર કરી તેવાં કારણને દૂર કરવા પ્રયત્ન કરો અને ફરીથી તેવા પ્રસંગે તે ભૂલ ન થવા પામે ત્હેનો દૃઢ નિશ્ચય કરો. આ રીતે તે સદ્દ્ગુણનું જ ધ્યાન ધરતા સૂઈ જાઓ. બીજે દિવસે પ્રાતઃકાળમાં ઉઠી પાછા એ જ સદ્દ્ગુણનું ધ્યાન કરો, આખો દિવસ ત્હેને વર્તનમાં મૂકવા પ્રયત્ન ચાલુ રાખો, અને ફરી રાત્રે ત્હેનું નિરીક્ષણ કરો. આ રીતે પંદરેક દિવસ સુધી તે પ્રેમના સદ્દ્ગુણને ખીલવવા પુરૂપાર્થ કરો; પછી **બીજો** સદ્દ્ગુણ લ્યો. પણ આપણે **બીજા** સદ્દ્ગુણનો વિચાર કરીએ તે **પહેલાં** એ જણાવવું જરૂરનું છે કે, ધ્યાન કરનારને મ્હોટા અને અણધાર્યો લાભ તો એ થાય છે કે ત્હેના વિચારો એકાગ્ર, નિયમિત અને ચોકસ બને છે. જે સદ્દ્ગુણનું આપણે ધ્યાન કરતા હોઇએ, તે સદ્દ્ગુણને લગતા વિચારોની આકૃતિઓ (thought forms)ને આપણે જન્મ આપીએ છીએ. આ આકૃતિઓ પણ અમુક રંગની, અમુક આકારની, અમુક ગંધ અને સ્પર્શવાળી હોય છે. તે વિચાર કરનારના તેજોમંડળ (Aura-ઑરા)ની આસપાસ તે ભમ્યા કરે છે. જ્યારે ત્હેનું મન બીજા કામોમાંથી નવરૂં પડયું હોય ત્હારે તે આકૃતિઓ પોતાને લગતા વિચારોમાં તે મનુષ્યને દોરવે છે અને તે સદ્દ્ગુણને લગતાં જ કાર્ય ત્હેની પાસે કરાવે છે. 'સરખા વિચારો એક બીજા પ્રતિ આકર્ષાય છે,' આ નિયમ મુજબ **બીજા** મનુષ્યોએ કરેલા તેવા જ પ્રકારના વિચારોની આકૃતિઓ પણ **આપણી તરફ** દોરાય છે, અને આ રીતે આપણને આપણા આ કાર્યમાં ઘણું જ બળ મળતું જાય છે. વળી આ જગતમાં સામાન્ય નિયમ છે કે ચીલે ચાલવું સ્હેલું છે. આ નિયમ **વિચારો**ને પણ એક સરખી રીતે લાગુ પડે છે. જે બાબતનો આપણે આજે વિચાર કર્યો હોય તે બાબતનો વિચાર કરવો કાલે બહુ સહેલો લાગે છે. અને ત્રીજે દિવસે તે કામ વળી વિશેષતર સહેલું બને છે.

માટે જો હમે કોઈ બાબતનો મન સાથે દૃઢ નિશ્ચય કરી તે કામ આરંભશો તો આ પ્રમાણે હમને અનુકૂળતા થઇ જશે. શ્વેતાશ્વેતોતર ઉપનિષદ્‌માં લખ્યું છે કે—"**મનુષ્ય જેવો વિચાર કરે છે તેવો થાય છે.**

**મનુષ્ય એ વિચારની કૃતિ છે.**" સદ્‌ગુણ ખીલવવામાં વિચાર બહુ અગત્યનો ભાગ ભજવે છે. માટે જે સદ્‌ગુણને ત્હમે ખીલવવા માગતા હો, ત્હેનો વિચાર કરો. જો ક્ષમાનો ગુણ ખીલવવા ઇચ્છા થતી હોય તો ક્ષમાનો જ વિચાર કરો, પણ ક્રોધને ત્યાગવાનો વિચાર કરતા નહિ કારણ કે 'ક્રોધનો ત્યાગ કરવાનો છે' એ વિચાર જ ત્હમારી આગળ ક્રોધની મૂર્ત્તિ ઉત્પન્ન કરે છે, અને આ રીતે ત્હેનો ત્યાગ કરવાને બદલે ત્હમે વારંવાર વિચાર કરીને ત્હેને જ પુષ્ટિ આપો છો. માટે જે દુર્ગુણ ત્હમે ટાળવા માગતા હો ત્હેનો વિચાર સરખો પણ કરતા નહિ, પણ તે દુર્ગુણના **વિરોધી** સદ્‌ગુણનો વિચાર કરો. 'દ્વેષ' નો ત્યાગ કરવાને 'પ્રેમ' નો વિચાર કરો, 'ક્રોધ' ને વાસ્તે 'ક્ષમા' નો, 'ગર્વ' ને વાસ્તે 'નમ્રતા' નો, કપટનેવાસ્તે 'સરલતા'નો, સ્વાર્થી પ્રેમ' એટલે 'રાગ'ને વાસ્તે 'નિઃસ્વાર્થી પ્રેમ' નો, 'લોભ' ને સ્થાને 'સંતોષ'નો, અને 'દોષ દૃષ્ટિ' ને સ્થળે 'ગુણાનુરાગ' નો વિચાર કરો.

આ પ્રમાણે ત્હમે સદ્‌ગુણોનું નિરંતર ધ્યાન કરશો એટલે દુર્ગુણોના વિચારોને ખોરાક મળતો બંધ થવાથી તે તો સ્વયમેવ નાશ પામતા જશે. અને **વિચારો** નાશ પામ્યા એટલે તેવાં કાર્યો પણ નાશ પામશે; કારણ કે **સઘળાં 'કાર્યો' નો પિતા 'વિચાર' છે.** માટે સદ્‌ગુણને ખીલવવા માટે કેવળ સદ્‌ગુણના જ વિચારો કરો, અને ત્હેને અમલમાં મૂકો. પ્રથમ એ કામ જરા મુશ્કેલ લાગશે પણ એકવાર ત્હમે તે કામ કરશો એટલે બીજીવાર તે સુગમ થશે. ત્રીજીવાર તેથી પણ વધારે સુગમ થશે. એમ વારંવાર પ્રયત્ન કરતાં અને અનુભવમાં મૂકતાં તે સદ્‌ગુણ પ્રમાણે ચાલવાનું કામ ત્હમારી બાબતમાં સ્વાભાવિક થઈ શકશે, તે એટલે સુધી કે ત્હેની વિરૂદ્ધ ચાલવું એ ત્હમારી અજાયબી વચ્ચે ત્હમને દુષ્કર લાગશે. કોઇ પણ સારા વિચારને કેવળ વિચાર રૂપે જ રહેવા દેતા નહિ; ત્હેને તરત જ અમલમાં મૂકો. કારણ કે, જો મનુષ્ય અમુક બાબતનો વારંવાર વિચાર કરે, પણ જો તે પ્રમાણે બિલકુલ વર્તે નહિ તો પછી તે સારા વિચારની લાગણી પણ બુઠ્ઠી થઇ જાય છે; માટે આ બાબત ખાસ ચેતવણી રૂપે જણાવવામાં આવે છે કે **ત્હમારા શુભ વિચારોને તરત જ અમલમાં મૂકો.** ત્હમારા મનોબળને દૃઢ કરો, આત્મશક્તિમાં વિશ્વાસ રાખો, અને આ અગત્યના કામનો આરંભ કરો; જરૂર ત્હમને વિજય મળશે, અને ઘણા થોડા વખતમાં આ રસ્તે ચાલીને ત્હમે સદ્‌ગુણની ટોચે પહોંચી શકશો.

# તનદુરસ્તીનું શાસ્ત્ર.

તનદુરસ્તી ગુમાવી બેઠા પછી ફરી મેળવવા મથવું એ કરતાં તે ગુમાવાય જ નહિ એવી કાળજી રાખવી એ વધારે ડહાપણ-ભરેલું છે. પરન્તુ ઘણાખરા માણસોને તો એ જ ખબર નથી હોતી કે તનદુરસ્તી કેમ જળવાય ? કેટલાક ધારે છે કે વધારે પૌષ્ટિક ખોરાક ખાવાથી તનદુરસ્ત રહેવાય, કેટલાક ધારે છે કે વધારે પ્રમાણમાં ખાવાથી તનદુરસ્ત રહેવાય અને કેટલાક ધારે છે કે શરીરને જેમ બને તેમ ઓછો શ્રમ આપવાથી તનદુરસ્ત રહેવાય ! આમ અનેક પ્રકારના ભૂલભરેલા વિચારો, તનદુરસ્તીના રસ્તાના સંબંધમાં, જનસમાજમાં હયાતી ધરાવે છે. ખુદ ડાકટરો, વૈદ્યો અને વિદ્વાનો પૈકી પણ મ્હોટો ભાગ તનદુરસ્તીના સાચા અને સાદા શાસ્ત્રથી ઘણેભાગે અજ્ઞ છે, ત્ય્હાં સામાન્ય માણસોનું તો પૂછવું જ શું ?

તનદુરસ્તીનું શાસ્ત્ર ઘણું જ સહેલું અને સાદું છે એથી કાંઇ ત્હેના ઉપયોગીપણામાં ખામી આવતી નથી. હું હમણાં જે સાદા નિયમો જણાવું છું ત્હેને માત્ર 'સાદા' હોવાના કારણથી જ હસી કહાડશો અગર ત્હેની અવગણના કરશો તો ત્હમે વગર 'ફી'એ મળતી ઉંચામાં ઉંચી દવા ગુમાવશો.

## તનદુરસ્તીના શાસ્ત્રનો પહેલો અધ્યાય :

## શ્રાવકનું સાતમું વ્રત.

'ઉપભોગ અને પરિભોગને મર્યાદામાં લાવવા' એવું જે શ્રાવકોનુ સાતમું વ્રત કહેવાય છે ત્હેની ખુબી હજી સુધી જૈનોના પોતાના જ સમજવામાં આવી નથી. એ વ્રતનો સંક્ષેપમાં અર્થ એટલો જ થાય છે : '**ખાન-પાન** અને **સરસામાન**ની બાબતમાં ઉડાઉ ન થશો.'

એમાંના પહેલા મુદ્દાને એટલે કે **ખાન-પાનને** પ્રથમ વિચારીએ. તનદુરસ્તીનો મુખ્ય આધાર **ખાન-પાનની** બાબતમાં વપરાતા ડહાપણ ઉપર રહે છે. અને '**ખાન-પાન**'ની બાબતનું ડહાપણ એકજ કાયદો ફરમાવે છે કે "**સ્વાદ ખાતર ખાતા નહિ.**"

હવે જુઓ; આપણામાંના કેટલાઓ ભારે ખોરાક ખાય છે? કેટલાઓ સ્વાદીષ્ટ ખોરાક ખાય છે? કેટલાઓ ભૂખ ન છતાં પણ 'ટેસ્ટ' ખાતર ખાય છે? કેટલાઓ કોઇના આગ્રહથી જરૂર કરતાં વધારે ખાય છે? શું આ સર્વ 'ખાન-પાન'ની બાબતના ડહાપણને ઓળંગી જવા સરખું કામ નથી? અને ડહાપણને ઓળંગી જનારો માણસ શું સુખી થઈ શકે જ ખરો?

આ સાદી વાતને વધારે વજનદાર પુરૂષના શબ્દોમાં સમજાવવી હોય તો અમેરિકાના પ્રખ્યાત ડાક્ટર એડ્વર્ડ ડયુઇ M. D. ના કરતાં વધુ વજનદાર પુરૂષના શબ્દો આપણને ભાગ્યેજ મળી શકે. હેણે હજારો દરદીઓની કાળજીપૂર્વક તપાસ કર્યા બાદ લખ્યું છે કેઃ—

૧ સવારમાં વહેલા કશું જમવું નહિ.

૨ કુદરતી ભૂખ લાગ્યા સિવાય કદી અને મુદ્દલ ખાવું નહિ.

આ બે મુખ્ય નિયમો લખ્યા બાદ, દરેક કોળીઓ પુષ્કળ ચાવીને પછીજ ગળે ઉતારવો, તથા જમતી વખતે પાણી પીવું નહિ એ બે નિયમો ઉમેર્યા છે. તે કહે છે કે "માણસજાતને થતું દરેક દરદ શારીરિક ભૂલ કે ગફલતમાંથી ઉત્પન્ન થાય છે, કે જે ભૂલ પછીથી દરદનું રૂપ ધારણ કરેછે; અને આ થવાનું કારણ હમેશાં જઠરાગ્નિ અને જઠર રસના પ્રમાણ કરતાં વધારે ખવાયલો ખોરાક એ જ છે."

સાયન્સ કહે છે કે, શરીરનું દૈવત અથવા તત્વ લોહીની અંદર રહેલું છે, અને રોગ એ બીજું કાંઇ નહિ પણ લોહીમાં દાખલ થયેલું અકુદરતી નુકશાનકારક તત્વ છે. જે ખોરાક આપણે ખાઇએ છીએ અને **જેવી રીતે** આપણે ખાઇએ છીએ, હેનું પાચનક્રિયાથી અને હાજમીયતથી લોહી બને છે. આપણે એવી રીતે ખાઇએ કે જેથી કરીને સંપૂર્ણ પાચનક્રિયા અને હાજમીયત થાય, તો આપણા શરીરમાં સંપૂર્ણરીતે સ્વચ્છ લોહી પેદા થાય; અને આ સ્વચ્છ લોહી એ જ સમ્પૂર્ણ તનદુરસ્તી. આથી ઉલટું અપૂર્ણ પાચનક્રિયા અને અપૂર્ણ હાજમીયતથી અસ્વચ્છ લોહી ઉત્પન્ન થાય છે અને

એવું અસ્વચ્છ લોહી એજ રોગનું મૂળ. આ અસ્વચ્છ લોહી આખા શરીરમાં ફરે છે અને દરેક રજકણુ સુધી અને ઘણીજ સૂક્ષ્મ જગાઓમાં પણ પહોંચી વળેછે અને ત્હાં જાતજાતના વિકારો (દરદો) ઉત્પન્ન કરેછે. રોગો લાખો પ્રકારના હો, પરન્તુ સર્વનું મૂળ કારણ તો આ અસ્વચ્છ લોહી એ એક જ છે.

એટલા માટે લોહીને અસ્વચ્છ કરનાર કારણો દૂર કર્યા સિવાય તનદુરસ્તી સાચવી શકાય જ નહિ. માટે હોજરીને આરામ ન મળે એવી રીતે ત્હેમાં કચરો ઠાંસઠાંસ કરવો—વારંવાર કે ભૂખ કરતાં વધુ વખત અને વધુ પ્રમાણમાં ખાવું એ ખરેખર આત્મઘાતનું જ કામ છે. માટે હું કહુંછું કે શ્રાવકનું સાતમું વ્રત જે 'ઉપભોગની બાબતમાં મર્યાદશીલ બનવું' એવું છે તે દરેક મનુષ્યે પાળવા યોગ્ય છે. આ ખાઉં કે પેલું ખાઉં, એવી લાલસા છોડીને માત્ર 'ભૂખ ભાગવા માટે જ ખાવું છે' એ ખ્યાલ બરાબર નજર આગળ રાખીને જ કાંઇ પણ કોળીઓ હાથમાં લેવો જોઇએ. **મ્હોંને** પૂછીને નહિ પણ **પેટને** પૂછીને ખાવું જોઇએ. જો પેટ ખરેજ ભૂખ્યું થયું હોય, જો તે નવો ખોરાક સંગ્રહવાને 'લાયક' છે એમ તે સાક્ષી આપતું હોય તો જ ખાવું, નહિ તો મ્હોંને કહી દેવું કે 'તું તો મ્હને ઘણોએ ઉસ્કેરે છે પરન્તુ મ્હારે તો સાતમું વ્રત છે માટે મ્હારે 'ઉપભોગ'ની બાબતમાં મર્યાદશીલ થયા વગર ચાલે જ નહિ, મ્હારે તો ખાનપાનના પદાર્થો તરફની વૃત્તિને સંકોચાવ્યા સિવાય છૂટકો જ નથી; માટે તું છાનુંમાનું બેસી રહે; નહિ તો તમાચા પડશે!" આમ કહી મ્હોંને વશ રાખવું અને ઉપભોગના પદાર્થો વગર જરૂરે ભોગવવા નહિ, માત્ર સ્વાદ-ખાતર જ ભોગવવાની ઇચ્છાને દાબી દેવી.

આપણા બધામાં એક ખોટો ખ્યાલ ભરાઇ પેઠો છે કે, 'ખોરાકમાંથી જ શક્તિ ઉત્પન્ન થાયછે'; પણ તેમ નથી. આશિર્વાદ રૂપ અને ચમત્કારીક નવાઈ જેવા **ઉંઘવાના નિયમ** મારફત જ શક્તિ મળેછે; અને ખોરાક તો કામકાજથી શરીરને પહોંચતા ઘસારાનો ખાડો પુરેછે—રજકણોને દુરસ્ત કરેછે—કાંઇ તાકાદ કે શક્તિ એનાથી મળતી નથી.

અને ખાવા-પીવાના કુદરતી નિયમો બરાબર પાળવાથી ઉંઘ સારી અને શાન્તરીતે આવેછે, જેથી તે ઉંઘદ્વારા તાકાદ અથવા શક્તિ પણ પ્રાપ્ત થાયછે. માટે શક્તિ મેળવવા ઇચ્છનારે વધારે નહિ પણ ઓછું-હોજરીને

જરૂર જેટલું અને જરૂર હોય ત્હારે જ સાદું ભોજન લેવું, એના જેવો બીજો એક પણ શ્રેષ્ઠ નિયમ નથી.

ખોરાક ખાવાની આપણી ખોટી આદતોને લીધે આપણે સઘળા કુદરતી ભુખની લાગણી ખોઈ બેઠા છીએ, અને આપણામાં ભુખની કૃત્રીમ લાગણી ઉત્પન્ન થઇ છે, જેને આપણે 'જમવાની રૂચિ' કહીએ છીએ. જેટલો તફાવત 'પ્રકાશ' અને 'અંધારા' વચ્ચે છે તેટલો જ તફાવત કુદરતી અને કૃત્રીમ ભુખ અથવા 'જમવાની રૂચિ' વચ્ચે છે. સંપૂર્ણ તનદુરસ્તી મેળવવાનું પહેલું પગથીઉં આ કૃત્રીમ લાગણીનો નાશ કરવાનું છે. પેટમાં ખાલીપણું, ચળવળાટ, કરડવું વગેરે કેટલીક લાગણીઓને કુદરતી ભુખની વ્યાખ્યા તરીકે લોકો ગણાવે છે; પણ આ લાગણીઓ કૃત્રીમ ભુખ અથવા 'જમવાની રૂચિ'ની છે અને 'કુદરતી ભુખ'ની નથી ખાવાપીવા સંબંધી આપણી ખોટી આદતોને લીધે આપણે આવી લાગણીઓને 'કુદરતી ભુખ'-ને ઠેકાણે ગણીએ છીએ. માણસજાતનો ઘણો મ્હોટો ભાગ કૃત્રીમ લાગણી અથવા રૂચિને તાબે હોય છે, અને લગભગ ત્હેનો ગુલામ થઇ ગયેલો હોય છે.

કુદરતી પ્યાસની લાગણી કેવી હોય છે તે આપણે જાણીએ છીએ; તે લાગણી મ્હોમાં અને ગળામાં થાય છે અને જ્યહારે પ્યાસ લાગે છે ત્યહારે બીજા પ્રવાહી કરતાં સ્વચ્છ જળને તે વધારે પસંદ કરે છે. જ્યહારે માણસને કુદરતી પ્યાસ લાગે છે ત્યહારે સ્વચ્છ જળ કેવું સ્વાદીષ્ઠ અને ઠંડક આપનારૂં લાગે છે ! પીવાની અંદર જો માણસો આ નિયમ બરાબર પાળે તો મૂત્રપીંડના અને બીજાં એ જાતનાં દરદો થાય જ નહિ. કુદરતી પ્યાસની માફક કુદરતી ભુખ પણ મ્હોંમાં અને ગળામાં ઉત્પન્ન થાય છે અને ખોરાક સ્વાદીષ્ટ અને લહેજતદાર લાગશે એવી લાગણી થાય છે. કૃત્રીમ ભુખ અથવા 'ખાવાની રૂચિ'ની લાગણી એવી હોય છે કે જ્યહારે માણસ ભુખ્યો થાય છે ત્યહારે જો ખોરાક મળવામાં જરા પણ ઢીલ થાય તો ત્હેને ખીજવાયલો અને ખામોશ વગરનો કરી મુકે છે; પણ 'કુદરતી ભુખ'ની લાગણી એવી હોય છે કે જ્યહારે માણસ ભુખ્યો થાય છે ત્યહારે જો જરૂર પડે તો તે મીજાજ ખોયા વગર કલાકો સુધી ખોરાકને માટે રાહ જોઇ શકે છે.

સંપૂર્ણ તનદુરસ્તી મેળવવાને માટે એ જરૂરનું છે કે, કોઇપણ માણસે 'કુદરતી ભુખ' લાગ્યા સિવાય કદી ખાવું નહિ. જીંદગીનો આ એકસરખો નિયમ થવો જોઇએ. બીજા બધા કરતાં આ નિયમ પાળવા

ઉપર તનદુરસ્તીનો ઘણો આધાર રહે છે. કોઇપણ માણસ ગમે તેટલી શરીરની અથવા મનની મહેનત કરે તો પણ ત્હેને 'કુદરતી ભુખ' **દિવસમાં બે વખત કરતાં વધારે વખત લાગવી જોઇએ નહિ** એવું ડૉકટર ડયુઇએ અને ત્હેમના દરદીઓએ સાબીત કરી બતાવેલું છે. દરેક દેશમાં, દરેક જાતની આબેહવામાં અને દરેક જાતના ધંધામાં કામ કરતાં માણસોમાં, પુરૂષવર્ગ તેમજ સ્ત્રી વર્ગમાં, ગરીબ તેમજ તવંગરોમાં ઉપર મુજબ સિદ્ધ થયેલું છે. જ્હાં જ્હાં આ બાબતની અજમાયશ કરવામાં આવી છે, ત્હાં ત્હાં વગર શકે પુરવાર થયું છે કે, કોઇપણ માણસને કુદરતી ભુખ દિવસમાં બે વખત કરતાં વધારે વખત લાગી શકે નહિ. આ નિયમ કુદરતી હોવાથી આપણે ત્હેને એકદમ સ્વીકારવો જોઇએ અને જ્હારે કુદરતી ભુખ લાગે ત્હારે જ ખોરાક ખાવો જોઇએ. જો ભુખ બે વખત લાગે તો તેમ, અને કુદરતી ભુખ એકજ વખત લાગે તો એકજ વખત જમવું, અને જો તદ્દન કુદરતી ભુખ ન લાગે તો સમજવું કે કુદરતી ભુખ લાગ્યા સિવાય અનાજ પાચન થશે નહિ અને શરીરને પોષણ મળશે નહિ, માટે **તે દિવસ ઉપવાસ કરવો.** તે દિવસને માટે કુદરત જાહેર કરે છે કે, ત્હમે જમતા નહિ. કુદરતના અવાજને તાબે થવાથી કુદરત પોતેજ કુદરતી ભુખ નહિ લાગવાનું **કારણ દૂર કરીને** કુદરતી ભુખ લગાડશે, અને તેવી ભુખનાં ચિન્હો મ્હોમાં અને ગળામાં જણાશે. અહિયાં વાચકવર્ગ કુદરતી રીતે સવાલ કરશે કે, **શાથી** કુદરતી ભુખ લાગે છે અને તે **ક્યહારે** પેદા થાય છે? પછવાડે લખવામાં આવ્યું છે તેમ આપણે **ઉંઘવાથી** શક્તિ મેળવી શકીએ છીએ. ઉંઘવાથી શરીરના સ્નાયુઓ તાજા અને મજબુત થાય છે. જેમ વધારે શાંત અને આરામીયતભરેલી ઉંઘ આવે છે; તેમ વધારે શક્તિ માલમ પડે છે. ઉંઘતી વખતે સઘળા સ્નાયુઓ અને અવયવો કામ કરતા બંધ પડે છે અને તેથી કરીને તેઓના અંદર નવી શક્તિ પેદા થાય છે, જે તેઓને વધારે કામ કરવાને લાયક બનાવે છે. દિલગુરદો અને ફેફસાં સિવાય આખા શરીરની બાબતમાં આ વાત સત્ય છે. દિલગુરદો અને ફેફસાંના ચાલુ કામથી આપણાં જ્ઞાનતંતુઓ ઉપર આંચકો પહોંચતો નથી. હોજરીના સ્નાયુઓ અને જઠરરસ પેદા કરનારી ગોળીઓ (ગ્લૅન્ડ્ઝ) જે ખોરાક પાચન કરવાને જઠરાગ્નિ અને જઠરરસ પેદા કરે છે, તેઓને શરીરના બધા સ્નાયુઓ કરતાં વધારે મહેનત કરવી પડે છે. ખોરાક પાચન કરવામાં હોજરીના

સ્નાયુઓ અને જઠરરસની ગોળીઓને જે મહેનત કરવી પડે છે તેટલી મહેનત લુવારને એરણ ઉપર અને ખેડુતને ખેતરમાં તેઓના હાથવડે કરવી પડતી નથી. માંદગીના કારણે જરૂર પડે તે સિવાય આપણે હોજરીને એક દિવસનો પણ આરામ આપતા નથી. માંદગીમાં પણ ડાકટરો શક્તિ ટકાવી રાખવાને બહાને સાધારણ રીતે ખોરાક ખાવાની ફરજ પાડે છે. પરન્તુ એથી ઉલટું, સારી સમજ અને સાધારણ અક્કલ એમ કહે છે કે, કુદરતી ભુખ વગર પાચનક્રિયા થઇ શકે નહિ, અને હાજમીયત વગર ખાધેલા ખોરાકમાંથી કોઇપણ જાતનું પોષણ શરીરને મળી શકે નહિ. દિવસના ભાગમાં હોજરી સખ્ત મહેનત કરીને ઉંઘતી વખતે જો તે ખાલી હોય તો આસાએશ લે છે તેથી કરીને ઉંઘતી વખતે હોજરીની ગોળીઓ (ગ્લૅન્ડ્ઝ) જઠરરસ પેદા કરતી નથી પણ કુદરત ત્હેમને બીજા દિવસના કામને માટે આસાએશ આપીને શક્તિમાન બનાવે છે. માણસ જ્યહારે સ્હવારમાં જાગે છે અથવા ઉઠે છે ત્યહારે ઉપરનાં કારણોને લીધે, જોકે હોજરી ખાલી હોય છે તોપણ તે ખોરાક પાચન કરવાને માટે તૈયાર થયેલી હોતી નથી. ઉંઘતી વખતે શરીરને શ્રમ પડતો નથી, અને રજકણો (ઍટમ્સ અથવા ટીસ્યુઝ)નો ખર્ચ થતો નથી, તેથી ખર્ચને ફરી વળવાનું ઘણું થોડું હોય છે, બલકે બીલકુલ હોતું નથી. આમ હોવાથી **સ્હવારના પહોરમાં ખોરાક લેવાની કાંઇ જરૂર હોતી નથી;** કેમકે પછવાડે કહ્યું છે તેમ, આપણે શ્રમ કરવાથી જે રજકણો ગુમાવીએ છીએ અથવા ખર્ચી નાખીએ છીએ ત્હેનું સાટુ વાળવાને અથવા ખાડો પુરવાને માટે આપણે ખોરાક ખાઇએ છીએ. જ્યહારે આપણે ઉંઘ પુરી કરીને ઉઠયા પછી દિવસનું કામ શરૂ કરીએ છીએ ત્યહારે કુદરત પાચનક્રિયા તૈયાર કરવાનું કામ શરૂ કરે છે એટલે ખોરાક હજમ કરવાને માટે પેટના અવયવોને તૈયાર કરે છે અને આ તૈયારી સંપૂર્ણ કરવાને ચારથી છ કલાક લાગે છે. જ્યહારે આ તૈયારી પુરી થાય છે ત્યહારે હોજરીના સ્નાયુઓ અને જઠરરસની ગોળીઓ તેઓનું કામ બરાબર રીતે કરવાને તત્પર હોય છે, અને તેઓ કુદરતી ભુખની લાગણી ગળાની અંદર પેદા કરે છે. આ 'કુદરતી ભુખ' છે, એને તે જે રીતે ઉત્પન્ન થાય છે તે રીત કુદરતી કાયદાને અનુસરીને હોય છે. જ્યહારે આ પ્રમાણે ઉત્પન્ન થયેલી કુદરતી ભુખના તેડાથી આપણે જમીએ છીએ, ત્યહારે જમવાનો સ્વાદ ઓર લાગે છે અને ખોરાક હમેશાં સ્વાદીષ્ટ લાગે છે, જમવાનું ગમે તેટલું સાદું અને સુકકું હોય છે તોપણ તે હમેશાં સારૂં લાગે છે

અને પુરેપુરો સંતોષ આપે છે. આ પ્રમાણે કુદરતી નિયમને તાબે થયા પછી, બીજીવાર જમતાં પહેતાં કુદરતી ભુખ લાગવાની આપણે રાહ જોવી જોઇએ, અને આપણી જીંદગીનો આ એકસરખો નિયમ કરવો જોઇએ. તનદુરસ્તી અને જીંદગી એ માણસજાતની કુદરતી હાલતો છે, અને રોગ અને મરણ અકુદરતી છે. કુદરતી ભુખના કાયદાને આપણે તાબે રહીએ, ત્યારે આપણે સંપૂર્ણ પાચનશક્તિ ભોગવીએ છીએ, અને સંપૂર્ણ પાચનક્રિયા સ્વચ્છ અને ચોખ્ખું લોહી બનાવે છે, અને સ્વચ્છ લોહી તેજ સંપૂર્ણ તનદુરસ્તી છે.

જ્યારે કોઈ માણસ વહેલો એટલે રહવારના પોહોરમાં જમે છે, ત્યારે શું થાય છે તે આપણે તપાસીએ. તેને 'અકુદરતી ભુખ' અથવા 'જમવાની રૂચિ' લાગે છે, અને તેને આવી ભુખ મટાડવાને માટે અને ચક્કર કે જે હમેશાં ઠાંસીને ખાવાથી તે પચાવવાને માટે હદ કરતાં વધારે બોજામાં દબાયલી હોજરીની નીશાની હોય છે, તે અટકાવવાને માટે ખાવું પડે છે. રૂચિ અથવા અકુદરતી હાજત સખત હોય છે, અને તેથી માણસ પેટ ભરીને ખાય છે, કેમકે કદાચ હોજરી તદ્દન ખાલી હોય છે. તે ઉતાવળથી જમે છે, અને પુરૂં અડધું પણ નહિ ચાવેલું અનાજ ખાતી વખતે પાણી અથવા બીજું કાંઈ પ્રવાહી પીને જેમ તેમ ગળા નીચે ઉતારે છે.

હવે પેટની અંદર ખોરાકને વલોવીને હજમ કરવાનું કામ શરૂ થાય છે; પણ આ વખતે જઠરરસની ગોળીઓ ખોરાક બરાબર પાચન કરવાને માટે જઠરાગ્નિ પેદા કરતી નથી. પરિણામમાં ખોરાક વલોવવાની ક્રિયા બે ત્રણ વખત ચાલે છે અને સખ્ત મહેનતને લીધે હોજરીના સ્નાયુઓને થકવી નાંખે છે. છેવટે સડો અને કોહવાટ પેદા થાય છે, જે 'ખોરાકની બીમારી' કહેવાય છે. હવે આ કહોવાયલા ખોરાકના જથ્થાને ઠીક કરવાને માટે હોજરીના સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓને સખ્ત મહેનત પડે છે, અને આ ઝેરરૂપ થયેલો ખોરાક હોજરીમાંથી આંતરડાંમાં નીચે ઉતરીને આગળ ઉપર લોહીની અંદર મળી જાય છે, અને લોહીને અસ્વચ્છ અને રોગીષ્ટ બનાવે છે, અને આ અસ્વચ્છ લોહી આખા શરીરમાં ફરે છે. આજ માત્ર માણસ જાતનું મ્હોટામાં મ્હોટું દરદ છે અને તે વિષરૂપ ખોરાકનું કાતીલ ઝેર છે.

જ્યારે ગ્રીક લોકો દુનીયા ઉપર રાજ કરતા હતા, ત્યારે તેઓનાં શરીર સંપૂર્ણ તનદુરસ્ત અને નમુનેદાર હતાં; કેમકે તે લોકો **દિવસમાં માત્ર બે વખત જમતા હતા.**

ઇરાનના લોકો જ્યહારે તેઓના રાજ્યઅમલ અને તેઓની કીર્તિની ટોચે પહોંચેલા હતા ત્યહારે તેઓ **દિવસના એકજ વખત ખોરાક લેતા હતા, અને તે બપોરની વખતે.** જૈન સાધુઓની તનદુરસ્તીની ચિંતાવાળા મહાન ગુરૂઓએ આ જ ગુપ્ત કારણથી એમને માટે દિવસમાં એકજ વખત જમવાનો હુકમ કરેલો છે.

ગ્રીક અને ઇરાની લોકોની પડતીની શરૂઆત, જ્યહારે તેઓએ રહેણીકરણીમાંથી આ સાદાપણું છોડી દીધું, અને અકરાંતીઆપણું ગ્રહણ કીધું ત્યહારથી થઇ છે. લગભગ એક હજાર વરસ સુધી અમલના સૌથી તનદુરસ્ત, શ્રીમંત અને બુદ્ધીશાળી એવા આશરે આઠ કરોડ માણસો માત્ર **દિવસના બપોરના એકજ ખોરાક ઉપર રહેતા હતા,** અને આ રીવાજ ફતેહમંદીથી અમલમાં લાવ્યા હતા. પંદરમા સૈકામાં એક ડાહ્યા માણસે કહ્યું હતું કે, "દિવસના **એકજ** વખતના ખોરાક ઉપર રહેવું તે દેવદૂત અથવા **ફિરસ્તાની** જીંદગી છે, અને દિવસમાં **બે** વખત જમીને રહેવું એ **માણસ** જાતની જીંદગી છે; અને **ત્રણ** વખત જમવું એ **હેવાન**ની જીંદગી છે."

હવે આપણે **ક્યહારે** ખાવું, **કેવી રીતે** ખાવું અને **શું** ખાવું ત્હેના ઉપર વિચાર કરીએ. આ ત્રણ ચીજો ખાવાની બાબતમાં ઘણીજ મહત્વની છે. પછવાડે આપણે શાસ્ત્રીય રીતે કયારે ખાવું તે બતાવી ગયા છીએ. જ્યહારે હોજરી ખોરાકને બરાબર પાચન કરી શકે નહિ તે વખતે જમવાથી બદહજમી પેદા થાય છે, અને આવા ખોરાકમાંથી ઉત્પન્ન થયેલું લોહી અસ્વચ્છ અને રોગીષ્ટ બને છે. પાચનક્રિયા મ્હોંની અંદરથી શરૂ થાય છે; તેથી જરૂરનું છે કે ખોરાકનો દરેક ભાગ મ્હોંની અંદર **સારી રીતે ચવાઇને** ગળા નીચે ઉતરવો જોઇએ અને જ્યહાંસુધી ખોરાકમાં સ્વાદ લાગે ત્યહાંસુધી ત્હેને ધીમેધીમેથી સારી રીતે ચાવીને ખાવો જોઇએ. જો ખોરાક બરાબર સારી રીતે ચવાઇને માખણ જેવો નરમ નહિ થયો હોય તો, જઠરાગ્નિ ત્હેને બરાબર પાચન કરી શકશે નહિ અને બદહજમીનાં ચિન્હો પેદા કરીને લોહીનો બીગાડ કરશે. જો મ્હોંની અંદર ખોરાક હજમીયાતને માટે બરાબર તૈયાર થઇને હોજરીમાં ઉતરે અને જે વખતે જઠરાગ્નિ પોતાનું કામ બરાબર કરવાની હાલતમાં હોય તે જ વખતે ખોરાક લેવામાં આવે તો સંપૂર્ણ પાચનક્રિયા થઇને ખોરાકનું સ્વચ્છ અને તનદુરસ્ત લોહી બનશે, અને સ્વચ્છ લોહી તે જ સંપૂર્ણ તનદુરસ્તી સમજવી. **શું** ખાવું એ

તો સૌથી ઓછી અગત્યની બાબત છે, પણ માણસોએ ત્હેને સૌથી વધારે અગત્યની બાબત બનાવી મૂકી છે! કુદરતે માણસજાતને માટે કુદરતી ખોરાક બનાવ્યો છે અને તે વનસ્પતી ખોરાક છે. ઇન્દ્રિઓને ઉશ્કેરી મુકે એવો ખોરાક છોડી જેમ બને તેમ સાદો સાત્વિક ખોરાક ખાવો. ઝાઝી વાનીઓમાં વખત અને પૈસાનો ભોગ આપવો અને સાથે લાગ્યું બીમારીપણું માગી લેવું એ ડાહ્યા માણસનું કામ નથી.

## પરિભોગનો સંકોચ.

'ઉપભોગ' એટલે ખાવા-પીવા વગેરેની બાબતમાં શ્રાવકનું સાતમું વ્રત શું કહેછે અને તે કેટલું જરૂરી વ્રત છે તે બતાવ્યા પછી આપણે એજ વ્રતની બીજી કલમ 'પરિભોગ પર અંકુશ' એને તપાસીશું.

'પરિભોગ' એટલે વારંવાર વાપરવામાં આવતી વસ્તુઓ. ઘર, વસ્ત્ર સ્ત્રી વગેરે.

જો આપણે 'પરિભોગ'ની બાબતમાં નિગ્રહ કરતા શીખીએ અને એ બાબતની ઉડાઉ ટેવો છોડી દઇએ તો આપણે તનદુરસ્તી સારી રીતે જાળવી શકીએ. દાખલા તરીકે આજકાલ શરીર ઉપર ઉપરાઉપરી કપડાં ખડકવાની 'ફૅશન' છે! પરન્તુ આ ફૅશન તનદુરસ્તીને ઘણું ખલેલ પહોંચાડે છે. સાયન્સ કહેછે કે "આપણા શરીરમાં દરરોજ **ફેફસાંની મારફત** ૧૫૦૦૦ પંદર હજાર ક્યુબીક ઇંચ ચોખ્ખી હવા લેવી જોઇએ **અને ત્વચાની મારફત** ૩૦૦૦ ત્રણ હજાર ક્યુબીક ઇંચ હવા લેવી જોઇએ" હવે જો શરીર ઉપર બહુ કપડાં ખડકીએ કે ફૅશન ખાતર ટાઇટ કપડાં પહેરીએ તો સ્વચ્છ હવાને શરીરમાં દાખલ થતાં હરકત પહોંચે. માટે માણસે જેમ બને તેમ થોડાં અને ખુલતાં વસ્ત્ર પહેરવાં જોઇએ. ઘરબાર પણ મ્હોટાં વગડા જેવાં ન રાખતાં જરૂર પુરતાંજ અને સ્વચ્છ તથા ઝાઝા રાચરચીલાની વખાર જેવાં ન દેખાય તેવાં રાખવાં જોઇએ, જેથી હવા અને પ્રકાશમાં હરકત નડશે નહિ.

રાચરચીલાં જેમ વધારે રાખશો તેમ સાચવવાની ચિંતા વધારે અને જેમ ચિંતા વધારે તેમ શરીર બગડવાનો સંભવ પણ વધારે; કારણ કે માનસિક સ્થિતિઓ ઉપર શારીરિક સ્થિતિનો ઘણો મ્હોટો આધાર રહેછે. માણસનું મન જેમ વધારે આનંદમાં રહેશે તેમ ત્હેનું શરીર વધારે તનદુરસ્ત રહેશે. અને તેટલાજ માટે જૈનોનું આઠમું વ્રત (અનર્થ દંડ વિરમણ વ્રત) અને નવમું વ્રત (સામાયિક અથવા સમભાવ Equilibrium of Mind

નો મહાવરો પાડવાનું વ્રત:) યોજાયું છે; કે જે સંબંધી બીજે કોઇ પ્રસંગે વિસ્તારથી કહેવામાં આવશે.

આપણે આ વિષય અહીં સમાપ્ત કરીએ તે પહેલાં મ્હારા વાચકોને મ્હારે યાદ દેવું જોઇએ છે કે, શાસ્ત્રોના દરેક ફરમાનમાં ગુઢ તત્વો છુપાયલાં છે, જે આપણે જાણતા નથી માટેજ આપણાં જીવન ઉચ્ચ થઇ શકતાં નથી. શાસ્ત્રોના ગમે તેટલા થોકડા મુખપાઠ કરવા છતાં આપણાં જીવન અસ્વચ્છ, સ્વાર્થી, સંકુચીત, પ્રેમરહિત થવાનું કારણ જ આ છે. સાતમું વ્રત કે બારે વ્રત ' ધારનાર ' હજારો શ્રાવક-શ્રાવિકા હશે; પણ ત્હેમણે આટલાં કેળાંથી વધારે કેળાં જમવાં નહિ, આટલાં કંકોડાથી વધારે કંકોડાં જમવાં નહિ, એવી એવી વસ્તુઓનાં લાંબાં લીસ્ટ કરી સ્મરણ શક્તિને નાહક ભારે મારી છે અને વખત પણ નકામો ગુમાવ્યો છે. ઉપર વર્ણવ્યા મુજબ સાતમા વ્રતની ખુબી સમજ્યા હોત તો ત્હેમનાં શરીર તનદુરસ્ત, ત્હેમનું મન સમતોલવાળું, ત્હેમની બુદ્ધિ વિશાળ અને ત્હેમનો આત્મા આનંદી બન્યા વગર રહેત નહિ.

# દાન ધર્મ.

( માગધી ભાષામાં, પંજાબી મુનિ શ્રી આત્મારામજી મહારાજે ખાસ ' જૈનહિતેચ્છુ ' માટે રચી મોકલાવેલું કાવ્ય.)

विशालकित्तिपरमंहिएसी
सव्वण्णुदंसीखेयन्नेमहेसी
संत्तिकरंतिचइमम्मिलोय
वंदामिनिच्चंसिरिवद्धमाणं ॥ १

दाणंधम्मस्सजिणिंदभासियं
मुत्तिस्समग्गेपरमंदाणं
अभयदाणंविज्जायदाणं
ओसहीदाणंकरुणायदाणं ॥ २

विज्जाणंदाणेयपरमेदाणं
जस्सणंप्पहावउम्मुत्तिलभंति
विज्जाणंअट्ठेउवायकरेह
जस्सणंपहावउमवेउज्जोत्तो ॥ ३

दाणंपभावेणगच्छइमोक्खं
दाणंपभावेणसुहंलहंति
दाणंपभावेणकम्मट्ठनट्ठे
दाणंपभावेणविशालकित्ति ॥ ४

लाहभवंतिनियअपणाउ
भत्तिस्सपभावेजिणिंदणेणं
चंचलजीवस्सणंपेहमाणे
दट्ठुस्सणंकालेनप्पमायकुज्जा ५

## आगमसारात्.

जंचिअखमइसमत्थो
धनवंत्तोजंगव्विउहोई
जेचासुविज्जोनमिउ
तंतोहिअलंकियापुढवी ॥ १

नहसंतिपरंनथुणंति
अप्पयंपियसयाइंजंपंति
एसोसुयणसुहावो
नमोरताणपुरिसाणं ॥ २

नकयंदिन्नूद्धरणं
नकयंसाहम्मियाणवाछलं
हिमयंमिवीयरागो
नधारीउहारिउजम्मो ॥ ३

मेहाणजलंचंदस्सचंदणं
तहतरुवराणफलमिचयं
सुपुरिसाणयरिद्धि सामन्नं
सयलल्लोयस्स ४
देवाणुप्पियाआगमसारगंथे
सुठुउत्तएसंकरंति.

जिणसासणअंत्तोमुत्तिमग्गस्सणं पढमदारेदाणंअत्थि—दाणस्सणं बहुभेया किन्तुसव्वदाणाउ परमंदाणं विज्जात्थि जस्सणंकि वाउसं सारिएसुहंमुत्तिठाणंखिप्पंउवलद्धुभवतिअउम्—शान्ति!शान्ति!शान्ति!!

**ભાવાર્થ.**

જેની વિશાલ કીર્ત્તિ છે, જે પરમ હિતૈષિ છે, જે સર્વજ્ઞ—સર્વદર્શી છે અને ખેદજ્ઞ છે, મહર્ષિ છે, આ લોકમાં સદા શાન્તિના કરનાર છે એવા શ્રી વર્ધમાન પ્રભુને હું હમેશ વંદન કરૂંછું.

પ્રિય મિત્રો! 'દાન ધર્મ' એ ઉપર કહેલા ગુણોવાળા જિનેન્દ્ર પ્રભુએ ફરમાવેલો ધર્મ છે. એ દાન ધર્મ મુક્તિ માર્ગનો સુલભ—સહેલો રસ્તો છે.

દાનના અનેક ભેદ છે; જેવા કે અભયદાન, વિદ્યાદાન, ઔષધિદાન કરૂણાદાન. આ સર્વ દાનોમાં વિદ્યાદાન એવું છે કે જે સર્વનું કારણ બનેછે. માટે વિદ્યાદાન એ પરમ દાન છે.

વિદ્યાદાનના પ્રભાવથી મુક્તિ પણ મળી શકેછે. માટે વિદ્યાદાનાર્થે અવશ્ય ઉપાય કરવા જોઇએ. ત્હેના પ્રભાવથી જિન માર્ગ વિશેષતર ઉદ્યોત પામશે.

દાનના પ્રભાવથી જીવને મુક્તિ સુધી પ્રાપ્ત થાય છે. દાનના પ્રભાવથી જ પૂર્ણ સુખ મળે છે. દાનના પ્રભાવથી જ અષ્ટ કષ્ટ નષ્ટ થાય છે. દાનના પ્રતાપે જ જીવની વિશાળ કીર્ત્તિ થાય છે.

લાભ કેવળ નિજાત્માથીજ થાય છે. લાભ કેવળ જિનેન્દ્ર દેવે ફરમાવેલા 'ધર્મ'ની પ્રભાવના કરવાથી જ થાય છે.

આ જીવન ચંચળ—અસ્થીર છે. કાળના સ્વરૂપને જોઇને પ્રમાદ કરવો યોગ્ય નથી.

'આગમસાર' નામક ગ્રંથમાં કહ્યું છે કે, "જેઓ શક્તિમાન છતાં પણ શાન્તિ રાખે છે, ધનાઢ્ય છતાં પણ ગર્વ કરતા નથી, પૂર્ણ વિદ્વાન હોવા છતાં પણ નમ્રતાથી વર્તે છે: તે ત્રણ જાતના પુરૂષોથી જ આ પૃથ્વી શોભી રહી છે."

જેઓ પરનું હાસ્ય નથી કરતા અને આત્માશ્લાઘા પણ નથી કરતા તથા જે સદા પ્રિય મધુરભાષી છે તેવા સત્પુરૂષોને સદા નમસ્કાર હો !

જેમણે ગરીઓનો ઉદ્ધાર નથી કર્યો, સ્વધર્મીઓનું વાત્સલ્ય નથી કર્યું, હૃદયમાં પક્ષપાતરહીત દેવનું ધ્યાન નથી ધર્યું તે માણસોએ તો મનુષ્ય ભવ ફોકટ જ ગુમાવ્યો છે.

મેઘનું પાણી, ચંદ્રની ચાંદની, વૃક્ષનાં સુંદર ફલ, સત્પુરૂષોની ઋદ્ધિઃ આ સર્વ તો બીજાઓના ઉપકાર અર્થે જ છે-પરોપકારાર્થ જ છે.

દેવતાના વલ્લભો ! જુઓ, 'આગમસાર' ગ્રંથ કેવો સુંદર ઉપદેશ કરે છે ! જિન માર્ગમાં મુક્તિમાર્ગનું પ્રથમ દ્વાર 'દાન' જ છે. દાનના અનેક ભેદ છે, જેમાં સર્વોપરિ તો વિદ્યાદાન છે, કે જેના વડે સાંસારિક સુખ તેમજ મુક્તિસ્થાન જલદી મેળવી શકાય છે.

# ઍમ્. એ. થયા પછી ત્હમે શું ધંધો કરવા ઈચ્છોછો?

મ્હેં મ્હારા મિત્ર ચંદુલાલને પૂછ્યું, કે આ વખતની પરીક્ષાનું પરિણામ શું જણાય છે? ઍમ્. એ. માં પાસ થશો કે નહિ?

ત્યારે ચંદુલાલે કહ્યું, કે એ તે કાંઈ સવાલ છે? શા માટે પાસ ન થઇએ? પાસ થશો કે નહિ એમ પૂછવું એ તો જેને આપણે સવાલ પૂછીએ તેનું અપમાન કર્યા બરાબર છે; કારણ કે જો સામા માણસની શક્તિમાં આપણને વિશ્વાસ હોય તો એવો સવાલ શા માટે પૂછવો પડે?

એ સાંભળીને મેં કહ્યું કે, ત્યારે શું તમે એમ ધારો છો કે પાસ થવું એ આપણા હાથમાં છે?

ત્યારે ચંદુલાલે કહ્યું કે, એમાં શક શો ? પાસ થવું એ આપણા હાથમાં નહિ તો બીજા કોના હાથમાં ! શું કોઇની મહેનતથી આપણે પાસ થઇશું ?

એ સાંભળીને મેં કહ્યું કે, બેશક આપણી જ મહેનતથી આપણે પાસ થઇ શકીએ, એ વાત સાચી છે; પણ તેમ છતાં તેમાં આજુબાજુના ઘણા સંજોગો પણ ધ્યાનમાં રાખવા પડે છે, અને કોઇ વખત સંજોગો એવા બની જાય છે કે હુશિયારમાં હુશિયાર વિદ્યાર્થી પણ કોઈ કોઈ વખત સંજોગને આધારે નાપાસ થઇ જાય છે, તેથી આવા સવાલો પૂછવાની આપણને ટેવ પડી ગયેલી છે.

એ સાંભળીને ચંદુલાલે કહ્યું કે, એ વાત કેટલેક દરજ્જે ખરી છે, પણ આપણે એવી બાબતો ઉપર ભાર મૂકવો જોઇએ નહિ, અને આપણે કોઇ પણ લાયક વિદ્યાર્થીઓની કિમ્મત ઓછી સમજવી જોઇએ નહિ, પણ આપણે તો આપણા બાળકવિદ્યાર્થીઓના મનમાં તથા આપણા જુવાન બાઇબ્હેનોના અંતઃકરણમાં પાકે પાયે એમ જ ઠસાવવું જોઇએ કે પાસ થવું અથવા દુનિયાના બીજા કોઇ પણ કામમાં ફત્તેહ મેળવવી એ તમારા જ હાથમાં છે. સંજોગને તમે બદલી શકો એવું તમારામાં બળ છે, એટલું જ નહિ પણ ખરાબ સંજોગને આધીન થઇ જવું એ તો એક જાતની નબળાઇ છે; માટે એવી નબળાઇમાં નહીં પડયા રહેતાં આપણે આપણા આત્મિક બળ ઉપર વિશ્વાસ રાખતાં શીખવું જોઇએ, અને આપણી મહેનત ઉપર, આપણા જ્ઞાન ઉપર અને આપણા બળ ઉપર વિશ્વાસ રાખતાં આપણે શીખવું જોઇએ; અને હિમ્મતથી તથા દૃઢતાથી એવો જ જવાબ દેવો જોઇએ કે પરમાત્મકૃપાથી હું મારા કામમાં ફત્તેહ મેળવીશ જ.

મેં કહ્યું કે, પણ એમ ભાર મૂકીને કેમ કહી શકાય ?

ત્યારે ચંદુલાલે કહ્યું કે, જો આપણે આપણા વિષયને પૂરેપૂરો સમજ્યા હોઇએ, જો આપણે તેની ઉપર જેટલી મહેનત લેવી જોઇએ તેટલી મહેનત લીધી હોય, જો આપણે એ બાબતમાં બીજા લાગતાવળગતાઓની જેટલી સલાહ કે મદદ જોઇએ તેટલી લીધી હોય, જો આપણું શરીર સારૂં હોય, જો આપણી બુદ્ધિ સારી હોય, જો આપણે હાથમાં લીધેલાં કામની કિંમત સમજતા હોઇએ, જો આપણને આપણા પંડના બળમાં વિશ્વાસ હોય, અને જો આપણે પરમાત્માને હાજરનાજર જાણીને કર્તવ્ય બજાવવાને ખાતર કામ કરતા હોઇએ તો પછી ભાર મુકીને જવાબ કાં ન દઇ શકાય ?

ખુશીથી ભાર મુકીને જવાબ દેવાય જ. એટલું જ નહિ પણ આવાં બધાં સાધનો અને સગવડો છતાં ઢીલોપોચો જવાબ દેવો અથવા શંકાશીલ* જવાબ દેવો તેને હું તો એક જાતની નાલાયકી જ સમજું છું; કારણકે એમાં મને **આત્મશ્રદ્ધાનું મોળાપણું** દેખાય છે; એટલું જ નહિ પણ આગળ વધેલાં માણસોને શંકાશીલપણે પૂછવું કે 'તમારૂં કામ તમે કરી શકશો કે નહિ?' એ પણ મને તો તેઓનું અપમાન કરવા જેવું લાવે છે.

એ સાંભળીને મેં કહ્યું કે, મને માફ કરજો, મારામાં એટલું બધું બળ નથી, તેથી હું મારા કામમાં શંકાશીલ રહું છું અને બીજાઓને પણ શંકાશીલપણે સવાલ પૂછું છું; પણ હવે તમે મને કહો કે, ઍમ્. એ. થયા પછી તમે શું ધંધો કરવા ઇચ્છો છો?

ત્યારે ચંદુલાલે કહ્યું કે, ઍમ્. એ. ની પરીક્ષામાં પાસ થયા પછી હું હરિકથા* કરવાનો ધંધો કરવા ઇચ્છું છું.

એ સાંભળીને હું હસી પડયો, અને મેં અજબ થઇને પૂછયું કે, શું ઍમ્. એ. થઇને હરિકથા જ કરશો? હાય હાય! તમારી એટલી બધી વિદ્યાનું એટલું જ ફળ! આટલાં બધાં વરસો સુધી આટલી બધી મહેનત કરી ભણવામાં હજારો રૂપિયાનું ખરચ કર્યું, અને પરિણામે પાઇ પાઇ ઉઘરાવવાનો તથા થોડીક બિચારી રાંડીરાંડ ડોકરીઓ પાસે જરીપુરાણી અને ગરભ છાંટના ગોળા જેવી વાતો કરવાનો ધંધો કરશો? આ તમે શું બોલો છો? આજે કાંઇ ભાંગબાંગ પીધી છે કે શું? હાય હાય! ઍમ્. એ. થઇને હરિકથાનો ધંધો?! આ ભૂત તમને કોણે ભરાવ્યું?

એ સાંભળીને ચંદુલાલે કહ્યું કે, બંધુ! હું બહુ દિલગીર છું કે હરિકથાના મહા ઉત્તમ ધંધાને તમે હલકો ધંધો અને ભીખારીનો ધંધો સમજો છો; પણ મને તો એમ લાગે છે કે હરિકથાના ધંધા જેવો બીજો ઉત્તમ ધંધો

---

*મૂળ લેખકના શબ્દોમાં ફેરફાર કરવો મ્હને ઠીક ન લાગવાથી 'હરિકથા' શબ્દ અત્રે કાયમ રાખ્યો છે. જૈનોમાં આવીજ જાતના 'હરિકથા' કરનારા —શાસ્ત્રોપદેશ કરનારા ગૃહસ્થોની હવે પુરેપુરી જરૂર જણાઇ છે. જેમ જેમ વધુ ભણેલા અને વધુ અનુભવ પામેલા તથા નિર્મળ આશયવાળા શ્રાવકો આ કામ ઉપાડી લેવા બહાર પડતા જશે તેમ તેમ પોપલીલા અદશ્ય થતી જશે, સાધુવર્ગ વધુ વ્યવહારૂ અને નિર્મળ થવા આકર્ષાશે અને શ્રાવકો ઉપયોગી અને નિર્મળ જીવન ગાળતાં શીખશે. —અધિપતિ, 'જૈ. હિ.'

દુનિયામાં કોઈ પણ નથી; એટલુંજ નહિ પણ મેં જે એ કામ પસંદ કર્યું છે તેનાં બીજાં પણ ઘણાંએ કારણો છે.

હરિકથાનો ધંધો પસંદ કરવાનું પહેલું કારણ એ છે કે, **આપણી જીંદગીના મુખ્ય હેતુઓ શું છે તે સંબંધી મેં બહુ વિચાર કરેલો છે, અને** એ સંબંધી જુદા જુદા ઘણા પંડિતો તથા મહાત્માઓના વિચારો મેં જાણેલા છે, તેથી મ્હારી એમ ખાતરી થયેલી છે કે, **સેવા કરવા માટેજ આપણી જીંદગી** છે. સેવા જેવું બીજું ઉત્તમ કામ જગતમાં એકે નથી. અને સેવામાં પણ જે કામ પરમાત્માને સાથે રાખીને થાય, ધર્મના બળથી થાય, અને જે કામ કરવાથી લોકોની ઉત્તમમાં ઉત્તમ ભાવનાઓ જાગ્રત થાય તે કામને હું સૌથી શ્રેષ્ઠ સમજુંછું; અને એ કામ હરિકથા કરવાથી બહુજ સારી રીતે સિદ્ધ થઇ શકે છે, એમ મ્હારી ખાત્રી થઇ છે; **માટે** હું એ કામ સ્વીકારવા તૈયાર થયો છું.

બંધુ! તમે શું એમ ધારો છો કે એમ્. એ. થયા પછી બસેં ચારસેં રુપિયાના પગારની સારી નોકરી મેળવવી, બાઇડીને ખૂબ ઘરેણાં પેહેરાવી ગાડી ઘોડે ફેરવવી, લુખાંપુખાં ભાટુતી માનપત્રો લેવાં, પરાધીનતા સ્વીકારી નશિબને વ્હેંચી નાંખવું, સંજોગને આધારે મ્હોટા ગણાતા લોકો જેમ આપણને ઘસડે તેમ ઘસડાયા કરવું, તથા મોજશોખ ભોગવવા ઇસ્કી ટટ્ટુ થઇને ફરવું, અને "હમબી નવાબ ભરૂચ કે" એવા બનીને મનમાં ફુલાયા કરવું, એ જ શું ઉંચી કેળવણીની સાર્થકતા છે, નહિ. બંધુ! કેળવણીનો એવો હલકો હેતુ હું સમજતો નથી, પણ હું તો એમ ધારૂંછું કે, કેળવણીથી પ્રથમ આપણી જીંદગી સુધરવી જોઇએ, તેમાં બીજા સાધારણ લોકોના કરતાં ખાસ પ્રકારની કાંઇક **ઉચ્ચતા** આવવી જોઇએ, અને આપણા બંધુઓના જીવનમાં આપણે કાંઇક ઉચ્ચતા ભરી શકીએ એમ થવું જોઇએ. અને એ કામ કાંઇ રજવાડાની નોકરીથી, ગાડીઘોડાથી, મોજશોખમાં પડ્યા રહેવાથી, ખુશામત કરીને મેળવેલા ખેતાબોથી, ઝાઝું ધન મેળવી લેવાથી કે બડેખાં બની મીજાજ બગાડ્યા કરવાથી કાંઇ થતું નથી, પણ **ઉચ્ચ હેતુઓ** સમજીને, ઉત્તમ લક્ષ રાખીને, સરલતા રાખીને અને "**आत्मवत् सर्व भूतेषु**" એ મહામંત્ર સ્વીકારીને કર્તવ્ય બજાવવાને ખાતર જો આપણે કામ કરીએ તો કોઈપણ ધંધામાંથી આબરૂ મેળવી શકાય છે, મ્હોટાઇ મેળવી શકાય છે, એમ આત્માનું કલ્યાણ કરી શકાય છે, તથા પરમાત્માના વહાલા થઈ શકાય છે.

બંધુ! તમે શું એમ ધારો છો કે, હરિકથાનો ધંધો હલકો છે? અને એ કામ તો જે રેંડીપેંડી જેવા ભીખારી બ્રાહ્મણો હોય તેઓજ કરે? મ્હારા જેવા વાણિઆથી, શ્રીમંતથી અને એમ્. એ. થયેલાથી એ કામ ન થાય? અને જો હું એ કામ કરૂં તો તે હલકું કામ ગણાય એમ તમે ધારો છો, તે જાણીને મને બહુ દિલગીરી લાગે છે, કારણ કે તમારા જેવા કેળવાયેલા મિત્રો તરફથી હું એવી જાતના સાંકડા વિચારો સાંભળવાની આશા કે ઇચ્છા રાખતો નથી: પણ મને તો કાંઇક નવીનતા, કાંઇક વિશાળતા, કાંઇક ઊંડાણ, કાંઇક રહસ્ય, કાંઇક પ્રત્યક્ષ ચમત્કાર અને આત્મિક બળ જોઇએ છે. અને તે, જ્ઞાનના પ્રમાણમાં, પ્રેમના પ્રમાણમાં અને પુરૂષાર્થના પ્રમાણમાં દુનિયાના દરેક ધંધામાંથી મળી શકે તેમ છે, એમ હું માનુંછું, એટલુંજ નહિ પણ આપણા કેળવાયેલા બધા લોકોનું મુખ્ય વલણ નોકરી તરફજ હોય છે, અને નોકરીમાં પરાધિનતા હોવાથી તથા રાજ્યની નોકરીમાં ઘણી વખત જોઇએ તે કરતાં વધારે સગવડો તથા જોઇએ તે કરતાં વધારે દબાણો હોવાથી ઘણાક લોકો નોકરી સ્વીકાર્યા પછી કાંઇ પણ વધારે સારી સેવા કરી શકતા નથી, તેથી કેળવાયેલો વર્ગ દેશને જેટલો ઉપયોગી થવો જોઇએ તેટલો ઉપયોગી થઈ શકતો નથી, કારણ કે તેઓનું જે બુદ્ધિબળ દેશની આબાદી વધારવામાં ખરચાવું જોઇએ તે બળ થોડાક પૈસાને ખાતર માત્ર પોતાના એક શેઠનું ભલું કરવામાંજ ખરચાઇ જાય છે, તેથી તેઓ બીજી વધારે સારી સેવાઓ કરી શકતા નથી; અને પોતાના બંધુઓની સેવા કર્યા વિના પોતાના આત્માનું કલ્યાણ થઈ શકતું નથી, માટે ભલે બહુ માનભરેલી હોય તેવી નોકરી કરવા કરતાં પણ સેવા ધર્મ સ્વિકારવા સારૂં સ્વતંત્રતાને હું વધારે પસંદ કરૂંછું, અને તે સારૂ હરિકથા કરવાનું કામ સ્વીકારવા મારી ઇચ્છા છે.

બીજું એ કે, હાલ જૂના વિચારના તથા અધુરા જ્ઞાનવાળા જે હરિકથા કરનારાઓ છે, તેઓ માત્ર પુરાણનાં આખ્યાનો, તથા ચાલતી આવેલી ભક્તોની ચમત્કારિક કથાઓની જ વાતો કર્યા કરે છે, પણ તેનાં ઊંડાં રહસ્યો સમજી કે સમજાવી શકતા નથી. તેઓ પોતાની કથાઓમાં સ્થૂલ ચમત્કારોનેજ મ્હોટું રૂપ આપ્યા કરે છે, અને હાલના જમાનાના કેળવાયેલા લોકો સીધી રીતે જે વાતો ન માની શકે તેવીજ વાતો કહ્યા કરે છે, એટલુંજ નહિ પણ ઘણી જાતના ચાલતા આવેલા વહેમોને ટેકો આપે છે, તથા જે વાતો હાલના જમાનાના લોકો પાળી

શકે નહિ તેની વાતો તેઓની આગળ કર્યા કરેછે; અને મુખ્યતાથી વૈરાગ્યની વાતોનોજ વધુ ભાગે ઉપદેશ કરે છે, તેથી ઘણા લોકો પોતાના કર્તવ્યમાં ઢીલા ને નમાલા બની જાય છે. એ સિવાય એવા લોકોની કથામાંથી બીજું મને એમ પણ સમજાયું છે કે, તેઓ હજારો વરસ ઉપર જે જમાનો વિતી ગયો તેનીજ વાતો વધુ ભાગે કર્યા કરે છે, પણ આપણે હાલના જમાનાને અનુકૂળ કેમ થવું? તે વાત તેઓ વિગતવાર રીતે કહી શકતા નથી; અને કેટલાક લોકો તો હાલના જમાનાને તદ્દન પ્રતિકૂળ હોય તેવી તથા હાલમાં સહેલાઇથી પાળી શકાય નહિ તેનીજ વાતો પોતાની કથામાં લોકોની આગળ કર્યા કરે છે, તેથી ઉલટા લોકો પાછળ પડે છે, અને પોતાની સ્થિતિને બંધબેસતા ન થાય તેવા ધર્મો સાંભળીને મનમાં મૂંઝાયા કરે છે, અને હરિકથા સાંભળવાથી માનસિક દીલાસો મળવો જોઇએ તેને બદલે એવી જાતની હરિકથાઓ સાંભળીને તેઓનાં મન ઉલટાં શંકાશીલ બને છે. હરિકથા સાંભળીને જીંદગી સુધારવા માટે કાંઇક નવો રસ્તો તથા નવું બળ મળવું જોઇએ, તેને બદલે હરિકથા સાંભળીને તેઓ બહારના ખોટા વૈરાગ્યવાળા અને પોતાના કર્તવ્યમાં ઉલટા ઢીલા થાય છે. હરિકથા સાંભળીને લોકોમાંથી કાંઇક વહેમો ઓછા થવા જોઇએ તેને બદલે ઘણા લોકો ઉલટા કોઇક જાતના વધારે વહેમમાં પડે છે; અને હરિકથા સાંભળીને પરમાત્માનું અસલ સ્વરૂપ જાણવું જોઇએ ; તેને બદલે ઇશ્વર હજામ બનીને કોઇની હજામત કરી ગયો, ડોશી બનીને કોઇનું દળણું દળી ગયો, અને કોઇ પ્રતિવ્રતાનું પતિવ્રત ભંગાવવા માટે ઇશ્વિરે અનેક પ્રકારના દગાફટકા કર્યા, તથા ઇશ્વર વહેમાઇ જઇને શંકર સાથે લડયા, શંકર બ્રહ્મા સાથે લડયા, બ્રહ્માએ વિષ્ણુને શ્રાપ દીધો, વિષ્ણુએ મોહિનીરૂપ લઇને શિવજીને ફસાવ્યા, આવી આવી વાતો લોકોની આગળ કહ્યા કરે છે, અને ઇશ્વિરનું સ્વરૂપ છેક ઉતરતા પ્રકારનું બનાવી નાખી લોકોની નજરમાં તેને હલકો પાડે છે. આવું ન થાય માટે તથા ખરી હરિકથા કેવી હોવી જોઇએ તેનો નમુનો બતાવવા માટે હું હરિકથા કરવાનું કામ કરવા ઇચ્છુંછું.

હરિકથાનો લાભ લેનાર મંડળમાં હમેશાં સ્ત્રીઓનું પ્રમાણ બહુ વધારે હોયછે, અને સ્ત્રીઓનો સ્વભાવ એવો છે કે, તેઓના મનમાં જે જાતના સંસ્કારો પાડવા હોય તે બહુ સહેલાઇથી પડી શકે છે, અને મને એમ લાગે છે કે, સ્ત્રીઓના મનમાં સારાં બીજ રોપવાં એ કામ બહુજ મ્હોટામાં મ્હોટું છે; કારણકે સ્ત્રીઓ એ કાંઇ સાધારણ બાબત નથી, પણ

સ્ત્રીઓ એ પરમાત્માની કૃપાની મૂર્તિઓ છે, સ્ત્રીઓ એ દયાની દેવીઓ છે, સ્ત્રીઓ એ જગતનો આધાર છે, સ્ત્રીઓમાં મહાન્ બળ રહેલું છે, ભવિષ્યની પ્રજાના સુધારા વધારાનો આધાર સ્ત્રીઓ ઉપર છે, અને પુરૂષોની લગામ સ્ત્રીઓના હાથમાં છે; માટે સ્ત્રીઓની અંદર સારા સંસ્કાર પાડવા એ બહુજ મ્હોટી વાત છે, અને આપણા દેશમાં લાજના કઢંગા રીવાજને લીધે તથા સ્ત્રીઓ જાહેર મંડળમાં ભાગ લેતી નથી તેને લીધે અને સ્ત્રીઓમાં કેળવણી બહુ વધેલી નથી તેને લીધે સ્ત્રીઓના મંડળમાં કામ કરવાની તક સજ્જન પુરૂષોને પણ મળતી નથી, પણ હરિકથાનું કામ કરવાથી સ્ત્રીઓમાં સારા સંસ્કારો બેસાડવાની તક મળી શકે છે, માટે એ કારણ સારૂ પણ હરિકથા કરવાનું કામ હું પસંદ કરૂંછું. કારણકે સ્ત્રીઓના મંડળની અંદર કામ કરવાનું મળે, અને એ કામ જો ઊંચામાં ઊંચા પ્રકારનું હોય તથા તે કામ જો સારામાં સારી રીતે કરી શકાય તો હું તેને મહા ભાગ્યશાળીપણું સમજાુંછું; કારણકે બીજી કોઇ પણ રીતે આપણે આપણા દેશની કે આપણા બંધુઓની જેટલી સેવા કરી શકીએ તે કરતાં સ્ત્રીઓના અંતઃકરણની અંદર સારા સંસ્કારો પાડવાથી હજારો-ગણું વધારે કામ થઇ શકે છે. માટે ધર્મનું છુટાપણું, દેશની આબાદી, પરોપકાર, આત્મબળ, સ્વમાન, સ્વતંત્રતા, સેવા ધર્મ, સ્વાર્થત્યાગ, વગેરે ઉત્તમ બાબતોનાં બીજો હું તેઓમાં રોપવા ઇચ્છુંછું, અને સેવાધર્મ માટે જ સ્ત્રીઓનો અવતાર છે તથા તેઓ જો ધારે તો પોતાના માનસિક બળથી પોતાના કુટુંબમાંથી, પોતાના દેશમાંથી તથા આખા જગતમાંથી રોગો દૂર કરી શકે, દુઃખો દૂર કરી શકે, ઘડપણને અટકાવી શકે, ગરીબાઇને મટાડી શકે અને લાંબો વખત સુધી મોતને પણ દૂર રાખી શકે, એવું બળ તેઓના આત્મામાં છે, અને એ આત્માનો પરમાત્મા સાથે સીધો સંબંધ છે: આવી વાતો મારે સાધારણ સ્ત્રીઓના મગજમાં પણ ઠસાવવી છે. માટે હું હરિકથા કરવાનો ધંધો પસંદ કરૂંછું.

હરિકથામાં કેટલાક લોકો રાજદ્વારી બાબતો ભેળી દે છે, તેથી હરિકથાનું મહત્વ ઘટી જાય છે; કારણ કે હરિકથામાં રાજદ્વારી બાબતો લાવવાથી હરિકથા તરફ સારા લોકોની અરૂચિ થાય છે, અને હરિકથામાં ડીટેકટીવો જઇને બેસે છે, તથા સરકારી અમલદારો એવી જાતની હરિકથા તરફ વેહેમાયેલી નજરે જુએ છે; તેથી એવી હરિકથાઓનું રૂપ ઉતરતા પ્રકારનું થઇ જાય છે, અને તેની જે સારી અસર થવી જોઇએ તે થઇ શકતી નથી; માટે હરિકથામાં રાજદ્વારી બાબતો બીલકુલ ભૂલે ચુકે પણ લાવવીજ નહિ

એવો મ્હારો સિદ્ધાંત છે, અને એ જ સિદ્ધાંત ઉપર કામ કરવા હું ઇચ્છુંછું; કારણ કે હરિકથા જેવી ધર્મની બાબતમાં તથા આત્માની ઉન્નતિ કરવાની બાબતમાં જે વાત કેટલાક લોકોને વાંધાભરેલી લાગે તેવી વાતો ભેળી દેવી એ કંઇ ઠીક કહેવાય નહિ. તેમજ ધર્મ સંબંધી, નીતિસંબંધી, તથા પોતાની અને દેશની આબાદી સંબંધી એટલી બધી બાબતો કહેવાની હોય છે કે તે બધાંને છોડીને વાંધાભરેલી રાજદ્વારી બાબતો તેમાં શા માટે વચ્ચે લાવવી જોઇએ? આમ કહીને હું કાંઇ એમ કહેવા નથી ઇચ્છતો કે રાજદ્વારી બાબતો ખરાબ છે, અથવા તેમાં કોઇએ ભાગ લેવો જોઇએ નહિ, પણ હું જે કહેવા ઇચ્છુંછું તે એ જ કે, રાજદ્વારી બાબતો અતિશય મહત્વની અને બહુજ જરૂરની બાબત છે, એટલે જેણે એ બાબતનો ખાસ અભ્યાસ કર્યો હોય, જે પોતે પોતાને અંકુશમાં રાખી શકતા હોય, જેનું પોઝીશન બહુજ સારૂં હોય અને જે રાજ્યની તથા પ્રજાની સ્થિતિ સમજતા હોય તેવા અનુભવી માણસો પોતાનાં જાહેર જૂદાંજ મંડળોમાં રાજદ્વારી ચર્ચા ચલાવે તે બહુ ઉત્તમ વાત છે, પણ ધર્મનાં મંદીરોમાં હરિકથા સાથે તેને ભેળી દેવાની ભૂલ ન કરવી જોઇએ, એમ હું માનુંછું, અને એ જ નિયમે કામ કરવા ઇચ્છુંછું.

આ બધું સાંભળીને મેં કહ્યું કે, હરિકથા કરવાનું કામ બહુ ઉત્તમ છે, એમ તો મ્હારી ખાત્રી થઇ છે; પણ તમે એ કામમાં ફતેહ મેળવશો એમ શા ઉપરથી ધાર્યું? એને માટે કંઇ ખાત્રી છે કે!

ત્યારે ચંદુલાલે કહ્યું કે, હા, ફતેહ મેળવીશ એ બાબતમાં તો મને કાંઇ શંકા જ નથી. કારણ કે હું જોઉંછું કે, જે માણસો બીજું કાંઇ પણ વધારે જાણતા નથી પણ માત્ર થોડાક ભક્તોનાં ચરિત્રો અને કોઇક કોઇક પુરાણની માત્ર મ્હોટી મ્હોટી બહારની વાતો જાણતા હોય તેઓ પણ હરિકથા કરી શકે છે, અને તેવાઓની કથામાં પણ ઘણાં માણસો હોય છે; ત્યારે મને તો અંગ્રેજીનું તથા સંસ્કૃતનું સારૂં જ્ઞાન છે, મેં ઘણી જાતનાં પુસ્તકો બહુ છુટથી તથા સમજી સમજીને વાંચેલાં છે, હું ઘણાએ કથા કરનારાઓને મળેલો છું, મ્હારો સ્વર પણ ઠીક છે, મને ગાયન ગાવાનો તથા બજાવવાનો શોખ છે, અને અમારી સોસાયટીમાં પણ હું એક સારો વક્તા ગણાઉંછું, તેમજ હરિકથા કરવાની મ્હારી ખાસ ઇચ્છા છે, એટલે આશા રાખું છું કે બહુ સહેલાઇથી એ કામમાં હું ફતેહ મેળવી શકીશ. એ સિવાય મ્હારી ફતેહનું બીજું પણ

એક મ્હોટું કારણ છે, અને તે એ કે, ઘણું કરીને બધા કથા કરનારા- ઓ કાંઇક પૈસા મેળવવાની લાલચ રાખે છે, પણ ઇશ્વરકૃપાથી મને એ જાતની જરાપણ ઇચ્છા નથી, કારણ કે મ્હારા પિતાજી મ્હારે માટે જરૂર જેટલી દોલત મુકી ગયા છે, એટલે હું કોઈ પણ જાતની લાલચ રાખ્યા વિના તદ્દન નિસ્પૃહીપણે કામ કરી શકું તેમ છું, અને એ પણ મ્હારી ફતેહનું મોટું કારણ છે. કારણ કે મેં જોયેલું છે કે, મ્હારા એક મિત્ર નિસ્પૃહીપણે હરિકથા કરે છે, અને કદી પણ કોઇની પાસેથી કાંઇ પણ લેતા નથી, તેથી તેની કથા સાંભળવા સેંકડો માણસો જાય છે. જો કે તેમની કથા માત્ર ભક્તિ માર્ગનીજ હોય છે, અને તેમાં પણ વારે વારે મૂર્તિપૂજા ઉપરજ વધુ ભાર મૂક્યા કરે છે, છતાં પણ તેના નિસ્પૃહીપણાથી હજારો લોકો તેની કથામાં જાય છે, ત્યારે તેને બદલે હું તો ધર્મના બહુ ઉદાર વિચારો ફેલાવવા ઇચ્છુંછું, અને મનુષ્યોની અંદર આત્માનું જે અદ્ભૂત સામર્થ્ય રહેલું છે તેનો વિકાસ કરવા માગુંછું, એટલુંજ નહિ પણ પુરાણીક કાળના તેમજ ચાલતા જમાનાના અનુભવી દાખલાઓ આપીને હું મ્હારો વિષય સિદ્ધ કરવા ઇચ્છુંછું, અને એ સિવાય ઍમ્. એ. ની મ્હોટી ડીગ્રીની પણ મને મદદ છે, તેમજ મ્હારા બાપની આબરૂ, તેનો પૈસો તથા મ્હારા જાણીતા વિદ્વાન મિત્રોની સલાહ અને તેઓની લાગવગ પણ મને કામ લાગી શકે તેમ છે, માટે એ કામમાં હું જરૂર ફતેહ મેળવી શકીશ; એમાં કાંઇ પણ શક નથી. એટલું જ નહિ પણ આ બધાં કારણો ઉપરાંત મ્હારી ફતેહનું સૌથી મુખ્ય કારણ તો એ છે કે, એ બાબતમાં મ્હારૂં અંતઃકરણ મને ખાત્રી આપે છે; કારણ કે હું કાંઇ કોઇના કહેવાથી કે કોઇપણ જાતની લાલચથી આ કામ સ્વીકારતો નથી, પણ માત્ર મ્હારા અંતઃકરણની પ્રેરણાથી, કુદરતી શોખથી, **સેવા કરવાની ઇચ્છાથી**, ફરજ બજાવવાની લાગણીથી અને **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।** એમ સમજીને જ, મ્હારી જીંદગીમાં રસ ભરવા સારૂ મ્હારે ઉત્સાહભેર કામ કરવાનું છે; એટલે એમાં ફતેહ થાયજ, એમાં નવાઇ શું? જો આવાં સારાં સાધનોવાળાની ફતેહ ન થાય તો પછી બીજા કોની ફતેહ થશે?

આ સિવાય ફતેહ મેળવવાનું હજી પણ એક વધુ મોટું કારણ છે, અને તે એજ કે, હું માત્ર એકલી કથા કહી દેવાનુંજ કામ કરવાનો નથી, અને માત્ર કથા સંભળાવી દીધાથીજ મ્હારી સાર્થકતા થઇ ગઇ એમ હું માન- નારો નથી, પણ હું તો એ જ વખતે મ્હારી કથાનું કાંઇક શુભ પરિણામ

નજરે જોવાની ઇચ્છા રાખનારો છું, અને એ પ્રમાણે કામ કરવાના ઠરાવવાળો છું; એટલે દશ વીશ ઠેકાણે જ્યારે મ્હારી કથાની સાથે તેમાંથી ઉપજી આવેલાં ભલાં કામો લોકોની નજરમાં દેખાઇ આવશે ત્યારે પછી ફતેહ મેળવવામાં જરાપણ મુસ્કેલી રહેશે નહિ.

હરિકથાનું કામ કરવામાં હું ફાવી શકીશ એમ આશા રાખવાનું એ પણ એક કારણ છે કે છેલ્લાં ત્રણ વરસ થયાં ખાનગીમાં હું એ બાબતનો ખાસ અભ્યાસ કરૂંછું, અને સંતોષ થાય એવી રીતે એ અભ્યાસ આગળ વધે છે, એટલે મને ખાત્રી છે કે હું મારા એ કામમાં ફાવીશ જ; કારણકે આપણા ઘણા લોકો પોતાના કામની કિંમત સમજ્યા વિના કામ કરવું શરૂ કરે છે, કેટલાકો પોતાને જે કામ કરવું હોય તેનો ખાસ ઉંડો **અભ્યાસ** કર્યા વિના કામ શરૂ કરે છે, કેટલાકો પોતાને જે રસ્તે જવું હોય તે રસ્તાની **જોખમદારી** સમજ્યા વિના તે રસ્તે ચાલવા માંડે છે, અને કેટલાકો અમુક માણસને અમુક ધંધામાં સારી **કમાણી** થાય છે માટે આપણે પણ એ ધંધો કરીએ, એમ ધારીને, કેટલાકો એમ ધારીને કે ફલાણા માણસમાં કાંઇ માલ નથી તેમ છતાં આ કામ કરી શકે છે ત્યારે આપણે કાં ન કરી શકીએ? એમ ધારીને, કેટલાક માણસો કોઇના કહેવાથી, કેટલાક માણસો પોતાને મનમાનતો અનુકૂળ ધંધો રોજગાર કે નોકરી ચાકરી ન મળે તે સારૂ અને કેટલાક માણસો માનપાનની લાલચે કામ કરે છે, તેથી તેઓ પોતાના કામમાં નિષ્ફળ થાય છે, કારણ કે તેઓ પોતાના કામની કિંમત સમજીને, પોતાના આત્માનું બળ સમજીને, પોતાના અંતરની પ્રેરણા સમજીને અને પોતાની સ્થિતિ તથા પોતાના અભ્યાસ સામે જોઇને કામ કરતા નથી, પણ સંજોગોને આધારે ઉપલાં નજીવાં નજીવાં કારણોસર એકતરફી દોરવાઇ જઇને તેઓ કામ શરૂ કરે છે, તેથી તેમાં પાછા પડે છે, અથવા તો બહુ મોટી ફતેહ મેળવી શકતા નથી, પણ હું તો આ બધા મુદ્દાઓ સમજીને તથા ખાસ અભ્યાસ કરીને અને અંતઃકરણની પ્રેરણા પ્રમાણે ખરેખરી લાગણીથી કામ કરવા ઇચ્છુંછું, એટલે પછી ફતેહ મેળવવામાં શક શું?

ત્યારે મેં કહ્યું કે, નહિ, એ બાબતમાં મને કાંઈ પણ શક નથી, પણ મને એમ લાગે છે કે, પૈસા નહિ કમાવા એ ધંધો ક્યાંસુધી ચાલી શકશે? અને જો કદાચ આખી જીંદગી સુધી તમે કંઈ પણ કમાણી ન કરો તો લોકો તમારા માટે શું બોલશે? કે શું ધારે? એ ખ્યાલ તમે કોઇ દિવસ કર્યો છે?

ત્યારે ચંદુલાલે કહ્યું કે, જો હું મારી ફરજ બજાવી શકતો હોઉં, અને મારા આત્માનો સંતોષ મેળવી શકતો હોઉં, તો લોકો મારે માટે શું બોલે છે, તેની મને દરકાર નથી. જો હું ધારૂં તો દર મહીને પાંચશો, હજાર રૂપિયા સહેલાઇથી મેળવી શકું તેમ છું. હમણાથી જ બસો રૂપિયાના માસિક પગારથી નોકરી લેવાની માગણી આવેલી છે, પણ મેં ચોખ્ખી ના પાડી છે. એ સિવાય જો વાશેક હજાર રૂપિયા રોકું તો એક મીલનો માલ વેચવાની એજન્સીમાં ભાગ મળે તેમ છે, અને એ ખાતામાં પણ રૂપિયાના ઉપરાંત દર મહિને બસો ત્રણસો રૂપિયા સહેલાઇથી બેઠે બેઠે મળી શકે તેમ છે, પણ એ કામમાં ધ્યાન રાખવું જોઇએ, તે મારાથી બની શકે તેમ નથી, માટે મ્હારા પિતાજીના જૂના મિત્ર કે જેણે મને આ હકીકત કહી તેને પણ મેં ઉપકાર સાથે ના પાડી છે. આવી રીતે જોઇની સગવડો અને આવડત છતાં પણ કદી લોકો એમ કહે કે, એનામાં કમાવાની શક્તિ નથી, અને બાપના પૈસા મળ્યા છે તેથી બેઠો બેઠો ઉડાવેછે ને મોજ કરે છે, તો એમ કહેવાની મને કાંઇ દરકાર નથી; કારણ કે હું સમજી શકું છું કે, જો હું ધારૂં તો ઘણે રસ્તે પૈસા મેળવી શકું તેમ છું પણ ઇશ્વરકૃપાથી મારા બાપ મારા માટે સારી રકમ મૂકી ગયા છે, તેના વ્યાજમાંથી સારી રીતે મારો ગુજારો ચાલી શકે અને તેમ છતાં એમાંથી એક સારી રકમ ઉલટી વધ્યા કરે તેમ છે, ત્યારે એવી સગવડો છતાં સેવા કરવાનું કામ છોડીને માત્ર થોડાક પૈસાના લાભ સારૂ કરીનેજ પરમાર્થ કરી લેવાની અમૂલ્ય તક હું શા માટે ચૂકું? પૈસા ન હોય તેણે તે મેળવવા માટે માથાકુટ કરવી જોઇએ, વખતનો ભોગ આપવો જોઇએ, અને વખતે સેવાનો ભોગ પણ આપવો જોઇએ; પણ જેની પાસે પુરતા પૈસા હોય અને જ્યારે જરૂર પડે ત્યારે ફરીથી પૈસા મેળવી શકે એવું જેનામાં સામર્થ્ય હોય, તેવા માણસોએ પણ પૈસાના લોભમાં પડી રહીને કર્ત્તવ્ય બજાવવાની અમૂલ્ય તકો શા માટે ગુમાવવી જોઇએ? માત્ર કોઇક અજ્ઞાન લોકોના બોલવા સારૂ જ એવી અમૂલ્ય તકો ગુમાવી નાંખવી એ ક્યાંનું ડહાપણ? તમે આવી નજીવી નજીવી વાતો શું કરોછો?

ત્યારે મેં કહ્યું કે, ભાઇ! તમને આ વાતો નજીવી લાગે છે, પણ પૈસા મેળવવાની વાતો બીજા લોકોને નજીવી લાગતી નથી. અરે! જો પૈસા મેળવવાની વાતો પૈસાદાર લોકોને નજીવી લાગતી હોત તો તો આપણા દેશમાં હાલમાં ઘણુંએ મહાન્ કામ થઇ જાત, પણ સારામાં સારા માણસોને અને

મ્હોટામાં મ્હોટા માણસોને પણ પૈસા મેળવવાની બાબત નજીવી લાગતી નથી; એટલું જ નહિ પણ જેની પાસે ગુજરાનનાં સારાં સાધનો હોય, જેને ચાલુની સારી આવક હોય અને જે માણસો જ્યારે જરૂર પડે ત્યારે ફરીથી કમાણી કરી શકે તેવા હોય તેવા માણસો પણ થોડા થોડા પૈસાની લાલચે છેક છેલ્લે સુધી નજીવી નજીવી બાબતોમાં પડ્યા રહે છે, અને થોડાક પૈસાના લોભ સારૂ કરીને મ્હોટો પરમાર્થ કરવાની અમૂલ્ય તક ગુમાવી દે છે. એવા સેંકડો માણસોને હું ઓળખું છું કે, જેઓ જો માત્ર પોતાની જરાક લાલચ મુકી દે તો ઘણાંએ ભલાં કામો કરી શકે, એટલું જ નહિ પણ જે નજીવી લાલચોમાં તેઓ પડ્યા રહેલા હોય છે તેવી લાલચોની કાંઈ તેઓને ખાસ જરૂર પણ હોતી નથી, છતાં પણ જરાક લોભને ખાતર તેઓ અમૂલ્ય તક ગુમાવી નાંખે છે. આ પ્રમાણે ઘણે ઠેકાણે જોયેલું છે, તેથી તમને આ સવાલ પૂછ્યો હતો. વારૂ, હવે મને કહો કે પ્રથમ તમને આ વિચાર કેમ સુઝ્યો ?

ત્યારે ચંદુલાલે કહ્યું કે, એક ભગત છે તે હરિકથા કરે છે, તેની કથા સાંભળવા સેંકડો માણસો જાય છે, ત્યાં હું પણ એક વખત ગયો હતો, ત્યારે ત્યાં માણસોની ગરદી જોઇને તથા એ રસ્તે પણ કેટલું બધું કામ કરી શકાય તે જાણીને, તથા હાલના આપણા કથાકારો કેવી એની એ જૂની વાતો ફરી ફરીથી કહ્યા કરે છે, અને લોકોના કેટલીક જાતના વહેમોને ઉત્તેજન આપ્યા કરે છે, એ બધું જોઇને તે સુધારવાની મને ઇચ્છા થઈ, તેમાંથી હરિકથા કરવાનો વિચાર મને ઉત્પન્ન થયો છે. બીજું એ કે મ્હારો એક મિત્ર બી. એ. માં ફેલ થયેલો છે, તે હરિકથા કરવાનું કામ કરે છે, અને તેમાં તેણે સારી ફતેહ મેળવેલી છે. તેની રોજની વાતોથી તથા તેનો અનુભવ જાણ્યાથી એ કામ સ્વીકારવાની મને ઇચ્છા થઇ છે. મ્હારો એ મિત્ર ગરીબ માણસ છે. જો તે કોઇ સારે ઠેકાણે નોકરીએ કે ધંધે લાગી જાય તો દર મહિને પચાસ સો રૂપિયા કમાઈ શકે તેવો છે, પણ તેને બદલે એક શેઠીઓ તેને દર મહિને ત્રીસ રૂપિયા મદદ આપે છે તેમાં તે ગરીબાઇથી પોતાનું ગુજરાન ચલાવી લે છે, અને પરમાર્થને ખાતર હરિકથાનું કામ કર્યા કરે છે. તે કહે છે કે, હવે આપણને જમાનાને અનુસરતા નવિન વિચારોવાળા જુવાન કથાકારોની બહુ જરૂર છે, કારણ કે એ રસ્તે આપણે આપણા દેશની, આપણા ધર્મની તથા આપણા આત્માની મ્હોટામાં મ્હોટી સેવા કરી શકીયે તેમ છીએ. માટે મારા

અંતઃકરણની પ્રેરણાથી મેં તો એજ કામ સ્વીકારેલું છે, અને આવતે મહિનેથી તેજ કામ હું શરૂ કરવાનો છું; એટલું જ નહિ પણ હાલમાં હરિકથા કરનારાઓ માત્ર કથા કહી સંભળાવવામાં જ પોતાની સાર્થકતા થએલી સમજે છે, પણ હું એથી એક પગથીઉં આગળ વધીને એમ કરવા ઇચ્છુંછું કે કથાની સાથે તુરત જ એ જ વખતે **કાંઇક કામ** થવું જોઇએ. જ્યાં સુધી કથાના ફળ તરીકે કાંઇ પણ કામ ન થાય ત્યાં સુધી એ કથા કામની શું? "હમ બકતા હૈ ઓર તુમ સુનતા હૈ" એવી કથા કરવામાં ફાયદો શું? આ કાને સાંભળીને આ કાને કાઢી નાખે એવી કથા કરવી તે કરતાં તો બળદોનાં પુંછડાં મરડીને હળ હાંકવાં અથવા બકરાં ચરાવવાં અને તેને સારાં સારાં જંગલમાં લઈ જવાં ને તેમને સારો ઘાસચારો ખવરાવવો તથા મજેનાં ઝરણનાં તાજાં પાણી પાવાં, તેને હું વધારે પસંદ કરૂંછું; એટલું જ નહિ પણ લુખી પુખી રસ વિનાની હરિકથા કરવી, "અને ગાના તબ ગાના, ફેર દરવાજા દેકે જાના, હમ સોતે હૈં તુમ બકતે હૈં" એવી જાતની કથા કરવી તે કરતાં હાથમાં ચુંનારડું લઇને કોઇના ઘરની ભીંત ચણવી અથવા ટાંકણું લઇને કોઇ પથ્થર કે લાકડામાં કાંઇક ઘાટ ઘડવો કે કોઇ સારો નવો નમુનો ઉઠાવવો, તેને હું વધારે શ્રેષ્ટ સમજુંછું. માટે જે કથામાં એ જ વખતે તુરત જ કાંઇ **શુભ કામ** ન થાય કે કાંઇ ઉત્તમ પ્રકારની **શુભ પ્રતિજ્ઞાઓ** ન લેવાય તે કથા કામની શું? માટે હું કથામાં એક નવું તત્વ ઉમેરવા ઇચ્છુંછું, અને તે એ કે કથા થઈ રહે કે તુરત જ તેનું કાંઇક **પરિણામ** જણાવું જોઇએ, અને તેમાંથી એ જ વખતે કાંઇક કામ થવું જોઇએ. જેમકે કથા સાંભળ્યા પછી તુરત જ કોઇપણ દારૂડીઆઓએ **સોગન** લેવા જોઇએ કે આજથી હું દારૂ પીશ નહિ. બીડી પીનારાઓએ તેજ વખતે પોતાના ખીસામાંથી બીડીઓ ફેંકી દેવી જોઇએ, અને તે એક દિવસને માટે નહિ પણ આખી જીંદગીને માટે એવો ઠરાવ કરવો જોઇએ. તમાકુ સુંઘનારા, ખાનારા તથા આ પીનારાઓએ તે તજી દેવાના ઠરાવો કરવા જોઇએ. જ્યારે જીવદયાની કથા હોય ત્યારે જીવદયાની સ્કૉલરશીપો સ્થપાવી જોઇએ. જ્યારે સ્ત્રીઓમાં જ્ઞાન વધારવાની કથા હોય ત્યારે **બપોરની શાળા** સ્થાપવી જોઇએ. હુન્નરો વિષે હરિકથા હોય ત્યારે હુન્નરો શીખવાની સગવડતા કરી આપવાની કબુલતો મળવી જોઇએ, તથા કઈ જાતનાં કારખાનાં કયે ઠેકાણે છે, તે કેવા નિયમ ઉપર ચાલે છે, તેમાં શું ફાયદો થાય છે, કઇ જાતનો માલ કયા દેશમાં મળે છે, તેની વિગતો તથા કયા હુન્નરો કેટલે દરજ્જે વધ્યા છે, અને હજી કેટલી હદ સુધી

વધી શકે તેમ છે, તેની વિગતો હરિકથામાં આવવી જોઇએ. અને નવા વેપારીઓ થાય તથા જૂના વેહેપારીઓમાં ઉત્સાહ આવે એવાં કામો કથા મારફત કરવાં જોઇએ. નહેરો ખોદાવવાથી થતા ફાયદા, નવી જાતના પાકોનું વાવેતર કરવાથી થતા ફાયદા, ખેડુતોની હાલની સ્થિતિ, અને તે સુધારવાની જરૂર વગેરે વગેરે, દરેક બાબતો હરિકથાના પેટામાં શાસ્ત્રોક્ત વિધિથી તથા જમાનાને અનુસરતી રીતિથી આવવી જોઇએ. એ સિવાય તંદુરસ્તીના નિયમોની વાતો, આત્મિક બળની વાતો, મહાત્માઓનાં જીવનચરિત્રો તથા તેઓ કેમ આગળ વધ્યા તેની કુંચીઓ, અને જીંદગીના હેતુઓ તથા આપણું હાલનું મુખ્ય કર્તવ્ય એ બધી બાબતો હરિકથામાં આવવી જોઇએ અને જે દહાડે જે મુખ્ય બાબતની કથા હોય તે દહાડે તે બાબતમાં કાંઇક પણ કામ થવું જોઇએ, ત્યારે જ કથાની સાર્થકતા થયેલી ગણાય. માટે હું એ નિયમ ઉપર ધ્યાન રાખીને હરિકથા કરવા ઇચ્છુંછું, અને એ પણ મારી ફતેહનું એક મુખ્ય કારણ છે. શ્રીયુત પઢિયાર.

# નિષ્પક્ષપાત જૈનો માટે થોડાંએક મનોયત્નો.

—વિષયકષાયાદિ દોષ ગયા વિના સામાન્ય આશયવાળા દયા વગેરે આવે નહિ; તો પછી ઉંડા આશયવાળા દયા વગેરે કયાંથી આવે ? વિષય કષાય સહિત મોક્ષે જવાય નહિ. અંતઃકરણની શુદ્ધિ વિના આત્મજ્ઞાન થાય નહિ. ભક્તિ એ સર્વ દોષને ક્ષય કરવાવાળી છે; માટે તે સર્વોત્કૃષ્ટ છે.

—અકાર્ય કરતાં પ્રથમ જેટલો ત્રાસ રહે છે તેટલો બીજી ફેરે કરતાં રહેતો નથી. માટે પ્રથમથી જ અકાર્ય કરતાં અટકવું, દૃઢ **નિશ્ચય** કરી અકાર્ય કરવું નહિ.

—લૌકિક આલંબન ન જ કરવાં. જીવ પોતે જાગે તો બધાં વિપરીત કારણો મટી જાય. જેમ કોઇ પુરૂષ ઘરમાં નિદ્રાવશ થવાથી તેના ઘરમાં કૂતરાં, બિલાડાં વગેરે પેસી જવાથી નુકસાન કરે, અને પછી તે પુરૂષ જાગ્યા પછી નુકસાન કરનારાં એવાં જે કૂતરાં આદિ પ્રાણિઓ તેનો દોષ કાઢે; પણ પોતાનો દોષ કાઢતો નથી કે હું ઉંઘી ગયો તો આમ થયું; તેમ જીવ પોતાના દોષો જોતો નથી. પોતે જાગૃત રહેતો હોય, તો બધાં વિપરીત કારણો મટી જાય; માટે પોતે જાગૃત રહેવું.

—જીવ એમ કહે છે કે, મારા તૃષ્ણા, અહંકાર, લોભ આદિ દોષો જતા નથી. અર્થાત્ જીવ પોતાનો દોષ કાઢતો નથી; અને દોષોનો વાંક કાઢે છે. જેમ સૂર્યનો તાપ બહુ પડે છે, અને તેથી બહાર નીકળાતું નથી; માટે સૂર્યનો દોષ કાઢે છે; પણ છત્રિ અને પગરખાં સૂર્યના તાપથી રક્ષણ અર્થે બનાવ્યાં છે તેનો ઉપભોગ કરતો નથી તેમ. જ્ઞાની પુરૂષોએ લૌકિક ભાવ મૂકી દઇ જે વિચારથી પોતાના દોષો ઘટાડેલા (નાશ કરેલા) તે વિચારો, અને તે ઉપાયો જ્ઞાનીઓ ઉપકાર અર્થે કહે છે તે શ્રવણ કરી આત્મામાં પરિણામ પામે તેમ કરવું.

—કયા પ્રકારે દોષ ઘટે? જીવ લૌકિક ભાવ કર્યા કરે છે, ને દોષો કેમ ઘટતા નથી એમ કહ્યા કરે છે!

—મુમુક્ષુઓએ જાગૃત થઇ વૈરાગ્ય વધારવો જોઇએ. સત્પુરૂષનું એક વચન સાંભળી પોતાને વિષે દોષો હોવા માટે બહુજ ખેદ રાખશે, અને દોષ ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે. સત્સંગ સમાગમની જરૂર છે. બાકી સત્પુરૂષ તો જેમ એક વટેમાર્ગુ, બીજા વટેમાર્ગુને રસ્તો બતાવી ચાલ્યો જાય છે તેમ બતાવી ચાલ્યા જાય છે. શિષ્યો કરવા માટે સત્પુરૂષની ઇચ્છા નથી. દુરાગ્રહ મટયો તેને આત્માનું ભાન થાય છે. ભ્રાન્તિ જાય તો તરત સમ્યકત્વ થાય.

—બાહુબલિજીને જેમ કેવલજ્ઞાન પાસે (અંતરમાં) હતું, કાંઇ બહાર નહોતું; તેમ સમ્યકૂત્વ પોતાની પાસે જ છે;

—શૂરવીર વચનોને બીજાં એકે વચનો પહોંચે નહિ. જીવને સત્પુરૂષોનો એક શબ્દ પણ સમજાયો નથી. મોટાઇ નડતી હોય તો મૂકી દેવી. ઢુંઢિયા 'સુમતિ'; તપ્પા 'મૂર્તિ' આદિના કદાગ્રહ ગ્રહી રહ્યા છે! તેવા કદાગ્રહમાં કંઇજ હિત નથી. શૂરાતન કરીને કદાગ્રહથી દૂર રહેવું; પણ વિરોધ કરવો નહિ.

—મોક્ષ એટલે શું? આત્માનું અત્યંત શુદ્ધપણુ તે—અજ્ઞાનથી છૂટી જવું તે—સર્વ કર્મથી મુક્ત થવું તે "મોક્ષ." યથાતથ્ય જ્ઞાન પ્રગટયે મોક્ષ. ભ્રાન્તિ રહે ત્યાં સુધી આત્મા જગતમાં છે. અનાદિકાળનું એવું જે ચેતન તેનો સ્વભાવ જાણપણુ-જ્ઞાન-છે, છતાં ભૂલી જાયછે તે શું? જાણપણામાં ન્યૂનતા છે. યથાતથ્ય જાણપણું નથી. તે ન્યૂનતા કેમ મટે? તે જાણપણારૂપી સ્વભાવને ભૂલિ ન જાય-તેને વારંવાર દઢ કરે તો ન્યૂનતા મટે.

# જૈનહિતેચ્છુ

## માસિક પત્ર.

પુસ્તક ૧૩ મું ] સપ્ટેમ્બર [ અંક ૯ મો.


# કોઈ પણ જાતની દવા સિવાય માત્ર ભાવના-બળથી જ દરદો અને દુઃખો મટાડવાની વિદ્યા.

(૨)

## જ્ઞાન એ જ શક્તિ છે.

મે માસના અંકમાં આપણે આ મહાન વિષયની પ્રસ્તાવના કરી ગયા હતા. આજે આગળ વધવાની ઇચ્છાથી સઘળા વિર્યના અર્થાત્ શક્તિના ખજાનારૂપ શ્રી મહાવીરને સ્મરીશું. કેવી આશ્ચર્યની વાત છે કે સઘળી શક્તિના ખજાના રૂપ પ્રભુના ભક્તો—આપણે, દુઃખ અને અશક્તિની નિરંતર ફર્યાદ કર્યા કરીએ છીએ ! ગીઠ્ઠા મેરામણ વચ્ચે એકદંડીઓ મહેલ બાંધીને રહેનાર માણસ 'તૃષાથી જીવ જાય છે' એવી બૂમ પાડે એ શું આશ્ચર્યની વાત નથી ? ચક્રવર્તીના અનુચરો ચોરના ત્રાસથી રડે એ શું આશ્ચર્યની વાત નથી ? દાનેશ્રીનાં બાળકો રોટલીના ટુકડા વગર ભૂખે મરે એ શું આશ્ચર્યની વાત નથી ? અને અનંત-અંતવગરના-મર્યાદાવગરના વિર્ય એટલે શક્તિના સમુદ્રરૂપ મહાવીર પિતાના પુત્રો શારીરિક અને માનસિક નબળાઈ-નિર્બળતાની ફર્યાદો કર્યા કરે એ પણ શું આશ્ચર્યની વાત નથી ?

પરન્તુ આ વસ્તુસ્થિતિ છેકજ અસંભવીત નથી. જો અનુચરને પોતાના માલીક એક ચક્રવર્તી રાજા છે એવું 'જ્ઞાન' ન હોય, જો મહેલવાળાને પોતાની આસપાસ મીઠા જળનો મેરામણ છે એવું 'જ્ઞાન' ન હોય, જો બાળકને પોતાનો પિતા મહાન દાનેશ્રી છે એવું 'જ્ઞાન' ન હોય, અને જો બીમારને પોતે સર્વશક્તિમાન પિતા મહાવીર જેવાનો એક પુત્ર છે એવું 'જ્ઞાન' ન હોય તે અનુચર, તે મહેલવાળો, તે બાળક, અને તે બીમાર વર્ષો સુધી બૂમો પાડયાં જ કરે એમાં કોનો દોષ?

'જ્ઞાન' વગર-વસ્તુસ્થિતિના 'જ્ઞાન' વગર, છતી જોગવાઇએ વીલે મ્હોડે દુઃખ ભોગવવું પડે તે આનું જ નામ!

શ્રી મહાવીર જ્યહારે દેહધારી હતા ત્યહારે ત્હેમની સૂક્ષ્મ છાયા જેટલા માઇલ સુધી પથરાતી તેટલા માઇલમાં કોઇ જાતનો રોગ દાખલ થઇ શકતો નહિ. આહ! પરમપ્રભુથી 'રોગ' નામનું તે નકારવાચક (negative) તત્વ કેટલે દૂર નાસતું ફરે છે! એ જમાનામાં જો આપણે બીમાર હોઇએ તો આપણે માટે એકજ દવા બસ ગણાય, તે એ જ કે શ્રી મહાવીર ક્યહાં બીરાજે છે તે બાબતનું 'જ્ઞાન.' બસ, એટલું જ્ઞાન કોઈ જગાથી મળે-એટલી માહેતી કોઇ જગાથી મળે અને આપણે એમના પડોશમાં જઇ વસીએ તો બસ—એટલેથી જ રોગરહિત થઈ જઇએ, દુઃખને ખેપટીઆં મુકવાની ફરજ પાડી શકીએ.

આથી સ્પષ્ટ સમજાય છે કે, માત્ર 'જાણપણા' વગર-'જ્ઞાન' વગર —'માહેતી' વગર જ માણસો દુઃખી થાય છે—દરદોથી પીડાય છે-સ્થૂલ શરીરનાં તેમજ સૂક્ષ્મ શરીરનાં દરદોથી હેરાન થાય છે.

શ્રી મહાવીર ક્યહાં છે તે બાબતનું જ્ઞાન જો કોઇ ત્હેમને બતાવે અને તેઓ જો શ્રી મહાવીરની સમીપમાં જઇ વસે—એમની 'છાયા' તળે જઇ રહે તો સ્થૂલ કે સૂક્ષ્મ બીમારીઓની મગદૂર નથી કે ક્ષણ માત્ર પણ ઉભી રહે.

અને શું આજે આપણને શ્રી મહાવીરની છાયાનો આશ્રય ન જ મળી શકે? અને શું આજે આપણને દુઃખ અને દરદોમાંથી બચવાનું સ્થાન ન જ પ્રાપ્ત થઇ શકે? શું ત્રણ લોકના નાથની શક્તિ સમય, સ્થળ કે સંજોગોથી મર્યાદિત છે?

ના; આપણે આજ પણ શ્રી મહાવીરનો પત્તો મેળવી શકીએ; ત્હેમના સમીપમાં જઇ શકીએ અને ત્હેમના સર્વશક્તિમાન તેજના પ્રતાપથી આપણાં દરદો અને નિર્બળપણાનો છેડાછૂટકો કરી શકીએ.

માત્ર 'જ્ઞાન'ની જ ખામી છે, માત્ર આપણી માનસ સૃષ્ટિમાં શ્રી **મહાવીર**ને શોધી કહાડવાની અને ત્હેમની જોડે સંબંધ જોડવાની જ વાર છે. તે **સર્વશક્તિ**માન સાથે જોડાયલો તાર, શક્તિ–આરોગ્ય–ચેતન–પ્રતાપ અને જીવનના તે સમુદ્રમાંથી ખોદેલી નીક આપણને આરોગ્ય અને શક્તિ, જીવન અને ચેતન આપવાને શક્તિમાન છે.

**નરસિંહ** મહેતો પેલા મ્હોટા **શાહુકાર** કૃષ્ણપરમાત્મા પર હુંડી લખતો અને તે સ્વીકારાતી, એ ઉક્તિનું રહસ્ય સમજવા લાયક છે. કાગળના ટુકડા ઉપર લખાયલી તે સામાન્ય હુંડીઓ નહિ હોય પણ માનસ સૃષ્ટિમાં પધરાવેલા શ્રી પરમપ્રભુ પ્રત્યે એકતાર દશામાં આવેલા તે ભક્તે માત્ર '**પ્રાર્થના**' (Prayer) રૂપે હુંડી લખેલી, કે જે એક 'સમય' માત્રમાં તે **લક્ષ્મીનાથ**ને પહોંચેલી અને તે જ 'સમય'માં એની તંગી પુરી પડેલી. ભક્ત **નરસિંહ**ની માનસિક દશાનું આજે આપણને શું ભાન છે? આપણે માત્ર સ્થૂલભવન પર એના સંબંધમાં બનેલા બનાવો જ જાણીએ છીએ અને કહીએ છીએ કે '**નરસિંહ**ાની હુંડી **ભ**ગવાને સ્વીકારી!'

શ્રી **મહાવીર** ઉપર પણ આપણે 'હુંડી' લખી શકીએ—હા, રૂપીઆ માટે, આરોગ્ય માટે, શક્તિ માટે, જ્ઞાન માટે, **હર**કોઇ ઇષ્ટ પદાર્થ માટે આપણે તે '**અખૂટ ભંડાર**' પર 'હુંડી' લખી શકીએ, 'પ્રાર્થના'ના તાર દ્વારા આપણી પારમાર્થિક જરૂરીઆતો (નહિ કે સ્વાર્થી તંગીઓ) જણાવી શકીએ અને તે મેળવી શકીએ. માત્ર એ 'તાર' જોડાવો જોઇએ, માત્ર એ 'નીક' ખોદાવી જોઇએ, માત્ર 'મ્હોટા સ્ટેશને' જે બૅટરી છે તેવીજ બૅટરી આપણા હૃદયરૂપી સ્ટેશનમાં પણ મોજુદ છે તે બાબતનું 'જ્ઞાન'—જાણપણું મેળવીને તે બે વચ્ચે એક તાર જોડવો જોઇએ–અને પછી વિજળી ઉત્પન્ન થવાને કશી વાર લાગવાની નહિ.

સર્વશક્તિમાન **મહાવીર**ના—દેવના—**પરમાત્મા**ના અસ્તિત્વમાં દૃઢ શ્રદ્ધા ન હોવાને લીધે આજે આપણે દરદો ઉત્પન્ન કરીએ છીએ અને દરદોને મટાડવા માટે **સોડીઅમ** અને **પોટાસીઅમ**ને આપણા લોહીમાં દાખલ **કરી શક્તિ** મેળવવા તરફડીઆ મારીએ છીએ! પરન્તુ તે **સ્થૂલ** ચીજો ત્હમને **શક્તિ** આપે એ કોઇ કાળે બન્યું નથી અને બનશે પણ નહિ.

તે ચીજો ત્હમારા શરીરને એક જાતના ' ખોરાક ' તરીકે અસર ભલે કરે અર્થાત્ સ્થૂલ દેહમાં પડેલી અમુક તંગીઓ પુરી અમુક વખતને માટે તે રોગને દૂર ભલે કરે; પણ ' શક્તિ ' તો સ્થૂલ દેહમાં નહિ પણ સૂક્ષ્મ દેહમાં છૂપી રહેલી છે તેથી ત્હાં જ મેળવી શકાય અને તે જ આખા સ્થૂલ દેહને સતેજ કરી શકે. બહારનો માણસ જ્યહારે અંદરના માણસને પીછાણે ત્યહારે જ શક્તિ આવે. જડ પદાર્થમાં—દવામાં—માંસમાં તાકાદ નથી કે તેઓ શક્તિ ઉત્પન્ન કરી શકે, તેઓ તો માત્ર 'મૂળ કારણ' વડે મનમાં રેડાતી શક્તિને પ્રગટ જ કરી શકે. ચૈતન્ય અથવા ચેતના-શક્તિ-(Vitality) એ કાંઇ ' પદાર્થ ' નથી; પણ એ તો એક આત્મિક બળ છે. એ કોઇ ' અસર ' નથી, પણ ' કારણ ' છે.

શક્તિ એ શું ચીજ છે તે હું ત્હમને થોડા શબ્દોમાં કહું તે બરાબર લક્ષમાં રાખજો.

**' શક્તિ ' એ મ્હારા મહાવીરના મગજ રૂપી બૅટરીમાંના 'પ્રેમ' અને 'બુદ્ધિ' નામનાં કીરણોનો પ્રવાહ છે, કે જે પ્રવાહની બાથમાં લાગણીવાળા તમામ પદાર્થો સમાઇ જાય છે.**

તે શક્તિ ચોતરફ ફેલાયલી જ પડી છે. ત્હેને આપણે પીછાણી શકીએ અને ત્હેમાંથી લઇ શકીએ તેટલી આપણી છે. એ શક્તિની વિશાળતા સમજવામાં અને ત્હેને આપણી પોતાની કરી લેવામાં જે પ્રમાદ આપણે કરીએ અગર એ બાબતનું જાણપણું જ ન ધરાવીએ તે જ ' દરદ 'નું અને દુઃખનું કારણ છે. ખરેખર, **જ્ઞાન એ જ શક્તિ છે.**

ઈશ્વરી મનસ્ (Divine Mind) સર્વશક્તિમાન છે અને મનુષ્યના મનસ્‌ને શક્તિની જરૂર પડે તો ત્હેણે તે માટે ઈશ્વરી મનસ્ ઉપર જ ' હુંડી ' લખવી જોઇએ. જેટલી એકાગ્રતા અને દૃઢતાથી તે ' હુંડી ' લખવામાં આવશે એટલી જ ત્વરાથી તે 'સીકરાશે' અને શરીર કે મનની ભૂખ માત્ર ભાગી જશે—રોગ માત્ર નાશ પામશે—શોક માત્ર અદૃશ્ય થશે.

જો ત્હમારે જીવવું હોય અને તનદુરસ્ત રહેવું હોય તો મૃત્યુ અને દરદની વાતો કર્યા કરવાનું છોડી દો. અમર્યાદ શક્તિ, અસીમ બળ, અખૂટ તાકાદ, અપાર ચૈતન્ય ધરાવતા શ્રી મહાવીરની વાતો કરો, શિશુવયે જેમણે મેરૂ પર્વતને

ટચલી આંગળી વડે ધ્રૂજાવી દીધો હતો એવા તે 'શક્તિના પતિ'ને યાદ કરો અને એ શક્તિમાંથી જેટલી ત્હમે જોઇ શકો, ખેંચી શકો અને જીરવી શકો એટલી ત્હમારી જ છે **એમ દૃઢ શ્રદ્ધા રાખો.** શક્તિવાનોનાં અદ્‌ભૂત ઉત્સાહપૂર્વક ચરિત્રો વાંચવા માત્રથી જ કેટલાકોની અશક્તિ અને દરદ દૂર થઇ જાય છે. ત્હમે ગમે તેવા ગરીબ હો, ગમે તેવા તજાયલા હો, ગમે તેવા બીમાર હો, કે દુઃખી હો, પણ ત્હમે 'ઈશ્વરી શક્તિ' ની મધ્યમાં વસો છો, ત્હમારી ચારે બાજુએ તે શક્તિ હયાતી ધરાવેછે એ વાતને યાદ કરો અને મહાવીરની સમીપમાં કોઇ દરદી વધારે વાર દરદી રહેવા પામતો નથી એ વાતમાં દૃઢ શ્રદ્ધા રાખો.

લોહચુંબકનો પ્રવાહ અને વિજળીનો પ્રવાહ જેમ પદાર્થને ભેદીને પોતાનું કામ કરે છે તેમજ બુદ્ધિપુરસઃ કરાયલો સમર્થ 'વિચાર' સઘળા પદાર્થોમાં થઇને પોતાનું કામ કરેછે.

દેહધારી મહાવીરે વર્ષો સુધી જંગલમાં રહીને 'ધ્યાન' ની શક્તિ ખીલવવાનું જ કામ કર્યું હતું. ત્હેમણે પરમાત્માની શક્તિ પોતામાં ઉતારવાની મહેનત લીધી હતી. ત્હેને પ્રતાપે તેઓ જડ પદાર્થો ઉપર જય મેળવી શક્યા હતા અને જે બનાવોને આજે આપણે 'ચમત્કાર' માનીએ તેવા સેંકડો બનાવો એમના સંબંધમાં સ્વભાવે જ બન્યા કરતા હતા.

માટે સઘળાં કારણોના કારણ રૂપ શ્રી મહાવીર પરમાત્માના* 'પૉઝીટીવ' તાર સાથે ત્હમારો 'નૅગેટીવ' તાર જોડવા માટે એકાંતમાં જવાના પ્રસંગો જેમ બને તેમ વધારે મેળવો અને થાક, દુઃખ અને ચિંતા નામની સ્થિતિઓને તે પ્રબળ વિદ્યુત્ બળ વડે ભસ્મ કરો. (અપૂર્ણ.)

---

*'પૉઝીટીવ' અને 'નૅગેટીવ' એ અંગ્રેજી શબ્દોનો બરાબર અર્થ સમજાવે એવા ગુજરાતી શબ્દો મ્હને જડી શક્યા નથી 'પૉઝીટીવ' એટલે આજુબાજુની અનિશ્ચિત વાતો ઉપર જેનો આધાર નથી રહ્યો તેવું; 'નૅગેટીવ' એ તેથી ઉલટો અર્થ જણાવેછે.

# સાધન ચતુષ્ટય.

વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સંપત્તિ, મુમુક્ષતા, તે 'સાધન ચતુષ્ટય' કહેવાય છે.

## વિવેક.

આત્માને અનાત્માનું પૃથક્ જ્ઞાન તે વિવેક. અર્થાત્ આત્મા શું છે, અનાત્મા શું છે, એનો સ્પષ્ટ વિચાર જેના મનમાં ઉદય થઇ શકતો હોય તે વિવેકી કહેવાય. વિશ્વ ઉપર દૃષ્ટિ કરતાં ચેતનમય કેટલું છે, જડમય કેટલું છે, એ વિભાગ જેને સમજાતો હોય, તેમજ આત્મા જે પોતે-ચેતન-તે જ ક્યહાં ક્યહાં છે, શી શી વસ્તુ પોતારૂપ, પોતાની, પોતાના હિતની છે, શી શી નથી, એનું જેને સૂક્ષ્મજ્ઞાન હોય તે વિવેકી કહેવાય. વિશ્વના વસ્તુ પદાર્થાદિને એવી દૃષ્ટિથી અવલોકવાની ટેવ પાડવી જોઇએ કે ત્હેમનું પૃથક્કરણ કરી પ્રત્યેકમાંથી શુદ્ધ આત્માને—પોતાના સદૃશ અંશને-ભિન્ન પાડી શકાય, અને પોતારૂપે અનુભવી શકાય, એ 'વિવેક'નું લક્ષણ છે. વસ્તુ માત્રના ભિન્ન ભિન્ન અંશ ભિન્ન ભિન્ન મૂલે આરોપી દેવા, અને ત્હેમાં જે આત્મબુદ્ધિ ભાસતી હતી તે મિથ્યા હતી એમ સમજી અંતરના રાગ દ્વેષને સમાવવા એ 'વિવેક'નું કાર્ય છે.

## વૈરાગ્ય.

આવો વિવેક જ્યહારે સ્ફુરે છે, અનેક જન્મ જન્માંતરના ભદ્રસંસ્કારો એ ઉપચિત વાસનાને બળે જાગી ઉઠે છે, ત્યહારે દૃશ્યમાન નાનાત્વમય જે પદાર્થસમુહ ત્હેમાં આત્મત્વ લાગતું નથી, વ્યવહાર માત્ર અનાત્મા ભાસે છે, ત્હેમાં રાગ દ્વેષનાં જે નિદાન તે પણ અન્યરૂપે—આત્મારૂપે—ભાસે છે. કોઇએ કરેલો અપરાધ કે માનભંગ, વિરોધ કે અલાભ, કેવલ ત્હેની પ્રકૃતિના સ્વાભાવિક ક્ષોભ રૂપે સમજાઇ, આત્માપરત્વે તો કેવલ મિથ્યા સમજાય છે; વિવેકથી સ્થાપિત આત્મજ્ઞાનમાં ત્હેને લીધે વિક્ષેપ આવતો નથી. આવું થતાંજ અંતરને કોઇ અમુક સ્થાન, અમુક વ્યક્તિ, અમુક વિચાર તે ઉપર વળગી રહેવાપણું—બંધન રહેતું નથી. અમુકત્વ-વિશિષ્ટ જે 'રાગ' તે આ પ્રકારે તૂટી જાય છે, ને તેમ થાય છે એટલે

**વિરાગ** સ્વતઃસિદ્ધ સ્થિર **થવા** માંડેછે. **એક** સ્થાનાદિ **પરત્વે** નિયત જે 'રાગ' તે મટીને સર્વમયતા ગ્રહે એજ 'વિરાગ'નું સૂક્ષ્મ તત્ત્વ છે. ઘર તજવું, કે અમુક આહારાદિ તજવાં, અમુક સંસર્ગ તજવાં, એ આદિ જે વિરાગને **નામે** ચાલે છે તે વિરાગના **મૂલાક્ષર** ભણવા માટેની **યુક્તિઓ** છે; પરંતુ તેમ કરતાં કરતાં જો પ્રેમ માત્રજ હૃદયમાંથી ચુઈ જાય તો તો વિરાગ કશા કામનો નહિઃ—એવો વિરાગી તો હૃદયશૂન્ય **મહારાક્ષસ થઇ** રહે. પરંતુ **વ્યક્તિ**નો રાગ તજતાં તજતાં **સર્વમય** રાગ (પ્રેમ) અનુભવાય, ભેદ તૂટે, અભેદ થાય, તો વિરાગ સિદ્ધ થયો ગણાય. એવા વિરાગી બ્રહ્મ લોકથી તે તૃણ પર્યંતની પણ સ્પૃહા ન રાખે એ અર્થાત્ સિદ્ધ છે. **સંન્યાસના લિંગ વેષાદિથી** વિરાગ થયો માનવો એ ભૂલ છે, એમ સ્પષ્ટ સમજાવું હવે કઠિન નથી. ગમે તેવી સ્થિતિમાં, ગમે તે આશ્રમમાં, કોઇ પણ સંસ્કારી જીવ, વિરાગી હોઇ શકે છે. **ભાસમાન પ્રવૃત્તિ** તેવા વિરાગીને બાધકર્ત્તા નથી. **ભ**ગવદ્ ગીતામાં સંન્યાસ ત્હેને જ કહ્યો છે કે જે **કામ્ય કર્મના ત્યાગ** રૂપ છે. અમુક મ્હારૂં છે, અમુક કરવું છે, એવી **કામનાપૂર્વક** જે કાર્ય થાય તે બાધકર્તા છે, પણ તેવી વાસના **વિના** જે **પ્રાપ્તાપ્રાપ્ત નિર્વાહ**રૂપ પ્રવૃત્તિ છે, જેનાથી અંતરના નિશ્ચયમાં ક્ષોભ નથી, તે સર્વથા સંન્યાસરૂપ જ છે. એજ ગૂઢ શાસ્ત્રમાં મર્મ કહ્યો છે કે **સર્વે પ્રકૃતિના ગુણે કરીને અવશ હોય તેમ કર્મમાં પરોવાય છે;"** અર્થાત્ બુદ્ધિપૂર્વક કર્મત્યાગ એ વિરાગ તો અશક્યજ છે; અમુકત્વ વિશિષ્ટ રાગના ત્યાગરૂપ વિરાગ શક્ય છે, અને ઇષ્ટ છે. વિરાગના પણ ઘણા ભેદ માનવામાં આવે છે. મંદ, મૃદુ, તીવ્રઃ વિરાગની વાર્તા સર્વે સમજે છે, જાણેછે, કરેછે, પણ તેથી આગળ કેટલાક કશું કરી શકતા નથી, એ 'મંદ વિરાગ' વાળા છે. જે વાતો કરે છે, સમજે છે, અને માયાએ ઉપજાવેલાં ભેદમય બંધનમાં માનેલી પોતાની અનુકૂળતાનો વિક્ષેપ ન થાય ત્હાં સુધી વિરાગ માર્ગે અનુસરે છે, તે 'મૃદુ વિરાગ' વાળા છે. પણ જ્હેમના મનમાં, દારૂના ઢગમાં અગ્નિકણ પડવાથી બધું ભસ્મ થાય છે, તેમ વિરાગ જ્ઞાનનો નિશ્ચય પ્રકટતાં ભેદ માત્ર મિથ્યા થઇ જાય છે, તે 'તીવ્રવિરાગી' છે; જેમ દારૂની ભસ્મમાંથી ફરી દારૂ થતો નથી તેમ વિરાગાનુભવથી ટાળેલા ભેદ ભાવનો ત્હેમના મનમાં પુનઃ ઉદય થતો નથી. જ્હેમનાં હૃદય વિવેક વિરાગને **સમજી પણ** શકતાં નથી તે તો **પામર છે.**

## શમાદિ ષટ્સંપત્તિ.

શમ, દમ, ઉપરમ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન એ, શમ છે આદિ જેમાં એવાં **ષટ્ સાધન** જાણવાં. વિવેક અને વિરાગનું રહસ્ય એમ નીકળે છે કે **આત્મ** ભાવ સમજી **સર્વાત્મ** ભાવ પામવો; પરંતુ એમાં અલ્પજ્ઞને એમ ભાસે કે અંતઃકરણને એક સ્થાને ઠરવા ન દેતાં સર્વત્ર રાખવાથી વિરાગ અને વિવેક સિદ્ધ થશે, તો તે કેવલ ભ્રમાત્મક જ્ઞાન છે, એમ બતાવવા આ છ સાધન ઉમેરેલાં છે. વિવેક વિરાગ એ શમાદિની અપેક્ષાએ, **બહિરંગ સાધન** છે; ત્હેમની અપેક્ષા એ શમાદિ **અંતરંગ** સાધન છે. એટલે કે શમાદિ છે તે કેવલ અંતઃકરણથી જ સાધ્ય છે; અને વિવેકાદિને પુષ્ટ કરે છે; વિવેકાદિ અંતઃકરણથી તેમ બાહ્યકરણથી સાધ્ય છે અને શમાદિમાં ઉપયોગી થાય છે. વિવેક વૈરાગ્ય સિદ્ધ છતાં આત્માનંદના અનુભવને સારૂ તો શમાદિની અપેક્ષા છે; તે ન હોય તો સાધક વિહ્વલ, અનિશ્ચિત, શંકાગ્રસ્ત થઇ રહે. શમાદિ થકી અંતરની વૃત્તિઓ ઠરે છે. ડહોળાયલું જળ ઠરવા માંડતાં જેમ મલ માત્ર તલ ઉપર વળગે છે, ને જલ કેવલ સ્થિર અને સ્વચ્છ થઇ પારદર્શક થાય છે, અને વસ્તુ માત્રના બિંબને સ્પષ્ટ રીતે ગ્રહે છે; **તેમ** અંતઃકરણ પણ શમાદિથી ઠરતાં, રાગાદિ મલથી વિશુદ્ધ થઇ સર્વમય આત્મભાવનું બિંબ યથાર્થ ગ્રહી તન્મય થાય છે. એ જ જ્ઞાનમાર્ગ છે; **ઠરવામાંથી આનંદ** આવે છે, ત્હારે શમાદિનું સ્વરૂપ કહીએ.

શમાદિ ષટ્સંપત્તિનો હેતુ ઉક્ત રીતિનો છે. ત્હેમાં શમ એટલે **વિષયસમુહથી વિરાગ** પામી, ત્હેમાં દોષદૃષ્ટિ ગ્રહી, સ્વલક્ષ્ય ઉપર મનની જે સ્થિતિ તે. જેને વિવેક થયો છે, આત્માનાત્મ જ્ઞાન સ્પષ્ટ સમજાયું છે, તેવા પુરૂષને અનાત્મ વસ્તુનું દોષદર્શન સ્વતઃ જ થાય છે. અને ત્હેને વિરાગ દૃઢ થવામાં કાંઈ વિક્ષેપ રહેતો નથી. એ પ્રકારે વિરાગ સિદ્ધ થયા પછી સ્વતઃ જ શમનો ઉદય થાય છે. વિરાગ થયા પછી, વૃત્તિઓ જે જે વસ્તુ પદાર્થાદિ પ્રતિ વહન કરે છે ત્હેમાં દોષદર્શન થાય છે, એટલે વૃત્તિ ત્હાંથી પાછી વળી સર્વમય એકરસ જે પરમ લક્ષ્ય બ્રહ્મ ત્હેમાં જ વિરામ પામે છે. આ પ્રકારે વૃત્તિમાત્રને બાહ્ય વિષયથી વ્યાવૃત્ત કરી સર્વના અધિષ્ઠાનમાં સ્થાપવી તે '**શમ**' કહેવાય. એ રીતે વૃત્તિઓ જ્યહારે બાહ્ય વ્યાવૃત્ત થવા માંડે ત્હારે ઇંદ્રિયો પણ વ્યાપાર કરતી અટકે. ઇંદ્રિયોને વ્યાપારથી અટકાવી પોતપોતાના સ્થાનમાં જ નિયમવી તે '**દમ**' કહેવાય.

ઇંદ્રિયો બે પ્રકારની છે. જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય. તે ઉભયને પોતપોતાના સ્થાનમાં નિયમી રાખવી તે '**દમ.**' આ પ્રકારે શમ અને દમ સિદ્ધ થાય એટલે '**ઉપરમ**' એની મેળે ફલેછે.

ઉપરમ એનો શબ્દાર્થ તો એટલો જ છે કે શાન્તિ; અર્થાત્ બાહ્ય આલંબન માત્ર તજીને આંતર આલંબન ઉપર વૃત્તિ માત્રને લગાડવી, અંતર્મુખ કરી નાખવી, તે 'ઉપરમ.' બાહ્ય જગત્માં આસક્તિનાં અનેક કારણ વિદ્યમાન છે. સમૃદ્ધિ, અધિકાર, પુત્ર, દારા, પરિવાર, કીર્તિ, ઇત્યાદિ; તેમજ અમુક ધર્મ, અમુક જાતિ, અમુક દેશ ઇત્યાદિનું પણ અભિમાન પ્રાણિ માત્રને હોય છે. એ બધાં **બાહ્ય આલંબન** કહેવાય,–વૃત્તિની બાહ્ય આસક્તિનાં સ્થાન કહેવાય. તે સર્વ ઉપરથી વૃત્તિને ઉઠાડી લેઇ કેવલ અંતર્મુખ કરવી, વૃત્તિમાત્રનો અવભાસક જે આત્મા ત્હેના ઉપર સ્થિર કરવી, તે **ઉપરમ.** આવો તે ઉપરમ સિદ્ધ થાય એટલે '**તિતિક્ષા**' સ્વભાવિક રીતેજ આવે.

આત્માનાત્મ ઓળખી વૃત્તિઓને અંતર્મુખ જેણે કરી છે ત્હેને શરીરે થતાં સુખ દુઃખ કે મનમાં થતાં કલેષાદિ ત્હેનાથી પરિતાપ થવાનો સંભવ નથી. વિશ્વવ્યવસ્થાના સર્વસાધારણ સ્વરૂપમાં ચિત્તવૃત્તિએ કરીને ભેદ-વિસ્તારમાં દોષ ઉદ્ભવે છે. એટલે જે માનસિક ઉપાધિજન્ય કલેષાદિ, તે ચિત્તવૃત્તિ અંતર્મુખ થઇ અભેદ સમજે તે પછી રહેતાંજ નથી; પણ જે આધિભૌતિક અને આદિદૈવિક છે ત્હેની પણ એવો દૃઢ ઉપરમવાળો મુમુક્ષુ ઉપેક્ષા જ કરે છે; ઉપેક્ષા કરે છે એટલું જ નહિ પણ તે તે **દુઃખાદિના પરિહાર માટે પ્રયાસ પણ આદરતો નથી.** આવું જે ચિંતા-વિષાદ રહિત, અને પ્રતિકારના પ્રયત્ન વિનાનું, સર્વ દુઃખનું **સહન** તે '**તિતિક્ષા.**' આટલે સુધી આવ્યા પછી 'સાધક'નામાં 'શ્રદ્ધા' સિદ્ધ થવી જોઇએ. એ પછી, શ્રદ્ધા વિના સિદ્ધ થતું નથી; આપણને પગવતે ચાલવાની સહજ શક્તિ છે ત્હેમાં પણ જો અશ્રદ્ધા થઈ જાય તો ચાલવું કઠિન પડે. એવો શ્રદ્ધાનો બહુ પ્રતાપ છે. ત્હારે જે સાધક છે ત્હેને પ્રથમ તો **પોતાના સામર્થ્યમાં શ્રદ્ધા** જોઇએ. પોતે જે માર્ગ ગ્રહણ કર્યો છે ત્હેમાં **સિદ્ધિ પ્રાપ્ત થશે જ**–ગમે તેવા વિઘ્નથી પણ પાછો હઠનાર નથી, એવી દૃઢ શ્રદ્ધા પોતાના સામર્થ્ય ઉપર જોઇએ. ગુરૂકૃપા, ઇશ્વરકૃપા, એથી જ સર્વ થશે એમ હોવા કરતાં પોતાના આત્માના ઉપર આવી શ્રદ્ધા હોય તે વધારે ઉપયુક્ત છે. એ શ્રદ્ધાની સાથે જ પોતે જે સિદ્ધાન્ત માન્ય કર્યો છે તે સિદ્ધાન્ત જણાવનારાં **શાસ્ત્ર ઉપર પણ** તેવીજ શ્રદ્ધા જોઇએ.

સત્યને સત્ય માની ઉત્તમ સત્ય રૂપે પૂર્ણ પ્રેમથી ભજવું જોઇએ. વળી એ સત્યના સમજાવનાર* જે દેશિકો છે ત્હેમના ઉપર પણ તેવોજ પ્રેમ જોઇએ. આવી શ્રદ્ધા ઉત્પન્ન થાય ત્હારે આગળના ચાર ગુણોને યોગે, 'સમાધાન' એ શમાદિ સંપત્તિમાંનો છઠ્ઠો ગુણ ઉદય પામવાનો સમય આવે.
પરબ્રહ્મ ઉપર ચિત્તનું સારી રીતે આધાન તે **સમાધાન.** એવું સમાધાન થયા પછી કોઈ પ્રકારનાં ક્લેષ દુઃખાદિ કે અસંતોષ રહેતાં નથી.

## મુમુક્ષુતા.

આ પ્રકારે આ ષટ્ સંપત્તિ સિદ્ધ થાય એટલે સ્વભાવિકરીતે જ સાધકના મનમાં એવા પ્રશ્નો સ્ફુરે છે કે હું કોણ છું? ક્યહાંથી આવ્યો છું? ક્યહાં જઇશ? સુખ-મોક્ષ શું છે? શી રીતે સમજાય? ઇત્યાદિ. આવા પ્રશ્નો નિર્ણય કરવાની જે અતિ તીવ્ર અને દૃઢ ઇચ્છા તે 'મુમુક્ષુતા' કહેવાય. એ પ્રકારે સાધનચતુષ્ટયનો વિવેક છે.

'સાધનચતુષ્ટય'સંપન્નની સાથે 'અધિકારી'ને પાછો **'પ્રમાતા' કહેલો** છે ત્હેનું શું તાત્પર્ય છે?

'પ્રમાતા' એટલે પ્રમા એટલે યથાર્થ જ્ઞાન ત્હેને સમજનાર અર્થાત્ સાધનચતુષ્ટયસંપન્ન તેમ છતાં એવો કે કોઈ કહે તે બધું હાંજી હા કરીને માન્યાં ન જાય, અથવા કહેલી વાતમાંથી યુક્તિપ્રયુક્તિ સમજીને તત્વ તથા તે તત્વને સમજાવવાની યુક્તિને જુદાં પાડી ન શકે, અથવા તત્વ ગ્રહણ કરતાં શંકા સમાધાન ન ઉઠાવતાં શિથિલરીતે જ વાતને ગ્રહણ કરે, ને ઉપરથી પોતાના નિશ્ચયને ફેરવવા તત્પર થાય ઇત્યાદિ. આવું જે બુદ્ધિમાંદ્ય તે અતીવ અનિષ્ટ છે; ઉપદેશનું રહસ્ય યથાર્થ રીતે પોતાની બુદ્ધિ થકી ગ્રહણ કરે, અને તત્વનિષ્ટાની સુક્ષ્મ વાત નિરાગ્રહ થઈ સર્વદા સ્થિર તથા શાન્ત મતિવડે વિવેચી શકે તે 'પ્રમાતા' કહેવાય. સાધનચતુષ્ટયસંપન્ન એવો જે 'પ્રમાતા' તે વેદાન્ત શાસ્ત્રનો **અધિકારી** છે.

અધિકારી થયા પછી શું કરવું?

શ્રવણ, મનન, નિદિધ્યાસન, બ્રહ્મજ્ઞાનનાં શાસ્ત્રોનું ગુરૂદ્વારા શ્રવણ કરવું; જાતે સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ થાય તેવી યુક્તિ પ્રયુક્તિ સાધી ત્હેનો પ્રયોગ કરતા રહેવું. એ રીતે જે શ્રવણ થાય ત્હેમાં શંકા સમાધાન થકી જે દૃષ્ટ વાર્તા મનમાં ઉતરે તે ઉપર સર્વદા મનન કર્યા કરવું અને અસ્ખલિત એક

---

* જૈનોનો સમ્યક્ત્વી—સમકિતી શબ્દ બરાબર આ જ ભાવ સૂચવેછે.

પ્રવાહ રૂપે તે સત્યને વૃત્તિમાં ઠરાવવું. એમ જ્યહારે વૃત્તિ બ્રહ્માકાર થાય ત્યહારે ત્હેમાંથી બીજું ભાન માત્ર દૂર કરી કેવલ એકરસ બ્રહ્મદર્શન પામવું એ 'નિદિધ્યાસન.' જે **જાણ્યું** હોય તે જ **થવું** એ અપરોક્ષ. પછી જ્યહારે એમ **થવાયું** છે એનું પણ વિસ્મરણ થાય, ને **સર્વદા એ સ્થિતિ રહે,** તે નિર્વિકલ્પ.

સ્વ૦ પ્રો૦ મણિલાલ નભુભાઇ ત્રિવેદી B. A.

---

# બાવો બોલ્યા તે સત્ય!

એક રજવાડાના કારભારી આગળ કોઇ વિદ્વાને વેદાંતની ચર્ચા કરતાં કહ્યું કે 'જ્ઞાન માટે **અધિકારી** થવું જોઇએ,' ત્યહારે મંડળીમાંથી એક પંડિત, કારભારીને ઉદ્દેશી બોલી ઉઠયા કે 'ભાઇ, આપ કરતાં મ્હોટા અધિકારી કોણ છે? છતાં આપ સમજી ન શકો એવી વાત આ બતાવે છે તે કેમ સંભવે?' આવાને આવા અધિકારીઓ અને ત્હેમના ખુશામદ કરનારાઓથી સત્યનું સત્યાનાશ વળેલું છે, ને જ્યહાં ત્યહાં અંધકાર ફેલાઇ રહ્યો છે. કારભાર કરનારો જાણે છે કે હું એ કારભારૂં ડોળુંછું માટે કશી વાત મ્હારાથી અગમ્ય હોય જ કેમ? વિદ્યાવિલાસીઓ જાણે છે કે અમે અતિશ્રમે જે જ્ઞાન મેળવ્યું ત્હેને ખોટું કહે જ કોણ? ધર્માભિમાની પંથપ્રવર્તકો જાણે છે કે અમે ઠાવકું મ્હોં રાખી 'અહં બ્રહ્મ' કહીએ છીએ ત્હેને ઇનકાર કરનાર કોણ છે? મ્હારો ઘોડો પણ એમ જાણે છે કે હું તે હું જ—ને મ્હારા પગના બુટ પણ કોણ જાણે એનું એ જ અહંપદ જાણીને રાતદિવસ ચુંકારામાંથી નીકળતા નથી! બધી દુનીયા જ 'અહં'માં ડુબી છે! આ લખનારો ક્યહાં હશે, એની વાંચનારને શંકા થશે પણ એ એમાંનો એમાંજ; નહિ તો લખે શા માટે? પણ એનો વાંચનાર જેવો 'અધિકારી'! ઘણા એવાએ અધિકારી હોય છે કે બ્રહ્મજ્ઞાન પરત્વે પણ કારભારીને અધિકારીમાં ગણે! ત્હેને આપણે શું કરી શકવાના છીએ? વારંવાર લોકો લવે છે—અરે! સારી પંડિતીઆ પાઘડી અને અંગરેજી મૂછ રાખનારા પણ ઓચરે છે કે ભાઇ ફલાણા દીવાને ફલાણાના કાર્યને વખોડયું, ફલાણા આચાર્યે પોતાનો આચાર વખાણ્યો, ફલાણા વિદ્વાને ફલાણાને ધિક્કાર્યો, એ તે ખોટું હોય જ કેમ?

માણસોએ વિવેક કરવાની જરૂર છે કે, **સત્ય** એક જૂદી વાત છે, **વ્યવહાર** એક જૂદી વાત છે. પરમ સત્ય તે એક જ છે; વ્યવહાર અનેક છે, પણ સર્વદા સત્યને **આધીન** છે. પ્રત્યેક વ્યવહારમાં સત્ય વિના ચાલતું નથી, પણ તે વ્યવહાર સત્યરૂપ નથી. સર્વે વ્યવહારમાં જે સત્ય છે તે બધાં સત્યરૂપે એક રૂપ જ છે, પણ વ્યવહાર પરત્વે હેમના **આકાર** જૂદા જૂદા છે. એક વ્યવહારવાળો, તમામ વ્યવહારનાં સત્યને સમજી જ શકવો જોઇએ એવો નિયમ નથી. એમ ન જ હોય એમ અમે કહેતા નથી, પણ એમ હોવું જ જોઇએ એમ માનતાં અચકાઇએ છીએ. કુંભાર ઘણો ચતુર હોય તો ઘડા પારખી જાણે, માટે તરવારની ધાર વિષે કે ઇશ્વરના સ્વરૂપ વિષે પણ હેનો અભિપ્રાય ખરો જ હોવો જોઇએ એમ નથી. પોતપોતાના ધંધાનું સંપૂર્ણ સત્યરૂપ જ્ઞાન હોવું એ જ મુશ્કેલ છે, એટલું જ ખરેખરૂં હાથ થઇ શકતું નથી, તો તે ઉપરાંત વળી પારકાની વાત ડોળવા જવી એ કેવું અશક્ય છે! આમ છે ત્હારે માણસોએ પેલા રજવાડી કારભારીના ખુશામતીઆના જેવી ભૂલ ન જ કરવી. એક માણસ પોતાના અમુક કામમાં કુશલ હોય, વા પ્રારબ્ધવશાત્ કોઇ ઉચ્ચ ગણાતા સ્થાને ચઢ્યો હોય, માટે હેની વાત **સર્વ વાતમાં** પ્રમાણ ગણાય એવી સમજ સર્વથા ખોટી છે. **ઉચ્ચ** અધિકાર એ કાંઇ હંમેશા **યોગ્ય** અધિકારની બરાબર નથી. માણસની **યોગ્યતા** ઘણીવાર **કરોડ**ની હોય છે છતાં હેનો **અધિકાર** કોડીનો હોય છે; ને એથી ઉલટું પણ વારંવાર નજરે પડે છે. અર્થાત્ જેનામાં સત્યપરાયણતા હોય તે ગમે તે અધિકારે કે ગમે તે સ્થળે પણ સત્યની તુલના કરવા સમર્થ હોય છે. સર્વેએ પોતપોતામાં એવી સત્યપરાયણતા આણવી, અને અમુક વ્યવહારિક આકારપરત્વે સપ્રમાણના આરોપી ફસાવું નહિ.

એવા ફસાનાર કરતાં ફસાવનારાની સંખ્યા આજકાલ થોડી નથી. આચાર્યો, ઉપદેશકો, અધિકારીઓ અનેક પડેલા છે. અસ્તુ, કોઇ એમ પૂછશે કે એ બધા તો ભલે રહ્યા પણ આજ ઝગઝગતા 'સુધારા'ના સમયમાં સર્વ વાતનું સૂક્ષ્મ અવલોકન કરી "સાયન્સ" એ નામના પાશ્ચાત્ય શાસ્ત્રોદ્વારા શોધ કરનારા જે જણાવે તે ઉપર શા માટે પ્રત્યય ન કરવો? અમે હેમના ઉપર, કે હેમના જેવા કોઇ બીજા શોધકો ઉપર પણ, પ્રત્યય કરવાની ના કહેતા નથી. અમારી તકરારનું સ્વરૂપ જૂદું જ છે, અમે સાયન્સવાળાથી પણ એટલે અંશે જૂદા પડીશું કે તેઓ "આટલું જ

**સત્ય**" ને "બીજું હોઇ જ ન **શકે**" એમ બોલે તે **અમે** સહન **કરી શકતા નથી.** છતાં એટલું તો **સર્વથા** સ્વીકારવું જ જોઇએ કે જે **લોકો** પોતે માનેલા નિશ્ચયને સત્ય ગણી અન્યને સમજાવે છે. તેઓ **લેશ પણ** દોષને પાત્ર **નથી, અર્થાત્** મન વાણી અને **કર્મ ત્રણેની ત્હેમનામાં એકતા** છે. **પણ** જે **આજકાલના લેભાગુ ધાર્મિકો,** પેટને માટે અમુક વેશ, ઢોંગ લઇ બેઠા છે, ને **પોતેજ જે વાત નિશ્ચયપૂર્વક જાણતા નથી,** તે બીજાને ગળે ઉતારવા મથે છે, **ત્હેમને આપણે શું કરવું?** તેવા **પશુના શીંગડાં** જ્હારે જુઓ ત્હારે ઉંચાં ને ઉંચાં; **એને ધક્કે જે વ્હડયું ત્હેનો પત્તો જ નહિ!** અહો! એ પશુઓનાં શીંગડાંનો માર કોણે સહન **નથી કર્યો? પણ** શું તેથી સત્યનું અવસાન આવ્યું છે? કદાપી આવનાર **નથી. ખરા સત્ય** ભક્તનું નિર્દોષ રૂધીર પાછું સજીવ થઈ **એ પશુઓને જ ખાય છે.**

ત્હારે કોઇ એમ પૂછશે કે, શું કોઇએ કોઇનું વચન માનવુંજ **નહિ?** કોઇ ગુરૂ કરવો જ નહિ? ભાઇ, અમે ક્યહાં ગુરૂ કરવાની ના કહીએ છીએ? ગુરૂ તો દત્તાત્રેયે ચોવીશ કર્યા હતા, ને ત્હમારે ફાવે તો ચોવીશસો કરો; પણ ચોવીશ અને ચોવીશ સો સર્વનું **તાત્પર્ય** સમજો. ભાગવતમાં ખાંડનારી સ્ત્રીને પણ એક બ્રાહ્મણે ચોવીશ ગુરૂ માની એક ગુરૂ કરી છે—બે કંકણ ખખડતાં હતાં, માટે એક કાઢી મૂક્યું, તે ઉપરથી એકાન્તની મહત્તા શીખ્યો છે—ને એવીજ રીતે બીજા ઘણા, વેશ્યા, અજગર આદિ ગુરૂ કર્યા છે-પણ મતલબ એજ છે કે **ખરો ગુરુ એનું 'મન' ને એની 'આંખ' એ જ છે.** લાખ ગુરૂ ઉપદેશ આપે પણ પોતાનામાં પોતાનું ગુરૂપણું કરવાની શક્તિ ન હોય તો કશા **અર્થની** વાત નથી. સત્યને ગુરૂ **નથી,** ને ચેલાએ નથી. ખરા ગુરૂ તો તે જ કે જે સત્ય માટે પ્રાણ આપે, પણ સત્યને ગમે ત્હાંથી પણ ગ્રહણ કરવા તત્પર રહે. **જે લોકોએ સત્યને સીમા બાંધી છે તે લોકો ગુરુ નથી, પ્રમાણ નથી.** જેણે એમ જ ઠરાવ્યું છે કે, **સત્ય તે આટલું જ,** ને બીજું બધું અસત્ય; જેના જ્ઞાનની તિજોરી ભરાઇ ચૂકી છે; તે કદાપિ પણ સપ્રમાણ થવા યોગ્ય નથી. તેવા પશુ તુલ્ય, અસત્ય બોધક, સંસારને દુઃખમય કરનારા નીવડે છે. પોતાને જે નિશ્ચય થાય તે સર્વદા આરમણ સિદ્ધ કરવો તથા સમજાવવો એ પરમધર્મ અને પરમોપકાર છે, પણ તેમ કરતાં એ નિશ્ચય ઉપર કોઇ પણ તરફથી વિશેષ અજવાળું પડે તેવો સંભવ અટકાવવા માટે ત્હેને પેટીમાં પુરી તાળા કુંચીમાં ઘાલી રાખી તેજ બધાં પાસે

કાન પકડી ખરો મનાવવો એ તો પશુબુદ્ધિ જ છે. સત્યને માટે જે માણુસ પોતાનો પ્રાણ આપવા તૈયાર હોય ત્હેને ઘટે છે કે તેણે એ જ સત્ય સમજવામાં અન્યે બતાવેલી પોતાની ખામી પણ સહન કરવી. ને બતાવનારને પ્રેમપૂર્વક આદર આપવો, **એ જ ખરૂં પ્રાણાર્પણ છે, ખરી સત્યભક્તિ છે.** જે સત્યશોધક છે ત્હેને કોઇ સાથે તકરાર થવાનો સંભવ જ નથી; તે તો જાણે જ છે કે માણસ સર્વદા ભૂલને પાત્ર છે, સત્ય સર્વદા સંતાતું ફરે છે, માટે ગમે તે સ્થલેથી ગમે તે દ્વારા પણ સત્ય શોધવામાં બાધ નથી—'બાબાવાક્ય પ્રમાણ' નથી.

જેઓ પારકાના વિચારે દોરાઇ કામ કરે છે તે પૂછશે કે અમે એટલો વખત ક્યહાંથી લાવીએ કે બધી વાત જાતે નક્કી કરીને જ માનીએ; પણ અમારૂં કહેવું એવું છે જ નહિ. એમ હોય તો તો ઇતિહાસનો ઉપયોગ જ રહે નહિ. પણ એમ નથી. સપ્રમાણ સત્ય વાક્યને ખુશીથી માનવું અને ત્હેને સ્વીકારી તે પ્રમાણે ચાલવું. અમારો જે અનાદર છે તે આવી રીતે ચાલનારના ઉપર નથી; પણ એવી જ રીતે ચાલો, બધા હું કહું ત્હેને જ હાજી હા કહો એમ મનાવવા તૈયાર થયેલા **પંડિતો, સાયન્ટિસ્ટો** તથા **આચાર્યો** ઉપર છે. અમે તો અજ્ઞાનમય છીએ; કેમકે જ્ઞાન કેવડું હશે તે એમ સમજવાનું ડોળ રાખતા નથી; પણ જેઓ **જ્ઞાનને ગળે બાંધી બેઠા** છે કે આટલું જ જ્ઞાન ને બીજું નહિ, ત્હેમના અમે લેશપણ ભક્ત નથી, બલકે દુશ્મન છીએ. મનુષ્ય માત્રને પણ એ જ નીતિ ગ્રહણ કરવાની ભલામણ કરીએ છીએ. મહા પંડીત **સોક્રેટિસની** પંડિતાઇ "હું જાણતો નથી" એટલામાં જ હતી; ઉપનિષદોનું બ્રહ્મ પણ **વિજ્ઞાતમવિજાનતામ્** ન જાણનારે જાણેલું છે; સત્યને સીમા નથી; માટે સત્ય ભક્તિ રાખી સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખો, તથા સર્વમાંથી સત્ય ગ્રહણ કરો એ જ તાત્પર્ય છે. **મતાંધ** ન થાઓ.

**સ્વ. પ્રો. મણિલાલ નભુભાઈ ત્રિવેદી.**

---

—બહિરાત્મામાંથી અંતરાત્મા થયા પછી પરમાત્મપણું પ્રાપ્ત થવું જોઇએ. દૂધ ને પાણી જૂદાં છે તેમ સત્પુરૂષના આશ્રયે-પ્રતીતિએ-દેહ અને આત્મા જુદા છે એમ ભાન થાય.-અંતર્‌માં પોતાના આત્માનુભવરૂપે, જેમ દૂધ ને પાણી જૂદાં થાય તેમ દેહ અને આત્મા જૂદા લાગે ત્યારે પરમાત્મપણું પ્રાપ્ત થાય. જેને આત્માના વિચારરૂપી ધ્યાન છે-સતત નિરંતર ધ્યાન છે-આત્મા જેને સ્વપ્નમાં પણ જૂદો જ ભાસે—કોઇ વખત જેને આત્માની ભ્રાન્તિ થાય જ નહિ—તેને જ પરમાત્મપણું થાય.

# કેવી સુંદર આંખો !

રાજનગરમાં સાબરમતી નદીના સામા કિનારા તરફ એક યુવતી ચાલી જાય છે. તેના દેખાવ ઉપરથી તેનું વય માત્ર ૨૨ વર્ષનું લાગેછે. તેનો બાંધો નાજુક છે અને તેના મ્હોંપર શાંતિ, દયા, પ્રેમ અને યોગની રેખાઓ સ્પષ્ટ જણાઈ આવે છે. તેના શરીર પરનાં વસ્ત્રો ઘણાં જ સાદાં છે. તે આગળ અને આગળ એકાંત શોધતી ચાલી જાય છે.

આજે જ બ્હારગામથી આવેલા કોઈ સાધુ, નદીના પૂલની બીજી બાજુના કિનારા ઉપરના એક ભવ્ય મકાનમાં ઉતર્યા છે. તેમનું વય સુમારે ત્રીસ વર્ષનું છે. તેમનાં ભિક્ષુક તરીકેનાં કપડાંમાંથી પણ તેમનો ભપકો અને છેલબટાક જેવી છટા ડોકીઆ કર્યા સિવાય ઝંપી શકતી નહોતી! તેમની આંખો વિષયી માણસની પેઠે લાલચોળ રહેતી અને તેમની એક નજર માત્ર કોઈ નાની બાળાને ભડકાવવાને પૂરતી હતી. કોણ જાણે આ સાધુના ઝપાટામાં નિર્દોષ કન્યાઓની કેટલીએ સંખ્યા આવી ગઈ હશે! આ સાધુજી દેખાવે કાળા, બાંધે મજબુત, નીચી ગરદનના અને આંખે ચસ્મા પ્હેરતા હતા; જો કે (Shortshigt) ટુંકી દૃષ્ટિનો રોગ તેમને લાગુ પડેલો હોય તેમ લાગતું નહિ, છતાં ઘણાખરા સાધુઓ શોખને ખાતર આવા ચસ્મા પ્હેરતા હોવાથી આ મહાત્મા (!) એ લાભ ગુમાવવા ખુશી નહોતા! આ મહાત્માનું નામ વિષયાનંદ હતું. સાંજના સુમારે પાંચેક વાગ્યાનો સમય હતો, કે જ્યારે આપણી વાતની નાયિકા નદીની બીજી બાજુએ એકાંત શોધતી ચાલી જતી હતી. તે જ વખતે વિષયાનંદ પણ વડીનીતિ (Privy) સારૂ આગળ અને આગળ એકાંત શોધતા ચાલ્યા જતા હતા; કારણ કે એ જાણીતી વાત છે કે મુનિવર્ગ ઝાડો પેસાબ અને આહાર આદિ ક્રિયાઓ એકાંતમાં જ કરે છે.

છેવટે, તે યુવતી એક વૃક્ષ નીચે પોતે ધ્યાન ધરવા સારૂ બેસવાનો વિચાર કરે છે અને આગળ પાછળ કોઈ ન આવતું હોય અને પોતાને કોઇ પણ પ્રકારનો ઉપદ્રવ ન થાય અને શાંતિથી ધ્યાન ધરાય તે માટે તપાસ કરેછે અને સામી જ આ મૂર્તિને જુએ છે!—જુએ છે અને ચમકે છે! સતીને એકાંતની જરૂર હતી તેમ આ મૂર્તિને પણ એકાંતની જરૂર હતી. ભર્તૃહરી

કહી ગયા છે કે 'कामातुराणाम् न भयं न लज्जा' તે મુજબ આ સાધુ મનમાં રાજી થતા થતા આ સતીની પાસે આવે છે અને વીરબાળા કે જે આ યુવતીનું નામ હતું તે મુનિશ્રી વિષયાનંદજીની મનની દુષ્ટ વાસના જાણી જાયછે અને મુનિને નીચે પ્રમાણે કહે છે:—

"આત્મબંધો! આપ જેવા મહાત્માનું મેં શું બગાડયું છે કે આપ "મારા કાર્યમાં અંતરાય નાખો છો? અગર જો આપને આ જગ્યા "આપના કામમાં લેવી હોય તો ભલે તેમ કરો; હું મારૂં ઇચ્છિત કાર્ય "બીજી જગોએ કરીશ. સંસારની બધી ઇચ્છાઓનો મેં બચપણથી જ "ત્યાગ કર્યો છે અને આ સ્વાર્થી દુનીઆમાં મ્હેં સંબંધ જેવું કાંઈ જ "રાખ્યું નથી. જો કે સંસારી વેષમાં હું ફરૂં છું છતાં સંસારનો મેં ત્યાગ "કર્યો છે અને જો કે આપની પેઠે મેં મારા સંબંધીઓનો કહેવાતો "ત્યાગ કર્યો નથી અને તેઓના ભેગી જ રહુંછું છતાં પણ મારો તેમની "સાથેનો સંબંધ જળકમળવત્ છે. આ સંસારમાં મેં મારૂં એવું "કોઇને માન્યું નથી. માયાનાં પડળો, ઝાડપરથી જેમ સુકાયેલાં પાન પડી જાય છે, તેમ મારો ત્યાગ કરી ચાલ્યાં ગયાં છે. માણસો વિકારને "આધિન રાખવાને બદલે જે વિકારોના ગુલામ થાય છે તે "વિકારોથી હું તદ્દન મુક્ત થઇ છું અને કુદરતના કાનુનો અનુસાર હું "મારૂં વર્તન રાખુંછું. જે વીર પિતાની પુત્રી હું કહેવાઉંછું તે વીર "પિતાની આજ્ઞાનુસાર હું વર્તું છું અને તેમના ઉચ્ચતમ ક્ષેત્રમાં જવાથી પાછળ "જે અંધકાર ચોમેર વ્યાપ્ત થયો છે તે અંધકાર દૂર કરી જ્ઞાનના સૂર્યની "ઝાંખી જોવા પ્રયત્નશીળ થાઉં છું. આમ હોવાથી મારામાં કોઈ પણ "પ્રકારના વિકારનું અંધકાર ન હોવાથી હું વીર પિતા સિવાય બીજા કોઈ "માણસનો વિચાર કરતી નથી તો આપને મારો વિચાર સરખો કરવાની "શી જરૂર છે? માટે, માફ કરો, આપ આપનો રસ્તો શોધી લ્યો."

જુવાન વિષયાનંદનો પોતાનો આત્મા, વિકારને વશ રાખવા શક્તિમાન હતો નહિ; કારણ કે તેણે ત્યાગી થયા પછી માલમિષ્ટાન્ન આરોગવામાં કાંઈ કચાસ રાખી નહોતી. તેઓ તેમની ઉપકારવૃત્તિથી (!) બોલ્યા--કહો કે ભસ્યા:--

"અહા, શું તું જ્ઞાનની ભિક્ષુણી છે! તો મને પૂછવા દે કે ક્યા "દુઃખથી તું ઘેરાયેલી છે? આટલી નાની વયમાં સંસારનાં હજારો સુખો

"તરફ પીઠ શા કારણથી ફેરવી છે? શું જોઇએ તેવો પતિ મળી શકયો "નથી? અગર તો મળ્યા પછી શું તેણે દગો દીધો છે? જુવાન બાળા! "તું ખરેખર મૂર્ખ હોવી જોઇએ. બુલબુલ! પ્રિય બુલબુલ! તારે હવે એવી "કશી ચિંતા કરવાની જરૂર નથી; તારૂં દરેક દુઃખ કાપવા આ તારો નવો "મિત્ર હમેશ તૈયાર રહેશે. આજથી આપણે બન્ને અન્યોઅન્ય પ્રીતિસાગર- "માં સ્નાન કરીશું. મારા ભક્તો ઘણા છે અને કેટલાકો સુખની આશાથી "મારી પાછળ ભ્રમરની પેઠે ભમ્યા કરે છે તેમને સાંસારીક સુખો "મેળવવાનો ગુપ્ત મંત્ર આપી તે બદલામાં એક સારી રકમ લેતાં મને "સારી રીતે આવડે છે, જે રકમમાંથી તને મુંબઈ, કલકત્તા અગર એડન " લઇ જઈ સ્વર્ગનું સુખ આપવું મારે માટે કાંઇ મુશ્કેલ નથી. તારી "કાંતિ ચંદ્રની માફક મધુર અને વિસ્તીર્ણ છે તો આ ઉદાસીભર્યો "દેખાવ કરવાની શી જરૂર છે! મધુરી! આ પંખીઓ કેવો મધુરો કલકલાટ "કરી રહ્યાં છે! તે આપણા સારા ભવિષ્યનું ચિન્હ છે. હું હવે તને અરજ "કરૂંછું અને પ્રાર્થુંછું કે તારો રૂપેરી હાથ લંબાવ અને મારા હાથમાં "મિલાવી દે!"

એક સ્થિતિ કે જે એક મનુષ્યને આનંદકારક થઈ પડેછે તે જ સ્થિતિમાં મુકાયલો એક બીજો માણસ પોતાને સાતમી નરકમાં આવી પડેલો સમજે છે. વીરબાળાની આંખમાંથી, આ વચનો સાંભળવાથી, પોતાના દેશમાં આવા સાધુનામને લજવી મારનાર, ઢોંગી ધુતારાની સંખ્યા હયાતી ધરાવે છે તે જોવાથી તથા ખરેખરા મહાત્મા આ સંસારમાં વિરલા જ રહેલા છે એમ યાદ આવવાથી, આંસુ ધારા ચાલી. તેણે ગદગદીત કંઠે ઉત્તર વાળ્યો:—

" ભાઈ! તું આવાં વચનો બોલે છે તેમાં વાંક તારો નથી— "મારો જ છે. આ સંસારના રસ્તા કેટલા બધા વિચિત્ર છે! મહાત્માનો "વેશ કાઢી લોકોની આંખમાં ધૂળ નાંખી નીતિનું ધોળે દહાડે સત્યાનાશ વાળનાર એ ધૂર્ત્ત! મારામાં પવિત્રતાનું–બ્રહ્મચર્યનું–એટલું બધું "જોર છે કે અત્યારે અગ્નિ વિના પણ તને ભસ્મીભૂત કરવા હું શક્તિ- "માન છું; પણ **માણસ તરીકેનો તારો મારી સાથેનો ભાઇનો "સંબંધ** હોવાથી હું તને વિચારવા વખત આપુંછું કે મનમાં જરા "વિચાર તો કર. આ મારા રૂપાળા દેખાતાં અવયવો અને આ મારી "તેજસ્વી અને મધુર દેખાતી ચક્ષુઓ એક વખત માટીમાં મળી જવાની છે. "તે ઉપર તું શું મોહે છે? આ મારૂં શરીર કે જે એક વખત ભસ્મીભૂત થવાનું

"છે, તે ઉપર તારી દૃષ્ટિ શું ફીદા થાય છે? ખરેખર મને આશ્ચર્ય જ થાય છે
"કે અવિનાશી એવો આત્મા વિનાશી-વિશ્વાસ વગરના-દેહ ઉપર ફીદા ફીદા
"થઈ જાય છે! એક રાજા એક ભંગી કુટુંબની સ્ત્રી પર મોહીત થઈ શકે?"

મહાત્મા બોલ્યાઃ—"તારા જેવી એક મધુર વચન બોલનારી મધુરી
"બુલબુલના મ્હોંમાંથી આવાં તત્વજ્ઞાનનાં વચનો સાંભળવા હું ઇચ્છિતો નથી.
"તારી **ચકચકીત આંખો** કરતાં વધારે કઈ ચીજ સુંદર હોઇ શકેછે?"

સતીને કસોટીનો છેવટનો વખત આવ્યો. તે નીચે જ જોઈ રહી અને પોતાના એક ભાઇને સુધારવાનો સમય કોઈ પણ સુખના ભોગે ખોવો નહિ એમ તેના મનમાં થઈ આવવાથી તેણીએ કયા રસ્તે જવું તે વિચાર કરી સાદી ભાષાથી અને લાલચોળ આંખોએ પોતાનું કથન શરૂ કર્યું:—

"અરે માણસ! મનુના પુત્ર! ભગવી ઝોળી લજવી મારનાર એ
"દેહદ્રોહી, આત્મદ્રોહી અને દેશદ્રોહી! આ તું બકે છે શું? ખરેખર
"તું મૂર્ખનો રાજા છે. તેં એક તારા આત્મા ઉપરાંત હજારો આત્માને
"સુધારવાનું માથે લીધું અને દુનીઆએ તને મહાત્માનું પુંછડું આપ્યું તે
"આટલા જ માટે કે? એક ગણીકા પણ તેના ધંધામાં મશગુલ છતાં 'વખત
"આવ્યે ધર્મકાર્ય અદા કર્યા સિવાય રહેતી નથી ત્યારે તમે 'કર્મયોગ'ના
"પાઠ શીખવનારા મહેતાજીઓ ખાડામાં બુડો છો—રે એકલા નહિ પણ
"તમારા માની લીધેલા ભક્તોને સાથે લઇને બુડો છો. એક મહાત્માએ આમાના
"જેવી હજારો નિરાશ્રીત બાળાઓનું પુત્રી પેઠે સંરક્ષણ કરવું જોઇએ તેને
"બદલે પતીતપણાનો પાઠ શીખવવા તૈયાર થયા છો? તમારા જેવા
"દુનીઆમાં વધી પડયા તેથીજ લોકોને ખાવાના પણ સાંસા થયા.
"પોતાના છોકરાંને સોનાનો કોળીઓ ખવરાવવો પડતો મુકી તમને ઘીમાં
"ઝબોળી રોટલીઓ આપે તે આવી બાળાઓના ઉપર જુલમ કરવાને
"માટેજ કે? પોતે મેલું ગંદું ઓઢવાનું કપડું રાખી તમને ગરમમાં
"ગરમ ઉનની શાલો લાવી આપે તે લાંબા થઈ ચૌદ કલાક સુઈ રહેવા
"માટે કે? બતાવો તો ખરા કે તમે જ્ઞાનમાં કેટલા બધા આગળ વધ્યા
"છો? અરે તમે તમારી ફરજ હજી સમજ્યાજ કયાં છો? શરમાઓ, તમે
"એક અગ્નિમાં તપેલા લોઢાને ઝાલવા પ્રયત્ન કર્યો છે. હું જાણતી નથી કે
"સંસારનો પ્રેમ શું છે અને એ પ્રેમ મને જાણતો નથી. આવો—તું બોલે છે
"તેવો—પ્રેમ જો મારી પાસે આવે તો તેને મૂળ સુદ્ધાં કાઢી ફેંકી દઉં. મારી

"પાસે બાયલાની માફક ચાળા કરીશ નહિ. એક વીર પિતાની પુત્રી મરણ
"થતાં સુધી તને તાબે થશે શું? જા, લંગોટી મારનાર વેષ એક તરફ ફેંકી
"દઈ સંસારમાં રહે અને પરણ. મારા જેવી બાળા કે જે મોક્ષમાર્ગની
"સાધક છે તે તો તારા જેવાને પ્રેમને બદલે લોહી પીવરાવશે અને વખતે
"પીશે. ધર્મના નામે ઢોંગ કરનારાઓનાં લોહી રેડાશે ત્યારેજ વિશ્વ સુખી
"થશે. હું આઠે કર્મનો અભ્યાસ સારી પેઠે કરી ચૂકી છું. તું શું મને
"લલચાવશે? આ શરીરમાં એવું શું છે કે જેની તારા જેવા મૂર્ખ માનવો
"દરકાર કરેછે? તે એક લાકડાનું પુતળું છે—બીજું કાંઇ જ નહિ. આવી
"ઢીંગલા ઢીંગલીની રમતમાં પોતાની ઉંચામાં ઉંચી સુખો ઉપાર્જન કરવાની
"શક્તિનો ભોગ આપશે? શું આ દેખાતાં સુખો સ્વપ્નવત્ છે. પણ જ્યારે
"સુખો પૂરેપૂરાં ભોગવાઈ રહેછે ત્યારે તેનું પરિણામ માણસની આંખમાંથી
"આંસુ કાઢવવા સિવાય બીજું કાંઈ આવી શકતું નથી."

બગુચક સાધુ આ બધું સાંભળી રહ્યો હતો. અને આ ન્હાની બાળામાં અસાધારણ બળ જણાયું. વીરબાળાએ આ વચનો બોલતાની સાથે જ પોતાની કમરમાંની એક કટાર કે જે દુ:ખમાંથી બચાવ કરવા સારૂ રાખી હતી તે કાઢી, તેનાથી પોતાની જમણી આંખનો ડોળો બ્હાર ખેંચી કહાડ્યો અને તે મહાત્મા (!) પર ફેંક્યો! તેની આંખમાંથી એકદમ લોહી વ્હેવા લાગ્યું અને તે સતી બોલી:—"લે, ભાઈ! હું તને નિરાશ કરીશ "નહિ. મારી આંખ કે જે તને ઘણીજ મધુર લાગતી હતી કે હું તને "સારામાં સારો ઉપયોગ કરવા આપું છું; તે તું ખુશીથી લે."

ઠગ એકદમ ચૂપ થઈ ગયો, જાણે કે તેના પર મૅસ્મૅરીઝમ કરવામાં આવ્યું હોય નહિ! તેણે એકદમ પોતાને ન છાજતાં વસ્ત્રો દૂર ફેંકી દીધાં અને વીરબાળાની ક્ષમા માગતો તેના પગે પડ્યો.

વીરબાળા હવે તેને સત્ય સમજાવે છે અને વયમાં મોટા એવા આ માનવને પોતાનો શિષ્ય બનાવે છે અને અંતે સારી ગતિએ ખેંચી જાય છે. ॐ शान्तिः शान्तिः शान्तिः"

"Detective—C."

# મન ઇંદ્રિયથી દૂર!

---

પાચ ઇંદ્રિયોથી જેમ જેમ તું મનને દૂર કરીશ, તેમ તેમ રાગદ્વેષ, કે જે વચમાં આવી હારૂં અખંડ બ્રહ્મસ્વરૂપ દેખવા દેતા નથી, હેના પડદા ખસતા જશે. એક પછી એક દરેક ઇંદ્રિયથી મન છૂટું પડતાં છેવટે ઉપડી જશે. જેમ એક નાટકનો પડદો ઉપડે ને હેની પછવાડે શું હતું તે દેખાઇ રહે, તેમ એક એક ઇંદ્રિએ નાંખેલો પડદો ઉપડયો કે પછવાડે શું છે તે દેખાઇ રહેશે. આ પાંચ ઇંદ્રિયોના પડદા, નાટકશાળાના પડદા જેવા ડબલ હોય છે,–પ્રથમ **બાહ્ય** પડદો અને પછી **અંતર** પડદો. બાહ્ય પડદો કે જે કંતાન વગેરેથી રંગિત હોય છે, ઉપડયો કે આંતર પડદો તો માત્ર કેવળ **ઝીણી મલમલ** જેવો છે, કે જેની પછવાડે શું છે તે મલમલ ઉપડયા **વિના** પણ દેખાઇ રહે છે. તો હવે મનને ઇંદ્રિયોથી છૂટું કરી–પૂર્ણપણે છુટું કરી અર્થાત્ એક મનને ઇંદ્રિયોવડે નાનાવિધ ડોળા રંગવાળું, કે કાળા ધોળા રંગવાળું દેખાય છે તે તેવા કાળા કે સફેદ રંગમાંથી હેનું કોલસાપણું કે હેનું દૂધપણું જતાં કેવળ સ્ફાટિકવત્ આ ઇંદ્રિયોના વિષયોથી દૂર થતાં થઈ જાય છે, તે સ્ફાટિકવત્ મન–તે નિર્મળ જેવા મનમાં તારા નિજ-સ્વરૂપનું પ્રથમ પ્રતિબિંબ પડશે; ને હને સાક્ષાત્કાર થશે કે હું કોણ છું? આ જગત્ શું છે? મ્હારામાં ને પરમાત્મામાં ભેદ કિંવા અભેદ છે? મ્હારે ને આ જગતને શો સંબંધ છે? તે સર્વેનું અપરોક્ષ જ્ઞાન હસ્તામલકવત્ થઈ રહેશે; માટે પ્રથમ તો **મનને ઇંદ્રિયથી છુટું પાડવાની** યુક્તિ જે નીચે જણાવાય છે તે કામે લગાડો:–

ઇંદ્રિયો પાંચ છે, એટલે કે ત્વચા કે સ્પર્શેન્દ્રિય, જીભ કે રસેંદ્રિય, નાસિકા કે ઘ્રાણેન્દ્રિય ( સુંઘવાની ઇંદ્રિય ), ચક્ષુ કે જોવાની ઇંદ્રિય, અને શ્રોત્ર કે સાંભળવાની ઇંદ્રિય.

હવે આ પાંચ ઇંદ્રિયથી મનને પ્રથમ બાહ્ય જતું અટકાવવું. એટલે કે આ પાંચ લટપટણીઓમાંથી, મન જે બહાર સરી જાય છે હેને અંદર લેવું. આ લટપટણીઓને છેડે પાંચ ઇંદ્રિયોનાં બારણાં છે, તે બંધ કરવાં એટલે કે તે આ પ્રમાણે અનુક્રમે બંધ કરવાં.

## મનને પ્રથમ બહાર જતું અટકાવવાનો સરસ ઉપાય.

બોલવાનું બંધ કરી એટલે *મૌનપણે રહેવાનો નિર્ણય કરી, પદ્માસને બેસી હાથ ખોળામાં ચત્તા રાખી બે ઘડીવાર કે એક પ્રહર કે સાઠ ઘડી એકાંતમાં નિશ્ચિંત બેસવું.

ત્યાર બાદ એક એક ઇંદ્રિયનાં દ્વાર બંધ કરવાં એટલે મન ઇંદ્રિયથી દૂર થઈ જશે, એટલે કે અંદર આવશે. પ્રથમ તો કોઈપણ પદાર્થને-પોતાના આંગપર એક બે લૂગડાં હોય તે શિવાયના કોઈપણ પદાર્થને અડવું નહીં એટલે સ્પર્શેન્દ્રિયદ્વાર બંધ થશે. ટાઢ તડકો ન લાગે માટે જાડાં પાતળાં લૂગડાં, તે વખતે જો ન રહેવાતું હોય તો, રાખવાં પણ ખરાં. પરંતુ પવન કે ગરમી કે ટાઢ ત્હેનો સ્પર્શ પોતાને થવા ન દેવો. આમ બાહ્ય સ્પર્શેન્દ્રિયને બંધ કરતાં મન સ્પર્શેન્દ્રિયથી અસ્પર્શ જૂદું માલમ પડશે. પછી ત્હમારા ધ્યાનકાળમાં સ્પર્શેન્દ્રિયના તમામ વિષયો એટલે, જે જે અડે ત્હેનો વિચાર તે બે ઘડી સુધીમાં દૂર કરો. એટલે કે પહેલાં સ્પર્શેન્દ્રિયના પદાર્થો બાહ્યથી દૂર કરો અને અંદર સ્પર્શેન્દ્રિયગત વિચારો આવે તે વિચારોને આ બે ઘડી સુધી કહો કે "અમારે હાલ સ્પર્શ કરવાનું કામ નથી; માટે ઓ વિચારો! ત્હમે આ મ્હારા ધ્યાનકાળ પછી આવજો"; અને આવે તો આ બે ઘડી સુધી તો બહાર જવાને કહેવું. જો ન જાય તો વારંવાર હડસેલવા કે થોડીવાર નરમ થઈ બહાર બેસશે. આ પ્રમાણે સ્પર્શેન્દ્રિય બહારથી બંધ થઈ એટલે સ્પર્શેન્દ્રિયના વિષયો બહારથી છોડી દીધા એટલે માત્ર દ્રવ્યત્યાગ થયો. એટલામાં તો મન પોણેભાગે ત્રણ ચતુર્થાંશ રાગદ્વેષ વગરનું થશે. અને મનમાં પણ સ્પર્શેન્દ્રિયના વિષયો પદાર્થો ન આવવા દેતાં મન ઉત્તરોત્તર રાગદ્વેષને એટલું છોડતું જશે કે આખા જગતના સ્પર્શેન્દ્રિયના પદાર્થો ત્હમારી નજરે પડવા લાગશે. અને બહાર સ્પર્શેન્દ્રિયથી જોતા હતા તે અંદરથી જોતાં કરોડો, કે અબજોથી પણ વધારે સ્પર્શેન્દ્રિયના વિષયો ત્હમારી સમક્ષ રજુ થવા લાગશે; પરંતુ જેમ કાન બંધ કર્યો કે સાંભળતું જાય, તેમ સ્પર્શેન્દ્રિયના વિષયને પણ કહો કે "આ ધ્યાનકાળ સુધી ત્હમે જોઈતા નથી; માટે જાઓ, જાઓ." એમ કરી દૂર કરવા; ને તે અવશ્ય દૂર થશેજ. હઠ ન કરવી; પરંતુ ક્રિયામાં પાંચ સાતવાર મૂકવું; તેથી આ પ્રયોગની સત્યતા જણાઈ આવી કોઈ અલૌકિક શાંતિ સાથે આનંદ જણાશે.

---

* ગમે તે પ્રકારે બાહ્ય અને અંદરથી ઇન્દ્રિયોને બંધ કરવી.

રસના ઇંદ્રિયથી મનને છૂટું પાડવાનો પ્રયત્ન કરવો. એટલે જેમ બોલવાનું બંધ છે તેમ રસનેંદ્રિય એટલે જીભથી સઘળા ખાવા પીવાના પદાર્થો છોડી દેવા. ધ્યાનકાળમાં તો તે પદાર્થો ખાવાની વાત પણ નથી, પરંતુ કદાચ કોઈ પદાર્થ ખાવાના કે પીવાના સંબંધી તે વખતે વિચાર આવે તો તે વિચારો પણ રસનેંદ્રિયના છે માટે એ વિચારોને, "હું હાલ એ ઘડી ધ્યાનમાં છું માટે અમારા મગજરૂપી ઓરડામાંથી બહાર જઈ બેસો" આમ વારંવાર કહી, જેમ સ્પર્શેન્દ્રિયના બાહ્ય વિષયો અને આંતરમાં હેના વિચારો પણ દૂર થયા, તેમ હવે રસનેન્દ્રિયના પદાર્થોને અને રસનેન્દ્રિયના પદાર્થોના વિચારોને દૂર કરવાથી જીવ્હામાં કોઇ અલૌકિક સ્વાદ આવવા લાગશે. તે દિવ્ય સ્વાદને કહેવું કે "હમારૂં કામ નથી; જાઓ." વારંવાર હેને ધક્કેલવાથી દૂર જશે. અને નાના પ્રકારના અસંખ્ય સ્વાદિષ્ટ પદાર્થો જે ભવાંતરમાં હમે સેવ્યા હશે, તે જ માત્ર નહીં, પરંતુ આ ભવમાં હવે પછી અને આવતા ભવમાં જે જે ખાવાપીવાના પદાર્થો મળી શકે તે તમામ હમારી પાસે હમારા મગજના દિવાનખાનામાં ઘુસવા માંડશે. તેમને કહેવું કે 'બહાર જાઓ, પછી આવજો; હમણાં મહારાજાધિરાજ આત્મા પધારવાના છે; માટે હમારૂં હાલ કામ નથી. ખાનગીમાં મનરૂપી પ્રધાન અને આત્મારૂપી મહારાજાને વાતચિત કરવાની છે, માટે બહાર જાઓ.'' એમ કહી વિચારોને તેમજ બાહ્ય સ્પર્શ–રસાદિ વિષયોના પદાર્થોને એ ઘડી ધ્યાનકાળસુધી દૂર કરવા.

## ઘ્રાણેન્દ્રિયથી મનને દૂર કરવાનો ઉપાય.

ધ્યાનકાળમાં સઘળા સુંઘવાના પદાર્થો દૂર કરવા. વાસ ન આવે એવા જ સ્થાનકે બેસવું. સુગંધ નહીં તેમજ દુર્ગંધ ન હોય તેવા સ્થાનમાંજ ધ્યાન માટે બેસવું. બાહ્ય સુગંધી કે દુર્ગંધી દૂર કર્યા બાદ કોઇપણ સુંઘવાના પદાર્થોનો વિચાર આવે તો તે ઉપર પ્રમાણે દૂર કરવો. ને જો તે પ્રમાણે જારી રાખો તો મન એમનાથી જુદું પડશે જ.

## ચક્ષુઇન્દ્રિયના વિષયોથી મનને દૂર કરવાનો ઉપાય.

આંખો બંધ કરવી એટલે બહારના પદાર્થો દેખવાના બંધ થશે. ફલાણાના ઘેર મ્હારે જવું છે, ફલાણાને મ્હારે મળવું છે, એવા વિચારો આવ્યા કે કહેવું મળવું એ પગથી થાય છે, ને પગ એ ઇન્દ્રિયગોચર વિચાર છે, જે મળવા જવું પડે તે પણ ઇન્દ્રિયગોચર આંખનો વિષય છે; માટે હાલ

ધ્યાનકાળસુધી આંખે દેખવું નથી, તેમ આંખથી દેખાય એવા પદાર્થોનો વિચાર પણ મનમાં આવવા દેવો નહીં; માટે જે પદાર્થો આંખથી દેખાય તેવાનો વિચાર આવે કે કહેવું "જાઓ." તે દૂર થયા કે દિવ્યસ્વરૂપો અભ્યંતર દેખાશે, ત્હેને પણ 'દૂર જાઓ.' એમ કરતાં કરતાં ચક્ષુઇન્દ્રિયનો એકપણ વિચાર ન આવે ત્હારે મન શાંત થતું જણાશે, પરંતુ અંધારૂં આંખ મીંચેલી હોવાથી લાગશે. એ અંધારૂં પણ આંખનો વિષય થયો, કારણ કે આંખથી અંધારૂં દેખાયું. માટે તે અંધારાને પણ હુકમ કરવો કે "મ્હારે ત્હને દેખવું નથી. તું ચક્ષુઇન્દ્રિયનો વિષય છે માટે મસજરૂપ દિવાનખાનામાંથી બહાર જા." આમ થયું કે નિજસ્વરૂપની પ્રથમ ઝાંખી થવા માંડે. ઘોર અંધારી રાત્રી જઈ પ્રભાત થવા લાગ્યું હોય તેમ દેખાશે અને મ્હારા પિતૃરત્ન આનંદઘનજીની માફક બોલાઈ જવાશે કે, '**कहा दिखावुं ओ-रको, कहा समजावुं भोर**' એટલુંજ નહિ પરંતુ ત્હાંજ રહેતાં '**तीर अचुक है प्रेमका, लगे शोरहे ठोर.**' એમ થઈ રહેશે.

આમ ચારે ઇન્દ્રિયના અભ્યંતર ને બાહ્ય વિષયો પછી શ્રોત્રેન્દ્રિયને બંધ કરવા માટે કાનમાં પુમડાં કે મીણ વગેરેની ગોળી કે જે બહાર પાછી તેમને તેમ કહાડી શકાય, તેમ કાનમાં નાંખી બહારથી શબ્દો આવતા બંધ કરી દેવા. કાન બંધ કર્યા કે શબ્દો બંધ થઈ ગયા. પરંતુ તે ધ્યાનકાળમાં ગાયનઆદિ વાત સાંભળવાની યાદ આવી કે નવીન વિચારો આવે તો ત્હેને શ્રોત્રેંદ્રિયના વિષય જાણી ધકેલી કહાડવા ને કહેવું કે "ત્હમે જાઓ એટલે બેસો. હમણાં ત્હમારૂં કામ નથી." આમ બહારના શબ્દનો અંદરના ગાનશ્રવણ, વ્યાખ્યાનશ્રવણ, વાંચનના વિચાર ગયા પછી દિવ્યનાદ શ્રવણ થશે. તે નાદને પણ, મનરૂપ પ્રધાનને આત્મારૂપી મહારાજની ખાનગીમાં મુલાકાત કરવી છે માટે, કહેવું કે, "ત્હમે બહાર જાઓ" કે તે બહાર જશે; કારણ કે જેમ જેમ ત્હમે ઉપર પ્રમાણે એક ઇન્દ્રિયને બાહ્યથી અને અંદરથી બંધ કરી, ત્હમારૂં બળ પૂર્વના કરતાં અનેક ગુણું વધવાથી તેવી બીજી ઇન્દ્રિયના બાહ્યાભ્યંતર વિષયો જલદી બંધ થઈ જશે. આમ દિવ્યનાદ પણ શ્રવણ થતા બંધ થયા કે અનાહતનાદ ધ્યાનમાં સંભળાશે. પરંતુ તે પણ નાદ છે, એમ કરી ત્હેને દૂર કરવો.

આમ પંચેન્દ્રિયના વિષયો જેમ જેમ બહારથી ગયા, તેમ તેમ રાગદ્વેષ ત્હેની મેળે ઘટશે; કારણકે રાગદ્વેષના મુખ્યમૂળ ઇન્દ્રિયોના વિષયો છે.

તે બહારથી ગયા કે દ્રવ્યત્યાગ થયો, દ્રવ્ય 'સામાયિક' થઈ. ઉપર કહ્યું તેમ અંતરથી વિષયોનો ત્યાગ અને તે પણ ત્રણેકાળના એટલે પરભવમાં, આ ભવમાં, પૂર્વે પ્રાપ્ત થયા તે હાલ પ્રાપ્ત હોય તે, અને હવે પછી પ્રાપ્ત થવાના હોય તે, ત્હેનો બાહ્યાભ્યંતરથી ત્યાગ કર્યો. કે ખૂબ, ખૂબ, ખૂબ, ખૂબ, જવાજ માંડશે. પરવસ્તુમાંથી મુખ્યપણે પ્રીતિ અપ્રીતિ જવાથી બાકી રહેલા ધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને ક્રિયામાં ઉપચાર પામતો શરમાતો શરમાતો કાળ એ બધા પણ પરવસ્તુરૂપે જણાય. બિચારા દૂર ઉભા હોય તેમ જણાશે. અને જતાં જતાં રાગદ્વેષ પૂર્ણપણે જતાં મનરૂપ સ્ફાટિક જેવા શાંત સ્વયંભૂરમણ સમુદ્રમાં નિજઆત્માનું-પોતામાં બિરાજતા પરઆત્માનું પ્રતિબિંબ પડશે; એટલે કે જેમ નિર્મળ સ્ફાટિકમાંથી જેવું દેખાય તેવું નિર્મળ (અરાગ, અદ્વેષ) હોવાને લીધે મન જેવું સ્વરૂપ છે તેવું સ્ફાટિકની પેઠે દેખાડી દેશે. અથવા જેમ એક નિર્મળ દર્પણમાં આપણું શરીર જોઈએ છીએ, તેમ દેખાઈ રહેશે.

અને આમ કરતાં કરતાં જે એ મનરૂપ દર્પણમાં નિજસ્વરૂપ દેખાયું ત્હેને અરિસારૂપી મનમાં જોવાનું મૂકી, પોતાને જોવા માગતાં કોઈ એવું વીર્ય સ્ફુરે છે કે મન પ્રથમ દૂર ઉભું રહે છે. પછી ત્હેનો નિરોધ થતો ત્હેના તાપથી બળવા માંડતું હોય તેમ જઈ પછી ક્રમે ક્ષય થઈ જતાં કેવળ નિષ્પન્ન કરે છે. માટે બધી વાત પૂછવાની મૂકી દે અને ઇન્દ્રિયોથી મન છૂટું પાડવા સાંભળવાનું, ચાખવાનું (ખાવા-પીવાનું) સુંઘવાનું અડકાવવાનું, જોવાનું બહારથી બંધ કર, અને અંદરથી એ ઇંદ્રિયોના વિચારોને આવતા અડસેલી કહાડ, એટલે રાગદ્વેષ જતાં જતાં જ્યહારે તે પૂર્ણપણે ગયા કે ત્હારા નિજસ્વરૂપનો ત્હને અવશ્ય અપરોક્ષ બોધ એટલે સાક્ષાત્કાર થશે.

પંડીત લાલન.

---

—માંહીથી દશા ફરે ત્યારે સમ્યક્ત્વની ખબર એની મેળે પડે. સતદેવ એટલે રાગદ્વેષ ને અજ્ઞાન જેનાં ક્ષય થયાં છે તે. સદ્‌ગુરૂ કોણ કહેવાય? મિથ્યાત્વગ્રંથિ જેની છેદાણી છે તે. સદ્‌ગુરૂ એટલે નિર્ગ્રંથ. સતધર્મ જ્ઞાની પુરૂષોએ બોધેલો જે ધર્મ. આ ત્રણે તત્વ યથાર્થરીતે જાણે ત્યારે સમ્યક્ત્વ થયું ગણાય.

# આધ્યાત્મિક જીવનનો સરલ માર્ગ.

( મીસીસ **એનીબીસાંટ**ના લેખનું અનુકરણ. )

આજનો આપણો વિષય આપણે બહુ ધ્યાનપૂર્વક વિચારવાનો છે. મનુષ્યમાં ઉચ્ચ ચૈતન્ય સર્વાંશે 'પ્રકટ' થાય, તે સારૂ તેણે કેવા પ્રકારનું **જીવન ગાળવું** જોઇએ, તે આપણે આજે વિચારવાનું છે. આ કામ કરવાને જૂદાં જૂદાં **પગથિયાં** આપણે ધ્યાનમાં લેવાં જોઇએ, અને આપણે હાલ જે પગથિયા ઉપર ઉભેલા છીએ તે પગથિયા ઉપરથી આપણા ચૈતન્યના વિકાસ સારૂ—આપણા દૈવિ જીવનના પ્રકટીકરણ સારૂ—આપણે શું કરવું જોઇએ ત્હેનો આપણે ખ્યાલ લાવવો જોઇએ. આ વિષયનું આપણે બરાબર જ્ઞાન મેળવીએ તે માટે આ વિષયનો પ્રારંભ કરતાં એક બે અગત્યના શબ્દોની વ્યાખ્યા આપવી જરૂરની છે.

પ્રથમ તો, **ઉચ્ચ જીવન** એટલે શું? મ્હેં આ શબ્દો ત્હેના વિશાલ **અર્થ**માં વાપર્યા છે. સ્થૂળ જીવન કરતાં કાંઈ પણ ઉંચા દરજ્જાના જીવનને મ્હેં ઉચ્ચ જીવન તરીકે ગણ્યું છે. ચર્મચક્ષુથી ન દેખાય તેવા સૂક્ષ્મભુવન, માનસિકભુવન, બુદ્ધિ ભુવન અને આત્મિક ભુવન અને ત્હેની પણ પેલીપાર આવેલાં ભુવનોમાં 'પ્રકટ' થતા મનુષ્યના જીવને ઉચ્ચજીવન રૂપમાં આ ભાષણમાં ગણવામાં આવશે.

પણ **આધ્યાત્મિક** એટલે શું? આ જૂદાં જૂદાં ભુવનોમાં ઉચ્ચ જીવનનું 'પ્રકટ' થવું એ સર્વ કાંઇ 'આધ્યાત્મિક' નથી. જે આકારોમાં ચૈતન્ય 'પ્રકટ' થાય છે, તે આકારો અને ચૈતન્ય વચ્ચે ભેદ પાડતાં આપણે શિખવું જોઇએ. જે કાંઇ **આકારો**ને લગતું છે, તે કદાપિ **આધ્યાત્મિક** ગણી શકાય નહિ. દરેક ભુવન ઉપર આકારોનું જીવન એ **પ્રકૃતિનું** પ્રકટીકરણ છે, **પણ આત્માનું** નથી. સૂક્ષ્મ ભુવન ઉપર કે માનસિક ભુવન ઉપર આકારમાં જીવન 'પ્રકટ' થાય, કે છેવટે સ્થૂલ ભુવન ઉપર તે પ્રકટ થાય, છતાં તે જીવન આધ્યાત્મિક જીવન ગણી શકાય નહિ.

દરેક સ્થળે પ્રકૃતિના આવિર્ભાવો માયાવી છે, અને જે માયાવી છે તે કદાપિ આધ્યાત્મિક કહી શકાય નહિ. આ બાબત ખુબ યાદ રાખવા જેવી છે. જો આ બાબત યાદ ન રાખવામાં આવે તો આપણા અભ્યાસમાં બહુ ભૂલ પડવાનો સંભવ છે, અને આત્મિક ઉન્નતિને માટે યોગ્ય

સાધનો આપણે પસંદ કરી શકીશું નહિ. હલકાં કે ઉચ્ચ ભુવનોપર, કાં તો પત્થરમાં, કે વનસ્પતિ રૂપે, પ્રાણી રૂપે કે મનુષ્ય રૂપે કે છેવટે દેવરૂપે-પણ જ્યહાં સુધી શરીરદ્વારા જીવન વ્યક્ત થાય છે ત્યહાં સુધી બધું એક સરખુંજ છે. જ્યહાં સુધી તે પ્રકૃતિને લગતું છે, જ્યહાં સુધી તે માયાવી છે, ત્યહાં સુધી તે આત્મિક કદાપિ કહેવાય નહિ. મનુષ્ય સૂક્ષ્મ ભુવનની કે માનસિક ભુવનની સિદ્ધિઓ મેળવે, દૂર આકાશમાં આખા વિશ્વપર દેખી શકાય તેવી દૃષ્ટિ ખીલવે, દેવોનાં ગીત અથવા તો સ્વર્ગમાં ગવાતાં મધુર સ્તોત્રો સાંભળે, પણ આ સઘળું માયાવી છે અને ક્ષણભંગુર છે. આકારોનું જીવન એ કદાપિ શાશ્વત તેમજ આધ્યાત્મિક નથી.

ત્હારે ખરૂં 'આધ્યાત્મિક' શું? જે ચૈતન્ય સર્વત્ર ઐક્ય અનુભવે છે, દરેકમાં એક આત્માને જુએછે, અને આત્મામાં દરેક વસ્તુને જુએ છે, તેજ ચૈતન્યનું જીવન આધ્યાત્મિક જીવન ગણી શકાય. જે જીવન હજારો બનાવોની અંદર થઇને, માયાની જાળ ભેદીને દરેક બદલાતા આકારમાં પણ એક શાશ્વત તત્ત્વને જુએ છે તે જ જીવન આધ્યાત્મિક જીવન છે. આત્માને જાણવો, આત્માપર પ્રીતિ રાખવી, આત્માનો અનુભવ કરવો એ જ ખરી અધ્યાત્મ વિદ્યા છે, અને દરેક સ્થળે આત્માને જોવો એજ ખરૂં જ્ઞાન છે.

તે સિવાયનું સર્વ અજ્ઞાન છે; તે સિવાયનું સર્વ અનધ્યાત્મિક છે. જો ત્હમે એકવાર આ વ્યાખ્યા બરાબર સમજો તો ત્હમે માયાવી નહિ પણ સત્‌ને શોધશો, અને આકારોના જીવનને નહિ પણ આત્મિક જીવનને શોધશો. આત્મિક જીવનને ખીલવવાના ચોકસ માર્ગો ત્હમારે ગ્રહણ કરવા પડશેજ, અને ચૈતન્યને 'પ્રકટ' થવામાં મદદગાર થાય તેવા નિયમોને ત્હમે શોધશો કે જેથી કરીને સર્વવ્યાપક ચૈતન્યની સાથે આ ચૈતન્યતાના ઐક્યનો અનુભવ થાય અને દરેક આકૃતિ તે આકૃતિને વાસ્તેજ વ્હાલી નહિ લાગે, પણ તે આકૃતિની અંદર રહેલો આત્મા જે આકૃતિનો પણ આત્મા છે ત્હેને લીધે આકાર વ્હાલો લાગશે. જ્યહારે ઉચ્ચ જીવનની આત્મિક બાજુના સંબંધમાં મૈત્રેયીએ યાજ્ઞવાલ્ક્યને પૂછયું, ત્હારે યાજ્ઞવાલ્કયે કહ્યું હતું કે, પતિ પતિને ખાતર પ્રિય નથી પણ આત્માને ખાતર પતિ પ્રિય છે; પત્ની પત્નીને ખાતર પ્રિય નથી, પણ આત્માને ખાતર પત્ની પ્રિય છે. આ પ્રમાણે દરેક ચીજ, બાળક, પ્રિયજન, મિત્ર, અને સ્થૂલભુવનની પેલી પારની જીંદગીઃ વગેરે સર્વ બાબતો આત્માને લીધેજ પ્રિય છે. દેવો પણ દેવોને ખાતર પ્રિય નથી, પણ આત્માને ખાતરજ દેવો પ્રિય છે. આ જ

આત્માનું લક્ષણ છે. સઘળું આત્મામાં જ છે. સર્વત્ર **એકજ** જોવામાં આવેછે. આપણ કે જે પ્રકૃતિથી અંધ બનેલા છીએ તે ત્હેને કેવી રીતે ઓળખીશું, કેવી રીતે પામીશું ?

આનો અનુભવ કરવાને પહેલું અગત્યનું પગથિયું '**કર્તવ્યનો નિયમ**' છે. આધ્યાત્મિક જીવનનો અનુભવ કરવાને મનુષ્યે શા સારૂ આ કર્તવ્યના નિયમને અનુસરવું જોઇએ, તે સમજવાને આવો આપણે પળવાર થોભીએ. ઉચ્ચ ભુવનને લગતાં કેટલાંક 'સત્ત્વો'ને ત્હમે ત્હમારી આસપાસ જુઓછો. તેઓ આધ્યાત્મિક નથી, પણ તેઓ બહુજ ભારે બળ અજમાવેછે, તેઓ કુદરતને ગતિમાન કરે છે, અને પોતાની ઇચ્છા પ્રમાણે પ્રકૃતિને ચલવે છે. અગણ્ય બળવાળાં મહાન્ સત્ત્વો આપણી આસપાસ દુનિયામાં ભમે છે. ઉચ્ચ પ્રકારના વિચારોની પ્રેરણા કરે છે અને ઉચ્ચ પ્રકારના પ્રયત્નથી કેટલાક ઉન્નતિક્રમને સહાય આપે છે. બીજાઓ પણ ઉન્નતિક્રમને સહાય આપે છે, પણ તેઓ મનુષ્યની ઉન્નતિમાં વિઘ્ન નાખીને અને ત્હેને ગભરામણમાં નાખીને તે કામ કરે છે. આમ કરવાનું કારણ એ જ છે કે મનુષ્યો પોતાના પગ **મજબૂતાઇથી** મૂકતાં **શિખે** અને ખરાબની સામા થવાથી સારા માર્ગમાં પૂરેપૂરા નિપુણ થાય.

આ બન્ને શક્તિઓ દૈવી શક્તિના જૂદા જૂદા આવિર્ભાવો છે. **અંધારા વિના અજવાળું ત્હમને મળી શકે નહિ**, અને **સામા થયા વિના ઉન્નતિ થઇ શકે નહિ.** ઉન્નતિની સામે થનાર શક્તિ સિવાય ઉન્નતિ સંભવતી નથી. જે શક્તિ ઉન્નતિક્રમની વિરૂદ્ધ કામ કરે છે, તે જ શક્તિ ઉન્નતિને સ્થિર બનાવે છે, અને મનુષ્યની ઉંચા પ્રકારની વૃદ્ધિને શક્ય બનાવે છે. આપણે સામાન્ય ભૂલમાં ન પડી જઇએ, અને આ બન્નેના વિરૂદ્ધ ધર્મોને એક સરખા ન ગણીએ એ બાબતથી આપણે ચેતવાનું છે. ઉચ્ચ ભુવનની જે શક્તિઓ અને સત્ત્વો જેઓ ઉન્નતિ ક્રમને આગળ વધારે છે, જેઓ આપણને દોરવે છે, પ્રેરણા કરે છે, ઉંચે ચઢાવે છે, અને પવિત્ર બનાવે છે, તેઓ તરફજ ખરેખર પૂજ્ય-ભાવ દેખાડવો જોઇએ, ત્હેમને પગલે આપણે સહીસલામતીથી ચાલી શકીએ અને તેઓની સહીસલામતીથી પ્રાર્થના પણ કરી શકીએ. જે પ્રમાણમાં આપણે સામા થઇએ, અથવા વિરૂદ્ધ પડીએ, તે પ્રમાણમાં બીજી શક્તિઓ પણ આપણા મિત્ર રૂપ બને છે. અને જ્યહારે આપણે ત્હેમની સામે થઇએ, ત્યહારે જ તે આપણને મદદ કરી શકે. કારણ કે ત્યહારે જ તેઓ આપણા આધ્યાત્મિક સ્નાયુઓને અને તંતુઓને મજબુત બનાવે

છે. જે શક્તિથી આપણે હેમના સામા થઇએ, તે શક્તિની મદદથી જ હેમના ભુવનમાં આપણા વિજયનો આધાર છે, અને **સામા થવામાં જે** બળ 'પ્રકટ' **થાય છે, તે જ ઉન્નતિક્રમને સહાય કરેછે.** હેમની પ્રમાણે આપણે **ચાલવું ન જોઇએ,** તેમ હેમની આજ્ઞા માનવી ન જોઇએ. હેમનું ધ્યાન ન કરવું જોઇએ અથવા હેમની પ્રાર્થના પણ ન કરવી જોઇએ. ત્હારે હવે 'મુસાફરે' કેવી રીતે પોતાનો માર્ગ પસંદ કરવો જોઇએ, જાણવો જોઇએ અને હેની કસોટી કાઢવી જોઇએ કે જેથી આ બન્ને શક્તિઓને એક બીજાથી જૂદી ઓળખી શકાય?

કર્તવ્યના નિયમથી, ઉન્નતિના માર્ગદર્શક અંતરાત્માથી, સર્વ કરતાં વધારે કર્તવ્યને માન આપવાથી, સત્ય તરફ સર્વ કરતાં વધારે પૂજ્યભાવ બતાવવાથી, અને જરા પણ ડગ્યા વિના અને જરા પણ બદલાયા વિના સત્યને પૂજવાથી બન્ને શક્તિઓ વચ્ચેનો ભેદભાવ જાણી શકાય.

કેટલીકવાર એમ કહેવામાં આવે છે (અને તે વાત ખરી પણ છે) કે, જેને અંગ્રેજીમાં Conscience કૉન્સ્યન્સ (અંતઃકરણ—ઇશ્વરનો-અંતરનો અવાજ) કહે છે એ શબ્દનો ભાવસૂચક સંસ્કૃતમાં એક પણ શબ્દ નથી. સંસ્કૃતના વિદ્વાનોના અભિપ્રાય પ્રમાણે 'કોન્સ્યન્સ' એ શબ્દનો બરાબર અર્થ દર્શાવતો કોઇપણ શબ્દ નથી. પણ આપણે **શબ્દોને** શોધતા નથી, પણ **વસ્તુ**ઓને શોધીએ છીએ. આપણે બ્હારના ઉપનામને જોતા નથી, પણ ખરી બાબતોને જોઇએ છીએ. હું તમને પૂછુંછું કે પૂર્વના ધાર્મિક પુસ્તક કે સાહિત્ય કરતાં બીજા કયા દેશના પુસ્તક કે સાહિત્યમાં વધારે ઉચ્ચ અંતઃકરણના આદેશનો ચિતાર તમને જડી શકશે? કારણ કે **અંતઃકરણના આદેશને માન આપવાનું** અને **કર્તવ્ય તરફ પૂજ્ય ભાવ** આ બે ભાવ પ્રાચીન હિંદુસ્થાનના મનુષ્યોમાં તેમજ પ્રાચીન સંસ્કૃત પુસ્તકોમાં આપેલા ઉપદેશ વાકયોમાં પણ જ્વલંત મૂર્તિરૂપે પ્રકાશી રહેલા જોવાય છે.

દાખલા તરીકે ધર્મિષ્ઠ રાજા યુધિષ્ઠિરનું ચારિત્ર વિચારો. તે યુધિષ્ઠિર શ્રી કૃષ્ણે જાતે મૂકેલી કસોટી પ્રસંગે સત્યથી ચૂકી ગયા. હેની જીંદગીના છેલ્લા પ્રસંગે જ્યહારે ઇન્દ્રરાજા નીચે આવે છે. અને વિમાનમાં બેસી હેને પોતાની સાથે સ્વર્ગમાં આવવા જણાવે છે, તે પ્રસંગ યાદ લાવો. જે નિમકહલાલ કુતરો મ્હોટા જંગલમાંની ભયંકર મુસાફરીમાં પણ જીવતો

રહ્યો હતો તે કુતરાને આંગળીથી બતાવીને યુધિષ્ઠિરે કહ્યું કે: "આ કુતરાને વાસ્તે મ્હારૂં હૃદય દિલસોજીથી બહુ ભરાય છે." ઇન્દ્રે કહ્યું: "સ્વર્ગમાં કુતરાને વાસ્તે જગ્યા નથી." ત્હેથી યુધિષ્ઠિરે સ્વર્ગમાં આવવાની ના પાડી અને ઇન્દ્રે જરાક કડક મીજાજ સાથે કહ્યું:—"ત્હમે ત્હમારા ભાઈઓને મ્હોટા જંગલમાં મરવા દીધા, ત્હમે ત્હેમને મરેલા મૂકીને આવ્યા, ત્હમે દ્રૌપદીને પણ મરવા દીધી, અને તેણીનું મુડદું ત્હમને આગળ વધવામાં અડચણ રૂપ થયું નહિ. ભાઈઓ અને સ્ત્રીને આ પ્રમાણે ત્હમે પાછળ તજી શકોછો એવા ત્હમે, આ કુતરાને વળગી રહેવાનો દેખાવ કરોછો?" યુધિષ્ઠિરે કહ્યું: "**મરણ પામેલા** વાસ્તે આપણે કાંઇ કરી શકીએ નહિ; હું મ્હારા ભાઈ કે મ્હારી સ્ત્રીને મદદ કરી શક્યો નહિ; પણ આ તો **જીવતું** પ્રાણી છે, તે મરેલું નથી. બ્રાહ્મણને મારવામાં જેટલું પાપ છે, બ્રાહ્મણના ધનમાલને નુકશાન કરવામાં જેટલું પાપ તેટલું જ પાપ ત્હમારો આશ્રય શોધનાર એક નિરાધારનો ત્યાગ કરવામાં છે. હું **એકલો** સ્વર્ગમાં જવા માગતો નથી." અને જ્યહારે તે ઇન્દ્રની દલીલોથી, અને દેવની યુક્તિઓથી યુધિષ્ઠિર ડગ્યો નથી, ત્યહારે તે કુતરો અદ્રશ્ય થયો અને ધર્મની મૂર્તિ ત્હેની જગ્યાએ ખડી ગઇ, અને સ્વર્ગમાં આવવાને ત્હેને આજ્ઞા કરી. **ઇન્દ્રની આજ્ઞા કરતાં પણ તે રાજાનું અંતઃકરણ વધારે મજબુત હતું. અમરપણાના લોભથી** પણ તે રાજા ધર્મથી ચ્યુત થયો નહિ, તેમજ તેના **અંતઃકરણે બતાવેલા** ધર્મના માર્ગની બાબતમાં તે દેવની મધુર વાણીથી પણ અંધ બન્યો નહિ.

મ્હારી સાથે ઉન્નતિક્રમમાં ભૂતકાળમાં ચાલો; અને દૈત્યોનો રાજા **બલિ** પરમાત્માને યજ્ઞ અર્પણ કરતો હતો તે પ્રસંગનું ચિત્ર જુઓ. તે વખતે બેડોળ આકૃતિવાળો **વામન** આવે છે, અને તે **બલિરાજા** પાસે વરદાન માગે છે: "હે રાજન્! યજ્ઞની દક્ષિણાની તરીકે ત્રણ પગલાં ભરાય તેટલી પૃથ્વી આપો." તે વામનના ત્રણ ટુંકાં પગલાંથી મપાય તેટલી પૃથ્વી માગવી એ ખરેખર નજીવી હતી. તે દક્ષિણાની માગણી કબુલ રાખવામાં આવે છે; અને જુઓ! પહેલું જ પગલું આખી પૃથ્વીને ઢાંકી દે છે; બીજું પગલું આકાશને ભરી દે છે. હવે ત્રીજું પગલું ક્યહાં મુકવું? પૃથ્વી અને આકાશ તો ઢંકાઇ ગયાં; હવે બાકી શું રહ્યું?

તે ભક્ત પોતાની છાતી ઉપર ત્રીજું પગલું મૂકવામાં આવે તે માટે જમીનપર સૂઇ જાય છે અને ચારે બાજુએથી ઠપકાના શબ્દો સંભળાય

છેઃ " કપટ છે ! કપટ છે ! " " હરિ જ ત્હારા નાશ વાસ્તે ત્હને લલચાવે છે; ત્હારા વચનનો ભંગ કર, અને ત્હારો પોતાનો નાશ થાય એવી રીતે સત્યને અનુસરતો નહિ. " જો કે આવા શબ્દો ત્હેને કાને પડે છે, છતાં તે જીંદગીના કે રાજ્યના નુકશાન કરતાં સત્ય, કર્તવ્ય અને અંતઃકરણને વધારે મહત્વનાં ગણેછે, અને જરા પણ ડગ્યાવિના જમીનપર પડી રહેછે. એવામાં ત્હેનાં ગુરૂ આવે છે-જે ગુરૂ કરતાં વધારે પૂજ્ય કોઇ હોઇ શકે નહિ તે ગુરૂ આવેછે; અને ત્હેના વચનનો ભંગ કરવા ફરમાવે છે. પણ જ્હારે તે ગુરૂના શબ્દોને પણ કાને ધરતો નથી ત્હારે ગુરૂ ત્હેને આજ્ઞા નહિ માનવા ખાતર શ્રાપ આપેછે-પણ પછી-જેણે પૃથ્વી અને આકાશ ભરી દીધાં હતાં તે વિષ્ણુ ત્હાં પ્રકટ થાય છે, અને કોયલ જેવા મીઠા કંઠથી તે શાંતિમાં આ પ્રમાણે અવાજ સંભળાય છેઃ " સઘળી બાજુએથી હારેલો અને હેરાન થયેલો, મિત્રોએ નિન્દેલો, ગુરૂએ શ્રાપ આપેલો, એવો આ બલિ સત્યને તજી દેશે નહિ. " પછી વિષ્ણુ જણાવેછે કે "આ બલિ ભવિષ્યના કલ્પમાં ઇન્દ્ર થશે-દેવોનો રાજા થશે; કારણ કે જ્હાં **સત્યની ઉપાસના છે, ત્હાં જ સત્તા સોંપી શકાય; તે જ સત્તા જીરવી શકે.**"

આવા દાખલાઓ-અને આના જેવા બીજા અનેક દાખલાઓ— આપણી સંમુખ છતાં 'કૉન્સ્યન્સ' જેવો એકાદ શબ્દ ન મળે તો તેથી શું થયું ? કર્તવ્યની એકનિષ્ઠા, અને કર્તવ્યના નિયમનું જ્ઞાન-આ વિચાર વારંવાર આપણી આંખ આગળ ચળકી આવેછે. અને હિંદુ લોકોનું લક્ષણ જણાવનારો ક્યો એક શબ્દ છે ? તે શબ્દ 'ધર્મ' છે,-' કર્તવ્ય ' છે.-' સત્યનિષ્ઠા ' છે.

ત્હારે આ કર્તવ્યના નિયમની વ્યાખ્યા શી છે ? જો કે મૂળતત્ત્વ તો એક છે છતાં આ નિયમ ઉન્નતિક્રમના જૂદા જૂદા પગથિયા અનુસાર બદલાય છે. જેમ ઉન્નતિક્રમ આગળ વધ્યાં કરે છે, તેમ આ નિયમ પણ આગળ વધે છે. જે જંગલીનો ધર્મ છે, તે સુધરેલા અથવા કેળવાયેલા માણસનો ધર્મ હોઇ શકે નહિ. જે ગુરૂનો ધર્મ તે રાજાનો ધર્મ હોઇ શકે નહિ. જે વેપારીનો ધર્મ તે લડવૈયાનો ધર્મ હોઇ શકે નહિ. માટે જ્હારે આપણે ધર્મ—અથવા કર્તવ્યના નિયમ સંબંધી અભ્યાસ કરતા હોઇએ ત્હારે ઉન્નતિક્રમની નિસરણીના ક્યા પગથિયે આપણે ઉભેલા છીએ; આપણી આસપાસ આપણા કર્મને લેઇને કેવા સંજોગો મળેલા છે,

આપણી પ્રકટ અને ગુપ્ત શક્તિઓ કેટલી છે, અને આપણી ખામીઓ કેટલી છે, હેનો અભ્યાસ કરીને આપણે આગળ વધવું જોઇએ. આ રીતે બારીક અભ્યાસ કરવાથી આપણે કર્તવ્યનો નિયમ શોધી કાઢીશું કે જે વડે આપણે આપણાં પગલાં દોરવીએ. જેઓ ઉન્નતિક્રમના એક જ પગથિયા પર ઉભા હોય, જેઓ એક જ પ્રકારના સંજોગોમાં હોય, હેને વાસ્તે એક જ ધર્મ છે અને સઘળાને વાસ્તે કેટલોક **સામાન્ય** ધર્મ છે; સઘળાને વાસ્તે કર્તવ્યો કરવાનાં કહેલાં છે. જેઓ ઉન્નતિના પ્રવાહ સાથે કામ કરે છે, તે સઘળાને વાસ્તે મનુમહારાજે જણાવેલી દશ મહાઆજ્ઞાઓ જેવી આજ્ઞાઓ ઉપયોગી છે. મનુષ્યોએ એક બીજાના સંબંધમાં કેમ વર્તવું તે તે દશ મહા શિક્ષાઓ જણાવે છે. ભૂતકાળના અનુભવથી તે સિદ્ધ થયેલી છે.

પણ કર્તવ્યના સંબંધમાં કેટલાક એવા પ્રશ્નો છે કે જે હેમના સ્વરૂપમાં એટલા બધા સાદા નથી. જેઓ આધ્યાત્મને માર્ગે આગળ વધવા પ્રયત્ન કરતા હોય હેમને વાસ્તે ખરી અડચણ તેઓનો ધર્મ શો છે તે પારેખવામાં અને કર્તવ્યનો નિયમ શું માગે છે તે જાણવામાં રહેલી છે.

આપણા અનુભવમાં એવા ઘણા બનાવો દરરોજ બને છે કે જેમાં કર્તવ્યની મારામારી ઉદ્ભવે છે. એક કર્તવ્ય આપણને એક માર્ગ બતાવે છે, ત્યારે બીજું કર્તવ્ય બીજો જ માર્ગ દર્શાવે છે: તે વખતે જેમ અર્જુન કુરૂક્ષેત્ર પર ગભરાયો હતો તેમ આપણા કર્તવ્ય સંબંધી આપણે ગભરાઇએ છીએ.

ઉચ્ચ જીવનની કેટલીક અડચણો છે, વૃદ્ધિ પામતા ચૈતન્યની કેટલીક કસોટીઓ હોય છે. જે કર્તવ્ય સ્વચ્છ અને સાદું છે, તે બજાવતાં જરા અડચણ પડે, પણ ત્હાં ભૂલ થવાનો ઓછો સંભવ છે. પણ જ્હાં કર્મનો માર્ગ ગુંચવણભરેલો લાગે છે, જ્હાં આપણને સુઝ પડતી નથી, ત્હાં અંધારામાં અચોકસ માર્ગપર આપણે કેવી રીતે ચાલી શકીશું ? એવા કેટલાક પ્રકારના ભય છે કે જે આપણી બુદ્ધિ અને આંતર્ચક્ષુને મલીન કરે છે, અને કર્તવ્યનો માર્ગ સમજવાનું કામ મુશ્કેલ બનાવે છે.

આપણાં મન, શરીર, અને વાસના જેનો 'હું' બને છે તે જ આપણાં શત્રુ છે. 'હુંપણું' જે હજારો જૂદા જૂદા આકારો દ્વારા પ્રકટ થાય છે, જે કેટલીકવાર બ્હારથી દેખાવ ધર્મનો કરે છે, અને આ રીતે આપણે હેને

ઓળખી શકતા નથી; તે 'હું'ને અનુસરનારા આપણે કર્તવ્યના માર્ગને નહિ પણ ઇચ્છાના માર્ગે અનુસરીએ છીએ.

હુંપણું જ્યહારે પ્રધાનપદ ભોગવે છે, અને કર્તવ્ય આપણને જ્યહારે દોરવે છે, આ બેનો ભેદ આપણે શી રીતે જાણી શકીએ? જ્યહારે હુંપણાનું વાતાવરણ જે આપણી આસપાસ આવી રહેલું છે તે ત્હેની પેલીપારના વિષયને ઇચ્છા અને વિકારોને લીધે તદ્દન જૂદું જ દર્શાવે છે, ત્યહારે આપણે ભૂલ કરીએ છીએ, તે બાબત શી રીતે જાણી શકીએ?

આવે સમયે હૃદયરૂપી મંદિરમાં શાંતિથી પ્રવેશ કરવો, ત્હેના કરતાં વધારે સહીસલામતીભર્યો મ્હારા ધારવા પ્રમાણે બીજો કોઇ ઉપાય નથી. તે હૃદયમંદિરમાં આપણે આપણી અંગત ઇચ્છાઓને દૂર કરવી જોઇએ, હુંપણાથી આપણી જાતને તે વખતને સારૂ જૂદી પાડવી જોઇએ, દરેક સવાલને વધારે વિશાળ અને વધારે નિર્મળ સ્વરૂપમાં વિચારવો જોઇએ, અને આપણને સિદ્ધ માર્ગે દોરવે, એવી આપણા ઇષ્ટ ગુરૂદેવને પ્રાર્થના કરવી જોઇએ. પ્રાર્થનાથી, આત્મનિરીક્ષણથી, ધ્યાનથી જે પ્રકાશ મળે તે પ્રકાશ વડે આપણને કર્તવ્યનો માર્ગ લાગે તે માર્ગ અંગીકાર કરવો. આપણી ભૂલ પણ થાય. ચોખ્ખી રીતે જોવાનો પ્રયત્ન કર્યા પછી જો આપણી ભૂલ થાય તો આપણે યાદ રાખવું જોઇએ કે આપણી ઉન્નતિને માટે જે પાઠ શિખવો ઘણો જ જરૂરનો છે, તે શિખવવા માટે તે ભૂલ ઘણી જરૂરની હતી. આપણી ભૂલ પણ થાય, અને ઇચ્છાના બળથી દોરવાઇ આપણે ઇચ્છાનો માર્ગ ગ્રહણ કરીએ. અને જ્યહારે આપણે ધર્મનો માર્ગ પસંદ કરીએ છીએ, એમ ધારતા હોઇએ, તે વખતે અહંકારથી આપણે દોરવાઇ પણ જઇએ, જો આમ બને તો પણ સત્યને જોવાનો પ્રયત્ન કરવામાં અને સત્ય પ્રમાણે ચાલવાનો નિશ્ચય કરવામાં પણ આપણે બહુ જ સારી રીતે વર્ત્યા છીએ. ખરૂં કરવાનો પ્રયત્ન કરતાં કદાચ આપણે ભૂલ પણ કરીએ; પણ આપણે ખાત્રી રાખવી જોઇએ કે આપણી અંદર રહેલી આપણી ભૂલ એક દિવસ જરૂર સુધરશે. જ્યહારે આપણું હૃદય પરમાત્માપર સ્થિર થયું છે, અને જ્યહારે સત્યને જોવાને આપણે પ્રયત્ન કરીએ છીએ, ત્યહારે કદાચ આપણી ભૂલ થાય તો તેથી નિરાશ શા સારૂ થવું જોઇએ?

(અપૂર્ણ.)

# 'જૈનહિતેચ્છુ' માસિક પત્રના ગ્રાહકોને

## સન ૧૯૧૨માં

# ૪ અમૂલ્ય ભેટો અને ૧૨ ઉપદેશી તખતા ભેટ!

**(૧)શ્રી કબીરજીનાં આધ્યાત્મિક પદો, ભા. ૩જો.** (વેચાણ કિંમત ૦-૪-૦)

**(૨) જૈનસમાચાર ગદ્યાવળી ભા. ૧**

(૩) એજન **ભા. ૨ જો.**

(૪) એજન **ભા. ૩ જો.**

અથવા બનશે તો "ભવિષ્યની દુનીઆ" એ વિષય ઉપર એક સમર્થ અમેરીકન વિદ્વાને લખેલું આધ્યાત્મિક નૉવેલ ( નામે The Future World) નું અનુકરણ કરીને પુસ્તક રચીને ભેટ આપવામાં આવશે. ફુરસદ પર આધાર છે.

જેમાં જૈનસમાચારના જન્મથી આજ સુધીના અંકોમાં જે જે વિષયો, નોંધો, ચર્ચાઓ વગેરે ખાસ વાંચવા લાયક કે સંગ્રહવા જોગ છે તે તમામની ચુંટણી કરી, સુધારી, જરૂર હોય ત્યાં થોડીક ફુટનોટ ઉમેરી, પુસ્તક આકારમાં આપવામાં આવશે. જૈનહિતેચ્છુના ગ્રાહકોને વગર મૂલ્યે ૫ વર્ષનું જૈનસમાચાર મુફત મળવા જેવું થાય છે. અને 'જૈનસમાચાર'ના ગ્રાહકો જો 'જૈનહિતેચ્છુ'ના ગ્રાહક થશે તો એમને ગુમાવેલા લેખોનો સંગ્રહ પુસ્તકરૂપે મળશે એ ખરેખર આનંદની વાત છે.

| | | |
|---|---|---|
| વાર્ષિક મૂલ્ય માત્ર | રૂ. ૧-૦-૦ | કુલ ૧-૭-૦ લેવામાં આવશે. મનીઑર્ડર અગર વી. પી. ખર્ચ ૦-૧-૦ જૂદો સમજવો. |
| માસિકનું પોષ્ટેજ | ૦-૩-૦ | |
| ભેટો તથા તખતાનું પોષ્ટેજ | ૦-૪-૦ | |

સઘળી ભેટોની માત્ર ગ્રાહકની સંખ્યા જેટલી જ નકલો છાપવાની છે માટે ૧૯૧૨ માં ગ્રાહક થવા ઇચ્છિનારે અત્યારથી નામ નોંધાવવા. નહિ તો પાછળથી એકાદ બુક ખુટી પડશે.

પત્રવ્યવહારઃ—**મેનેજર, જૈનસમાચાર.** દાણાપીઠ—**અમદાવાદ.**

☛ **નવી** એટલે ૧૯૧૨ની સાલનું **લવાજમ** તા. ૨૦ ડિસેમ્બર ૧૯૧૧ ના રોજ **વી. પી. થી** વસુલ કરવામાં આવશે. વી.પી.માં ચાલુ સાલના ગ્રાહકોને **"સુદર્શન ભા. ૨"** તથા **"જૈનસમાચાર ગદ્યાવળી ભા. ૧"** એ બે પુસ્તકો રવાના કરવામાં આવશે અને નવા ગ્રાહકોને માત્ર **"જૈનસમાચાર ગદ્યાવળી ભા. ૧"** મોકલવામાં આવશે. બીજી ભેટો તૈયાર થતી જશે તેમ તેમ મળ્યા જશે.

# કેમ, આ વાત મનાય છે?

ત્હમે આ વાત માની શકોછો કે નહિ, કે 'જૈનસમાચાર'ના ગ્રાહકોને જાનેવારી ૧૯૧૧ થી ઑગસ્ટ ૧૯૧૧ સુધીમાં—માત્ર આઠ માસમાં એક–બે નહિ પણ

## દશ અમૂલ્ય પુસ્તકો ભેટ તરીકે

મોકલાઇ પણ ચૂક્યાં છે, જેમાંનું એક તો રૂ. ૫) ખર્ચતાં પણ ન મળે એવું **'દશવૈકાલીકસૂત્ર'** મૂળપાઠ, અર્થ તથા વિસ્તારવાળી સમજુતી સાથેનું છે.

## કાંઇ મન થાય છે?

એવી એવી ભેટો આપનારૂં **અઠવાડીક 'જૈનસમાચાર'** ખરીદવા ઇચ્છા થતી હોય તો આજથી તા. ૩૧ ડિસેમ્બર ૧૯૧૧ સુધીની મુદત માટે રૂ. ૩) નો **મનીઑર્ડર** મોકલો; એટલે બધી ભેટો ત્હમને મોકલી આપવામાં આવશે. ભેટોનું પોષ્ટ ખર્ચ વગેરે તમામ રૂ. ૩)માં જ સમજવું. **આજથી** ગમે તે મહીનામાં ગ્રાહક **થશો** તોપણ તા. ૩૧ ડિસેમ્બર ૧૯૧૧ સુધીનું જ લવાજમ તથા પોષ્ટેજ મળીને રૂ. ૩) લેવામાં આવશે.

અને જો ભેટનાં પુસ્તકો લેવાં નહિ હોય તો માત્ર 'પેપર'ની કિંમત તરીકે દર મહીનાના રૂ. ૦—૫—૦ પ્રમાણે ડિસેમ્બર ૧૯૧૧ સુધીના પૈસા **અગાઉથી મનીઑર્ડરથી** મોકલશો કે તુરત પેપર મોકલવામાં આવશે.

## આવતી સાલમાં અમૂલ્ય બક્ષીસો.

૧૯૧૧ ના જાનેવારીથી ડીસેમ્બર સુધીના આવતા વર્ષમાં અનેક કિંમતી બક્ષીસો આપવાની છે; જેમાં એક "શ્રી **ઉત્તરાધ્યયન સૂત્ર**" છે, કે જેનું મૂલ્ય રૂ. ૬ થી પણ વધુ હાલ તુરતમાં ઉપજે છે. આ ઉપરાંત મહાવીર ચરિત્ર, વિપાકસૂત્ર, ઉપાસકદશાંગ સૂત્ર, નિરાવળીકા સૂત્ર, સમકીત કૌમુદીનો રાસ, બુદ્ધચરિત્ર મુહપત્તિ રહસ્ય વગેરે ઘણાં પુસ્તકો બક્ષીસ મળશે. રૂ. ૩) લવાજમમાં ૦—૧૩—૦ તો પોષ્ટ ખર્ચ (પેપરનું) જાય, તો પછી રૂ. ૨—૩—૦ માં દર અઠવાડીએ બાર માસ સુધી પેપર મળે અને વળી રૂ. ૬)ની એક બક્ષીસ તથા બીજી પણ **કીમતી બક્ષીસો** મળે, આ સર્વ હિસાબ લક્ષમાં લેનાર સખસ તો "લક્ષ્મી ચાંડલો કરવા આવે ત્હારે મ્હોં ધોવા નહિ જ જાય"!

ઇચ્છા હોય તો તાકીદે (ભેટોના પોષ્ટ ખર્ચ સહિત કુલ રૂ. ૪ ના) મનીઑર્ડર સાથે જ નામ નોંધાવોઃ—

**મેનેજર, જૈનસમાચાર,**—દાણાપીઠ—**અમદાવાદ.**

**દીવાળીનાં કુમકુમ પત્રિકાઃ**—સોનેરી—કાર્ડ તેમજ નોટપેપર પર છાપેલી. મૂલ્ય ૧૦૦ પ્રતના ૦—૬—૦. તાકીદે લખોઃ—

**પોપટલાલ મોતીલાલ શાહ,** સારંગપુર, તળીઆની પોળ, **અમદાવાદ.**

वर्धानिवासी श्रीयुत कस्तुरचंदजी
चीमनीरामजीकी ओरसे भेट.

'सुविचारमाला'—मणका ११ वा.

# महात्मा कबीरजी
के
# आध्यात्मिक पदों.
( टीका समेत )

## द्वितीय खंड.

प्रथमावृत्ति—प्रत ८००

विक्रम १९६७-इ. स. १९११


प्रसिद्ध कर्त्ता,
वाडीलाल मोतीलाल शाह
सम्पादक, जैनसमाचार.
अहमदाबाद.

मूल्य ०—४—०

'जैनसमाचार' पत्रकी सन १९११ की ८ वी भेट.

'भारतबन्धु' प्रिण्टिंग वर्क्स नामक मुद्रालयमें
वाडीलाल मोतीलाल शाहने छापा.

# भक्ति केवी रीते करशो?

माला तो करमें फिरे, जीभ फरे मुखमांहि;
मनका तो चौदिश फिरे, ऐसो सुमरन नाहि. १

सुमरन ऐसो किजीये, खरे निशाने चोट,
सुमरन ऐसो किजीये, हले नहिं जीभ होठ. २

अंतर 'हरि हरि' होत है, मुखकी हाजत नाहिं;
सेहेजे धून लगी रहे, संतनके घट मांहि. ३

---

(१) हाथमां माळा फरे, मुखमां जीभ फरे अने ते ज प्रमाणे मन पण विश्वमां फरेछे—भटकेछे; तो एवी जातना प्रभुस्मरणथी शुं दहाडो वळवानो हतो?

(२) जेम कोइ नीशानबाज माणस बराबर धारेला नीशान पर ज तीर च्होंटाडी दे छे, तेम त्हमे पण प्रभु उपर त्हमारुं ध्यान च्होंटाडो. जीभ के होठ हलाववानी जरुर नथी. ध्यान कांइ शब्दथी नहि पण मनथी थवानुं छे.

(३) 'संत' अथवा 'हरिजन' केवा होय छे? तो कहे छे के, एमना अंतरमां हरिनुं भान सदैव होय छे, तेथी मुखथी 'हरि' एवो उच्चार करवानी एमने 'हाजत' अथवा भुख रहेती नथी. संतना घटमां 'सहज' अथवा स्वाभाविक रीते ज धून लागी रहेती होय त्यां बाह्य पोकारनी शी जरुर होय? आ पदमां 'संत'नी व्याख्या बहु सारी आपी छे. 'संत' ए संस्कृत शब्द छे अने ते अस्=होवुं ए धातु उपरथी नीकळेलो छे. जे हरिवासमां 'छे' अथवा जे अमरताना भानमां दाखल थयोछे तेज संत अथवा हरिजन. बाह्य क्रिया उपरथी संतनी परीक्षा थाय ज नहि.

सुमरन सुरति लगाय दे, मुखसे कछु ना बोल;
बाहेरके पट देय के, अंतरके पट खोल. ४

लेह लगी तब जानीये, कबहू छूट न जाय;
जीवत हि लागी रहे, मुवा मांहीं समाय. ५

बुंद समाना समूद्रमें, जानत है सब कोय;
समूद्र समाना बुंदमें, जाने विरला कोय ! ६

---

(४) भक्ति केम करवी ते बतावे छे. प्रभु साथे एवी सुरति लगाव के म्होडेथी कांइ न बोलवुं पडे. बहारनी सर्व क्रियाओ मोकुफ राखी अंदरना पडदा खोल. देहना बाह्य धर्मोने विसारी आत्माना आंतरीक धर्ममां लीन था. जेम कोइ माणस जगतथी कंटाळीने पोताना घरमां पेशी, बारणां बंध करी, पोतानी पतिपरायण स्त्री के हसमुखां बाळकोमां सुख शोधे, तेमज हे भक्त ! तुं बाह्य प्रवृत्ति छोडी, इंद्रीयोनां द्वार बंध करी, अंदर प्रवेश कर; त्यहां सुमति रुपी स्त्री के सार्वत्रीक प्रेमना विचारो रुपी बाळको साथे कल्लोल कर.

(५) परमात्मानो खरो प्रेम लाग्यो छे एम बोलनारा तो घणाए होय छे; पण त्हेनी कसोटी शी ? जे माणस जीवतां सुधी तो परमात्माना प्रेममां मस्त रहे एटलुं ज नहि पण मृत्युबाद पण ए प्रेमनां राज्योमां ज जाय ए ज माणस खरो प्रेमी समजवो. मतलब के खरो प्रेम समय, जगा के संजोगोथी मर्यादीत नथी होतो.

(६) पाणीनुं एक बिंदु समुद्रमां समाय ए तो समजाय एवी वात छे; पण समुद्र आखो एक बिंदुमां समाइ जाय ए समजावुं मुश्केल छे. छतां ध्यानमां मस्त रहेनार पुरुष अने परमात्मा ते बेनी बाबतमां उपर मुजब ज बने छे. ध्यान धरनार मनुष्यनुं हृदयाकाश के जे एक बिंदु अथवा बुंद समान छे त्हेमां ते, परमात्माने के आखा विश्वने भाळी शके छे. पवित्र अपेक्षा-प्रकाशीत हृदयमां

भक्ति द्वार है सांकडा, राइ दसमा भाय;
मनहि जब मावत हो रहा, क्युं कर सके समाय ? ७

राइ बांता बिसवा, फिर बिसनका बिश;
ऐसा मनवा जो करे, ताहि मिले जगदीश. ८

माला जपुं न कर जपुं, मुखसे कहुं न राम;
राम हमारा हमको जपे, मैं बेठा रहुं विश्राम ! ९

---

आखा विश्वनुं प्रतिबिंब भळाय छे. आ 'योग' नो विषय अति गहन छे, तेथी वीरला--योगी जनो ज ते समजी शके छे.

(७) 'भक्ति द्वार' एटले जे दरवाजे थइने भक्तो परमात्मा पासे जइ शके छे ते दरवाजो एवडो तो सांकडो छे के जाणे राइना दाणानो दसमो भाग जोइ ल्यो ! एवा सांकडा दरवाजामां थइने जवानुं छे छतां मन तो कहे छे के हुं हाथी उपर मावत बेसे छे ते जगाए बेसीने दरवाजामां पेसुं ! आ वात केम बने ? माटे मन जो अभिमान रुपी हाथीथी नीचे उतरीने न्हानुं थइ जाय-नम्रता शीखे तोज ते सांकडा दरवाजाथी प्रवेश करी परमात्मानी हजुरमां आवी शके. 'नमे ते हरिने गमे' अर्थात् नम्रता राखे-अहंपदथी दूर रहे ते माणस परमतत्वनी प्राप्तिनो अधिकारी थाय.

(८) वळी आगळ वधीने कबीरजी कहे छे के, राइना दाणाना दशमा भाग जेटलो दरवाजो छे माटे ते दरवाजे थइने जवानी इच्छा राखनार मन तो राइना वीसमा भागना पण वीसमा भाग जेवडुं बनाववुं जोइए.

(९) म्हारे लोकोनी माफक हाथथी माळा जपवानी जरुर नथी अने मुखथी पण जपवानी जरुर नथी. हुं तो शान्त बेठो रहुंछुं अने म्हारो राम उलटो म्हने जपे छे. ध्यानारुढ थइ परमात्मस्वरुपमां लीन थवाथी आत्मस्वरुप जोवाय छे.

# साधु कोने कहेवा ?

(१)

केशो कहां बिगाडयो, जो मुंडे सो बार ?
मनको काहे न मुंडियो, जामें बिषय बिकार ? १

मन मेवासी मुंडिये, केश हि मुंडे काहे ?
जो किया सो मनहि किया, केश किया कछु नाहे. २

स्वांग पेहरे शुरा भया, दुनिया खाइ खुंद;
जो सेरी सत् निकसें, सो तो राखे मुंढ. ३

---

(१) हे द्रव्यसाधुओ ! हे साधुवेषधारीओ ! त्हमारा माथाना केश एटले वाळनो शो वांक छे--तेणे त्हमारुं शुं बीगाडयुं छे, के जेथी त्हमे सो वार--वारंवार एना उपर वैर लेवानी माफक मुंडवामां ज 'धर्म' ने समाप्त थतो मानो छो ? मुंडवुं होय तो 'मन'ने मुंडो, के जेमां विषय विकार भरेला छे. बहारथी साधुनो वेष राखनारा घणाए ढोंगीओ मनथी तो विषयविकारथी भरपुर छे--ए केश कहाडवानी एमनी इच्छा नथी !

(२) खरो मेवासी—खरो लूटारो तो 'मन' छे; एने मुंडे तो खरो साधु कहेवाय; केश मुंडेथी शुं थवानुं हतुं ? बीचारा केशे तो कांइ कर्युं नथी, जे कांइ करेछे ते तो पेलुं मन करेछे.

(३) साधुनो स्वांग पहेरवामां तो शुरातन घणुंए छे; पण साधु थया पछी खाइ-पीने दुनीआंने खुंदवानुं-पजववानुं ज आवडयुं ! जे शेरी (Street) मां 'सत्' याने 'परमतत्त्व' प्रगट थइ शके छे ते शेरीने तो अर्थात् कार्मण शरीरने तो मूढ दशामां-सुनमुन दशामां राखे छे; ए कार्मण शरीरद्वारा 'सत्'नो प्रकाश थइ शके छे ते छतां ए शरीरने खीलववा माटे कांइ प्रयत्न करतो नथी.

हाथ महीं माला फिरें, हिरदा डामाडुल;
पग तो पालामें गला, भान न लागे सुल.। ४

माला पेहरे मन सुखी, तासें कछु न होय;
मन मालाको फेरते, जुग उज्याला होय. ५

माला पेहरे कौन गुन, मनकी दुबधा न जाय;
मनमाला कर राखीये, हरि चरन चित्त लाय. ६

---

(४) हाथमां माळा रही गइ छे पण हृदय तो डामाडोळ दशामां छे. एमां तो कांइ कांइ जातना संकल्प विकल्पनां मोझां उठे छे. अने साधुमहाराजना पग वळी मायामां खुंची गया छे, त्हेने बहार कहाडवानुं भान पण त्हेने नथी.

(५) माळा पहेरवाथी मन सुख मानी ले तो भले; बाकी तेथी कांइ दहाडो वळे नहि. पण जो मन रूपी माळाना मणका एक पछी एक फेरवे तो आखा विश्वमां प्रकाश–प्रकाश ज नजरे पडे. मनना खराब भावने एक पछी एक तपासी जइ त्हेने मणकानी पेठे आंगळांथी छटकी जवा दइ बीजा मणकाने पकडवो, त्हेने पण तपासीने पछी सरी जवा देवो; छेवटे म्होटो मणको के जे एक ज होय छे–जे सर्वोपरी ‘ सत् ’ छे त्यहां जइ स्थीर थवुं. त्यहांथी आगळ जवानुं ज नथी. आ स्थितिमां आवनारने विश्व मात्रमां ‘जीवता प्रेम’-नो प्रकाश साक्षात् जोवामां आवे.

(६) माळा पहेरवाथी जो मननी दुबधा दूर न थइ शके तो ते क्रिया शा कामनी ? ते करतां तो मनने ज माळा बनावीए अने परमात्मानी भक्तिमां तल्लीन थइए ए केवुं ?

मनका मस्तक मुंड ले, काम क्रोधका केश;
जो पांचोको वश करे, तो चेला सबहि देश. ७

माला तिलक बनायके, धरम बिचारा नाहिं;
माला बिचारी क्या करे ? मेल रहा मन मांहिं ! ८

मुंड मुंडावत जुग गये, अजहु न मिलिया राम;
राम बिचारा क्या करे ? मनके और हि काम ! ९

काष्ट काट माला किनी, मांहे पिरोया सूत;
माला बिचारी क्या करे, जो फेरनहार कपूत ? १०

---

(७) बीचारा वेशधारीओने चेला मेळववानो शोख बहु होय छे तेथी अनेक अनर्थ सेवीने पण चेला मेळववा दोडे छे; परन्तु कबीरजी कहेछे के, एम तो मात्र बे चार चेला मळशे पण जो त्हारे आखी दुनीआने चेला बनाववानी इच्छा होय तो हुं कहुं तेवो साधु बन; प्रथम मन रुपी मस्तक परथी काम--क्रोध रुपी केशने मुंडीने दूर कर. जो तुं मन अने पांच इद्रियोने वश करशे तो आखी दुनीआना जीवो त्हारा चेला बनशे.

(८) माळा--तीलकनो देखाव तो सारो कर्यो अथवा मुह-पति--रजोहरणनो देखाव पण सारो कर्यो, पण धर्मनुं रहस्य तो विचार्युं नहि. मनमां तो मेल रही गयो त्यहारे पछी माळा वगेरे बाह्य उपकरण बीचारां त्हने शुं करी शकवानां हतां ?

(९) आम माथुं मुंडावतां--मुंडावतां अनेक जुग वही गया पण हजीए 'राम'--परमतत्वनी प्राप्ति थइ नहि. ( ओघा--मुहपति तो मेरु पर्वत जेटला कर्या पण हजीए आत्माने चीन्यो नहि. ) मन जूदेज रस्ते भटके त्यहां बीचारो राम शुं करे ?

(१०) माळामां कांइ जीव नथी; ए तो लाकडाने कापीने अंदर

माला तिलक तो भेख है, रामभक्ति कछु और;
कहे कबीर जीने पहन लिया, पांचो राखो ठोर. ११

माला तो मनकी भली, और संसारी भेख;
माला पेहेरे मन सुखी, तो बोहोराके घर देख ! १२

माला मुजसे लड पडी, काहे फिरावे मोहे ?
जो दिल फेरे आपना, तो राम मिलावुं तोहे ! १३

भरम न भागा जीवका, अनंत धराये भेख;
सत् गुरु समजा बाहेरा, अंतर रहा अलेख. १४

---

दोरो परोवीने बनावेली छे; माटे जो माळा फेरवनारो ज कपूत होय तो माळा शुं करी शकवानी हती ?

(११) माळा–तीलक–मुहपति–रजोहरण ए सर्वने धीक्कारवानी जरुर नथी, पण ए सर्व 'भेख' छे; अने रामभक्ति–आत्मैकता ए कंइ ओर ज चीज छे. जे लोको भेख पहेरे छे त्हेमने कबीरजी कहे छे के, भला थइने पांचे इन्द्रिओने ठेकाणे राखजो, रखेने कोइनां घर मारता !

(१२) माळा तो मननी ज सारी; बाकी तो संसारीनी पाघडी–कोट वगेरे जेम वेष छे तेमज आ पण वेष छे. छतां पण कोइने माळा पहेरवाथी ज सुख लागतुं होय तो कहुंछुं के, पेला वोराजीनी दुकाने जा, त्यहां घणीए माळाओ टांगी राखी छे !

(१३) कबीरजी कहे छे के, एक दिवस माळा म्हाराथी छेडाइ पडी अने म्हने ठपको आपवा लागी के, हे मूर्ख ! तुं म्हने शा माटे फेरव फेरव करे छे ? म्हें त्हारुं शुं बगाडयुं छे ? फेरव त्हारा दीलने, अने पछी जो के हुं त्हने 'राम' मेळवी आपुंछुं के नहि !

(१४) पार पगरना भेख पहेर्या–पहीर्या भोळा–पहीर्या

तनको जोगी सब करे, मनको करे न कोय;
मनको जोगी जो करे, सो गुरु बालक होय. १५

मन मेला तन उजळा, बगला कपटी अंग;
ताते तो कउवा भला, तन मन एक हि रंग! १६

---

पीळा--घडीमां दीशारुपी वस्त्र एम अनेक भेख धर्या पण हजीए जीवनो भ्रम तो भाग्यो नहि ज! कारण के म्हें मूरखाए 'सतगुरु' अथवा परमात्माने बहार ज ढूंढया, पण ते तो म्हने खबर न पडे एवी रीते 'अंदर' ज हता!

(१५) ल्यो सांभळो, कबीरजीए कथेलुं मार्मिक रहस्य. तेओश्री फरमावे छे के, जेनुं 'मन' ज योगी होय ते तो 'बाळक' जेवा याने राग--द्वेष रहीत--'हुं' पणा रहीत होय; एवाने म्हारा 'गुरु' मानुं. बाकी शरीरने 'जोगी' बनावनारा पाखंडी तो चार लाखने बाणु हशे त्हेने म्हारी बलारात नमे छे! रळवुं कठण लागे के संसारमां आवी पडेलुं कोइ दुःख वसमुं लागे एटले तुरत माथुं मुंडीने वेष पहेरी लीधो अने बन्या 'तरणतारण'! पण पोते तर्या सिवाय 'बीजाने तारनारा' एवो खीताब शरुआतमां ज आ लोको शी रीते लइ शकता हशे ते कांइ समजातुं नथी.

(१६) तन एटले शरीरने उजळुं अथवा टापटीपवाळुं अथवा साधुतानो देखाव करनारुं राखे अने मन तो मलीन राखे, आवा साधुडाओ खरेखर 'बगला' जेवा छे. एमना करतां तो पेला कागडा सारा के जेओ मनना मेला छे तो बहारथी शरीर पण काळुं ज राखे छे, के जेथी एमनाथी कोइ ठगावा पामे नहि. अने आ धूतारा साधुओए तो बहारथी साधुतानो स्वांग पहेरी अंदरनी मलीनता राखी जगतने भ्रमणाना खाडामां होमवानो धंधो आदर्यो छे!

कविता कोटी कोट है, सिरके मुंडे कोट;
मनके मुंडे देख कर, ता संग लिजे ओट. १७

मस्तक मुंछ मुंडायके, काया घाटम घोट;
मनको काहे न मुंडियो, जामें सबहि खोट ? १८

( २ )

गुरु लोभी शिष्य लालची, दोनो खेले दाव;
दोनो डूबे बापडे, बेठ पथ्थरकी नाव. १

(१७) ज्ञाननी कविता बनावनारा पंडीतो कोटानकोटी छे, शिर मुंडावनारा पण क्रोडो छे. पण जे मनने मुंडे–ताबे करे त्हेनी ज तुं सोबत करजे.

(१८) माथुं–मुंछ वगेरे मुंडावीने कायानु रुप बदली नाखनारा त्यागीओ मनने केम मुंडता नहि होय? खरी खोट तो मन मुंडनारनी छे; ए खोट–ए तंगी कोइ पुरी पाडतुं नथी.

(१) गुरु अने शिष्यनी जोडी घणेभागे एक सरखी ज मळे छे. गुरु 'लोभी' होय अने शिष्य 'लालचु' होय. आ सिद्धांत बराबर समजवा जेवो छे. जे माणस जे चीजने लायक होय ते ज त्हेने मळेछे. आकर्षण ( Attraction ) ना नियम प्रमाणे समान प्रकृतिओ एकबीजाने पोता तरफ खेंचे छे. गुरु पैसानो लोभी होय के पछी ( ज्यहां अन्न--वस्त्र मागवा पहेलां बमणां मळतां होय तेथी लक्ष्मीनी जरुर न रहेती होय त्यहां ) माननो लोभी होय; अने शिष्य 'लालचु' होय एटले के थोडे खर्चे के थोडी महेनते ( मात्र आ गुरुराजनी पगचंपी करवाथी के एना चेलाने दिक्षा आपवामां बे चार हजार रुपीआनुं खर्च करवाथी के एनो गमे तेवी बाबतमां पक्ष करवाथी ) स्वर्ग मळी जशे एवी लालचवाळो ते शिष्य थाय छे.

जाका गुरु है लालची, दया नहिं शिष्य मांहि;
ओ दोनोको भेजिये, उज्जड कुवा मांहि ! २

गुरु गुरु सब कहा करो, गुरुहि 'धर' में भाव,
सो गुरु काहे किजीये, जो नहि बतावे दाव ? ३

बंध से बंधा मिला, छुटे कौन उपाय ?
संगत कीजे निर्बंधकी, पलमें दिये छुटाय. ४

---

दुनीआना साधुओ अने भक्तोनो म्होटो भाग आवो ज होय छे. पथ्थरनी होडीमां बेटेला शिष्यो डूबे एमां शुं आश्चर्य ?

(२) वाहरे कबीरजी वाह ! त्हमारा जेवा सत्यकथन निडरपणे करनारा पुरुषो थोडा ज थया हशे. जेना गुरु पैसा के मानना लालची होय त्हेना शिष्यने दया तो होइ शके ज नहि; कारण के पैसा के मांन रळवा माटे अनेक दगाफटका अने काट--कूट करवी पडे; एमां शिष्यो गुरुनी भक्ति खातर--थोडी महेनते मोक्ष सुंदरीने वरी बेसवा खातर--हथीआर तुल्य बने ज. माटे एवा गुरु अने एवा चेलाने तो उज्जड कूवांमां पधरावी दो, के जेथी कोइ कहाडनार पण न मळे !

(३) हे लोको ! त्हमे बधा भला माणस छो, त्हमे 'गुरु-गुरु' एवा पोकार कर्या करोछो; पण त्हमारा गुरुना भाव एटले लक्ष तो 'घर' एटले संसारमां-संसारी जेवा काममां छे. जे गुरु संसार भावने अळगो करी परमतत्वनो प्राप्तिनो 'दाव' बतावे नहि त्हेने 'गुरु' कयो मूर्ख कहेशे ?

(४) बांधेला बांधेलाने केम छोडवी शके ? कर्मोथी खरडायलो बीजाने कर्मरहीत केम करी शके ? लोहीथी कपडां धोवाय ज नहि. माटे निर्बंध--मुक्त पुरुषोनी संगत करो के जेथी पळमां त्हमने पण 'छूटा' करशे.

पुरा सद्गुरु ना मिला, रहा अधुरा शिख;
स्वांग जतिका पेहेरके, घर घर मांगे भिख. ५

सद्गुरु ऐसा किजीये, तूर्त दिखावे सार;
पार उतारे पलकमें, दर्पन दे दातार. ६

( ३ )

दया गरीबी बंदगी, समता शील स्वभाव;
एते लक्षन साधके, कहे कबीर सद्भाव. १

---

(५) हे साधुनामधारी ! त्हने कोइ 'पुरो' सद्गुरु मळ्यो नथी जणातो; तेथी तुं पण 'अधुरो शिख' एटले ' अपूर्ण शिष्य ' बन्यो अने जतिनो–साधुनो स्वांग पहेरीने घेर घेर टुकडा मागी खावा मांड्या !

(६) सद्गुरु एवा मेळववा जोइए के जे जलदी जलदी 'सार पदार्थ'–आत्मपीछान मेळवी आपे अने भवजळ पार उतारी दे. कारणके सद्गुरु तो बीजुं कांइ देता नथी, मात्र दर्पण देछे. एटले के हृदयनी निर्मळता करी आपे छे. जेम कोइ बाळकना हाथमां दर्पण आपवा छतां एमां पोतानुं म्हों जोवानो परिश्रम तो बाळके पोते ज लेवो पडशे; तेम सद्गुरु कांइ आत्मानुं दर्शन करावता नथी, पण हृदयने अरीसा जेवुं बनावी आपे छे, के जेथी करीने शिष्य ते अरीसामां पोतानुं स्वरुप जोइ शके.

(१) अत्यार सुधी साधुनामधारीनां लक्षण बतावी भोळा लोकोने चेतव्या; हवे साचा साधुनां लक्षण बतावी एमना शरणे जवानी सलाह आपेछे. कबीरजी 'सद्भाव' कहेछे अर्थात् जेवुं छे तेवुं--यथारुप सत्य जणावे छे के, दया, नम्रता, भक्ति, सम--ता

मान नहि अपमान नहि, ऐसे शितल संत;
भवसागर उतर पडे, तोडे जमके दंत. २

आशा तजे माया तजे, मोह तजे, अरु मान;
हर्ष शोक निंदा तजे, कहे कबीर संत जान. ३

संत खरे सोही कहो, जीने कनक कामीनी त्याग;
और कछु इच्छा नहिं, निशदिन रहे विराग. ४

---

अथवा सुख--दुःखमां मननी अडोलवृत्ति अने शीलः आ पांच, 'साधु'नां लक्षण समजजो. ( कबीरजीए आपेला आ 'कसोटीना पथ्थर' उपर पोतपोताना गुरुने घसी जोवाथी दरेक माणसने खात्री थशे के ए ते साचुं सोनुं छे के कथीर छे ! )

(२) जे पुरुषने मान--अपमाननी लेश मात्र असर थती नथी एवी शीतलता प्राप्त थइ छे, ते ज पुरुष भवसागर तरी शके अने जमना दांतने तोडी शके; अर्थात् फरी मरवानी जरुर ह्हेने रहे नहि.

(३) कबीरजी कहे छे के, जे पुरुष आशा ( इच्छा ) ने तजे, मायाने पण तजे, मानने पण तजे अने हर्ष--शोक नामनी लागणीओ साथे निंदाने पण तीलांजली आपे एने ज तुं 'संत' जाणजे.

(४) जेणे कंचन अने कामीनी त्यजी छे, त्यजी छे एटलुं ज नहि पण ते ते चीजोनी इच्छाने पण त्यजी छे अर्थात् बाह्य तेमज अभ्यंतर त्याग कर्यो छे अने परमात्मा साथे ज जेनो तार लागेलो छे ह्हेने 'संत' कहेवो.

हरिजन हारा ही भला, जीतन्न दे संसार;
हारा हरिपें जायगा, जीता जमकी लार ! ५

सुखके माथे सिल पडो ! हरि हिरदेसे जाय;
बलिहारी आ दुःखकी, पल पल राम संभराय ! ६

आपा त्यां अवगुन अनंत, कहे संत सब कोय,
आपा तज हरिको भजे, संत कहावे सोय. ७

---

(५) 'हरिजन' एटले हरिनो दास अथवा विश्वव्यापक तत्व ए रूपी जे हरि त्हेनो दास एटले जगतमात्रनी सेवा एज जेनो जीवन-मंत्र छे एवो पुरुष. एवो हरिजन तो 'संसार' थी एटले के स्थूल संसारमां मग्न रहेला मनुष्यथी हारे ज. एवानी साथे चर्चा करवा हरिजन के जेने दुनीआनां अनेक परोपकारी कामो करवानां होय छे ते मुद्दल फुरसद मेळवी शके नहि. माटे एवा पुरुषोथी तो हरि-जन हारे एज ठीक छे. अने 'हारेलो' हशे ते हरि तरफ चित्त दोरवशे; जीतेलो तो जमनी तरफ जवानो. जेने संसारी जनो 'जीत' कहे छे ते तो नरकनो रस्तो छे. संसारीओ जेने निंदे छे एनामां ज प्रायः कांइ माल होय छे.

(६) सुखना उपर म्होटा पथ्थर पडजो ! कारण के सुखनी मीठी केफने लीधे हृदयमांथी हरि जता रहे छे. बलीहारी तो दुःखने छे, के जे क्षणे क्षणे रामनामने याद करावे छे.

(७) सघळा संतजनो पोकारी गया छे के, ज्यहां 'आपा' अथवा 'हुं' पणुं छे त्यहां अनेक अवगुण भर्या छे. जे 'आप'ने भज-वानुं छोडी दइ 'हरि'ने भजे ते खरो संत कहेवाय. अहीं शब्दार्थ विचारवा जेवा छे. 'हुं' पणानी सांकडी जेलमांथी मनने मुक्त करी परमात्मतत्व के जे विश्वव्यापक छे त्हेने 'भजवुं' एटले ते भावमां जवुं ( भजवुं = जवुं. )

हरिजन ऐसा चाहिये, जैसा फोफल भंग;
आप करावे टुकरा, और पर मुख राखे रंग. ८

तन ताप जीनको नहि, न माया मोह संताप;
हरख शोक आशा नहि, सो हरिजन हर आप. ९

चंदन जैसा संत है, सर्प जैसा संसार;
अंग ही से लपटा रहे, छांडे नहीं बिकार. १०

**एक घडी आधी घडी, आधी उनमें आध;**
**संगत करिये 'संत'की, तो कटे कोट अपराध.** ११

---

(८) हरिजन तो एवो होय के जाणे फोफल अथवा भागेली सोपारी जोइ ल्यो ! पोताना टुकडा थशे ते सहन करीने पण बीजाने फायदो करशे. 'जग--सेवा' एज एनो 'धर्म' होय छे.

(९) हरिजन अने हरि बे एक ज छे, बेमां भिन्नभाव नथी: पण व्यहारे के त्हेने शरीरनो ताप एटले पीडा लागी शके ज नहि एवो तल्लीन भाव पेदा थयो होय अने माया--मोहनो पण संताप दूर थयो होय, अने हर्ष--शोक--आशा रही न होय.

(१०) 'संत' अने 'संसारी' ए बे वच्चे तफावत बतावे छे के, संत तो चंदन समान छे अने संसारी जन सर्प जेवा छे. चंदन पोते घसाइने पण परने शान्ति आपे छे. सर्प पोताने दूध पानारने पण करडे छे. बस एटलो ज तफावत. बाकी कांइ मेलां लूगडांनो के सरळतारहीत च्हेरानो के एवो कोइ बाह्य तफावत नथी.

(११) अने एवा साचा 'संत'नी सोबत एक घडीने माटे ज मळे--अरे अडधी के पा घडी ज मळे तो पण एमी संगतथी करोडो पाप नाश पामे.

# साधु थवुं कांइ रस्तामां पडयुं नथी.

जब लग नाता जातका, तब लग भगत न होय,
नाता तोडे हरि भजे, 'भक्त' कहावे सोय. १

हाट हाट हिरा नहिं, कंचनका नहिं पहार;
सिंहनका टोला नहिं, संत बिरला संसार. २

संत संत सब को कहे, संत समूदर पार;
अनल पंखका को एक है, पंखका कोट हजार. ३

(१) 'हरिभक्त' अथवा साधु बनवुं कांइ रस्तामां पडयुं नथी. ज्यहां सुधी 'जात' साथे 'नातो' रहे छे एटले के संबंध रहे छे त्यहां सुधी 'भक्त' थइ शकाय ज नहि. 'नात' ए एक संसारी जनोए उत्पन्न करेलो भेदभाव छे. ए 'भेदभाव' भक्त पुरुषने होय ज नहि. एने मन तो 'वसुधा एज कुटुंब' एम होय. आवा क्षुद्र बंधारणोनो नातो एटले संबंध न राखतां जे हरिथी ज नातो राखे ते 'साधु' पुरुष अथवा 'हरिभक्त' कहेवाय.

(२) दुकाने-दुकाने कांइ हीरा वेचाता नथी; हीरा वेचनार झवेरीनी दुकानो तो थोडी ज होय छे. कंचन एटले सुवर्णना कांइ पहाड होता नथी. सिंहनां टोळां फरतां नथी; सिंह तो रडयाखडया ज जोवाय छे. तेम हीरा-सुवर्ण अने सिंहनी सरखामणीमां मुकाय एवा संतो पण रडयाखडया ज जोवामां आवे छे. एनां कांइ टोळे-टोळां भटकतां जोवामां आवशे नहि.

(३) 'सब को' एटले सर्व कोइ एम ज कहे छे के 'अमे संत छीए-अमे संत छीए' अथवा 'अमारा गुरु संत छे.' परन्तु

सुराका तो दल नहिं, चंदनका वन नाहिं;
सब समुद्र मोति नहिं, युं हरिजन जग मांहि. ४

चार चिन्ह हरिभक्तके, प्रगट दिखाइ देत;
दया धर्म आधिनता, पर दुःखको हर लेत. ५

---

संत कांइ रस्तामां आथडता नथी, ए तो समुद्रनी पार छे. एटले के जेम बिलायत के एवो कोइ देश जोवो होय तो समुद्र ओळंगवानी तकलीफ सहवी पडे छे, त्यहारे जोवाय छे. तेम घणी तकलीफे कोइ रडयोखडयो संत मळी आवे छे. जेम के, गुप्त पांखोवाळा गरुडपक्षी तो कोइक ज होय छे, पण देखाती पांखवाळा पक्षीओ हजारोक्रोडो होय छे. पण ते पक्षीओ कांइ आखो समुद्र तरी शके नहि.

(४) शूरवीर पुरुषनां कांइ टोळेटोळां होतां नथी. लश्करमां पण थोडा ज पुरुषो खरेखरा शूरा होय छे, जेमनी हाजरीथी बीजा सैनीकोने शुरातन च्हडी आववाथी लडे छे. वळी चंदन एटले सुखडनां झाडनां कांइ वन होतां नथी; अने मोती कांइ बधा समुद्रमां पाकतां नथी; तेमज हरिजन अथवा साचा संत तो जगमां ठेरठेर नथी मळता.

(५) हरिभक्तने ओळखवा माटे सामान्य रीते चार चिन्हो याद राखवां. (१) दया (२) धर्म अथवा कर्त्तव्यपरायणता (३) नम्रता (४) परायां दुःखो दूर करवानी तत्परता. आ गुणो वडे 'संत' ओळखी शकाय. हवे वांचनाराओए पोतपोताना गुरुओमां आ चार गुणो शोधी कहाडवा माटे खुणा-खांचरा जेटला ढुंढाय तेटला ढुंढी जोवा अने पछी गुरु खरे ज 'संत' छे एम खात्री थाय तो तेहने पोतानो मालीक मानी सर्वस्व अर्पण करवुं; अने जो दया खरेखरी न होय, पोतानी फरज बजाववामां अप्रमत्त दशा न होय, नम्रतानी

एक घडी आधी घडी, भाव भजनमें जाय;
सत संगत पलहि भली, जमका धक्का न खाय. ६

कबीर सेवा दो भली, एक संत एक राम;
राम है दाता मुक्तिका, संत जपावे नाम. ७

---

जगाए अहंपद होय, पारकां दुःखोनो ख्याल पण हृदयमां न होय; आवुं जणाय तो एवा गुरुने, कबीरजीए बीजी जगाए कह्युं छे तेम, जंगल वच्चे आवेला कोइ उंडा कूवामां नाखी देवा, के जेथी ते गुरु बीजाओने पण डूबावता बंध थाय !

(६) भजनना बे प्रकारः (१) द्रव्य भजन (२) भाव भजन. 'द्रव्य भजन' तो बहारथी भगवानना स्तुति करवी ते, स्तवन गावां ते. अने ' भाव भजन ' एटले मनथी भगवानमां लीनता करवी ते. एवी लीनता जो एक घडी के मात्र अडधी घडी ज थाय तो ते माणसने जमना धक्का बहु न खावा पडे. 'भाव भजन' करतां पण जो सत्संगतनो जोग मळी जाय तो जोइ ल्यो मजाह ! अडधी घडी नहि पण एक पल मात्र जो सत्संगत मळे तो एथीए वधारे लाभ थाय; कारणके आपणी मेळे जे 'भाव भजन' करीए ते करतां संते बतावेली कुंचीवडे भजन करीए ए हजारगणुं वधारे असरकारक नीवडे, ए देखीतुं ज छे.

(७) कबीरजी कहे छे के 'सेवा' करवी तो बेनी ज करवीः कां तो 'संत' नी अने कां तो रामनी. वच्चे अधकचरीआ पुरुषोनी के पत्थरनी सेवा करवाथी कांइ दहाडो वळे नहि. राम मुक्तिना दाता छे, अने संत छे ते राम नाम बराबर जपवानी रीत बतावे छे, रामनी ' पीछान ' ( introduction ) करावे छे.

निराकार हरि रुप है, प्रेम प्रीत सें सेव;
जो मागे आकारको, तो संतो प्रत्यक्ष देव. ८

संत वृक्ष हरि नाम फल, सतगुरु शब्द विचार;
ऐसे हरिजन ना हते, तो जल मरते संसार. ९

प्रिय वाचक ! वेठ कहाडवा बेश हो अेवी रीते वांचशो नहि; कबीरजीनां क्रोड क्रोड रुपीआनी किमतनां कथन कान दइने सूणजो.

(८) हरि एटले परमात्मा तो निराकार छे; एने कांइ पुष्पादिथी पूजी शकाय नहि. एनी सेवा तो प्रेमरुपी प्रीतिथी ज थाय. एटले के अंतःकरणमां एना उपर प्रेम आववाथी ज एनी सेवा थइ गइ. परन्तु जो कोइ माणसथी 'निराकार'नी सेवा न बनी शके तेम होय अने 'साकार'नी सेवानी जरुर होय तो निराकार एवा जे परमात्मा तेनुं आकारवाळुं स्वरुप एज 'साधु पुरुष' छे एम मानी साधुनी सेवा करवा दो. कारणके 'साधु'मां 'परमात्मा'ना गुणोनी वानगी छे.

(९) अहीं कबीरजी स्पष्ट खुलासो करे छे के, संत रुपी वृक्ष छे. तेनुं 'हरिनाम' ए फळ छे. सतगुरुनो शब्द एज परमात्मानो शब्द छे. आवुं वृक्ष जो आ दुनियामां न होत तो संसार तापथी बळी मरत. वृक्ष एने शीतळता आपे छे.

# 'कहेणी' साथे 'करणी'

अथवा

# 'ज्ञान' साथे 'क्रिया'.

'ज्ञान अने क्रियाथी मोक्ष छे' एम जे कहेवाय छे ह्हेनो अर्थ केटलाक एम करे छे के प्रथम ज्ञान थाय अने पछी क्रिया थाय. परन्तु खरो अर्थ ए छे के ज्ञानपूर्वक--समजपूर्वक क्रिया करवी, तो ज मोक्ष मळे. मतलब के मोक्ष तो क्रियाथी ज छे, मात्र समजवाथी नहि; पण ते क्रिया देखादेखीथी के स्वार्थथी थती न होवी जोइए, संपूर्ण विवेक साथे--ज्ञानपूर्वक होवी जोइए. वळी ध्यानमां रहेवुं जोइए के 'क्रिया' एटले ' Ceremonials '--'विधि'ओ एवो अहीं अर्थ नथी; पण Action एटले 'कार्य' एवा रुपमां छे.

माणस एक वात खरी माने पण वर्तनमां ते खरी वातनो अमल न करे तो तेथी कांइ मोक्ष न मळे. अलबत आटलुं तो खरुंज छे के 'जाणपणुं' ए पण म्होटी वात छे. जाणपणुं हशे तो कोइक दिवस तदनुसार क्रिया--वर्त्तन पण थशे. तेटली अपेक्षाए मात्र जाणपणुं धरावता पुरषो पण अपमानने लायक तो नथी ज. परन्तु जेओ म्होटी म्होटी वातो मात्र पोताना ज्ञाननुं प्रदर्शन करवाने माटे करे अने वर्त्तनमां छेक ज नीची पंक्तिए जइ बेसे, मतलब के एक सामान्य माणस पण न करे एवां दुष्ट कामो करे एवा माणसो तो खरेखर धर्मने लजवनारा ज गणाय. एवाना संबंधमां कबीरजीना लाख्खा बहु विचारवा जेवा छे. आपणे ते हमणां ज जोइशुं.

कहता पर करता नहीं, मुंहका बडा लबार;
काला मुंह ले जायगा, साहबके दरबार ! १

कहना मीठी खांड है, करना बिखकी लोय;
कहेनी त्युं रहेनी रहे, बिखका अमृत होय. २

जैसी बानी मुख कहे, तैसी चाले नाहीं;
मनुष्य नहीं वो स्वान है, बांधे जमपुर यांही. ३

---

(१) जे माणस कहे छे तेवुं करतो नथी ते मुखनो लबाड छे. परमात्माना दरबारमां ते पोतानुं काळुं मुख लइने जशे. (जैनोना 'किल्मीषी देव'नी मान्यता साथे आ विचार सरखाववा जेवो छे.)

(२) कहेवुं ए तो खांड खावा जेवुं काम छे, पण करवुं ए तो विषनी लुगदी खावा जेवुं कठीन काम छे. जे माणस कहेणी--रहेणी एकसरखी राखे छे ते तो विषने पण अमृत करी शके छे. आ वाक्यना बे अर्थ थइ शके. रहेणी--कहेणी बन्ने जेनामां होय तेवा पुरुषो, एटले के 'ज्ञानपूर्वक क्रिया' करनारा पुरुषो, एटले के ज्ञान, दर्शन अने चारित्र त्रणे जेनामां छे एवा पुरुषोने अमुक लब्धिओ, वगर इच्छाए ज, स्वाभाविक रीते उत्पन्न थाय छे, जेने प्रतापे विषनुं अमृत पण थइ जाय ए कांइ ताजुब थवा जेवुं नथी. बीजो अर्थ एवो थाय के, एवा पुरुषो आगळ झेर जेवा शब्दो के बनावो आवे त्हेने पण तेओ अमृत जेवा मानी ले, पण क्रोध के आत्मक्लेष न ज करे.

(३) जे माणस बोले कांइ, ने चाले कांइ, त्हेने 'माणस' नहि पण 'कूतरो' समजो. तेवो माणस अहीं--आ दुनीआमां ज जमपुरी बनावे छे. आ बहु समजवा जेवी बाबत छे. सामान्य 'इच्छाओ' अथवा वासनाओ तो थोडा ज्ञानथी पण दूर थइ जाय

कथनी बकनी छोड दे, रहेनीसे चित्त लाय;
निरखी निर पीये बिना, कबहु प्यास न जाय. ४

कथते–बकते मर गये, मूरख कोट हजार;
कथनी काची पर गइ, रहेनी रही सो सार. ५

---

छे; पण जे तीव्र वासनाओ घणुं जाणपणुं थवा छतां पण छूटे नहि ते वासनाओ तो खरेखर तेजस् शरीरने घणुं ज कदरुपुं बनावी दे छे अने ते सूक्ष्म सृष्टिमां यम जेवी आकृतिओ धारण करी पेला 'कहेणी पर करणी नहि' वाळा पंडीतने अनेक रीते पजवे छे.

(४) हे भाइ! तुं बहु बोलवुं जवा दे; करणी तरफ चित्त लगाड. मतलब के दंभ जवा दे अने त्हने जे खरुं जणाय ते करी बताव. त्हारुं वर्त्तन निर्मळ बनाव. उच्च चारित्र ( Character ) खीलव. पाणी निर्मळ छे के नहि ते तपासवुं जरुरनुं छे ए वात हुं कबुल राखुंछुं; पण पाणी निर्मळ होवानी खात्री थया पछी त्हेने गळे उतार्या वगर कांइ तरस मटवानी नथी. जाणवुं तेमज करवुं ए बन्ने क्रिया वगर कांइ दारिद्र दूर थवानुं नथी. पाणीने बदले उतावळथी झेर पीधुं होत तो पण जीव जात; माटे जाणपणुं शुद्ध जोइए. तेमज पाणीनी खात्री थया पछी त्हेने जोयां ज करे–पीए नहि तो पण तरसथी जीव जाय.

(५) कथता--बकतां तो क्रोड हजार उपदेशको मरी गया; त्हेमांना कोइनुं नामनीशान पण आजे रह्युं नथी. कारणके 'कथनी' थोडा वखतमां 'काची पडे छे'--देवाळुं फूंके छे. पारका रुपीआ लावीने सराफुं करे ते केटलो वखत चाले? घरमां मुडी होय तो ज सराफुं लांबो वखत चाली शके. रहेणी तो घरनी लक्ष्मी छे–अंतरनी मीलकत छे. अंतरमां संपूर्ण पवित्रता सिवाय शुद्ध रहेणी होय ज

जैसी बानी मुख कहे, तैसी चाले चाल;
साहेब संग लगा रहे, तब ही होय नीहाल. ६

नहि. माटे रहेणी तो हजारो वरस सुधी जगतना जीवोने उपदेश करनारी थइ पडे छे. लॅान्गफेलो नामनो कवि बराबर कहे छे केः—

Lives of great men all remind us,
We can make our *lives* sublime,
And, departing, *leave* behind us
*Footprints* on the sands of time;
Footprints, that perhaps another
Sailing o'er life's solemn main
A forlorn and shipwrecked brother
Seeing shall take heart again.

आ लीटीओनुं भाषान्तर हिंदीमां म्हारा मित्र श्रीयुत गिरिधरशर्माजि नीचे मुजब कर्युं छेः—

जीवनचरित्र महापुरुषोंके हमें नसीहत करते हैं:
"हम भी अपना अपना जीवन स्वच्छ रम्य कर सकते हैं."
हमे चाहिये हम भी अपने--बना जांय पद--चिन्ह ललाम--
इस जगकी रेतीपर, जो वक्त पडे आवे कुछ काम.
देखदेख जिनको उत्साहीत हों पुनि वे मानव मति धर
जिनकी नष्ट हुइ हो नौका चट्टानोंसे टकरा कर.
लाख लाख संकट सह कर भी फिर भी हिम्मत बांधे वे,
जाकर मार्ग मार्ग पर अपना 'गिरिधर' कारज साधे वे.

महात्माओना शब्दो जेटली असर नथी करता तेटली असर ल्हेमनां मुंगां आत्मभोगनां कृत्यो--जगसेवानां कार्यो करे छे.

(६) जवुं बोले तेवुं ज करे अने परमात्मानी साथे ज पोते छे एवुं भान (Consciousness) क्षण मात्र न भूलतां दरेक काम ते भान साथे ज करे ते माणस नीहाल थाय, ल्हेनो बेडो पार उतरे. लॅान्गफेलो बराबर ज कहे छे केः—

कथनी कथे सो पुत हमारा, बेद पढे सो नाती;
रहनी रहे सो गुरु हमारा, हम है ताके साथी. ७

Work, work in the living present:
Heart within, and God overhead.

वातो करवानुं काम नथी, काळजुं ठेकाणे राखीने अने परमात्माने शिर पर राखीने आजे–आजे ज काम करो. 'कर्मयोग'नी आ हीमायत बहुज उत्तम छे. ईश्वर आवो छे ने तेवो नथी, ईश्वर छे के नथी, ईश्वर कर्त्ता छे के नथी, एवी बूमो पाडनाराओ पोताने जे कांइ खरुं लागतुं होय तेटलुं पण जो करवा मांडता होय–अने लॉन्ग-फेलोनी सलाह प्रमाणे काळजुं ठेकाणे राखीने करवा मांडता होय, तो करतां करतां बधुं ज्ञान मळी रहेशे. जे जेने लायक छे तेहने ते मळ्या वगर नथी ज रहेतुं.

(७) पोतानी बुद्धि मुजब कथनी कथे ते माणस कबीरने मन 'छोकरा' जेवो छे; एथी आगळ वधीने जे माणस 'वेद' भणे ते कबीरनो 'नातीलो' छे; अने एथीए आगळ वधीने जे माणस आचारशुद्धि अथवा उच्च चारित्र पाळे छे ते तो कबीरने मन 'गुरु' छे. आ बहु समजवा जेवुं छे. कथनी कथनार कबीरना पुत्र समान छे एटले के ते माणस कमअक्कलनो—छोकरमत छे अने तेहनी तो कबीरजी पोताना पुत्र जेटली दया खाय छे. जे माणस वेद भणे छे एटले ( विद्=जाणवुं; 'वेद' एटले ज्ञाननो संग्रह ) जे माणस ज्ञाननां पुस्तको भणे छे ते कबीरजीनो ' नातीलो ' एटले एक ज वर्गनो होय एम कबीरजी ( विवेकने लीधे ) कहे छे. जो के पोते ते स्थितिथी आगळ वधी गया छे तो पण पोतानी वडाइ करवी पसंद न होवाथी कहे छे के हुं पण हजी

दुष्ट करनी छूटे नहीं, ज्ञान ही कथे अगाध;
कहे कबीर वे दासको, मुख देखे अपराध. ८

रहेनीके मेदानमें, कथनी आवे जाय;
कथनी पिसे पिसनां, रहेनी अमल कमाय. ९

---

'अभ्यासी' छुं. अने निरभिमानपणे महात्मा कबीरजी उमेरे छे के, जे माणस उच्च वर्त्तनवाळो छे ते तो म्हारो 'गुरु' थवा लायक छे. आनुं नाम निरभिमान वृत्तिनो उपदेश ! जेवो उपदेश तेवुं वर्त्तन !

(८) जे माणस 'अगाध' ज्ञाननी वातो करे अने ते छतां एनां ( सामान्य खराब कृत्यो न सुधरे ते तो जाणे ठीक पण ) दुष्ट कृत्यो पण छूटे नहि एवा 'दास' अथवा 'गुलाम' ने माटे कबीरजी कहे छे के, एनुं तो म्हों जोवाथी पण पाप लागे ! आखा प्रकरणमां 'करणी' एटले वर्त्तन ( Behaviour) अथवा कर्त्तव्य कार्य ( Duty ) ए ज अर्थ छे, ए वात भूलवी नहि. कोइ अमुक धर्मनी क्रियाओ ( तीलक, पूजन, खमासणां वगेरे ) आ शब्दथी समजवानां नथी.

(९) 'रहेणी' नामे एक मेदान छे, ज्यहां 'कथनी' नामनी एक बाइ कोइ कोइ वखत हवा खावा आवे छे. मतलब के मेदान तो एक जगाए कायम रहेवानुं छे, ते कांइ बदलावानुं नथी; पण हवा खानारी जेवी कथनी तो आवे ने जाय. बीजी रीते कहे छे के, कथनी तो 'दासी' छे, ते दळणां दळयां ज करे; अने रहेणी छे ते 'राणी' छे, जे हुकम कर्या करे छे. राणी एक अक्षर बोले नहि अने आंखना इसाराथी कांइ फरमाश करे ते साथे ज सेंकडो दास-दासीओ हुकमनो अमल करे छे; तेम पवित्र वर्त्तन कोइनामां जोवामां आवे छे के तुरत रहेनी मुंगी छाप आसपासना हजारो माणसना मन पर पडी

एरणकी चोरी करे, करे सूइको दान;
उंचा चढ कर देखता, कैतिक दूर विमान ! १०

मनमांही फूला फिरे, करता हूं मैं धर्म;
क्रोड कर्म शिरपे धरे, एक न चिन्हे ब्रह्म. ११

स्नान करन तीरथ चल्ल, मन मेला चित्त चोर;
एकही पाप नहीं टर्यो, लाध्या मन दश और. १२

न्हावो धोवो क्या करे ? मनका मैल न जाय;
मीन सदा जलमें रहे, धोवे कलंक न जाय. १३

---

जाय छे; अने ते असर पण कायमनी रहे छे. पण उपदेशनी असर एटली स्थीर भाग्ये ज रहे छे; ए तो दळणां दळवा जेटली ज आवकनुं काम छे.

( १० ) आजकाल लोको केवी जातनो धर्म करे छे ते तो जुओ ! एरणनी चोरी करीने एक सोइनुं दान करेछे; पछी छापरे चहडीने जुए छे के हवे म्हाराथी स्वर्गनुं विमान केटलुंक दूर रह्युं छे ? ! घणाए शेठीआओ अनेक अनीतिने रस्ते लाखो रुपीआनी मुडी एकठी करीने पछी थोडाक सो के थोडाक हजारनुं दान करेछे; पण तेथी कांइ स्वर्ग मळे नहि.

( ११ ) मनमां फूलाय छे के हुं तो बहु बहु धर्म करुंछुं ! एवो फुलणसी माथा पर कुकर्मोनो पोटलो तो वधारतो ज जाय छे अने ब्रह्मने ओळखवा प्रयत्न करतो नथी.

( १२ ) मूर्ख माणस तीर्थस्नान करवा चाल्यो, पण मन तो मलीन छे अने चित्तडुं चोर छे तेथी पाप एक पण टळवाने बदले उलटां दश पाप लइने घेर आव्यो ! वाहरे तीर्थस्थान !

( १३ ) न्हाये--धोयेथी शुं थयुं ? एथी कांइ मननो मेल

जैसी करणी आपकी, वैसा ही फल ले;
कूडे कर्म कमाय के, सांइयां दोष न दे. १४

(२)

राम झरुखे बैठ कर, सबका मुजरा लेत;
जिनकी जैसी चाकरी, उनको वैसा देत. १

---

दूर थवानो नथी. एम तो मांछलां आखी जींदगी सुधी जळमां ज रहे छे. माटे स्थूल देह धोयेथी कांइ आत्मानुं कलंक जाय नहि. आ वात तदन साची छे. पण ते उपरथी कोइए एवुं नथी समजवानुं के कबीरजी माणस मात्रे स्नान ज न करवुं एम उपदेश करेछे. ना; माणसे पोताना शरीरनी साचवणी माटे आहार, स्नान, निद्रा, उद्यम वगेरे जे कांइ करवुं पडे ते विवेकपूर्वक करवुं ज जोइए. परन्तु कबीरजी तो मात्र एम कहेछे के स्नान करवाथी धर्म थाय छे एवी गेरसमज न धरावबी.

( १४ ) हे भाइ ! जेवी त्हारी करणी ( वर्त्तन ) तेवुं ज फळ भोगववा तैयार था. कूडां कर्म करीने पछी नाहक परमात्माने शिर दोष न दइश. सुख--दुःख ए मात्र सारां खोटां कर्मनां 'विपाक' छे. अहीं स्पष्ट कहे छे के, बाह्य क्रिया उपर सुख--दुःखनो आधार नथी पण करणी एटले वर्त्तन पर छे.

(१) राम ( रम्--रमवुं )--सघळी जगाए रमी रहेलो एवो 'कर्मनो कायदो' ( Law of Cause & Effect ) बधानो हीसाब पूछे छे अने जेवी जेनी 'चाकरी' ( पब्लीक सर्वीस--परोपकारनां कामो ) तेवुं तेवुं फळ त्हेने आपे छे. 'कर्मना कायदानी चुंगाळमांथी कोइ बची शकतुं नथी, के त्हेने कोइ ठगी शकतुं नथी.

साहबके दरबारमें, साचेको शिरपाव;
झूठ तमाचा खायगा, क्या रंक क्या राव ! २

सांइयांके दरबारमें, कमी कछु है नाहीं;
बंदा मोझ न पावहि, तो चूक चाकरी मांही. ३

साहबके दरबारमें, क्युं कर पावे दाद ?
पहले कृत्य बुरा करे, फिर करे फर्याद ! ४

---

(२) परमात्मानो न्याय एवो छे के, साचाने ( दुनीआ जेनी किमत न समजी शके एवुं विचित्र प्रकारतुं ) इनाम मळे छे; अने जूठाने तमाचा मळे छे, पछी भलेने ते सखस राजा होय के रंक होय ! कर्मनो अचळ कानुन गुप्त रीते काम कर्याज करेछे; ज्व्हारे माणसने दुःख पडेछे त्यहारेज ते कानुननी हयातीनुं स्मरण थाय छे.

(३) परमात्माने त्यहां कोइ जातनी कमीना नथी; मतलब के विश्वमां कोइ जातनां सुखोनो टोटो नथी, के जेथी त्हने ते आपतां आंचको खाय. सवाल मात्र एटलो ज छे के, त्हारी ‘ चाकरी ’ मां ‘चूक’ अथवा कचास छे तेथी ‘ मोझ ’ मळती नथी,--सुख अने तुं ए बे वच्चे ‘ अंतराय ’--पडदो आवी रहे छे. छती शक्तिए जेओ दान नथी करता तेओने सुखनी अंतराय पडे छे, एम जैन शास्त्र पण पोकारी पोकारीने कहे छे. छतां चाकरी--जगसेवा सूझती नथी अने ‘मोझ’ एटले सुखनां साधन इच्छे छे एवो मूर्ख आ जीव छे ! पण जाणतो नथी के आ विश्व ए हरिनुं अंग छे; विश्वनी सेवा करशो ते हरिनी ज सेवा छे (कांइ बाह्य क्रिया--पूजा ए सेवा नथी) माटे हरि पासेथी सुख लेवुं होय तो हरिना अंगरूप विश्वना जीवोने साता पमाडवा बनतुं कर.

(४) हे मूर्ख ! त्हने सुख नथी मळ्युं ए माटे तुं परमात्माने

नदी कुदरत दो एक सम, हरकिसीको देत;
जिसका जैसा पात्र हो, उतना वो भर लेत. ५

फर्याद करे छे के? शुं तुं नथी जाणतो के त्हें प्रथम ज बुरां काम कर्यां छे, तो हवे शुं म्हों लइने फर्याद करवी? एने त्यहां तो इनसाफ ज छे; मात्र त्हारी यादशक्ति त्हारां कुकर्मोने लीधे मारी गइ छे तेथी पाछलां कामो अने आजना बनावो वच्चे जे झीणो पण सळंग तार छे ते तुं जोइ शकतो नथी.

(५) नदी अने कुदरत बन्ने एक सरखां छे; आने आपुं अने आने न आपुं एवो एक्केनो विचार छे ज नहि. खुल्ला मेदान वच्चे नदी धीमो मीठो अवाज करती वह्यां करे छे, के जे अवाज एम बोले छे के "आवो अने आ जळ पी शान्त थाओ!" जे 'अहंपद' वाळो माणस नमीने पाणी भरवानुं पसंद न करतो होय ते तरस्यो ज मरे तो त्हेमां नदीनो शो दोष? अने जे माणस एटली नमनताइ बतावी शकतो होय ते माणस पोताना खोबाना प्रमाणमां के पोतानी पासे प्यालो--लोटो के घडो जे कांइ पात्र होय त्हेना प्रमाणमां पाणी लइ शकशे; कोइ ओछुं अने कोइ वधारे. नदीए कोइने ओछुं आप्युं नथी अने कोइने वधुए आप्युं नथी; कोइए वधु लीधुं अने कोइए ओछुं लीधुं. आपनारनो दोष नथी, लेनारनो दोष भले कहो. त्यहां पण लेनारनो 'दोष' न कहो, लेनारनी 'शक्ति' कहो. (लेवानुं सूझ्युं ए पोते ज सद्भाग्यनी नीसानी छे.) तेवीज रीते विश्वमां सुख ज भरेलुं छे, पण ते लेवानी जेटली त्हमारी शक्ति तेटलुं त्हमारुं! त्हमारा घडाने-हृदयने जेम विशाळ बनावशो तेम वधारे सुख एमां झीली शकशो.

जो तोको कांटा बुवे, ताको बो तू फूल;
ताको फूलका फूल है, वांको कांटा सूल ! ६

कहता हूं, कह जात हूं, देता हूं हेला:
“ गुरुकी करनी गुरु तिरे, और चेलाकी चेला. ” ७

(६) जे त्हने कांटो मारे त्हेने पण तुं तो फूल ज मारजे; अर्थात् फूल जेवी सुगंधी याने प्रेमभावना त्हेना तरफ मोकलजे. एम करवाथी त्हने तो फूलनु फूल ज मळशे अने पेलाने कांटा अने शूळ ज वागशे. कांटो मारनार जे खराब भावनाथी कांटो फेंके छे ते खराब भावना त्हेना सूक्ष्म देहमांथी छूटीने त्हारा तरफ दोडशे पण त्हारा सूक्ष्म शरीरमां तेवी गंदी चीजने रहेवाने जगा न होवाथी ( त्हेनुं आकर्षण न थवाथी ) ते खराब भावना पाछी जइ ज्यहांथी नीकळी हती त्यहांज पेसे छे. आ रीते ते कांटो त्हेने ज वागे छे. हवे तुं के जेणे त्हेनुं भलुं ज इच्छयुं हतुं एवा त्हारा सूक्ष्म शरीरमांथी छूटेली ते सुगंधमय प्रेम भावना त्हेना शरीरने स्पर्शवा जशे, त्यहां जो ते पोताने लायक खुणो खचको पण जोशे तो तो त्यहां रहीने त्हेने फायदो करशे; अने जो तीलमात्र जगा पोताने लायकनी नहि जुए तो पाछी फरीने पोताना जन्म स्थळनी आबादी-मां वृद्धि करशे. आ हिसाबे त्हने तो फूलनुं फूल ज मळशे.

(७) कबीरजी कहे छे के, हे मनुष्यो ! हुं कहुंछुं अने फरीथी छेवटने माटे कही जाउंछु—अरे ‘हेला’ एटला टकोर मारीने कहुंछुं के “ गुरुनी करणीथी गुरु तरशे अने चेलानी करणीथी चेलो तरशे. ” जे करशे ते पामशे. गुरुनी करणी चेलाने के चेलानी करणी गुरुने कांइ काम लागशे नहि. आपबळ सिवाय सर्व नकामुं छे. गुरु कांइ विमान आपी शकता नथी; ते तो पोतानुं विमान पोते

कबीरने नीज घर किया, गलकट्टाके पास;
करेगा सो पावेगा, तुं क्युं भया उदास? ८
एक हमारी शिख सुन, जो तुं हुवा है 'शेख';
करुं करुं तुं क्या कहे? क्या क्या किया है देख. ९

---

बनावी गया अने शिष्यने कहेता गया के आम विमान बनावाय; तुं पण गरज होय तो आवी रीते हाथ-पगने श्रम आपीने विमान बनावजे, एटले मोक्षधाम पहोंची शकीश.

(८) कबीरजीए पोतानो रहेवास गलकट्टा लोकोनी पासे राख्यो हशे ते उपरथी कोइए पूछ्युं हशे के, त्हमे आवा पवित्र पुरुष थइने आवी अधम जगामां केम रहोछो? त्हेने कबीरजी कहे-छे के: "करशे ते पामशे; एमां हे भाइ! नाहक तुं केम उदास थाय छे?" मतलब के गलकट्टा लोको जे पाप करशे ते त्हेमने नडशे, एमां म्हने शुं? बीजो अर्थ ए छे के, हुं आमनुं जोइने कुकर्म शीखीश तो त्हेनां फळ हुं भोगवीश, परन्तु तुं नकामो आवी हांसी करीने पापमां शुं काम पडे छे? खराब लतामां न रहेवुं ए नियम सामान्य माणसे हशी कहाडवा जेवो नथी, मा महान गुणोने खीलवी महात्मा बनेलाने माटे एवा नियमनी कशी जरुर नथी. कारण के एमनी आसपास शुभ विचाररुपी हीरा-माणेकनो मजबुत कोट बंधायलो होय छे, जेने लीधे खराब वातावरण असर करी शकतुं नथी. बाकी सामान्य माणसने तो निर्दय के व्यसनी मनुष्योनी सोबतनुं वातावरण जरुर थोडुंघणुं नडे ज. माटे म्होटा पुरुषो करे ते ज करवुं एम न समजतां, म्होटा पुरुषो पात्रता जोइने कहे ते ज करवुं जोइए.

(९) ओ शेख साहेब! ओ गुरु महाराज! आ गरीबडा कबीर एकजनी शिखामण सांभळवानी महेरबानी करशो? गुरु-

जब तूं आयो जगतमें, लोक हस्या तूं रोय;
ऐसी करनी मती करो, के पीछे हसे कोय. १०

महाराज, त्हमे कहोछो के हुं आ करुं ने हुं ते करुं ने हुं फलाणुं करुं; पण भला माणस! आज सुधीमां शुं शुं कर्युं ते जरा हैयुं उघाडीने जुओने! वायदानो व्यापार(सट्टो) छाडी रोकडीओ ज करोने! त्हमे जो आज सुधीमां कांइ सारुं काम न करी शक्या हो तो हवे पछी पण शुं उकाळवाना हता? (कबीरजी तो गुरुना गुरु बनीने चाबखा लगाव्या ज जाय छे, रखेने कोइ नवळो आ चाबखाना मारथी चीतामां जाय!)

(१०) हे भोळा! ज्यहारे तुं आ जगतमां आव्यो अर्थात् जनम्यो त्यहारे तुं तो रोतो हतो अने लोको हसता हता! त्हने एवा विचारथी रडवुं आवतुं हतुं के आ उत्तमोत्तम ओजार रुप मनुष्य खोळीउं पामुं तो छुं, पण एनो सारो उपयोग करीने शाबाशी नहीं मेळवाय तो बहु दुःखी थवुं पडशे. ए विचारथी तुं रोतो हतो. अने लोको एम धारीने हसता हता के, आपणे तो आ दुनीआनी हवा लागवाथी स्वार्थी बनी बेठा पण आ नवो--ताजो जीव आवे छे ते निर्मळ रहीने जगसेवा बजावशे, तेथी आपणुं पण काम थशे! माटे हवे हे भाइ! एवी करणी कदी न करीश के जेथी त्हारा मृत्युने लीधे लोको एम बोलवा प्रेराय के "सारुं थयुं के आ मुओ!" त्हारा मरणथी खोट पडी एम लोकोने जणाय तो ज त्हारुं जीववुं सफळ छे. (अहीं पण शुद्ध 'कर्मयोग'नो उपदेश झळकी रह्यो छे. वाहरे कर्मयोगी कबीरजी!)

ना कछु किया, ना कर सका, ना करने जोग शरीर;
जो कुछ किया हरिने किया, ताते भये कबीर. ११

---

(११) कबीरजी कहे छे के, हुं आजे जे छुं ते सर्व हरिनो प्रताप छे; म्हें कांइ कर्युं नथी, हुं करी शक्यो नथी अने करवा जेवुं म्हारुं शरीर पण नथी. पण हरिए आ शरीरद्वारा जे कांइ कर्युं होय त्हेमां आ शरीर शानो गर्व करे ? म्हें कोइनुं कांइ काम कर्युं होय तो ते हरिनी प्रेरणाथी आ हाथ-पग चाल्या अने काम थयुं, त्हेमां हाथ-पगने शानो यश ? कोइने उपदेश दीधो ते हरिए प्रेरणा करी ते मुजब जीभ बोली गइ; एमां जीभडी नकामी शाने फूलाय ? कबीर महात्मा कहेवायो पण ते तो एक खोखुं छे, महात्मा तो प्रभु छे, के जे कबीरना शरीरद्वारा महात्मापणानो खेल भजवीने जगतने शीखामण आपे छे. (वाहरे 'त्याग' वृत्ति वाह ! दोलत वगेरे तो त्यज्युं ते त्यज्युं पण कामनो यश पण त्यज्यो,-अरे 'हूं' ने ज समूळगुं त्यज्युं ! म्हारो कबीर गुरु तो भगवानथी एकरुप थइने कहे छे के "ते तो भगवाने कर्युं !" पण भला कबीर ! आवो महंत थइने जूठुं कां बोले छे ? तुं अने त्हारो प्रभु बे एकरुप हो, तो त्हारा प्रभुए करेलुं ते त्हारुं करेलुं केम न कहेवाय ? )

आनुं ज नाम 'कर्म योग' छे; कर्म एटले कर्त्तव्य कर्म-जे कांइ दुनीआमां पोताने करवा जेवुं जणाय ते विश्वहितार्थे करीने दूर थइ जवुं, फळ इच्छवुं नहि अने फळ पोतानी पेदाश छे एम पण न मानवुं, ए कर्मना वळगाटथी दूर रहेवानो एकनो एक ज रस्तो छे. एने कर्म केम करी वळगे ?

सवी रसायन देखीया, हरिसा एक न होय;
रति एक घटमें संचरे, सब तन कंचन होय. १२

---

(१२) कबीरजी कहे छे के, म्हें बधां रसायण जोयां—तपास्यां—अजमाव्यां; पण हरि नामना रसायण जेवुं तो एक पण रसायण म्हारा जोवामां आव्युं नहि. वैद्यो गमे तेटलुं रसायण खवरावे तेथी कांइ शरीरनो एक वाळ पण सोनानो बनी जतो नथी; पण परमेश्वर रूपी रसायणनी एक रति मात्र जो 'घट'मां (स्थूल शरीरमां नहि पण सूक्ष्म शरीरमां) संचरवा पामे तो ते आखुं शरीर कंचनमय बनी जाय छे. ( सरखावो तीर्थंकरना त्रीगडा गढनी कल्पना. ) जेनुं मन हरि साथे ज लागेलुं छे, जे आखा विश्वने हरिनुं अंग समजे छे अने जे पोते हरिनी भक्ति अथवा विश्वसेवा माटे ज जन्म मळ्यो माने छे तेवी मान्यतावाळा माणसनुं कार्मण शरीर घणुं ज प्रकाशीत थाय छे.

जैनधर्ममां कहेली 'लोक भावना' जे बराबर समज्यो छे ( भूगोळ—खगोळ तरीके नहि पण अध्यात्म तरीके ) ते माणसनुं कार्मण शरीर अति प्रकाशीत थाय एमां पूछवुं ज शुं होय ?

# मगजनी पंडीताइ विरुद्ध हृदयनी पवित्रता.

ब्राह्मन गुरु जग्तके, संतनके गुरु नाहिं;
उलट पलट कर डूबया, चार बेदके मांहि. १

बेद सभी पढ पढ मरे, हरिसे नाहि हेत;
माल कबीरा ले गया, पंडित ढूंढे खेत! २

पढी गुनी 'पाठक' भयें, समझाया सब संसार;

---

(१) ब्राह्मण एटले जेने लोकोए 'धर्मगुरु' तरीके मानी लीधेला छे तेवा लोको तो जगतना एटले साधारण लोकोना गुरु छे; अथवा जडमां सर्वस्व मानी बेठेला दुनीआदारीना लोकोने माटे ए गुरु छे. कांइ 'संत' ना ते गुरु नथी. कारण के जगतना गुरुओ तो वेदने एटले धर्म शास्त्रोने उलटपालट चुंथीने पोतानी पंडीताइ बतावी जाणे एटलुं ज; एमनामां कांइ 'पवित्रता' ओछी ज छे! मगजना गुण छे, पण हृदयना गुण नथी; माटे एवाने 'पंडीत' भले कहो, पण 'संत' के 'गुरु' न कहेशो.

(२) एवा 'पोथीमांनां रींगणां' जेवा धर्मगुरुओ सघळां धर्मशास्त्रो भणीभणीने म्होटा पंडीत बन्या पण हजी एमना हृदयमां हरि तरफ हेतनी लागणी थवा पामी नहि; अर्थात् खरो माल जे 'भक्ति' ते तो त्हेमने जडयो पण नहि; ए खरो माल तो कबीरो लई गयो, अने पंडीतजी तो खेतरमां ढुंढता ज रह्या! बीजा शब्दमां कहीए तो, आ भाषाज्ञानना पोपटीआ पंडीतो मात्र बहारने बहार ज परमात्माने शोधता फरे छे तेथी जींदगी नकामी जाय छे अने कबीराए तो परमात्माने प्रथम पोताना जीगरमां शोधी कहाडया अने त्यहांथी पछी आखा विश्व उपर फेलायला जोया.

आपन तो समजे नहिं, वृथा गया अवतार. ३

पढी गुनी ब्राह्मन भयें, कीर्त्ति भई संसार;
बस्तुकी समजन नहिं, ज्युं खर चंदन भार. ४

पढत गुनत रोगी भयें, बढ्या बहुत अभिमान;
भीतर भडका जग्तका, घडी न पडती शान. ५

(३) भणीगणीने 'पाठक'--उपदेशक बन्या अने आखा जगतने उपदेश करवा लाग्या पण पोते तो हजी कांइ पण समज्या नहि; तो एवा उपदेशकनो अवतार नकामो ज गयो समजवो.

(४) भणीगणीने 'ब्राह्मण'--'ब्रह्मज्ञ'--पंडीतजी बन्या, अने संसारमां कीर्ति मेळवी के फलाणा भाइ तो म्होटा काशीना पंडीत थया अगर फलाणा तो म्होटा 'आचार्य' थया के फलाणा तो 'महापुरुष पंडीतराज' थया; पण 'वस्तु' नी समजण हजी पडी नथी अर्थात् 'सत्' नुं पीछान हजी एने थयुं नथी--शास्त्रोना अक्षर गोखी मारवा छतां अने लांबा लांबा टीका—टब्बा वांचवा छतां हजी ए शब्दोमां छूपायलुं गुप्त रहस्य ते शोधी शक्यो नथी–माटे ज कबीरजी कहे छे के ! हे खर, हे गद्धा ! आ विद्या रुपी चंदननो भार त्हारा मातेला शरीर उपर तुं भरे छे तेथी त्हने शो लाभ थवानो छे ? तुं त्हेनी सुगंध तो लइ शकतो नथी; तो पण कदाच बीजानुं वैतरुं करवा माटे–बीजाना माटे आ भार उपाडतो होइश !

(५) बहु बहु भण्या तो शुं मळयुं ? मात्र अभिमान रुपी दरद ! एनुं सूक्ष्म शरीर तपासो तो जणाशे के त्यहां तो जगतना पदार्थोनी इच्छा रुपी अग्नि प्रज्वलीत होय छे. स्त्री नामथी ओळखातो स्थूल पदार्थ छोडयो हशे पण त्हेना सूक्ष्म शरीरमां स्त्रीनी लालसा तो

पढें गुनें सब बेदको, समझे नहि गमार;
आशा लागी भरमकी, (ज्युं) करोलियाकी जाळ. ६

पंडित पढते बेदको, पुस्तक हसती लाड;
भक्ति न जानी रामकी, सभी परीक्षा बाद. ७

---

भडके भडकारुपी बळती होय छे; त्रांबा-रुपा नाणुं त्यज्युं हशे पण नाणाथी मळती चीजो तो अनेक प्रकारनी भोगवे छे अने त्हेनो लोभ पण असाधारण राखे छे--एटले सुधी के पोतानुं मानेलुं एक बे बदाम किमतनुं पात्र पण कोइ बंधुने लेवा नहि दे; अभिमान न उत्पन्न थाय एटला माटे घर-बार अने स्त्री वगेरे छोडयुं पण अभिमान तो पहेला करतां बमणो वध्यो: आम तेजस् शरीरमां अनेक इच्छाओनी आग बळती ज होय छे. अने एथी बचवानुं भान घडी पण आवतुं नथी.

(६) सघळांए धर्मशास्त्रो भण्यो, पण गमारने हजी कांइ समज पडी नहि. शास्त्रोमां मनुष्यना विविध शरीरो शुं छे अने आत्माने ते केवी रीते ढांकी रह्या छे अने त्हेमनी खीलवट केम थाय-आत्मानुं प्रकटीकरण केम थाय ए सर्व वांची गयो, छतां हजीए दुनीआना पदार्थो अने दुनीआना भावोनो जे भ्रम त्हेनी आशा तो लागी ज रही! जाणे के करोळीआनी जाळमां कोइ जीव फसाइ गयो होय तेम आ पंडीतजी उपर पण मायाना तार आडा अने अवळा फरी वळ्या छे, वींटाइ गया छे, त्हेने ते आटआटलुं ज्ञान थवा छतां भेदी शकतो नथी.

(७) पंडीतजी-धर्मगुरु महापुरुष पंडीतराज एक वखत शास्त्र-सूत्र वांचवा बेठा. ते वखते पोथीबाइ ( चोपडी ) लाड करीने हसवा लाग्यां अने बोल्यां के " अहो पंडीतजी! हवे त्हमे परीक्षा आप-

संस्कृतमें पंडित वदे, बहुत करे अभिमान;
भाषा ही के जोरसे, तर्क करे नादान. ८

ानी तकलीफ फरीथी लेशो ज नहि; कारण के रामनी भक्ति त्हमने आवडी नहि तेथी त्हमे एकवार तो बधा विषयनी परीक्षामां नापास थइ चूक्या छो. अने नापास थयेलो विद्यार्थी जो थोडुं जाणनारो होय तो बीजी वार तैयार थइने पण परीक्षामां बेसी पास थइ शके. पण त्हमे तो हजी विद्यार्थी अवस्थामां ज–अरे एकडीआं शीखोछो एटलामां ज ' महापुरुष पंडीतराज ' बनी बेठाछो माटे त्हमारे हवे कांइ शीखववानुं रहेतुं ज नथी ! " वाहरे पोथीबाइ ! त्हमेए खूब करी ! अने हरिना भक्त कबीरजी ! पींगल तथा अलंकार शास्त्र भणवाने पंडीतो पासे गया सिवाय पण त्हें खुब कल्पनाने दोडावी !

(८) जेनी पासे थोडुं नाणुं होय छे ते शरीर अने घरनो ठाठ माठ कांइ ओर ज राखे छे अने तीजोरीनी अंदरनो ठाठ तो ज्ञानी जाणे एवो होय छे ! श्रीमंतो सफाइ राखशे पण डोळ--दंभ नहि ज करे, तेम जेओ मात्र 'भाषाज्ञान' पामीने पंडीत थइ बेठा छे तेओ बेचार माणसने एकठा थयेला भाळ्या के संस्कृत भाषामां के संस्कृतमय मातृभाषामां लवारो करवा मंडी पडशे, जाणे के एना जेवा पंडीत दुनीआ भरमां छे ज नहि. आवा नादान माणसो--अक्कल वगरना बाळको मात्र भाषाज्ञानना जोरथी तर्क--न्याय शास्त्रमां माथुं मारे ए केवी हसवा जेवी वात छे ! भाषा ज्ञान ए मात्र एक हथीआर छे, नहि के लक्ष्यबिंदु. भाषाज्ञानमां घणा आगळ वधेला पाश्चिमात्य विद्वानो जैन अने ब्राह्मण ग्रंथोना सुंदर भाषांतर करवा छतां कदी जैन के ब्राह्मण बन्या नहि अने उल्टा 'धर्म' चीजने हांशीरुप गणे छे. हवे भाषाज्ञान एकलानी किमत शुं आंकवी ए विचारवंत पुरुषो पोते ज विचारी लेशे.

आत्मदृष्टि जाने नहिं, नाहवे प्रातःकाल;
लोक लाज 'विध' सहु करे, लगा भरम कपाल. ९

तीरथ और सब व्रत करे, उंडे पानी न्हाय;
राम नाम नहिं जपे, काल ग्रसी ले जाय. १०

काशी कांठे घर करे, न्हावे निर्मळ नीर;
मुक्त नहि हरिनाम बिन, युं कहे दास कबीर. ११

(९) केटलाक पंडीतो प्रातःकाळमां उठीने स्नान करेछे अने लोकलाज खातर तीलक तथा पूजा वगेरे विधिओ के जे 'भ्रम'रुप छे ते सर्व करे छे; पण बीचाराने 'आत्मदृष्टि' छे नहि तेथी नकामो भटके छे.

( १० ) केटलाक पंडीतो तीर्थ अने व्रत वगेरे करेछे अने उंडा पाणीमां पेसीने स्नान करेछे, पण राम नामनुं तीर्थ कर्युं नहि, रामनुं फरमान ( अगीआरमी ' लोकस्वरुप भावना ' ) ए रुपी व्रत पळायुं नहि, अने रामना प्रेमरुपी उंडा पाणीमां न्हवायुं नहि तेथी ते पंडीतजी काळदेवना कोळीआ थइ जवाना ज ! मतलब के जन्म-मरणना फेरा फर्या करवाना ज.

( ११ ) केटलाक लोको काशी कांठे जइने रहे छे अने गंगाना रसायणीक गुणवाळा स्वच्छ जळमां हमेश स्नान करेछे, पण हरिनाममां रह्या सिवाय अने हरिनाममां स्नान कर्या सिवाय मुक्ति कोइ काळे मळवानी नथी, एम 'दास कबीर' कहे छे. जे साधुओ पोताना नामनी आगळ पाछळ म्होटां पूंछडां पोतानी जाते लटकावता होय त्हेमणे कबीरजीने पूछी जोवुं के ते पोताने 'दास कबीर' केम कहे छे ? तेमज जे संसारीओ कोइ युनीव्हर्सीटी के सभा के संघ तरफथी पंडीताइना खीताब अपाया सिवाय पोतानी मेळे 'पंडीत'ना खीताब लइ बेठा होय त्हेमणे पण कबीरजी पासे आ वातनो भेद पूछवा पधारवुं ! रस्तो खुल्लो छे !

जप तप तीरथ सब करे, घडी न छांडे ध्यान;
कहे कबीर भक्ति बिना, कबू न होय कल्याण. १२

( १२ ) केटलाक पंडीतो शास्त्रनुं रहस्य न समजवाथी जप-तप-तीर्थ अने ध्यान एटलां वानां करवामां आखी जींदगी गुजारे छे; पण कबीरजी कहे छे के 'भक्ति' विना एमनुं कल्याण-मोक्ष थाय ज नहि. जप-तप ए 'हठयोग' छे; एथी भले अमुक सिद्धिओ प्राप्त थाय, तेथी कांइ भवभ्रमण अटके नहि. तीर्थपूजन कराय छे ते पण बाह्यभाव छे, अने बाह्यभाव बंध थइने आंतरदृष्टि न थाय त्यहां सुधी पण भवभ्रमण अटके नहि. 'ध्यान' उत्तम चीज छे पण जेने बाह्यभाव भरपुर छे तेवा माणसनुं 'ध्यान' पण बाह्य प्राप्तिने अर्थे ज होय छे, तेथी त्हेनुं फळ पुद्गलसमुहनी प्राप्ति एज मळे, भवभ्रमण टळे नहि. कल्याण तो त्यहारे थाय के ज्यहारे भक्ति अथवा Devotion थाय; भक्तिवाळो मनुष्य पोताना तन-मन अने धन सर्व ईश्वरने अर्पीत करे छे; पोतानुं कशुं नथी, मात्र विश्वसेवा माटे सोंपायलां हथीआरो छे अने ते हथीआरो विश्वसेवामांज वपरावानां छे एवो ख्याल भक्तने रगे रगे होय छे. एवा माणसो माटे ज मुक्ति छे, बीजाने माटे नहि. ( भक्ति ए शब्दथी कबीरजी कोइ जातनी क्रिया सूचववा इच्छता नथी, तेमज एक खूणे बेसी रही मात्र कालावालाना शब्दोच्चार करवा एने पण 'भक्ति' नाम आपता नथी. वर्त्तनमां भक्ति अथवा भक्तिमय जीवन ए ज एमनो कहेवानो आशय छे. एमने 'साकर' नामथी संबंध नथी, साकर जेवो ज देखातो पथ्थरनो टुकडो के जेने 'सद्भाव' के 'असद्भाव' स्थापनानो सिद्धांत लगाडीने मुर्त्तिपूजको साकर मानी ले ए पण एने पसंद नथी, एने तो म्हों गळ्युं करे एवी अमुक चीजनुं-खुद चीजनुं काम छे. कबीरजी 'कर्मयोगी' छे; अने एमनां 'कर्त्तव्य कर्म'नी इंटो वच्चे गारो 'भक्तिरस'नो छे.

को एक ब्राह्मण मशकरा, वाको न दिजे दान;
कुटुंब सहित नरके चला, साथ लिये जजमान ! १३
कबीर ! पंडित की कथा, जैसी चोरकी नाव;

---

( १३ ) कबीरजी एक दातारने चेतवणी आपे छे के, हे भाइ ! तुं दातार थयो ए तो ठीक छे; दाननो गुण उत्तम छे; पण त्हारुं दान अयोग्य पात्रमां न जाय ते संभाळजे ! पेल्लो मश्करो–उखडेल धर्मगुरु छे, त्हेने दान रखे देतो ! कारण के एवा एक धर्मगुरुने कोइए दान कर्युं हतुं त्हेनुं फळ ए मळयुं के, ते साधु पोताना सोबतीओने लइने नरके गयो अने साथे दातार–दान आपनारने पण लेतो गयो ! गुरु कांइ एकलपेटो न होय, पोताना दातारने नरक जेवी स्हेलघामां साथे लीधा वगर रहेज नहि एवो ते परोपकारी होय. माटे हे भाइ ! तुं दान करे तो 'गुण' जोइने करजे, 'वेष' जोइने न करतो.

( १४ ) कबीरजी कहे छे के, आजकालना 'पोथां पंडीत' ना मुखथी धर्मकथा सांभळवी अने आंधळाए चोरनी बोटमां बेसवुं ए बन्ने एकसरखां जोखमभर्यां काम छे. बन्ने लोको मरजीमां आवे ते जगाए पोताना आश्रीतोने भरमावीने लइ जाय अने मरजीमां आवे तेवी व्यवस्था करे ! आ गाथा बहु समजवा जेवी छे. कोइ आंधळाने नदीपार जवुं हतुं तेथी होडीवाळानी मदद मागतो हतो. एवामां अमुक चोर लोको कहेवा लाग्गाः " अमारी होडीमां बेसो; अमे त्हमने थोडे खर्चे अने थोडा वखतमां पार उतारीशुं. " विश्वासे सुरदासजी होडीमां बेठा अने पछी पेला लूटारा होडीवाळाए मांहोमांहे विचार करवा मांडयो. एक कहेः आने लूटीने नदीमां फेंकी दइशुं ? बीजो कहेः छेकज एवुं उघाडुं कुकर्म तो न थाय; जरा दया खाइशुं. दया. आपणे एने आडोअवळे खेंची जइशुं अने एक उज्जड जगामां जइ लूटीने त्यहां छोडी दइशुं. त्रीजो कहेः एम पण

नहि; जे माणस गोळथी मरतो होय एने विषथी शा माटे मारवो? माटे आपणे एने अडधेक सुधी होडी हंकार्या बाद कहेवु के नदीमां आ स्थळे चमत्कार थयेला छे. ए पवित्र भूमि छे. अहीं कोइ माणस डूबी मरे--आपघात करे तो मोक्षे जाय अने एटली हिंमत न चाले अने फक्त पोतानी मील्कत अहीं स्नान करीने खेरीआतमां आपी दे तो देवलोकमां जाय. ते बीचारा आंधळाने पोताना आ भवना दुःखथी कंटाळो आवेलो होवाथी गमे ते शीखामण मानवा तत्पर ज थशे अने आपणो बेडो पार थशे. लूंटाराओए अने आंधळाए पछी शुं कर्युं ते आपणे जाणवानुं रहेतुं ज नथी, कारणके एवा संख्याबंध लूटारा आपण अंध पुरुषोने (हृदयनी आंख वगरनाओने) हमेश आवी रीते लूटता आव्या छे तेथी कांइ अनुभव नवो मळवानो नथी. पछी आपणने ज्यहारे परमाधामीना भाला खमवा पडशे त्यहारे कहीशुं के "अरे ओ परमाधामी! म्हने तुं अहीं केम लाव्यो? हुं के जेणे गुरुदेवना कहेवाथी पेली विधवाना दिक्षा ओत्सवमां पांचसो रुपीआ खर्च कर्या हता अने पेला उधइओनी दया माटे पुस्तकोना पटारा भरनारा महात्माना हुकमथी पांच रुपीआनां पानां वहोराव्यां हतां अने गुरुना संसार पक्षना बेटाने गुरुदेवनी आज्ञाथी बसो रुपीआनी कंठी पहेरावी दीधी हती तथा गुरुदेवना दर्शन करवाने चोमासा वच्चे हुं लावलश्कर लइने बीजे गाम जइ चारसो रुपीआ खर्चीं आव्यो हतो छतां तुं म्हने अहीं--नरकावासमां केम लावे छे? म्हारे ते अहीं आववानुं होय? म्हने तो म्हारा गुरु साथे देवलोकमां लइ जवामां आवशे एवी आशाए म्हें जीगरथी पण व्हाला एवा रुपीआ खर्चीं नाख्या हता! छतां शुं म्हारां नरकमां लइ जाय एवां पूर्वनां कर्मो धोवायां नहि होय के?" आनो खुलासो परमाधामी करशे के?--हा, जे परमाधामी हशे ते अवश्य खुलासो करशे, बीजा नहि ज.

(२)

काम क्रोध मद लोभकी, जब लग मनमें खांन;
तब लग पंडित मूर्ख हि, कबीर एक समान. १
चतुराइ पोपट पढा ! पडा जो पिंजर मांहि;
फिर परमोवे औरकों, आपन समजे नाहिं. २

(१) कबीरजी कहे छे के, ज्यहां सुधी मनमां काम-क्रोध-मद-लोभ ए चारनी 'खाण' छे त्यहां सुधी मूर्ख अने पंडीतमां काइ तफावत समजता ना.एवो माणस भणेलो होय तो पण मूर्ख ज छे; बुद्धिशाळी मनुष्य कदी पोताना सूक्ष्म शरीर के जे वधु किमती छे अने जे बीजा अवतारमां पज साथे रहेनार छे तेवा सूक्ष्म शरीरना भोगे स्थूल शरीरनुं मायावी सुख इच्छे ज नहि.

(२) चतुराइ तो एक पोपटना भणवामां आवी छे ! बाकी कोइ चतुर छे ज नहि ! जुओ तो खरा के अभण पोपट आकाशमां उडता फरे छे अने कल्लोल करे छे, त्यहारे भणेला पोपटजी पांजरामां केद थया छे ! आ एमनुं भणतर ! अरे B. A. अने M. A. नी डीग्रीना अभिमानी भणेलाओ ! अरे सूत्रो अने संस्कृत अने ग्रंथो अने थोकडाना अभ्यासना अभिमानी पोपटजीओ ! त्हमे भणीभणीने शुं भण्या ? मात्र मगजने भारे मार्युं ! कारण के हृदय तो भण्युं नहि. मनना प्रणाम कोमळ थया नहि. विश्व मात्र उपर समान दृष्टि, प्रेम भावना तो शीख्या नहि. भणतरथी त्हमारुं हृदय 'तर' थवाने बदले-विकाश पामवाने बदले उलटुं सांकडुं थयुं अने त्हमारां पोतीकां स्वार्थ सुख मेळववानी वधु शक्ति त्हमे पाम्या, के जे शक्ति बीजा ओछा भणतरवाळाना सुखना भोगे त्हमने वधारे ( मायावी ) सगवडो लावी आपशे. आ भणतर त्हमने पांजरामां--संसारभावमां जकडी राखशे. त्हमे बीजाने शुं उपदेश करोछो, अरे बिचारा पोपटीआ पंडीतो ! त्हमे त्हमने तो पींजरामांथी छोडवो ?

हरिगुन गावे हरखके, हिरदे कपट न जाय;
आपन तो समजे नहिं, ओर हि ज्ञान सुनाय. ३
चतुराइ चुल्हे पडो, ज्ञानको जमडा खाओ !
'भाव भक्ति' समजे नहिं, जानपनो जल जाओ ! ४
लीखना पढनां चातुरी, ये सब बातां सहेल;
काम दहन, मन वश करन, गगन चढन मुशकेल. ५
ज्ञानी गाथा बहु मिले, कवी पंडित अनेक;
राम रता और इंद्रि जीता, कोटी मध्ये एक. ६

---

(३) हरिना गुण म्होढेथी गाया एटले कांइ भक्त थइ गया एम समजवुं नहि. हृदयमांथी कपट जाय त्यहारे ज्ञानी कहेवाय. माटे बगभक्तोनो उपदेश सुणवो नहि.

(४) हे 'चतुर' पुरुषो ! त्हमारी चतुराइ चूलामां पडो ! त्हमारुं ज्ञान जहानममां जाओ ! जो त्हमारामां 'द्रव्यभक्ति' नहि पण 'भाव-भक्ति' आवी होय तो ज त्हमारी पंडीताइ सफल छे, नहि तो देवता मूक्यो ए जाणपणामां !

(५) लखवुं–वांचवुं–चतुराइ करवी ए बधुं स्हेलुं छे-- देखा-देखीथी शीखाय तेवुं छे. पण कामदेवने बाळी नाखवो अने मनने वश करवुं तथा 'आकाशमां च्हडवुं' एटलां काम खरेखर मुश्केल छे. ए कांइ देखादेखीथी शीखातां नथी, ए तो जाते ज समजवानां अने जाते ज करवानां काम छे. ' आकाशमां उडवुं ' एनो अर्थ भूलोकमां छतां देवलोक तरफ प्रयाण करवुं ते. कल्पना शक्तिने पवित्र बनावीने त्हेनी पांखे बेसी देवलोकमां विचरवुं अने प्रेमना सार्वत्रीक राज्यनी मीठी हवा खावी ते. बीजो अर्थ एवो पण थाय के गुण 'स्थानके' च्हडवुं ते; गुणस्थानक कांइ देखाय एवी चीज नथी; आकाशमां च्हडवानुं ज ते काम छे.

(६) ज्ञाननी वातो करनारा, कविओ, पंडीतो तो घणाए मळे;

तारा मंडल बैठके, चंद्र बडाइ लाय;
उदय भया जब सूर्यका, सब तारा छुप जाय. ७

कू मारग छोडा नहिं, रहा मायामें मोह;
पारस तो परसा नहिं, रहा लोहका लोह ! ८

पोथी पढपढ जग मुवा, पंडित भया न कोय;
अढाइ अक्षर प्रेमका, पढे सो पंडित होय. ९

---

पण राममां 'रत' थयेला--राममय बनेला पुरुषो के जेओ इंद्रिओने पोताना वश राखी शके छे तेवा तो करोडोमां एकाद ज मळशे.

(७) ताराओनां टोळां वच्चे बेसीने चंद्र ( के जे सूर्यनुं तेज उछीनुं लइने प्रकाशे छे, जेनामां पोतानुं तेज नथी ते ) आप बडाइ घणीए करे तेथी शुं वळ्युं ? पण ज्यहारे प्रभाते सूर्यनो उदय थाय छे के तुरत ज ताराओ छुपाइ जाय छे. तेओ पोतानी भूलने माटे पस्ताइने म्हों छुपावे छे !

'पोथां--पंडीत' नी पंडीताइ मात्र मूर्ख लोको आगळ ज चाली शके, संत अगर भक्त अगर परमात्मापरायण लोको आगळ ते झांखाझंख पडी जाय छे.

(८) जेणे खराब रस्ता छोडया नथी अने जे मायामां मोही रह्यो छे त्हेने पारसमणीनो स्पर्श हजी सुधी थयो ज नथी एम मानजो; तेथी ज ते लोढा जेवो छे. जो सद्गुरु के सद्ज्ञान के सत्देव ( त्रणे एक ज छे ) नो स्पर्श थयो होय तो आ दशा होय नहि.

(९) पोथां--थोथां भणीभणीने आ जगत पंडीत थवा इच्छे छे पण ज्यहां सुधी 'प्रेम' एवो अढी अक्षरनो शब्द भणायो नथी त्यहां सुधी खरी पंडीताइ कदी आववनार नथी. प्रेम एटले सार्वत्रीक प्रेम, ईश्वरी प्रेम.

आत्म तत्व जाने नहिं, कोटी कथन है ज्ञान;
तारे तिमिर भागे नहि, जब लग उगे न भान. १०
मैं जानुं पढवो भलो, पढनेसे भलो योग;
राम नामसे दिल मिला, भले हि निंदे लोग. ११
समजनका घर और है, औरोंका घर और;
समज्या पिछे जानिये, "राम बसे सब ठौर." १२

---

( १० ) आत्म तत्वने समजे नहि त्यहां सुधी करोडो प्रकारनुं ज्ञान ( सायन्स, इतिहास, खगोळ, भूगोळ, भुस्तर, भाषाज्ञान, तर्कशास्त्र, वैदकविद्या वगेरे तमाम ) त्हेनुं अंधकार मटाडवाने पुरतुं थतुं नथी. सूर्य–आत्मसूर्यनो उदय हृदयमां थया सिवाय अजवाळुं थतां आखी दुनीआना पदार्थो अने बनावो जुदीज दृष्टिए देखाय. दृष्टि ( Point—of--view ) ज बदलाइ जाय.

( ११ ) कबीरजीने पहेलां तो एम लाग्युं के शास्त्रनो अभ्यास करवो एज ठीक छे; पछी जणायुं के अभ्यासथी तो 'योग' मार्ग सारो छे; पण छेवटे जणायुं के ते बन्ने करतां रामनामना स्मरणमां ज दील मळी गयुं ते ठीक थयुं. भक्ति योगनी सुगमता अहीं वर्णवी छे. भक्तिनी खुबी न समजनारा लोको निंदा करेछे माटे कबीरजी कहे छे के, भले तेम थाओ, पण म्हने तो 'राम' साथे ज एक तार जोडायो छे ए ठीक लागे छे.

( १२ ) समजणवाळा माणसनी दृष्टि जूदी होय छे अने वगर समजणवाळानी जूदी होय छे. समज्यो नहोतो त्यहारे हुं रामने अमुक जगाए ढुंढतो हतो, हवे समज्यो तो जणायुं के राम तो सर्व जगाए वसे छे. माटे रामनी भक्ति करवा माटे अमुक जगा 'रीझर्व्ड' राखी शकाय ज नहि. सर्व प्राणीनी सेवा ए ज रामसेवा छे. सर्वमां हु अने हुंमां सर्व एवो 'एक भाव' थयो ए ज 'सेवा' छे.

कबीर ! यह संसारको, समजावुं कइ बार ?
पूंछ ज पकडे भेंसको, उतरा चाहे पार ! १३

मन मथुरा, दिल द्वारका, काया काशी जान;
दसमें द्वारे है देहरा, तामें जोत पिछान. १४

---

☛ कबीरजीनां आध्यात्मीक पदनो भाग ३ जो, सन १९१२ मां 'जैनसमाचार' ना ग्राहकोने भेट तरीके आपवामां आवशे. जे कोइ गृहस्थने ए पुस्तकनी १००–५०० प्रतो ल्हाणी माटे जोइती होय त्हेमणे न्होवेम्बर १९११ नी अंदर अंदरमां लखी जणाववुं. मात्र पडतर किमत लेवामां आवशे. १०० प्रतना रु. ७); ५०० प्रतना रु. २५).

---

( १३ ) कबीरजी कहेछे के आ मूर्ख संसारने शी रीते समजावुं ? एने भवरूपी समुद्रना पार जवुं छे, अने ते काम माटे होडी के गायने बदले कुगुरुरूपी भेंसनुं पुंछडुं पकडवा इच्छेछे ! ए भेंस जो एने डूबाडया वगर रहे तो पोपटीआ अने स्वार्थी गुरुओ नरकमां नाख्या सिवाय रहे !

( १४ ) हे भाइ ! तुं मथुरा अने द्वारका अने काशी अने गीरनारजी अने तारंगाजी भटकवा जाय छे, पण हुं त्हने त्हारी पासेज ए बधां तीर्थस्थळो लावीने खडां करुं छुं छतां तुं शा माटे भटकवानी अने दाम खर्चवानी मूर्खाइ करेछे ? जो, देख ! त्हारुं मन एज मथुरा छे, दील एज द्वारका छे, काया एज काशी छे, तन एज तारंगाजी छे, गो अथवा इंद्रियो एज गीरनारजी छे; माटे तुं ए सर्व मन–वचन अने कायाने शुद्ध कर एटले तीर्थ ज छे. त्हारा हैयाना दसमा द्वारमां जे देहेरुं छे त्यहांज परमात्मा बीराजे छे. एने शोध, शोध. आटला प्रयासे ध्यान धरीश तो परमात्मानी साथे एक तार जरूर जोडाशे. दसमा द्वार संबंधे विशेष हकीकत 'योग' ना जाणकार पुरुष पासेथी ज मळी शकशे. )

# 'जैनसमाचार' नो १९११ नी सालनी

## १२ भेटो.

'सुविचार--माळा' ना मणका इ. स. १९१० नी आखेरीथी शरु करवामां आव्या हता अने ए सालमां (१) 'साधुपरिषद्नो गुजराती रिपोर्ट', (२) 'स्वरशास्त्र' तथा (३) 'कया ईश्वरे आ विश्व रच्युं ?' ए नामना ३ मणका आपवामां आव्या हता. त्यार बाद चालु १९११ नी सालमां नीचे मुजब १२ भेटो मणका नंबर ४ थी १६ सुधीनी—आपवानुं ठराव्युं छे:—

| | | | |
|---|---|---|---|
| भेट १ ली. | कल्याण मंदीर स्तोत्र. | मणको ४ थो. | अपाइ चूकी... |
| ,, २ जी. | संसारमें सुख कहां है ? भा. १ | ,, ५ मो. | अपाइ चूकी.... |
| ,, ३ जी | दशवैकालीक सूत्र भा. १ लो | ,, ६ ठो. | ........छपायछे. |
| ,, ४ थी. | धर्मसिंह—बावनी | ,, ७ मो. | अपाइ चूकी... |
| ,, ५ मी. | महात्मा कबीरनां पदो--भा. १ | ,, ८ मो. | अपाइ चूकी... |
| ,, ६ ठी. | साधुपरिद्की हिंदी रिपोर्ट | ,, ९ मो. | अपाइ चूकी... |
| ,, ७ मी. | मोतीकाव्य खंड १ लो. | ,, १० मो. | अपाइ चूकी... |
| ,, ८ मी. | महात्मा कबीरनां पदो--भा. २ | ,, ११ मो. | अपाइ चूकी... |
| ,, ९ मी. | संसारमें सुख कहां है? भा. २ | ,, १२ मो. | ......छपाय छे. |
| ,, १० मी. | सती सावीत्री. | ,, १३ मो. | ......छपाय छे. |
| ,, ११ मी. | दशवैकालिक सूत्र—भा. २ | ,, १४ मो. | ......छपाय छे. |
| ,, १२ मी. | दशवैकालिक सूत्र भा. 1 (संपूर्ण) | ,, १५ मो. | ......छपाय छे. |

उपर मुजब १२ पैकी ७ भेटो अपाइ गइ छे, पांच छपाय छे ते बनती ताकीदे छापीने रवाना करवामां आवशे. 'सती सावीत्री' नामनी बुक माटे मात्र रु. २५) मोकलनारनुं नाम तेमां छापीने तेमना तरफथी ज ते भेट मोकलवामां आवशे.

☞ 'जैनसमाचार' पत्र दर सोमवारे प्रगट थाय छे. वार्षिक मूल्य ( पोष्टेज साथे ) रु ३ छे. हरसाल १२ पुस्तक बक्षीस आपे छे.

पत्रव्यवहार:—मेनेजर, 'जैनसमाचार', दाणापीठ, अमदावाद.

वाडीलाल मोतीलाल शाह की

तर्फसे भेट.

'सुविचारमाला'—मणका १३ वा.

# सती सावित्री.

प्रयोजक,


गिरिधर शर्म्मा

झालरापटण ( राजपूताना ).



प्रसिद्ध कर्त्ता,

वाडीलाल मोतीलाल शाह

सम्पादक जैनसमाचार,

अमदावाद.

'जैनसमाचार' पत्रकी सन १९११ की १० वी भेट.

प्रथमावृत्ति-प्रत १२००

विक्रम १९६७-ई. स. १९११.

'भारतबन्धु' प्रिण्टिंग वर्क्स नामक मुद्रालयमें

वाडीलाल मोतीलाल शाहने छापा.

# हरएक फीरकेके सज्जनोंके लिये उपदेशी कीताबें.

सप्त रत्नों.—इसमें जीव रुपी मुसाफीर विविध गति रुप सफर करता है उसकी कथा अति रमुजो है. और भी ६ उपदेशी प्रकरण हैं. ।=

राम-रासः—मुनिश्री केशराजजी कृत राम-रासको अति शुद्ध करके सुंदर पुस्तक बडी तकलीफसे बनाया है. रसका सागर है, उपदेशका भंडार है, खुबीओंका खजाना है. सुन्नेरी नाम, पक्का जील्द, सुंदर कागज होने पर भी मूल्य शीर्फ रु. १—८—०

सद्गुण प्राप्तिके उपावः—प्रत्येक धर्मके मनुष्यको गुणानुरागकी जुरुरत है. उस गुणका बडी ही उमदा शैलिसे इस ग्रंथमें बोध किया गया है. और भी सत्य वचन, सद्भावना इत्यादि विषयोंका बोध है. रु ०।

संसारमें सुख कहां है ? भाग १ लाः—प्रत्येक मनुष्य सुखको ढुंढ रहा है; मगर बतानेवाले अनुभवी नहीं होनेसे गैरमार्गको लग जाते हैं. आपको ज्यादा कहनेकी कोइ जुरुरत नहीं है. एक दफा यह पुस्तक पढ लो, सुखका रास्ता स्वतः प्राप्त हो जायगा. ६ मासमें ४००० प्रत जैन व अन्यधर्मी महाशयोंने खरीद करके विना मूल्य बांट दी है. अखबार वालोंने उसकी प्रशंसा की है. मूल्य शीर्फ ०–४–०

संसारमें सुख कहां है—भाग २ राः— मूल्य ०—४—०

सच्चे सुखकी कुंजियांः—इसमें सुखकी कुंजियां बताइ गइहैं. मूल्य रु ०।

धर्मसिंह-बावनीः—स्वर्गस्थ महात्मा श्री धर्मसिंहजी महाराज कृत उपदेशी काव्य अति मनोरंजक है. रु. ०।

स्वरशास्त्रः—जिसमें इडा, पींगला, सुषुम्णा नाडीका बयान है. हर एक काममें विजय प्राप्त करनेकी तरकीब बतानेवाला यह पुस्तक देव नागरी लिपिमें मगर गुजराती जबानमें है. मूल्य ०–४–०

नमीराजः—अध्यात्मका ज्ञान और व्यवहार-शुद्धिका ज्ञान चाहिये तो 'नमीराज' प्रथम पढो. गृहस्थका कर्त्तव्य व त्यागीका कर्त्तव्य किसको कहना, जैसा 'नमीराज' पुस्तकमें समझाया गया है वैसा थोडे ही पुस्तकमें दिखा पडेगा. वार्त्ता भी अति रसिक है. हिंदी भाषांतरका रु. ०

पताः—वाडीलाल मोतीलाल शाह.

सम्पादक, जैनसमाचार, मु. अहमदाबाद.

# सती सावित्री

અથવા

# एक नमुना रुप आर्य पत्नी.

(૧)

આર્યાવર્તમાં મદ્રદેશમાં અશ્વપતિ નામે ધર્મમૂર્ત્તિ ભૂપતિ રાજ્ય કરતો હતો. ત્હેને તપોબળથી એક પુત્રીરત્ન પ્રાપ્ત થયું હતું, જ્હેનું નામ 'સાવિત્રી' એવું રાખવામાં આવ્યું હતું.

રાજાએ આ બાળકીને લાડપૂર્વક ઉછેરી હતી પરન્તુ ઘણા જ પ્રેમથી સર્વ કળાઓ શીખવવામાં કચાશ રાખી નહોતી. ત્હેને ભણાવી-ગણાવીને 'સુશિક્ષિતા' બનાવી હતી.

આ કન્યા જ્યહારે વિદ્યાલયમાં જતી ત્યહારે પોતાને શિક્ષણ આપનારી આચાર્યાને નમન કરતી, પોતાની જગાએ બેસીને પાઠ આપતી અને વર્ગમાં ઉંચો નંબર રાખતી.

જો કે તે એક રાજકુમારી હતી, તથાપિ ગર્વ અથવા મિથ્યાભિમાનનો સ્પર્શ ત્હેને થયો નહોતો. કોઇ કન્યા એને પાઠ પૂછતી તો ત્હેને તે પ્રસન્નતાપૂર્વક બતાવતી.

ત્હેના દસ્કત અતિશય સુન્દર હતા. કલા અને કુશલતાની તો તે છબી જ હતી! ત્હેના હરફ જોઇને ગુરૂજન ચકિત થઇ જતા હતા.

ભણવામાં, લખવામાં, શીવવામાં, ભરવા–ગુંથવામાં, પાક શાસ્ત્ર અથવા રસોઇ સંબંધી કામકાજમાંઃ સર્વ કલામાં તે કન્યા અનુપમ હતી.

જે કાંઇ તે એકવાર સાંભળતી તે એના સ્મરણ ખજાનામાંથી કદી ભુંસાતું નહિ. જે નિશાળમાં તે ભણતી તે નિશાળ આવી કન્યા માટે "મગરૂર" બને એમાં શું આશ્ચર્ય! અને એવી કન્યા પોતાનાં માબાપના 'પ્રાણ' સમાન થઇ પડે એમાં શું નવાઇ!

જ્યહારે આ કન્યા ઉમરમાં પહોંચતી થઇ ત્યહારે એનાં રંગ અને રૂપ અજબ જ ખીલી ઉઠયાં. ઇંદ્રાણી અને કામદેવની સ્ત્રી રતી પણ એને જોઇને લજવાય એવી તે દેખાવા લાગી!

જગતમાં જેટલા સુંદરતાના પરમાણુ છે તેટલા બધા એના શરીરમાં

સંઅહવામાં આવ્યા હતા ! નખથી તે માથા સુધી તે સુરૂપ હતી.

એના લાંબા—કાળા–સુગંધી–પ્રકાશીત ગુંચળાવાળા વાળ ઘણા મનહર હતા. એનાં નેત્ર જોઇને હરિણી જંગલમાં દોડી ગઇ અને ત્યાંજ રહેવા લાગી ! એની મધુર વાણી સાંભળતાં સરસ્વતી દેવી પણ પોતાનું મ્હોં બંધ કરી એને એક કાને સાંભળતી !

જેવી તે રૂપમતી અને કલાવતી હતી તેવીજ વળી વિદુષી અને બુદ્ધિમતી હતી; અને તેવીજ પુણ્યવતી—દયાવતી અને શીલવતી હતી. તે તેજસ્વિની કન્યા ધર્મનો મર્મ પણ સમજતી હતી.

પુત્ર અને પુત્રીમાં રાજાને આ એકજ કન્યા હતી; તેથી તે મનમાન્યું ખર્ચ કરી શકતી હતી. પણ આવી વિદ્યાપ્રેમી કન્યાને બીજું શું ખર્ચ કરવાનું મન થાય? તે માત્ર બીજી કન્યાઓને જમાડવામાં અને તેમનાં ભણતરનાં સાધનો જેવાં કે પુસ્તકો, કલમ, સ્લેટ વગેરે લાવી આપવામાં જ દ્રવ્ય ખર્ચતી હતી.

સાવિત્રીને માટે એક ખાસ બાગ હતો, જે ઘણો સુંદર હતો. એમાં મખમલ જેવી વનસ્પતિ હતી. ફુઆરાઓની શોભા અદ્‌ભૂત હતી. ઝાડ અને વેલીઓથી ઠંડી છાયા બની રહેતી હતી. જુઇ—મોગરા વગેરે જાતજાતનાં પુષ્પો એમાં ખીલી રહ્યાં હતાં અને તે ઉપર ભમરા ગણગણ કરી રહ્યા હતા. પોપટ, મેના, મોર વગેરે રમણીક પક્ષીઓ એમાં મધુર કલરવ કરી રહ્યાં હતાં. દ્રાક્ષના વેલા, આંબા, જામફળી, કેળ વગેરે ફળઝાડ પણ ત્યાં પુષ્કળ હતાં.

આ મનોહર બાગમાં આવીને અમુક વખત સુધી સાવિત્રી હમેશ એકાગ્ર ચિત્તે પરમાત્માની ભક્તિ કરતી હતી અને 'સઘળા પ્રાણીઓ સુખી હોજો ! ' એમ પ્રાર્થના કરતી હતી.વળી પોતે સત્યમાર્ગે જ ચાલનારી અથવા સદાચારિણી હતી. એક દિવસ તે બાગમાંથી રાજા–પિતા પાસે આવીને બેઠી.

આ કુમારીને લાયક વર કોઇ આજ સુધી મળ્યો નહતો. ભણ્યા–ગણ્યા રાજકુમાર તો જગતમાં ઘણાએ હતા પણ સર્વગુણસંપન્ન એવો એક પણ હાથ લાગ્યો નહતો.

આ કન્યાના મ્હોંનું તેજ જોઇને કોઇ એના સામે પોતાનું મ્હોં જ ઉંચું કરી શકતા નહોતા, તો પછી એની માગણી કરવા જેટલી હિમત તો કોણ ધરી શકવાનું હતું ?

ભૂપતિએ આ વાત જાણી ત્હારે પોતાની તેજોનિધિ જેવી પુત્રીને પાસે બોલાવીને પ્રેમપૂર્વક કહ્યું: " પુત્રી ! તું પોતે જ વર શોધવા નીકળી પડ! મ્હારી આજ્ઞા છે. "

લજ્જીત થઇને, આંખો નીચી ઢાળીને, માથું નીચું નમાવીને તથા બે હાથ જોડીને સાવિત્રી ત્હાંથી ગઇ અને રથમાં બેસી ભારતમાં વર શોધવા ચાલી નીકળી.

(૨)

ભારતમાં શોધ કરતી કરતી અને કુદરતના સુંદર દેખાવોને તથા જૂદા જૂદા રાજાઓને કાળજીપૂર્વક જોતી જોતી સાવિત્રી એક તપોવનમાં આવી પહોંચી.

અહીં એની દૃષ્ટિએ એક યુવક પડયો, કે જે ઘણો બુદ્ધિશાળી, ધાર્મિક, ધૈર્યવાન, ભક્તિવાન, નમ્ર, મનોહર અને સત્યને ચાહનારો હતો.

એને જોતાં જ સાવિત્રી મનમાં પ્રમોદ પામી. ગુણનું સ્વાભાવિક આકર્ષણ થતાં એણે એને મનથી જ વરી લીધો ! અને ત્હાંથી પાછી ફરીને પોતાના પિતાને પોતાનો નિશ્ચય કહેવા ગઈ.

નારદ મુનિ તે વખતે રાજા પાસે બેઠા બેઠા પરમાત્માના ગુણગ્રામ કરી રહ્યા હતા. ઋષિને અને પિતાને નમન કરીને પ્રમોદભરી કન્યા એમની આશિષ લઇને નમ્રતાપૂર્વક બેસી ગઇ.

રાજાએ નારદ મુનિને કહ્યું: " હે મુનીશ્વર ! આપ પણ સાંભળો. " પછી કન્યાને કહ્યું: " હે સુપુત્રી ! કહે કે કયા નૃપેશ્વરના સુપુત્રને હું ત્હારો હાથ સમર્પણ કરૂં ! "

પુત્રી શરમીંદી દેખાઈ. જરા ધૈર્ય ધરીને માત્ર એટલું જ કહી શકી: " પિતા ! શાલ્વ લોકોના રાજા દ્યુમત્સેનના પુત્ર સત્યવાહનને. "

રાજાએ મુનિને પૂછયું: " હે મહામુને ! કહો કે એ નૃપપુત્ર મ્હારી પુત્રીને લાયક છે ? "

ઋષિ વદ્યાઃ " એમાં કાંઇ સંશય નથી. તે વિબુધ છે, નીતિમાન છે, ચતુર છે, વીર્યવાન છે, શાસ્ત્ર સંબંધી વિચારોમાં ઘણો પ્રવિણ છે, નયમાં નિપુણ છે, ગુરૂજનોની ભક્તિ કરવામાં અને પરમાત્માની પ્રાર્થનામાં અનુરક્ત છે, અતિ ઉદાર છે, પવિત્ર આશયવાળો છે, કાન્તિમાન છે, સત્ત્વવાન છે—અરે સઘળા સદ્‌ગુણોના ખજાના રૂપ છે. પ......ણ, એક વાત મ્હારી જીભથી કહી જાય તેમ નથી. એનું આયુષ્ય એક વર્ષથી વધુ બાકી રહ્યું નથી. "

મુનિના શબ્દો સાંભળી રાજાને ઘણું દર્દ થયું. આવા ઉત્તમ પુરૂષનું આવું ભવિષ્ય સાંભળી કોના મનમાં દુઃખ ન થાય?

પછી ધૈર્ય ધારણ કરીને રાજા બોલ્યો : " હે પુત્રી ! અહીં આવ. મ્હારી વાત સાંભળ. બેટા ! ગુણી—સુંદર અને તે સાથે જ **લાંબા આયુષ્યવાળા** કોઇ બીજા પુરૂષને પસંદ કર."

સાવિત્રી બોલી: " પિતાજી ! જેહને હું મનથી વરી ત્હેને તો વરી જ ચૂકી. હવે મ્હારે બીજો વર ન જ જોઇએ; અને આપને એવું કહેવું પણ યોગ્ય નથી. સુકુલમાં જન્મ પામેલી અને દૃઢ નીતિવાળી કન્યા જેને પોતાનું **મન અર્પે છે** ત્હેને જ **પરણે છે.** એ દીર્ઘાયુઃ હોય કે નહિ તો પણ તેજ મ્હારો પતિ છે, બીજો નહિજ. બીજા જનક, સહોદર કે પુત્ર તુલ્ય પુરૂષોથી મ્હારે શું લેવાદેવા છે? આપ પિતા થઇ આવું નિંદીત કર્મ મ્હને બતાવોછો એ શું ? **પતિવ્રતા તો હૃદયથી પણ વ્યભિચાર કરી શકે નહિ.**"

× × × ×

પુત્રીની આવી હઠ જોઇને પિતા દુઃખમાં પડ્યો. મુનિએ કહ્યું: " હે રાજન્ ! ભવિતવ્યતાની ગતિ પ્રબલ છે. કરી દે વિવાહ; સૌ સારાં વાનાં થશે."

જ્યહારે ઘણી વાતો કહેવા છતાં કન્યા એકની બે થઇ નહિ ત્યહારે કન્યા તથા પરિવારને લઇને રાજા, જ્યહાં **શાલ્વ**પતિ દ્યુમત્સેન તપોવનમાં રહેતો હતો ત્યહાં ગયો.

પરોણાઓનું આતિથ્ય કર્યા બાદ દ્યુમત્સેને રાજા **અશ્વ**પતિને આગમન કારણ પૂછ્યું.

"મ્હારી આ પુત્રી આપના સુપુત્ર માટે લગ્નમાં સ્વીકારો. હે મહોદય ! આ વિનંતિ સ્વીકારીને અમને આનંદ આપો." **અશ્વ**પતિએ કહ્યું.

" હે નૃપ ! મ્હારૂં રાજ્ય મ્હારા હાથમાંથી ચાલ્યું ગયું છે; મ્હારાં ચક્ષુ નકામાં થયાં છે; હું આ તપોવનમાં રહી માત્ર પ્રભુભજન કરૂંછું. આવી સ્થિતિમાં આપની પુત્રીને સ્વીકારીને દુઃખી કરવી એ મ્હારે માટે શોભાપ્રદ નથી." દ્યુમત્સેને જવાબ આપ્યો. આહા, સજ્જનો કેટલા બધા દયાળુ અને સ્વાર્થત્યાગી હોય છે!

**અશ્વ**પતિએ કહ્યું: " હે કરૂણાનિધે ! આવો વિચાર કરતા જ નહિ. દુઃખ કોઇની પાસે સ્થીર રહેતું નથી, તેમ સુખ પણ રહેતું નથી. વિશ્વનો

નિયમ જ છે કે સઘળા દિવસ સરખા જતા નથી. નિયતિનું ચક્ર ઘડીમાં ઉપર અને ઘડીમાં નીચે આવ-જા કરે છે તેથી સજ્જનોએ ખેદ કરવો ઉચીત નથી. કૃપા કરી આપ મ્હને 'ના' કહેશો નહિ. મ્હારી પ્રાર્થના સફલ કરો અને આ મ્હારી પુત્રી આપની પુત્રવધુ અત્યારથી જ બની એમ માનશો."

વિનયપૂરિત કોમલ વાક્યથી પ્રસન્ન થયેલા **શાલ્વ**-પતિએ 'તથાસ્તુ' કહીને આનંદ જણાવ્યો.

**મદ્રદેશનો** રાજા **અશ્વપતિ** પોતાની કન્યા **સાવિત્રીનો** હાથ **શાલ્વ**-પતિના કુમાર **સત્યવાહનના** હાથમાં વિધિપૂર્વક મૂકીને પોતાના પરિવાર સહિત પોતાના રાજ્યમાં ગયો.

(૩)

સઘળાં વસ્ત્રાલંકાર ઉતારીને નૃપકન્યાએ હવે વૃક્ષની છાલનાં બનાવેલાં વલ્કલ પહેર્યાં. એક નદી જેમ સમુદ્રમાં સમાઇ જાય તેમ આ સતી પોતાના પ્રાણેશના સત્કુલમાં સમાઈ!

'ગૃહિણી' તરીકેના સઘળાં ઉત્તમ કર્ત્તવ્યકર્મ તે કરવા લાગી. ગુરૂલોકની સેવા પૂર્ણ આનંદથી કરવા લાગી. એનાથી સાસુ-સસરા પ્રસન્ન થયા, આશ્રમમાં રહેનારા સર્વ કોઇ સન્તુષ્ટ થયા અને આખો આશ્રમ 'આનન્દ સ્થલ' બની ગયો!

તે સુઘડ સ્ત્રી સ્વચ્છતાથી ભોજન બનાવતી, ફળ—ફુલ લાવતી અને સઘળાં કર્ત્તવ્ય કર્મ કરી પતિ-દેવતાને સારી રીતે રીઝાવતી. નગરના લોકો અહીં કદી કદી આવતા તો આની વાણી અને વર્તન જોઇ ધર્મના રાગી બનતા, તેઓની ઉદાસી નાશ પામતી અને તેમના મનમાં અશાન્તિની જગાએ શાન્તિ શાન્તિ થઇ જતી.

આ પ્રમાણે કેટલાક માસ વ્યતીત થયા. પછી સખ્ત તાપથી દુનીઆને આકુળવ્યાકુળ કરનારો જેઠ માસ આવ્યો. ત્રાસદાયક 'લૂ' જગતને સતાવવા લાગી. પૃથ્વી આગ જેવી તપવા લાગી નદી—કૂવા સુકાઇ ગયા. અરણ્ય તો છેક દાવાનલ જેવાં જ થઈ ગયાં. પ્રાણી માત્ર આકુલવ્યાકુલ થવા લાગ્યાં.

અને હવે સતીને પણ ભવિષ્યકથનનું સ્મરણ થઇ આવ્યું: "પ્રાણેશને હવે માત્ર ત્રણ દિવસ બાકી છે," એ ખ્યાલ આવતાં જ એના

અંતરમાં વિષની કટારીના પ્રહાર જેવું દર્દ થયું: પણ તે દર્દ ત્હેણે છૂપાવ્યું. મહાજનો પોતાની પીડા કોઇને કહેતા નથી.

પછી ત્હેણે ત્રણ દિવસ સુધી આહાર ન લેતાં પરમાત્માની પ્રાર્થના કરવાનું જ ઠરાવ્યું. સાધુસંતોની પૂજા કરી એમની આશિષ મેળવીને તથા સાસુ-સસરાને પગે લાગી ત્હેમની પણ શુભાશિષ્ લઇને ત્હેણે તપ શરૂ કર્યો. ભૂખને લીધે તદ્દન કુમળાઇ ગયેલી હોવા છતાં બાહારથી પ્રસન્નવદના રહેતી હતી, કે જેથી બીજાઓને કાંઈ દુઃખ થાય નહિ.

હવે ત્રીજો દિવસ—છેલ્લો દિવસ આવે છે. પિતાની આજ્ઞા લેઇ સત્યવાહન જંગલમાં વૃક્ષ કાપવા માટે નીકળેછે, "મ્હને પણ વન જોવાની ઉત્કંઠા છે; મ્હને સાથે લ્યો!" એમ સતી માગણી કરે છે. આ માગણીનો આશય કોઇ જાણતું નથી; કારણ કે નારદજીએ કહેલું ભવિષ્યકથન તેણીએ કોઇને હજી સુધી જણાવ્યું નથી. પતિ કોમળ પ્રિયાની દયા ખાઇને પ્રથમ તો ત્હેને પોતાની સાથે લેવા ના કહેછે, પણ ત્હેનો બહુજ આગ્રહ જોઇ છેવટે વડીલજનોની આજ્ઞા લેવા કહેછે. આજ્ઞા મળતાં બન્ને સાથે વનમાં જાય છે.

(૪)

જોતજોતામાં દંપતી ઘોર વનમાં આવી પહોંચે છે. સતી પતિને માટે અહીંતહીંથી થોડાં ફળ એકઠાં કરેછે અને પછી સૂકી ડાળીઓ એકઠી કરેછે. ત્રણ પહોર એમ વીતી જાય છે. પાછા ઘેર ફરવાની તૈયારીઓ થવા લાગેછે; એટલામાં "અરરર" એવી બૂમ સત્યવાહનના મ્હોંમાંથી નીકળી પડેછે. એના શીરમાં ઓચીંતું દર્દ થઇ આવેછે અને તે શિથિલ થઈ ભોંય પડેછે. "ઓ પ્રિયે! હું મરૂં છું" એવા બોલ ત્હેના મ્હોંમાંથી નીકળવા સાથે જ ત અબોલ થાયછે.

સતી ફીક્કી પડી જાયછે. પતિનું માથું પોતાના સાથળ પર મૂકીને પંપાળતી પંપાળતી અને ટગટગ જોયાં કરતી બેઠી છે.

એટલામાં જો સામેથી પેલું કોઇ આવે છે!

એક કાલદૂત સતીની નજરે પડે છે, એની તરફ સતીનો એક કોમળ હાથ આડો ધરાય છે અને પ્રચંડ શક્તિવાળો તે યમ એ કોમળ હાથને જાતાં જ ડરે છે—દૂર રહે છે—રે પાછો હઠેછે.

* * * *

હવે ખુદ ધર્મરાજાને આવવું પડે છે. સતી સરલ ભાવથી પ્રાર્થના કરે છે; "જ્યાં પવિત્ર પિતા ધર્મરાયનાં ચરણનો સ્પર્શ થાયછે તે સ્થાન પવિત્ર જ થાય છે."

તથાપિ ધર્મરાય સત્યવાહનના જીવને ખોળીઆમાંથી જૂદો પાડી હેની સાથે ચાલવા માડેછે. સતી ખોળીઆની સગી નહોતી—પણ એમાંના આત્માની સગી હતી માટે તે આત્માની પાછળ પાછળ જવા લાગે છે અને ધર્મને આજીજી કરેછે.

ધર્મ કહેછેઃ "હું ત્હારાથી પ્રસન્ન છું. આને જીવતો કરવાના વર સિવાય બીજો કોઇ પણ 'વર'-વરદાન માગ."

સાવિત્રી માગેછેઃ "મ્હારા સસરાનાં નેત્ર પાછાં મળો! ત્હેમનું ગુમાવી બેઠેલું રાજ્ય પુનઃ પ્રાપ્ત થાઓ!"

ધર્મ કહેછેઃ "તથાસ્તુ! હવે, હે સુમુખિ! પાછી ઘેર જા. માણસ મરી જાય છે ત્યારે 'સ્નેહ'ની અવધિ આવેછે. પિતા-પુત્ર વગેરે જે સઘળા 'ભાવ' છે તે 'સમય' રૂપી સિન્ધુમાં લીન થઈ જાયછે."

સતી કહેછેઃ "હે વિભો! પતિવ્રતાની ગતિ કોઇ રોકી શકતું જ નથી. માટે હે ધર્મ! મ્હને મ્હારા ધર્મ અથવા કર્ત્તવ્યથી જૂદી કરો માં. હું 'આર્યપત્ની' છું; આર્યપત્ની કદી પોતાના જીવિતેશની ચરણ સેવાથી દૂર ખસી શકતી નથી—સ્વધર્મથી કદી દૂર જઇ શકતી નથી.

ધર્મ ત્હેને સાન્ત્વન કરેછેઃ "હે સુમુખિ! સ્વસ્થ થા, સ્વસ્થ થા. હું ત્હારાથી પ્રસન્ન છું; માટે પેલી એક વાત સિવાય બીજી ગમે તે વાત માગી લે."

અને હવે બુદ્ધિશાલી સતી વરદાન માગવા તૈયાર થાય છે. તે કહે છેઃ "મ્હારા પિતા પોતાના પૌત્રને રમાડે એટલું જ હું માગુંછું."

ધર્મ "તથાસ્તુ!" કહે છે અને સતી હર્ષાયમાન થાય છે—હશી પડેછે. પોતાનું કોઇ મુશ્કેલ કામ બુદ્ધિના પ્રતાપે પાર પડતું જોઇ કોને આનંદ ન થાય?

હવે તે સતી ધર્મરાયને પેચ ખુલ્લો કરેછેઃ "અહો દેવ! આપની પ્રશંસા એકંદર આર્ય ધર્મશાસ્ત્રો કરી રહ્યાં છે. સર્વ કોઇ કહેછે કે, આપ જે કાંઇ બોલોછો તે મિથ્યા થતું નથી. વળી આપ સર્વના મનના ભાવ પણ જાણી રહ્યા છો. તો હવે આપની અલૌકિક શક્તિથી મ્હારૂં હૃદય તપાસો અને પછી કહો કે ત્યાં આ મ્હારા પતિ સિવાય બીજા કોઈનું ચિત્ર છે ખરૂં? જો ન જ હોય તો મ્હને તે મ્હારી પ્રેમમૂર્ત્તિ સાથે હમેશને માટે રહેવા દો! મ્હારા પિતાને હું એક જ છું—મ્હારે કોઈ

ભાઇ કે બ્હેન નથી અને આપે મ્હારા પિતાને પૌત્ર થશે એવું વરદાન આપી દીધું છે, તો મ્હને મ્હારા પ્રિયતમની સાથે રાખ્યા સિવાય આપનું વચન કેમ પળશે ? આપ જાણોછો કે **આર્યપત્નીઓ એક જ પતિને અને એક જ વાર પરણે છે. પતિવ્રતા ધર્મ એ આર્યપત્નીઓનું એકનું એક અને અમૂલ્ય ભૂષણ છે.** ”

અમૃતભર્યાં વાક્યો સાંભળી ધર્મરાય છેવટે ફરમાવે છેઃ “ અયિ પતિવ્રતે ! આર્ય અંગને ! આ ધર્મનાં વચન કદી પાછાં ફરતાં નથી, માટે જા, પુત્રી ! ત્હારા પ્રાણનાથ સાથે લાંબો વખત ધર્મજીવન ગાળ. જા, બેટા ! **માતૃભૂમિને વિમલતાના આદર્શ રૂપ બનાવ.** ”

એમ કહેતાં જ ધર્મરાજા ચાલતા થાયછે અને સાવિત્રી પોતાના પતિના ચૈતન્યરહીત શરીર પાસે જાયછે.

* * * *

અને જો હવે સત્યવાહન આળસ મરડી બેઠો થાયછે. “ પ્રિયે, ચાલો ” એમ કહી સતીને પોતાના તપોવનમાં જવા તૈયાર થવા કહેછે. “ હાં નાથ, પધારો ! ” એવા શબ્દો સાથે સતી પતિની પાછળ ચાલવા માંડેછે.

પોતાની પર્ણકુટિકામાં પહોંચતાં જરા અંધારૂં થઇ ગયું છે. મુનિજનો એકઠા થઇ બેઠા છે. પુત્ર—પુત્રી નજીકમાં આવતા જ “ ત્હમને જોઇને આજે મ્હારૂં હૃદય હર્ષથી ઉભરાઇ જાયછે; આજે મ્હારાં નેત્ર કેવી અજાયબ રીતે ખુલ્યાં છે ! એમ કહી દ્યુમત્સેન સર્વને અચંબામાં ગરકાવ કરી દે છે.

એટલામાં પ્રજાજનો દોડતા આવીને ખબર આપે છે કે, શત્રુ એકાએક મરણ પામ્યો છે અને દ્યુમત્સેન માટે સર્વ કોઇ રાહ જોતું બેઠું છે.

સતી અહીં ધર્મરાજાની સાથે બનેલી હકીકત જાહેર કરેછે, જે સાંભળી સર્વ કોઇ ચિત્રવત્ બની જાયછે અને સર્વના મ્હોંમાંથી શબ્દો નીકળી પડેછેઃ “ જય પતિવ્રતે જય ! ધન્ય સતી ધન્ય ! પિતા–માતા–દેશ સર્વને ઉજ્વલીત કરનારી હે ‘ આર્ય ગૃહિણી ’ ! ત્હારો યશ મહાન કવિઓ અને પવિત્ર ઋષિઓ હમેશને માટે ગાયાં કરશે. ભારતભૂમિ ત્હારા જેવાં રત્નોને ઉત્પન્ન કરવા માટે વાજબી ગર્વ લેશે. જય, સતી ! જય ! ’

[ **વા. મો. શાહ.** ]

# १ पहिला सर्ग.

मद्रदेशका अश्वपति था
धर्ममूर्ति भूपति, उसके घर-
जनमी सुता तपोबलसे थी,
नाम पडा 'सावित्री' उसका.

इसे भूपने बडे चावसे,
स्नेह भावसे, लाड लडाकर,
पाल पोष सब कला सिखाई,
पढा लिखाकर की सुशिक्षिता.

यह कन्या विद्यालय जाती,
शीश नमाती आचार्योंको;
पाठ सुनाती बैठ जगह पर,
उत्तम रहती कक्षा भरमें.

यद्यपि थी यह राजकुमारी,
गर्व इसे पर छू न गया था:
कोई कन्या पाठ पूछती,
उसे बता देती यह सुख पा.

इसकी लिपि थी अतिशय सुन्दर,
कला-कुशलताकी यह छवि थी,
इसका लिखना मजमूनोंका-
देख चकित होते थे गुरुजन.

पढनेमें भी, लिखनेमें भी,
सीने और पिरोनेमें भी,
चतुरा पाकशास्त्रमें ही क्या-
सभी हुनरमें थी यह अनुपम.

जाना एकबार जो इसने-
उसका यह होगई खजाना;
विद्यालयका यही मान थी,
यही प्राण थी मातपिताके.

जब यह हुई अवस्थावाली
 अजब निराली रंगरुपसे,
इसको देख शची सकुचानी,
 पानी उतर गया रति-मुखका.

इसकी तनुका सुन्दर वर्ण-
 समझ, ताव पर सुवर्ण रक्खा
खूब तपाया जाताहै वह
 पाताहै कब तुलना तब भी ?

जितने जगमें थे परमाणु-
 सुंदरताके, सभी जडे थे-
इसकी तनुमें; नखसे सिखतक
 बस सुरूप यह थी इसकीसी.

घूंघरवाले, लम्बे लम्बे,
 काले, सुरभित, घने, मुलायम,
केश सुकेशी भी लख इसके
 कभी नहीं सन्मुख आतीथी.

सुलोचनाका मान विमोचन–
हुआ, देखकर लोचन इसके;
हरिणी दौडगई जंगलमें,
जलमें डूबरही मछली भी,

इसकी सुनें सुरीली वाणी
मानी वृथा मंजुघोषाको;
यह गाती जब कभी प्रवीणा
निजवीणा रख देती वाणी.

पुण्यवती यह, दयावती यह,
कलावती यह, शीलवती यह;
रूपमती यह, बुद्धिमती यह,
भाग्यवती यह, अतिविदुषी यह.

तेजस्विनी, यशस्विनी यह,
धर्म–मर्मकी वेदिनी यह,
जग भीतर थी प्रसिद्ध जितनी
उससे तो थी सौगुनी यह.

नृपकी इकलोती बेटी यह,
मनचाहा धन व्यय करती थी;
रोज जिमाती कन्याओंको,
शिक्ष-सामग्री लेदेती.

इसका एक बाग़ था सुन्दर,
मन हर लेताथा जो सबके;
लहराती थी उसमें दूब
हरी हरी, मखमलसे अच्छी.

अद्भुत शोभा फव्वारोंकी,
मिली हुई अलबेली बेलें-
तरुओंसे, त्यों भूलभुलैयां,
जिसे देख हो परमानन्द.

जुही-मोगरा-गुलाबकोले,
सहस जातिके कुसुम खिलेथे,
गूंज रहे थे जिनपर मधुकर,
सबके मनको लुभा रहे थे.

सदा सुनाती मीठी तानें
मोदभरी श्यामा सबको थी,
विविध विहंग बताते थे छवि
शुक, सारिका, मयूर, पिकादि.
कहीं अनार, आम, अमरूद,
कमरख कहीं, कहीं कचनार,
केले कहीं, कहीं नारंगी,
कहीं फालसे, कहीं बदाम,
कहीं नाशपाती, अंगूर,
कहीं जामने, लीची, ताड,
कहीं मनोहर लगे कदम्ब,
लगी सिरुंकी कहीं कतार.
गरज बाग यह अति सुन्दर था
इसमें ही था गारी-मन्दिर;
सावित्री कर भक्ति चित्तसे-
प्रतिदिन हित चहतीथी जगका.

सत्यमार्गपर चलनेवाली,
रहनेवाली सदाचारसे,
एक दिवस यह नित्य--कृत्य कर
नृपके समीप जाके बैठी.

थे यद्यपि बहु राजकुमार,
अच्छे, पढेलिखे, जग भीतर;
इसके वर होनेके लायक,
सबगुणनायक पर, वे नहिं थे.

नहीं तेजके सन्मुख इसके
हो सकताथा मुख भी उंचा;
फिर किसका इतना साहस था--
जो खुद मंगनी करता इसकी ?

ऐसा देखा जब भूपतिने,
तेजोनिधि जैसी तनयाको--
पास बुलाकर, कहा प्रेमसेः
" देखो वर जाकर बेटी, ! वर "

शरमा कर, कर नीची आंखें,
हाथ जोड कर, शीश झुकाकर,
फिर, चढ रथ पर, गई वहांसे
भारतमे खोजने योग्य वर.



## २ दुसरा सर्ग.

भ्रमण भारतमें करती हुई,
विविध सुन्दर दृश्य विलोकती,
नृपतिमंडलके नृपकन्यका
जब तपोवनमें नमके गई--

युवक देख पडा उसको वहां,
बुधशिरोमणि, धार्मिक, धैर्यवान्,
चतुर, भक्त, विनीत, सुबुद्धिमान्,
अति मनोहर, सुन्दर, सत्ववान्.

प्रमुद देख उसे इसको हुआ,
वर लिया मनमें इसने उसे;
फिर बिदा गह आश्रमसे गई
जनक शोभित था इसका जहां.

मुनिशिरोमणि नारद भी वहां
कर रहे प्रभुके गुणगान थे;
कर प्रणाम प्रमोदभरी उन्हें,
विनत बैठ गई, गह आशिष.

हुकुम पा मुनिका नृपने कहाः
"मधुर बात मुनीश्वर भी सुनें
किस नृपेश्वरके सुतको तुझे,
कह सुपुत्रि ! समर्पित मैं करूं ?"

मन नृपेश्वरकी वचनावली
सकुचमें सहसा घिरसी गई;
कह विशेष सकी इससे नहीं:
"जनक ! शाल्व--नृपेश्वर–सूनुको."

विनत होकर यों मुनिराजसे,
तब नरेन्द्र लगे हित पूछनेः
"अयि कृपालु ! सुरर्षि ! महामुने !
इस सुता सम है वर क्या वह ?"

"न इसमें कुछ संशय है" कहा,
सुन गिरा नृपकी ऋषिराजने,
"विबुध है वह, है वह नीतिमान्,
चतुर है वह, है वह वीर्यवान्,
अतिविशारद शास्त्र-विचारमें,
प्रबल है शुचि-धर्म-प्रचारमें,
निपुण है नयमें, गुरु-भक्त है,
भजनमें प्रभुके अनुरक्त है,
अति उदार, महाशय, कान्तिमान्,
सकल सद्गुण--शोभित, सत्ववान्,
सब प्रकार सुशोभित--गात है,
अखिलविघ्न-तमिस्र-प्रभात है;
पर नृपाल कहूं किस भांति मैं
न रसना कहना मम मानती;
अहह शेष रही उसकी नहीं
अधिक आयुष वत्सर एक से."

सुन गिरा मुनिकी महिपालके
हृदय बीच विषाद हुआ महा;
इस प्रकार भविष्यत जानके
न किसके मनमें दुख हो कहो ?

नृपतिने धर धीरज यों कहाः
" अयि कुमारि ! यहां मम पास आ
कर पसन्द सुते ! वर अन्यको
सगुण, सौम्य, चिरायुष, धन्यको. "

नृपसुता तब यों कहने लगीः
" वर चुकी जिसको वरही चुकी;
अब मुझे वर अन्य न चाहिए.
न प्रभुको कहना यह योग्य है.

सुकुलमें जिनका शुभ जन्म है,
अटल नीति सदा उनकी यही
कि जिसके करमें मनको दिया
बस दिया! उसको ध्रुव तुल्य है;

वह चिरायुष हो अथवा नहीं,
  वर वही मम है. दुसरा नहीं,
जगतमें जितने जन और हैं
  जनक, सोदर, आत्मज हैं सभी;

जनक होकर कर्म बता रहे,
  अह मुझे असतीजनशोभित ?
हृदयसे तक सत्य पतिव्रता
  न करती व्यभिचार कभी कहीं. ”

इस प्रकार सुता-हट देखके,
  पड गया नृप सोचसमुद्रमें;
“ प्रबल, भूपति ! है भवितव्यता,
  कर विवाह ” मुनिश गये कह.

महिपने बहु नीति-कथा कही,
  पर सुता प्रणसे पलटी नहीं,
तब उसे गह, ले परिवारको,
  नृप नृपाल--तपोवन को गया.

अतिथि–सत्कृति पा अतिही वहां,
विनत होकर त्यों कर जोडके,
वचन शाल्वपति--क्षितिपालसे,
महिपतीश्वर यों कहने लगाः

" मम सुता अपने सुतके लिये
अयि महोदय ! सज्जनतालय !
अति कृपा कर स्वीकर लीजिये,
सकल सज्जनको सुख दीजिये. "

तब कहा उसनेः-- " धरणीपते !
विगतराज्य, विचक्षु बना हुआ--
इस तपोवनमें भज कृष्णको
कर रहा अपने दिन तेर हूं.

इस लिये चहता नहि हूं कभी,
दुख उठाय सुता यह आपकी; "
सुजन और जनोंपर डालना
नहि कभी अपना दुख चाहते.

तब कहा नृपने:—"करुणानिधे !
कुछ विचार करें इसका नहीं;
हरि-कृपा-वश पाकर लाभको
जन दुखी रहता नहि है कभी.

दुख नहीं स्थिर हो रहता कहीं,
नहि कहीं सुख भी रहता सदा
नियम ही यह है इस विश्वका,
सब समान नहीं दिन बीतते.

नियतिचक्र रहे यह घूमता,
ठहरता नहि एकहि ठौर है;
सुजन, सज्जन की शुभ--दृष्टिमें
इसलिये न अमान्य बने कभी.

कर कृपा कहिये मत 'ना' मुझे,
सफल ही करिये मम प्रार्थना;
यह सुता मम आत्मजकी वधू-
बन चुकी, मनसे यह मानिये."

विनयपूरित कोमल वाक्य ये
जब सुने सब शाल्व--महीपने
तब 'तथास्तु' कहा मुद पा महा,
मधुर वाक्य किसे नहिं मोहते ?

निज सुता विधिसे नृप शाल्वके
तनयके करमें कर अर्पित
गह बिदा निज पत्तन को गया
सपरिवार महीश्वर मद्रका.





# ३ तीसरा सर्ग.

उतार सारे पट भूषणादि
नृपाल-कन्या तरु-छाल धारे
प्राणेशके सत्कुलमें समाई
समुद्रका रूप लिया नदीने
गृहस्थिनीके सब कर्म नीके
लगी निभाने: गुरुलोक सेवा
आनन्द उत्साह प्रमोद पूर्णा
तपस्विनी हो करने लगी ये.

प्रसन्न सासू सुसरे गये हो
सन्तुष्ट त्यों आश्रमके निवासी
आनन्दकी भू अपने बनाया
प्रभावसे आश्रमको इसीने.

महाशया भोजन स्वच्छतासे
अच्छा बनाती, फल फूल लाती,
कर्तव्य सारा अपना निभाती,
अच्छे रिझाती पतिदेवताको.

आते यहां जो पुरके निवासी
होते स्वयं धर्मपथानुरागी,
विनाश पाती उनकी उदासी,
अशान्ति जाती, शुभशान्ति आती.

व्यतीत यों मास कई गये हो
परन्तु आया जब जेठ मास
बडी कडी धूप लगी तपाने
आने लगी लू जगको सताने

थी आगकीसी जलती हुई भू,
सूखे पडे थे सर, ताल, झील,
अरण्य दावानलसे घिराथा,
प्राणी सभी थे झुलसे हुए से.

" है वारिका 'जीवन' नाम सच्चा "
प्रतीति अच्छे यह हो रही थी;
पाने सुधी जीवन-दान-लाभ
इसी लिये पै बिठला रहेथे.

जो याद आया सहसा सतीको,
" प्राणेशकी केवल आजसे है-
आयुष्यके वासर तीन बाक़ी "
लगी कटारी विषकी बुझी सी.

होने लगी बेहद वेदना भी,
नहीं जताया दुखपै किसीको.
महाजनोंका यह धर्म ही है
जीकी जताना न व्यथा किसीको.

सौभाग्यकारी व्रतको निभाने,
ऐसे महा भीषण कालमें भी
रही निराहार, पिया न पानी,
श्री शांध्रि-पूजा विधिसे शुरू की.

पूरा अनुष्ठान हुए सतीने
प्रणाम साष्टांग किये द्विजोंको.
आशीष दी ब्राह्मण मण्डलीने,
" विनाश पावे सब विघ्न बाधा-

आनन्द हो, मंगलमोद छावे,
आशा नहीं निष्फल एक भी हो.
हों काम चींते मनके सदा ही,
अखण्ड सौभाग्यवती सती हो."

इसे चढ़ा के शिरपे सती ये,
पावों लगी जा ऋषिपत्नियोंके
" हो अष्टपुत्रा सुखिया " उन्होंने
असीस दी खूब प्रसन्न होके

पैरों पड़ी जा गुरु-लोकके भी
कहे उन्होंने शुभ वाक्य ऐसे
" आरोग्य सम्पत्ति अटूट होवे
हो बाल बांका पतिका न तेरे."

यों सास बोली तब “ पुत्रि तेरा
निर्विघ्न पूरा व्रत हो गया है.
आहार पानी कर ले ज़रासा
ज्यों शान्ति आवे मनमें हमारे.”

“ संकल्प मैंने पहिले किया है
मातेश्वरी ! शाम हुए बिना मैं
पानी पियूंगी न, न अन्न लूंगी,
न दूर हूंगी प्रियसे कदापि.”

जो अन्नपानी दिन तीनसे ही
लिया नहीं था कुम्हला गई थी,
ज्योतिष्मती के मुखकी गिरा यों
तथापि अत्यन्त लुभा रहीथी.

परन्तु चिंता दिल खारहीथी,
सुखा रहीथी इसकी तनूको,
“ है आजका ही दीन नाथको हा !
भारी” विचारे घबरा रहीथी.

तथापि बाला यह राजकन्या
सारे मनोभाव छिपा रहीथी,
अत्यन्त ही व्याकुल हो रहीथी,
'प्रसन्न हूं' पै दिखला रहीथी,

मनारहीथी शत देवताको,
महेश मृत्युञ्जय ध्या रहीथी,
सुना रहीथी हरिको हियेसे
"विनाश कीजे सब भीति मेरी

उबार लीजे, कुछ ध्यान दीजे,
हरे मुरारे जगदीश प्यारे
श्रीनाथ गोलोक-पते दयालो
है लाज मेरी करमें तुम्हारे."

योंही ज़रासा दिन आ गया था
आज्ञा पिताकी गह सत्यवान,
तैयार जाने वनको हुआ ज्यों
लाने महात्मा समिधा वहांसे,

अत्यन्त ही दैन्य लगी दिखाने
बोली " यहां छोड मुझे न जाओ,
प्राणेश ! ले साथ चलो, मुझे भी--
इच्छा बडी है वन देखनेकी."

यों वाक्य बोले तब सत्यवान
जा वल्लभे मातपिता जहां है.
आज्ञा उन्हींसे गह आ, हमारे--
हो साथ लेना फिर शौकसे तू

गई वहां मातपिता जहां थे
आज्ञा किसीभांति विनीत होके
लेली उन्होंकी, वनको सिधाने
प्राणेशके संग, महाशयाने

तैयार बाला पतिसंग जाने
हो, आगई शीघ्र, लगी न देरी
हुए रवाना तब दम्पती ये,
दोनों निभाते निज धर्मको ही.



## ४ चौथा सर्ग.

विपिनमें गये देखते हुए.
  विविध दृश्यको खूब दम्पती
फल मिले वहां वन्य जा पके
  धर लिये उन्हें तोड वृक्षसे.

फिर जहां जहां सूख सूखके
  गिर पडी हुईं डालियां मिली
बस वहीं वहीं घूमघूमके
  तुरतही उन्हें एक ठौर कीं

पहर तीन तो बीत यों गये,
  सकल वस्तुअें ठीक ठाक कीं.
घर चलो चलें चित्त जो किया,
  अहह ! क्या हुआ एकबार ही.

प्रबल वेगसे सत्यवानके
दरद होगया शीशमें महा,
शिर हरेहरे घूमने लगा,
शिथिल इन्द्रियां होगईं सभी,

सुध रही नहीं देहकी उसे
" अयि प्रिये ! मरा " बोल सोगया.
नृपतिकन्यका फक्क होगई,
कर सकी नहीं हा उपाय भी,

हृदयनाथका शीश जानुपै
रख, लगी सती सिर्फ दाबने,
टकटकी लगा देखती हुई,
लख पड़ी उसे एक छांह सी.

दृग उठा लखा, कालदूत था
तब उठा दिया एक हाथ को;
रह गया वहीं, आसका नहीं,
नहिं यहीं—उसे लौटना पड़ा.

तब वहां स्वयं धर्म आगये
महिष पै चढे पाशको लिये;
उठ खडी हुई हाथ जोडके,
सरल भाव से प्रार्थना करीः

"यह पवित्र है स्थान हो गया
चरण जो यहां आपने दिये."
पर निकाल वे सत्यवानके
जब सुजीव को संग ले चले-

प्रणयसे भरी साथ ही चली
हृदयनाथ के, धर्मराजसे-
विविध धर्मकी बात बोलती
मधुरतामयी विश्वमोहिनी.

तब कहा उसे धर्मराजनेः
"अति प्रसन्न हूं-'सत्यवान ये
तुरत जी उठे' छोड-अन्य जो
वर सुगात्रि हो इष्ट, मांग ले."

" श्वशुरको लगे दीखने, प्रभो !
विगत राज्य भी प्राप्त हो उन्हें."
वचन जो सुने धर्मने कहाः
" सुमुखि ! लौट जा दे दिया यह;-

अवधि है यही सृष्टिनेहकी
मरण हो गया लीन हो गया
सुत पितादिका भाव मात्र ही,
समय सिन्धुकी भूतवीचिमें."

तब कहाः " विभो ! सत्पतिव्रता
जगतमें जहां जाय जासके
गति रुके नहीं तीन लोकमें.
दृढ प्रमाण है धर्म ही यहां.

इसलिये विभो ! धर्म ! धर्मसे
न करिये जुदा, आर्यपत्नी हूं.
न टलनी कभी जीवितेशके
चरणदास्यसे, स्वीय धर्मसे."

" सब प्रकारसे स्वस्थचित्त हो,
समुखि ! जो चहे और मांग ले;
तव प्रसन्न हूं धर्म वृत्तिसे,
न कह किन्तु तू नाथ जो उठे."
" मम पिता बने पुत्रका पिता,
मुख लखे तथा पुत्रका मम
अधिक चाहना है नहीं मुझे."
तब 'तथास्तु' ही धर्मने कहा.

मुदित हो गई, मुस्करा गई,
मधुरतामयी सुन्दरी तभी;
निकल आय जो काम बुद्धिसे
खुश न हो कहो कौन तो सुधी?

चतुरता भरे वाक्य बोलने
फिर लगी यही बुद्धिशालिनी:
" वचन एक ही सत्य संघके
निकलते, कभी लौटते न जो;

धर सरस्वती ध्यान सर्वदा,
विमल सत्यको खोज खोजके-
मुनि बडे बडे छोड हैं गये
विविध ग्रंथ जो, ज्ञान पूर्ण हैं

सकल एकसे एक श्रेष्ठ हैं
भरतभूमिके आर्यशास्त्र ये-
कि जिनको लिये आर्यजातिका
विमल होरहा आज भी मुख-

सब बता रहे, आप धर्म हो,
न टलती कभी बात आपकी,
सकल लोक के हैं छिपे नहीं
हृदय भाव भी आपसे कहीं,

यदि पतिव्रता जानते मुझे,
यदि मुझे नहीं ध्यान औरका,
कर कृपा मुझे शान्ति दीजिये,
सजनको मेरे साथ कीजिए,

मम पिता लखे पुत्रवान हो
मम सुतास्यको सौख्य पा महा,
वचन पूर्ण हो आपका दिया,
प्रमुद हो मुझे, विश्व हो सुखी,

शिथिल हों नहीं नारियां कहीं
शुचि पतिव्रता धर्मसे कभी,
अटल विश्वमें धर्मराज्य हो,
भुवन मान्य हों आर्यशास्त्र ये."

अमृतके भरे वाक्य ये सुने
मुदित हो गये धर्मराज भी;
कह जिला गये सत्यवानको:
"अयि पतिव्रते ! आर्य अङ्गने !

वचन लौटते धर्म के नहीं,
तव चिरायु हो प्राणनाथ भी
यह बनासको मातृ भूमिको
विमल दृश्यसे पूर्ण शीघ्र ही."

तब सती वहां आगई, जहां
सुतनु थी धरी सत्यवानकी.
जग गया तभी सत्यवान भी,
उठ खडा हुआ शौर्य पा महा.

"अयि प्रिये चले" "नाथ हां चलो"
"अति विलम्ब है आज हो गया.
विकल होरहे तात होंयगे,
दुख उठारही मात होयगी"

कह, अरण्यसे लौट ये चले
सुभग दम्पती, रात हो गई,
नहिं तमिस्रका ध्यान भी किया,
पहुंचही गये स्थानको सुखी.

मुनि वहां जमां होरहे सभी
श्वशुर नेत्रवान, प्रीत सास भी;
लख इन्हें भरे नेत्र वारिसे,
पुलक देहमें रम्य छा गई,

बन गये सभी चित्रसे लिखे,
बन पडी नहीं एक बात भी;
जब कथा सुनी सत्यवानकी,
कह उठे सभी एक साथही:
" जय पतिव्रते ! धन्य तू सती !
जनक धन्य त्यों ! धन्य *मालती !
श्वशुर धन्य है ! सास धन्य है !
सुभग धन्य है सत्यवान भी !
भरत भूमिकी आर्यपत्नियां
अमर हो गईं आजसे सभी
रसमयी सदा काव्य भारती
सुयश गायगी सत्कवीशकी."
इस प्रकार तो तारिका भरी
निशि तुरंत सो बीतही गई,
तिमिर हो गया नष्ट लोकका,
द्युमत्सेनको राज्य भी मिला,

---

* मालती—सावित्रीकी माता.

समय पै हुआ मद्रदेशके
  नृपति के यहां दिव्य पुत्र भी,
यह पतिव्रता त्यों शुचिस्मिता
  तनय की हुई मां सुहावनी,
महिप मद्रका आगया यहां,
  अति प्रमोदसे दोहिता लखा,
तुरहियां बजी खूब मोदकी,
  सब कहीं महा हर्ष छा गया.



# 'जैनसमाचार' नी १९११ नी सालनी

# १२ भेटो.

'सुविचार--माळा' ना मणका इ. स. १९१० नी आखेरीथी शरु करवामां आव्या हता अने ए सालमां (१) 'साधुपरिषद्नो गुजराती रिपोर्ट', (२) 'स्वरशास्त्र' तथा (३) 'कया ईश्वरे आ विश्व रच्युं ?' ए नामना ३ मणका आपवामां आव्या हता. त्यार बाद चालु १९११ नी सालमां नीचे मुजब १२ भेटो मणका नंबर ४ थी १६ सुधीनी—आपवानुं ठराव्युं छेः—

| | | | |
|---|---|---|---|
| भेट १ ली | कल्याण मंदीर स्तोत्र. | मणको ४ थो | अपाइ चूकी... |
| ,, २ जी | संसारमें सुख कहां है? भा. १ | ,, ५ मो | अपाइ चूकी.... |
| ,, ३ जी | दशवैकालीक सूत्र भा. १ | ,, ६ ठो | ........छपायछे. |
| ,, ४ थी | धर्मसिंह—बावनी | ,, ७ मो | अपाइ चूकी... |
| ,, ५ मी | महात्मा कबीरनां पदो--भा. १ | ,, ८ मो | अपाइ चूकी... |
| ,, ६ ठी | साधपरिद्की हिंदी रिपोर्ट | ,, ९ मो | अपाइ चूकी... |
| ,, ७ मी | मोतीकाव्य खंड १ लो | ,, १० मो | अपाइ चूकी... |
| ,, ८ मी | महात्मा कबीरनां पदो-भा. २ | ,, ११ मो | अपाइ चूकी... |
| ,, ९ मी | संसारमें सुख कहां है? भा. २ | ,, १२ मो | अपाइ चूकी... |
| ,, १० मी | सती सावीत्री | ,, १३ मो | अपाइ चूकी... |
| ,, ११ मी | दशवैकालिक सूत्र— भा. २ | ,, १४ मो | ......छपाय छे. |
| ,, १२ मी | दशवैकालिक सूत्र भा. ३ (संपूर्ण) | ,, १५ मो | ......छपाय छे. |

उपर मुजब १२ पैकी ९ भेटो अपाइ गइ छे, त्रण छपाय छे ते बनती ताकीदे छापीने रवाना करवामां आवशे.

☞ 'जैनसमाचार' पत्र दर सोमवारे प्रगट थाय छे. वार्षिक मूल्य ( पोष्टेज साथे ) रु. ३ छे. हरसाल १२ पुस्तक बक्षीस आपे छे.

पत्रव्यवहारः— मेनेजर, 'जैनसमाचार', दाणापीठ, अमदावाद.

☞ आपका हरएक किस्मका छापनेका काम ( गुजराती—हिंदी इंग्लीश ) शुद्ध छपाना हो तो भारबंधु छापेखानेमें भेजो.

पताः—मेनेजर 'जैनसमाचार' और भारतबन्धु-मु. अहमदाबाद.